Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

શ્રી શુદ્ધાત્મને નમઃ

# ધ્યેય પૂર્વક જ્ઞેય

: સંકલનકાર તેમજ સંપાદક :

ડૉ. દેવેન્દ્રભાઈ એમ. દોશી

( સુરેન્દ્રનગર )

શ્રી સમયસારજી શાસ્ત્રની ગાથા ૩૨૦ જયસેનાચાર્યકૃત તાત્પર્યવૃત્તિ ટીકા તથા કળશ ૨૭૧ ઉપરનાં પરમોપકારી આધ્યાત્મિક સત્પુરુષ

**પ. પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીના**

સ્વાનુભવ મુદ્રિત પ્રવચનો.

પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

શ્રી કાનજી સ્વામી માર્ગ,

૫, પંચનાથ પ્લોટ, રાજકોટ – ૩૬૦ ૦૦૧.

ફોનઃ ૨૨૩૧૦૭૩

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પ્રથમ આવૃત્તિ: ૨૦૦૦
પૂ. ગુરુદેવશ્રીનો ૧૦૬ મો જન્મજયંતિ દિન

દ્વિતીય આવૃત્તિ: ૧૦૦૦
પૂ. ગુરુદેવશ્રીનો ૧૧૪ મો જન્મજયંતિ દિન તા. ૩-૫-૨૦૦૩
તથા પૂ. " ભાઈશ્રી " લાલચંદભાઈના ૯૪ મા જન્મદિન
તા. ૯-૬-૨૦૦૩ નિમિત્તે.

મૂલ્ય : નિત્ય સ્વાધ્યાય

પ્રાપ્તિસ્થાન:

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
શ્રી કાનજી સ્વામી માર્ગ,
૫, પંચનાથ પ્લોટ,
રાજકોટ – ૩૬૦ ૦૦૧.
ફોન: ૨૨૩૧૦૭૩

**શ્રી શાંતિભાઈ ઝવેરી**
૮૧, નિલામ્બર, ૩૭, પેડર રોડ,
મુંબઈ – ૪૦૦ ૦૨૬.
ફોન: ૨૪૯૪૯૬૩૬-૨૪૯૪૭૦૭૫

❖ ❖ ❖ ❖ ❖ ❖

**ડૉ. દેવેન્દ્રભાઈ એમ. દોશી**
જૂના ટ્રોલી સ્ટેશન સામે, દર્શન મેડિકલ સ્ટોર સામે,
સુરેન્દ્રનગર. ફોન: ૨૩૧૫૬૦

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This shastra has been kindly donated by Jashwantlal Chandulal Kotadia and Family, Baroda, India & California, USA who have paid for it to be “electronised” and made available on the internet.

Our request to you:

1) We have taken great care to ensure this electronic version of Dhyey purvak Gney is a faithful copy of the paper version. However if you find any errors please inform us on Rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

3) If you would like to donate a shastra to AtmaDharma.com, please visit:-

http://www.AtmaDharma.com/donate

to see the list of shastras we would like to see next on AtmaDharma.com.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 23 Oct 2003 | First electronic version. |

# અનુક્રમણિકા

## ધ્યેયપૂર્વક જ્ઞેય

### વિભાગ-૧ ( ધ્યેયનું સ્વરૂપ )

શ્રી સમયસારજી શાસ્ત્રની ગાથા-૩૨૦ ઉપરની શ્રી જયસેનાચાર્યની ટીકા ઉપરના પ્રવચનો


| પ્રવચન ક્રમાંક | દિનાંક | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૧ | ૧૦-૮-૭૦ | ૯ |
| ૨ | ૧૧-૮-૭૦ | ૨૨ |
| ૩ | ૧૨-૮-૭૦ | ૩૬ |
| ૪ | ૧૩-૮-૭૦ | ૫૦ |
| ૫ | ૧૪-૮-૭૦ | ૬૫ |
| ૬ | ૧૫-૮-૭૦ | ૭૯ |
| ૭ | ૧૬-૮-૭૦ | ૯૩ |
| ૮ | ૧૬-૮-૭૦ | ૧૦૭ |
| ૯ | ૧૭-૮-૭૦ | ૧૨૧ |
| ૧૦ | ૧૮-૮-૭૦ | ૧૩૪ |
| ૧૧ | ૧૯-૮-૭૦ | ૧૪૭ |
| ૧૨ | ૨૦-૮-૭૦ | ૧૬૦ |


### વિભાગ-૨ ( જ્ઞેયનું સ્વરૂપ )

કળશ ટીકા કળશ નં.-૨૭૧ ઉપરના પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનો


| પ્રવચન ક્રમાંક | દિનાંક | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૧ | ૫-૧-૬૬ | ૧૭૬ |
| ૨ | ૬-૧-૬૬ | ૧૯૦ |
| ૩ | ૨૮-૮-૬૮ | ૧૯૭ |
| ૪ | ૩૦-૮-૬૮ | ૨૦૯ |
| ૫ | ૫-૧૨-૭૪ | ૨૧૮ |
| ૬ | ૨૯-૯-૭૭ | ૨૨૭ |


શ્રી સમયસારજી શાસ્ત્રમાંના કળશ-૨૭૧ ઉપર પૂ. ગુરુદેવશ્રીનું ૧૮મી વારનું પ્રવચન ( પ્રવચન રત્નાકર ભાગ-૧૧ માંથી )


| | | |
|---|---|---|
| ૧ | ઈ.સ. ૧૯૭૭ | ૨૩૯ |
| પરિશિષ્ટ | | ૨૪૫ |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# " જિનવાણીનું રહસ્ય "

**" અહો ઉપકાર જિનવરનો કુંદનો ધ્વનિ દિવ્યનો,**
**જિન કુંદ ધ્વનિ આપ્યા અહો ! તે ગુરુ કહાનનો. "**

ભરતક્ષેત્રનો ભાનુ, સિદ્ધાંતોમાં શિરોમણિ, અદ્વિતીય જગત ચક્ષુ શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્રની ૩૨૦ મી ગાથા છે. આ ગાથાને સુવર્ણના પત્ર ઉપર અક્ષરોને હીરા વડે જડાવી... દ્રવ્યશ્રુત પ્રાભૃતનું, જેટલું મૂલ્યાંકન કરીએ તેટલું ઓછું જ છે.

જીવંત વિહરમાન સ્વામી શ્રી સીમંધર પ્રભુની દિવ્ય દેશનાને જ્ઞાનમંજુષામાં અભિસિંચિત કરી.. આત્મ સુધારસ વહાવનાર શ્રી કુંદકુંદદેવ થયા. તેઓશ્રીએ ૩૨૦ ગાથાના મૂળમાં જ બ્રહ્માંડના ભાવોને સંચિત કર્યા. એક હરિગીતમાં... બધો જ માલ ઠાલવી દીધો. ગાથામાં રહેલા સાગરસમ ગંભીર... ગહન ભાવોના રહસ્યનું ઉદ્‌ઘાટન શ્રી જયસેનાચાર્યદેવે તાત્પર્યવૃત્તિ ટીકામાં કર્યું. આચાર્યવર શ્રી કુંદકુંદદેવના પેટાળમાં પેસી અને ગાથામાં ભંડારેલા અર્થ ગાંભિર્યને સરળ ભાષામાં ચરમસીમાએ મૂર્તિમંત કર્યા. નિરપેક્ષ શુદ્ધાત્માની મુક્તાને નિરપેક્ષપણે દિગ્દર્શન કરી.. પરમાર્થ જીવનું વાસ્તવિક સ્વરૂપ દર્શાવ્યું. આ પારમેશ્વરી વિદ્યારૂપ ભગવત્ સ્વરૂપનું ભેટણું ભવ્યાત્માઓને સમર્પિત કરી... ભરતક્ષેત્રને ધર્માઢય બનાવ્યો.

શ્રી તાત્પર્યવૃત્તિ ટીકામાં રહેલા ઉચ્ચતમ્ નિહિત ભાવોને અધ્યાત્મયોગી પૂ. શ્રી સદ્‌ગુરુદેવે.... નિજ અંતર્લક્ષી સ્વાનુભવના બળથી ઉકેલ્યા. શુદ્ધાત્મ સરિતાનો વિશુદ્ધ પ્રવાહ કલકલ કરતો વહેવા લાગ્યો... અને આસન્નભવ્યોના અંતરાચલમાં આત્મસ્થ થઈ કેલિ કરવા લાગ્યો. ચૈતન્યરસથી રસબસતી વાણીધારા, જાણનારના મધુર નિનાદને સર્જતી... વાચક વાચ્યની ઐકયતાના પવિત્ર સંગમને દર્શાવતી અવિચ્છિન્ન વહેવા લાગી.

૩૨૦ ગાથા એટલે નિરપેક્ષ ધ્યેય તત્ત્વને દર્શાવનારી ગાથા. અનાદિથી અપ્રતિબુદ્ધ જીવોને કર્તાબુદ્ધિ પણ બે પ્રકારે વર્તે છે. કર્તાબુદ્ધિનો ત્વરાએ નાશ થાય તેનું સફળ ઓપરેશન આ પ્રવચનોમાં કરેલ છે. અકર્તા-જ્ઞાતા આત્માને કરનાર માનવો તે પ્રથમ ભૂલ. પર્યાય સત - અહેતુક - નિરપેક્ષ હોવા છતાં તેને માત્ર સાપેક્ષ જ માનવી તે બીજી ભૂલ. દ્રવ્યસ્વભાવને; દ્રવ્ય સ્વભાવથી જાણતાં તો દ્રવ્યદૃષ્ટિ થાય જ છે, પરંતુ દ્રવ્યને પર્યાયથી નિરપેક્ષ જાણતાં દ્રવ્યદૃષ્ટિ થાય છે. પર્યાયને દ્રવ્યથી નિરપેક્ષ જાણતાં, તેના ફળમાં; અકર્તા-જ્ઞાતાદ્રવ્યનું શ્રદ્ધાન થાય છે, અને પર્યાયદૃષ્ટિ ટળે છે. આ બન્ને પ્રકારના દોષ એક જ સમયમાં ટળે છે.

આચાર્યદેવ ઉપશમાદિ ચારેય ભાવોને સાવરણ, કર્મકૃત, સાપેક્ષ, ઔપાધિક કહે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ આદિ ભાવાન્તરોને આત્મા અગોચર છે... તેમ કહી પરિણામની મહિમા ઉપર વજ્રપાત કરેલ છે. ત્રિકાળી ધ્રુવ પરમાત્માના સ્વરૂપને ઉદ્‌ઘાટિત કરી... પરિણતિના ઝુકાવને સ્વ તરફ અર્થાત્ સ્વમુખાપેક્ષી કરાવ્યો છે. ધ્રુવભાવનું આકર્ષણ... વિશ્વાસ દૃઢિભૂત થતાં મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો અનુભાગ સહજ પાંગળો થતો ક્ષીણતાને પ્રાપ્ત થાય છે.

આ ટીકાની વિશેષતા એવી છે કે– જેમ જેમ આગળ વધતાં જઈએ તેમ તેમ... ધ્યેયનું સ્વરૂપ ચરમોત્કર્ષતાને પ્રાપ્ત થતું જાય છે. ટીકાનું અંતિમ ચરણ અધ્યાત્મ શિખરની ઉત્તુંગતા પર આરોહિત થઈ સર્વોપરિતાને આંબે છે.

જગતને અનુભવથી સિદ્ધ એવા ચક્ષુના સરલ દૃષ્ટાંત દ્વારા જ્ઞાનનું સ્વરૂપ સમજાવે છે. જેને ચક્ષુનો સ્વભાવ ‘ કેવળ દેખવું ’ સમજાય છે તેને જ્ઞાનનું સ્વરૂપ ‘ માત્ર જાણવું ’ સહજપણે દૃષ્ટિ ગોચર થાય છે.

જેમ નેત્ર પદાર્થમાં ભળ્યા વિના, પદાર્થમાં તન્મય થયા વિના, પદાર્થથી અત્યંત ભિન્ન રહીને... દૂર રહીને માત્ર દેખે જ છે તેમ જ્ઞાન પણ બંધ–મોક્ષની રચનાથી દૂર વર્તતું ‘ માત્ર જાણે જ ’ છે. નેત્રના સ્વરૂપમાં કથંચિત્ કર્તાપણું અને કથંચિત્ જ્ઞાતાપણું નથી, તેમ જ્ઞાન સ્વભાવમાં સર્વ પ્રકારે અને સર્વથા જાણવું જ છે. જ્ઞાનને નિશ્ચયથી, વ્યવહારથી કે પ્રમાણથી કોઈપણ અપેક્ષાથી... જોઈએ તો જાણવું જ છે, તેમાં કયાંય પણ કરવું સમાતું નથી. જ્ઞાનમાં સર્વ અપેક્ષાને બાદ કરી અને નિતાંત પરિશુદ્ધ નિરપેક્ષ જ્ઞાન સ્વભાવમાં ક્યાંય પણ કરવું અને ભોગવવું સ્થાન પામતું નથી. આવો જ્ઞાન સ્વભાવ હોવા છતાં પણ જેને કથંચિત્ કરવું – ભોગવવું અને કથંચિત્ જાણવું એમ દેખાય છે તેને દેખવાનો સ્વભાવ તેની દૃષ્ટિમાંથી તિરોભૂત થાય છે. કર્તૃત્વ– ભોકતૃત્વના અભિપ્રાયમાં લેશમાત્ર ‘ જાણવું ’ રહેતું જ નથી.

આત્માનો મૂળ સ્વભાવ, અસાધારણ સ્વભાવ જ્ઞાન છે. જ્ઞાન સ્વભાવી આત્મામાં રાગનું કર્તાપણું – ભોક્તાપણું નથી, તેવી જ રીતે વીતરાગ ભાવનું કર્તાપણું કે ભોક્તાપણું નથી. જ્ઞાનનો સ્વભાવ માત્ર જાણવું... જાણવું... જાણવું જ છે. જાનન સ્વભાવના ગર્ભમાં માત્ર જાણવું જ છે. ‘ માત્ર જાણવું ’ તે સમ્યક્ એકાન્તરૂપ છે. ‘ માત્ર જાણે જ છે ’ તેમાં સકળ કર્તૃત્વ–ભોકતૃત્વપણાની બુદ્ધિનો અભાવ છે. માત્ર જાણે જ છે તે સ્વરૂપગ્રાહી જ્ઞાન છે તેથી સ્વ સ્વરૂપ સાથે અભેદ એકત્વપૂર્વક પરિણમે છે. ‘ માત્ર જાણે છે ’ તેમાં સંવર, નિર્જરા, અને મોક્ષના પરિણામ પ્રત્યે ઉદાસીનતા... તટસ્થતા છે. ‘ માત્ર જાણે જ ’ છે તેમાં જ્ઞાન સ્વભાવની મધ્યસ્થતા અને વિશાળતા પણ સિદ્ધ થાય છે. ‘ માત્ર જાણે જ છે ’ તેમાં સાધક દશાનું નિર્વિકારી પરિણમન ઘોષિત થાય છે. માત્ર જાણવું છે તે જાણવાપણે સમજાય જાય તો ન્યાલ થઈ જાય તેવું વસ્તુનું સ્વરૂપ છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આચાર્યવર મૂળ ગાથામાં કહે છે કે – બંધ-મોક્ષને જાણે છે, અર્થાત્ હું બંધ-મોક્ષથી ભિન્ન છું તેમ જાણે છે. જેણે આત્માને બંધથી ભિન્ન જાણ્યો તેણે મોક્ષથી પણ ભિન્ન જાણ્યો. ભજનમાં આવે છે– **“ બંધ-મુક્તિસે રહિત જ્ઞાનમય ઈક જ્ઞાયક દિખા સાર ”** – સાધક જીવની સવિકલ્પ દશાની લક્ષ્મણ રેખા બાંધી કે – સંવર, નિર્જરા આદિ પરિણામ થાય તેને ભિન્ન રહીને ‘ માત્ર જાણે જ ’ છે. અર્થાત્ શુદ્ધજ્ઞાન પરિણત જીવ પણ... જાણનારને જાણવાની ક્રિયાનો કરનાર નથી. કેમકે જાનનક્રિયાને હું કરું છું તેવી કર્તાબુદ્ધિનો તો નાશ થયો છે. શુદ્ધજ્ઞાન પરિણત જીવને અકર્તા-જ્ઞાતાની દૃષ્ટિ વર્તતી હોવાથી... પરિણામી દ્રવ્ય પણ... વિશેષ અપેક્ષાએ સાક્ષાત્ અકર્તા – જ્ઞાતા છે. **“ જાણે જ કર્મોદય.. નિર્જરા... બંધ તેમજ મોક્ષને... ”** કુંદકુંદદેવના પેટાળમાં રહેલા સૂક્ષ્મ ભાવોને સાધક જ સમજી શકે છે અને તેને સાંગોપાંગ ખોલી શકે છે અર્થાત્ સાધક જ સાધકને સમજી શકે છે.

જિનેશ્વરદેવના નિર્મલ કેવલજ્ઞાનમાં તેમણે જીવનું પરમાર્થ સ્વરૂપ જેવું જોયું છે તેવું તેમની વાણીમાં આવ્યું છે. આત્મા અણકૃત... અકર્તા... અકારણ હોવાથી તે ન કોઈથી કરાયેલો છે. આત્મા ન કોઈથી જન્ય છે, ન કોઈનો જનક છે. હા, ઉત્પાદ જન્મે છે, વ્યય મરે... ધ્રુવ શાશ્વત રહે છે. જે મુક્ત થાય છે તેને અમે જીવ કહેતા નથી, તેને તો અમે મોક્ષતત્ત્વ કહીએ છીએ. મોક્ષનું લક્ષણ ક્ષાયિકભાવ છે જ્યારે જીવનું લક્ષણ પરમ પારિણામિક ભાવ છે. આ રીતે લક્ષણભેદે અર્થાત્ ભાવે ભિન્નતા છે, વસ્તુગત્ ભિન્નતા છે. મુક્ત સ્વરૂપ જીવને એવી શી જરૂરત પડી કે તે મોક્ષને કરે ? તે નથી કરી શકતો તેમ નથી પણ મુક્તસ્વરૂપને મુક્તિની જરૂરત જ નથી. આવા મુક્ત સ્વભાવની અતિશયતા, અબદ્ધ ચૈતન્યની ચમત્કૃતિ દેખાય તેને બંધનનો ભય નથી અને મુક્તિની ચિંતા નથી.

શ્રી નિયમસારમાં આવે છે કે – આત્મામાં ક્ષાયિકભાવના સ્થાનો નથી. જ્યાંથી ક્ષાયિકભાવ પ્રગટે છે તે સ્થાનો જુદા છે.. અને મારી નક્કર ભૂમિ જુદી છે. મારી કુટસ્થ વિજ્ઞાનઘન ધરાતલમાં ઉપજવું – વિણસવું કંઈ જ થતું નથી. ઉત્પાદ-વ્યયની ચલાચલતા મારા શાશ્વત ક્ષેત્રમાં નથી. પરિણામોની હલચલ, કોલાહલતા શાંત... અકૃત જાણનારમાં નથી. પરિણામોનો લેપ, નિર્લેપ શુદ્ધભાવમાં નથી. હું સ્વભાવથી અસ્ખલિત અપોહક છું.

ભગવાન આત્મા સદા અકાર્ય અકારણત્વ સ્વભાવે બિરાજે છે... તેથી તે સદા કર્મોથી ઉપરમ સ્વરૂપે છે. બંધ અને બંધમાર્ગ, મોક્ષ અને મોક્ષમાર્ગના કારણપણે કદી પરિણમતો જ નથી.

પ્રશ્ન– પર્યાય પ્રગટ થાય અને તેને આત્મા ન કરે ? આ શું વાત છે ? આચાર્યદેવ ન્યાય સંયુક્ત ઉત્તર આપે છે– “ તદ્રૂપો ન ભવતિ ”. આત્મા પરિણામરૂપે થતો જ નથી,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

તેના કારણપણે કદી પરિણમતો નથી. આ અકાટય ન્યાય સાંભળતા જ લાયક જીવની કર્તાબુદ્ધિ અને કારણપણાની બુદ્ધિ છૂટી જાય છે.

પ્રશ્ન– આત્માને અકર્તા જાણનાર કહ્યો તો તે મોક્ષની પર્યાયનો અકર્તા છે તેવો જાણનાર છે તેવો જાણનાર છે? શ્રીગુરુ નિષ્કારણ કરુણાથી ઉત્તર આપે છે– ના, મોક્ષની પર્યાયને ન કરે તેવો અને તેટલો જ અકર્તા... જાણનાર નથી બતાવવો – " સ્વભાવથી અકર્તા છે સ્વભાવથી જ અકારણ છે "

ધ્રુવ જાણનારને જાણનારપણે જાણતી જ્ઞાન પર્યાય સત્ નિરપેક્ષ છે. અખંડ જાણનારને જાણનારપણે જાણતી પર્યાય તેની યોગ્યતા પ્રમાણે બંધ–મોક્ષ આદિ જ્ઞેયોને જાણે છે. નિરપેક્ષ જ્ઞાન પર્યાયને બંધ–મોક્ષને જાણવા માટે બંધ–મોક્ષની અપેક્ષા નથી. એ જ્ઞાનપર્યાય તો અકૃત એવા કૃતકૃત્ય સ્વભાવમાં હું પણું કરી સ્થાયીપણાને પ્રાપ્ત થઈ ચૂકી છે. જાણનાર... જાણનારથી અભેદભાવે પરિણમીને કહે છે કે – હું તો પૂર્ણ તૃપ્ત જાણનાર છું. હું તો મુક્ત જાણનાર છું. નિરપેક્ષ જાનનહારમાં સંવૃત થતી પરિણતિ એમ ભાવે છે કે– હું નિરપેક્ષ જાણનાર છું. નિષ્ક્રિય શુદ્ધ પારિણામિકભાવની ધ્રુવતાને સ્પર્શીને કહે છે– હું તો નિરાલંબી નિષ્ક્રિય છું.

આ રીતે આત્મા આત્મજ્ઞાનનો કરનારો તો નથી જ પરંતુ... આત્મજ્ઞાનમાં આત્મજ્ઞાન પણ જણાતું નથી. આત્મજ્ઞાનમાં તો હું પૂર્ણ જાણનાર છું... તેમ જણાય છે. આત્મદર્શન કહો કે જૈનદર્શન કહો તે ખરેખર અકર્તાવાદ છે. **" આત્મા અકર્તા છે તે જૈનદર્શનની પરાકાષ્ટા છે. આત્મા અકારણ છે તે અનુભવજ્ઞાનની પરાકાષ્ટા છે. "**

' ધ્યેય પૂર્વક જ્ઞેય ' પુસ્તકમાં પૂ. ગુરુદેવશ્રીએ નિરપેક્ષ ધ્યેયનું સ્વરૂપ જે રીતે પ્રતિપાદિત કર્યું છે... તે ઉપરથી નિઃશંક કહી શકાય કે સર્વ શાસ્ત્રોને કહેવાનો સાર અર્પિત કર્યો છે. કોઈ દ્રવ્યલિંગી અગિયાર અંગનો પાઠી હો કે કોઈ મહાવિદ્વાન હો કે કોઈ શાસ્ત્રનો જાણનાર મનીષિ હો.. પરંતુ અજ્ઞાની ક્યાંય ને ક્યાંય ત્રિકાળી ધ્રુવભાવમાં પર્યાયના અસ્તિત્વને સામેલ કરી અને દૃષ્ટિનો વિષય માનતો મનાવતો આવ્યો છે.

( ૧ ) કોઈએ નિર્મળ પર્યાય સહિતના આત્માને દૃષ્ટિનો વિષય કહ્યો.
( ૨ ) કોઈએ કર્મોપાધિ નિરપેક્ષ સામાન્ય ઉપયોગ લક્ષણ જે સક્રિય છે તેને દૃષ્ટિનાં વિષયમાં સંમિલિત કરી તેને ધ્યેયભૂત પરમાત્મા કહ્યો.
( ૩ ) કોઈએ સ્વકાલમાં... દ્રવ્યની નિત્યતામાં ઉત્પાદ–વ્યયને તો ભિન્ન રાખ્યા પરંતુ પર્યાયના ધ્રૌવ્ય અંશને અંશી ધ્રુવ પરમાત્મામાં અભેદ કરી.. તેને દૃષ્ટિનો વિષય પ્રતિપાદિત કર્યો.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૪) કોઈએ સમયસાર ગાથા-૨ના આધારે સમય નામનો પદાર્થ જેમાં જાણવું અને પરિણમવું થાય છે તેમાં સદૃશ એકરૂપ જે જાણવું... જાણવું.... જાણવું... સામાન્ય ધારાપ્રવાહરૂપ થાય છે તેને કુટસ્થ આત્મામાં સ્થાપી અને તેને દૃષ્ટિનો વિષય ખતવ્યો.

હૂંડાઅવસર્પિણી કાળમાં... પૂ. ગુરુદેવની અનઉપસ્થિતિમાં દૃષ્ટિનો વિષય વિવાદાગ્રસ્ત થઈ પડયો છે. આત્માર્થી જીવો દ્વિધામાં પડયા છે. તેથી આ પુસ્તકમાં ૩૨૦ ગાથા ઉપરના પૂ. ગુરુદેવશ્રીના જે પ્રવચનો છે તે શિબિર વખતના થયેલા પ્રવચનો છે તેમાં તે વખતના બધા પંડિતોની પણ હાજરી હતી અને પૂ. ગુરુદેવશ્રીના ૩૨૦ ગાથાના તા. ૨૦-૮-૭૦ના ૧૨મા પ્રવચનમાં પણ ઉદ્‌ગાર સરી પડયા છે કે આવાં પ્રવચનો તથા આવું સ્પષ્ટીકરણ પૂર્વે કદી થયું જ નથી તેવા આ પ્રવચનોમાં ધ્યેયનું સ્વરૂપ... ચોખ્ખું... ભેળસેળ વિનાનું પરાકાષ્ટાએ પ્રતિપાદિત થયેલ છે.

૩૨૦ મી ગાથા અને ૨૭૧ મા કળશની સંધિ છે. ૩૨૦ ગાથાના મૂળમાં કહ્યું કે બંધ-મોક્ષને જાણે છે. બંધ-મોક્ષને કરતો નથી તેના નિષેધ માટે કહ્યું કે બંધ-મોક્ષને જાણે છે એટલો વ્યવહાર લીધો. જ્યારે ૨૭૧ કળશમાં રાજમલજી સાહેબે એ વ્યવહારનો પણ નિષેધ કર્યો. હું જ્ઞાતા, હું જ્ઞેય, હું જ્ઞાન એવા ત્રણ ભેદનો નિષેધ કર્યો. હું તો ચેતના સર્વસ્વ એવો અભેદ સ્વજ્ઞેય છું. જ્ઞાનની પર્યાયનું જ્ઞેય પર તો નથી; પરંતુ જ્ઞાનની પર્યાયનું જ્ઞેય જ્ઞાન પર્યાય પણ નથી. જે જ્ઞાન પર્યાય ધ્રુવ પરમાત્મામાં હું પણું કરતી પરિણમી તે સમયે જાણવામાં પૂરો પરિણામી આત્મા જ્ઞાનનું જ્ઞેય થાય છે. પરિણામી સ્વજ્ઞેયમાં ધ્યેયના કે જ્ઞેયનાં ભેદો સમાતા નથી. પરિણામી અભેદ સ્વજ્ઞેયમાં નિર્મળ પર્યાયનો ભેદ દેખાતો નથી. જ્ઞાન સ્વરૂપ તો જ્ઞાન સ્વરૂપ છે.

શ્રદ્ધાનો વિષય સંપૂર્ણપણે જીવોને નિર્ધારણ થવા છતાં... સમ્યગ્દર્શન કેમ થતું નથી ? જ્ઞાતાબુદ્ધિની ભૂલને આ ૨૭૧ કળશમાં દર્શાવી છે. જ્ઞાન પર્યાયનો વિષય પણ ઉપાદેયભૂત પરમાત્મા બને છે ત્યારે જ્ઞાન પર્યાયનો નિશ્ચય પ્રગટ થાય છે. જ્યારે શ્રદ્ધાની પર્યાયનો નિશ્ચય અને જ્ઞાન પર્યાયનો નિશ્ચય બન્ને એક સાથે પ્રગટે છે ત્યારે ત્યાં આત્માનુભવ દશા હોય છે.

દ્રવ્યલિંગી મુનિ-અગિયાર અંગનો પાઠી ક્યાં થાપ ખાય છે ? તેની સૂક્ષ્મ ભૂલ શું છે ? વગેરે પ્રશ્નોનું નિરાકરણ કરનારા અને સ્વજ્ઞેયની સૂક્ષ્મતમ્‌પણે સમાલોચના કરનારા આ છ પ્રવચનોને જ્ઞેયના વિભાગમાં સુરક્ષિત કર્યા છે.

જયસેનાચાર્યની તાત્પર્યવૃત્તિની ૩૨૦ ગાથા ઉપર ૧૯૭૦ની સાલમાં થયેલા બાર પ્રવચનોને ધ્યેયના વિભાગમાં સમાવિષ્ટ કરેલ છે. આ પ્રવચનોનું સૂક્ષ્મ અધ્યયન થતાં તેમાં રહેલા વિરાટ ભાવો પ્રગટ થયા, પ્રજ્ઞા સૂક્ષ્મ થતાં નિરપેક્ષ ધ્યેયનું સ્વરૂપ વિશેષે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

સ્પષ્ટ થયું. આ પ્રવચનો ૧૯૯૪ના અંતમાં સૌ પ્રથમ **પૂ. ભાઈશ્રી લાલચંદભાઈના** હાથમાં આવ્યા... અને સાંભળતાની સાથે જ તેમને ભાવ આવ્યો કે– આ પ્રવચનો પુસ્તકાકારે બહાર પાડવા જેવા છે. ૧૯૯૫માં તે પુસ્તકરૂપે પ્રગટ થયા. ધ્યેયપૂર્વક જ્ઞેયની બીજી આવૃત્તિને પૂ. ભાઈશ્રીના ૯૪માં પાવન જન્મદિને પ્રકાશન થતાં અમો હર્ષ અનુભવી રહ્યા છીએ.

આ પ્રવચનો પણ અક્ષરશઃ છે. ધ્યેયના વિભાગમાં સંકલિત પ્રવચનો હિન્દી ભાષામાં થયેલા હોવાથી તેને જેમ છે તેમ રાખેલ છે. આ પ્રવચનોનું સંકલન અને સંપાદન સુરેન્દ્રનગરના ડૉ. દેવેન્દ્રભાઈ એમ. દોશી દ્વારા પૂર્ણ થયેલ છે. બીજી આવૃત્તિનાં પ્રકાશનની દાનરાશિ પણ ડૉ. દેવેન્દ્રભાઈ મોહનલાલ દોશી તેમજ મૃદુલાબેન દેવેન્દ્રભાઈ દોશી તરફથી થયેલ છે. રાજકોટ દિગંબર જિન મંદિર તેઓશ્રી પ્રત્યે હૃદયથી આભાર વ્યક્ત કરે છે.

આ પુસ્તક http://www.AtmaDharma.com પર મુકવામાં આવેલ છે. જેનો કોમ્પ્યુટરાઈઝેશનનો ખર્ચ શ્રી જશવંતલાલ ચંદુલાલ કોટડિયા પરિવાર–બરોડા તથા કેલિફોર્નિયા તરફથી આપવામાં આવેલ છે.

ધ્યેયપૂર્વક જ્ઞેય પુસ્તકમાં રહેલા ધ્યેય–જ્ઞેયના ભાવોને સમજી... ધારણ કરી... નિર્ધારી... યથાર્થ નિર્ણય કરી અને ' ધ્યેય પૂર્વક જ્ઞેય ' સ્વાનુભવના નિર્વિકલ્પ સ્વરૂપને પ્રાપ્ત કરો તેવી મંગલ ભાવના પૂર્વક અસ્તુ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પ્રકાશકીય નિવેદન

અધ્યાત્મયુગ પ્રવર્તક, અધ્યાત્મદૃષ્ટા, અધ્યાત્મમૂર્તિશ્રી કાનજીસ્વામીના સમયસાર ૩૨૦ મી ગાથા ઉપર ૧૯૭૦ ની સાલમાં શિબિર દરમ્યાન થયેલા પ્રવચનો તેમજ ૧૯૬૬–૬૮–૭૪–૭૭ ની વિધ વિધ સાલમાં સમયસાર કળશ ૨૭૧ ઉપર થયેલા અધ્યાત્મરસ રસિત પ્રવચનો ' જાણનાર ' ની મંગલ ધ્વનિની ગર્જના કરે છે.

વાગ્વિલાસ વિનાની સરળ ભાષા અને તેની સાથે જાણનારની અભિવ્યક્તિને સિંચનારા ઉચ્ચતમ્ ભાવોનો અદ્ભૂત સમન્વય આ પ્રવચનોમાં જોવા મળે છે. આ પ્રવચનોને વાંચતા... સાંભળતાં... વિચારતાં... નિર્ણય કરતાં...; જાણનાર... જાણનાર... જાણનારના નિર્મળ પ્રવાહમાં ભિંજાયને.... જીવો, જ્ઞાનરસથી પલ્લવિત થયા છે. જાણનાર તત્ત્વનો અહાલેક જગાડતી વાણી આત્માના સાક્ષાત્કારને સાધે તેવી અતિશયતાથી ભરિત છે.

ભરતક્ષેત્રના મુમુક્ષુઓ એ વાતથી વિદિત છે કે – રાજકોટ ઉપર પૂ. ગુરુદેવશ્રીની અપાર... અમાપ... અસીમ કૃપા સદૈવ વરસી રહી છે. આ પ્રસંગને અનુલક્ષીને નિષ્કારણ કરુણાસભર એક પ્રસંગ વારંવાર ચિત્તદર્શનમાં ઝળકી રહ્યો છે.

પૂ. ગુરુદેવશ્રી જયારે રાજકોટ પધારતા ત્યારે આદરણીય શ્રી લાલચંદભાઈ દ્વારા કયા શાસ્ત્રની કઈ ગાથા લેવી છે તે બાબતની એક નોંધ આપવામાં આવતી. એક વખત પૂ. ગુરુદેવશ્રીએ રાજકોટ પધારવાની તેમની સ્વીકૃતિ આપી દીધી. આદરણીય મુ. શ્રી લાલચંદભાઈ અને આદરણીય ડો. ચંદુભાઈ એ બન્ને વિદ્વાનોએ નકકી કર્યુ કે – આ વખતે પૂ. ગુરુદેવશ્રી પાસેથી સમયસાર તાત્પર્યવૃત્તિની ૩૨૦ મી ગાથા લેવડાવવી. પૂ. ગુરુદેવશ્રીને વિનંતી કરી કે અમારે તાત્પર્યવૃત્તિની ૩૨૦ મી ગાથાનો સ્વાધ્યાય કરવો છે. પ્રશ્ન એ હતો કે ગાથા સંસ્કૃતમાં હતી અને પૂ. ગુરુદેવશ્રીએ ક્યારેય આ ગાથા જાહેરમાં લીધી ન હતી. પૂ. ગુરુદેવશ્રીની સ્વીકૃતિની લીલી ઝંડી મળી ગઈ કે – ભલે ૩૨૦ મી ગાથા ઉપર વ્યાખ્યાન આપશું. માત્ર એક જ રાતમાં સંસ્કૃત ટીકા ઉપરનો ગુજરાતી અનુવાદ તૈયાર કરાવ્યો અને તેની નકલો છપાવી લીધી. પૂ. ગુરુદેવશ્રીએ સભામાં ૩૨૦ મી ગાથાનું મંગલ ઉદ્ઘાટન કર્યું ત્યારે સમગ્ર મુમુક્ષુ સભાના હાથમાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૩૨૦ મી ગાથાનો ગુજરાતી અનુવાદ હતો. ગાથાના વાક્યે... વાક્યે... પૂ. ગુરુદેવશ્રીએ સર્વશ્રોતાજનોને અધ્યાત્મનું મકરંદ પિવડાવ્યું. આ ' ધ્યેય પૂર્વક જ્ઞેય ' પુસ્તકમાં પણ પ્રયોજનભૂત વિષયઉપર સીધો દૃષ્ટિપાત કરાવ્યો છે.

આ પુસ્તકનું પ્રકાશન કરનાર ડૉ. દેવેન્દ્રભાઈ એમ. દોશી તેમજ મૃદુલાબેન ડી. દોશી ( સુરેન્દ્રનગર )નો સંસ્થા હૃદયથી આભાર વ્યક્ત કરે છે.

શ્રી રાજકોટ દિગમ્બર જિનમંદિર ' ધ્યેય પૂર્વક જ્ઞેય ' પુસ્તકની દ્વિતીય આવૃત્તિનું પ્રકાશન કરતાં હર્ષ અનુભવી રહ્યું છે. આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ પણ અહીંથી જ પ્રકાશિત થયેલી.

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
શ્રી કાનજી સ્વામી માર્ગ,
૫, પંચનાથ પ્લોટ, રાજકોટ – ૩૬૦ ૦૦૧.
ફોન: ૨૨૩૧૦૭૩

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## શ્રી જયસેનાચાર્યકૃત "તાત્પર્યવૃત્તિ" નામની સંસ્કૃત ટીકા તથા તેનો હિન્દી તથા ગુજરાતી અનુવાદ.

- अथ तमेव कर्तृत्वभोक्तृत्वाभावं विशेषेण समर्थयति-

**दिट्ठी सयंपि णाणं अकारयं तह अवेदयं चेव।**
**जाणदि य बंधमोक्खं कम्मुदयं णिज्जरं चेव।।३४३।।**

दिट्ठी सयंपि णाणं अकारयं तह अवेदयं चेव यथा दृष्टि: कर्त्री दृश्यमग्निरूपं वस्तुसंधुक्षणं पुरुषवन्न करोति तथैव च तप्तायःपिण्डवदनुभवरूपेण न वेदयति। तथा शुद्धज्ञानमप्यभेदेन शुद्धज्ञानपरिणतजीवो वा स्वयं शुद्धोपादानरूपेण न करोति न च वेदयति। अथवा पाठान्तरं दिट्ठी खयंपि णाणं तस्य व्याख्यानं- न केवलं दृष्टि: क्षायिकज्ञानमपि निश्चयेन कर्मणामकारकं तथैवावेदकमपि। तथाभूतः सन् किं करोति? जाणदि य बंधमोक्खं जानाति च कौ? बन्धमोक्षौ। न केवलं बन्धमोक्षौ कम्मुदयं णिज्जरं चेव शुभाशुभरूपं कर्मोदयं सविपाकाविपाकरूपेण सकामाकामरूपेण वा द्विधा निर्जरां चैव जानाति इति। एवं सर्वविशुद्धपारिणामिक-परमभावग्राहकेण शुद्धोपादानभूतेन शुद्धद्रव्यार्थिकनयेन कर्तृत्वभोक्तृत्वबन्धमोक्षा-दिकारणपरिणामशून्यो जीव इति सूचितं समुदायपातनिकायां पश्चाद्गाथाचतुष्ट-येन जीवस्याकर्तृत्वगुणव्याख्यान-मुख्यत्वेन सामान्यविवरणं कृतम्। पुनरपि गाथाचतुष्टयेन शुद्धस्यापि यत्प्रकृतिभिर्बन्धो भवति तदज्ञानस्य माहात्म्यमित्यज्ञानसामर्थ्यकथनरूपेण विशेषविवरणं कृतं। पुनश्च गाथाचतुष्टयेन जीवस्याभोक्तृत्वगुणव्याख्यानमुख्यत्वेन व्याख्यानं कृतं। तदनन्तरं शुद्धनिश्चयेन तस्यैव कर्तृत्वबन्धमोक्षादिककारणपरिणामवर्जनरूपस्य द्वादशगाथाव्याख्यान-स्योपसंहाररूपेण गाथाद्वयं गतं।।३४३।।

इति श्रीजयसेनाचार्य कृतायां समयसारव्याख्यायां शुद्धात्मानुभूतिलक्षणायां तात्पर्यवृतौ मोक्षाधिकारसंबन्धिनी चतुर्दशगाथा-मिश्चतुर्भिरन्तराधिकारैश्चूलिका समाप्ता। अथवा द्वितीयव्याख्यानेनात्र मोक्षाधिकार: समाप्त:।

किं च विशेष: - औपशमिक: दिपञ्चभावानां मध्ये केन भावेन मोक्षो भवतीति विचार्यते। तत्रौपशमिक-क्षायोपशमिकक्षायिकोदयिकभावचतुष्टयं पर्यायरूपं भवति शुद्धपारिणामिकस्तु द्रव्यरूप इति। तच्च परस्परसापेक्षं द्रव्यपर्यायद्वय-मात्मपदार्थो भण्यते। तत्र तावज्जीवत्वभव्यत्वत्रिविधपारिणामिकभावमध्ये शुद्ध जीवत्वंशक्ति-लक्षणं यत्पारिणामिकत्वं तच्छुद्धद्रव्यार्थिकनयाश्रितत्त्वान्निरावरणं शुद्धपारिणामिक-

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

भावसंज्ञं ज्ञातव्यं तत्तु। बन्धमोक्षपर्यायपरिणतिरहितं। यत्पुनर्दशप्राणरूपं जीवत्वं भव्याभव्यत्वद्वयं च तत्पर्यायार्थिकनयाश्रितत्त्वाद-शुद्धपारिणामिकभावसंज्ञमिति। कथम- शुद्धमिति चेत्, संसारिणां शुद्धनयेन सिद्धानां तुं सर्वथैव दशप्राणरूपजीवत्वभव्याभव्यत्वद्वयाभावादिति। तस्य त्रयस्य मध्ये भव्यत्वलक्षणपारिणामिकस्य तु यथासंभवं सम्यक्त्वादिजीवगुणघातकं देशघातिसर्वघातिसंज्ञं मोहादिकर्मसामान्यं पर्यायार्थिकनयेन प्रच्छादकं भवति इति विज्ञेयं। तत्र च यदा कालादिलब्धिवशेन भव्यत्वशक्तेर्व्यक्तिर्भवति तदायं जीवः सहजशुद्धपारिणामिकभावलक्षणनिजपरमात्मद्रव्यसम्यक्श्रद्धानज्ञानानुचरणपर्यायरुपेण परिणमति। तच्च परिणमन- मागमभाषयौपशमिकक्षायोपशमिक क्षायिकं भावत्रयं भण्यते। अध्यात्मभाषया पुनः शुद्धात्माभिमुखपरिणामः शुद्धोपयोग इत्यादि पर्यायसंज्ञां लभते। स च पर्यायः शुद्धपारिणामिकभावलक्षणशुद्धात्म-द्रव्यात्कथंचिद्भिन्नः। कस्मात् ? भावनारूपत्वात्। शुद्धपारिणामिकस्तु भावनारूपो न भवति। यधेकान्तेनशुद्धपारिणामिकादभिन्नो भवित तदास्य भावनारूपस्य मोक्षकारणभूतस्य मोक्षप्रस्तावे विनाशे जाते सति शुद्धपारिणामिकभाव स्यापि विनाशः प्राप्नोति; न च तथा। ततः स्थितं -शुद्धपारिणामिकभावविषये या भावना तद्रूपं यदौपशमिकादिभावत्रयं तत्समस्तरागादिरहितत्त्वेन शुद्धोपादानकारण-त्वान्मोक्षकारणं भवति, न च शुद्धपारिणामिकः। यस्तु शक्तिरूपो मोक्षः स शुद्धपारिणामिके पूर्वमेव तिष्ठति। अयं तु व्यक्तिरूपमोक्षविचारो वर्तर्ते। तथा चोक्तं सिद्धांते-निष्क्रियः शुद्धपारिणामिकः। निष्क्रिय इति कोऽर्थः ? बन्धकारणभूता या क्रिया रागादिपरिणतिः, तद्रूपो न भवति। मोक्षकारणभूता च क्रिया शुद्धभावनापरिणतिस्तद्रूपश्च न भवति। ततो ज्ञायते शुद्धपारिणामिकभावो ध्येयरूपो भवति ध्यानरूपो न भवति। कस्मात् ? ध्यानस्य विनश्वरत्वात्। तथा योगीन्द्रदेवैरप्युक्तं - णवि उपज्जइ णवि मरइ बंधु ण मोक्खु करेइ। जिउ परमत्थे जोइया जिणवर एउ भणेइ। किंच विवक्षितैकदेशुद्धनयाश्रितेयं भावना निर्विकारस्वसंवेदनलक्षणभेदक्षायोपशमिकाज्ञानत्वेन यद्यप्येकदेशव्यक्ति-रूपा भवति तथापि ध्याता पुरुषः यदेव सकल निरावरणमखण्डैकप्रत्यक्ष-प्रतिभास-समयमविनश्वरं शुद्धपारिणामिकपरमभावलक्षणं निजपरमात्मद्रव्यं तदेवा-हमिति भावयति न च खण्डज्ञानरूपमिति भावार्थः। इदं तु व्याख्यानं परस्परसापेक्षा-गमाध्यात्मनयद्धयाभिप्रायस्या-विरोधेनैव कथितं सिद्धयतीति ज्ञातव्यं विवेकिभिः।

अब इसी कर्तृत्व व भोक्तृत्व अे अभाव का दृष्टांत पूर्वक समर्थन करते हैं-

अर्थ- जैसे चक्षु देखने योग्य पदार्थ को देखता ही है उसका कर्ता तथा

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भोक्ता नहीं होता है उसी प्रकार ज्ञान भी बंध, मोक्ष, कर्मों के उदय तथा कर्मो की निर्जरा को जानता ही है, कर्त्ता-भोक्ता नहीं होता।। ३४३।।

दृष्टा बने युगल लोचन देखते हैं, ना दृश्य-स्पर्श करते न हि हर्षते हैं।
ज्ञानी अकारक अवेदक जानता है, त्यों बन्ध मोक्ष विधि को तज मानता है।। ३४३।।

टीका-दिट्ठी संयपि णाणं अकारयं तह अवेदयं चेव जैसे चक्षु अग्निरूप दृष्य को देखता है किन्तु जलाने वाले पुरुष के समान वह उसे जलाता नहीं है, तथा तप्तायमान लोहपिंड के समान वह उसे अनुभवरूप से वेदता भोक्ता भी नहीं है। वैसे ही शुद्धज्ञान भी अथवा अभेदविवक्षा से शुद्धज्ञान में परिणत हुआ जीव भी शुद्ध-उपादान रूप से [ अन्य द्रव्यों को ] न करता ही है और न वेदता ही है-अनुभवता ही है। अथवा दूसा पाठ यह है दिट्ठी खयंपि णाण इसका अर्थ यह है कि केवल दृष्टि ही नहीं किन्तु क्षायिकज्ञान भी निश्चयरूप से कर्मों का नहीं करने वाला और नहीं वेदनेवाला-अनुभवनेवाला होता है। ऐसा होता हुआ वह क्या करता है ? जाणदि य बंधमोक्खं बंध और मोक्ष को जानता है। केवल बंध-मोक्ष को ही नहीं किन्तु कम्मुदयं णिज्जरं चेव शुभाशुभरूप-कर्म के उदय को, तथा सविपाक-अविपाकरूप अथवा सकाम और अकामरूप से होने वाली दो प्रकार की निर्जरा को भी जानता है। इस प्रकार शुद्धपारिणामिकरूप-परमभावका ग्राहक एवं जो उपादान स्वरूप है ऐसे शुद्धद्रव्यार्थिकनय के द्वारा कर्तापन, भोक्तापन, बंध, मोक्षादि के कारणभूत परिणाम से रहित यह जीव है ऐसा सूचित किया है। इस प्रकार समुदाय पातनिका में पीछे की चार गाथाओं द्वारा जीव के अकर्तापनगुण के व्याख्यान की मुख्यता से सामान्य वर्णन किया है। फिर चार गाथाओं में यह बताया है कि निश्चयसे शुद्ध-जीवके भी जो कर्मप्रकृतियों का बंध होता है वह अज्ञानका माहात्म्य है इस प्रकार अज्ञान की सामर्थ्य का विशेषरूप से वर्णन किया है। फिर चार गाथाओं में जीव के अभोक्तापन के गुण का व्याख्यान मुख्यता से है। इस कर्तापन-बंध-मोक्षादि का कारणभूत परिणाम का निषेध १२ गाथाओं में हुआ है जो कि शुद्धनिश्चयनय से किया गया है उसी का उपसंहार दो गाथाओं में हुआ है।। ३४३।।

इस प्रकार श्री जयसेनाचार्य की बनाई हुई शुद्धात्मानुभूति लक्षणवाली तात्पर्य नामकी श्री समयसारजी की व्याख्या के हिन्दी अनुवाद में मोक्षाधिकार से सम्बन्ध रखने वाली यह चूलिका समाप्त हुई। अथवा दूसरे व्याख्यान के द्वारा मोक्ष अधिकार समाप्त हुआ।

अब यहाँ पर विचार किया जाता है कि जीव के औपशमिक आदि पाँच

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भावों में से किस भाव के द्वारा मोक्ष होता है। सो वहाँ औपशमिक, क्षायोपशमिक, क्षायिक और औदयिक ऐसे चार भाव तो पर्यायरूप हैं और एक शुद्धपारिणामिक भाव द्रव्यरूप है। पदार्थ परस्पर अपेक्षा लिये द्रव्य-पर्याय रूप है। वहाँ जीवत्व, भव्यत्व और अभव्यत्व तीन प्रकार का पारिणामिक भाव है। उसमें भी शक्ति लक्षणरूप शुद्धजीवन-पारिणामिकभाव है, वही शुद्धद्रव्यार्थिकनय का आश्रय होने से निरावरण शुद्धपारिणामिकभाव है नाम जिसका ऐसा जानना चाहिये, जो कि बंध और मोक्षरूप पर्याय की परिणति से रहित है। और दशप्राणरूप जीवत्व, भव्यत्व और अभव्यत्व ये सब पर्यायार्थिकनय के आश्रय होने से अशुद्धपारिणामिक नाम वाले हैं। यहाँ प्रश्न होता है कि अशुद्धपारिणामिक क्यों हैं? इसका उत्तर यह है कि दशप्राणरूप जीवत्व, भव्यत्व और अभव्यत्व इन तीनों का सिद्धों में तो सर्वथा अभाव है, किन्तु संसारी जीवों में भी शुद्धनिश्चयनय से अभाव है। वहाँ इन तीनों में से भव्यत्व लक्षणाला पारिणामिक भाव है उसका तो पर्यायार्थिकनय से मोहादिक कर्मसामान्य आच्छादक हैं जो देशघाती और सर्वघाती नाम वाला है एवं सम्यक्त्वादि जीव के गुणों का घातक है ऐसा समझना चाहिये। वहाँ जब काल आदि लब्धियों के वश से भव्यत्वशक्ति की अभिव्यक्ति होती है तब यह जीव सहज-शुद्धपारिणामिक भावरूपी लक्षण को रखने वाली ऐसे निज-परमात्मद्रव्य के सम्यक्श्रद्धान, ज्ञान और आचरण की पर्याय के रूप में परिणमन करता है उसी ही परिणमन को आगम भाषा में औपशमिक, क्षायोपशमिक, और क्षायिकभाव इन तीनों नामों से कहा जाता है। वही अध्यात्मभाषा में शुद्धात्मा के अभिमुख परिणाम कहलाता है जिसको शुद्धोपयोग इत्यादि पर्यायरूप नाम से कहते हैं। वह शुद्धोपयोगरूप पर्याय भी शुद्धपारिणामिकभाव है लक्षण जिसका ऐसे शुद्धात्मद्रव्य से कथंचित् भिन्न रूप होती है क्योंकि वह भावनारूप होता है। किन्तु शुद्धपारिणामिक भाव भावनारूप नहीं होता है। यदि इस भावनारूप परिणाम को एकान्तरूप से शुद्धपारिणामिकभाव से अभिन्न ही मान लिया जाय तो मोक्ष का कारणभूत भावना रूप परिणाम का तो, मोक्ष हो जाने पर नाश हो जाता है तब उसके नाश हो जाने पर शुद्धपारिणामिकभाव का भी नाश हो जाना चाहिये? सो ऐसा है नहीं। इसलिये यह निश्चित है कि शुद्धपारिणामिकभाव के विषय में जो भावना है उसरूप जो औपशमिकादि तीन भाव हैं सो रागादिक समस्त विकारभावों से रहित होने से शुद्ध-उपादान के कारणरूप हैं इसलिये मोक्ष के कारण होते हैं, किन्तु शुद्धपारिणामिकभाव मोक्ष का कारण नहीं हैं। हाँ, जो शक्तिरूप मोक्ष है वह तो शुद्धपारिणामिकरूप पहले से ही प्रवर्तमान है किन्तु यहाँ पर तो व्यक्तिरूप

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

मोक्ष का विचार चल रहा है, ऐसा ही सिद्धांत में लिखा हुआ कि 'निष्क्रियः शुद्धपारिणामिकः' अर्थात् शुद्धपारिणामिक - भाव तो निष्क्रिय होता है। निष्क्रिय कहने का भी क्या अर्थ है? रागादिमय-परिणति वाली एवं बंधकी कारणभूत क्रिया से रहित है तथा मोक्ष की कारणभूत जो क्रिया, शुद्धस्वरूप की भावनारूप परिणति है उससे भी रहित है। इससे यह जाना जाता है कि शुद्धपारिणामिकभाव ध्येयरूप है परंतु ध्यानरूप नहीं है क्योंकि विनाशशील है। जैसा कि योगीन्द्रदेव ने भी अपने परमात्मप्रकाश में लिखाहै -

'णवि उप्पज्जइ णवि मरइ बंधु ण मोक्खु करेइ। जिउ परमत्थेजोईया जिणवर-एउ भणेइ।' अर्थात् - हे योगी। सुन, परमार्थदृष्टि से देखने पर यह जीव न तो उपजता है, न मरता है, न बंध ही करता है, न मोक्ष ही प्राप्त करता है ऐसा भी जिनेन्द्र भगवान् कहते हैं।

तात्पर्य यह है कि विवक्षा में ली हुई एकदेशशुद्धनय के आश्रित होने वाली भावना निर्विकार -स्वसंवेदन ही है लक्षण जिसका ऐसे क्षायोपशमिक ज्ञान से पृथक्पने के कारण यधपि एकदेश - व्यक्तिरूप है फिर भी ध्यान करने वाला पुरुष यही भावना करता है कि जो सभी प्रकार के आवरणों से रहित अखंड-एकप्रत्यक्ष-प्रतिभासमय तथा नाशरहित और शुद्धपारिणामिक लक्षणवाला निजपरमात्माद्रव्य है वही मैं हूं अपितु खंडज्ञानरूप मैं नहीं हूं, यह सब व्याख्यान यहाँ परस्पर की अपेक्षा को लिये हुये हैं जो आगम और अध्यात्मनय इन दोनो का विरोध नहीं करने से ही सिद्ध होता है। इस प्रकार विवेकी ज्ञानियों का समभ्कना चाहिये।

જયમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે... !
જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમજ મોક્ષને. ૩૨૦

તે જ અકર્તૃત્વ ભોકતૃત્વભાવને વિશેષપણે દઢ કરે છેઃ- ( दिट्ठी सयं पि णाणं अकारयं तह अवेदयं चेव ) જેવી રીતે નેત્ર - કર્તા દશ્ય એવી અગ્નિરૂપ વસ્તુને, સંધુક્ષણ ( સંધૂકણ ) કરનાર પુરુષની માફક કરતું નથી અને, તપેલા લોખંડના પિંડની માફક, અનુભવરૂપે વેદતું નથી; તેવી રીતે શુદ્ધ જ્ઞાન પણ અથવા અભેદથી શુદ્ધજ્ઞાનપરિણત જીવ પણ પોતે શુદ્ધ - ઉપાદાનરૂપે કરતો નથી અને વેદતો નથી. અથવા પાઠાન્તરઃ "दिट्ठी खयं पि णाणं" તેનું વ્યાખ્યાનઃ- માત્ર દષ્ટિ જ નહિ પરંતુ ક્ષાયિકજ્ઞાન પણ નિશ્ચયથી કર્મોનું અકારક તેમજ અવેદક પણ છે. ) તેવો હોતો થકો ( શુદ્ધજ્ઞાન પરિણત જીવ ) શું કરે છે... ? ( जाणदिय बंधमोक्खं ) જાણે છે. કોને... ? બંધ -મોક્ષને. માત્ર બંધ- મોક્ષને નહિ, ( कम्मुदयं णिज्जरं चेव ) શુભ-અશુભરૂપ કર્મોદયને તથા સવિપાક- અવિપાકરૂપે ને સકામ - અકામરૂપે બે પ્રકારની

નિર્જરાને પણ જાણે છે.

સર્વવિશુદ્ધ - પારિણામિક - પરમભાવગ્રાહક શુદ્ધ - ઉપાદાનભૂત શુદ્ધ દ્રવ્યાર્થિકનયે જીવ કર્તૃત્વ - ભોકતૃત્વથી તથા બંધ- મોક્ષનાં કારણ ને પરિણામથી શૂન્ય છે એમ સમુદાયપાતનિકામાં કહેવામાં આવ્યું હતું. પછી ચાર ગાથા દ્વારા જીવનું અકર્તૃત્વગુણના વ્યાખ્યાનની મુખ્યતાથી સામાન્ય વિવરણ કરવામાં આવ્યું. ત્યાર પછી ચાર ગાથા દ્વારા " શુદ્ધને પણ જે પ્રકૃતિ સાથે બંધ થાય છે તે અજ્ઞાનનું માહાત્મ્ય છે. " એમ અજ્ઞાનનું સામર્થ્ય કહેવારૂપે વિશેષ વિવરણ કરવામાં આવ્યું. ત્યાર પછી ચાર ગાથા દ્વારા જીવનું અભોકતૃત્વગુણના વ્યાખ્યાનની મુખ્યતાથી વ્યાખ્યાન કરવામાં આવ્યું. ત્યાર પછી બે ગાથા કહેવામાં આવી જેના દ્વારા, પૂર્વે બાર ગાથામાં શુદ્ધ નિશ્ચયથી કર્તુત્વ-ભોકતૃત્વના અભાવરૂપ તથા બંધ- મોક્ષનાં કારણ ને પરિણામના અભાવરૂપ જે વ્યાખ્યાન કરવામાં આવ્યું હતું તેનો જ ઉપસંહાર કરવામાં આવ્યો.આ રીતે સમયસારની શુદ્ધાત્માનુભૂતિ લક્ષણ ' તાત્પર્યવૃત્તિ ' નામની ટીકામાં મોક્ષાધિકાર સંબંધી ચૂલિકા સમાપ્ત થઈ. અથવા બીજી રીતે વ્યાખ્યાન કરતાં, અહીં મોક્ષાધિકાર સમાપ્ત થયો.

વળી વિશેષ કહેવામાં આવે છેઃ-

ઔપશમિકાદિ પાંચ ભાવોમાં કયા ભાવથી મોક્ષ થાય છે તે વિચારવામાં આવે છે.

ત્યાં ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને ઔદયિક એ ચાર ભાવો પર્યાયરૂપ છે. અને શુદ્ધ પારિણામિક ( ભાવ ) દ્રવ્યરૂપ છે. એ પરસ્પર સાપેક્ષ એવું દ્રવ્ય પર્યાયદ્વય ( દ્રવ્ય અને પર્યાયનું જોડકું ) તે આત્મા - પદાર્થ છે.

ત્યાં પ્રથમ તો જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એમ ત્રણ પ્રકારના પારિણામિક ભાવોમાં, શુદ્ધજીવત્વ એવું જે શક્તિલક્ષણ પારિણામિકપણું તે શુદ્ધદ્રવ્યાર્થિકનયાશ્રિત હોવાથી નિરાવરણ અને ' શુદ્ધ પારિણામિક ભાવ ' એવી સંજ્ઞાવાળું જાણવું; તે તો બંધ - મોક્ષપર્યાયપરિણતિરહિત છે. પરંતુ જે દશપ્રાણરૂપ જીવત્વ અને ભવ્યત્વ-અભવ્યત્વદ્વય તે પર્યાયાર્થિકનયાશ્રિત હોવાથી ' અશુદ્ધ પારિણામિકભાવ ' સંજ્ઞાવાળાં છે. પ્રશ્નઃ ' અશુદ્ધ ' કેમ...? ઉત્તરઃ- સંસારીઓને શુદ્ધનયથી અને સિદ્ધોને તો સર્વથા જ દશપ્રાણરૂપ જીવત્વનો અને ભવ્યત્વ - અભવ્યત્વદ્વયનો અભાવ હોવાથી.

તે ત્રણમાં, ભવ્યત્વલક્ષણ પારિણામિકને તો યથાસંભવ સમ્યક્ત્વાદિ જીવગુણોનું ઘાતક ' દેશઘાતી ' અને ' સર્વઘાતી ' એવાં નામવાળું મોહાદિકર્મસામાન્ય પર્યાયાર્થિકનયે ઢાંકે છે એમ જાણવું. ત્યાં, જ્યારે કાળાદિલબ્ધિના વશે ભવ્યત્વ

શક્તિની વ્યક્તિ થાય છે ત્યારે આ જીવ સહજ - શુદ્ધ - પારિણામિકભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્યનાં સમ્યક્શ્રદ્ધાન - જ્ઞાન -અનુચરણરૂપ પર્યાયે પરિણમે છે. તે પરિણમન આગમ - ભાષાથી ' ઔપશમિક ' ' ક્ષાયોપશમિક ' તથા ' ક્ષાયિક ' એવા ભાવત્રય કહેવાય છે. અને અધ્યાત્મભાષાથી ' શુદ્ધાત્માભિમુખ પરિણામ ', ' શુદ્ધોપયોગ ' ઇત્યાદિ પર્યાયસંજ્ઞા પામે છે.

તે પર્યાય શુદ્ધપારિણામિકભાવલક્ષણ શુદ્ધાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. શા માટે... ? ભાવનારૂપ હોવાથી. શુદ્ધ પારિણામિક ( ભાવ ) તો ભાવનારૂપ નથી. જો ( તે પર્યાય ) એકાંતે શુદ્ધ - પારિણામિકથી અભિન્ન હોય, તો મોક્ષનો પ્રસંગ બનતાં આ ભાવનારૂપ મોક્ષકારણભૂત ( પર્યાય ) નો વિનાશ થતાં શુદ્ધ - પારિણામિકભાવ પણ વિનાશને પામે. પણ એમ તો બનતું નથી ( કારણ કે શુદ્ધપારિણામિકભાવ તો અવિનાશી છે. )

માટે આમ ઠર્યું:- શુદ્ધ પારિણામિકભાવવિષયક ( શુદ્ધ પારિણામિકભાવને અવલંબનારી ) જે ભાવના તે-રૂપ જે ઔપશમિકાદિ ત્રણ ભાવો તેઓ સમસ્ત રાગાદિથી રહિત હોવાને લીધે શુદ્ધઉપાદાન- કારણભૂત હોવાથી મોક્ષકારણ ( મોક્ષનાં કારણ ) છે, પરંતુ શુદ્ધપારિણામિક નહિ ( અર્થાત્ શુદ્ધપારિણામિકભાવ મોક્ષનું કારણ નથી ).

જે શક્તિરૂપ મોક્ષ છે તે તો શુદ્ધપારિણામિક છે, પ્રથમથી જ વિદ્યમાન છે. આ તો વ્યક્તિરૂપ મોક્ષનો વિચાર ચાલે છે.

એવી જ રીતે સિદ્ધાંતમાં કહ્યું છે કે " निष्क्रिय: शुद्धपारिणामिक: " અર્થાત્ શુદ્ધપારિણામિક ( ભાવ ) નિષ્ક્રિય છે. નિષ્ક્રિયનો શો અર્થ છે.. ? ( શુદ્ધપારિણામિક ભાવ ) બંધના કારણભૂત જે ક્રિયા - રાગાદિપરિણતિ, તે - રૂપ નથી અને મોક્ષના કારણભૂત જે ક્રિયા - શુદ્ધભાવનાપરિણતિ, તે - રૂપ પણ નથી. માટે એમ જાણવામાં આવે છે કે શુદ્ધપારિણામિકભાવ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી. શા માટે... ? કારણ કે ધ્યાન વિનશ્વર છે. ( અને શુદ્ધપારિણામિકભાવ તો અવિનાશી છે ). શ્રી યોગીન્દ્રદેવે પણ કહ્યું છે કે " ण वि उपज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ। जिउ परमत्थे जोइया जिणवर एउ भणेइ।। " ( અર્થાત્ હે યોગી.. ! પરમાર્થે જીવ ઊપજતો પણ નથી, મરતો પણ નથી અને બંધ - મોક્ષ કરતો નથી - એમ શ્રી જિનવર કહે છે. )

વળી તે સ્પષ્ટ કરવામાં આવે છે:- વિવક્ષિત - એકદેશ - શુદ્ધ નયાશ્રિત આ ભાવના ( અર્થાત્ કહેવા ધારેલી આંશિક શુદ્ધિરૂપ આ પરિણતિ ) નિર્વિકાર - સ્વસંવેદનલક્ષણ ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ હોવાથી જો કે એકદેશ વ્યક્તિરૂપ છે. તો પણ ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે " જે સકલનિરાવરણ-અખંડ-એક-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રત્યક્ષપ્રતિભાસમય - અવિનશ્વર- શુદ્ધ - પારિણામિક પરમભાવલક્ષણનિજ-પરમાત્મદ્રવ્ય તે જ હું છું', પરંતુ એમ ભાવતો નથી કે 'ખંડજ્ઞાનરૂપ હું છું' - આમ ભાવાર્થ છે.**

**આ વ્યાખ્યાન પરસ્પર સાપેક્ષ એવાં આગમ - અધ્યાત્મના તેમ જ નયદ્વયના (દ્રવ્યાર્થિક - પર્યાયાર્થિકનયના) અભિપ્રાયના અવિરોધપૂર્વક જ કહેવામાં આવ્યું હોવાથી સિદ્ધ છે (-નિર્બાધ છે) એમ વિવેકીઓએ જાણવું.**

(અનુવાદક પં. શ્રી હિંમતલાલ જે. શાહ)

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રવચન નં. ૧ ગાથા૩૨૦ તા.૧૦-૮-૭૦**

સમયસાર ૩૨૦ ગાથા જયસેનાચાર્યકી ટીકા, જરી સૂક્ષ્મ હૈ, પણ સમજનેકા ચીજ હૈ, પાના હૈ સબકે પાસ, ઓ માટે પંદરસો છપાવ્યા છે. સબકી પાસ રખેગા ( કિ ) કયા શબ્દકા કયા અર્થ હોતા હૈ.

જયસેનાચાર્યકૃત તાત્પર્યવૃત્તિ ટીકા- એનો અનુવાદ

दिट्ठी सयं पि[१] णाणं अकारयं तह अवेदयं चेव।
जाणदि[२] य बंधमोक्खं कम्मुदयं णिज्जरं चेव।। ३२०।।

ટીકા- " ઉસી અકર્તૃત્વ, અભોકતૃત્વભાવકો વિશેષરૂપસે દૃઢ કરતે હૈં. " કયા કહેતે હૈં ? ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ ઉસકા ( સ્વરૂપ ) ત્રિકાળી આનંદ ને ધ્રુવ હૈ. ઉસકા જ્ઞાન નહિ, ઉસકા ભાન નહિ એ પુણ્ય- પાપ રાગદ્વેષ આદિકા કર્તા હોતા હૈ અને ઉસકા ભોક્તા હોતા હૈ, સમજમેં આયા ? જિસકી દૃષ્ટિ દ્રવ્ય, વસ્તુ જે ધ્રુવ ચૈતન્ય મહાસ્વયંભૂરમણ સમુદ્ર, ચૈતન્યકા મહા સ્વયંભૂરમણસમુદ્ર, ધ્રુવ, નિત્ય અવિનાશી, ઐસા પર્યાયસે રહિત ઐસી ત્રિકાળી ચીજ હૈ, ઉસકી ઉપર જિસકી દૃષ્ટિ નહીં, વો રાગ ને પર્યાય એક સમયકા પરિણામ ને રાગ ઉપર દૃષ્ટિ હોનેસે, એ રાગ, દ્વેષ પુણ્ય-પાપકા કર્તા અને ઉસકા ભોક્તા અજ્ઞાની હોતા હૈ, સમજમેં આયા ?

વસ્તુકા સ્વરૂપ, ભગવાન આત્માકા સ્વરૂપ ઔર વસ્તુકા સ્વરૂપકા દૃષ્ટિવાન, વો રાગ આદિકા કર્તા નહિ ને ભોક્તા નહિ એમ યહાં સિદ્ધ કરના હૈ. સમજમેં આયા ? અમૃતચંદ્રાચાર્યકી ટીકા વાંચ લીયા મગર જયસેનાચાર્યકી ટીકા મેં બહુત સૂક્ષ્મ ભર દીયા હૈ. દો વાર તો ત્યાં રાજકોટ વ્યાખ્યાન હો ગયા, યહાં પણ એકવાર હુઆ. સૂક્ષ્મ થોડા હૈ પણ હવે સમજ તો લે ખ્યાલમેં ( લે ) કે જૈન-દર્શનમેં તત્ત્વ ક્યા હૈ સમજમેં આયા ?

તો આ આત્મા એક સમયમેં પૂર્ણાનંદ, શુદ્ધ ચૈતન્ય ધ્રુવ સાગર, લ્યો આ સાગર આયા તુમ્હારા. ( શ્રોતાઃ બહુ આનંદ આવ્યો ) ઐસા ભગવાન ઉસકી જિસકો દૃષ્ટિ નહીં, ઉસકા જિસકો ધ્યેય નહીં અને દૃષ્ટિકા વિષય દ્રવ્ય ( કો ) બનાકર પરિણમન કીયા નહીં, યે સબ મિથ્યાદૃષ્ટિ હૈ એમ કહેતે હૈ, સમજમેં આયા ? તો ઓ મિથ્યા નામ જિસકી ( દૃષ્ટિ ) સત્ય સ્વરૂપ ભગવાન આત્મા, ઐસી દૃષ્ટિ નહીં હૈ વો રાગ દ્વેષ ઉદય વિકારભાવ વો પરિણમન કરતે હૈ, ને યે મેરી ચીજ હૈ એમ કરકે ઉસકો વેદન કરતે હૈ, તો અનાદિકા કર્તૃત્વ ને ભોકતૃત્વભાવ, અજ્ઞાનસે ઉત્પન્ન કરકે, ચાર ગતિમેં એ કારણ વો રૂલતે હૈં સમજમેં આયા ?

તો ધર્મ જબ હોતા હૈ તો કૈસે હોતા હૈ વો બાત ચલતી હૈ. સમજમેં આયા ?

કહેતે હૈ, દેખો, " **दिट्ठी सयं पि णाणं अकारयं तह अवेदयं चेव** ",વો તો મૂળ પાઠમાં બાત હૈ પણ ઉસકી ટીકા કરતે હૈ, દૃષ્ટાંત દીયા હૈ " જિસ પ્રકાર નેત્ર " આંખ,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

કર્તા, “ દૃશ્ય વસ્તુકી આંખ કર્તા નહીં હોતી. ” આંખ, આંખ કહેતે હૈ ને વો ? ચક્ષુ, ચક્ષુ દેખનેવાલી હૈ વો દેખનેકી ચીજકો કર્તા–હર્તા વો આંખ નહીં હૈ સમજમેં આયા ? આંખ હૈ વો દેખનેવાલી આંખ દૃષ્ટા, કર્તા ઔર વો દૃશ્ય જો પદાર્થ હૈ, ઉસમેં જાનને લાયક અગ્નિ, શરીર, વાણી આદિ સબ, ઉસકો આંખ કર્તા નહીં હૈ ઐસા ( सिर्फ ) દેખનેવાલી હૈ, પણ હૈ, નહીં હૈ ઉસકી પર્યાય ઉત્પન્ન કર દે, ઔર પરકી પર્યાયકો આંખ અનુભવ કરે, ઐસા હોતા નહીં. આ તો દૃષ્ટાંત છે આ તો હજી દૃષ્ટાંત હૈ, દૃષ્ટાંતકા સિદ્ધાંત પીછે લેગા. પાઠમાં જો હૈ વો તો પીછે લેગા, સમજમેં આયા ?

લોકોકો સરળ પડે સમજનેમેં એ કારણસે ભગવાન આચાર્યે દૃષ્ટાંત દીયા હૈ સમજમેં આયા ? આ સમજનેકી ચીજ હૈ, અનંતકાળસે ઉસને ચૈતન્ય જ્ઞાયક જ્યોત ભગવાન આત્મા ઉસકે ઉપર જોર દીયા નહીં, દૃષ્ટિ ત્યાં લગાયા હિ નહીં. પરિણામ ઉપર લક્ષ, કાં રાગ ઉપર લક્ષ, કાં નિમિત્ત ઉપર લક્ષ, એક સમયકી પ્રગટ અવસ્થા ઉપર લક્ષ વો સબ મિથ્યાદૃષ્ટિકા લક્ષ હૈ, સમજમેં આયા ? મૂળ બાત હૈ ભગવાન.

કહેતે હૈ, યે નેત્ર દેખનેવાલી આંખ, ચક્ષુ દેખનેવાલી ચીજકો ઉત્પન્ન નહીં કરતા. ઉત્પન્ન કરે ? કર્તા હૈ ? ભોક્તા ભી આંખ નહીં.

જુઓ, જિસ પ્રકાર હૈ ને ? જિસ પ્રકાર હૈ ને ? તો જિસ પ્રકારકા અર્થ દૃષ્ટાંત હૈ; ઉસ પ્રકાર, યે પીછે સિદ્ધાંત આયેગા સમજમેં આયા ? જિસ પ્રકાર, ઉસ પ્રકાર ( દૃષ્ટાંત–સિદ્ધાંત ) જિસ પ્રકાર નેત્ર કર્તા, કર્તા એટલે નેત્ર દેખનેવાલી કર્તા નામ આંખ, ચક્ષુ, વો દૃશ્ય વસ્તુકો અગ્નિ, શરીર, બરફ, વાણી આદિ ચીજકો “ સંધુક્ષણ કરનેવાલા પુરુષ અગ્નિરૂપ વસ્તુકો કર્તા હૈ ” જૈસે અગ્નિ જલાનેવાલા, સુલગાનેવાલા તમારી ભાષા છે ને ઈ ભાષા છે ને ? સમજમેં આયા ? સંધુક્ષણ કરતે હૈ ને સંધુક્ષણ ? અમારે કાઠિયાવાડી ભાષામેં વો, ગોબરકા ભૂકા હોતા હૈ ને ઝીણા ભૂકા ઉસમેં અગ્નિ લગતી હૈ. ક્યોંકિ સારા કઠણ લાકડુ હોય તો અગ્નિ પકડ ન સકે, પણ વહ ભૂકા હોતા હૈ ને ઝીણા ભૂકા કહેતે હૈ ને ? ઝીણા ઝીણા તો વો અગ્નિ પકડ સકે, તો એ સંધુક્ષણ કરનેવાલા, દેખો અગ્નિકો જલાનેવાલા, સંધુક્ષણ કરનેવાલા અર્થાત્ ‘ ‘ અગ્નિ જલાનેવાલા પુરુષ ’ ’ અગ્નિરૂપ વસ્તુકો કર્તા હૈ – અગ્નિરૂપ વસ્તુકો બનાતે હૈ અગ્નિ ઉસ પ્રકાર કર્તા નહીં, ઉસ પ્રકાર આંખ દૃશ્ય પદાર્થકો કર્તા નહીં. કહો સમજમેં આયા ? ( એકવારમાં સમજાય એવું નથી ) ઘણી વાર આવશે. ક્યાં ગયા હીરાભાઈ ? ( જી. સાહેબ ) યહાં બેઠા હૈ કહો સમજમેં આયા ? અમારે દો પંડિત હૈ ને વો –

દેખો યહાં આપણે ‘ જ્ઞાનચક્ષુ ’ માં આવી ગયું છે કે નહીં ? ‘ જ્ઞાનચક્ષુ ’ – પણ આ સીધું સમજે ને પાઠથી તો જરી ઉસકો ખ્યાલ આવે કે કયા ચીજ હૈ ? તો કહેતે હૈ, નેત્રચક્ષુ કરનેવાલી, કયા કરનેવાલી ? દેખનેકા કાર્ય કરનેવાલી, એ આંખ જેમ દેખનેકી ચીજકો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દેખનેકા કાર્ય કરે પણ દેખનેકી ચીજકો બનાવે, કરે કે દેખનેકી ચીજકો આંખ અનુભવે ઐસા હોતા નહીં, કહો બરાબર હૈ? નંદકિશોરજી? "સંધુક્ષણ કરનેવાલા" અગ્નિ જલાનેવાલા, અગ્નિ જલાનેવાલા પુરુષ, અગ્નિરૂપ વસ્તુકો કર્તા હૈ. એ ત્યાં બતાવવું છે ને એટલે જરી એ તો ખરેખર યે અગ્નિકો કોઈ કરતે નહીં, પણ અહીં તો દૃષ્ટાંત હૈ ને? લોકો ખ્યાલ કરતે હૈ ને કે લ્યો ભાઈ આ બાઈએ અંદર ગોબરકા કટકા, કયા કહેતે હૈ? ઠંડા ઐસા ભૂકા કરકે અગ્નિ લગાયા પણ એકલા સારા કઠણ ઐસા કઠણ લાકડા હોય તો ઉસમેં અગ્નિ નહીં જલે, અગ્નિ નહીં પકડ સકે તો ભૂકા કરકે અગ્નિ જલાયા, અગ્નિ કીયા ઐસા લોક દેખતે હૈ ઐસા દૃષ્ટાંત દીયા હૈ. અગ્નિરૂપ વસ્તુકો જૈસે કર્તા હૈ અગ્નિ જલાનેવાલા. ઉસ પ્રકાર કર્તા નહીં. આંખ એ પ્રકારે દૃશ્ય વસ્તુકો ઉત્પન્ન કરતી હૈ કોઈ પર્યાય ઐસા નહીં, એમ કહેતે હૈ સમજમેં આયા? ચીજકો તો ઉત્પન્ન નહીં કરતે આંખ પણ ચીજ જો દૃશ્ય હૈ ઉસકી કોઈ અવસ્થા ઉત્પન્ન કર દે ઐસા હૈ નહીં, સમજમેં આયા?

જૈસે અગ્નિરૂપ વસ્તુકો કર્તા હૈ ઉસ પ્રકાર આંખ કર્તા નહીં, ચક્ષુ કર્તા નહીં, સમજમેં આયા? અગ્નિ જલાનેવાલા જૈસે અગ્નિ ઉત્પન્ન કરતે હૈ ઐસે ચક્ષુ કોઈ પદાર્થકો ઉત્પન્ન કરતે નહીં. સામે હૈ ને પાના.

"ઔર તપે હુએ લોહ પિંડકી ભાંતિ" અગ્નિસે ઉષ્ણ હુઆ ઐસા લોહાકા ગોળા, અગ્નિસે તપ્તાયમાન હુઆ લોહાકા ગોળા, "પિંડકી ભાંતિ અનુભવરૂપસે વેદતા નહીં" એ લોહા ઉષ્ણતાકો વેદતે અનુભવતે હૈ અનુભવતે કા અર્થ લોહા ઉષ્ણ હો ગયા હૈ. સમજમે આયા? લોહાકા ગોળા અગ્નિમય ઉષ્ણ હો ગયા હૈ તો લોહા ઉસકો વેદતે હૈ એમાં તન્મય હો ગયા ને? ઐસે આંખ પર ચીજકો કાંઈપણ ભોગતી ને કરતી નહીં. કહો બરોબર હૈ? એ રૂપ વેદતા નહીં, કોણ? આંખ હોં.

જિસ પ્રકાર થા ને વો હવે ઉસ પ્રકાર ચક્ષુકે દૃષ્ટાંતસે જલાનેવાલા અગ્નિકો જલાતે હૈ ઐસી આંખ પરદ્રવ્યકી પર્યાયકી ઉત્પત્તિ કરતે નહીં ઔર લોહા ગોળા અગ્નિસે તપા હુઆ ઉષ્ણતાકો વેદતે હૈ નામ તન્મય હોતે હૈ, ઐસે આંખ કોઈપણ ચીજકો કરે નહીં તેમ ઉસકો વેદે ભી નહીં. અગ્નિકો દેખનેસે અગ્નિકા વેદન હૈ ઉસકો? નહીં સમજમેં આયા? આ હુઆ દૃષ્ટાંત.

હવે સિદ્ધાંત "ઉસ પ્રકાર શુદ્ધજ્ઞાન ભી", હવે ઐસા કયા કીયા હૈ પાઠમેં તો ઐસા હૈ સૂનો. "**दिट्ठी सयं पि[१] णाणं**" દૃષ્ટિ હૈ વો સ્વયં ત્રિકાળી જો ધ્રુવ જ્ઞાન હૈ આહાહા! તો દૃષ્ટિ શબ્દ ઉસમેં ન લીયા, પણ ઉસકા અર્થ વો હુઆ કે સમ્યગ્દૃષ્ટિ જો હૈ ઉસકી જો દૃષ્ટિ હૈ વો ધ્રુવજ્ઞાન, ત્રિકાળી જ્ઞાન ઉપર ઉસકી દૃષ્ટિ પડી હૈ. સમજમેં આયા? આહાહા! સમજમેં આયા કી નહીં વકીલજી? દૃષ્ટિ, શુદ્ધ જ્ઞાન એટલે ત્રિકાળી જ્ઞાન ધ્રુવ ચૈતન્ય ભગવાન નિત્યાનંદ અવિનાશી એક સમયકી પર્યાયસે ભી ખાલી દૂર, સમજમેં આયા?

આ કેળવણી તો કેવળજ્ઞાનકા વ્યાયામકી વાત હૈ ભાઈ આ. કેવળજ્ઞાન કૈસે ઉત્પન્ન

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

હો ઉસકી, કેવળજ્ઞાન ઉત્પન્ન કરનેવાલાકી દૃષ્ટિ કહાં હૈ. સમજમેં આયા ? વો ધર્મી જીવકી દૃષ્ટિ ધર્મી ઐસા ત્રિકાળી જ્ઞાયકભાવ વો ઉપર દૃષ્ટિ હૈ. તો ઉસકો યહાં શુદ્ધજ્ઞાન કહા, કિસકો ? ત્રિકાળીજ્ઞાન ભાવકો. સમજમેં આયા ? હૈ સામે પાના એ માટે તો પાના બનાયા હૈ. ભગવાન ! અહીં તો કહેતે હૈ કે જૈસે આંખ, પરકા કર્તા ભોક્તા નહીં ઐસે દૃષ્ટિવંત જીવ જો દૃષ્ટિ જિસકો ધ્રુવ જ્ઞાન ત્રિકાળ જ્ઞાન ઉપર પડી હૈ, ઐસા ધર્મી જીવ એ ધર્મી ઈસકો કહે કે ત્રિકાળી જ્ઞાન ઉપર દૃષ્ટિ હૈ ઉસકો ધર્મી કહીએ. સમજમેં આયા ? આ તો મૂળ મુદ્દાકી બાત હૈ જરી કઠણ પડે પણ ભાષામાં કોઈ કઠણાઈ ન આયે ઐસી સરળ આતી હૈ પણ ઉસકો સમજનેકી દરકાર તો કરની ચાહીએ કે નહીં ? સમજા સકતે હૈ કોઈ દૂસરા ? સમજમેં આયા ?

કહતે હૈ કે જિસ પ્રકાર ચક્ષુ ઉસ પ્રકાર શુદ્ધ જ્ઞાન, દૃષ્ટિ ન લીયા પાઠમેં તો દૃષ્ટિ હૈ, “ **दिट्ठी सयं पि[१] णाणं** ” ( **दिट्ठ**નો અર્થ નેત્ર કર્યો ) ઠીક, નેત્ર કર્યો. પણ અહીંયા દૃષ્ટિ લેવાની છે. અહીંયા જેમ **दिट्ठी** ત્યાં છે એમ અહીંયા **णाणं-णाणं** નો અર્થ ત્રિકાળ જે જ્ઞાન, માથે કહ્યું છે ને પાછું નીચે ( લખાણ ) કર્યું છે ભાઈ તમે, માત્ર દૃષ્ટિ નહીં પરંતુ ક્ષાયિક જ્ઞાન ભી ત્યાં લખ્યું છે જુઓ નીચે એ તો વાત થઈ ગઈ છે પહેલી એ ક્ષાયિક જ્ઞાનનો અર્થ દૃષ્ટિ છે. કયા કહા સમજમેં આયા ?

ધીમેથી શાંતિસે આ તો ચીજ અંતરકી હૈ યે કહેતે હૈ કે દૃષ્ટિમાં અહીંયા તો ભાઈએ કહ્યું ને અહીં દૃષ્ટિમાં તો નેત્રનું ઉતાર્યું છે. પણ દૃષ્ટિમાં તો દૃષ્ટિ જ ઉતારી છે અહીં શુદ્ધ જ્ઞાનમાં, કારણકે પીછે કહેતે હૈ માત્ર દૃષ્ટિ જ નહીં, પણ કેવળજ્ઞાન ભી અકર્તા–અભોક્તા હૈ ઐસા હિ દૃષ્ટિવંત અકર્તા અભોક્તા હૈ એમ અહીંયા સિદ્ધ કરના હૈ, સમજમેં આયા ?

ભગવાન આત્મા ચૈતન્ય બિંબ, ધ્રુવ, અવિનાશી જિસકા અંશ જો ત્રિકાળ, ઉસકી ઉપર જિસકી દૃષ્ટિ હૈ, ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ દૃષ્ટિકા વિષય. મિથ્યાદર્શનકા વિષય એક સમયકી પર્યાય ને રાગ એ કાંઈ વિષય હુઆ નહીં ખરેખર તો. સમજમેં આયા ?

મિથ્યાશ્રદ્ધા, મિથ્યા દૃષ્ટિકા વિષય ખરેખર એ એનો વિષય જ નહીં એમ છતાં વિષય કહેના પડતે હૈ. કારણ વિષય કયા ઉસકા ? દૃષ્ટિકા વિષય જો પૂરણ હૈ ઐસા વિષય આના ચાહીએ તો ઐસા મિથ્યાદૃષ્ટિકા વિષય એ હૈ નહીં તો ખરેખર ઉસકા વિષય નહીં એમ કહેતે હૈ આહાહા ! ભાઈ, શું કહ્યું સમજાણું ? ( મિથ્યાદૃષ્ટિનો વિષય જ કાંઈ નથી ) એઈ ( મિથ્યાદૃષ્ટિનો કોઈ વિષય જ નથી ) વિષય જ નથી છતાં એણે વિષય બનાવ્યો છે દૃષ્ટિમાં વસ્તુ જે ત્રિકાળરૂપે છે પ્રભુ એ દૃષ્ટિમાં આવવો જોઈએ કારણ એ વસ્તુ જ ત્રિકાળ ધ્રુવ હૈ ઐસી દૃષ્ટિકા વિષય વો તો યથાર્થ હૈ. મિથ્યાદર્શનકા કોઈ વિષય જ નહીં કારણ એક સમયકી પર્યાય એ ખરેખર વસ્તુય નહીં ( નહીં–નહીં ) આહાહા...... સમજમેં આયા ?

સ્વ વસ્તુકી અપેક્ષાસે, ભગવાન ત્રિકાળી દ્રવ્ય ધ્રુવ ( કિ ) અપેક્ષાસે એક સમયકી પર્યાય, રાગ અને નિમિત્ત એ સબ અવસ્તુ હૈ એટલે ખરેખર મિથ્યાદૃષ્ટિકા વિષય જ યથાર્થ હૈ નહિ. સમજમેં આયા ? અવસ્તુ હો ગઈ લ્યો એમ કહેતે હૈ ભાઈ, આહાહા ! ભારે વાત ભાઈ સમજમેં આયા ? ધીમે ધીમે સમજના હોં સમજાય એવી વાત છે ભાષા તો બહુ સાદી છે. ભલે ભાવ જરી ( ગંભીર ) હૈ લ્યો ભાઈ અમારે જયકુમારજી કહેતે હૈ ભાવ ગંભીર હૈ. ભાવ તો સાહેબ ભગવાન, આ તેરી લીલા આહાહા ! ચૈતન્ય ભગવાન, ત્રિલોકનાથ જેમાં પરિણામ પણ જેને અડતા નથી. અડતા નહીં સમજે ? છૂતા હી નહીં હૈ ( પરિણામ તો એના છે ને ) એઈ !

ઔર ખરેખર તો પરિણામ અને વર્તમાન નિર્મળ પર્યાય ભી સ્વદ્રવ્યકી અપેક્ષાસે વો તો પરદ્રવ્ય– અદ્રવ્ય હો ગયા એટલે મિથ્યાદૃષ્ટિકા વિષય જગતમેં હૈ નહીં. સમજમેં આયા ?

સમ્યગ્દૃષ્ટિકા વિષય ( હો સકતા હૈ ) હો સકતા હૈ, ને હૈ, આહાહા ! ( બરાબર ) ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપ, શુદ્ધ વસ્તુ, નિત્ય પ્રભુ ઈસકી દૃષ્ટિ હુઈ વો દૃષ્ટિ નામ ન લીયા પણ પીછે લે લીયા કે દૃષ્ટિકા વિષયકી બાત હમ કીયા ઐસે યહાં ક્ષાયિકજ્ઞાનકી બાત સમજના, ઉસમેંસે દૃષ્ટિ નિકાલ દીયા. સમજમેં આયા ? ( શુદ્ધજ્ઞાન ને દૃષ્ટિ બેય ભેગા લેના ) ભેગા લેના જ્ઞાન ને દૃષ્ટિ એ કહ્યું છે ને " નાણં " જે ત્રિકાળી જ્ઞાન છે, એ જ દૃષ્ટિનો વિષય છે. દૃષ્ટિની વાત મેં પહેલી કરી, હવે જ્ઞાનની વાત કરશું એમ કરીને કહેશે, કહેશે એટલે એમ કરીને કહેગા. હિંદીમાં થોડી થોડી અમારી ગુજરાતી આવે અંદર સમજમેં આયા ? આહાહા ! અમૃતના સાગર રેલાય છે. સમજાય છે કાંઈ ?

ભગવાન અમૃતનો નાથ સ્વયંભૂરમણસમુદ્ર અંદર ડોલે છે ( ડોલે છે ) સ્વયંભૂરમણસમુદ્ર જેમ છે એક હી, એક હી ચીજ સ્વયંભૂ શબ્દમાં એમ આવ્યું એક હી ચીજ, એક વસ્તુ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એ ઈ વસ્તુ જગતમેં હૈ. એ સિવાય એક સમયકી પર્યાય આદિ કાંઈ વસ્તુ નહિ, અવસ્તુ હૈ ( અવસ્તુ છે ) આહાહા ! અવસ્તુકી દૃષ્ટિકો હિ મિથ્યાત્વ કહેતે હૈ, લાલચંદજી આહાહા ! એ દિગંબર સંતોની મસ્તી છે સમજમેં આયા ? એ વાત જૈન દર્શન, દિગંબર દર્શન સિવાય, ઐસી બાત કહીં હોતી નહીં, જ્યાં એકલા દરિયા ડોલ્યા છે અંદરથી. ભગવાન ! સુન તો સહી તું ક્યાં રૂક ગયા હૈ ને ક્યાં તેરી ચીજ હૈ, સમજમેં આયા ? કહાં તું રૂક ગયા હૈ એક સમયકા રાગમેં, કાં પર્યાયમેં, ભગવાન ઓ તેરી ચીજ નહીં એ વસ્તુ ય નહીં આખી એમ કહેતે હૈ યહાં ( અવસ્તુ છે ) અવસ્તુ હૈ. યથાર્થ જો વિષય હોય તો તો મિથ્યાત્વ કહનેમેં આતા હી નહિ. આહાહા !

આવે છે ને ભાઈ, ઓલામાં બંધ અધિકારમાં ( મિથ્યાદૃષ્ટિનો કોઈ વિષય જ નથી ) વિષય જ નથી. ન્યાયથી જુઓ તો આ છે. એનો જો વિષય હોય તો અજ્ઞાન

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહેવાય કેમ ? સમજમેં આયા ? થોડા થોડા સમજના ને નહીં તો રાત્રિકો પૂછના. રાત્રે જો મૌન રહેતે હૈ ને સબ ( પૂછતા ડર લાગે છે ) કેમ ? સબ મૌન રહેતે હૈ, મૌન રહે છે બધા તો થોડા થોડા અંદરથી ન સમજાય ત્યાં આગળ પ્રશ્ન કરના, પોણા ઘંટા રખા હૈ ને રાત્રિકો. આહાહા !

આંહી તો કહેતે હૈ કે ભગવાન આત્મા જેમ દૃષ્ટિ પરકો અગ્નિકો કરે નહિં ઔર અગ્નિકો વેદે નહીં ઐસે ભગવાન આત્મા એ શુદ્ધજ્ઞાન વો દૃષ્ટિકા વિષય ને વોહિ વસ્તુ. સમજમેં આયા ? શુદ્ધ ધ્રુવ જ્ઞાન, જ્ઞાયકભાવ, ત્રિકાળ જ્ઞાન ભાવ, ધ્રુવ ભાવ વોહિ વસ્તુ વોહિ સત્તા વોહિ આત્મા ઔર વો આત્માકી દૃષ્ટિ કરનેવાલા દૃષ્ટિકા વિષય યથાર્થ હૈ તો વો દૃષ્ટિ–યથાર્થ સમ્યગ્દર્શન હૈ. સમજમેં આયા ?

કહેતે હૈ શુદ્ધ જ્ઞાન ભી, પીછે કહેગા કે દૃષ્ટિકા વિષય કહા તુમકો તો આમાં ક્યાં આવ્યું ? દૃષ્ટિ તો આવી નહીં આમાં ? પીછે કહેગા દેખો, હૈને ? માત્ર દૃષ્ટિ નહિ પરંતુ ક્ષાયિક જ્ઞાન ભી નિશ્ચયસે હૈ, સમજમેં આયા ? ઉસકા અર્થ હિ યે હૈ કે આ પૂરણ જ્ઞાન જો શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય હૈ. વોહિ દૃષ્ટિકા વિષય હૈ, તો દૃષ્ટિકી હિ બાત હમને કીયા થા. શુદ્ધ જ્ઞાન ત્રિકાળી ભગવાન જેમાં કેવળજ્ઞાનકી પર્યાય તો અનંતમેં, અનંતમેં, અનંતમેં ભાગે ગીનનેમેં આતે હૈ, કેવળજ્ઞાન પર્યાય દ્રવ્યકે આશ્રયસે. દ્રવ્યકા પલ્લા ઈતના જોરવાળા હૈ ( પૂરાપલ્લા જોરવાળા હૈ ) હૈ ? જોરદાર પૂરા પલ્લા હૈ કે કેવળજ્ઞાનકી પર્યાય ભી ઉસસે અનંતમેં ભાગે ઊંચે રહેતી હૈ અને આના પલ્લા હેઠે બેઠ જાતા હૈ સમજમેં આયા ? કેવળજ્ઞાનને તો અહીં સદ્ભૂત વ્યવહાર કીધો છે ને ભાઈ ! સદ્ભુત વ્યવહાર–વ્યવહાર–વ્યવહાર, વ્યવહાર એટલે ખરેખર અવસ્તુ લે ! એઈ ( પરિણામ બધો વ્યવહાર જ હોય ) પરિણામ, વ્યવહાર અભૂતાર્થ, અસત્યાર્થ, અસત્યાર્થનો વિષય કરનારા મિથ્યાદૃષ્ટિ છે. સમજમેં આયા ? આહાહા !

ભગવાન સત્ય પ્રભુ સચ્ચિદાનંદ વસ્તુ પોતે નિજ સ્વયંભૂ સ્વરૂપ સ્વયંભૂ ત્યાં પ્રવચનસારમાં લીયા હૈ યે તો પર્યાયમેં લીયા હૈ. અહીં તો સ્વયંભૂ હૈ અપનેસે અનાદિ અનંત ઐસા શુદ્ધ જ્ઞાન ભી અથવા એ તો શુદ્ધ જ્ઞાન નહીં ઉસકા અર્થ યે હૈ. કે " અભેદસે શુદ્ધ જ્ઞાન પરિણત જીવ ભી " ત્રિકાળી જ્ઞાન પણ જેમ રાગકા કર્તા ને ભોક્તા નહીં ઉસકા અર્થ ઓ હુઆ કે જિસકી દૃષ્ટિમેં શુદ્ધ જ્ઞાન હૈ પૂરણ ઐસા આયા વો શુદ્ધ જીવ પરિણત ભી લેના ઉસમેં સમજમેં આયા ? પહેલી સમજણ તો કરે કે કયા ચીજ હૈ ? ( સમજણ ન કરે તો એને પરિણત ક્યાંથી આવ્યું ) પણ એ શુદ્ધ જ્ઞાન ત્રિકાળ શુદ્ધજ્ઞાન હૈ ઉસકી દૃષ્ટિમેં આયા વિના આ શુદ્ધજ્ઞાન આયા કહાં સે ઉસકો ? સમજમેં આયા ? શુદ્ધ હૈ પણ શુદ્ધ હૈ યે કિસકી સત્તામેં ? ખ્યાલ મેં આયા વિના ? તો કહેતે હૈ કે અમે વાત તો ઐસા કીયા કે શુદ્ધ જ્ઞાન ભી ત્રિકાળ જ્ઞાન પણ જો દૃષ્ટિકા વિષય હૈ વો પણ રાગ અને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પુણ્ય ને દયા, દાન, વ્યવહાર રત્નત્રયકો કરતે નહીં. ( બરોબર ) સમજમેં આયા ? ઔર વ્યવહાર રત્નત્રય આદિ રાગ ઔર ઉસકો દુઃખ ઉસકો ભી ભોગતે નહીં. આહાહા ! સમજમેં આયા ?

શુદ્ધ જ્ઞાન પણ અથવા એ તો શુદ્ધ જ્ઞાન જિસકી દૃષ્ટિમેં આયા ઉસકો શુદ્ધ જ્ઞાનકી પરિણતિ પર્યાયમેં પ્રગટ હુઈ હૈ સમજમેં આયા ? અભેદસે ક્યોંકિ દૃષ્ટિવંતે વસ્તુકો દૃષ્ટિમેં લીયા તો યે પરિણતિ હૈ વો દ્રવ્યકી અભેદ હો ગઈ. શુદ્ધ પરિણતિ સમ્યગ્દર્શનકી પર્યાય દ્રવ્યસે અભેદ હો ગઈ. અભેદકા અર્થ પર્યાય ને દ્રવ્ય દો એક નહીં હો જાતા, પણ વો પર્યાય જો પરસન્મુખમેં એકતા થી ઓ સ્વસન્મુખસે એકતા હુઈ એ અપેક્ષાએ અભેદમેં શુદ્ધજ્ઞાન પરિણત જીવ પણ સમજમેં આયા ? ( એકતા થાતી નથી ને વળી એકતા કહેવી ) એકતાનો અર્થ આ કે જે પર્યાય આમ રાગ સાથે એકતા થી એકતા માની થી ને આમ રાગ સાથે પર્યાય બુદ્ધિમાં પર સાથે વિકલ્પ સાથે દોષ સાથે એ જે પર્યાય થી એ પર્યાય ઝૂક ગઈ અહીંયા ( અંદર ) તો આમ ( પરમાં ) એકત્વ થા તો આમ ( અંદરમેં ) એકત્વ હુઆ ઐસે કહેનેમેં આયા હૈ પણ પર્યાય ને દ્રવ્ય એક હો જાતા હૈ. ઐસા નહીં હૈ સમજમેં આયા ?

ધર્માત્માકી મસ્તિકા વિષય આ હૈ. સમજમેં આયા ? ( દૃષ્ટિકા ફેર ) હૈં ? દૃષ્ટિકા ફેર ? આખો ફેર હૈ ભગવાન આ તો બહારની કડાકૂટમાં પડયો છે તો ઉસમેં તો કાંઈ ધૂળેય નથી, ભગવાન પ્રભુ અંદર બિરાજે છે પૂર્ણાનંદનો નાથ, ધ્રુવ ઉપર માર થાપ. એ અભેદ દૃષ્ટિ થઈ ગઈ. અભેદ થઈ તો પરિણમનમાં શુદ્ધતા આ ગઈ. સમ્યગદર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્આનંદની પરિણતિ પ્રગટ થઈ. એ કહ્યું છે. “ અભેદસે શુદ્ધ જ્ઞાન પરિણતિ ” એકલું શુદ્ધ જ્ઞાન ધ્રુવ ન રહ્યું પણ ધ્રુવની દૃષ્ટિ થઈ એટલે પરિણતિમાં પણ શુદ્ધતા સમ્યગ્દર્શન આનંદ આદિ આ ગયા. ઐસા જીવ, સમજમેં આયા ? શુદ્ધ જ્ઞાન પરિણત જીવ ભી ભારે ભાઈ અભેદ, એ શુદ્ધ જ્ઞાન પરિણત પહેલું શુદ્ધ જ્ઞાન કહ્યું તું ને ? આ શુદ્ધ જ્ઞાન પરિણત એ ત્રિકાળી છે એ પરિણમ્યું આગળ ના પાડશે કે એ પરિણતિ પર્યાયની છે. સમજમેં આયા ?

શુદ્ધ જ્ઞાન જે પહેલાં કહ્યું એ તો ત્રિકાળી,. ધ્રુવ ત્રિકાળી હવે અહીંયા કહે છે કે જ્યારે દૃષ્ટિ ત્યાં હુઇ પર્યાય બુદ્ધિ છૂટી ગઈ રાગકા નિમિત્ત કા લક્ષ છૂટ ગયા. એ પરિણામ ઉપર રમતે થે એ દૃષ્ટિ છૂટ ગઈ. દૃષ્ટિ અહીંયા આ ગઈ તો વો પર્યાય, શુદ્ધ જ્ઞાન ત્રિકાળ સાથે અભેદ હુઈ અને શુદ્ધ જ્ઞાન પરિણમ્યું એમ કહ્યું. પરિણમ્યું છે તો પર્યાય ભાઈ આગળ કહેશે કે ધ્રુવ કાંઈ પરિણમતું નથી. જે શુદ્ધજ્ઞાન ત્રિકાળ ધ્રુવ છે એ પરિણમતું નથી – પણ સમજાના કૈસે ? કે પરિણતિ બદલ ગઈ. સમજમેં આયા ? ( આ તો એક પળમાં સમજી જાય એવું છે ) ઘણી વાત થઈ ગઈ છે. ઘણી વાર આવે છે ને.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હળવે હળવે તો આવે છે ને આ આહાહા!

કહેતે હૈ કે અભેદસે શુદ્ધજ્ઞાન માથે શુદ્ધજ્ઞાન લીધું હતું એ તો ત્રિકાળી છે ભાઈ – શુદ્ધ જ્ઞાન તો ત્રિકાળી હૈ ધ્રુવ વળી કહેશે ધ્રુવ પરિણમતે નહીં, પર્યાય પરિણમતી હૈ ધ્રુવ તો ઐસાને ઐસા કુટસ્થ કાયમ રહેતે હૈ, પણ યહાં વિકારી પરિણતિ જો મિથ્યાત્વમેં થી સમજમેં આયા? વિકાર મેરા હૈ ઐસા અનુભવ કરતે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ થા. સમજમેં આયા?

શુદ્ધ ચૈતન્યકી દૃષ્ટિ હુઈ તો પરિણતિ શુદ્ધ જ્ઞાન પરિણમ્યું. જે એકલું રાગ આદિરૂપ પરિણમતું હતું વિકારરૂપે પરિણમન હોતા થા, એ દુઃખરૂપ વિકાર દુઃખરૂપ કર્તા અંદરનું દુઃખરૂપ બધું હતું. બધું તો યહાં કહ્યા કે શુદ્ધજ્ઞાન જો ત્રિકાળ હૈ આગળ ના પાડેગા કે ત્રિકાળ ધ્રુવ પરિણમતે નહીં, પર્યાય પરિણમતી હૈ પણ યહાં સમજાના હૈ કે શુદ્ધ ધ્રુવ જો હૈ એ દૃષ્ટિ હુઈ તો પરિણમન હુઆ તો ધ્રુવ પરિણમ્યા ઐસે એમ કહેનેમેં આતા હૈ સમજમેં આયા? એ અમુલખચંદજી આ મારગ હૈ દેખો તો ખરા આહાહા! ઓલા કડાકૂટમાં પડયા. આ વ્રત કરના ને દયા પાળના ને આ કરના અરે સૂન તો સહી ( એ વ્રત સમજાય છે ને સહેલું છે ) હેં? એ સમજણ સહેલું અજ્ઞાન છે અનાદિનું એમાં છે શું? ( સંસાર વધારવા માટે ત્યાં રહેવું પડે ) સંસાર વધારવા માટે, પણ એ કાંઈ ઉસકા સ્વરૂપ હૈ? સંસાર ઉસકા સ્વરૂપ હૈ? રાગ ઉસકા સ્વરૂપ હૈ? વો વધે ઉસમેં કયા? આત્મા નહીં એ તો અનાત્મા બઢ ગયા આહાહા! સમજમેં આયા?

શુદ્ધ જ્ઞાન પણ અથવા એમ તરત જ લીધું અભેદસે શુદ્ધ જ્ઞાન પરિણત એમ જીવ ભી એટલે જહાં ચૈતન્ય ભગવાન દૃષ્ટિમેં લીયા– જો દૃષ્ટિમેં રાગ ને પર્યાય લીયા થા વો દૃષ્ટિએ ધ્રુવને લીયા. એ પર્યાય અપેક્ષાએ પલટા ખાતે ગુલાંટ ખાતે હૈ ઐસા કહા, ધ્રુવ તો હૈ એ હૈ સમજમેં આયા? ભારે વાતુ ભાઈ! આવી સમજણ કરે ત્યારે એને સમ્યગ્દર્શન થાય હવે આવું હજી એના ઠેકાણા નહીં સમ્યગ્દર્શનના ને એના પહેલા વ્રત ને ચારિત્ર – ( અચારિત્ર ) ભાઈ આ તો સર્વજ્ઞકા પંથ હૈ વીતરાગ મારગકા યહ પંથ હૈ સમજમેં આયા? ત્રણ લોકકા નાથ સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકર હુઆ એક સમયકી પર્યાયમેં તો એ કહેતે હૈ કી પર્યાયસે ભી મેરી ચીજ તો ભિન્ન હૈ. એ વસ્તુ કહેનેમેં આતા હૈ આહાહા! સમજમેં આયા? એ વસ્તુકા પૂર્ણાનંદકા ભાન હોકર પર્યાયમેં પૂરણતા આઈ, તો કહેતે હૈ કે ભગવાન! તુમ ભી શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય હૈ ઉસકી દૃષ્ટિ લગાવ તો તેરે ભી જે અશુદ્ધ પરિણતિ જો મિથ્યાત્વ, રાગ દ્વેષકા પરિણમન વિકારકા પરિણમન પર્યાયમેં જો થા, વો દુઃખરૂપ પરિણામ થા, વો વસ્તુ નહીં, એ વસ્તુકા પરિણમન નહીં. સમજમેં આયા?

ચૈતન્ય જ્ઞાયકભાવ શુદ્ધ જ્ઞાન પણ, અભેદ દૃષ્ટિસે ઐસા ભાન હોકર શુદ્ધ પરિણતિ પર્યાય હુઈ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર જો હૈ યે શુદ્ધજ્ઞાન પરિણત શુદ્ધ જ્ઞાન ત્રિકાળ અને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિણતમાં વો તીનો બોલ આયા. સમજમેં આયા ? શુદ્ધજ્ઞાન એ ધ્રુવ અને એની સાથે પરિણતિ એ પર્યાય, એ પર્યાય એ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર, એક સાથે. સમજમેં આયા ? આગળ કહેગા ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, સમજે ? વો ભાવરૂપી પરિણતિ હૈ, જ્યારસે પ્રગટ હોતા હૈ ઉસકો ઉપશમમેં તોપણ ઉસકો આગમ ભાષાએ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક કહા અને અધ્યાત્મ ભાષાએ ઉસકો શુદ્ધાત્મ અભિમુખ પરિણામ અથવા શુદ્ધોપયોગ કહા. ઉસકા યે અર્થ હુઆ કે સમ્યગ્દર્શન પ્રગટ હોનેમેં શુદ્ધોપયોગ હૈ અંદર બસ. આહાહા ! સમજમેં આયા ? આગળ બહોત ખુલાસા કરેગા.

ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક વો તીન મોક્ષકા માર્ગ હૈ તો ઉસકો અધ્યાત્મ ભાષાએ શુદ્ધાત્મ અભિમુખ પરિણામ. તો શુદ્ધાત્મા અભિમુખ પરિણામ ઉપશમ ભાવમાં પણ હુઆ ક્ષયોપશમમાં ભી હુઆ અને ક્ષાયિકમાં પણ હુઆ. તો શુદ્ધાત્મા અભિમુખ પરિણામ એ શુધ્ધોપયોગ હુઆ પંડિતજી ? આ તો એકલો માલ આવશે હળવે હળવે આવે ને ? સમજમેં આયા ? દૃષ્ટાંત તો આંખકા દીયા થોડા– દૃષ્ટાંત તો દૃષ્ટાંત ખાતર દૃષ્ટાંત નહીં હૈ સિદ્ધાંત ખાતર દૃષ્ટાંત હૈ ( સહેલું પડે સમજવું ) સહેલા પડે સમજવા માટે એને જરીક.

ભગવાન ! તારી ચીજ જો પરમાનંદની મૂર્તિ એકલો સુખનો સાગર, એવા સુખના સાગર ઉપર જ્યાં દૃષ્ટિ પડી ત્યારે એના પરિણમનમાં આનંદનું, દર્શન–જ્ઞાન–ચારિત્રનું પરિણમન થયું. એ શુદ્ધ જ્ઞાન પરિણમ્યું એ આનંદ હતો એ પરિણમ્યો એમ અત્યારે કહેવામાં આવે છે. પોપટભાઈ થોડું થોડું ખ્યાલમાં તો લ્યો, ખ્યાલમાં તો લ્યો કે આ કાંઈ કહે છે ને આ કાંઈ માર્ગ છે સમજાય છે કાંઈ ? એમ ઓઘે ઓઘે હાલે છે અનાદિથી, એમ ન હાલે મારગ ભાઈ મારગ, તો અંદરનો વ્યક્ત થવો જોઈએ. ( ઓઘે ઓઘે એટલે ) ઓઘે ઓઘે એટલે જાના હોય આથમણા ને જાય ઉગમણા–ઐસે ઐસે વિચાર કર્યા વિના ચલે કે અરે ? યહાં કયા નીકલા આપણે તો જાના આમ થા. ભાન વિના હાલના એ ઓઘે ઓઘે ( શ્રોતાઃ હિંદીમેં બતાઓ મહારાજ, હિંદીમેં ) ઓઘે, તમારી કઈ ભાષા હશે અમને શી ખબર પડે ? ઓઘે ઓઘે તમારી ભાષા સમજ લેના ( ઓઘ સંજ્ઞા આવે છે ને ? ) ઓઘ સંજ્ઞા આતી હૈ ને ઓઘ સંજ્ઞા નહીં આતી ? ( શાસ્ત્રમેં તો ઓઘ સંજ્ઞા આતી હૈ ) આતી હૈ મગર કાંઈ ભાષા હશે ને હિંદીમેં ઓઘ નામ કાંઈ પણ સમજ્યા વિના કુટારા કર્યા કરવા ( બીજા કરતા હોય એમ કર્યા કરવું એનું નામ ઓઘ ) એનું નામ ઓઘ ( સમજ્યા વિના બીજા કરતા હોય એમ કર્યા કરવું ) ( ગાડરીયો પ્રવાહ ) ગાડરીયા હૈ ને ? ગાડરીયાનો દાખલો આપવામાં આવે છે. આ ગાડર હૈ ને ગાડર ? ઘેટા ( ભેડીયા–ભેડીયા ) ભેડીયા તો ભેડીયા ચલતે હૈ ને એક તો દૂસરા ભેડીયા એની જેમ નીચે દેખીને ચાલે પણ આ કૂવામાં પડશે એની તો ખબર નથી. આમ ( ઇસકા મતલબ ઓઘે ઓઘે ) એનું નામ ઓઘે ઓઘે. ભેડીયા ચલતે હૈ આમ નીચે કૂવામાં નજર રખકર. બીજો પણ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એની કૂવામાં નજર હૈ. ઓલો જ્યાં કૂવામાં પડે તો ઓલ્યો ય કૂવામાં પડે. ભેડીયા જ્યાં ચલે ત્યાં ચલે, અજ્ઞાની જ્યાં ચલે ત્યાં ચલે માર્ગકી કાંઈ ખબર ન મળે. ( ભેડા ચાલ ) ભેડા ચાલ, એમ કાંઈ હોય તો ખરૂંને બધે ( ભેડા ચાલ ) બરાબર.

કહેતે હૈ, શુદ્ધ જ્ઞાન પણ એમ ઓલા નેત્રની હારે કહેવું છે ને ? નેત્રની સાથે દાખલો ને એટલે પણ, શુદ્ધ જ્ઞાન પણ, ત્રિકાળી શુદ્ધ જ્ઞાન અથવા અભેદસે શુદ્ધ જ્ઞાન પરિણત. જ્ઞાનકી પ્રધાનતાએ વાત કરી છે બાકી સારા દ્રવ્ય જો ધ્રુવ હૈ ઉસકો યહાં શુદ્ધ જ્ઞાન કહેનેમેં આયા હૈ. જ્ઞાન પ્રધાન કથન લેના હૈ ને ? જ્ઞાન મહા અસાધારણ ગુણ હૈ ને ? તો જ્ઞાયકસે લીયા હૈ, જ્ઞાયક ઐસે, નહીં તો હૈ તો સબ ગુણ હૈ ઉસમેં, શુદ્ધ જ્ઞાન ત્રિકાળ ધ્રુવ વસ્તુ, ઐસી દૃષ્ટિ કરનેવાલા શુદ્ધ જ્ઞાન પરિણત શુદ્ધ ધ્રુવ ત્રિકાળ, ઉસમેં વર્તમાન પરિણમન સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકા, સ્વકા આશ્રયસે, ધ્રુવકા આશ્રયસે જો પરિણતિ હુઈ, એ જીવ ભી, નેત્રકા દૃષ્ટાંતકી સાથ શુદ્ધ જ્ઞાન ભી અને આ શુદ્ધ જ્ઞાન પરિણત જીવ ભી એમ " સ્વયં શુદ્ધ –ઉપાદાનરૂપસે કર્તા નહિ. " આ ઉપાદાન પર્યાયકી બાત હૈ,

આગે આયેગા ઉપાદાન ધ્રુવકા – સમજમેં આયા ?

કયા કહેતે હૈ ? આત્મા, વસ્તુ જો ત્રિકાળ હૈ ધ્રુવ ઉપરકી અપની મહા સત્તાકા સ્વીકાર જ્યાં દૃષ્ટિએ કીયા, ત્યારે સમ્યગ્દૃષ્ટિ હુઆ ત્યારે ઉસકા પરિણમનમેં નિર્મળતા આઈ. શુદ્ધ પરિણમન હુઆ તો એ શુદ્ધ પરિણમનવાળા જીવ સ્વયં શુદ્ધ ઉપાદાનરૂપસે એ નિર્મળ શુદ્ધ પર્યાયસે શુદ્ધ નિર્મળ પર્યાયસે આ શુદ્ધ ઉપાદાન એટલે પર્યાય, આગળ દ્રવ્ય આયેગા શુદ્ધ ઉપાદાન. સમજમેં આયા ?

તમારે કાલે આવ્યું 'તું ને ત્યક્ત ને અત્યક્ત આવ્યું 'તું કે નહીં, પરિણામ ત્યક્ત હૈ ને ત્રિકાળી તે અત્યક્ત હૈ ત્યાં છોડના ફોડનાકી બાત ( નહીં હૈ ) કોઈ પ્રશ્ન કરતા હતા ને ? છોડનેકી કયા બાત હૈ ? ભગવાન આત્મા ધ્રુવ કાયમ રહેતે અત્યક્ત નામ કભી બીજા– દૂસરારૂપે હોતા નહિ અને પરિણામ હૈ યે ત્યક્ત એક સમયકા પરિણામ છૂટ જાતા હૈ, દૂસરા આતા હૈ. સમજમેં આયા ? તો આંહી કહેતે હૈ કે એ શુદ્ધ ઉપાદાનરૂપસે દ્રવ્ય ને ગુણ તો નહીં. હવે અહીંયા સમજમેં આયા ?

ધર્મી જીવકા પર્યાયમેં શુદ્ધ ઉપાદાન જો પ્રગટ હુઆ, પરિણતિ પ્રગટ હુઈ, સમજમેં આયા ? " શુદ્ધ ઉપાદાનરૂપસે કર્તા નહિ. " આહાહા ! દ્રવ્ય–ગુણ તો કર્તા નહિં પણ નિર્મળ પર્યાય ધર્મીકી હુઈ વો રાગકા કર્તા ને રાગકા ભોક્તા નહીં. એ મહાવ્રતકા વિકલ્પકા યહ કર્તા નહીં એમ કહેતે હૈ. ( અને ભોક્તા ય નહિ, એમ જ હોય ને ) પર તો એ વિકાર હૈ, પરદ્રવ્ય હૈ. સમજમેં આયા ? માણસને એવું થઈ જાય કે આપણને એવું સમજાય ? ન સમજાય એવું હોય આ તો મૂળ ચીજ છે. મૂળ ચીજ ન સમજાય તો તેરે જાના કહાં હૈ ? કરના કયા હૈ ? સમજમેં આયા ? શાસ્ત્ર બહોત પઢ લીયા ને શાસ્ત્ર ઐસા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

તો હો ગયા ઉસમેં ? ઉસમેં તો કુછ હૈ નહિ કુછ હૈ નહીં. હૈ તો આ આત્મામેં હૈ અંદર સબ બાત. સમજમેં આયા ? શાસ્ત્ર પઢ લીયા તો ઓ જ્ઞાન ભી જ્ઞાન નહિ. એ શુદ્ધ પરિણતિ નહીં આહાહા ! પરિણતિ સમજે ? પર્યાય, અવસ્થા શુદ્ધ નહીં; આરે ભારે વાત ભાઈ ( બહુ સરસ ).

ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ આત્મા, ઉસકા પરિણમન હુઆ, દૃષ્ટિ હુઈ તો એ પર્યાય હૈ, દૃષ્ટિ પર્યાયમેં પરિણમન હુઆ, પરિણમન હુઆ એમ, દૃષ્ટિ લગાયા તો પરિણમન હુઆ. ઐસા સ્વયં શુદ્ધ ઉપાદાન ધર્મી જીવકી દૃષ્ટિ ધ્રુવ ઉપર હોનેસે, ઉસકી પરિણતિમેં સમ્યગ્જ્ઞાન ને શુદ્ધતા હોનેસે, એ શુદ્ધતા પરિણતિ વ્યવહાર રત્નત્રયકો ભી કરતે નહિ. લાલચંદજી. ભારે વાત ભાઈ ( સત્ય વાત ગુરુદેવ ) આંખનો દાખલો આપ્યો છે ને ? એ તો જાણે છે. ન સમજાય એમ પહેલું શલ્ય ન રાખવું. એ તો કેવળજ્ઞાન લેવાની તાકાતવાળા આત્માને ન સમજાય એમ કેમ ? હીન આત્માકો માને, અપનેકો પામર માને ( દ્રવ્ય પામર કેમ હોય ? ) પામરતા ન હોય. પામરતા પ્રભુ તને ન હોય. તું તો પ્રભુનો પ્રભુ છો આહાહા ! પ્રભુનો પ્રભુ એટલે કેવળજ્ઞાન આદિ પ્રભુ થયા એના પણ પ્રભુ એનાથી પણ અધિક તારું દ્રવ્ય છે. શોભાલાલજી ! આજ ચાર દિ ' તો થઈ ગયા. તમારા ભગવાનદાસ તો આયા નહિ. ( આજ આતા હૈ ) ઠીક.

આ હિંદી ચલતે હૈ તો હિંદી તો પીછે રૂક ગઈ. ( રવાના હો ગયા આજ રાતકો આયેગા ) કહેતે હૈ. આ સ્વયં એટલે ? જે આત્મા શુદ્ધ ધ્રુવ ઉસકી દૃષ્ટિ હુઈ સમ્યગ્દર્શન હુઆ. ઐસી શુદ્ધ પરિણતિ હુઈ એ જીવ પણ સ્વયં અપનેસે શુદ્ધઉપાદાનરૂપસે નિર્મળ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રના વીતરાગી પરિણામ ધ્રુવને આશ્રયે થયા, તે પરિણામ પણ, કર્તા નહિ હૈ, આ હા ! એ રાગકા કર્તા નહીં. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવકા ભી કર્તા ધર્મી હૈ નહિ. ધર્મીકી પર્યાય કર્તા નહિ ઉસકી સમજમેં આયા ?

એ જીવ પણ, એકડો મૂક્યો છે ત્યાં, કારણ પરિણતિનો પહેલો બોલ છે ને ? સમજાય છે ? પરિણતિનો પહેલો બોલ માટે એકડો ત્યાં લખ્યો છે. આ આખા અધિકારમેં એ પરિણતિના બોલ આવશે તેર અને ધ્રુવના બોલ આવશે નવ. તો કહતે હૈ કે કર્તા નહીં. આહાહા ! અહીંયા તો હજી રાગ કરના ને ઐસા કરના ને ઐસા કરના હજી તો પરનો કર્તા ઓલા તો એમ કહેતે હૈ એક પંડિત તો “ પરકા કર્તા ન માને તે દિગંબર જૈન નહીં ” ગજબ વાત હાલે છે. એમ કરીને અહીંના–સોનગઢવાળાને છોડી દેવા છે. એમ કે આ નહીં, અરે ભગવાન ! તું કહે એટલે તૂટી જશે ? આહાહા ! સુન તો સહી, દિગંબર જૈન કિસકો કહેતે હૈ ? જીસકી દૃષ્ટિ ને જીસકા નિર્મળ જ્ઞાન વ્યવહાર રત્નત્રયકો ન કરે ઉસકા નામ દિગંબર જૈન હૈ સમજમેં આયા ? આહાહા !

પરકા કર્તા તો ક્યાં રહી ગયા. પરની દયા પાળું ને પરની હિંસા કરે ફલાણું ને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઢીકણું એ તો ક્યાંય રહી ગયા. અહીંયા તો કહેતે હૈ કે ઉસકી પર્યાયમેં વિકૃત ભાવ હો, એ વિકૃત વસ્તુ જ પરદ્રવ્ય હૈ જ્યાં સ્વદ્રવ્ય જ્ઞાયકભાવ ઉસકી દૃષ્ટિ હુઈ ઔર ઉસકા પરિણમન નામ નિર્મળતા પર્યાયમેં વ્યક્ત હુઈ, એ નિર્મળ વ્યક્ત પર્યાય શુદ્ધ ઉપાદાન કહેનેમેં આતી હૈ " ક્ષણિક શુદ્ધ ઉપાદાન " સમજમેં આયા ? ધ્રુવ ઉપાદાન આગે આયેગા ત્રિકાળી સ્પષ્ટ કિયા વિના તો સમજાય નહીં ને આ તો એકલું માખણ હૈ, જૈન દર્શનકા એકલા રહસ્ય માખણ હૈ. કહેતે હૈ, માખણ સમજતે હૈ ને ? મખ્ખન–આહાહા ! ધર્મી જીવ તો ઉસકો કહીએ કે જિસકા પરિણમનમેં નિર્મળતા આઈ હૈ જૈસા દ્રવ્ય નિર્મળ ને શુદ્ધ હૈ, એસી પર્યાયમેં નિર્મળતા આઈ હૈં. એ નિર્મળ પર્યાય મલિન પર્યાયકો કરે નહીં. સમજમેં આયા ? આહાહા ! એ નિર્મળ પર્યાય દોષકો કરે નહિ. હૈ ? ( નિર્મળ પર્યાય શી રીતે કરે ) ઔર નિર્મળ પર્યાય રાગકો વેદે નહીં, અનુભવે નહિ, અનુભવ તો આનંદકા હુઆ, એ પરિણતિ ઉસકી હૈ એ વ્યવહાર હૈ, નિશ્ચય તો ધ્રુવ હૈ. કારણ, પરિણામ માત્ર વ્યવહાર હૈ ને ? આહાહા ! ભારે ( એ તો એક સમયની પર્યાય છે ) આવું વ્યાખ્યાન કેવું આ જાતનું ? કોઈ કહે કે ભાઈ વ્રત કરવા, મહાવ્રત કરના આ કરના ને ઐસા ખાના ને ઐસા પીના ( અણુવ્રત હશે ) આ શું બધું આ સાંભળ તો ખરો આ બધું આહાહા ! ભગવાન પૂર્ણાનંદનો નાથ એમાં એકાકાર થવું, એમાં વિંટાઈ જવું એ તારું વ્રત છે. બાકી બધા અંદર અવ્રત છે સમજમેં આયા ?

ઓહો ! આચાર્યોએ કેટલું કામ કર્યું છે. દિગંબર સંતો જંગલમાં રહેતે ( હૈ ) પરમેશ્વરની હારે વાતું કરીને, પરમેશ્વરને હેઠે ઉતાર્યા ( પોતે જ પરમેશ્વર છે ને ) ઉપર તું રહે ને સિદ્ધ ન થાય. અમે અહીંયા, એ પરમેશ્વર અમે અહીંયા આહાહા ! સમજમેં આયા ? " શુદ્ધ ઉપાદાનસે કર્તા નહિ, ઐસે વેદતા ભી નહિ. " ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવ, વ્યવહારકા વિકલ્પકો કર્તા નહીં અને વ્યવહાર વિકલ્પકો વેદતે નહીં, કયોંકિ ઉસકી પર્યાયમેં વો ચીજ નહીં, દ્રવ્ય–ગુણમેં તો નહીં આહાહા ! હૈ એ વાત " दिट्ठी सयं पि णाणं अकारयं च अवेदयं '' એટલી કરી સમજાણું ?

અથવા હવે બીજો '' दिट्ठी खयं पि णाणं '' ઇ શું કરવા લખ્યું છે ? જેમ કેવળજ્ઞાન ક્ષાયિક જ્ઞાન હૈ, વો ભી કોઈ રાગાદિ હૈ હિ નહિ તો કર્તા નહીં એમ અહીંયા તો હૈ છતા કર્તા નહીં એમ સિદ્ધ કરનેકો કેવળજ્ઞાનકા દૃષ્ટાંત દીયા હૈ સમજમેં આયા ? અથવા પાઠાંતર '' दिट्ठी खयं पि णाणं " ઉસકા વ્યાખ્યાન " – " માત્ર દૃષ્ટિ જ નહિ " દેખો ઓલામાં જ્ઞાનમાં દૃષ્ટિકા વિષય લીયા થા – સમજમેં આયા ? ત્યાં તો દૃષ્ટિ તો આઈ નહીં હૈ. સમજમેં આયા ? માત્ર દૃષ્ટિ હિ નહિ, અર્થાત્ દૃષ્ટિ જો હૈ વો શુદ્ધ ચૈતન્ય ઉપર પડી હૈ, માટે વો દૃષ્ટિ ને દૃષ્ટિકા વિષય ઓ રાગકા કર્તા ને ભોક્તા નહિ. પણ ઈતની બાત નહીં. અહીં તો કહે જ્ઞાનનો વિષય " પરંતુ ક્ષાયિક જ્ઞાન પણ ", વો જ્ઞાનની

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પરિણતિમેં રાગ હોતે છતે પરિણતિ ( મેં ) કર્તા નહિ ઐસે સિદ્ધ કરનેકો કેવળજ્ઞાનકા દૃષ્ટાંત દીયા હૈ. કેવળજ્ઞાન જેમ રાગકા કર્તા ને ભોક્તા નહીં, ઐસે નીચે સમ્યગ્દૃષ્ટિ જીવ–શુદ્ધ પરિણતિવંત રાગકા કર્તા ને ભોક્તા નહિ. આયા સમજમેં ?

" માત્ર દૃષ્ટિ હી નહિ પરંતુ ક્ષાયિક જ્ઞાન ભી " ક્ષાયિક જ્ઞાન ભી એટલે, ઓલું તો ખરું ભાઈ ( ત્યારે તો કહેવાય ને " ભી " ક્યારે કહેવાય ) ' ભી ' કીધું છે ને ભીખાભાઈ આ ઝીણું છે બહુ ( લક્ષ રાખું છું પુરેપુરૂ ) શું કીધું ? ( પુરેપુરૂ લક્ષ આપું છું. ) લક્ષ તો ત્યાં દેના ચાહીએ દ્રવ્યમાં એમ કહેતે હૈ ( પહેલા તો આપની વાણીમાં લક્ષ રાખવું ને ? ) પહેલા પછી કાંઈ છે જ નહિ. કહો સમજમેં આયા ? આહાહા !

કહેતે હૈ માત્ર દૃષ્ટિ હી નહિ અર્થાત્ શુદ્ધ જ્ઞાન ત્રિકાળી ઉસકી જો દૃષ્ટિ હુઈ, ઉસકા જો જ્ઞાન પરિણત હુઆ વો રાગ ને વિકલ્પકા કર્તા નહિ " ઐસે ક્ષાયિક જ્ઞાન ભી " આહાહા ! ક્ષાયિક જ્ઞાન એટલે કેવળજ્ઞાન, કેવળજ્ઞાન, કેવળદર્શન પરમાત્મા પૂરણ દશા, અપૂર્ણ દશાવાળા ભી કર્તા ભોક્તા નહિ તેમ પૂર્ણ તો કર્તા ભોક્તા નહિ એની સાથે મેળવ્યું એને. સમજમેં આયા ? એ સમ્યગ્જ્ઞાન દીપિકામાં આવે છે આ બોલ ' સમ્યગ્જ્ઞાન દીપિકા ' છે ને ? ( જી. હા. અભી પ્રસિદ્ધ હુઈ ) સમ્યગ્જ્ઞાન દીપિકા ? ( હા. ભાવનગરથી, ભાવનગરમાં પ્રસિદ્ધ હુઈ ) હા. વો પ્રસિદ્ધ હુઈ હિંદી, હિંદી ? ( હા. વર્તમાન હિંદીમાં છે ) ઉસમેં એક બોલ હૈ કે કોઈ પણ પ્રાણી , સિદ્ધસે એક ક્ષણમાત્ર તીનકાર માત્ર ભી ભિન્ન રહે તો મિથ્યાદૃષ્ટિ–પાપી– સંસારી હૈ. એક જરી પણ સિદ્ધસે ભિન્ન રહે અર્થાત્ જૈસા સિદ્ધ હૈ વો જાનતે ને દેખતે હૈ ઐસા જાનના દેખના છોડકર એક તીનકાર માત્ર ભી વિકલ્પકા કર્તા હો તો મિથ્યાદૃષ્ટિ –પાપી– સંસારી હૈ ઐસા દૃષ્ટાંત દીયા હૈ. સમ્યગ્જ્ઞાન દીપિકામેં વો ધર્મદાસ ક્ષુલ્લક અહીંયા તો આ વાત ઘણીવાર આવી ગઈ છે. સમજમેં આયા ? આહાહા !

આટલો બધો ફેર ? એ જ અહીંયા દૃષ્ટાંત આપ્યો છે. કહે છે કેવળજ્ઞાની પણ કાંઈ કર્તા ને ભોક્તા નથી ઐસે સમ્યગ્જ્ઞાની ભી એના જેવો જ છે. જ્ઞાતા દૃષ્ટા એ પણ રાગનો ને વિકલ્પ આદિનો કર્તા–ભોક્તા નથી. ધનાલાલજી ( હા, બરોબર એમ જ છે ) આ. હા. હા... કહેતે હૈ, કે માત્ર દૃષ્ટિ જ નહીં પરંતુ ક્ષાયિક જ્ઞાન પણ જ્ઞાનનું લીધું છે ખરું ને ? **दिट्ठी सयं पि णाणं** ત્યાં પાછું જ્ઞાન દૃષ્ટિનો વિષય ને જ્ઞાન પુરું કર્યું અને અહીંયા વળી પર્યાયમાં જ્ઞાન પુરું થયું તે પર્યાયમાં જો જ્ઞાન પૂરણ હુઆ કેવળજ્ઞાન, " એ ભી નિશ્ચયસે કર્મોકા અકારક " – ખરેખર તો ઉસકો તો હૈ હિ નહિ ઐસે કહેતે હૈ. સર્વજ્ઞને રાગ આદિ હૈ નહિ તો કર્તા પરિણમન હૈ હિ નહિ એમ કહેના હૈ. કયા કહેતે હૈ ? કે સર્વજ્ઞ પરમાત્મા કેવળજ્ઞાની ઉસકો રાગકા પરિણમન નહિ, ભાઈ ! શું કીધું સમજમેં આયા ? કયું આ દાખલા દીયા ઉસકી સાથ ઐસે રાગકા પરિણમન નહિં ઈસલીયે કર્તા નહીં ઐસે શુદ્ધ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ પણ રાગકા પરિણમન નહીં ઉસકો સમજમેં આયા ? ભારે વાત કરી ભાઈ

"ક્ષાયિક જ્ઞાન ભી ખરેખર રાગાદિકા અકારક" નામ રાગરૂપ પરિણમનેય નહીં લ્યો અને "અવેદક" ઓ ભી વેદક નહીં રાગકા, ત્યાં ભી એકલા આનંદકા વેદન હૈ કેવળજ્ઞાનમેં તો એકલા જ્ઞાન પૂરણ અને આનંદકા વેદન. વો ભી જેમ કર્તા નામ પરિણમન નહિ ઐસે સમ્યગ્દૃષ્ટિકા દૃષ્ટિ ધ્રુવ ઉપરકા પરિણમન હોનેસે ઉસકો ભી રાગકા પરિણમન ને રાગકા વેદન હૈ નહીં.

આ ચીજ ઐસી હૈ ઐસી પહેલે ખ્યાલમાં, દૃષ્ટિમાં તો લ્યે આહાહા ! અરે ભગવાન કેટલાક એમ કહે છે આ તમે કેવળી હારે વાતો કરો છો, સિદ્ધની હારે ? હેઠલાવાળાને તમે સિદ્ધ જેવા બનાવી દો છો એમ કેટલાક કહે છે. આ તો કેવળજ્ઞાન થવાની કેવળજ્ઞાનની વાતો છો અહીં તો કેવળજ્ઞાનીની વાતો છે ભાઈ. કેવળજ્ઞાની કહો કે એકલો કેવળજ્ઞાન તું ત્રિકાળ છો આ એની વાત છે લે. ઘણાંય એમ કહે છે આ તો કેવળજ્ઞાનની વાતો છે. આહાહા ! મોટી મોટી વાતો કહે છે, મોટી નથી આ તો તારા હિતની વાતો છે. સાંભળને હવે સમજમેં આયા ? ઘણાંય એમ કહે છે નહીં બહારથી આવે છે એ કેવળજ્ઞાનની વાતો કરે છે. સિદ્ધની શુદ્ધનયની આ તો કેવળજ્ઞાન ત્યાં હોય ત્યાં, અહીંયા હેઠે ક્યાં શુદ્ધનય હોય ?

અવેદક – "કર્મોકા અકારક ને અવેદક ભી હૈ" એમ ઓલાની સાથે લીયા. જેમ શુદ્ધ પરિણત જીવ અકારક ને અવેદક હૈ, એમ આ ભી અકારક ને અવેદક હૈ – આ ભી અકારક ને અવેદક ( ઉસકી સાથ અવેદક ભી હૈ ) અવેદન, રાગકા ઉસકો વેદન હૈ નહિ. આ હા હા હા. ( અકારક –પૂરા નહીં હોતા ) વેદન, વેદન ભી. સમજમેં આયા ?

ઈતના ભી નહિ. આગળ કહેગા વિશેષ લ્યો.

*****

## પ્રવચન નં. - ૨ ગાથા ૩૨૦ તા. ૧૧-૮-૭૦

સમયસાર ત્રણસો ને વીસમી ગાથા જયસેનાચાર્યની ટીકા ગાથાકા તાત્પર્ય કયા હૈ વો ટીકા લેશે. તાત્પર્ય કયા હૈ તાત્પર્ય, સારા જૈન દર્શનકા તાત્પર્ય સાર–કયા હૈ વો બાત ચલતી હૈ જરી સૂક્ષ્મ હૈ. અનંતકાળથી કહેતે હૈ કે યહાં તો ધર્મની શરૂઆત કહી છે. પણ આત્મા જ્ઞાનસ્વભાવ અને આનંદસ્વભાવ ઐસા હોને પર ભી અનાદિસે પુણ્ય ને પાપ, વિકલ્પ જો રાગ અશુદ્ધ વિકાર ઉસરૂપે પરિણમતે હૈ. ઉસકો કર્તાપણે પરિણમતે હૈ ને ભોક્તાપણે ભોગરૂપે પરિણમતે હૈ, યે અધર્મ હૈ બાહ્ય કે સાથ કોઈ ધર્મ–અધર્મકી ચીજ કો સંબંધ નહીં– સમજમેં આયા ?

ભગવાન આત્મા અપની નિજી ચીજ, જાણક સ્વભાવ, આનંદ સ્વભાવ ઉસકો ભૂલકર પુણ્ય ને પાપના વિકલ્પો શુભ અશુભ રાગ ઉસકા કર્તા હોકર ઉસકો ભોગે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ઉસકા નામ અધર્મ ઉસકા નામ અશુદ્ધ વિકારકા પરિણમન ઉસકા નામ સંસાર.

( બરોબર, એમાં દુઃખ તો નહિ હોયને ) દુઃખ હૈ યે દુઃખ હૈ યે વિકારરૂપે પરિણમના વોહિ દુઃખ હૈ, અધર્મ હૈ તો દુઃખ યહિ હૈ સમજમેં આયા ?

આત્મા ભગવાન નિત્યાનંદ, નિત્ય અવિનાશી જ્ઞાન અને આનંદનો ભંડાર પ્રભુ છે. એવી ચીજને છોડકર, ભૂલકર પરકા કર્તા તો હોતા નહિ માને તો ભી ચૈતન્ય અહીંયા તો અપની પર્યાયમેં વસ્તુકી દૃષ્ટિ બીના, અપની ચૈતન્ય મહાપ્રભુ સત્તા હોનેવાલા પદાર્થ, ઉસકી સત્તાકા સ્વીકાર નહિં કરકે અનાદિસે ઉસકી દૃષ્ટિ અજ્ઞાનીકી શુભ ને અશુભ વિકલ્પો દયા, દાન, વ્રત, તપ ભક્તિ કામ ક્રોધ એવા વિકલ્પ નામ રાગકા પરિણમન કરતે હૈ, વો કર્તા ને ઉસકા ભોક્તા હૈ, દુઃખકા વો ભોક્તા સમજમેં આયા ? પર ચીજ તો ભોગનેમેં આતી હિ નહિ. યે તો જડ હૈ આ શરીર હૈ જડ હૈ. સ્ત્રીકા શરીર ભી જડ માટી માંસ ને હાડકા હૈ દાળ ભાત રોટી શાક વો ભી જડ માટી ધૂળ હૈ, ઉસકા પ્રભુ આત્મા, રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ,ઐસી જડ ચીજ કો કૈસે કરે ને કૈસે ભોગવે સમજમેં આયા ? એ તો કર્તા ભી નહિં ઔર જડકા શરીરકા દાળ, ભાત રોટીકા ભોક્તા ભી આત્મા નહિ. સમજમેં આયા ?

અજ્ઞાનમેં ભી પરકા કર્તા ભોક્તા નહિ ( કોઇ, માત્ર ) અપની ચીજ જો શુદ્ધ ચૈતન્ય હૈ ઉસકો ભૂલકર રાગ અને પુણ્ય–પાપના વિકલ્પો શુભાશુભભાવ ઉસકી સન્મુખ દેખકર ચૈતન્યકો પીઠ દેકર, અપના સારા નિર્મળ સ્વભાવકી પીઠ ઉપરાંતે હોકર, વિકારકા પરિણામમેં કર્તાપણા હો કર, ભોક્તા વિકારકા હૈ. યે અશુદ્ધતાકા પરિણમન વો કર્તા ને ભોક્તા વો હિ સંસાર, વો હિ દુઃખ યે ચાર ગતિમેં રૂલનેકા બીજ હૈ વો આહાહા ! સમજમેં આયા ?

હવે ધર્મ કૈસે હોતા હૈ વો બાત ચલતી હૈ યહાં તો યહાં તો આયા " જૈસે દૃષ્ટિ " ચક્ષુ પર, જૈસે અગ્નિ જલાનેવાલા અગ્નિકો જલાતે હૈ, ઐસે ચક્ષુ કોઈપણ પર પદાર્થકો કરતે નહીં, ચક્ષુ કરે ? ( ના ) ઔર જૈસે લોહાકા ગોળા ઉષ્ણ હોકર, લોહા ઉષ્ણતામેં તન્મય હોકર, લોહા ઉષ્ણતાકો ભોક્તા હૈ, ઐસે આત્મા પરકો ભોક્તા નહિ. આ આંખ ભોક્તા નહિં આંખ પરકી કર્તા નહિ ને આંખ પરકી ભોક્તા નહિં.

અગ્નિ જલાનેવાલા જૈસે અગ્નિ જલાતે હૈ, ઐસે આંખ પરકા કર્તા નહિ હો સકતા, ઐસે લોહાકા ગોળા ઉષ્ણ હો જાતા હૈ, ઐસે આંખ પરકા ભોક્તા નહિં હો સકતા, બરાબર હૈ ? ઐસે ભગવાન આત્મા સચ્ચિદાનંદ, નિર્મળાનંદ વસ્તુ ધ્રુવ ચૈતન્ય, વો રાગકા ભી કર્તા નહિ ઔર પુણ્ય, દયા–દાન, વ્રત–ભક્તિકા જો વિકલ્પ હૈ ઉસકા ભી કર્તા નહિ. ઉસકા ભોક્તા હિ નહિ આંખકે દૃષ્ટાંતસે આંખ સમજે ને ? ( ચક્ષુ ) ચક્ષુ સમજમેં આયા ?

દૂસરા ભી દૃષ્ટાંત દેગા ક્ષાયિક જ્ઞાનકા ભી દીયા કલ તો કે જૈસે દૃષ્ટિવંત ધર્માત્મા,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુદ્ધ ભગવાન આત્મા પરમાનંદકી મૂર્તિ, વિકાર ને શરીર આદિસે રહિત ઔર અપના આનંદ આદિ શક્તિ ગુણસે સહિત, ઐસી અંતર્મુખ ધ્રુવ સ્વરૂપ ઉપર દૃષ્ટિ પડનેસે, ઉસકા પરિણમનમેં કયા આયા ? શુદ્ધ પરિણમન હુઆ, જો મિથ્યા પરિણામ થા, રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપકા કર્તા હોકર ઉસકો ભોક્તે થે યે અજ્ઞાન ભાવ થા, વો દુઃખ ભાવ થા વો સ્થાનમેં જબ શુદ્ધ ચૈતન્ય વસ્તુ જૈન વીતરાગ મૂર્તિ આત્મા, ઉસકી દૃષ્ટિ કરકે જો શુદ્ધ પરિણમન હુઆ, તો શુદ્ધ જીવ ભી રાગકા કર્તા ભોક્તા નહિ, ઐસે શુદ્ધ જ્ઞાન પરિણત જીવ ભી કર્તા-ભોક્તા નહિ. સમજમેં આયા ? સમજમેં આવે ઐસી બાત હૈ હોં ભાષા સાદી હૈ પણ હવે ધનાલાલજી સમજમેં આતે બાપુ ? આ તો બાપુ પ્રભુના મારગ અંતરકા, અને લોજીક ન્યાયસે તો કહેનેમેં આતા હૈ, હવે પકડના ન પકડના એ તો ઉસકી યોગ્યતા પ્રમાણે હૈ ( બહુ સરસ ) હેં ? ( બહુ સરલ કર રહે હો ) જુઓ પંડિતજી પણ અમારે આહાહા ! ભગવાન.

તો કહેતે હૈ જૈસે ચક્ષુ, આંખ પરકી કર્તા, ભોક્તા નહિ ઐસે શુદ્ધ જ્ઞાન, ત્રિકાળી જ્ઞાનાનંદ ભગવાન આત્મા ઔર જ્ઞાનાનંદકી દૃષ્ટિ હુઈ, શુદ્ધ પરિણમનવાલા ધર્મી, વો દોઈ- અહીંયા તો દૃષ્ટિકી બાત પહેલે કીયા હૈ. ભગવાન આત્મા ચૈતન્યબિંબ, ચૈતન્ય સૂર્ય, ઐસી અંતર્મુખ દૃષ્ટિ હોકર, જૈસે રાગ ને પુણ્ય મેરા માન કર પરિણમન કરતે થે, યે દુઃખ થા, મલિન થા મૈં ત્રિકાળ ધ્રુવ શુદ્ધ આનંદકંદ હું, ઐસી દૃષ્ટિ હોકર શુદ્ધ પવિત્ર, મલિન રહિત, આનંદકી પરિણતિ શાંતિકી અવસ્થા હુઈ, ઉસકા નામ ધર્મ અને વો ધર્મ. ધર્મી જીવ અથવા ધર્મ પરિણત પર્યાય, યે રાગ ને પુણ્ય પાપકી ક્રિયાકા કર્તા નહિ ઔર રાગકી ક્રિયાકા ભોક્તા ભી નહિ આહાહા ! પહેલે સમજના તો ચાહીયે ને કે કયા ચીજ હૈ ? કૈસી હૈ ? આ જૈન દર્શન કોઈ સંપ્રદાય નહીં, વસ્તુકા સ્વભાવ હૈ.

" જિન સો હિ આત્મા, અન્ય સો હિ હૈ કર્મ
કર્મ કટે જિન વચનસે, યે જિન વચનકા મર્મ "

જૈન એટલે ભગવાન પરમાત્મા, આત્મા જો હુઆ સર્વજ્ઞ, વીતરાગ સર્વજ્ઞ હુઆ, તો કહાંસે હુઆ ? અપના સ્વભાવસે વો દાખલા દીયા થા પહેલે લીંડી પીપરકા- ચોસઠ પહોરી ચરપરાઈ અંદર પડી હૈ, ઔર હરા રંગ અંદર પૂરા પડા હૈ, તો શક્તિકી વ્યક્તતા હોતી હૈ. હૈ ઉસમેંસે, પ્રાપ્તકી પ્રાપ્તિ હૈ. હૈ ઉસમેંસે આતા હૈ, યે ૬૪ પહોરી ચરપરાઈ જો બહારમેં આઈ ઔર હરા રંગ આયા, કાળા રંગ, પીપર હૈ ને કાળી હૈ, કાળીકા વ્યય હોકર, હરા રંગ હુઆ, ચરપરાઈ અલ્પ થી ઉસકા નાશ હોકર, ચોસઠ પહોરી નામ રૂપિયે રૂપિયો, સોળ આના, ચરપરાઈ પ્રગટ હુઈ, કહાંસે હુઈ ? ( અંદરમાં શક્તિ હતી ) અંદરમેં હૈ. કૂવેમેં હૈ વો અવેડેમેં આતે હૈ. અવેડે કયા કહેતે તુમ્હારે પાણી આતે હૈ ને બહારમેં ( અવેડા ) અવેડા તો આપણી ભાષા છે – પણ હિંદી કૂવા હોતા હૈ ને કૂવા ઉસમેંસે પાણી નીકલતે હૈ ને બહાર ઢોરકો પાતે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

હૈ ( જાનવરોકો પીને કે લીયે ચરાઇ બનાતે હૈ ) હા વો ( ઢોર કો પીને કે લીયે ) ઢોરકો પીને કે લીયે બહાર બનાતે હૈ પણ વો કૂવામેં હૈ વો આતે હૈ કે નહિ અંદર મેં ? કે કૂવામેં નહિં અંદરમેં ને બહાર આયા ? કૂવામેં હૈ પેશાબ ને અહીંયા આયા પાણી ઐસા હૈ ? સમજમેં આયા ? ઐસે ભગવાન આત્મારૂપી મહા કૂવો દરિયો, સમુદ્ર, ઉસમેં જ્ઞાન ને આનંદ સોળ આના, પુરેપુરા રૂપિયે રૂપિયો સત્ત્વરૂપ શક્તિરૂપ સ્વભાવ પડયા હૈ. સમજમેં આયા ?

યે પીપરકો ઘૂંટનેસે જૈસે પ્રગટ હોતા હૈ, ઐસે ભગવાન આત્મા અહીં કહ્યા શુદ્ધ જ્ઞાન, એકીલા જ્ઞાયકભાવ હું. કોઈ પૂછતે થે કલ કે આ જ્ઞાયકકા કૈસે દૃષ્ટિ કરના ? પણ પહેલે આ સમજે તો ખરા કે અનાદિકી દૃષ્ટિ ઉસકી પુણ્ય ને પાપકા વિકલ્પ નામ આસ્રવ ને વિકાર ઉપર પડી હૈ, એ દૃષ્ટિકો ગુલાંટ ખવરાવના હૈ અબી. ગુલાંટ સમજે ? ( બદલના ) ફેર કરના હૈ બદલના હૈ. મૈં તો જ્ઞાયક ચિદાનંદ ધ્રુવ આનંદકા ધામ ચૈતન્ય બિંબ સ્વરૂપ, અવિકારી સ્વભાવકા સત્ત્વ એકરૂપ મેં હું ઐસા શુદ્ધકી દૃષ્ટિ જબ હુઈ, તો પરિણમન નામ વર્તમાન પ્રગટ દશામેં ભી શુદ્ધતા, આનંદતા, વીતરાગતા પર્યાય પ્રગટ હુઈ, ઉસકા નામ ધર્મ, સમજમેં આયા ? આરે ભારે ધર્મ ભાઈ લોકો કહે સહેલું સટ હતું એમાં આ મોંઘુ કરી નાખ્યું મોંઘા નહીં યૈ હી ચીજ હૈ ( એક જ પ્રકારે છે ) આ વાત જ આ હૈ પણ દુનીયા સમજે નહીં તો કંઈક ને કંઈ ધર્મકા રૂપ દે દીયા ઐસા હે નહીં. સમજમેં આયા ? જૈન ધર્મકા રૂપહિ દૂસરા હૈ.

કહેતે હૈ ઐસે શુદ્ધ જ્ઞાન પરકા કર્તા ભોક્તા નહિ, રાગકા નહિ. વ્રતકા વિકલ્પકા કર્તા ભી શુદ્ધ જ્ઞાન ધર્મ પરિણત જીવ, જો અજ્ઞાન થા તબલગ તો કર્તા થા, તબ તો દુઃખી થા સ્વરૂપકા આનંદ ને જ્ઞાનકા અંદર વસ્તુકી શક્તિ, ઉસકા ભાન હુઆ, અનુભવ હુઆ, તો પર્યાયમેં પ્રગટ દશામેં જો દુઃખકા અનુભવ થા ઉસકા નાશ હોકર, આનંદકા અનુભવ, શક્તિમેં જો આનંદ પડા હૈ, વો આનંદ પર્યાયમેં આયા, એ આનંદકા પરિણત જીવ, રાગકો કરતે નહિં.

રાત્રિકો કોઈ પૂછતે થે ને કે દેવ સમકિતી લડાઈ કરતે હૈ, ફલાણું કરતે હૈ ( એ તો સરાગ સમ્યગ્દૃષ્ટિ આમ કરે છે ) સરાગ–ભાઈ એ તો બધી વ્યવહારકી બાત હૈ. નિશ્ચયમેં યથાર્થમેં તો ધર્મી જીવ અપના શુદ્ધરૂપ પરિણમનમેં હિ હૈ. વો લડાઈકા રાગ આયા ઉસમેં વો હૈ હિ નહિં. ઉસકા જાનનેવાલા અપની પર્યાયમેં અપનેસે અપને કારણસે રાગકા જ્ઞાન કરતે હૈ અપની સત્તાકા સામર્થ્યસે. રાગ હૈ માટે જ્ઞાન કરતે હૈ ઐસા ભી નહિ. વાત અલૌકિક હૈ ભગવાન શોભાલાલજી, આહાહા ! ભગવાનદાસજી ચાર દિનસે નહિ થા આજ પાંચમા દિન આયા. દરકાર ઈતના, છોકરાને લડકાનું બધું સરખું કરવું હોય ને બહારનું ધૂળ ધાણીનું ( કર્યુ ક્યાં થાય છે ) પણ માને ને ન્યાં. શ્રાવણ મહીનો છે પૈસાવાળા માણસ આવે બધા, એવું હશે કાંઈક, એવું હશે. ( લડકા ) એવું કાંઈક હશે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધુમાડાના બાચકા. અહીં કહેતે હૈ એય ધુવાડા સમજે ? ( ધૂપ ધૂપ ) ધૂપ-ધૂઈ બાથ ભીડે ધૂઆ ન રહે. બાથમેં ધૂઆ ન રહે. ઐસે પરચીજ અપનેમેં રહે નહીં. પર ચીજ અપની કરને જાય તો ન રહે. વો તો ઉસકે કારણસે હોતા હૈ.

અહીંયા કહેતે હૈ તેરે હિતબુદ્ધિ, ધર્મબુદ્ધિ કરના હો તો ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપ હૈ ચિદાનંદ સ્વરૂપ હૈ, ઐસા અનુભવ દૃષ્ટિ કરકે વેદન કરના ઔર ઓ પરકા, રાગકા આદિકા કર્તા નહિ એક વાત. તો કહેતે હૈ દૃષ્ટિકા વિષયવંત તો ઐસા હૈ, પણ કેવળજ્ઞાની પરમાત્મા ભી રાગકા ને પરકા કર્તા નહિ હૈ, નહિ હૈ તો નહિ હૈ વો કર્તા નહિ ઐસા બતાયા. અહીં તો હૈ તો ભી કર્તા નહિ. કેવળજ્ઞાનીકો તો રાગ હૈ નહિ. સર્વજ્ઞ પરમાત્મા અરિહંતદેવ વીતરાગ હુઆ ઉસકો તો રાગ હૈ નહિ, તો એ રાગકા કર્તા નહિ અને રાગકા ભોક્તા નહિ. ઐસે દૃષ્ટાંત દેકર કેવળીકી સાથ સાધકકો મીલાયા ( સત્ય વીતરાગ દેવ ) સમજમેં આયા ? બાત ઐસા હૈ ભગવાન.

કલ કહા થા એક ન્યાય, સમ્યગ્જ્ઞાન દીપિકામેંસે એક ન્યાય કહા થા કહ્યું હતું એ કહ્યું 'તું સમ્યગ્જ્ઞાન દીપિકા હૈ. સંવત ૧૯૪૮ની સાલમેં એક ક્ષુલ્લક હો ગયા હૈ દિગંબર, ધર્મદાસ ક્ષુલ્લક હુઆ, સમજમેં આયા ? " ભેદજ્ઞાનસે ભ્રમ ગયો. નહિ રહી કુછ આશ " ઐસે સંવત ૪૮ મેં દો પુસ્તક બનાયા હૈ ( ૧ ) સમ્યગ્જ્ઞાન દીપિકા ને ( ૨ ) સ્વાત્મઅનુભવ મનન હમ તો બહોત સાલસે દેખતે હૈ ને ' સમ્યગ્જ્ઞાન દીપિકા ' ૭૮ કી સાલમેં દેખે થે ૭૮-૪૮ વર્ષ હુઆ – ( ઓ તો દિગંબર હોનેકી તૈયારી થી ને ? ) વાત તો સાચી છે. ૭૮ મેં જંગલમેં જાતે થે એકલા પુસ્તક લેકર સમ્યગ્જ્ઞાન દીપિકા થા ઉસમેં આ લીયા હૈ " સિદ્ધ સમાન અપના આત્માકો ન જાને, અને સિદ્ધ જૈસે જ્ઞાતા દૃષ્ટા હૈ, ઐસે છોડકર એક રાગકા ભી કર્તા હો તો સિદ્ધ સમાન અપનેકો માન્યા નહિ, એ સંસારી મિથ્યાદૃષ્ટિ પાપી હૈ " ઐસા લીયા હૈ ધન્નાલાલજી ! તમારી બીડીયું બીડીયું તો ક્યાંય રહી ગઈ. ભગવાનદાસજી બડા શેઠ હૈ ઐસા શેઠ બુંદેલખંડકા, ધૂળેય શેઠ નહિ સાંભળને હવે, અહીં તો આત્મા શ્રેષ્ઠ ભગવાન, શેઠ નામ શ્રેષ્ઠ, ચિદાનંદ ભગવાન આનંદકંદ પ્રભુ ઉસકા સન્મુખ દેખકર, જો વિમુખ થા તબ તો અજ્ઞાની થા, હવે સન્મુખ દેખકર જો અનુભવ હુઆ, વો રાગકા કર્તા નહિ અને આનંદકા કર્તા હૈ.

વો આયા યહાં લગ- વૈસા હોતા હુઆ. છે ને કેટલામી લીટી હૈ નીચેસે ( જુઓ પાંચમી લીટી હૈ ) જુઓ " શુદ્ધ જ્ઞાન પરિણત જીવ કયા કર્તા હૈ " દેખો શુદ્ધ જ્ઞાન પરિણત જીવ નીચેસે ચોથે લીટી " શુદ્ધ જ્ઞાન પરિણત જીવ કયા કરતા હૈ ? " નીચેસે ચોથી લીટી ચોથી કહતે હૈ ને ? કયા કહેતે હૈ ? ( ચોથી ) આહાહા ! જુઓ જૈસે સર્વજ્ઞ પરમાત્મા વીતરાગ અરિહંત પ્રભુ, જૈસે જગતકા સાક્ષી દેખને, જાનનેવાલા હૈ, ઐસે ધર્મી જીવ અપના શુદ્ધ જ્ઞાન સ્વરૂપકા પરિણમન હુઆ જ્ઞાનપણે, તો કહેતે હૈ યે શુદ્ધ પરિણત જીવ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્યા કરતા હૈ? " જાણદિ બંધ મોખ્ખં " જાનતા હૈ જાનતા હૈ – કિસકો? બંધ મોક્ષકો આહા એ તો કહેતે હૈ કે રાગકા ભાવ હૈ ઉસકો ભી જાનતે હૈ ઔર રાગ છૂટ જાય તો મોક્ષકી પર્યાય ઉસકો ભી જ્ઞાની જાનતે હૈ રાગ કરતે ભી નહીં અને રાગ છોડતે ભી નહિ. આહાહા! સમજમેં આયા?

ભાઈ, ભગવાન મારગ તો – તાત્પર્ય કહેતે હૈ ને યહાં રહસ્ય હૈ જૈન દર્શનકા રહસ્ય હૈ. જૈન દર્શન એ વિશ્વ વસ્તુ જો હૈ ઉસકા રહસ્ય હૈ. વિશ્વ વસ્તુ જો હૈ આત્મા. પરમાણું આદિ એ આત્માકા રહસ્ય આ હૈ. સમજમેં આયા? આહાહા! કહેતે હૈ જૈસે સર્વજ્ઞ પરમાત્મા ઉસકો તો બંધ હૈ નહિ મોક્ષ હૈ. વો તો જાનતે હૈ. ઐસે ધર્મી જીવ સમ્યગ્દર્શન જહાંસે હુઆ. લાલચંદજી! ભારે વાત મૈં તો ચૈતન્ય આત્મા જ્ઞાનસ્વરૂપ હું. જ્ઞાન સત્તા સ્વભાવવાળા મૈં હું, રાગ ને પુણ્ય આદિ સત્તા મેરેમેં નહિ. મૈં રાગસે પુણ્યસે ખાલી ઔર અપના પૂરણ જ્ઞાન આનંદ સ્વભાવસે ભરા પડા હું ઐસી ચીજકી જ્યાં દૃષ્ટિ હુઈ તો કહેતે હૈ કે બંધકો જાનતે હૈ ઔર મોક્ષકો ભી જાનતે હૈ મોક્ષકો કરના હૈ ને ઐસા ફૈસા હવે નહીં આ રે હવે ( જાણી – લીધું હવે પછી ક્યાં કરવું ) સમજમેં આયા? આ ક્યા કહેતે હૈ, સમજમેં આયા? બંધકા તો કરના નહીં હૈ પણ મોક્ષકા ભી કરના નહિ હૈ, મોક્ષ હોતા હૈ ઉસકો જાનતે હૈ એમ કહેતે હૈ. પંડિતજી.

મોક્ષ નામ પૂરણ નિર્મળ પર્યાય, પૂરણ આનંદકી દશા. પૂરણ આનંદકી દશા નામ મોક્ષ–વિકારકી દશા નામ સંસાર ઉસકા અભાવ હોકર પુરણ આનંદ અતીંદ્રિય આનંદ ને જ્ઞાન પૂરણ ઉસકા નામ મોક્ષ તો કહેતે હૈ જબ શુદ્ધ જ્ઞાન પરિણત આત્મા દૃષ્ટિ થઈ ને અનુભવ હુઆ વો તો મોક્ષકો ભી કર્તા નહીં. હો જાવ એઈ–જ્ઞાનીના વ્યાયામની મસ્તી ભિન્ન ભિન્ન હૈ જુદી જાતની એ ઈ નંદકિશોરજી દેખો મારગ જૈન દર્શનકા.

કહેતે હૈ યે તો બંધકો ને મોક્ષકો જાનતે હૈ આહાહા! બંધકા પરિણામ અને મોક્ષકા પરિણામ ઉસકો જાનતે હૈ; કરતે નહીં આ ક્યા? સમજમેં આયા? ક્યું કે જ્યાં શુદ્ધ દૃષ્ટિ હુઈ ને શુદ્ધ પરિણમન ધર્મકા હુઆ પીછે, મોક્ષ કરું, પરિણામ તો પરિણમતે હિ હૈ, પરિણામ તો પરિણમતે હિ હૈ એ તો ધારાવાહી હોતા હૈ એમાં ધારાવાહી હોતા હૈ ઉસમેં મૈં કરું ઐસા રહેતે નહીં – ( વાહ રે વાહ કૃપાનાથ ) પંડિતજી! આ ગાથા જરી ઊંચી હૈ બહોત સમજમેં આયા? આ તો અહીંયા કલાસ હોય ત્યારે થોડા કાને તો પડે લોકોને આવા મનુષ્ય દેહ મીલા અને જૈન દર્શન સર્વજ્ઞ પરમાત્માએ કહેલો માર્ગ ચીજ ક્યા હૈ વો ચીજ કાને ભી ન પડે તો ઉસકો વિચારમેં કૈસે લે અને દૃષ્ટિમેં કૈસે પરિણમાવે? આહાહા! સમજમે ંઆયા?

કહેતે હૈ, અરે ધર્મી જીવ સમ્યક્ ચીજ વસ્તુ ચૈતન્ય ભગવાન, પુરણ પ્રભુ વસ્તુ, ઐસી પુરણકી દૃષ્ટિ હુઈ તો યે ધ્રુવ સ્વભાવ ભગવાન દૃષ્ટિમેં આયા. કહેતે હૈ કે જ્ઞાનમેં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

બંધ હોતા હૈ રાગ જરી જાણતે હૈ, અપનેમેં બંધ ઐસે નહિ, રાગ ભી ભિન્ન, આ મોક્ષકી પર્યાય ભી મેરા દ્રવ્યસે ભિન્ન આહાહા ! ( દ્રવ્યસે ભિન્ન વાત સાચી છે ) સમજમેં આયા ? એવી વાત છે ભગવાન આહાહા ! મને પામર કહીને, પામરને પ્રભુ કરીને બોલાવે છે. એ સંતો એમ કહેતે હૈ. ૭૨ ગાથામાં કહ્યું 'તુંને, ભગવાન આત્મા ! એમ કહ્યું 'તું આહાહા ! જેમ એની મા, ઝૂલામાં એને સૂલાનેકે લીયે ઉસકા ગાના ગાતી હૈ સમજમેં આયા ? ઉસકી જો નિંદા કરે ગાળ્યું દે તો નહિ સૂવે એ જોઈ લેજો કોઈ વાર એવું હોય તો ભલે બાળક હો. ( બરાબર જી. હા. ) સમજમેં આયા ? ( જી. હા. ) પણ એના વખાણ કરે મારો દીકરો ડાહ્યો. આ તો અમારે કાઠીયાવાડી ભાષા, તમારી કંઈક ભાષા હશે. દીકરો ડાહ્યો; ડાહ્યો સમજે ? હુશિયાર ( શાણો ) શાંત, મામાને ઘેર ગયે થે ને ખારેક ને ટોપરા લાએ થે. ઐસા વખાણ કરે ત્યારે સૂઈ જાય. સોતે હૈ ! સોતે હૈ ઇસકો, ગાળ્યુ દે તો નહિ સોવે, મારા રોયા, બાળક નહિ સૂએ ઈ અવ્યક્તપણે પણ ઈસકો પ્રશંસા ઈસકો રુચતી હૈ એ શોભાલાલજી ! જૈસે માતા ઉસકો સુલાતે હૈ, સંતો જગતકો જગાતે હૈ, જાગ રે જાગ ભગવાન ત્રણ લોકનો નાથ તું સંતાઈને પડયો, રાગ ને પર્યાયની બુદ્ધિની આડમાં ભગવાન તને દેખાતો નથી, સમજમેં આયા ?

" તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહિ, તરણા ઓથે " ડુંગર બડા હો ઇતના એક તીનકા ઈતના રખા હો, સારા ડુંગર નહિ દીખે બરાબર હૈ ? દેખના તો અહીંયાથી ( આંખથી ) હૈ ને ? આંખ ઉપર આટલુ તણખણું રાખે, લ્યો ને આ ચશ્મા ઉપર કાળો ડાઘ લગાવી દે સારા પર્વત, સારા દરિયા ભી નહિ દેખે ( નહિ દેખે )

એમ ભગવાન આત્મા પૂર્ણાનંદકા નાથ, આ રાગને વિલ્કપકી એકતાબુદ્ધિમેં દીખાતા નહીં સમજમેં આયા ? બહાર તો ક્રિયા કરીને મરી ગયો બહોત, ઉસમેં કયા હૈ ? પણ વો વિકલ્પ ઉઠતે હૈ રાગ ઉસકી એકતાબુદ્ધિ અથવા પર્યાયકી એકતાબુદ્ધિ આહાહા ! ઉસમેં ભગવાન ત્રણ લોકના પૂર્ણાનંદ પ્રભુ નાથ એ તરણાકી આડમેં જેમ પર્વત દીખતે નહિ, ઐસે રાગકી એકતામેં, પર્યાયકી બુદ્ધિમેં, દ્રવ્ય બુદ્ધિ ત્રિકાળ દેખતે નહિ – સમજમેં આયા ?

અહીંયા કહેતે હૈ કે આહાહા ! ઐસા જબ ભાન હુઆ સમજમેં આયા ? શુદ્ધ ચૈતન્ય જ્ઞાનસ્વભાવી પવિત્ર ધામ આત્મા હૈ, ઐસી દૃષ્ટિમેં સમ્યગ્દર્શન શુદ્ધરૂપે પરિણમન હુઆ, હજી ચોથા ગુણસ્થાનની બાત હૈ આહાહા ! સમજમેં આયા ? આ ચોથાના ઠેકાણા નહિ ને પાચમાં ને છઠ્ઠા લઈને બેસી ગયા, આ બાર વ્રત હૈ ને પડિમા હૈ ને, ધૂળેય નહિ હૈ સૂન તો સહી સમજમેં આયા ? એય ભગવાનદાસજી ( બરાબર ) આવા શેઠિયા હોય ને પછી શાતા શીળીયા હોય ને પછી કાંઈક ત્યાગ કરે તો ઓહોહો ! કહો સમજમેં આયા ? આહાહા !

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહેતે હૈ એ ઝૂલામેં સોતા હૈ અજ્ઞાનમેં આ પરમાત્મા સંતો ઉસકો જગાતે હૈ. એ જાગ રે જાગ નાથ એ નિંદ્રા તને હવે ન હોઈ શકે ( ન હોઈ શકે, વાહ રે વાહ ) ( ભાવ નિંદ્રા ) એ રાગ અને પુણ્યના વિકલ્પમાં ભગવાન સારા દ્રવ્ય પડા હૈ ને પ્રભુ. આહાહા ! એક સમયકી પર્યાય નામ વ્યક્ત દશા ઉસકી ઉપર તેરી રુચિ હૈ તો દ્રવ્ય દીખતે નહીં. સમજમેં આયા ? અને કહેતે હૈ જ્યાં દ્રવ્યકા ભાન હુઆ આઠ વર્ષકી બાલિકા હો, અરે ! મંડૂક હો દેડકા, દેડકા કહેતે હૈ ને ? મેંડક, મેંડક, મેંડક ભગવાનના સમોસરણમાં દેડકા આત્મભાન પાતે હૈ. આત્મા હૈ કે નહિ ? ભગવાનના સમોસરણમાં પરમાત્મા બિરાજતે હૈ અભી ત્રિલોકનાથ સીમંધર ભગવાન મહાવિદેહક્ષેત્રમેં સમજાણું ? એ ભગવાન પાસે - દેડકા આહાહા ! દેડકા તો શરીર દેડકા હૈ આત્મા કયા દેડકારૂપ હો ગયા હૈ ? સમજમેં આયા ? એ જ્ઞાનસ્વરૂપ ભગવાનકા ભાન તો ભગવાનકે સમોસરણમેં મંડૂક કર લેતે હૈ.

એ બી એમ જાનતે હૈ કે બંધ ને મોક્ષકા તો મૈં જાનનેવાલા હું. આહાહા ! ( વહ તો છોટાસા શરીર ) છોટા તો શરીર છોટા હૈ વસ્તુ છોટી હૈ ? કહો આ શું કહેવાય છે તમારો ? ઓલાએ નહોતો માર્યો બોંબ બોંબ એટમ બોંબ માર્યો તો ને ક્યાંક ઓલા બસો અઢીસો જોજનમાં, ભુક્કા ઉડી ગયા હતા ક્યાંક ( હિરોશીમા ) ક્યાં ? હા. બોંબ ઈતના છોટા બોંબમેં અનંત પરમાણું હૈ - કહેતે હૈ છોટા, છોટા ત્યાં નહિ હૈ એક બોંબ છોટા ઇતના લો રાઈ જિતના ઉસમેં ભી ઉસમેં અનંત પરમાણું હૈ રજકણ હૈ ( આત્મા તો સર્વશક્તિકા ઘણી હૈ ) ઐસી શક્તિ પડી હૈ કે અઢીસે જોજનમાં ભૂક્કા ઉડાડી દીધા. શક્તિ ઈતની હૈ. ઓ તો નિમિત્ત હુઆ અહીં તો દૃષ્ટાંત દેના હૈ હોં. રજકણ પરકા ભૂકા કર સકે ઐસા હૈ નહીં કયું કે અપની સત્તા છોડકર પરકી સત્તાકો છૂતે હી નહિ આહાહા ! પણ ઉસમેં શક્તિ ઈતની હૈ કે હજારો જોજનમાં રાખ કરી નાખે, ભૂકો કરી નાખે, ઐસે ભગવાન આત્મા ક્ષેત્ર ભલે છોટા હો, ભગવાન આનંદ ધામ, સમજમેં આયા ? શુદ્ધ ચૈતન્ય વસ્તુ ઓ મંડૂકકા દેહમાં ભી તો આત્મા તો ઐસા હિ હૈ જૈસા અહીંયા ( આપણો ) આત્મા ઐસા વહ આત્મા હૈ. સમજમેં આયા ?

ઓ ભી આત્માકા સમ્યગ્દર્શન શુદ્ધ સ્વભાવકા પરિણમન કરતે હૈ તો વો બંધકો જાનતે હૈ. સમજમેં આયા ? કોઈએ પ્રશ્ન કીયા હૈ ન્યાલભાઈકો પ્રશ્ન હુઆ થા કે તુમ કહેતે હો કે ધ્રુવ, ધ્રુવ, ધ્રુવ, ધ્રુવ, ભાઈ પ્રશ્ન હૈ ઉસમેં ધ્રુવ નિત્યાનંદકો પકડો પણ મંડૂક કયા પકડે ત્રિકાળકો, વો તો પર્યાયકો જાનતે સંવર, નિર્જરા આદિકી હુઈ ઉસકો, સુખકો વેદતે હૈ, પ્રભુ, સુખકો વેદતે હૈ ને મંડૂક આનંદકો ? તો આનંદકા ધામ કયા હૈ, ઐસી દૃષ્ટિ હુએ બીના સુખકા વેદન હો સકે નહિ. સમજમેં આયા ? ન્યાલભાઈકો પ્રશ્ન કીયા થા કોઈએ. પુસ્તક દીયા તુમકો પુસ્તક છોટા- છોટા હોં બડા તો હજી સૂક્ષ્મ હૈ, તુમ્હારા કામ નહીં.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અજર પ્યાલા હૈ. ન્યાલભાઈકા અજર પ્યાલા હૈ. એઈ – ક્યાં ગયા એઈ રાજમલ્લજી રાજમલ્લજી યાદ આયા તુમ્હારા સાટુ લે ગયા થા ઇ દલાલી કરીને – સમજમેં આયા ?

ભગવાન આત્મા, ઉસને પૂછા ભાઈ ! તુમ ધ્રુવ ધ્રુવ નિત્ય નિત્ય નિત્ય ધ્રુવકી દૃષ્ટિ કરો, ધ્રુવકી દૃષ્ટિ કરો, ત્રિકાળકી દૃષ્ટિ કરો તો સમ્યગ્દર્શન હોગા, પર્યાય દૃષ્ટિ છોડો તો મંડૂકકો કયા ધ્રુવકા દૃષ્ટિ હુઆ ? આનંદકા અનુભવ હૈ ઉસકો તો કહેતે હૈ કે ભગવાન સૂન તો સહી, જે દુઃખકા વેદન થા રાગ ને દ્વેષકા વર્તમાન દશા તરફકા લક્ષસે વેદન થા, એ આનંદકા વેદન આયા, એ કહાંસે આયા ? એ ધ્રુવ ઉપર દૃષ્ટિ પડી તબ આનંદકા વેદન હુઆ. સમજમેં આયા ? સૂક્ષ્મ બાત હૈ ભગવાન આ તો એકલું માખણ હૈ–હરખ જમણ હૈ, હરખ જમણ, હરખ જમણ સમજે ? લગન પીછે નહિ કરતે આખીરકા દિન જમણ કરતે !

અહીં કહેતે હૈ ઓહો વો તો જાનતા હૈ, કિસકો " બંધ ને મોક્ષકો "માત્ર બંધ મોક્ષકો નહિ, ઈતના હિ નહિ ત્યારે " કમ્મુદયં નિજ્જરં ચેવ " કમ્મ–ઉદયં, નિજ્જરં બે બોલ લીયા હૈ ( બે લીધા ) કર્મ ઉદય, શુભ અશુભ કર્મોદયકો, જૈસા કર્મકા ઉદય આવે ઊસકો ભી જાનતે હૈ. અશુભકા ઉદય હો તો ઐસે જાને, શુભકા હો તો ઐસે જાને, જાનતા હી હૈ, ઉસકો દૂસરા કુછ હૈ નહીં. અશુભ શુભ કર્મમેં યે હૈ હી નહીં. શુભ અશુભ કર્મકા ઉદય આયા ઔર શુભ અશુભ કારણસે બહારમાં પ્રતિકૂળ અનુકૂળ સંયોગ હુઆ ઉસકો ભી જાનતા હિ હૈ, કોઈ પ્રતિકૂળ હૈ ને અનુકૂળ ઐસા હૈ નહિ. આહાહા ! દેખો આ ધર્મ.

પહેલા નિર્ણય તો કરો કે આ મારગ ઐસા હૈ દૂસરા માર્ગ હૈ નહીં. કહેતે હૈ, શુભ અશુભ કર્મોદયકો જૈસા શુભ હો તો શુભકો જાને, ઓ તો જ્ઞાનકી પર્યાય, શુભ આયા તો જાનનેકી પર્યાય પ્રગટ હુઈ, ઓ હિ સમય, સમય તો એક હૈ, કે આ શુભ હૈ તો જ્ઞાનકી પર્યાય હુઈ ઐસા તો હૈ નહિં, અપનેમેંસે હિ ઐસા સ્વકા જ્ઞાન ઔર રાગ શુભ હો કે અશુભ હો, ઉદય શુભ હો કે અશુભ હો ઐસે જાનનેકી પર્યાય અપની સત્તાસે, અપને કારણસે, રાગકી અપેક્ષા રખે વિના અપની પર્યાયમેં જાનનેકી પર્યાય પ્રગટ હોતી હૈ. આહાહા ! એમાં થોડા એક અક્ષરનો ફેરફાર થાય તો સારા તત્ત્વ ફેરફાર હો જાય ઐસી બાત હૈ – ફરીને, હેં ? ( ફરીને )

ફરીને, ઐસા કહા, ( જાદુકી લકડી ) જાદુકી લકડી, જાદુકી લકડી કહેતે હૈ હવે તો લાકડી રહી નહિ. પહેલે સુખડકી થી અબ દૂસરી આ ગઈ પ્લાસ્ટીકકી ઓ દાકતર આયા થા ને ચંદુભાઈ ઉસને બનાઈ હાથમાં પસીના ન હો અને શાસ્ત્રકો છૂએ નહિ ઓ કારણ સે એમાં લોકો કહેતે હૈ બહૂત માણસ કે લાકડી જિસકો ફીરે ઉસકો પૈસા હો જાતા હૈ સમજમેં આયા ? પહેલેસે ઐસી છાપ પુણ્યકી હૈ ને ? આહાહા ! તો કહેતે હૈ અહીંયા તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

કે લકડી ફીરે તત્ત્વકી, કલ્યાણ હો જાય ઉસકા, ઉસકા નામ અહીંયા જાદુ હૈ આ લકડીમેં કયા હૈ આ તો ધૂળ હૈ અને પૈસા મિલે ઉસમેં કયા હૈ ઓ બી ધૂળ હૈ.

અહીંયા કહેતે હૈ ધર્માત્મા ઈસકો કહીએ – કર્મ ઉદયકો અપના ન જાને, શુભકો અપના ન જાને, અશુભકો અપના ન જાને પણ શુભ–અશુભકી જ્ઞાનકી પર્યાય હો ઉસકો જાને ઐસા હૈ બસ સમજમેં આયા ? ભારે ઝીણી વાત ભાઈ – જૈન ધરમ કૈસા હૈ વો બાત સમજના કઠણ હો ગયા જગતકો. જૈન ધર્મ ઐસા હૈ પરકી દયા પાળે ઓ જૈન ધર્મ હૈ ? ઐસા હૈ ? ( પોતે જ જૈન છે ) પોતે જ જૈન સ્વરૂપ હૈ સૂન તો સહી, એઈ– ઉસકા અર્થ કયા ? કે જો પુણ્ય–પાપકા રાગ હૈ વો તો દોષ હૈ, કૃત્રિમ, ક્ષણિક ઉસસે રહિત હૈ, રાગદ્વેષ રહિત હી હૈ ચૈતન્ય દ્રવ્ય. જો હૈ રાગદ્વેષ રહિત હૈ તો વીતરાગતા પ્રગટ અંદર મેં હૈ તો પ્રગટ હોતી હૈ, જિન સ્વરૂપ હિ આત્મા હૈ. સમજમેં આયા ? ઐસા દૃષ્ટિમેં ભાન હુઆ તો કહેતે હૈ જાનતા હૈ કર્મ ઉદયકો આહાહા ! સમજમેં આયા ?

વો આતા હૈ ને કાગવીટ સમ માનત હૈ સમ્યગ્દૃષ્ટિ લોગ. “ ચક્રવર્તીકી સંપદા ઔર ઇન્દ્ર સરીખા ભોગ, કાગવીટ સમ માનત હૈ સમ્યગ્દૃષ્ટિ લોગ ” આહાહા ! મંદિરમેં લીખા હૈ ઈંદોરમેં ઓ કાચકા મંદિર હૈ ને ભાઈકા શેઠકા સર હુકમીચંદ ઉસકા હૈ ઉસમેં લીખા હૈ ઉપર, ઔર સમજતે નહિ ?

ધર્મી જીવ ચાહે તો અનુકૂળતાકા ગંજ હો કાગવીટ સબ માનત હૈ. મનુષ્યકી વિષ્ટા તો હજી ભૂંડ બી ખાય. કાગડાની વિષ્ટા તો નીકળે ને સૂકાઈ જાય તરત કે ભૂંડ બી ખા સકે નહીં. સમજમેં આયા ? ઉજ્જેનમાં નાખ્યું ’તું નહીં. એઇ ચાંદમલે ઉજ્જૈનમાં મૂકયું તું, બોર્ડ લગાયા થા એ ભૂલી ગયા લાગે છે મેં કહ્યું ’તું બોર્ડ તો તુમ્હે બનાયા થા માથે, વ્યાખ્યાન હોલમેં, ઉજ્જૈનમેં ગયે થે ને ? “ કાગવીટ સમ માનત હૈ ” નાક કા મેલ હૈ એ તો સારી વિભૂતિ બહારકી સમજમેં આયા ?

જાનતે હૈ, બસ જ્ઞાન હોતા હૈ. એ જ્ઞાન ભી વો ચીજ હૈ તો હોતા હૈ ઐસા ભી નહિ. જહાં જ્ઞાન હૈ વહાંસે જ્ઞાન આતા હૈ ને પરિણમન હોતા હૈ. સમજમેં આયા ? એઈ અમીચંદજી આવો મારગ ભારે કઠણ ભાઈ, માર્ગ સારા સમાજને બધાને લાગુ પડે એવો જોઈએ ને ? એકને લાગુ પડે. લાગુ પડે ક્યા ? ( ઘટે ) યે તો સબકો ઘટે. મારગ તો એક હી હૈ. સબ મુખસે ખાતે હૈ, કોઈ માથામેંસે ખાતે હૈ ? મારગ તો એક હી હૈ બાળકકો, વૃદ્ધકો, યુવાનકો, સ્વર્ગકો, નારકીકો મંડૂક કહો કે મોટા ચક્રવર્તી રાજા કહો. ધર્મ તો આ એક હી પ્રકારકા આ હૈ, ઉસમેં કોઈ દૂસરા પ્રકાર હૈ નહિ.

‘ કમ્મુદયં ’ ઓ તો જાણતે હૈ, વો તો જાણતે હૈ, વો મેરા તરીકે જાણતે નહિ. પરદ્રવ્યકા અપનેમેં અપનેસે જ્ઞાન હોતા હૈ ઉસકો જાનતે હૈ આહાહા ! સમ્યગ્દૃષ્ટિ લોગ. “ સવિપાક. અવિપાકરૂપ ” નિર્જરાની વ્યાખ્યા, કમ્મુદયંનું કહ્યું ને પહેલું, કર્મ ઉદયનું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લીધુ પહેલું, પછી હવે સવિપાક અવિપાક નિર્જરા, ઔર સકામ અકામ નિર્જરા દો પ્રકારકી ભારે ગોઠવ્યું છે. કયા કહેતે હૈ ? અપના શુદ્ધસ્વરૂપ પ્રભુ, નિર્મળ ઐસી પ્રતીત અને ભાન શુદ્ધ પરિણમન હુઆ ઉસકા નામ ધર્મી, ઉસકા નામ સમ્યગ્દૃષ્ટિ.

વો ' સવિપાક ' સમયે સમયે ક્ષણે ક્ષણે પૂર્વકા કર્મ જો બંધા હૈ વો સમય મુદત હોકર ખીર જાતા હૈ. જૈ પૂર્વે કર્મ બંધા હૈ ઉસકી મુદત હોકર સ્થિતિ હોકર ખીર જાતા હૈ. ઉસકા નામ સવિપાક નિર્જરા. કર્મ અપના પાક પૂરા હુઆ અને ખીર જાના સવિપાક પાક–કર્મકા રજકણ જો પડા હૈ. ઉસકા પાક હોકર, સવિપાક પાક સહિત ખીર જાના, ઉસમેં આત્માકા કોઈ પુરુષાર્થ હૈ નહિ. સમજમેં આયા ? કહેતે હૈ દેખો જૈસે આ મનુષ્ય ગતિ અહિંયા અબી પણ કર્મ તો ચાર ગતિકા, બંધા પડા હૈ, આયુષ્ય નહીં, ગતિકી બાત મૈં કરતા હું, તો યહાં મનુષ્ય ગતિકા ઉદય હૈ, ઔર ગતિ તો ચારકા અંદર ઉદય હૈ. પણ વિપાક ફળરૂપે આ એક હૈ પણ વો ભી વિપાક હોકર ચાર ગતિકા ઉદય હોકર ખીર જાતા હૈ. તીન ગતિકા ઉદય ખીર જાતે હૈ અબી. કયા કીયા ? હા, જૈસા ઉદય આતા, આકર ખીર જાતા ઐસા વો નહિ ખીર જાતા હૈ નિરંતર ગતિકા ઉદય હોતા હૈ ચારેયકા ચારેયકા ઉદય એક મનુષ્યકા તો પ્રત્યક્ષ હૈ ઔર તીન હૈ વો ખીર જાતે હૈ ઉદય આકર. સમજમેં આયા જરી ?

આયુષ્ય એક હોતા હૈ. ( સંક્રમણ હોતા હૈ ) સંક્રમણ નહીં. વો તો ગતિકા ઉદય આકર ખીર જાતા હૈ બસ, ખીર જાતે હૈ, સંક્રમણ નહીં. સૂનો " સવિપાક " સ નામ વિપાક ફળ સહિત તો કર્મ જૈસા બાંધ્યા ' તા પૂર્વે તો ઉસકા મુદત હો તો આયા ને ખીર જાતા હૈ ઉસકા નામ સવિપાક ઉસમેં કોઈ તપસ્યા કે જ્ઞાનાનંદ કરના હોય તો ખરે ઐસી ચીજ નહીં. સમજમેં આયા ? બંધા હુઆ કર્મ અપની મુદત પૂરી હોનેસે સમય સમયમેં ઉદય આકર ખીર જાતે હૈ, ઉસકો સવિપાક નિર્જરા કહેતે હૈ. ( રોજ નવું નવું ) બધું નવું જ છે ને ? આહાહા !

કઈ અંતર ચીજકી કયા ચીજ હૈ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગદેવ સો ઈંદ્રોના પૂજ્ય પ્રભુ ઉસને કયા કહા થા અને હમ કયા માનતે હૈ ઉસકી કુછ ખબર નહીં. સમજમેં આયા ? ઓધે ઓધે કીધું ' તું ને ભેડીયા ચાલ. હં ! ભેડીયા ચાલ, કોઈ કહેતું ' તું ( કાલે જ વાત થઈ હતી ) કાલે વાત થઈ. ઘેટાકા આચાર હોતા હૈં ને ? ઐસે ભેડીયા આચાર. દુનિયા કરે ઐસા કરે જાય પણ સત્ય કયા હૈ ઉસકી ખબર નહીં. હૈં ? કોઈ કહેતે થે. ભેડીયા ચાલ કયા ? ભેડીયા ઘસાણ ( કોઈ કરે ઐસા કીયા કરે વો ) વો તો હૈ મગર શબ્દ કયા એ તો હમકો ખબર હૈ ને ? ( મુક્ત હાસ્ય ) તમારી ભાષા કયા હૈ ? ( ઘસાણ ) ઘસાણ હા ઓ ભેડીયા ઘસતે હૈ યહાં, ઘસાણ ( ઘસાણ ) આહાહા ! ઐસા ભેડીયા જેમ સબ ઘસતે હૈ અનાદિસે એમ કહતે હૈ ( બરાબર ) અજ્ઞાની કરતે હૈ ને અજ્ઞાની મનાતે હૈ ઐસા ચલે જાતે હૈ, વો હેઠે નજર રખતે હૈ ને વો ભેડીયા – ચલે જાતે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

હૈ, માર્ગ ક્યા હૈ ઉસકી ખબર નહીં.

ધર્મી જીવ અપના સ્વરૂપ રાગ પુણ્ય ને શરીરસે ભિન્ન જબ જાનનેમેં આયા, જબ લગ રાગ ને શરીર મેરા હૈ ઔર મૈં ઉસ સહિત હું ઐસી દૃષ્ટિ થી તબ લગ મિથ્યાદૃષ્ટિ અધર્મી પાપી થા સમજમેં આયા ? જબ વો દૃષ્ટિ ગુલાંટ ખા ગઈ. સમજમેં આયા ? વો નટ નહીં હોતે નટ ? નટ નાચતે હૈ ને, નટ નાચતે હૈ ને, ઐસે ઐસે નાચતે નાચતે જબ ગુલાંટ ખાતા હૈ નટ નાચતે હૈ ને ? દુકાન પર આતે હૈ ને હમારે ત્યાં દુકાન થી તો, બહોત પૈસા લેનેકો બહોત આવે. તો આમ કરીને ગુલાંટ મારે. એમ એક વાર નાચ કર, કહેતે હૈ રાગ ને પર્યાયકી બુદ્ધિ હૈ વહ છોડ દે ( છોડ દે ) દ્રવ્યબુદ્ધિ ત્રિકાળી જ્ઞાયકમેં ગુલાંટ ખા ( બરાબર, સત્ય કૃપાનાથ ) ( ગુલાંટ કૈસે ખાના ) આહાહા ! કહેતે હૈ ને ઐસે ખાના. ઐસી દૃષ્ટિ હૈ ( પર ઉપર ) તો ઐસી દૃષ્ટિ ( સ્વ ઉપર ) કરના વો ગુલાંટ ( અભિપ્રાય બદલના )

વાત બસ એ, જો રાગ અને પર્યાય એક સમયકી પર્યાય ઉપર બુદ્ધિ હૈ વહ દ્રવ્ય ઉપર બુદ્ધિ કરના. ( મારે એમ કહેવું છે કે ગુલાંટ કીસ ક્રિયાસે ખાઈ જાતી હૈ ? ) ક્રિયા બ્રિયા કઈ થી વળી , ધૂળની ક્રિયા ? ( જ્ઞાન ક્રિયા ) શેઠ ઠીક છે બરોબર પૂછતે હૈ. લોકો ક્રિયા કરતેહૈ ને, ક્રિયા કરતે હૈ ને ? ક્રિયા કરતે કરતે ઐસી દૃષ્ટિ હોગી. ધૂળમેં નહીં હોગી સમજમેં આયા ? અભિપ્રાય અપના જો પર ઉપર હૈ વો સ્વ ઉપર લેના. બસ, દૂસરી કોઈ ક્રિયા ઉસકી હૈ નહીં. આહાહા ! નંદકિશોરજી કોઈ ઐસી બાત હૈ મારગ ઐસા હૈ તમારા ગામમાં આવી વાત નો હાલે હોં એક દીમાં ક્યાંથી હાલે વિદિશામાં ક્યાં ગયા રાજેન્દ્રસિંહ ( ન ચલે ) શું નામ છે ? ( રાજેન્દ્ર ) રાજેન્દ્રકુમાર ક્યાં ગયે ? કર્મકા ઉદયકો જાનતે હૈ ઔર સવિપાક નિર્જરા કર્મ ઉસકી મુદત પૂરી હોને પર ખીર જાય ઉસકો જાને.

" અવિપાક " દૂસરા શબ્દ, અવિપાકકા કયા અર્થ ? હૈ તો કાળક્રમ ઉસમેં ભી હોં. સમજમેં આયા ? હમણાં ક્યાંક વાંચ્યું 'તું અહીંયા તો તત્ત્વાર્થ થા. પણ બીજે ક્યાંય હતું. યથાકાળ તો ઉસમેં ભી લેના એમ કહેતે હૈ - વિપાકમેં ભી યથાકાળ હૈ ( એમાં લખ્યું છે ) ત્યાં તો લખ્યું છે પણ દૂસરા ક્યાંક લખ્યું છે. કોઈ ઠેકાણે લખ્યું છે ખરું ? હા આ યોગસારમાં હશે આ યોગસારમાં હશે ? યોગસાર છે ને અમિતગતિ આચાર્ય, અમિતગતિ આચાર્ય ઉસકા યોગસાર ઉસમેં લીખા હૈ ઐસા કર્મકી બાત યથાર્થ ભાવ. ઓ સારા વ્યાખ્યાન હો ગયા હૈ યોગસાર, સમયસારકી શૈલીકા હૈ યોગસાર અમિતગતિ આચાર્યકા ઉસકા વ્યાખ્યાન હો ગયા હૈ ઉસમેં ઐસા લીખા હૈ જો સમય કર્મકા ઉદય આનેવાલા હૈ ઓ વિપાક ખીર જાતે હૈ, અવિપાક ભી ઉસકે કાલમેં હિ આતા હૈ, પણ યહાં પુરુષાર્થ ચૈતન્ય ઉપર કીયા, શુદ્ધ જ્ઞાનાનંદ મૈં હું ઐસી દૃષ્ટિ ઔર પુરુષાર્થ સ્વ ઉપર કીયા તો ઓ ખીરનેકો અવિપાક નિર્જરા કહેનેમેં આતા હૈ. ઉસમેં ક્રમબદ્ધ હૈ ને પંડિતજી ! ઉસમેં

ક્રમબદ્ધ હૈ સવિપાક નિર્જરા જો હૈ વો મિથ્યાદૃષ્ટિ ઔર સમ્યગ્દૃષ્ટિ દોનોકો હોતી હૈ? દોનોકો હોતી હૈ. યહાં તો સમ્યગ્દૃષ્ટિકી બાત હૈ. ( સમ્યગ્દૃષ્ટિકી હિ ) અહિંયા તો સમ્યગ્દૃષ્ટિકી બાત હૈ. મિથ્યાદૃષ્ટિકા આંહી કામ નહિ. સમ્યગ્દૃષ્ટિકો ચાર પ્રકારકી નિર્જરા હોતી હૈ. એ અહીંયા સિદ્ધ કરના હૈ. સમજમેં આયા ?

જ્ઞાનીકો અપના ચૈતન્ય સ્વરૂપકા ભાન અનુભવ હુઆ ઔર આનંદકા વેદન હુઆ. ઉસકો બી સવિપાક, અવિપાક ઔર સકામ, અકામ ચાર પ્રકારકા કર્મ ખીરતે હૈ. યે ચારેય પ્રકારકો જાનતે હૈ. આ તો ચારકી વ્યાખ્યા કરતે હૈ. સવિપાક નામ કર્મકી મુદત પૂરી હોતે ખીરતે હૈ વો, ઉસકી મુદતકો અવિપાક ભી ખીરા હૈ, પણ અપના સ્વભાવ, સન્મુખમેં આનંદમેં મહામશગુલ હુઆ, અપની દૃષ્ટિમેં એકાકાર હુઆ વસ્તુમેં તો જો કર્મ ખીરા, એકદમ ખીંચકર ખેંચાઈ, પણ ઓ સમય ખીરનેકી ચીજ વો ખીર ગઈ પણ પુરુષાર્થકા ઉસમેં આ બાજુમેં નિમિત્ત પડા અને ખીર ગયા ઓ અવિપાક ઉસમેં પાક અહીંયા અનુભવમેં આયા ઐસા હૈ નહીં – ઘણું ઝીંણું.

ફેર બાત, ફેર બાત ફેર લઈએ ( અપની સમજમેં તો કુછ નહીં આયા ) માટે તો ફરીને કહેતે હૈ. કર્મ નિર્જરાકા દો પ્રકાર એક તો મુદત પુરી હો અને ખીરતે હૈ. દૂસરી ભી મુદત તો હૈ પણ યહાં પુરુષાર્થ સ્વસન્મુખ કીયા હૈ તો વો કારણ ઓ પાક આ બાજુકા પર્યાયમેં પાકકા ફળમેં એકતાબુદ્ધિ બિલકુલ ન રહી, સમજમેં આયા ? એને કારણે ઓ કર્મકી પર્યાય જો હૈ એ ખીર જાતી હૈ ઉસકો અવિપાક નિર્જરા ધર્મીકો હોતી હૈ. મિથ્યાદૃષ્ટિકો અવિપાક નિર્જરા હોતી નહીં. મિથ્યાદૃષ્ટિકો સવિપાક નિર્જરા હોતી હૈ પણ અવિપાક નહીં હોતી હૈ. સમકિતીકો દોઈ હોતી હૈ ( બરાબર ) આહાહા ! ભારે વાત ભાઈ ( બહુ ચોખ્ખું ) સમજમેં આયા ? રાત્રિકો પ્રશ્ન પૂછના જરા સૂક્ષ્મ બાત હૈ. તત્ત્વાર્થસારમેં ભી ઐસા લીયા હૈ ભાઈએ ઉસકા બહુત સરસ અર્થ કીયા હૈ ક્રમ પ્રાપ્ત તો દો હિ હૈ, આયા થા ને ભાઈ–પ્રશ્ન તમને ક્રમ પ્રાપ્ત તો દો હિ હૈ – પણ અહીંયા પુરુષાર્થ કીયા, તો ઓ પુરુષાર્થ કીયે બીના ઓ તો કર્મકા ઉદય આયા ઔર ખીર ગયા બસ મુદત પુરી હોતે ખીર જાતા હૈ બસ મગર યહાં પુરુષાર્થ કીયા સ્વભાવ સન્મુખ આનંદકંદમેં જ્યાં પ્રયત્ન કીયા, પ્રયત્ન કીયા વો ભી પર્યાય દૃષ્ટિકી બાત હૈ પણ પ્રયત્ન ધ્રુવ ઉપર લગ ગયા, ઉસકા નામ પુરુષાર્થકી જાગૃતિ અને તપસ્યા કહેનેમેં આતા હૈ. એ તપ, અપવાસ–બપવાસ કરના વો તપ હૈ નહિ આહાહા ! એ તપનો અર્થ –તપંતિ ઇતિ તપઃ જૈસા સુવર્ણ સોના–સુવર્ણ ગેરૂસે ઓપિત હોતા હૈ ગેરૂ હોતા હૈ ને ગેરૂ ? સોનુ સુવર્ણ ઓપિત હોતા હૈ ઐસે ભગવાન આત્મા શુદ્ધ વીતરાગ પવિત્ર જો દૃષ્ટિમેં આયા હૈ, ઉસમેં પવિત્રતાકી વૃદ્ધિ હોતી હૈ, શુદ્ધતાકી વૃદ્ધિ હોતી હૈ, ઉસકો ભગવાન તપરૂપી ભાવ નિર્જરા કહેતે હૈ. ભારે વાત ભાઈ.

ગોંડલ દરબાર થા ને ગોંડલ દરબાર ? ગોંડલ બડા દરબાર થા. તો ઉસકા કેળવણી અધિકારી થા ચંદુભાઈ પટેલ તો બહુ થા ઉસકા ઉપર પ્રેમ તો આપણી બાત બહોત સૂનતે થે. તો વહાં દરબાર પાસ જાકર કહે મહારાજ ઐસા કહા મહારાજ અર્થ ઐસા કહા તો ગોંડલ દરબાર કહે, પીછે કહે શબ્દકોષ હૈ ઉસકા ગોંડલમેં ભગવત્ ગૌમંડળ શબ્દકોષ પુસ્તક ઐસા બનાયા છ બડા તો મહારાજકા દરેક શબ્દકા અર્થ ફેર પડતે હૈ તો આપણે પણ નાખો ભગવત શબ્દકોષમેં ઉસમેં નાખ્યા હૈ કેટલાક, સમજે ? ગૌમંડળની છે. આપણી પાસે પુસ્તક છે અહીંયા બડા શબ્દકોષના ( મોટા ) હા–બડા પુસ્તક હૈ છ શબ્દ નાખ્યા છે થોડા દરબારને રસ થા આવી ન શકે દરબાર તો, પણ ઉસકા કેળવણી અધિકારી થા ચંદુભાઈ થા પટેલ ઉસકા આ ચંદુભાઈ પટેલ – ઓ દરબાર પાસે જાય દરબાર કહે મહારાજ કહે ઓ શબ્દ અપના શબ્દકોષમેં નાખના તો શબ્દકોષમેં આયા હૈ બહોત ઐસા સમજમેં આયા ?

બંધ મોક્ષકો જાનતે હૈ સવિપાક ને અવિપાકકો જાનતે હૈ ! આહાહા ! કરતે નહીં એમ ભાઈ અહીંયા કહેવું છે. ફરીને સવિપાક નિર્જરા ઉસકા તો કર્તા નહીં પણ અવિપાક નિર્જરાકા ભી કર્તા જ્ઞાની નહિ. આહાહા ! કર્મ રજકણ હૈ ને ? ભારે વાત ભાઈ. ભગવાન, તેરેમેં તો જ્ઞાન ભરા હૈ, તેરેમેં ક્યા પરકો કર્મકો નિર્જરાઉં ઐસા હૈ ? ઓ તો કર્મ નિર્જરી જાતે હૈ અવિપાકપણે ઉસકો જાનનેવાલા આત્મા હૈ આહાહા ! ભાઈ કાને તો પડે કે આ કંઈ છે વીતરાગ માર્ગ, કોઈ ચીજ હૈ વીતરાગ માર્ગને વિષે, એ ચીજ સમજ્યા વિના રહી ગઈ છે. અને એ સમજ્યા વિના ઉસકા છૂટકારા નહિ હોગા, હોગા ચાર ગતિકા મરી જશે, રખડી મરશે. ક્યાંય સુખ હૈ નહિ, એ શેઠી ! શેઠ ક્યાંય સુખ નહિ હે ધૂળમાંય તમારા બંગલા છ લાખનો આરસપાણનો મોટો હજીરો – ઓલાને ચાલીસ લાખનો છે ત્યાં એક ગોવામાં શાંતિલાલ ખુશાલ, ચાલીસ લાખનો, પૈસા ઝાઝા હોય તો મોટો હજીરો ખડકાય, હજીરો સમજાય છે ને ? લોટીયા વોરા જેમાં દાટે એને હજીરો કહેવાય વોરા કહેતે હૈ ને વોરા નહીં કહેતે લોટીયા વોરા નહિ હોતે લોટીયા વોરા હોતે હૈ હજીરા હૈ. જામનગરમેં બડા હજીરા હૈ, નદીને કાંઠે વો લોટીયા વોરા નહિ હોતે, મુસલમાન ટોપી પહેનતે ને વોરા ઉસકો જહાં દાટે ઉસકા નામ હજીરા કહેતે હૈ. અહીંયા પણ ભગવાન કહેતે હૈ આત્માના ભાન વિના હજીરામાં પડયા નોળ–કોળ જૈસા હૈ એય આહાહા !

કહેતે હૈ ભગવાન આત્મા “ સકામ અકામ નિર્જરા ” લો કોઈ દિ ’ શબ્દેય ખબર નહીં હોય કે કયા હશે ? પહેલે એમ કહા કે સવિપાક એટલે કર્મકા ઉદય આવે ને ખીર જાય વો, ઉસકો ભી જાને બસ જાને, કરે નહીં. ઔર અવિપાક પુરુષાર્થસે અપની સ્થિરતા હુઈ, તો કર્મ ખીર જાતે હૈ, ઉસકો અવિપાક કહેતે હૈ. એ અવિપાકકો આત્મા જ્ઞાની કરતે નહિ. જાનતે હૈ “ સકામ ” એ સકામ કહો કે અવિપાક કહો અહીં અવિપાક

પરમાણુકી અપેક્ષાસે હૈ. અને સકામ અપના પુરુષાર્થકી જાગૃતિકી અપેક્ષાસે હૈ. આહાહા ! ફેર, અવિપાક નિર્જરા હૈ વો કર્મકા રજકણકી અપેક્ષાસે હૈ, ઔર સકામ નિર્જરા હૈ એ અપના શુદ્ધ ઉપયોગમેં રમણતા ઉગ્ર હુઈ, અપના પુરુષાર્થસે ઓ ભાવકો સકામ નિર્જરા કહેનેમેં આતા હૈ આહાહા ! ભારે વાત ભાઈ સમજમેં આયા ? એ જરી ઝીણું છે થોડું.

" સકામ " અર્થાત્ પુરુષાર્થકી જાગૃતિસે નિર્જરા હુઈ. અપની ભાવનાસે હુઈ. અપના શુદ્ધ ભગવાન આત્મા. ઉસકી દૃષ્ટિ તો હૈ ઔર ઉસમેં ઉગ્ર પુરુષાર્થ કરકે જો નિર્જરા હુઈ ઉસકા નામ સકામ ભાવ નિર્જરા કહેતે હૈ ભારે સમાડયું પણ થોડામાં.

" અકામ નિર્જરા " અકામ નિર્જરાકી વ્યાખ્યા કે ઈચ્છા ન હોતે પણ પ્રતિકૂળ સંયોગમેં રાગકી મંદતાસે સહન હુઆ ઉસકા નામ અકામ નિર્જરા કહેતે હૈ. ઐસે જ્ઞાનીકો ભી અકામ નિર્જરા હોતી હૈ. મંદ કષાય, જૈસે વેપારમેં બૈઠે હો ઔર ભોજનકા ટાઈમ ૧૧ વાગ્યાનો હોય અને જરાક ઘરાક ઐસા આ ગયા તો ભોજન દો તીન ઘંટા આઘે ચલા ગયા, હતા જ્ઞાની. સમજમેં આયા ? ઈચ્છા નહીં થી કે મૂઝે દો બજે આહાર લેના દૂધ પીના ઈચ્છા તો દસ બજેકી થી પણ ઐસા કોઈ ઘરાક આયા તો ઉસમેં રૂક ગયા તો ઈસમેં કષાયકી મંદતા હુઈ ઈચ્છા નહીં થી કે વો નહીં કરના કે દૂધ નહિ પીના ઐસા પણ છતાં ઐસા કારણમેં ઐસા સંયોગ આ ગયા તો ઉસમેં મંદ કષાયકા ભાવ રહ્યા તો ઉસમેં કર્મ ખીરે ઉસકા નામ અકામ નિર્જરા કહેતે હૈ આરે !

જ્ઞાની ઐસે બિલકુલ કોઇકા કર્તા નહીં ( જાનનેવાલા ) ( અકામ ને –અવિપાક ) હૈં ? કયા ? અકામ અને સવિપાક, સવિપાક તો ઉદય આકર ખીર જાતા હૈ ઈતના અને અકામમેં પ્રતિકૂળ સંયોગ ઐસા આયા સહન કરનેકી ઈચ્છા નહીં થી. નહીં ખાના ઐસી ઈચ્છા નહીં થી, પણ ખાના દૂર હો ગયા સહજ, ઉસમેં કષાયકી મંદતા આ ગઈ તો ઉસકા નામ અકામ નિર્જરા. જેમ પશુ અહીં તો સમકિતીકી બાત હૈ ( જી. હા ) પશુ છપ્પનીયાકા દુકાળમેં બહુત દુઃખ, ઘાસ નહિ મિલતા થા સમજમેં આયા ? છપ્પન, બહોત હમને તો નજરે દેખા હૈ ને, દસ વર્ષકી ઉંમર થી છપ્પનમેં તો ઐસા આંખમેં આંસુ પણ ઐસા ખાનેકા ભાવ થા મગર પ્રતિકૂળ સંયોગમેં અંદરમેં કિસીકો કષાય મંદ હો ગયા, મંદ હો ગયા તો ઈસકો અકામ નિર્જરા કહેનેમેં આતા હૈ ઐસા મરકર સ્વર્ગમેં ભી જાય – મિથ્યા દૃષ્ટિ હો પણ અકામ નિર્જરાસે સ્વર્ગમાં ભી જાય, પણ ઉસકી બાત અહીંયા, નહિ હૈ અહીંયા સમ્યગ્દૃષ્ટિકી બાત હૈ – વિશેષ લેના લ્યો –

* * * * *

---

**પ્રવચન નં. - ૩ ગાથા ૩૨૦ તા. ૧૨-૮-૭૦**

---

ગયા, દૂસરા પારિગ્રાફ, એકદમ સૂક્ષ્મ તત્ત્વ હૈ, અમારે શેઠ પૂછતે હૈં, કે સૂક્ષ્મ કયોં કહેતે હો ?

**( શ્રોતાઃ )** ઉસકા ખુલાસા **( ગુરુદેવઃ )** વો અતીન્દ્રિયજ્ઞાનસે પક્કડમેં આવે ઐસી ચીજ હૈ, શેઠ ? વિષય કયા ચીજ હૈ ? સમ્યગ્દર્શન હૈ વો પર્યાય હૈ–અવસ્થા... પણ ઉસકા ધ્યેય... કયા ચીજ હૈ ? કૈસી હૈ ? એ ચીજની વ્યાખ્યા ટૂંકી પહેલે કહેગા, વિશેષ પીછે કહેગા.

પહેલા શબ્દ હૈ ‘ સર્વવિશુદ્ધ ’ કૈસા હૈ ભગવાન આત્મા અંદર ? એક સમયકી પર્યાય બિનાકી ચીજ ! શરીર તો નહીં, વાણી તો ઉસમેં નહીં, પુણ્ય પાપકા વિકલ્પ જો રાગ હૈ વો તો ઉસમેં નહીં, પણ એક સમયકી પર્યાય જો મોક્ષ ઔર મોક્ષકા મારગકી હૈ, વો ભી ઉસમેં નહીં ઐસા સર્વવિશુદ્ધ ભગવાન આત્મા !

પાનાં તો હૈ ને હાથમેં ? પાનાં હો તો ઠીક પડેગા ઉસમેં છે નેમીચંદભાઈ ? પાનામાં ધ્યાન રાખવું હોં ? ઓલા દાગીનાને કેમ રાખે છે ઘેરે ? હીરાને રાખે ડાબલીમાં એમ પાનાં ચૂંથાઈ જાય ને મેલા થઈ જાય એમ ન રાખવું, આ તો હીરા જૈસી ચીજ હૈ સમજમેં આયા ?

કયા કહતે હૈ ? ‘ સર્વવિશુદ્ધ ’ ભગવાન આત્મા, એક સેકન્ડકા અસંખ્યમાં ભાગમેં એક સમયમેં વસ્તુ સર્વવિશુદ્ધ ધ્રુવ. સર્વવિશુદ્ધ એક બોલ. ‘ પારિણામિક ’ સહજ ત્રિકાળી ભાવ, સર્વવિશુદ્ધ પારિણામિક, પારિણામિક અર્થાત્ સહજ કોઈની અપેક્ષા પર્યાયની નહીં, નિમિત્તની નહીં, નિમિત્તના અભાવની નહીં, એવો ત્રિકાળી પરમપારિણામિક‘ પરમ ભાવગ્રાહક ’ ઐસા જો પરમભાવ ધ્રુવ. સમજમેં આયા ? ઐસા પરમભાવ, ત્રિકાળીભાવ, એક સમયકી પર્યાય વિનાકા ભાવ, પરમભાવ ગ્રાહક યે હૈ અંદરમેં હોં ઐસા ? હૈ ઉસકો બતાતે હૈ, અંદરમેં હૈ ઐસા દરેકમેં ઉસકો બતાતે હૈ. ઉસકી દૃષ્ટિ કરના પહલે ઐસા કહતે હૈં, ઉસકો ખ્યાલમેં લીધા વિના દૃષ્ટિ કહાંસે કરે ? સમજમેં આયા ?

પ્રથમમેં પ્રથમ સમ્યગ્દર્શનકા પ્રાપ્તિ કરનેમેં ઉસકા વિષય કયા ? ઉસકા ધ્યેય કયા ? વો ચલતી હૈ બાત, સૂક્ષ્મ હૈ ઐસી બાત જૈનદર્શન સિવાય બીજે કયાંય હો સકે નહીં ( **શ્રોતાઃ** બીજા મોક્ષની વાત કરે છે તો ખરા ) ગુરુદેવઃ ઈ વાતું કરે બધાય ડીંગમારે કલ્પનાથી સમજમેં આયા ? ખબર નહીં ઉસકો. સતકી એ માને કે યહાં બી ઠીક હૈ વહાં બી ઠીક હૈ, ઠીક હૈ હી નહીં કયાંય, સર્વજ્ઞ પરમેશ્વર, વીતરાગદેવે એક સેકન્ડકો અસંખ્ય ભાગમેં તીનકાલ, તીનલોક દેખા, ઉસકે મુખસે વાણી નીકલી, એ આગમ ઔર ઉસને કહા વો પદાર્થ, નંદકિશોરજી ? ( **શ્રોતાઃ** ) યે તો સંપ્રદાયકી બાત હૈ ( **ગુરુદેવઃ** ) સંપ્રદાય કી નહીં વસ્તુકી સ્થિતિ ઐસી હૈ, સંપ્રદાયકી બાત નહીં આ... સમજમેં આયા ?

જૈનદર્શન કોઈ સંપ્રદાય નહીં હૈ, વસ્તુકા ઐસા સ્વભાવ હૈ, ઉસકો જૈન કહતે હૈં, ઐસી જૈનકી જો ચીજ અંદર હૈ વીતરાગસ્વરૂપ ! સર્વવિશુદ્ધ ! ઉસમેં રાગ નહીં, પર્યાય મલિન નહીં, એક સમયકી હીણી અવસ્થા ભી નહીં, પર્યાય જો એક સમયકી હૈ વો ભી નહીં. પર્યાય હૈ પણ ત્રિકાળી ધ્રુવમેં પર્યાયકા અભાવ હૈ. સમજમેં આયા ?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સર્વવિશુદ્ધ પારિણામિક, પારિણામિક એટલે સહજભાવ. જિસમેં સહજરૂપ, ત્રિકાળી ધ્રુવ-પરમભાવ, ઐસા જો પરમભાવ, ધ્રુવભાવ, જ્ઞાયકભાવ અવિનાશીભાવ ઉસકો ગ્રાહક ઉસકો જાનનેવાલી નય, નય એટલે જ્ઞાનકા અંશ, જો ઐસા પરમભાવ વસ્તુકો પકડે જાણે, ઉસકા નામ દ્રવ્યાર્થિકનય કહનેમેં આયેગા દેખો! 'પરમભાવગ્રાહક શુદ્ધ ઉપાદાનભૂત'-પહલે ઉપાદાન આ ગયા, યે પર્યાયકા થા, આ શુદ્ધ ઉપાદાન ધ્રુવકા હૈ. શાસ્ત્ર તાત્પર્ય દોપહરમેં આતે હૈ ન, સમજમેં આયા ?

ધ્રુવ... નિત્યાનંદ પ્રભુ જિસમેં હલન ચલન મોક્ષકા મારગ ને મોક્ષકી પર્યાય ભી જિસમેં નહીં. સમજમેં આયા ? 'ઐસા શુદ્ધ ઉપાદાનભૂત' એમ શબ્દ પડા હૈ ને, ઓલામાં શુદ્ધ ઉપાદાનરૂપસે ઐસા થા, શુદ્ધ ઉપાદાનભૂત નહીં થા, પહેલે પાંચમી પંક્તિ. (પોતે શુદ્ધ ઉપાદાનરૂપે કરતો નથી અને વેદતો નથી) ઐસા કથન થા, વહાં પર્યાય થી, ઈધર 'શુદ્ધ ઉપાદાનભૂત' ત્રિકાળ (ધ્યેયની વાત છે) સમજમેં આયા ? શાંતિસે સમજના, અપૂર્વચીજ હૈ, આ ટીકા આચાર્યે એટલી સૂક્ષ્મતાસે કીયા, એકલા અમૃત રેડયાં છે સમજમેં આયા ?

જિસકો સમજમેં ન હો તો ઉસે સમજના તો પડેગા ને પહલે, (કિ) કયા ચીજ હૈ ? અને કઈ ચીજકી દૃષ્ટિ કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ. સમ્યગ્દર્શન તો ધરમકી પહેલી સીઢી હૈ, ધરમકી દશા પ્રગટ હુએ બિના ઉસકો ધરમ કહાંસે હોગા ? સમજમેં આયા ? જ્ઞાન ને ચારિત્ર તો પીછે પણ સમ્યગ્દર્શન હો તો જ્ઞાન સચ્ચા હોતા હૈ ઔર જ્ઞાન સચ્ચા હો તો સ્વરૂપમેં સ્થિરતા હો તો ચારિત્ર સચ્ચા હોતા હૈ પ્રથમ દૃષ્ટિકા વિષય કયા હૈ ઉસકી તો ખબર નહીં તો કહતે હૈં કિ 'પરમભાવગ્રાહક' પરમભાવ ત્રિકાળ, ઉસકો જાનનેવાલી ગ્રાહક એટલે ગ્રહણ કરનેવાલી ઐસા ત્રિકાળભાવકો ગ્રહણ કરનેવાલા ઐસા નયકા અંશ-જ્ઞાનકા વર્તમાન અંશ, આગે કહેગા. 'શુદ્ધ ઉપાદાનભૂત' ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક ભગવાન... ચૈતન્યબિંબ! અનાદિ-અનંત (અર્થાત્) આદિ અંત વિનાકા, ઐસા શુદ્ધઉપાદાનભૂતશુદ્ધ ઉપાદાન સ્વરૂપ, એમ કહતે હૈં એટલા તો વિશેષણ દિયા, આહાહા! સમજમેં આયા ?

"શુદ્ધ દ્રવ્યાર્થિકનયસે" ઐસા જો ચીજ, જો ત્રિકાળી ધ્રુવ સ્વભાવ, યે શુદ્ધ દ્રવ્ય! શુદ્ધ દ્રવ્ય નામ ત્રિકાળ સ્વભાવ-સામાન્ય યે શુદ્ધદ્રવ્યાર્થિક-શુદ્ધદ્રવ્ય કો આર્થિક- જે જ્ઞાનકા પ્રયોજન શુદ્ધ-દ્રવ્યકો લક્ષમેં લેના હૈ ઐસી નયકો શુદ્ધ દ્રવ્યાર્થિકનય કહતે હૈં. શુદ્ધ... દ્રવ્ય, દ્રવ્ય એટલે વસ્તુ આર્થિક એટલે જિસકા પ્રયોજન ઐસા નય જો જ્ઞાનકા અંશકા પ્રયોજન ત્રિકાળી ધ્રુવકો લક્ષમેં લેના હૈ ઐસા નયકો યહાં શુદ્ધદ્રવ્યાર્થિકનય કહતે હૈં આહાહા!

સંસારમાં-વેપારમાં આ વાત હોય નહીં, હોય ? (તમે) બે ભાઈઓ વચ્ચે આ વાત કોઇ દિ' કરી છે ? સંપ્રદાયમાં જાય ત્યાં ય મળે નહીં (ત્યાં) ભક્તિ કરો ને જાત્રા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

કરો ને પૂજા કરો... દયા પાળો ને વ્રત કરો, સ્થાનકવાસી હોય તો દયા પાળો, દેરાવાસી હોય તો જાત્રા–પૂજા કરો... મંદિર–મંદિર બનાવો. દિગમ્બર હોય તો ઐસા ખાના ને ઐસા ન ખાના–પીના એ ઉસમેં ઘૂસ ગયા એ.. ય ! પોપટભાઈ ? ( શ્રોતાઃ ) આવું ચાલે છે. ( ગુરુદેવઃ ) ચાલે છે ત્યારે તો આ વાત ચાલે છે.

કહેતે હૈં... ઓ.. હો.. હો.. હો અંદર વસ્તુ જે હૈ ભગવાન આત્મા ધ્રુવ ! એ એમાં શરીર તો નહીં, વાણી તો નહીં, કર્મ તો નહીં, પુણ્ય પાપના વિકલ્પ રાગ વો તો નહીં પણ એક સમયકા પર્યાય જો પ્રગટ પર્યાય વ્યક્ત પર્યાય જો વર્તમાન અવસ્થા વો ભી જિસમેં નહીં. સમજમેં આયા ? ભારે ભાઈ સાંભળ્યું નો હોય કેટલાકે તો આવું ! કોણ જાણે શું હશે આ ?

'સર્વવિશુદ્ધ' ફેર લેતે હૈં, યે ભાઈ તો જાનેવાલે હૈં, ઠીક હવે છેલ્લે વ્યાખ્યાનમેં સૂન તો જાય કે ઐસી ચીજ થોડી હૈ વીતરાગ માર્ગમેં વસ્તુના માર્ગમેં, ઐસી વીતરાગમારગમેં વસ્તુકા મારગમેં ( શ્રોતાઃ ) પ્રભુકા મારગમેં હૈ ( ગુરુદેવઃ ) પ્રભુ ! એકલા પવિત્રતાકા પિંડ એકલા શુદ્ધ સ્વભાવકા ગંજ એકલા નિત્યાનંદ જિસમેં નિત્ય આનંદ પડા હૈ ઐસી ચીજ એ સર્વવિશુદ્ધ પારિણામિક અર્થાત્ ત્રિકાળભાવ ! પારિણામિક એટલે સહજપરિણામ આત્મસ્વરૂપકા લાભ એટલે વાસ્તવિક આત્મસ્વરૂપ તો ધ્રુવ. પારિણામિકની વ્યાખ્યા હૈ 'પંચાસ્તિકાય'મેં હૈ ભાઈ 'આત્મસ્વરૂપલાભઃ પારિણામિકઃ' સમજમેં આયા ? પંચાસ્તિકાયમેં હૈ.

( પંચાસ્તિકાય ગ્રંથમાં જોતાં જોતાં ) શ્રોતાઃ ૫૪–૫૫ માં ( ગુરુદેવઃ ) ૫૬માં છે. ખબર છે ને ? એ.. છપ્પન ( ગાથા ) આવી. છપ્પનમાં હૈ 'દ્રવ્યઆત્મલાભહેતુકઃ પરિણામઃ' સંસ્કૃત હૈ, વો અમૃતચંદ્રાચાર્ય કહા હૈ. દ્રવ્ય–આત્મલાભ, દ્રવ્ય નામ વસ્તુ. વસ્તુ નામ પદાર્થ, ઔર ઉસકા આત્મલાભ સ્વરૂપનો લાભ, જિસકો યહાં પારિણામિકભાવ કહતે હૈં, યે દ્રવ્ય આત્મલાભ, વસ્તુકા સ્વરૂપ ઉસકા લાભ, લાભ નામ ઉસકી હૈયાતિ ( અર્થાત્ ) વસ્તુકા ત્રિકાળી સ્વરૂપ, ઉસકા લાભ નામ હૈયાતિ ઐસા જો કારણ ઐસા પરિણામ સમજમેં આયા ?

આ તો આખિરકી બાત, સમ્યગ્દર્શનકા વિષયકી હૈ ( શ્રોતાઃ માખણ હૈ ) ( ગુરુદેવઃ ) માખણ હૈ, કભી સૂના હી નહીં અંદરમેં, જે તે સૂનકર જિંદગી ગાળ દિયા, ( શ્રોતાઃ અબ સુનાઈએ આપ ) દ્રવ્ય–આત્મલાભહેતુકઃ દેખો ! સંસ્કૃતમેં હૈ ( નીચે ) પરિણામસે યુક્ત જે પારિણામિક કૈસા હૈ ? કે આત્મલાભ, આત્મલાભ, નામ સ્વરૂપકા લાભ, સ્વરૂપકા લાભકા અર્થ પર્યાય નહીં અહીંયાં, સ્વરૂપકી હૈયાતિ ! દેખો, આત્મલાભકા અર્થ કૌંસમેં કિયા હૈ–હૈયાતિ.

ભગવાન આત્મા નિત્યાનંદ એક સમયકી વર્તમાન પ્રગટ અવસ્થા સિવાય, સમજમેં

આયા ? આત્મલાભ આત્માની હૈયાતિ જુઓ પર્યાયકી હૈયાતિ, નહીં કિયા આત્માકી યહાં. આહા.. હા.. હા ! પુણ્ય-પાપકા રાગ તો એક બાજુ રહી ગયા વિકાર પણ એકસમયકી પર્યાય વો દ્રવ્ય આત્મલાભ નહીં, ભગવાન ધ્રુવ નિત્યાનંદ પ્રભુ આદિ-અંત વિનાકા સત્ સ્વરૂપ ઐસા આત્મા ઉસકા લાભ. સ્વરૂપપ્રાપ્તિ, નીચે અર્થ કિયા હૈ અમારે પંડિતજીએ ( કિ ) આત્મલાભ સ્વરૂપપ્રાપ્તિ-સ્વરૂપને ધારી રાખનાર-પોતાને ધારી રાખનાર હૈયાતી, દ્રવ્ય પોતાને ધારી રાખે-પોતાની હૈયાતિ રહે તેને પારિણામિક કહેનેમેં આતા હૈ. સમજમેં આયા ? એક તેને જ યહાં પારિણામિક કહા હૈ પારિણામિક = વસ્તુકા હૈયાતિરૂપ ભાવ. ત્રિકાળ સત્‌રૂપ ભાવ, ત્રિકાળ નિત્યરૂપ ભાવ ઉસકો યહાં પારિણામિક આત્મસ્વરૂપ હૈયાતિ કહેનેમેં આતા હૈ, જિસમેં એક સમયકી પર્યાય ભી આતી નહીં, નંદકિશોરજી ? ઐસા ‘ પરમભાવગ્રાહક ’ ઐસા ત્રિકાળી ભાવ, સ્વરૂપકી હૈયાતિરૂપ ધ્રુવ ભાવ, ધ્રુવભાવ ઉસકો ગ્રહણ કરનેવાલી નય, કે જે ‘ શુદ્ધઉપાદાનભૂત ’ ત્રિકાળ હૈ અંદર આદરણીય ચીજ હો તો શુદ્ધ ઉપાદાન ગ્રહણ કરનેલાયક ચીજ હો તો યે ચીજ હૈ. સમ્યગ્દૃષ્ટિકો ( જ્ઞાનીકો- ) ધર્મીકો યે શુદ્ધ ઉપાદાનચીજ યે ગ્રહણ કરને લાયક યે ચીજ હૈ. ત્રિકાળી ધ્રુવ આશ્રય કરને લાયક હૈ. સમજમેં આયા ?

ઐસા ‘ શુદ્ધઉપાદાનભૂત ’ અભેદ કર દિયા હૈ, શુદ્ધઉપાદાનભૂત, સ્વરૂપ, એક સમયકી પર્યાય ચલતી હૈ ભલે ધરમકી પર્યાય પ્રગટ હુઈ હો તો ભી ઉસ પર્યાયસે રહિત, પર્યાયસે અવસ્થાસે રહિત ‘ શુદ્ધઉપાદાનભૂત ’ ત્રિકાળ ચીજ, ‘ શુદ્ધદ્રવ્યાર્થિકનય ’ શુદ્ધ દ્રવ્યકો જાનનેવાલી ઐસી નય. એ નયસે ‘ જીવ ’ ભગવાન આત્મા, કર્તૃત્વભોક્તૃત્વસે રહિત હૈ. આહાહાહા ! સમજમેં આયા ? જૈનદર્શન સૂક્ષ્મ હૈ. આ જૈનદર્શન, વસ્તુ જે ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકભાવ હૈ, વો ભાવ, રાગકા ભી કર્તા નહીં, રાગકા ભોક્તા નહીં, બંધકા પરિણામકા કર્તા નહીં, બંધકા કારણરૂપ પરિણામકા કર્તા નહીં, મોક્ષકી પર્યાયકા કર્તા નહીં, મોક્ષકા માર્ગકી પર્યાયકા કર્તા-ભોક્તા નહીં. અરે ! ગજબ વાત હૈ, નંદકિશોરજી ? કદિ આયા નહીં કિ પુરુષાર્થ કયા હૈ ?

ભગવાન ! તેરા ઘરમેં ચીજ ઐસી હૈ ( શ્રોતાઃ ) સબકી ઐસી સ્થિતિ હૈ ? ( ગુરુદેવઃ ) સબકી-સબ આત્મામેં ઐસા હૈ. સત... સત્ અવિનાશી નિત્યાનંદ નાથ ! ઐસા જીવ વો જીવ હો ? ધ્રુવ વો જીવ, ( શ્રોતાઃ ) વનસ્પતિનો જીવ પણ એવો હશે ? ( ઉત્તરઃ ) યે બધા, વનસ્પતિ-નિગોદ સબ ભગવાન પરમાત્મા સ્વરૂપ અંદર હૈ સમજમેં આયા ?

આંહી તો દૃષ્ટિ જિસકો કરની હૈ ઉસકો કહતે હૈ કિ ધ્યેય કરને લાયક આ ચીજ હૈ, યે સિવાય રાગકા ધ્યેય, નિમિત્તકા ધ્યેય ઔર એક સમયકી પર્યાયકા ધ્યેય લક્ષમેં લેનેસે ધર્મ હોતા નહીં સમ્યગ્દર્શન પ્રાપ્ત હોતા નહીં. આહાહાહા ! સમજમેં આયા ? ભાષા સાદી હૈ, કાંઈ ઐસી ગૂઢ નહીં હૈ બહોત, ભલે ભાવ ગૂઢ હો ! સમજમેં આયા ? પણ કોઇ દિવસ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સૂના નહીં સમજે નહીં ધરમને નામે ઓધે ઓધે હાંકે, એમ ન ચાલે, મારગ કયા ચીજ હૈ? કયા ચીજકો દૃષ્ટિમેં લેના અને ઉસકા આશ્રય કરનેસે ધરમ હોગા સમ્યગ્દર્શન, યે વિના ધર્મ હોગા નહીં. સમ્યગ્દર્શન વિના કોઈ પણ ક્રિયા વ્રત નિયમ આદિ કરે એ બધા એકડા વિનાકા શૂન્ય હૈ. સમજમેં આયા? શ્યામદાસજી! બરાબર ઠીક હૈ, આ ગાથામેં આ ગયા. કહાં ગયા પ્રકાશદાસજી? હૈ કે નહીં?

પાનું છે કે નહીં? તમારી પાસે નહીં, મિલા નહીં? પાનું આપો, જુઓ પાના રાખવા જોઈએ ને તમારે? આંહી તો થાળી તો આપે પહેલી, પછી થાળીમાં ભોજન પીરસેને? નીચે થોડું પીરસવાનું છે? સમજમેં આયા? દેખો, ઉસમેં કયા લિખા હૈ?

ઐસા જીવ, કૈસા જીવ? કે જો 'સર્વવિશુદ્ધ ત્રિકાળ–પારિણામિક સહજ આત્મસ્વરૂપકી હૈયાતિરૂપ ભાવ' ઓહોહો! એક સમયકી પર્યાય, એ આત્મસ્વરૂપકી હૈયાતિ નહીં, એક સમયકી પર્યાયમેં જો રમતે હૈ–લક્ષ કરતે હૈં વો પર્યાયદૃષ્ટિ–મિથ્યાદૃષ્ટિ હૈ. સમજમેં આયા? આહા.. હા! પર્યાયબુદ્ધિ હૈ ઉસકી.

આંહી તો કહતે હૈં કે ત્રિકાળી ભગવાન, ઐસા જો 'જીવ' ઉપર કહા ઐસા વિશેષણવાલા, એ કર્તૃત્વ ભોક્તૃત્ત્વસે કર્તા ભોક્તાસે પરકા કર્તા ભોક્તા નહીં રાગાદિકા કર્તા નહીં ભોક્તા નહીં, આ બંધ મોક્ષકે કારણકા કર્તા ભોક્તા નહીં, ઉસસે શૂન્ય–કર્તા–ભોક્તાકે પરિણામસે શૂન્ય ઔર બંધ–મોક્ષકે કારણસે શૂન્ય, ઐસા કહા હૈ યહાં (શ્રોતાઃ) અશુદ્ધતા અને શુદ્ધતા બેયસે (ઉત્તરઃ) હા, બેયસે સમજમેં આયા?

ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ ધ્રુવ, સચ્ચિદાનંદ સ્વરૂપ વો ચીજ, રાગકા કર્તા નહીં, વ્યવહાર–દયા દાનકા કર્તા નહીં અને દયા–દાનકા ભોક્તા ભી ધ્રુવ ચીજ નહીં. સમજમેં આયા? એ સિવાય, બંધ મોક્ષકે કારણ બંધકા કારણ જો મિથ્યાત્વ અવ્રતાદિ પરિણામ, ઉસસે ભી વો ધ્રુવ ચીજ રહિત હૈ. સમજમેં આયા?

બંધ–મોક્ષકે કારણ–પહેલાં ઉસકી વ્યાખ્યા હોતી હૈ, મિથ્યાત્વ આદિ જો પરિણામ, બંધકા કારણ હૈ યે બંધકા કારણ પરિણામ જો હૈ ઉસસે શૂન્ય આત્મા હૈ, ધ્રુવભગવાનમેં યે પરિણામ હૈ હી નહીં. સમજમેં આયા? આહાહા! મોક્ષકા કારણ–અરે, સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રકા જો પરિણામ–સચ્ચા મોક્ષમારગ, ઐસા પરિણામ, મોક્ષમારગ ભી પરિણામ હૈ–પર્યાય હૈ–એકસમયકી અવસ્થા હૈ તો મોક્ષકા મારગરૂપી પરિણામ–નિશ્ચય, સચ્ચા સમ્યગ્દર્શન સચ્ચા સમ્યગ્જ્ઞાન સચ્ચા સમ્યક્‌ચારિત્રરૂપ વર્તમાન પરિણામ–પર્યાય, ઉસસે ધ્રુવ રહિત હૈ. સમજમેં આયા? શોભાલાલજી.

આ પુસ્તક–પાનાં રાખ્યા છે, હિન્દીભાષી ભાઈ આવે, વાંચે તો ખબર પડે કે જૈનદર્શનમેં કયા હૈ? કૈસી ચીજ હૈ? યે સબ લોજિકસે–યુક્તિસે સિદ્ધ કરતે હૈં, પણ દરકાર નહીં હૈ અનાદિકાલસે. (શ્રોતાઃ પુસ્તક તો હૈ ઉસકે પાસ) (ગુરુદેવઃ) ખોલવાની

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દરકાર ક્યાં કરી છે સાંભળવાવાળાએ! સમજમેં આયા?

આહા.. હા ભગવાન આત્મા નિત્યાનંદ, શુદ્ધ દ્રવ્યાર્થિકનયકા પરમભાવ-સ્વભાવ ભાવ, ઐસી ચીજ વો કર્તાસે રહિત ને ભોક્તાસે રહિત. કિસકા? આ બંધકા કારણરૂપ પરિણામ ઉસકા કર્તા નહીં, મોક્ષકા કારણરૂપ પરિણામ ઉસકા કર્તા નહીં, પણ એ બંધ-મોક્ષકા કારણરૂપ પરિણામસે ભી શૂન્ય હૈ. સમજમેં આયા? ઔર બંધ ને મોક્ષકા પરિણામસે શૂન્ય. વો પહેલા બંધ મોક્ષકા કારણ કહા થા. સમજમેં આયા?

ભગવાન આત્મા, જો ધ્રુવચીજ હૈ, જીસમેં દૃષ્ટિ દેનેસે, દૃષ્ટિકી થાપ દેનેસે સમ્યગ્દર્શન હોતા હૈ, ઐસી જો ચીજ હૈ વો ચીજ કર્તા ને ભોક્તાસે રહિત હૈ પર્યાયકા કર્તા ભોક્તા ભી દ્રવ્ય નહીં આહાહા! સમજમેં આયા? (શ્રોતાઃ કર્તા-ભોક્તા દ્રવ્ય શી રીતે હોય?) સમજમેં આયા? આહાહા! અપની નિર્મળ પર્યાય મોક્ષકા માર્ગકી આનંદકી પર્યાય, ઉસકા ભી એ દ્રવ્ય ધ્રુવ કર્તા નહીં ને ઉસકા વો ભોક્તા ભી નહીં. સમજમેં આયા?

હૈ કિ નહીં સામે પાનાં દિયા હૈ, પંદરસે છપાયા હૈ રામજીભાઈએ (શ્રોતાઃ) વજુભાઈએ (ગુરુદેવઃ) એ તો રામજીભાઈએ કહ્યું 'તું ત્યારે ને કહો સમજમેં આયા? (શ્રોતાઃ કારણ પરમાત્મા) (ગુરુદેવઃ) હેં? કારણ પરમાત્મા, પણ આંહી એ કારણ-ફારણ લેના નહીં, કાર્યકા કારણ ઐસા આંહી નહીં લેના હૈ. સમજમેં આયા? વો તો 'નિયમસાર'મેં પર્યાયકા કથન હૈ ને મોક્ષમાર્ગકા ત્યાં કારણ ને કાર્યકી બાત હૈ.

આંહી કાર્યકા કારણ ધ્રુવ, ઐસા ભી લેના નહીં હૈ. આંહી, સમજમેં આયા? એ.. ય? મોક્ષમાર્ગમેં પર્યાયકા કથન હૈ કારણ -મોક્ષમાર્ગ જ પર્યાય હૈ સમજમેં આયા? વહાંસે તો ઉઠાયા હૈ ત્રીજી ગાથામાં ' **णियमेण य जं कज्ज** '-નિશ્ચય કરને લાયક હૈ પણ વો તો પર્યાયકી બાત હૈ, દ્રવ્ય તો નિશ્ચયકી પર્યાયકા કર્તા હી નહીં, આ રે! કૌન-સી અપેક્ષાસે બાત ચલતી હૈ સમજના તો ચાહિએ ને-नियमेन च निश्चयेन यत्कार्यं' નિશ્ચયથી કરવાલાયક હો તો મોક્ષકા માર્ગ કરવા લાયક હૈ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ એ કરને લાયક, પર્યાય કરનેલાયક હૈ. દ્રવ્ય તો મોક્ષમાર્ગકી પર્યાયકા કરનેવાલા હી નહીં. આહા.. હા!

(શ્રોતાઃ) ઐસા હૈ તો જગહ, જગહ, કુછ લિખાતે હૈં તો હમ ભૂલ જાતે હૈં (ગુરુદેવઃ) ભૂલ જાતે હો? ઠીક કહેતે હો! ખાતાવહીમેં ખતવતે હો કિ નહીં જગહ-જગહ ભિન્ન-ભિન્ન લિખા હો તો? કે ફલાણાના નામના એકાવન રૂપિયા, ફલાણાના હજાર રૂપિયા, તો જો જો ખાતામેં ખતવના હો તો ખતવતે હો કે નહીં, જુદા-જુદા લિખા હૈ તો ભિન્ન-ભિન્ન ખાતેમેં ખતવતે હો (શ્રોતાઃ વહાં તો નહીં ભૂલતે) ત્યાં તો ભુલતા નહીં (શ્રોતાઃ ત્યાં તો નુકસાન છે) (ગુરુદેવઃ) આંહી ભી નુકશાન બડા નુકસાન હૈ, ત્યાં તો નુકસાન હૈ હી નહીં આહાહા! સમજમેં આયા!

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયકો દ્રવ્યમેં ખતવના, દ્રવ્યકો પર્યાયમેં ખતવના વો બડી ખતવનીમેં ફેર હૈ આ તો વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગદેવે જાના ઉસકી વાણીમેં વસ્તુ સ્વરૂપ ઐસા આયા ઔર ઐસા હૈ. ઉસકા નિરૂપણ હોતા હૈ.

વસ્તુ હૈ તો વસ્તુ ધ્રુવ હૈ ઔર એક સમયકા કાર્યરૂપી પર્યાય હૈ, પણ યે કાર્યકા કારણ ધ્રુવ ઐસા અહીંયા નહીં. આહાહા ! સમજમેં આયા ? ધીમે–ધીમે સમજના યહ તો અમૃતકા ઝરણા હૈ, લ્યો ઝરણાં છે જયકુમાર ભી કહતે હૈં ભગવાન ! બાત તો ઐસી હૈ કોઈ અલૌકિક બાત હૈ.

‘ જીવ ’ કૈસા જીવ ? કે ઉપર કહા ઐસા ‘ સર્વવિશુદ્ધ–પારિણામિક–પરમભાવ ગ્રાહક–શુદ્ધ ઉપાદાનભૂત ’ શુદ્ધ દ્રવ્યાર્થિકનયસે ધ્રુવ ત્રિકાળી ચૈતન્ય ભગવાન અપના નિજ સ્વરૂપ નિજસ્વરૂપ કાયમ રહનેવાલી ચીજ સત્ હૈ તો આદિ અંતકા ભાવ વિનાકી ચીજ વો ( જીવ ) કર્તૃત્ત્વ–ભોક્તૃત્વસે ( શૂન્ય હૈ ) યે અપની પર્યાયકા કર્તા ઔર ભોક્તાસે યે ધ્રુવ–દ્રવ્ય તો રહિત હૈ. સમજમેં આયા ?

વિશેષ આયેગા પીછે હોં સ્પષ્ટીકરણ બહોત આયેગા યે તો ( ૩૨૦ ) ગાથા હૈ ન બડી આહાહા ! જૈન ધરમ કિસકો કહતે હૈં ઉસકી તો ખબર નહીં. જૈનધરમકી પર્યાય–ધરમ તો પર્યાય હૈ અહીં તો કહેતે હૈ કે ધર્મ વીતરાગી પર્યાય હૈ ઉસકા ભી દ્રવ્ય તો કર્તા હી નહીં, ભોક્તા હી નહીં. આહા.. હા ! સમજમેં આયા ?

ધ્રુવ ચિદાનંદપ્રભુ નિત્યાનંદ નિર્વિકલ્પ નિષ્ક્રિય અભેદ ઐસા જો ધ્રુવસ્વભાવ–ઐસા જો જીવ, વો જીવ, વો જીવ, અપની પર્યાયમેં રાગ ઔર નિર્મળપર્યાય–દોનોં કા કર્તા નહીં અને દોનોંકા યે ભોક્તા હી નહીં. સમજમેં આયા ?

બંધ–મોક્ષકે કારણસે શૂન્ય હૈ, ભગવાન આત્મા, નિત્યાનંદ પ્રભુ ! ધ્રુવ, સત્ યે તો બંધકે કારણ–મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ યે પરિણામસે ભી ધ્રુવ તો શૂન્ય હૈ. યે પરિણામ ધ્રુવમેં હૈ નહીં. ઔર મોક્ષકા મારગ મોક્ષકા કારણ હૈ ને ક્ષાયિક સમકિત, ક્ષાયિક ચારિત્ર, સમ્યગ્દર્શન જ્ઞાન કેવળજ્ઞાન, અહીં તો કારણ છે, મોક્ષકા કારણ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર વીતરાગીપર્યાય અવસ્થા હાલત, એ કારણથી ધ્રુવ શૂન્ય હૈ, યે પરિણામ ધ્રુવમેં હૈ નહીં. આહા.. હા ! સમજમેં આયા ?

બંધ–મોક્ષકા કારણ ઔર પરિણામ, એ કયા લિયા વળી ? બંધ–મોક્ષકા પરિણામ એમ. વો કારણ થા– બંધ–મોક્ષકા કારણ અને આ બંધ–મોક્ષરૂપી સ્વતઃ પરિણામ. કેવળજ્ઞાનકા પરિણામ–સિદ્ધકી પર્યાયરૂપી પરિણામ અને બંધકા પરિણામ–વર્તમાન મિથ્યાત્વ આદિ, એ પરિણામસે ધ્રુવ શૂન્ય હૈ. આહાહા ! સમજમેં આયા ? એ સિદ્ધકી પર્યાય અનંત કેવળજ્ઞાન અનંત કેવળદર્શન અનંતવીર્ય અનંત આનંદ ઐસી જો મોક્ષકી પર્યાય હૈ ઉસસે ધ્રુવ શૂન્ય હૈ. ધ્રુવમેં મોક્ષકી પર્યાય હૈ નહીં આહાહા ! સમજમેં આયા ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભારે વાત ભાઈ ! બંધ–મોક્ષકા કારણ અને બંધ મોક્ષરૂપી પરિણામ, બેય લેના, બંધ–મોક્ષકે કારણસે ભી શૂન્ય હૈ આત્મા–ધ્રુવ. ઔર બંધ–મોક્ષકે પરિણામસે ભી વસ્તુ ( ધ્રુવદ્રવ્ય ) શૂન્ય હૈ–ઉસકા નામ અહીં ભગવાન ધ્રુવ ચીજ, જીવ કહનેમેં આતા હૈ, યે ઉપર દૃષ્ટિ દેનેસે સમ્યગ્દર્શન હોતા હૈ આહાહા ! સમજમેં આયા ?

સમજમેં આયે ઐસી ચીજ હૈ હોં, ઐસી કોઈ ભાષા ઐસી નહીં હૈ ભલે કઠણ પડે અંદર ગોઠવવામાં પણ માર્ગ તો આ છે ચીજ ઐસી હૈ ઐસા તો ખ્યાલ આવેને ઉસકો અંદર ?

ચિદ્‌બિમ્બ પડા હૈ અંદર.. ધ્રુવ સત્ હૈ વસ્તુકા સ્વરૂપ ધ્રુવ, યે ‘ જીવ ’ અપની પર્યાય જો કહનેમેં આતા હૈ ઉસકા ભી કર્તા–ભોક્તા નહીં અને વો બંધ–મોક્ષકા કારણરૂપ જો પરિણામ હૈ ઉસસે યે ધ્રુવ શૂન્ય હૈ. ઔર બંધ ને મોક્ષકા સીધા પરિણામ પૂરા બંધના પરિણામ મોક્ષકા, ( જોહૈ ) ઉસ પરિણામસે ધ્રુવ શૂન્ય હૈ ચીમનભાઈ ? આવું કોઈ દિ ’ સાંભળ્યું તું ? ( શ્રોતાઃ ) બંધ–મોક્ષનાં કારણ ને પરિણામ તો છે ને ? ( ગુરુદેવઃ ) કીધું ને ! બંધ–મોક્ષકા પરિણામ હૈ પણ બંધ–મોક્ષકા કારણરૂપ પરિણામ અને બંધ–મોક્ષનાં પોતાનાં પરિણામ એમ. સમજમાં આવ્યું ? બંધ–મોક્ષકા કારણરૂપ પરિણામ ઔર બંધ–મોક્ષરૂપ પરિણામ સમજે નહીં ? બંધ જો હૈ ઉસકા કારણ મિથ્યાત્વ આદિ એ પરિણામ, એ પરિણામસે શૂન્ય, ઔર મોક્ષકે કારણ મોક્ષકા માર્ગરૂપ પરિણામ સમ્યગ્દર્શનજ્ઞાન, એ પરિણામસે ધ્રુવ શૂન્ય અને બંધપરિણામ–સીધા બંધ પરિણામ વર્તમાન કારણ બંધકા કારણ નહીં બંધ પરિણામ ને મોક્ષનાં પરિણામ, મોક્ષના ( સીધા ) પરિણામ ઉસસે ભી ( ધ્રુવ ) શૂન્ય. પંડિતજી ? હૈ ઐસી ચીજ હૈ કે નહીં ? આખું વાંચી ગયા હૈ ને પહેલે ઘરે ( શ્રોતાઃ વાંચ્યું ’તું પણ આવું નહોતું વાંચ્યું ) આ પંડિતજી છે બેય અને આ વકીલ હૈ કો ’ સમજમેં આયા ? ( શ્રોતાઃ એમણે સમાજના કામ કર્યાં છે ) ( ગુરુદેવઃ ) ધૂળેય કરતા નહીં હૈ સમાજકા કામ, સમાજકા કામ કોણ કરતે હૈં ?

આંહી તો કહતે હૈં દ્રવ્ય, અપની પર્યાયકો કરે નહીં, તો સમાજકા ( કામ ) કહાંસે કરે ? આહાહા ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરકા મારગ આત્મા હોં આત્માકા વીતરાગ એટલે તું, તેરા પરમેશ્વર વીતરાગસ્વરૂપસે ભરાપડા હૈ. ઐસી ધ્રુવ ચીજ–અપની પર્યાયકો કરે ને ભોગવે નહીં તો પરકો સમાજકો કોણ કરે ? અભિમાન કરકે મિથ્યાત્વભાવકો કરે ! તો ભી વો મિથ્યાત્વભાવસે ધ્રુવ તો શૂન્ય હૈ, સમજમેં આયા ? આહાહા !

બંધ–મોક્ષકા કારણરૂપ પરિણામ, એમ લેના, બંધ–મોક્ષકા કારણરૂપ પરિણામ, ઉસકા કારણરૂપે અને બંધ–મોક્ષરૂપી પરિણામ, ઉસસે શૂન્ય હૈ, ધ્રુવ ઐસા ધ્રુવ ઉસસે ખાલી હૈ, અપના આનંદ આદિ ગુણોંસે ભરપૂર હૈં પણ ઐસી પર્યાયસે શૂન્ય હૈ, ( વાહરેવાહ ) ગજબ વાત હૈ ( શ્રોતાઃ ) નિર્મળ પર્યાયસે ભી ? ( ગુરુદેવઃ ) નિર્મલ પર્યાયસે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભી વે ( ધ્રુવ ) શૂન્ય હૈ કહાને !

મોક્ષનાં કારણ ને મોક્ષપર્યાય–સિદ્ધકી પર્યાયસે ધ્રુવ શૂન્ય હૈ, પર્યાય હૈ ને, પર્યાય તો એક સમયકી અવસ્થા હૈ ( ઉસસે શૂન્ય ) ધ્રુવ ચીજ હૈ ત્રિકાળી ધ્રુવ જો કેવળજ્ઞાનકી પર્યાય ને સિદ્ધકી પર્યાયસે ખાલી હૈ, સિદ્ધકી પર્યાય ઉસમેં હૈ નહીં, પર્યાય પર્યાયમેં હૈ, ધ્રુવમેં હૈ નહીં. ભારે વાત ભાઈ ! એય ? સંજય આતે હૈ ને ખ્યાલ. ઠીક આ તો અમૃત રેડતે હૈં અમૃત. સમજમેં આયા ?

ઓહો ! બે લીટીમેં કિતના ભર દિયા હૈ, આગે વિશેષ આયેગા હોં સ્પષ્ટ કરેંગે, આ તો ઐસી વાત કહનેમેં આ ગઈ હૈ ઐસા યહાં કહા હૈ ‘ સર્વવિશુદ્ધ જ્ઞાન અધિકાર ’ ઉપાડા હૈ ઉસમેં ઐસી બાત કહનેમેં આ ગઈ હૈ.

‘ ઐસા સમુદાય પાતનિકામેં કહા ગયા થા ’ દેખો ! પહલે સંસ્કૃતટીકામેં વો ગાથા પહેલે આ ગઈ હૈ ઉસમેં યે કહેનેમેં આ ગયા હૈ. સમજમેં આયા ? હજી તો આંહી માથાકુટ બહારની, દયા–દાન ને વ્રત કરો તો તમને ધરમ થાય, ધૂળેય ન થાય હવે સાંભળને ! ( શ્રોતાઃ ) પંચમકાળમાં થાતો હશે ! ( ગુરુદેવઃ ) પંચમકાળમાં ય ન થાય. સુખડી છે તે પંચમકાળમાં પેશાબની થાતી હશે ? આટા, સાકર ને ઘી એ ત્રણેકી સુખડી હોતી હૈ, પંચમઆરામેં એ ત્રણેકી જગાએ પાણીને ઠેકાણે પેશાબ ને સક્કરને ઠેકાણે કાદવ, ઉસકી સુખડી બનતી હૈ ? એય.. શેઠ ? ( શ્રોતાઃ ) મા ’રાજ આપ બાર–બાર વ્યવહારકા નિષેધકી બાત કરતે હો તો કોઈ નદીમેં ડૂબતા હો તો ડૂબને દેં ? ( ગુરુદેવઃ ) પણ કોણ ડૂબને દે, એને કરે કોણ ? વો તો ઐસી દેહકી ક્રિયા હોનેવાલી હો તો હુએ બિના રહે નહીં, વિકલ્પ આવે તો કરતા હૈ પણ વિકલ્પ આયા તો દેહકી ક્રિયા હુઈ ઐસા નહીં હે, ઔર દેહકી ક્રિયા હુઈ તો બચ ગયા વો ઐસા ભી નહીં. ( શ્રોતાઃ ) બચાવવાનો ભાવ આવ્યો તે ધર્મ તો હુઆ ? ( ગુરુદેવઃ ) ધર્મ તો ઉસમેં કહાં હૈ ? પુણ્ય–રાગ હૈ ઔર રાગ અપનેકો હિતકર માનતા હૈ વો તો મિથ્યાત્વકા પોષક હૈ.

અજર પ્યાલા હૈ ભાઈ વીતરાગકા મારગ હૈ બાપુ ! આહા.. હા ! ( શ્રોતાઃ ) મારગને તો આપ પર્યાય કરાવો છો ને પર્યાય તો દ્રવ્યમાં છે નહીં. ( ગુરુદેવઃ ) હેં ? મારગ પર્યાય હૈ, કર્તૃત્વ પર્યાયમેં હૈ, કર્તૃત્વ દ્રવ્યમેં કૈસા ? આહાહા ! સમજમેં આયા ? કર્તવ્ય–કર્તવ્ય જે કહના યહ તો પર્યાયમેં હૈ, ઐસી પર્યાયસે તો ભગવાન કૃતકૃત્ય હિ હૈ કર્તવ્ય ઉસકા કોઇ હૈ હી નહિ કર્તા ભગવાન હૈ હી નહીં એય નંદકિશોરજી ? હૈ કિ નહીં ઈસમેં ? ( શાસ્ત્ર ) પાનાં હૈ વો શબ્દકા તો અર્થ હોતા હૈ–જ્ઞાન તો કરના પડેગા ન, અભી તક સૂના થા કુછ ને આ વાત હૈ દૂસરી આહા... હા ! ( શ્રોતાઃ ) દિગમ્બરકી વાણીમેં દિગમ્બર હોનેકી હી બાત હૈ ( ગુરુદેવઃ ) દિગમ્બરની વાણીમેં દિગમ્બર હોના–દિગમ્બર નામ રાગ વિના પર્યાય વિનાકી દૃષ્ટિ કરના વો દિગમ્બર હૈ ( શ્રોતાઃ ) સબકા અર્થ બદલ દિયા ( ગુરુદેવઃ )

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

સબકા અર્થ બદલ દિયા–આ અમારે શેઠ કહતે હૈ. સમજમેં આયા ? જૈસા થા વૈસા અર્થ હૈ–આહાહા ! સમજમેં આયા ?

અહીંયા તો કહતે હૈં કે જ્યાં દૃષ્ટિ નાખના હૈ, એ કર્તવ્ય પર્યાયમેં હૈ મોક્ષમાર્ગકી પર્યાય કર્તવ્ય હૈ પણ વો તો પર્યાયકા કર્તવ્ય હૈ, ધ્રુવમેં કર્તવ્ય હૈ હી નહીં ( શ્રોતાઃ ) કબ ? ( ગુરુદેવઃ ) ત્રિકાળ એ ત્રિકાળ હૈ, વો બાત તો કિયા–પરિણામસે શૂન્ય હૈ તો ઉસકા અર્થ કયા હૈ ? સમજમેં આયા ? પરિણામ–મોક્ષનાં પરિણામ જો નિશ્ચયસમ્યગ્દર્શન–જ્ઞાનચારિત્ર હૈ વે પરિણામ હૈં વો પરિણામ કર્તવ્ય હૈ તો વો કર્તવ્ય તો દ્રવ્યમેં હૈ નહીં, પરિણામમેં કર્તવ્ય હો તો હો... આહાહા ! શોભાલાલજી ? કભી સૂના હી નહીં હોય ન્યાં બીડીમાં કયાં આ ? હતું ય નહીં આ પાછું ત્યાં શેઠ એમ કહે છે ને ! ન્યાં તો થા હી નહીં ને !

આહાહા ! માર્ગ તો ઐસા હૈ લોકોકો ખ્યાલ નહીં પર્યાય ઉપર ઈતના જોર–રાગ ઉપર જોર દેતા હૈ અરે, ભગવાન રાગ ને પર્યાય તો તેરેમેં હૈ હી નહીં, સૂન તો સહી, કિતના જોર તેરે દેના હૈ ? પર્યાય ઉપર જોર દેગા તો મૂઢ–મિથ્યાદૃષ્ટિ હોગા, સમજમેં આયા ? લાલચંદજી.

અજર પ્યાલા પિઓ મતવાલા, ચિન્હી અધ્યાત્મવાસા;
આનંદઘન ચેતન વ્હૈ ખેલે, દેખે લોક તમાશા.

આહા.. હા ! ભગવાન તો આનંદકંદ હૈ, વહ જગતકા સાક્ષી ભી નહીં ભાઈ ? ( શ્રોતાઃ ) સાક્ષી તો પર્યાયમાં હોય ને ! ( ગુરુદેવઃ ) સાક્ષી તો પર્યાય હૈ–સમજમેં આયા ? ઐસી ઐસી સાક્ષીકી પર્યાય તો ઉસમેં અનંત પડી હૈ, ત્રિકાળ લેના હૈ આંહી તો... સમજમેં આયા ? આ હરખ–જમણકી ગાથા હૈ આ, લગ્ન થયા પછી કરતે હૈં ને આખિરકા જમણ, અમારે અહીંયા કરતે હૈં કાઠિયાવાડમેં ( શ્રોતાઃ ) હવે પાર્ટી હો ગઈ ! ( ગુરુદેવઃ ) પાર્ટી હો ગઈ તો વો લો. અમારે પહલે લગન હોતા થા ને તો લગનમેં–શાદીમેં પહેલે સાત ટંક જમાડતે થે, સાત ટંક સમજે ? તીન દિન ઔર એક આધા દિન. ( શ્રોતાઃ ) હમારે યહાં ભી પાંચ–પાંચ દિન હોતા થા. ( ગુરુદેવઃ ) યહાં ભી પહલે ઐસા હોતા થા ( શ્રોતાઃ ) બ્રાહ્મણોમાં તો મહિનો ( ગુરુદેવઃ ) બ્રાહ્મણોમેં તો એક મહિના–મહિના અમારા ગામમાં હૈ એક શ્રીમાળી બ્રાહ્મણ. એક મહિના રખે જાનકો, પીછે આખિરકે દિન જમણ કરે ( હરખજમણ ) એટલે સારામાં સારું ને ઊંચામાં ઊંચું જમણ કરે, એમ આ સારામાં સારું ને ઊંચામાં ઊંચું જમણ છે આ. સમજમેં આયા ? ( શ્રોતાઃ ) યહાં કિસકી શાદી હો રહી હૈ ? ( ગુરુદેવઃ ) શાદી, આત્માકી.. ભાઈ ? આહાહા !

ભગવાન આત્મા આંહી તો કહતે હૈ કિ શાદીકે પરિણામસે ભી ધ્રુવ શૂન્ય હૈ, ઔર શાદીકા કયા, મોક્ષકા મારગકે પરિણામસે ભી ધ્રુવ શૂન્ય હૈ, ઓ તો કયા સિદ્ધપદકી પર્યાયસે ધ્રુવ શૂન્ય હૈ. આહાહા ! શુદ્ધતાકી પર્યાય જો હૈ ઉસસે ભી ધ્રુવ શૂન્ય હૈ શુદ્ધ નહીં

પણ ધ્રુવ શૂન્ય હૈ ક્યોંકિ કેવળજ્ઞાન આદિ તો ક્ષાયિક પર્યાય હૈ–વો ક્ષાયિકભાવ હૈ વો આયેગા, ક્ષાયિકભાવ તો પર્યાય હૈ, પર્યાય ધ્રુવમેં નહીં હૈ, પારિણામિકભાવ તો ત્રિકાળી ધ્રુવ હૈ ઉસમેં પર્યાય–ફર્યાય કૈસી ? સમજમેં આયા ?

'બંધ–મોક્ષકે કારણ ઔર કર્તૃત્વ–ભોક્તૃત્વસે ઔર પરિણામસે શૂન્ય' ઐસા સમુદાયપાતનિકામેં કહનેમેં આયા થા–કથનમેં પહલે આ કહના થા ઐસા આ ગયા થા, પશ્ચાત ચાર ગાથા દ્વારા જીવકે અકર્તૃત્વગુણકે વ્યાખ્યાનકી મુખ્યતાસે સામાન્ય વિવરણ કિયા ગયા, પહલે આ આ ગયા હૈ, અબ વિશેષ પીછે કહેગા ભાવ જો ખાસ કહેના હે વો ચાર ગાથા દ્વારા, જીવ અકર્તૃત્વ હૈ–જીવમેં કર્તૃત્વ હૈં હી નહીં પરકા, પર્યાયકા. અકર્તૃત્વગુણકે વ્યાખ્યાનકી મુખ્યતાસે–મુખ્યતાસે સામાન્ય કથન કિયા ગયા–વિવરણ કિયા, વિવરણ કહો કે કથન કહો, તત્ પશ્ચાત્ ચાર ગાથા દ્વારા શુદ્ધકો ભી પ્રકૃતિ કે સાથ જો બંધ હોતા હૈ યે અજ્ઞાનકા માહાત્મ્ય હૈ, ઐસા અજ્ઞાનકા સામર્થ્ય કહનેરૂપ વિશેષ વિવરણ કિયા ગયા થા.

ક્યા કહતે હૈં જુઓ ! અરે, ઐસા ભગવાન શુદ્ધ ધ્રુવ પ્રભુ ! જિસમેં પર્યાય ભી નહીં તો વિકાર તો કહાં આયા ? ઐસી ચીજમેં આ બંધ જો અજ્ઞાનકા પ્રગટ હોતા હૈ ઔર કર્મકા બંધ હોતા હૈ વો તો અજ્ઞાનકા માહાત્મ્ય હૈ. સ્વરૂપકા ભાન નહીં યે અજ્ઞાનકે કારણસે બંધ હોતા હૈ. સમજમેં આયા ? (શ્રોતાઃ) અજ્ઞાનનું માહાત્મય ? (ગુરુદેવઃ) અજ્ઞાનકા માહાત્મ્ય હૈ ને અજ્ઞાનકા માહાત્મય હૈ કિ નહીં ઇતના ?

આહા ! વસ્તુકા માહાત્મ્ય છોડકર, અજ્ઞાનકા માહાત્મ્ય ! આ ક્યા હુઆ ! ચિદાનંદ ભગવાન કેટલાક કહતે હૈ ને કે આત્મા શુદ્ધ હૈ પવિત્ર હૈ ને ! ઉસમેં યે અજ્ઞાન કહાંસે આયા ? એમ કેટલાક કહે છે (એનો ઉત્તરઃ) ઈ પર્યાયમેં ઉત્પન્ન કિયા તો આયા. સમજમેં આયા ?

ચિદાનંદ ભગવાન, નિત્યાનંદકા નાથ ઉસકે ઉપર દૃષ્ટિ ન કરકે એક સમયકા રાગ ઔર પર્યાય ઉપર દૃષ્ટિ કરકે અજ્ઞાન ઉત્પન્ન હુઆ, અજ્ઞાનકે કારણ ઐસા ધ્રુવ સ્વરૂપ હોને પર ભી બંધ હોતા હૈ, સમજમેં આયા ? ઐસા અજ્ઞાનકા સામર્થ્ય કહા હૈ જુઓ અજ્ઞાનકા સામર્થ્ય કહા હૈ ભ્રમણાકા સામર્થ્ય ! આહાહા ! (શ્રોતાઃ) પર્યાય એક ને એનું સામર્થ્ય કેવું ? ગુરુદેવઃ હૈ ને !

આહા.. હા ! મહાપ્રભુ ! ત્રિકાળ આનંદકંદકા નાથ, ઉસકા આશ્રય ન કિયા ઔર એક સમયકી પર્યાય–રાગકા આશ્રય કિયા, અજ્ઞાન હુઆ, અજ્ઞાનકા સામર્થ્ય હૈ યે બંધકા કારણમેં તો... સમજમેં આયા ? (શ્રોતાઃ) ધરમનું સામર્થ્ય છે ને બંધમાં (ગુરુદેવઃ) ધરમનું સામર્થ્ય બંધમેં કહાંસે આયા ? સમજમેં આયા ? એ.. ય આ રાગસે ધરમ હોતા હૈ એમ કહતે હૈં કિ નહીં ? વ્યવહાર રત્નત્રયસે નિશ્ચયરત્નત્રય હોતા હૈ, ધૂળમેંય હોતા

નહીં સૂન તો સહી. જેટલા વ્યવહાર સાધન-ફાધન કહા હૈ ઈ નિશ્ચયસે સાધન નહીં પણ બાધક હૈ. મોક્ષમાર્ગ પ્રકાશકમેં ખુલા લિયા હૈ. કો 'સમજમેં આયા ? સાધક કહા વોહી બાધક હૈ સમજમેં આયા ?

અલૌકિક ચીજ ! પર્યાય જો અંદરમેં વર્તમાનમેં વર્તતી હૈ, યે પર્યાયસે ભી વો વસ્તુ અંદર શૂન્ય હૈ ઐસા પ્રથમ કથનમેં આ ગયા હૈ, પછી લિયા કિ બંધ ક્યોં હોતા હૈ ઐસી ચીજમેં બંધ ક્યોં હોતા હૈ ? કર્મકા બંધ કિયા તો ક્યોં બંધ આયા ? તો કહતે હૈં સ્વરૂપકા ચિદાનંદ ભગવાન, ઉસકા ખ્યાલ બિના-જ્ઞાન બિના, ઉસકા અજ્ઞાનસે બંધ હોતા હૈ, સમજમેં આયા ? અજ્ઞાનકા માહાત્મ્ય હૈ, ઐસા અજ્ઞાનકા સામર્થ્ય કહા, ઐસા અજ્ઞાનકા સામર્થ્યરૂપે વિશેષ વિવરણ કરનેમેં આયા. તત્પશ્ચાત્ ચાર ગાથા દ્વારા જીવકા અભોક્તૃત્વગુણકા વ્યાખ્યાનકી મુખ્યતાસે વ્યાખ્યાન કરનેમેં આયા-પહલે કહા થા પણ અભોક્તૃત્વ ગુણકા સામાન્ય વ્યાખ્યાન થા, પહલે-પહલે આયા ન, યે અભોકતૃત્વગુણકા વિશેષ વ્યાખ્યાન હૈ, ત્યાર બાદ દો ગાથા કહનેમેં આયી જિસકે દ્વારા, પૂર્વે બાર ગાથામેં ' શુદ્ધ નિશ્ચયસે ' કર્તૃત્વ-ભોક્તૃત્વકે અભાવરૂપ-શુદ્ધ નિશ્ચયસે ભગવાન આત્મા, પર્યાયકા કર્તા ને ભોક્તા નહીં તથા બંધમોક્ષકે કારણ ને પરિણામકા અભાવરૂપ-પહલે શૂન્ય કહા થા, સમજમેં આયા ?

ધ્રુવ ભગવાન આત્મા, વો તો બંધકા કારણ ને મોક્ષકા કારણ પરિણામ ઔર બંધને મોક્ષરૂપ પરિણામસે અભાવરૂપ હૈ, ત્યાં શૂન્ય કહા થા, યહાં અભાવ કહા, ઐસી બાત આ ગઈ હૈ સમજમેં આયા ? જો વ્યાખ્યાન કિયા ગયા, ઉસકા હી ઉપસંહાર કરનેમેં આયા, ઉસકા હી ઉપસંહાર હૈ, ઈસ પ્રકારસે સમયસારકી ' શુદ્ધાત્માનુભૂતિ-લક્ષણ '- દેખો ! ભગવાન આત્મા ધ્રુવ ! ઉસકા અનુભૂતિ-અનુભવ હોના, ઐસી અનુભૂતિ જિસકા લક્ષણ ઐસી ' તાત્પર્યવૃત્તિ ' નામકી ટીકામેં મોક્ષાધિકાર સંબંધી ચૂલિકા સમાપ્ત હુઈ અથવા અન્ય પ્રકારસે વ્યાખ્યાન કરને પર, યહાં મોક્ષ અધિકાર સમાપ્ત હુઆ.

ફિર વિશેષ કહનેમેં આતા હૈ, હવે વિશેષ સ્પષ્ટીકરણ આયેગા, કહતે હૈં ઔપશમિકાદિ પાંચ ભાવોમેં કિસ ભાવસે મોક્ષ હોતા હૈ ? વહ વિચારનેમેં આતા હૈ, હવે જરી 'ક બાત ( શ્રોતાઃ ) વો તો પર્યાયકી વાત ( ગુરુદેવઃ ) પર્યાયકી બાત હૈ. યે પાંચ ભાવોમેં એક ( ભાવ ) દ્રવ્ય ભી હૈ અને ચાર પર્યાયેં હૈં તો ક્યા ભાવે મોક્ષ હોતા હૈ ? ઉસમેં કઈ પર્યાયસે મોક્ષ હોતા હૈ ? કઈ અવસ્થાસે આત્માકી મુક્તિ હોતી હૈ ? સમજમેં આયા ?

" ઔપશમિકાદિ પાંચ ભાવોમેં કિસ ભાવસે મોક્ષ હોતા હૈ " અબ વહ વિચારતે હૈં, હવે ભાવ કયા ? ત્યાં ઔપશમિક પહલે ભાવ, ઉપશમિકકા અર્થઃ આત્મામેં સમ્યગ્દર્શન ને સમ્યક્ચારિત્ર હોતા હૈ, વો ઉપશમભાવરૂપ હૈ. ક્ષય નહીં, ઉસકી પ્રકૃતિકા પરમાણુ પડા હૈ, જૈસે જલમેં મેલ હૈ ઉસમેં ફટકડી નાખનેસે મેલ બૈઠ ગયા હૈ, મેલ સમજ્યાને

નીચે જલમેં મેલ બેસી ગયો છે, નીકળી ગયો નથી, ઐસે આત્મામેં ઈ સમ્યગ્દર્શનમેં ઉપશમ, પ્રકૃતિકા ઠરના–ઠરના અંદર વહ ઉપશમ હુઆ, પ્રકૃતિકા અભાવ( ક્ષય ) નહીં હુઆ હૈ, સમજમેં આયા ?

એક દાખલો યાદ આવ્યો અમારે પાલેજમાં, મનસુખને ખબર નો હોય એનાં પહેલાંની–તારા જનમ પહેલાંની વાત છે, એક વખાર હતી ને વખાર પાછળ છે ને તેની નીચે એક સર્પ ગરી ગયેલો મોટો, ઘણાં વરસની વાત છે એનાં પહેલાંની વાત છે અમારે ત્યાં ( પાલેજમાં ) દુકાન હતી ને ! વખાર મોટી, સર્પ મોટો, કાઢવો શી રીતે ? ઘણાં લોકો આવી ચડયા તેમાં કો 'ક મોટો હશે ને તેણે કહ્યું ટાઢું પાણી છાંટો ( શ્રોતાઃ ) પાણી છાંટે તો રહે નહીંને મરે નહીં ( સર્પ ) મરી પણ ન જાય અને નીકળી જાય, પાછળ વખાર હતી ને ત્યાં નીચે સર્પ, તારો જન્મ તો ચીમોતેરમાં થયો, એનાં પહેલાંની વાત છે. ઈ સર્પ, મોટો સર્પ હવે તેને પકડવો શી રીતે ? અને નીચે શું કહેવાય ? હડફો–હડફો ! હડફો એટલે લાકડાનો–લાકડાની પેટી, હવે લાકડાની પેટીમાં માલ ( પેટી ) ઉપાડવી શી રીતે ? સમજાણું ? કોઈએ કહ્યું કે પાણી છાંટો પહેલા પાણી છાંટયા પછી પકડો, એમ આ પ્રકૃતિને ઉપશમ પાણી છાંટયું પહેલું ( એ ઉપશમ ) સમજમાં આવ્યું ?

દર્શનમોહની પ્રકૃતિ ને ચારિત્રમોહની પ્રકૃતિ ઉપર પાણી છાંટયું, ઉપશમ કર્યું પહેલું ( પ્રકૃતિ શાંત થઈ ગઈ ) અભાવ કર્યો નથી, એવું પર્યાયમાં ઉપશમ, યાદ આવી ગયું ( દૃષ્ટાંત ) સમજમાં આવ્યું ? ઐસા સમ્યગ્દર્શન, ( દૃષ્ટાંત ) ઘણી વખત યાદ આવતું.

ઉપશમ સમ્યગ્દર્શન પહલે કહા દેખો ! ઉસમેં દોહી લે લેના, ઔપશમિકકા દો પ્રકાર–ઐસા લેના એક ઉપશમસમ્યગ્દર્શન ઔર ઉપશમચારિત્ર–દો પ્રકાર યહ ક્ષાયોપશમિકકા અઢાર પ્રકાર–તત્ત્વાર્થસૂત્રમેં અઢાર ( પ્રકાર ) દિયા હૈ. ( મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય એ ચાર જ્ઞાન, કુમતિ, કુશ્રુત, કુઅવધિ એ ત્રણ અજ્ઞાન ચક્ષુ, અચક્ષુ, અવધિ એ ત્રણ દર્શન, ક્ષાયોપશમિક દાન–લાભ–ભોગ–ઉપભોગ–વીર્ય એ પાંચ લબ્ધિ, એમ ચાર+ત્રણ+ત્રણ અને પાંચ ભેદો તેમજ ક્ષાયોપશમિક ચારિત્ર અને સંયમા સંયમ, ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદ છે. ' તત્ત્વાર્થસૂત્ર ' ઐસે અઢાર ભાવ હૈ યે તત્ત્વાર્થસૂત્રમેં હૈ ઔર ક્ષાયિકકા નવ બોલ હૈ ( કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિકદાન, ક્ષાયિકલાભ, ક્ષાયિકભોગ, ક્ષાયિક ઉપભોગ, ક્ષાયિક વીર્ય તથા ' ચ ' કહેતાં ક્ષાયિકસમ્યક્ત્વ અને ક્ષાયિક ચારિત્ર–એમ ક્ષાયિકભાવના નવ ભેદ છે ' તત્ત્વાર્થસૂત્ર અ. ૨. સૂત્ર ૪ ' ) ઔર ઉદયના એકવીસ બોલ હૈ. તત્ત્વાર્થ સૂત્રકે ( તિર્યંચ, નરક, મનુષ્ય, દેવ એ ચાર ગતિ, ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાય, સ્ત્રીવેદ, પુરુષવેદ, અને નપુંસકવેદ એ ત્રણ લિંગ, મિથ્યાદર્શન, અજ્ઞાન, અસંયમ, અસિદ્ધત્વ તથા કૃષ્ણ, નીલ, કાપોત, પીત, પદ્મ, શુકલ એ છ લેશ્યા એમ ચાર+ચાર+ત્રણ+એક+એક+એક એક અને છ –એ બધા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મળીને ઔદયિકભાવના એકવીસ ભેદો છે.

એ ચાર ભાવ પર્યાયરૂપ હૈ, એ ચારે ભાવ અવસ્થારૂપ હૈ, ત્રિકાળી ધ્રુવસ્વરૂપ નહીં. થોડા સમજના પડે ભઈ લંબા કેટલાકને ખબરેય ન હોય, પાંચ ભાવના નામેય આવડતા ન હોય પાંચ ભાવ હૈ તો આ ચાર ભાવ તો પર્યાયરૂપ હૈ, અવસ્થા હૈ. આત્મા ધ્રુવ જો હૈ ત્રિકાળ વો તો પારિણામિકભાવે હૈ, વો તો દ્રવ્યરૂપ હૈ, અને આ ચાર છે ઈ પર્યાય-અવસ્થારૂપ હૈ બેય મળીને પૂરા પ્રમાણકા વિષય બનતા હૈ, સૂક્ષ્મ થોડા આ ગયા. સમજમેં આયા ?

એ ચાર ભાવ પર્યાયરૂપ હૈ, પર્યાય સમજે ? અવસ્થા, પહલે કહા ને જો ધ્રુવ, શુદ્ધ દ્રવ્યાર્થિકનયે જો જીવ ધ્રુવ, ઉસકી પર્યાયરૂપે આ ચાર ભાવ હૈ, એ ચાર ભાવ ધ્રુવરૂપ નહીં, તત્ત્વાર્થસૂત્રમેં આતા હૈ પણ વિચાર નહીં દરકાર નહીં, આ તો દશલક્ષણી પર્વમેં બોલે જાય ગડિયા, ગડિયા બોલ્યે જાય પંડિતજી ? નંદકિશોરજી ? હૈ ગડિયા !

તો કહતે હૈં ઈ ચાર ભાવ પર્યાયરૂપ, વિશેષ સ્પષ્ટીકરણ આગે આયેગા–

( પ્રમાણ વચન )

*****

---

## પ્રવચન નં. - ૪ ગાથા ૩૨૦ તા. ૧૩-૮-૭૦

---

જયસેન આચાર્ય ૩૨૦ મી ગાથા, ઉસકી સંસ્કૃત ટીકાકા હિંદી હૈ. પહેલા દો પારીગ્રાફ આ ગયા હૈ–

" હવે ફિર વિશેષ કહા જાતા હૈ "– ક્યા ?

ઔપશમિક આદિ પાંચ ભાવોમેં, પાંચ ભાવ હૈ, આત્મામેં પાંચ ભાવ હૈ એક ત્રિકાળી પારિણામિકભાવ ઔર એક પર્યાય, અવસ્થાકા ચાર ભાવ– ( ભાવનો અર્થ શું ? ) ભાવનો અર્થ વસ્તુ હૈ-હૈ- ભવન અસ્તિરૂપ, હોના હૈ. ત્રિકાળી વસ્તુ પારિણામિકભાવે હૈ ઔર એક સમયકી પર્યાય ચાર ભાવે હૈ. ભાવ નામ ભવન, હોના એક પર્યાયરૂપ હોના ને એક ત્રિકાળરૂપ હોના, સૂક્ષ્મ હૈ આ વાત, સમજમેં આયા ? પુસ્તક હૈ કે નહીં સામે ? કપુરચંદજી–પુસ્તક રખ્ખા હૈ ? આયા હૈ ? પાના.

ઔપશમિક, પાંચ ભાવ, પાંચ ભાવ, પાંચ ભાવ સૂના હૈ કે નહીં કભી ? હવે સૂનતે હૈ, ઠીક– અભી તક તો કુછ સૂના નહીં કહાંસે સૂને, સૂનાનેવાલા નહીં મીલા થા યહ આત્મા હૈ ને આત્મા, શરીર વાણી મન ભિન્ન, કર્મ ભિન્ન, ઉસકી સાથ સંબંધ નહીં. આ આત્મા જો વસ્તુ હૈ અંદર ઉસમેં પાંચ પ્રકારકા ભાવ– ( ૧ ) એક ત્રિકાળી ભાવ નામ ભવન રહનેવાલી ચીજ, ઉસકો પારિણામિકભાવ કહેતે હૈ, પારિણામિક નામ સહજ ભાવ, જીસમેં કોઈ અપેક્ષા હોતી નહીં. ઉસકા નામ પારિણામિક ભાવ, ઔર ઉસકી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પર્યાય, અવસ્થા, હાલત ઉસમેં ચાર ભાવ, ઓ ચાર ભાવ દ્રવ્યમેં હૈ નહીં. ઐસા સિદ્ધ કરના હૈ. સમજમેં આયા ? શોભાલાલજી.

યહ કહતે હૈ દેખો, ઔપશમિક આદિ પાંચ ભાવોમેં, ભાવ નામ હૈયાતીવાલા પદાર્થ પણ હૈયાતિમેં દો પ્રકાર હૈયાતિ. ખરેખર ત્રિકાળી ભાવ ઓ ખરી હૈયાતિ હૈ, વો આયા થા કલ, આત્મદ્રવ્ય લાભ હેતુ, કાલે ન હતા તમે, સમજમેં આયા એ ૫૬ ગાથા પંચાસ્તિકાય- આત્મદ્રવ્ય લાભ. આત્મસ્વરૂપકા લાભ હૈયાતિ. એક, એક ચૈતન્ય અપના ત્રિકાળી સ્વરૂપકી હૈયાતિ, હૈયાતિ તો આતે હૈ ને શબ્દ તુમ્હારે હિંદીમેં ? મોજૂદગી; ઐસા ત્રિકાળ સ્વરૂપ જો મોજૂદગી ઉસકો યહાં પારિણામિકભાવ કહેનેમેં આતા હૈ. પારિણામિક નામ સહજ ભાવ, ઉસમેં કોઈ પર્યાયકી અપેક્ષા નહિ, પરકી અપેક્ષા નહિ, ઐસા આત્મામેં એક પારિણામિકભાવ ત્રિકાળ, ઓ હિ આત્મા, ખરેખર વો હિ આત્મા. લ્યો ખરેખર. સમજમેં આયા ? ઓ નિયમસારમેં આતા હૈ ૧૫મી ગાથામેં આતા હૈ- ૧૫મી ગાથામેં ભાઈ, ખરેખર વો આત્મા.

વસ્તુ, અપની ત્રિકાળ સ્વભાવભાવરૂપ, જીવ જો દૃષ્ટિકા વિષય,જો સમ્યગ્દર્શનકા ધ્યેય, જો સમ્યગ્દર્શનકા વિષય, કે જિસકા વિષય કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ. ( ખરેખર માને કયા ) " ખરેખર માને યથાર્થ – ખરેખર નહીં- વાસ્તવમેં, ખરેખર, યથાર્થમેં હૈ કે નહીં " આ તો હિંદી હૈ એટલે જરી ખ્યાલ બહાર રહી જાય. હમારે તો ગુજરાતીનો પરિચય ખરો ને ? હમારે બહોત ૩૮-૩૮- આ નિયમસાર હૈ ને ? ૩૮ ગાથા દેખો, ક્યા કહેતે હૈં ? સૂક્ષ્મ બાત હૈ- " જીવાદિ સાત તત્ત્વોકા સમૂહ પરદ્રવ્ય હોનેસે " જીવકી એક સમયકી પર્યાય ઉસકો યહાં જીવ કહા હૈ, ત્રિકાળી દ્રવ્ય છોડકર એક સમયકી પર્યાય ઉસકો જીવ કહા હૈ, ઔર અજીવ, સંવર, નિર્જરા, મોક્ષ આદિ સાતેય પરદ્રવ્ય હૈ, સમજમેં આયા ? શાંતિસે આ તો માખણ-માખણ હૈ જૈન દર્શનકા- જીવાદિ સાત તત્ત્વોકા સમૂહ પરદ્રવ્ય હોનેકે કારણ વાસ્તવમેં ઉપાદેય નહીં. એ આદરણીય હૈ નહીં. જીવકી એક સમયકી પર્યાય જીસકો અહીંયા ચાર ભાવ કહેગા ઓ પર્યાય હૈ, એ આદરણીય નહિ. ઉપાદેય નહીં, અંગીકાર કરને લાયક નહિ. જાનનેલાયક હૈ બસ ઈતના. સમજમેં આયા ?

વો સહજ વૈરાગ્યરૂપી " મહેલના શિખરનો શિખામણિ " એ તો મુનિની પોતાની વાત લીધી છે. ઔદયિક આદિ ચાર ભાવાંતરોને અગોચર હોનેસે. કૈસા હૈ ભગવાન આત્મા ધ્રુવ કે જો આ ચાર ભાવ કહેગા પર્યાયરૂપ ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ઓ પર્યાય વો દ્રવ્યકો છૂતી નહિ. દ્રવ્યકો પર્યાયકા આલંબન નહીં, ઔર પર્યાયકો દ્રવ્યકા આલંબન નહિ. ( દોનો સ્વતંત્ર ) સમજમેં આયા ?

એ ભાવાંતરો, ભાવાંતર નામ પારિણામિક સ્વભાવ ભાવ, ત્રિકાળ, ઉસસે ભાવાંતર અનેરી પર્યાય, અનેરા ભાવ, ઉદય, ઉપશમ, ક્ષયોપશમ ક્ષાયિક આયાને ચાર ( ભાવ ) ?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ શુદ્ધ સહજ પરમ પારિણામિકભાવ જીસકા સ્વભાવ ઐસા કારણપરમાત્મા વાસ્તવમેં આત્મા હૈ. ખરેખર વાસ્તવમેં વો આત્મા હૈ આહાહાહા. એઈ પંડિતજી ? ક્યા કીયા ? ( પંડિતજીઃ ત્રિકાળી આત્મા કારણ પરમાત્મા હૈ ) કારણ પરમાત્મા–લ્યો ? પણ એ ત્રિકાળી જો પરમસ્વભાવભાવ હૈ વો હિ ખરેખર આત્મા હૈ. ( ખરેખર આત્મા ) ખરેખર આત્મા–હમારી ગુજરાતીમેં– હિંદીમેં વાસ્તવમેં આત્મા હૈ– ( સંસ્કૃતમેં ) સંસ્કૃતમેં સમજે અહીંયા– " કારણપરમાત્મા હિ આત્મા. " કારણપરમાત્મા હિ આત્મા હૈ. સંસ્કૃત ' હિ ' આવ્યું ! ' હિ ' આવ્યું ને ? ' હિ ' નો અર્થ યહાં ' વાસ્તવ ' કીયા હૈ. ગુજરાતીમેં ' ખરેખર ' કીયા હૈ. ભગવાન આત્મા, એક સેકંડકે અસંખ્ય ભાગમેં, પરમપારિણામિક સ્વભાવભાવ, સ્વભાવભાવ જિસકો કોઈકી અપેક્ષા નહિ ઐસા ત્રિકાળી ભાવ, વો હિ વાસ્તવમેં, યથાર્થમેં, ખરેખર આત્મા હૈ. ઉસકી દૃષ્ટિ કરના ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ.

હવે, યહાં કહાંસે આઘેસે શીખનેકો આયે હૈ તો કાંઈ મૂળ યથાર્થ શીખના પડેગા કે નહીં ? વાસ્તવમેં એ આત્મા હૈ. " અતિ આસન્નભવ્ય જીવોંકો ઐસે નિજ પરમાત્માકે અતિરિક્ત કુછ ઉપાદેય નહીં. " પંડિતજી ! ધ્રુવ, ચિદાનંદ, નિત્યાનંદ પ્રભુ વોહિ એક આદરણીય હૈ અને દૃષ્ટિ કરને લાયક હૈ, લક્ષ કરને લાયક હૈ, બાકી કોઈ ચીજ દૃષ્ટિ કરને લાયક હૈ નહિ. આહાહા ! સમજમેં આયા ? અહીં તો ખરેખરનું નિયમસારમાં છેને ? પછી અહીંયા વો ચાર ભાવ હૈ ને ?

આપણે આયાને ? ચાર ભાવ દેખો, વો ચાર ભાવ હૈ ઉસમેંસે ક્યા ભાવસે મોક્ષ હોતા હૈ ઓ બતાતે હૈ," કીસ ભાવસે મોક્ષ હોતા હૈ વો વિચારતે હૈં, " આચાર્યકો નયા વિચાર કરના હોગા ? પણ સામાન્ય સમાજકો સાથમેં લેકર કહતે હૈ ભગવાન આપણે વિચારીએ દેખો સત્ય ક્યા ઉસમેં હૈ ? પાંચ ભાવમેંસે કિસ પર્યાયસે, કિસ ભાવસે મુક્તિ હોગી, ઓ વિચારતે હૈ. વિચારતે હૈ નામ દુનિયાકો વિચાર કરનેકો કહેના હૈ તો વિચારતે હૈ ઐસા લિખા હૈ. આચાર્યકો વિચારના ક્યા, વો તો હો ગયા હૈ સબ સમજમેં આયા ? તો ઉસમેં કિસ ભાવસે મુક્તિ હોતી હૈ ? મુક્તિકી પર્યાય, આનંદરૂપી દશા, સિદ્ધરૂપી અવસ્થા, કિસ પર્યાયસે, કિસ ભાવસે, પાંચમેસે હોતી હૈ, એ વિચારતે હૈં.

વહાં ઔપશમિક દો ભાવ– ઔપશમિકકા દો પ્રકાર હૈ યહાં, દેખો– ઉપશમ સમકિત હૈ ને ભાવ ઉપશમ હૈ ને ભાવ ? ઉપશમભાવકા દો ભેદ–ઉપશમ સમકિત ઔર ઉપશમ ચારિત્ર, વો આતે હૈ તત્ત્વાર્થ સૂત્રમેં, દૂસરા અધ્યાયમેં ( સમ્યક્ ચારિત્ર ) ના સમ્યક્ ચારિત્ર નહિ એ વળી દૂસરા. " આ તો ઉપશમભાવમેં દો, પાંચ ભાવ. આયાને પહેલે ઉસમેં " આ તો ઉપશમ સમ્યક્ ચારિત્ર અને ઉપશમ ભાવ દો. વો તો સમ્યક્ ચારિત્ર તો ક્ષાયિક ભાવમેં ભી હૈ પણ ઉપશમમાં દો બસ, એક સમ્યગ્દર્શન ઉપશમ. ઉપશમકા અર્થ ? કર્મકી પ્રકૃતિ સ્થિર હો ગઈ હૈ ઉદય નહીં હૈ એ ઉસકે કારણસે હોં અપનેમેં પુરુષાર્થસે ઈતના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

સ્વભાવ સન્મુખ હોકર ઉપશમ સમ્યગ્દર્શન પ્રગટ કીયા, અને ઓ સ્વભાવ સન્મુખ હોકર સ્થિરતા, અગિયારમાં ગુણસ્થાન સુધી ઉપશમ ચારિત્ર. ઉપશમ સમ્યગ્દર્શન અને ઉપશમ ચારિત્ર એ દો પર્યાય હૈ, તો પર્યાય હૈ વહ આશ્રય કરને લાયક નહીં. સમજમેં આયા ? યે ઉપશમ ભાવસે મુક્તિ હોગી ઐસા કહેગા, સમજમેં આયા. ઉપશમ ભાવસે મુક્તિ હોગી, મુક્તિકા મારગમેં ઉપશમ ક્ષયોપશમ અને ક્ષાયિક–તીનો કહેગા. તો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકમેં શુદ્ધ ઉપયોગ આયેગા. પહેલેસે શુદ્ધ ઉપયોગ ઉસકો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક કહેતે હૈ વો પાઠમેં આયેગા–સમજમેં આયા ?

અજમેરસે વો નિકલા હૈ ને ટીકા. ? ( ઉસને તો કબૂલ કીયા ) કબૂલ કિયા હૈ કે આચાર્ય તો ભાઈ ઐસા લિખતે હૈ કે ચોથે ગુણસ્થાનસે ઉપશમ ઉપયોગ શુદ્ધ ઉપયોગ માનતે હૈ. પણ આગળ પાછળ દેખનેસે શુદ્ધ ઉપયોગ ચોથેસે નહિ હોતે હૈ– ( હાસ્ય ) ( આચાર્યે આગળ પાછળ દેખનેસે નથી લખ્યું ? ) સમજમેં આયા ? આ સમયસાર હૈ. અજમેરસે છપા હૈ, સમજમેં આયા ( જી. હા ) ૩૪૧ પાનુ અહીંયા ( ગુરુદેવ : સમયસાર અજમેરવાળામાંથી વાંચે છે. ) રાત્રિકો કહા થા. દેખો ટીકાકારને યહ બતાયા હૈ કે કાળાદિ લબ્ધિકે બળસે જીવકો ભવ્યત્વ શક્તિકી અભિવ્યક્તિ હોતી હૈ. ભવ્યત્વકા ભાવ હૈ આત્મામેં શક્તિરૂપ વો કાળાદિ લબ્ધિસે વ્યક્તતા પર્યાયમેં સમ્યગ્દર્શન જ્ઞાન આદિ પ્રાપ્ત હોતા હૈ. તભી યહ જીવ અપને પરમાત્મદ્રવ્યકા સમીચિહ્ન શ્રદ્ધાન તભી વહ આત્મા ભગવાન પૂર્ણાનંદ પૂર્ણ હૈ ઐસી સમીચિહ્ન નામ સત્ય શ્રદ્ધા ઔર સમીચિહ્ન જ્ઞાન ઔર સમીચિહ્ન અનુષ્ઠાન–ચારિત્ર કરનેરૂપમેં પરિણમન કરતા હૈ. અપના ત્રિકાળી ભગવાન પરમાત્મા ધ્રુવ સ્વરૂપ વો તરફકા આશ્રય કરકે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પરિણમન કરતા હૈ, ઓ મોક્ષમાર્ગ. ઉસ પરિણામકો હિ આગમ ભાષામેં ઔપશમિક, ક્ષાયિક,ક્ષાયોપશમિક ભાવ નામસે કહા જાતા હૈ. અધ્યાત્મ ભાષામેં શુદ્ધાત્માકે અભિમુખ પરિણામ– ઔર શુધ્ધોપયોગ નામ પાતા હૈ. ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક પર્યાયકો શુદ્ધ ઉપયોગ, શુદ્ધાત્મા અભિમુખ પરિણામ ઐસે પરિણામ નામ પર્યાય, ( કહા જાતા હૈ ) કાલ પ્રશ્ન થા વો, કે પરિણામ ક્યા ? પરિણામ કહો કે પર્યાય કહો, દ્રવ્યકી ચાર પ્રકારકી પર્યાય, ઉદય પર્યાય, ક્ષયોપશમ, ક્ષાયિક, ઉપશમ ઓ પર્યાય હૈ અવસ્થા હૈ. યે અવસ્થા દ્રવ્યમેં નહીં હૈ અને યે અવસ્થામેંસે કઈ અવસ્થાસે મુક્તિ હોતી હૈ ? ક્યોંકિ અવસ્થાસે અવસ્થા હોતી હૈ ( સ્પષ્ટ હુઆ ) સમજમેં આયા. ?

ક્યા ભાવસે મુક્તિ હોતી હૈ, તો ક્યા ભાવ ઓ પણ અવસ્થા હૈ–ઉપશમ–ક્ષયોપશમ–ક્ષાયિક ઔર ઉસસે મુક્તિ હોતી હૈ ઓ ભી અવસ્થા હૈ પર્યાય હૈ, દ્રવ્ય ગુણ નહીં. ( દ્રવ્ય–તો કરતું નથી ) ઓ તો યહાં સિદ્ધ કરના હૈ. સમજમેં આયા ? અવસ્થા, કઈ દશાસે મુક્તિ હોતી હૈ ? ક્યા દ્રવ્યસે મુક્તિ હોતી હૈ ઐસા નહીં. પીછે જો ઉપશમ–ક્ષયોપશમ–ક્ષાયિકભાવ,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિર્મળ પર્યાય હૈ વહ અવસ્થા હૈ ઔર અવસ્થાસે મુક્તિ હોતી હૈ વો ભી એક અવસ્થા હૈ. યહ અવસ્થાકા આશ્રય દ્રવ્ય હૈ. સમજમેં આયા ? પણ વો મુક્તિકી પર્યાય દ્રવ્યકે આશ્રયસે નહીં હોતી. પર્યાયસે મુક્તિ હોતી હૈ. શોભાલાલજી ઐસા હૈ, ભારે વાત ભાઈ.

કહતે હૈ કે અરે ! ટીકાકારકે ઉલ્લેખસે ચતુર્થ ગુણસ્થાનમેં શુદ્ધ ઉપયોગ હોના સિદ્ધ હોતા હૈ. સમજમેં આયા ? ગરબડ હોતી હૈ વહાં દર્શનમોહકા ક્ષય-ઉપશમ હો જાતા હૈ, તો ક્યા ફિર ચતુર્થ ગુણસ્થાનમેં શુદ્ધ-ઉપયોગ માન લેના ચાહીયે ? ( એનો અર્થ એ નહિ ) નહીં માનના ચાહીયે- એમ કરીને. ઉસ ગુણસ્થાનમેં ઉદય ઈસકા ઉત્તર યહ હૈ કિ યહાં અધ્યાત્મ શાસ્ત્રમેં દર્શનમોહ ઔર ચારિત્રમોહ દોકા અભાવ હો ઉસકા નામ શુદ્ધ-ઉપયોગ હૈ એમ કહેતે હૈ ઈ. અરે ક્યાંય વસ્તુની ખબર ન મળે ને ઐસી ટીકા કરે આચાર્યકા હૃદય ક્યા હૈ. કબૂલ તો કરતે હૈ કે શુધ્ધોપયોગ તો ટીકાકારકે મતસે ચતુર્થ ગુણસ્થાનમેં લાગે છે.

ભગવાન આત્મા ત્રિકાળ પરમ ધ્રુવસ્વરૂપ પારિણામિકભાવ, વો દ્રવ્ય હૈ દ્રવ્ય.ઉસકા ધ્યેયસે-ઉપશમ-ક્ષયોપશમ-ક્ષાયિક પર્યાય-પર્યાય નામ અવસ્થા નામ પરિણામ પ્રગટ હોતા હૈ, તો વો પરિણામકો યહાં શુદ્ધ આત્મા અભિમુખ, શુદ્ધ ત્રિકાળી ઉસકા અભિમુખ પરિણામ અથવા શુધ્ધોપયોગ કહેનેમેં આતા હૈ. તો તો ઉપશમ, ક્ષયોપશમ જબ હુઆ તો વો શુદ્ધ ઉપયોગસે હી હુઆ ઓ શુધ્ધોપયોગ હિ હૈ એમ કહેતે હૈ આહાહા ! સમજમેં આયા ? સબ આચાર્ય તો ચોથેસે, ઉપશમ-ક્ષયોપશમ-ક્ષાયિક વો નિર્મળ વીતરાગી પર્યાય હૈ. અને વીતરાગી પર્યાય ક્યા શુભ રાગસે હોતા હૈ ? યે શુધ્ધોપયોગ હી હૈ ચૈતન્ય ભગવાન પૂર્ણ ધ્રુવ, ધ્રુવકા ધ્યેય બનાકર જો પર્યાય ઉત્પન્ન હુઈ વો પર્યાય શુદ્ધ-ઉપયોગ હિ હૈ. ચોથે ગુણસ્થાને સમકિત એ શુધ્ધોપયોગસે સમ્યગ્દર્શન ઉત્પન્ન હોતા હૈ. સમજમેં આયા ?

વો સમયસારમેં હૈ ને વો, ઉદયતિ નયશ્રી અસ્તમેતિ પ્રમાણં ભાઈ કહેતે ને સબેરેમેં ઈંદોરવાળા. ત્યાં પ્રમાણ અસ્તમેતિ કહા અને આ પ્રમાણ ક્યા અને નિશ્ચય ક્યા ત્યાં તો ભગવાન આત્મા ધ્રુવ સ્વરૂપ ઉસકા જ્યાં અંતર્દૃષ્ટિ હોકર અનુભવ હુઆ, ત્યાં તો નય, નિક્ષેપ કે પ્રમાણકા વિકલ્પ હિ નહીં, ભેદેય નહીં ઉસકા અર્થ એ હુઆ કે શુધ્ધોપયોગ ( સે ) આત્મામેં રમતે હૈ. આહાહા ! સમજમેં આયા ? વો જો આપણે સબેરેમેં ચલા ઓ પ્રમાણ ને નય ને નિક્ષેપ-નિશ્ચયથી, નિશ્ચય પૂજ્ય હૈ પ્રમાણ અપૂજ્ય હૈ ઐસે દો ભાગ મિલતે હૈ, વો પ્રમાણકા તો જ્ઞાન સામાન્ય કહેતે હૈ. સમજમેં આયા ? અને આમાં તો જો વિકલ્પકા પ્રમાણ થા, નિશ્ચયનયકા ભી વિકલ્પ ઉસમેં નહીં ઐસે કહેતે હૈ વહાં-ભાઈ, પહેલે તો નિશ્ચયકા નય આ મૈં ધ્રુવ હું, શુદ્ધ હું ઐસા વિકલ્પ ભી નહીં. મૈં ભેદ હું ઐસા વિકલ્પ ભી નહીં. આ મૈં અભેદને શુદ્ધ એકાકાર હું ઐસા ભી વિકલ્પ નહીં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યાં. ઐસા અંતરમેં અનુભવ હો ઉસકા નામ શુધ્ધોપયોગ ને ઉસકા નામ સમ્યગ્દર્શન. આહાહા ! સમજમેં આયા. ?

તો આંહી કહેતે હૈ કે વાત તો લાગે તો છે માળુ કે –પણ હવે આપણને બીજે ઠેકાણે આમ કહ્યું છે ને તેમ કહ્યું છે એમ કરીને ઉડાડી દીધુ. આંહી કહેતે હૈ ક્યા કીયા, દેખો, કયા ભાવસે મુક્તિ હોતી હૈ ? તો કે ઉપશમભાવ દો ભાગ હૈ, ઉપશમ સમ્યક્ ને ઉપશમ ચારિત્ર ખરું ? પીછે ક્ષાયિકભાવ કે નવ ભેદ હૈ, હૈ પીછે ક્ષાયિકભાવ હૈ ને પહેલે લખાયા ક્ષાયિક–ક્ષાયિક ભાવ લીધા આંહી ક્ષયોપશમ લીધો છે પહેલો– એ અઢાર ભેદ હૈ લ્યો. એ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન ને મનઃપર્યય જ્ઞાન ઓ ચાર જ્ઞાન ક્ષયોપશમભાવે હૈ, એ પર્યાય દ્રવ્યમેં નહીં હૈ. સમજમેં આયા ? પછી કુમતિ–કુશ્રુત અને વિભંગ કુ. અવધિ જ્ઞાન–ત્રણ અજ્ઞાન– એ ભી પર્યાય હૈ–પરિણામ હૈ.–ચક્ષુદર્શન– અચક્ષુદર્શન અને અવધિ દર્શન એ ભી ત્રણ પર્યાય હૈ– કાળલબ્ધિ, કરણલબ્ધિ, ઉપદેશલબ્ધિ પાંચ લબ્ધિ આતે હૈ ને ? ઉસકો અહીં સમા દીયા ઉપશમલબ્ધિ, પ્રયોગલબ્ધિ. એ ભેદોકી પાંચ લબ્ધિ. એ પાંચ લબ્ધિ પર્યાયરૂપ હૈ, સૂનો. સમજમેં આયા ? ( પાંચ પર્યાય ) હા, પણ દ્રવ્યકે આશ્રયસે પર્યાય ઉત્પન્ન હોતી હૈ સમ્યક્, પણ અહીંયા તો પીછે સમ્યગ્દર્શનકી પર્યાયસે મુક્તિ હોતી હૈ ઐસા કહેના હૈ. સમજમેં આયા ? એકવીશ ભેદ ઉદયભાવકા હૈ, ચાર ગતિ, એ પર્યાયમેં હૈ, આત્માકી અવસ્થામેં હૈ, યે આશ્રય કરને લાયક નહીં, મનુષ્ય ગતિ હૈ તો ઉસકે આશ્રયસે સમ્યગ્દર્શન હોતા હૈ, ઐસા હૈ નહીં, ઔર ક્રોધ, માન, માયા, લોભ ચાર, ઓ ભી કષાય પર્યાય હૈ. રાગકી દ્વેષકી પર્યાય ઓ ભી આશ્રય કરને લાયક નહીં. ઓ પર્યાય હૈ. " સ્ત્રી લિંગ, પુરુષલિંગ, નપુંસકલિંગ એ ભેદસે લિંગકા તીન પ્રકાર હૈ " ભાવલિંગ ભી તીન હોં, સામાન્ય સંગ્રહનયસે મિથ્યાદર્શન એક, અજ્ઞાન એક, અસંયમ એક, અસિદ્ધત્વ એક ઔર શુક્લલેશ્યા આદિ છ લેશ્યા એકવીશ બોલ ઓ પર્યાયમેં હૈ, ઉદયભાવમેં હૈ, ઉદયભાવમેં હૈ, વિકારમેં હૈ યે સબ બોલ, ઉસસે મુક્તિ હોતી નહીં.

પહેલે ઉપશમભાવ કહ્યા, ઉસસે મુક્તિ હોતી હૈ. મોક્ષકા કારણરૂપ આ અઢાર ભેદ જે ક્ષયોપશમના કહ્યા, ઉસમેં મતિ, શ્રુત જ્ઞાન આદિસે મુક્તિ હોતી હૈ. ( એ પર્યાય વધીને ક્ષાયિક થાય ) ક્ષાયિક થાય, સમજમેં આયા ? પણ એ પર્યાય દ્રવ્યમેં નહીં ઐસી બાત હૈ ભાઈ. બહુત અધ્યાત્મને– સૂક્ષ્મ રૂપથી ગોઠવ્યું છે.

પછી પારિણામિક ભાવના તીન ભેદ– એટલે ત્રેપન ( ૫૩ ) ભેદ હુઆ. પાંચ ભાવકા ત્રેપન ભેદ, પહેલે **દો** ઉપશમકા, ક્ષાયિકકા **નવ**, ક્ષાયિક સમકિત, યથાખ્યાત ચારિત્ર, કેવળજ્ઞાન, કેવળદર્શન ને અંતરાયના **પાંચ**–લાભ, દાન, આદિ, ક્ષાયિક ઓ ભી પર્યાય હૈ સમજમેં આયા ? દ્રવ્યમેં પર્યાય નહીં, પણ ઓ પર્યાય મોક્ષરૂપ હૈ, સમજમેં આયા ? ભારે વાતુ ભાઈ. જાનના કે આ જૈન દર્શન ક્યા ચીજ હૈ. ઐસે ને ઐસે માન લેતે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લોકો કે જૈન દર્શન ઐસા ને ફૈસા ઐસે લિખતે હૈ બાપુ જૈન દર્શન સૂક્ષ્મ હૈ ભાઈ. વસ્તુકા સ્વરૂપ હિ જૈન દર્શન હૈ વો કોઈ કલ્પિત સંપ્રદાય નહીં. ( નહીં ) કહેતે હૈ કે એ નવ ભેદ પર્યાયરૂપ હૈ, આહાહા ! એ નવ ભેદકો નિયમસારમેં ચાર જ્ઞાનકો વિભાવ જ્ઞાન કહા ઔર કેવળજ્ઞાનકો સ્વભાવ જ્ઞાન કહા, ઔર દૂસરે ઠેકાણે એ ચાર ભાવકો–ઉદય–ઉપશમ–ક્ષયોપશમ–ક્ષાયિક ચાર ભાવકો આવરણ સહિત કહા, કયોંકિ ઉસમેં નિમિત્તકા અભાવ પડતે હૈ કેવળજ્ઞાનમેં, અથવા કેવળજ્ઞાનકા આશ્રય કરનેસે, અપને તો કેવળજ્ઞાન હૈ નહિ. દૂસરાકો કેવળજ્ઞાન હૈ ઉસકા લક્ષ કરનેસે તો વિકલ્પ ઉઠતે હૈ. ઉસકો લાભ હોતા નહીં. ઓ કારણ ચાર ભાવ વિભાવભાવ કહેનેમેં આયા હૈ, આહાહા ! પહેલે તીન જ્ઞાનકો વિભાવભાવ કહા થા, વો હિ નિયમસારમેં ફિર ચાર ભાવકો ભી વિભાવભાવ કહા, ક્યોંકિ ઓ ત્રિકાળી સ્વભાવ નહિ. વિભાવ શબ્દે વિશેષ અવસ્થા, વિશેષ અવસ્થા ઉસકા નામ વિભાવભાવ, ઓ આશ્રય કરને લાયક નહીં. સમજમેં આયા. ?

પારિણામિકમેં **તીન**, ભવ્યત્વ, અભવ્યત્વ ઓ આયેગા ઉસમેં, એ આયેગા જુઓ, આપણે અહીંયા ( એ હજી હવે આવશે ) ક્યા કહેતે હૈ દેખો એ આયેગા એ તરત જ આયેગા.

ઉપશમ–ક્ષયોપશમ–ક્ષાયિક અને ઔદયિક. ચાર ભાવ ચાર કહ્યાને અભી ! એ પર્યાયરૂપ હૈ, અવસ્થારૂપ હૈ દશારૂપ હૈ પરિણામરૂપ હૈ અંશરૂપ હૈ. “ ઔર શુદ્ધપારિણામિકભાવ દ્રવ્યરૂપ હૈ. ” હૈ ઉસમેં ? ( જી. હા ) ત્રિકાળ, ત્રિકાળ, બિંબ ભગવાન, ચિદ્‌બિંબ વીતરાગ મૂર્તિ, અકષાય સ્વભાવકા પિંડ, ઓ પારિણામિકભાવ, ઓ દ્રવ્યરૂપ હૈ, વસ્તુરૂપ હૈ. સમજમેં આયા ? “ વહ પરસ્પર સાપેક્ષ ઐસા દ્રવ્ય–પર્યાય દ્વય. ” ( દ્રવ્ય અને પર્યાય યુગલ ) સો આત્મા પદાર્થ હૈ– દો મિલકર આખા આત્મા પ્રમાણકા વિષય કહેનેમેં આતા હૈ.

નિશ્ચયકા વિષય તો ધ્રુવ આત્મા વો હિ વાસ્તવમેં આત્મા હૈ. સમજમેં આયા ? ઓ પરસ્પર ત્રિકાળ વસ્તુ ધ્રુવ ઓ પારિણામિકભાવકા આત્મા, ઔર ચાર પર્યાય ઓ વર્તમાન પર્યાયરૂપ આત્મા, પર્યાયરૂપ વ્યવહાર આત્મા, આહાહા ! ઓ નિશ્ચય આત્મા. મોક્ષ ભી વ્યવહારસે હોતા હૈ ને મોક્ષકા માર્ગ ભી વ્યવહાર હૈ, ઐસી બાત હૈ, બંધકી તો બાત એક બાજુ રખો, પણ મોક્ષકા માર્ગ હૈ વહ વ્યવહાર હૈ, ક્યોંકિ પર્યાય હૈ, ઔર વો “ જિણમયં – પૂછ્યું ’તું કોઈએ– પ્રશ્ન નહિ કહા થા ? તીર્થ ને તીર્થકા ફળ તમે પ્રશ્ન કીયા થા ને ? તીર્થ ને તીર્થકા ફળ, ઓ તીર્થ ભી મોક્ષકા માર્ગકી પર્યાય હૈ, વ્યવહાર ઔર ઉસકા ફળ મોક્ષ ઓ ભી વ્યવહાર. ( જી, હા ) ક્યોંકિ વો એક સમયકી પર્યાય હૈ. ( અમે તો રાગને વ્યવહાર સમજીએ છીએ ) અહીં રાગ ફાગ તો ક્યાંય રહી ગયો હવે સમજમેં આયા ? રાગ તો પરદ્રવ્યમેં ચોખ્ખા નિકાલ દીયા. અને એક સમયકી પર્યાય દ્રવ્યકી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અપેક્ષા વો ભી પરદ્રવ્ય હૈ, ઐસી બાત હૈ. હૈં? (સિદ્ધ પર્યાય?) સિદ્ધ પર્યાય હૈં. વીતરાગી નિર્મળ શુદ્ધ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર પર્યાય વો તીર્થ હૈ. વો નિશ્ચય દ્રવ્યકી અપેક્ષાએ સક્રિય પરિણામ હુઆ. ભગવાન આત્મા ધ્રુવ તો નિષ્ક્રિય હૈ. સમજમેં આયા ? થોડા થોડા સમજના પણ માલ હૈ આ. એઈ–ચીમનભાઈ ! ભગવાનકા ઘરકા માલ આ હૈ. તેરા ઘરકા માલ આ હૈ, (કિતની કિતની બાત યાદ રખના પડેગા) કિતના રખના હૈ. ઉસમેં કુછ રખની હૈ (કુછ ભી નહિ રખના) કંઈ રખના નહિ હૈ. જો ત્રિકાળી વસ્તુ ભગવાન ધ્રુવ હૈ, બસ વો હિ ખરેખર વાસ્તવિક દ્રવ્ય હૈ, ઔર એક સમયકી અવસ્થામાં ચાર ભાવ હૈ, વો પર્યાય આત્મા હૈ, વો ત્રિકાળમેં હૈ નહીં. (હૈ નહીં) આમાં યાદ ક્યા, કીતના રખના હૈ? આહાહા ! સમજમેં આયા ?

"વહાં પ્રથમ તો", ચોથા પારા– "જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ ઐસે તીન પ્રકારકે પારિણામિકભાવમેં." હવે પારિણામિકકા તીન ભેદ લીયા. ઓ ઉપરસે સાધારણ નામ લીયા થા. વો પારિણામિકકા ભેદ લીયા– ક્યોંકિ મૂળ પારિણામિક સ્વભાવ ત્રિકાળ હૈ વો સમજાના હૈ, તો ભેદરૂપ પારિણામિકભાવ હૈ યે અશુદ્ધ પારિણામિક હૈ એમ બતાના હૈ. તત્ત્વાર્થસૂત્રમેં આયા ને? પારિણામિકકા તીન ભાવ–જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ એ અશુદ્ધનયસે–વ્યવહારનયસે કથન હૈ– સમજમેં આયા. ?

અહીં કહેતે હૈ, જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એ તીન પ્રકારકા પારિણામિકભાવ હૈ. ઈસમેં કોઈ કર્મકી, પરકી અપેક્ષા હૈ નહીં. "શુદ્ધજીવત્વ ઐસા જો શક્તિલક્ષણ પારિણામિકપણા"– હવે સૂનો– શુદ્ધ જીવત્વ, ત્રિકાળ ધ્રુવ, શુદ્ધ જીવપણા, આત્મા જો વાસ્તવમેં, ખરેખર કહા નિયમસારમેં સમજમેં આયા? ઐસે શુદ્ધ જીવપણા–ત્રિકાળ ધ્રુવપણા, અભેદ ચૈતન્ય સ્વભાવપણા, ઓ શુદ્ધ જીવત્વ, ઐસા જો શક્તિ લક્ષણ, શુદ્ધ શક્તિ લક્ષણ હૈ. ધ્રુવકા લક્ષણ હૈ, સત્ત્વકા લક્ષણ હૈ, ત્રિકાળ જીવત્વ–ભાવ, એ પારિણામિકપણા, એ પારિણામિકભાવ હૈ, સહજ ભાવ હૈ, ત્રિકાળભાવ હૈ. એકરૂપ ભાવ હૈ, "વહ શુદ્ધ દ્રવ્યાર્થિકનયાશ્રિત હોનેસે", દેખો ઓ આયા થા પહેલે શુદ્ધ દ્રવ્યાર્થિકનયસે જીવ કર્તૃત્વ–ભોક્તૃત્વસે રહિત હૈ–આહાહા ! ભગવાન આત્મા ત્રિકાળી જીવપણા અર્થાત્ ધ્રુવપણા, જ્ઞાન–દર્શન–આનંદ, વિર્ય આદિ ધ્રુવપણા, જીવના જીવપણા, જીવકા–જીવપણા, ઓ ત્રિકાળી જો હૈ–જીવત્વ હૈ ને? જીવપણા હૈ ઉસમેં; ઐસા શક્તિ લક્ષણ પારિણામિકપણા શુદ્ધદ્રવ્યાર્થિકનયાશ્રિત હોનેસે, એ તો શુદ્ધ દ્રવ્ય ત્રિકાળી, ઉસકા જો જ્ઞાન કરનેવાલી નય ઓ આશ્રય, ત્રિકાળ જીવત્વકો ધ્રુવ કહનેમેં આતા હૈ. "એ નિરાવરણ હૈ" એ ત્રિકાળ જીવત્વ સ્વભાવ તો નિરાવરણ હૈ. આવરણ–ફાવરણ કુછ હૈ નહિ, આવરણ તો નહીં પણ આવરણકા અભાવ ભી ઉસમેં નહીં. ઓ તો ત્રિકાળ નિરાવરણ સ્વરૂપ હિ હૈ. સમજમેં આયા. ?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્રણમેં જીવપણા, ભવીપણા, અભવીપણા– તીનમેં શુદ્ધજીવત્વ ઐસા જો શક્તિલક્ષણ પારિણામિકપણા ઓ હિ વસ્તુકા ત્રિકાળી સ્વરૂપ, ઓ શુદ્ધ દ્રવ્યાર્થિકનય હોનેસે, ત્રિકાળી દ્રવ્યકે આશ્રયસે જ્ઞાન કરનેવાલા નય કરતે હૈ, આ કારણે વો નિરાવરણ હૈ. શુદ્ધ જીવપણા ત્રિકાળ નિરાવરણ, શુદ્ધ જીવપણા ધ્રુવપણા જ્ઞાન, દર્શન, આનંદ સત્તા આદિ ત્રિકાળી સ્વભાવભાવ જો જીવકા જીવપણા, જીવકી શક્તિ, ઉસકા સ્વરૂપપણા ઐસા શક્તિલક્ષણ પારિણામિકપણા એ ત્રિકાળ નિરાવરણ હૈ. સમજમેં આયા ? ભારે ભાઇ શામદાસજી આ તો કભી સૂના હિ નહિ એવી વાત છે.

આ ફેરી આ ઓલામાં રહી ગયા. " ઔર શુદ્ધપારિણામિકભાવ ઐસી સંજ્ઞાવાળા જાનના "– શુદ્ધ–પારિણામિક ત્રિકાળ જીવત્વ ભાવકો, ધ્રુવ સ્વભાવકો, જીસમેં પર્યાયકી ભી અપેક્ષા નહીં. અવસ્થા, હાલતકી અપેક્ષા નહીં, વર્તમાન પરિણામકી અપેક્ષા નહીં, ઐસા ત્રિકાળી પારિણામિક સ્વભાવભાવ, ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, ઉસકા શુદ્ધ પારિણામિકભાવ ઐસી સંજ્ઞા, ઐસા નામવાળા ઓ જીવત્વકો કહેનેમેં આતા હૈ. સમજમેં આતા હૈ કે નહીં ? બહુ સાદી ભાષા હૈ ઐસી કોઈ કડક ભાષા નહીં હૈ સંસ્કૃત ને વ્યાકરણ ને બહુ–નંદકિશોરજી. એ આત્માકા ધ્રુવ સ્વરૂપ એ ધ્રુવ સ્વરૂપ, ત્રિકાળ સ્વરૂપ જો દૃષ્ટિકા વિષય હૈ સમ્યગ્દર્શનકા વિષય ધ્યેય ઓ હૈ, પર્યાય બર્યાય ઓ સમ્યગ્દર્શનકા વિષય નહીં ( નહીં ) આહાહા !

પ્રથમ ધર્મ ઉત્પન્ન હોનેમેં ઓ ભગવાન ત્રિકાળી ધ્રુવ સ્વરૂપ એ હિ આશ્રય કરને લાયક હૈ. નંદકિશોરજી– હૈ ? ઉસમેં હૈ ? દેખોને પાના તો એ માટે તો રખ્ખા હૈ– હમારે, લાલચંદ શેઠ આવ્યા 'તા કે આપણે ત્યાં જઈએ તો હિંદી હૈ કે નહીં ત્યાં–લ્યો આ ગયા. આ હિંદી પહેલેસે છપાયા હૈ ક્યાં ગયા લાલચંદ શેઠ ? આ વહાં બેઠે. આ તો યહાં પહેલેસે છપાયા હૈ પંદરસો–ભાઈ, આ હિંદી લોગ આયેગા તો સબકો હાથમેં દેતે હૈ. હિંદી વાંચના પડેગા, ગુજરાતી સમજે નહીં બરોબર ને ભાવ ગૂઢ હૈ. તો પહેલેસે પંદરસો રામજીભાઈએ છપાવ્યા. રામજીભાઈએ છપાયા કે, છપનેકા થા ને છપા ? પણ કહેનેમેં કૈસે આવે ( આપને તો સબેરે વાંચ્યુ ' તું ખરે છે–મંગલાચરણમેં એ વાંચ્યુ ખરે છે ) આ ખરે છે. કર્મ ખરી જાતે હૈ, નાશ કરતે નહીં ( ઉસકે કારણસે ખરતે હૈ ) ઐસી ચીજ, ઐસી હૈ, તો પ્રશ્ન ઐસા હુઆ કે આચાર્યે ઐસા ક્યૂં ન લીખા. ( લીખા હૈ ) ઐસા ક્યૂં ન લીખા કે કર્મ ઉસકે કારણસે ખરતે હૈ, આત્મા કર્મકા નાશ કરતે હૈ ઐસા લીખા હૈ. તો ઉસકા અર્થ ક્યા ? દરેક પદમેં દરેક ગાથામેં, ઓ ગાથાકા શબ્દાર્થ કરના, નયાર્થ કરના કઈ નયકા વાક્ય હૈ. ઔર આગમાર્થ કરના કે આ આગમકા ભાવ હૈ કે અન્યમતિકા ભાવ હૈ. સમજમેં આયા ? ઔર ભાવાર્થ ઉસકા તાત્પર્ય ક્યા હૈ ઐસા એક ગાથા દીઠ પાંચકા અર્થ કરના– ઐસા સમયસારમેં, પરમાત્મ પ્રકાશમેં, દ્રવ્ય સંગ્રહમેં ઐસા ચલા હૈ. એકેક ગાથામેં પાંચ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાંચ અર્થ કરના. ઐસે શબ્દાર્થ કરના. ક્યા નયકા આ વાક્ય હૈ, ( ૧ ) શબ્દાર્થ ( ૨ ) નયાર્થ ( ૩ ) આગમાર્થ ( ૪ ) તાત્પર્યાથ, ( ૫ ) ભાવાર્થ. સમજમેં આયા ? ( ઔર તો હમે કુછ કામ નહિ બસ યેહિ કરતે રહેંગે ) સમજમેં આયા ? ( યેહિ કરતે રહેંગે, ઔર તો હમે કુછ કામ નહિ હે ) હેં ? એ હિ કરતે રહેના દૂસરા ક્યા કામ હૈ ? ધૂળેય કર સકતે નહીં, કાપડ–બાપડકા વેપાર કર સકતે નહીં કુછ નહીં તમારે કાપડ નહીં, સોના હૈ યે સોનાના ધંધા હૈ સોનામાં પણ વાંધા ઉઠયા હૈ સરકાર તરફથી. ઈતના ખપે ને ઈતના ખપે. એમ કરીને. ઠીક હૈ યે તો ઐસા હોતા હૈ બહારમેં સંયોગ.

અહીં તો કહેતે હૈ, જીવત્વ શક્તિ કોણ ? ત્રિકાળ–એક સમયકી પર્યાય ભી નહિ, ભવી, અભવી ભી મૈં નહીં– ( એ તો પર્યાય હૈ ) સમજમેં આયા. ? ધર્મી જીવ, જીવત્વ શક્તિકી દૃષ્ટિ હોનેસે, સમકિતીકી દૃષ્ટિ ત્રિકાળ જીવત્વ શક્તિ ઉપર હૈ ઓ કારણસે વો ભવી કે અભવી મૈં નહીં. ( નહીં ) ઓ ચૌદ માર્ગણામેં આતે કે નહીં ? ચૌદ માર્ગણા, ગતિ–જાતિ, કષાય, લેશ્યા માર્ગણાઓ આતે હૈ કે નહીં ઓ ચૌદ માર્ગણા મેરેમેં હૈ હિ નહી. ( બરાબર ) આહાહા ! સમજમેં આયા ? ભેદ હૈ ને ભેદ ? પર્યાયકા ભેદ, દ્રવ્યમેં નહીં યૂં. અહીં કહેતે હૈ " શુદ્ધ પારિણામિકભાવ ઐસી સંજ્ઞાવાળા જાનના. " વહ તો બંધ–મોક્ષ પર્યાય પરિણતિ રહિત હૈ ", દેખો. કૌન ? જો ત્રિકાળી ભગવાન ચૈતન્ય ધ્રુવ–જીવત્વ નિત્યાનંદ પ્રભુ ઐસા આત્માકા ધ્રુવ સ્વભાવ, એ બંધ મોક્ષ પર્યાય પરિણતિ રહિત હૈ. ઉસમેં તો બંધકા પર્યાય ને મોક્ષકા પર્યાયકી પરિણતિ, શુદ્ધ જીવત્વ શક્તિમેં, ધ્રુવમેં હૈ નહીં. સમજમેં આયા. ?

ત્રિકાળ વસ્તુ જો શુદ્ધ ધ્રુવ હૈ, ઉસમેં બંધ ને મોક્ષકી અવસ્થા, ઉસસે તો રહિત હૈ વો તો. બંધ ને મોક્ષના પરિણામ તો પર્યાયમેં હૈ, સમજમેં આયા ? પર્યાયમેં હૈ. પરિણામમેં હૈ, પર્યાયમેં હૈ બંધ ને મોક્ષ, દ્રવ્યમેં હૈ નહિ. આહા ! આ તે વાત ( સત્ય વાત ) હજી તો કર્મ મેરેમેં નહીં ઐસે માનનેમેં પસીના ઉતર જાય આહાહા ! પીછે કહેતે–રાગ મેરેમેં નહીં આહાહા ! અરર ( રાગ ક્યાં થાય છે ) રાગ કીસમેં હોતા હૈ ? આત્મામેં હોતા હૈ કે પરમેં હોતા હૈ ? અરે, સૂન તો સહી સમજમેં આયા ? અહીંયા પીછે તો કહેતે હૈ રાગકા જ્ઞાન હુઆ વો જ્ઞાનકી પર્યાય ભી દ્રવ્યમેં નહીં એ શેઠ ! ( પુરાની માન્યતા સબ છુડા દીયા ) ખોટી માન્યતા હતી તો ઉસમેં ક્યા છોડના હૈ ? એમ ને એમ સમજે બીના ચલો ધરમ કરે, ધરમ કરે– ધૂળમેં ધરમ હૈ ? ધર્મ કહાં હોતા હૈ ઉસકી તો ખબર નહીં.

ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ, જીસકા ધ્રુવ સ્વભાવ જીવપણા, જીવપણાનો અર્થ ? અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય એ સ્વચતુષ્ટય ત્રિકાળી, વો ધ્રુવ જીવત્વ હૈ. સમજમેં આયા. ? એ ત્રિકાળી ધ્રુવ જીવત્વમેં બંધ મોક્ષ પર્યાય પરિણતિ રહિત હૈ. આમાં ઈતના લીયા. પહેલે તો દોઈ લીયા થા, કે બંધકા પરિણામ,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

બંધકા કારણકી પર્યાય, મોક્ષકી પર્યાય, મોક્ષકા કારણકી પર્યાય, ઓ ચારસે રહિત ઓ ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્મા હૈ.

પરિણતિ, પર્યાય દ્રવ્યમેં નહીં હૈ એમ સિદ્ધ કરના હૈ અહીંયા– સમજમેં આયા, ? પરિણતિ–પર્યાય, પર્યાયમેં હૈ, એ પર્યાય દ્રવ્ય ધ્રુવ ત્રિકાળીમેં હૈ નહીં. આહાહા ! ભારે ! લોકો સ્વાધ્યાય કરે નહીં, વાંચે નહીં અને સ્વાધ્યાય કરે તો, આચાર્યકા કયા હૃદય હૈ એ અભિપ્રાય ઉસકો તપાસે નહીં ( તપાસે નહીં ) સમજમેં આયા ? ઐસે ઐસે વાંચ જાયઐસા લીખા હૈ, ઐસા લીખા હૈ લીખા હૈ પણ ભાવ ક્યા હૈ ?

' યહ તો ' યહ તો નામ વહ તો વહ નામ ? જો શુદ્ધ જીવત્વ સ્વભાવ, પારિણામિકભાવ, ભગવાન અસ્તિરૂપ ભાવ, ત્રિકાળ સત્તારૂપ ભાવ, જીવભાવ, જ્ઞાન ભાવ, દર્શનભાવ, આનંદભાવ, શાંતિભાવ, વીતરાગ વિગેરે. ઐસા ત્રિકાળી જીવત્વ, ધ્રુવભાવ, ઓ બંધ ને મોક્ષની વર્તમાન અવસ્થા, પર્યાય પહેલે પરિણામ કહા થા, પરિણામસે શૂન્ય કહા થા, અહીં બંધ–મોક્ષ પર્યાય પરિણતિ રહિત હૈ, દૂસરા શબ્દ લીયા અહીંયા, ઓલા પરિણામ કહા થા ઉસમેં ન સમજે તો વિશેષ અહીં પર્યાય લે લીયા. સમજમેં આયા ? બફમ થઈ જાય એવું છે. ઐસા બહુત ઘુસ દીયા હૈ ને વો બીડી કે ધંધેમેં– સમજમેં આયા ? ( બધુ નીકળી જાય એવું છે ને ? ) આ તો નીકળી જાય એવું, એમાં તો હૈ નહીં જો આ સમજે તો– અહીં તો દ્રવ્યમેં પર્યાય હૈ નહીં, નીકળે કહાંસે. આહાહા ! હૈં ? ( નિજ ઘરકી તલાશ ) નિજ ઘર તપાસો, તમારા ઘરમેં પાતાળમેં ક્યા પડા હૈ ? પાતાળ કૂવા કરતે હૈ ને કૂવા નહીં–ક્યા કહેતે હૈ ? આ પાતાળ કૂવા ખોદતે હૈ ને ? ઠેઠકા પાણી અહીંયા પાતાળ કૂવા હૈ ને ? પાતાળમેંસે પાની નિકાલતે હૈ, આ પાતાળ કૂવા આત્મા.

ભલે ક્ષેત્ર થોડા હો ચાહે, પણ વસ્તુ તો મહા ભગવાન બેહદ, અપરિમીત, અમર્યાદિત, જ્ઞાન લક્ષણ સ્વભાવ ધ્રુવ પડયા હૈ ઉસમેં, પર્યાય બંધ કે મોક્ષકી પર્યાય ઉસમેં હૈ નહીં. આહાહા ! ( નિજ સ્વભાવકી યાદ દિલાનેવાલે આપ મહાન ઉપકાર કીયો ) એવી વાત છે ભાઈ, લાલચંદજી કલાસ માટે રખા થા આ ગાથા. ( મહાન ઉપકાર હૈ ) તીન દિન પીછે લીયા આ તો ચોથા વ્યાખ્યાન હૈ ને ? ચોથા વ્યાખ્યાન. સાત દિન હૈ ને તુમ્હારે હાથમેં.

( જેટલા દિન ચલે એટલા ) ભલે ચલે, ધીમે ધીમે ચલતે હૈ અહીં આપણે કાંઈ ઉતાવળ નથી. પૂરા કરનેકી બાત નહીં હૈ. ક્યા ભાવ હૈ ઉસકો ઘૂંટનેકી બાત હૈ. ( ઘૂંટતે હૈ )

બંધ–મોક્ષ પર્યાય અને પરિણતિ કીયા, દેખો. પહેલે કહા થા કે બંધ મોક્ષકે કારણ અને બંધ–મોક્ષકે પરિણામસે ત્રિકાળી ધ્રુવ શૂન્ય હૈ, અહીંયા કહા કે ઉસસે રહિત હૈ ( પર્યાય કીધી– પરિણતિ કીધી ) પર્યાય, પરિણતિ રહિત હૈ. ત્યાં પરિણામસે શૂન્ય કહા થા. વિશેષ સ્પષ્ટ કરનેકો ભાષા દૂસરી આ ગઈ સમજમેં આયા ? નિત્યાનંદ પ્રભુ. હૈ–હૈ–હૈ–ભૂતકાળ, વર્તમાનકાળ, ભવિષ્યકાળ બધુ હૈ– એક સમયકી પર્યાય ઉસમેં નહીં. ઐસા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્રિકાળી ચૈતન્ય ભાવ, વજ્ર બિંબ ચૈતન્ય ધ્રુવ સ્વભાવ ઉસમેં બંધ ને મોક્ષકી વર્તમાન પર્યાય, હાલત, દશા, મોક્ષકા માર્ગકી પર્યાય, પર્યાય કહો, પરિણામ કહો, પરિણતિ કહો તીનો એક હિ હૈ. મોક્ષકી, સિદ્ધકી પર્યાય, સિદ્ધકા પરિણામ, સિદ્ધકી પરિણતિ ઉસસે રહિત હૈ દ્રવ્ય ધ્રુવ. આહાહા !

"પરંતુ", હવે ઓ તીન બોલ હૈ ને ? "દસ પ્રાણરૂપ જીવત્વ," દસ પ્રાણરૂપ જીવત્વ, પાંચ ઇન્દ્રિયસે જીના ઔર આતા હૈ ને દસ પ્રાણ મન વચન ને કાયા આઠ અને આયુષ્ય અને શ્વાસોશ્વાસ. એ દસ પ્રાણ જો જડ હૈ ઉસસે જીના, ઓ પરમેં ગયે, પણ અપની પર્યાયમેં દસ પ્રાણકી યોગ્યતાસે જીવે, એ બી વ્યવહારમેં ગયે, એ પારિણામિક ભાવ કહા પણ વ્યવહારમેં ગયે, અશુદ્ધતામેં ગયે આહાહા ! અતીન્દ્રિય ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ, ઉસમેં પાંચ ઇન્દ્રિય, ભાવ ઇન્દ્રિયસે જીના, ભાવ ઇન્દ્રિય ઔર મન, વચન, કાયાકા વીર્ય, વીર્ય– ઓ વીર્યસે રહેના, ઔર આયુષ્ય ને શ્વાસ, ઉસકી યોગ્યતા પ્રમાણે અપની પર્યાય રહેના, એ બી અશુદ્ધ પારિણામિકભાવ હૈ. એ શુદ્ધ પારિણામિક નહીં, ક્યોં ? ક્યોં નહીં ? દસ પ્રાણરૂપ જીવત્વ, દસ પ્રાણ હુઆ ને ? એ દસ પ્રાણ–પાંચ ઇન્દ્રિયો, મન–વચન ને કાયા તીન પ્રાણ ઔર આયુષ્ય ને શ્વાસ આ દસ પ્રાણ. ઐસી અપની પર્યાયમેં યોગ્યતા જો હૈ વો લેના હૈ યહાં. ઓ જડકા પ્રાણ આદિ લેના નહીં યહાં. આહાહા ! સમજમેં આયા ?

તો કહેતે હૈ, ઐસે દસ પ્રાણરૂપ જીવત્વ. "અશુદ્ધ પારિણામિક"–"ઔર ભવ્યત્વ, અભવ્યત્વદ્રવ્ય"– એ પર્યાયાર્થિકનયાશ્રિત હોનેસે તીનોંકો અવસ્થાકી દૃષ્ટિસે હોનેસે આહાહા ! ભગવાન આત્માકી પર્યાયમેં અવસ્થામેં, પાંચ ઇન્દ્રિયસે, ભાવેન્દ્રિયસે ટકતે હૈ ઔર વીર્યસે જો ટીકા હૈ, ઔર સક્રિયપણા ઔર આયુષ્યકે યોગ્ય હૈ અથવા શ્વાસ યોગ્ય જો સક્રિયપણા હૈ પર્યાયમેં ઔર સ્થિતિ મુદત ઈતનામેં રહેના, એ એક સમયકી અવસ્થા હૈ, વો પર્યાયાશ્રિત હૈ, દ્રવ્ય–આશ્રિત નહીં ભારે વાત ભાઈ. સમજમેં આયા ? ઓ અવસ્થાકે આશ્રયે હૈ, યે પર્યાયનયાશ્રિત હોનેસે, પહેલા કહા થા કે પારિણામિકપણા શુદ્ધ દ્રવ્યાર્થિકનયાશ્રિત હોનેસે નિરાવરણ હૈ ઐસી સંજ્ઞાવાળા જાનના. આ તો અધ્યાત્મકી કળા હૈ, અધ્યાત્મકા વ્યાયામ હૈ. સમજમેં આયા. ?

ભગવાન આત્મા એમાં દો ભાગ એક ભાગ તો જીવત્વરૂપ ત્રિકાળ, ઓ તો પારિણામિકભાવ સહજ નિરાવરણ ઔર ઉસકી પર્યાય નામ અવસ્થામેં, પાંચ ઇન્દ્રિયાં–આદિસે ટીકતે હૈ, ભાવઇન્દ્રિય આદિ હોં ઔર વીર્ય મન વચન કાયા આદિકા વીર્ય ઈતના, ઔર સક્રિયપણા આદિ, ઔર ઈતની મુદત આયુષ્ય આદિ, ઐસે રહના હૈ વો તો પર્યાયાશ્રિત હૈ, વર્તમાન અવસ્થા આશ્રિત હૈ, "ઓ કારણસે અશુદ્ધ–પારિણામિકભાવ સંજ્ઞાવાળા હૈ"– તીનોકો અશુદ્ધ પારિણામિક સંજ્ઞાવાળા–નામવાળા કહેનેમેં આતા હૈ–

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પીછે અશુદ્ધ ક્યું કહનેમેં આતા હૈ ઉસકા ખુલાસા કરતા હૈ આચાર્ય-સમજમેં આયા. ?

ત્રિકાળી શુદ્ધ ભગવાન, ત્રિકાળી જ્ઞાનગુણ, ત્રિકાળી આનંદગુણ, ત્રિકાળી વીર્ય ગુણ, ત્રિકાળી વીતરાગતા ગુણ એટલે ચારિત્ર ઔર ત્રિકાળી સહજ અનંત સબ ગુણ વો તો ધ્રુવ ભાવ હૈ. વો તો દ્રવ્ય નામ વસ્તુકી લક્ષ લેનેવાલી નય ઉસકા ઓ વિષય હોનેસે, ઓ ત્રિકાળી હૈ. અને આ દસ પ્રાણસે જિના ઔર ભવ્ય-અભવ્યપણા યે હૈ એ તો પર્યાય, વર્તમાન અવસ્થાકે આશ્રયસે હૈ. સમજમેં આયા ? ક્યા હૈ દેખો દસ પ્રાણરૂપ જીવત્વ, ભવ્યત્વ ને અભવ્યત્વદ્વય એ તીનોં પર્યાયાર્થિક નયાશ્રિત હોનેસે, અશુદ્ધ પારિણામિકભાવ, એ તો અશુદ્ધ પારિણામિકકી પર્યાય હૈ, ત્રિકાળી શુદ્ધ પરિણામમેં યે હૈ નહીં-

ભારે વાત ભાઈ. ભેદ જ્ઞાનકી બાત હૈ આહાહા ! ચાર બોલ કહા. એક તો ત્રિકાળી શુદ્ધ જીવત્વભાવ, ત્રિકાળ ધ્રુવ ધ્રુવ ધ્રુવ હૈ હૈ હૈ ! બસ ઈતના વો તો દ્રવ્યાર્થિકનયકા વિષય શુદ્ધપારિણામિકભાવ ઔર ઉસકી પર્યાય નામ અવસ્થા નામ દશામેં, દસ પ્રાણરૂપ, ભાવ પ્રાણ અશુદ્ધભાવ ઉસસે જીતે હૈ વહ પર્યાયનયકા વિષય હૈ, અવસ્થા, વર્તમાન અંશકો દેખનેવાલી નયકા યે વિષય હૈ ઔર ભવી-અભવી બી વર્તમાન દેખનેવાલા અંશકા વિષય હૈ. દ્રવ્યાર્થિકનયમેં યે ભવ્ય-અભવ્ય અને અશુદ્ધ ભાવ પ્રાણ હૈ નહીં. આહાહા ! સમજમેં આયા ? કેટલાક કહેતે હૈ ને કે હમ ભવી હોગા કે અભવી હોગા ? તો કહેતે હૈ કે-પર્યાયમેં દૃષ્ટિ હૈ તેરી. માટે તેરી ઐસી ભવ્ય-અભવ્યકી શંકા પડતી હૈ. વસ્તુકી દૃષ્ટિમેં તો ભવ્ય-અભવ્ય હૈ હિ નહિ સમજમેં આયા ? ધર્મકો પાનેવાલા લાયક હું કે ધર્મ નહીં પાનેવાલા લાયક હું ? ભવી-અભવીકી વ્યાખ્યા હૈ. ભાઇ મૈં ધર્મ સમજનેકે લાયક ભવી હું કે મૈં નહીં સમજનેકે લાયક અભવી હું ? અરે ભગવાન ક્યા કહેતે હૈ તું ? એક સમયકી પર્યાયકા લક્ષણવાળા ઓ ઐસા પ્રશ્ન ઉઠાતે હૈ. સમજમેં આયા ? જીસકો ત્રિકાળી જીવત્વ ધ્રુવકી દૃષ્ટિ હુઈ ઓ ભવી યે નહીં ને અભવીયે નહીં એ દસ પ્રાણવાળા ઓ નહિ. સમજમેં આયા ? ભારે ઝીણું કહે આવું. ભાઈ મારગ તો આ હૈ વસ્તુકી સ્થિતિ આ હૈ, એ ઉસકો સમજના પડેગા, સમજના પડેગા સમજના પડેગા જોરસે નહિ ( સમજના પડેગા ઉસમેં બોજા હોતા હૈ ) બોજા હોતા હૈ. ( સહજ સમજના પડેગા ) ઐસા સહજ સ્વરૂપ હિ ઐસા હૈ, ઐસા ઉસકો જ્ઞાન કરના બસ. એ હિ બાત હૈ. ( સમજના ચાહીયે ) આહાહા ! ક્યોં અમુલખચંદજી ક્યા હૈ આ વાતુ માથુકુટ ઈતની.

શ્રોતાઃ- વસ્તુ તો ધ્રુવ હૈ તો પર્યાયમેં અતીંદ્રિય આનંદ આતા હૈ વો કહાંસે આતા હૈં ?

ઉત્તરઃ- પર્યાયમેં પર્યાયસે આનંદ આતા હૈ ઐસી હૈ બાત આહાહા ! ( અલૌકિક બાત ) પર્યાય ભી સત્ હૈ કે નહિ ? સત્ હૈં કે નહીં ? હૈ ઉસકો આલંબન દૂસરાકા કયા ? સમજમેં આયા ? સુખકા સાગર ભગવાન, પણ પર્યાયમેં સુખકા અનુભવ હો વો ધર્મ,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

એ પર્યાયમેં સુખકા અનુભવ હોતા હૈં, દ્રવ્યકા અનુભવ નહીં હોતા હૈ, દ્રવ્ય તો ધ્રુવ હૈ, કુટસ્થ હૈ, એકરૂપ હૈ, સામાન્ય હૈ અભેદ હૈ આહાહા ! ભારે વ્યાખ્યા ભાઈ કુટસ્થ શબ્દકા અર્થ કુટ નામ જે શિખર હૈ ને શિખર પર્વત ઉપર શિખર સ્થિર હૈ, પાણીમેં તો ઐસા તરંગ ઉઠતે હૈ. વો શિખરમેં તરંગ નહીં ઉઠતે, શિખર હોતા હૈ સ્થિર હૈ. ઐસે ધ્રુવ કુટસ્થ હૈ. કુટની પેઠે સ્થ રહેલ આહાહા ! સમજમેં આયા ? ( કુટસ્થ નામ આવે ત્યાં વેદાંત યાદ આવે ) –

અહીંયા પર્યાયકો ભી કુટસ્થ કહેતે હૈ, અહીંયા તો કેવળજ્ઞાનકો ભી કુટસ્થ કહેતે હૈ પંચાસ્તિકાયમેં, ક્યોંકિ પર્યાય ઐસી ને ઐસી રહેગી ઐસી ને ઐસી, યે નહીં પણ ઐસી ને ઐસી કેવળજ્ઞાન પર્યાય રહેગી તો ઉસકો પંચાસ્તિકાયમેં કુટસ્થ કહા હૈ. આહા ! કઈ અપેક્ષા છે એ સમજના ચાહીયે ને ? સમજમેં આયા ? આ તો ત્રિકાળ એકરૂપ શિખર જેમ રહેતે હૈ, હલતે હૈ શિખર ? ઓ વૈતાળ પર્વત હૈ ને ઉસમેં ૫૦૦ જોજનકા હૈ ને કુટસ્થ, શિખર, શિખર સ્થિર સ્થિર અનાદિ અનંત ઐસા હલના, ઐસા હૈ કુછ ઉસમેં ? ( ના–નીચલા ભાગમાંથી પાણા કાઢે છે ઉપલા ભાગમાંથી નહીં ) કોઈ કાઢતું નથી. નીચેથી કાઢે ને ઉપરથી કાઢે, શાશ્વત વસ્તુમેંસે કૌન નિકાલતે હૈ ? વો તો બહારકી ચીજ હો તો વો લે લે ઉપરકી ચીજ લઈ આવ્યાને કાંઈક– કહે છે ને આ લોકો આ ચંદ્રમા ઉપર જઈને ધૂળ લઈ આવ્યા. ધૂળ લઈ આવ્યાને ? અરે સૂન તો સહી વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ કહેતે હૈ, ‘ યહ ચીજ દૂસરી હૈ ને લોકો કાંઈ દૂસરી રીતે ચઢ ગયે હૈ. ’ આહાહા ! સમજમેં આયા. ?

અહીં તો ભગવાન આત્મા, શિતળનાથ, લ્યો શિતળનાથ આવ્યા. આજ લાવ્યા ઓલાની પ્રતિમા છે ને શિતળનાથની, સજોત–સૂરત પાસે સજોત હૈ ને ? દો હજાર વર્ષ પહેલાકા ભગવાન હૈં, ભોંયરામેં, આજે વો લાવ્યા હૈ ભાઈ સુરેશ, સુરેશ એ ફોટો લાવ્યો છે કે નહીં ? ક્યાં ગયો સુરેશ ? હેં ? માંદો પડયો છે ? અહીં આવ્યો ’ તો ને હમણાં ? ( તાવ આવે છે ) તાવ આવે છે ઠીક ? બહુ સારી પ્રતિમાનો ફોટો લાવ્યો ’ તો–સજોતમાં ગયા ’ તાને બહુ સરસ ફોટો પાડયો છે માળે ? ( અંકલેશ્વર પાસે ) એક બાજુથી એવો ફોટો પાડયો છે આહાહા ! શિતળનાથ, બે હજાર વર્ષ પહેલાની સજોતમાં ગયે થે હમ દો વાર, અંકલેશ્વર પાસ હૈ. શાંત શાંત. અંકલેશ્વરમેં ભી ઉસકે પ્રકારકી મૂર્તિ હૈ, પણ વો જરી ખવાઈ ગઈ છે. પથ્થર ઉસે ક્યા કહેતે હૈ ? ( ખીર ગઈ હૈ ) ખીર ગઈ હૈ. પુરાણી પ્રતિમા દો હજાર વર્ષ પહેલાકી.

આ તો સનાતન વસ્તુ હૈ ને ? દિગંબર કાંઈ નયા નહિ હૈ. સમજમેં આયા ? ઉસકી પ્રતિમા અનાદિકી હૈ, માર્ગ ભી અનાદિકા હૈ ઔર મોક્ષકા માર્ગકા કારણ દ્રવ્ય ભી અનાદિકા હૈ. આહાહા ! કહેતે હૈ ક્યા ? આ સામે પાના રખ્ખા હૈ કે શું ઉસમેં ખ્યાલ આવે

કે ક્યા અર્થ હૈ.

કે અશુદ્ધ-પારિણામિક ભાવ. કિસકો કહ્યા અશુદ્ધ પારિણામિકભાવ ? અને કિસકો કહ્યા શુદ્ધ દ્રવ્યાર્થિકકા શુદ્ધપારિણામિક ભાવ ? દો બોલ લીયા. એક શુદ્ધપારિણામિકભાવ, એક અશુદ્ધપારિણામિકભાવ.

પારિણામિકભાવકા જો તીન બોલ લીયા થા તત્ત્વાર્થસૂત્રમેં ઉમાસ્વામીએ ઉસમેં દો નિકાલા. એક તો ત્રિકાળ જીવ ધ્રુવસ્વરૂપ આનંદકદ પ્રભુ, એ શુદ્ધ પારિણામિકભાવ ઔર પર્યાયમેં- દસ પ્રાણ ઔર ભવી અભવી એ પર્યાયનયકા પારિણામિકભાવ- આહાહા ! સમજમેં આયા ? ભેદ પડયા ને ભેદ. ( પર્યાય માત્ર વ્યવહાર છે ) આહાહા !

" અશુદ્ધ પારિણામિક કહેનેમેં આતા હૈ. " " પ્રશ્નઃ- અશુદ્ધ ક્યોં ? " પારિણામિક કહ્યાને અશુદ્ધ ક્યોં ? જીસકો આપ પારિણામિક કહેતે હો અને અશુદ્ધ કહેતે હો. તો દોમેં બાત ક્યાં મિલતી હૈ ? સમજમેં આયા ? ( બરાબર ) " તો ઉત્તર- સંસારીઓકો શુદ્ધનયસે. " સંસારી પ્રાણીકો શુદ્ધનયસે યે તીન બોલ હૈ હી નહીં. શુદ્ધનયની દૃષ્ટિ કરનેસે સંસારીમેં, ભવી, અભવી ઔર દસ પ્રાણ યે શુદ્ધનયસે હૈ નહીં સમજમેં આયા ? શુદ્ધનયકા વિષય જો ધ્રુવ ઉસમેં યે હૈ નહીં. " ઔર સિદ્ધોંકો તો સર્વથા હિ નહીં "- સિદ્ધ ભગવાન જો હૈ વો " તો સર્વથા હિ દસ પ્રાણરૂપ જીવત્વ, અને ભવ્યત્વ, અભવ્યત્વ દ્વયકા અભાવ હોનેસે. " સિદ્ધમેં તો હૈ હી નહીં. વર્તમાનમેં, ભવીપણા હિ નહીં, અભવીપણા હિ નહીં અને અશુદ્ધ ભાવ પ્રાણ નહીં. ( નહીં ) એ ભવીપણા સિદ્ધ મેં નહીં. ( સિદ્ધ મેં નહીં- તો કોને હોય ? )

વળી એક કોર એમ કહે ભવ્યત્વ ગુણ પારિણામિકભાવે હૈ. ( એ તો પર્યાયકી અપેક્ષા ) એ તો પર્યાયકી અપેક્ષાએ હૈ. યૂં તો કહેતે હૈ, ખુલાસા કરતે હૈ. સંસારી ઔર સિદ્ધ. દો પ્રકારકી પર્યાયવાળા જીવ તો સંસારીકો શુદ્ધનયસે દેખો તો તીન બોલ નહીં ઉસમેં દસ ભાવ પ્રાણ અને ભવી અભવીપણા શુદ્ધનયસે દેખો તો ઉસમેં નહીં. ઔર સિદ્ધકો તો વર્તમાન પર્યાયમેં હૈ હિ નહીં. સમજમેં આયા. ? માટે ઉસકો અશુદ્ધ કહેનેમેં આતા હૈ. ભારે વાત છે.

સમજાય એવી વાત છે હોં, ન સમજાય એવું નથી, ઐસી બાત યહાં હૈ હિ નહીં, યહાં તો સાદી ભાષા હૈ ઔર સમજાય ઐસી બાત હૈ. ઐસા ન સમજના કે અમને ન સમજાય, ન સમજાય એવું ક્યાં છે ? કેવળજ્ઞાન લેનેકી તાકાત હૈ તો ઈતની બાત ન સમજાય ઐસે તો કલંક લગે, ઐસા કહે તો એઈ પદ્મચંદજી- આહાહા !

કહેતે હૈ, કે અશુદ્ધ પારિણામિક તું કહાંસે લાયા ? કયોંકિ અશુદ્ધ પારિણામિક ઐસા તો હમારે ખ્યાલમેં નહીં હૈ. પારિણામિકભાવ બરોબર હૈ- તો કાયમ રહે. આ તો અશુદ્ધ પારિણામિકકે ભાઈ, અશુદ્ધ પારિણામિકકા અર્થ યહ હૈ સંસારી જીવકો શુદ્ધનય સે ધ્રુવ દેખો તો ઉસમેં તીન બોલ હૈ નહીં અને સિદ્ધની તો વર્તમાન પ્રગટ પર્યાયમાં પણ નહીં હૈ. માટે

ઉસકો અશુદ્ધ કહેતે હૈ યે અશુદ્ધ પ્રાણ હૈ યહ આશ્રય કરને લાયક હૈ નહીં.

વિશેષ કહેગા.

પ્રમાણ વચન ગુરુદેવ.

*****

## પ્રવચન નં. - ૫ ગાથા ૩૨૦ તા. ૧૪-૮-૭૦

જયસેનાચાર્યકી ટીકા. અલૌકિક ટીકા હૈ, સારા જૈનદર્શનકા માખણ, સાર ભર્યા હૈ.

યહાં ચાલતે હૈ ક્યા ? ક્યા ભાવસે મોક્ષ હોતા હૈ ? વો બાત ચલતી હૈ. આત્મા વસ્તુ હૈ, જ્ઞાનાનંદ ધ્રુવ સ્વરૂપ ઔર પર્યાયમેં અશુદ્ધતા હૈ તો ઓ આત્માકો –પાંચ ભાવ હૈ પાંચ ભાવ, ઉસમેં પરમપારિણામિકભાવ તો ત્રિકાળી ધ્રુવ અવિનાશી વસ્તુ હૈ. સમજમેં આયા ? એ આગળ કહેગા, વો નિષ્ક્રિય હૈ ભાઈ. નિષ્ક્રિયની સિદ્ધાંતમાં ગાથા નીકળે છે, પંચાસ્તિકાયમાં ટીકામાં, એ સિદ્ધાંતમાં પારિણામિકને નિષ્ક્રિય કહ્યું છે પંચાસ્તિકાયની ગાથા ઉપરની ટીકા. જયસેનાચાર્યની ટીકામાં શ્લોક છે. “ નિષ્ક્રિયો પારિણામિકઃ ” ભગવાન આત્મા ધ્રુવ સ્વરૂપ જો નિષ્ક્રિય હૈ, ઉસમેં પરિણતિ નામ પર્યાય નામ અવસ્થાકી ક્રિયા નહીં, તો વો મોક્ષકા કારણ નહીં. સમજમેં આયા ? તો મોક્ષકા કારણ કૌન હૈ, યે બાત યહાં આચાર્ય સિદ્ધ કરકે લોગોંકો કહેતે હૈ–

સૂન ભૈયા, પાંચ ભાવમેં પારિણામિકભાવ જો ત્રિકાળી હૈ વો તો શુદ્ધ ધ્રુવ હૈ. હવે પારિણામિકના જો તીન ભેદ લીયા થા– અશુદ્ધ પારિણામિકકા તીન બોલ, જો દસ પ્રાણ, પાંચ ઇન્દ્રિય– લીયા તો હૈ પારિણામિકમેં ઉસકો પાંચ ઇન્દ્રિય ભાવઇન્દ્રિય હોં ઔર વીર્ય મન–વચન–કાયાકી કંપનમેં જો વીર્ય હૈ વો વીર્ય યહાં, કંપન દૂસરા. ઐસા દસ પ્રાણરૂપે જીવન. યે અશુદ્ધ પારિણામિકભાવ, પારિણામિક ઉસકો પારિણામિક કહા, લ્યો, અશુદ્ધ ભાવમેં તો કર્મકી નિમિત્તતા આતી હૈ, પણ ઐસા યહાં નહીં ગીનનેમેં આયા વો દસ પ્રાણરૂપી કી પર્યાય પાંચ ઇન્દ્રિય, મન, વચન, ને શ્વાસ ને આયુષ્યની યોગ્યતાપણે જો અંદર પરિણમન હૈ, એ અશુદ્ધ પારિણામિકભાવકા ભેદ હૈ. સમજમેં આયા ? ઔર ભવ્યત્વ અને અભવ્યત્વ, યે તીન બોલ જો તત્ત્વાર્થસૂત્રમેં લીયા હૈ, વો તીનોં અશુદ્ધ પારિણામિકભાવકા કથન હૈ, ઉસમેં ત્રિકાળી જીવન શક્તિ ભગવાન પારિણામિકભાવ સ્વભાવરૂપ, ઓ તો ત્રિકાળી ધ્રુવ હૈ, સમજમેં આયા ? એ ધ્યેય કરને લાયક હૈ, પણ મોક્ષકી પર્યાય ને મોક્ષકા કારણ ભાવ, ઓ ઉસમેં નહીં. સમજમેં આયા ?

આગળ કહેગા ધ્યેય તો હૈ યહ ત્રિકાળ ભગવાન ધ્રુવ સ્વરૂપ, જ્ઞાનકા દળ, સમજમેં આયા ? જૈસા અરીસામેં શીશા, અરીસાકો શીશા કહેતે હૈ ને ? ઉસકી પર્યાય વર્તમાનમેં સ્વચ્છતાકે કારણ અગ્નિ બરફ આદિ દીખતે હૈ, યે અગ્નિ, બરફ નહીં હૈ. યહ તો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરીસાકી વર્તમાન સ્વચ્છ અવસ્થા હૈ. પણ ઓ અવસ્થાકે પીછે અરીસાકા જો દળ પડા હૈ, વો મૂળ ચીજ અરીસાકી હૈ સમજમેં આયા ? એમ આત્મામેં પર્યાય જો ચલતી હૈ. રાગાદિ કે ક્ષયોપશમ આદિ, એક સમયકી પર્યાય ઉસકો યહાં પારિણામિકમેં ગીનનેમેં આયા હૈ. અશુદ્ધ પારિણામિકમેં ગીનનેમેં આયા હૈં.

ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ખરેખર તો પારિણામિકકી પર્યાય હૈ પણ યહાં કહેતે હૈ કે ક્યા ભાવે મોક્ષ હોતા હૈ ? તો પહેલે તીનકો અશુદ્ધપારિણામિક ગીનકે, હવે ભવ્યત્વકા ક્યા હુઆ યહ બાત હૈ. અભવીકા તો કભી મોક્ષ હોતા નહીં, એટલે ઉસકી બાત છોડ દીયા. અબ ત્રિકાળી જીવત્વ શક્તિ જો ધ્રુવ-ધ્રુવ-ધ્રુવ હૈ, ઓ તો નિષ્ક્રિય હૈ, ઉસમેં પરિણમન નહીં, તો પરિણમન હૈ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રકા યહ કિસકો હોતા હૈ ? ભવી જીવોંકો હોતા હૈ. સમજમેં આયા ? તો કયૂં અભી તક ન હુઆ ? તો ઉસકા ઘાતક કૌન હૈ ? નિમિત્ત તરીકે, યહ બાત કરતે હૈ.

દેખો, " ઉનતીનમેં. " ત્રીજે પાને પહેલી લીટી- ઉન તીનમેં, ઉન તીનમેં એટલે દસ પ્રાણરૂપ જીવન અને ભવ્યત્વ-અભવ્યત્વ- યે તીનમેં " ભવ્યત્વલક્ષણ પારિણામિક કો તો " ગાથા સૂક્ષ્મ હૈ. મૂળચીજ હૈ. આચાર્યે જંગલમાં રહકર ઐસા અમૃત શાસ્ત્ર બનાયા હૈ. સમજમેં આયા ? શાસ્ત્રકા બહુમાન,

વો હૈ ને વો શીખ, શીખ લોગ ( ગ્રંથ સાહેબ ) ગ્રંથ સાહેબ, ઉસકો ગ્રંથ આવે તો ઉભા થઈ જાય. એમ બહુમાન, ગ્રંથ સાહેબ કહે છે.

આ તો મહા-અધ્યાત્મ ગ્રંથ સાહેબ છે. ( જી. પ્રભુ ) સમજમેં આયા ? એ તો ઉસમેં તો ક્યા બાત હૈ, ઠીક સમજનેકી ચીજ હૈ. આ તો અલૌકિક બાત હૈ. પરમેશ્વરકે મુખસે નિકલી દિવ્યધ્વનિ ઉસકા યહાં સાર, આ ગાથામેં જો રચના કીયા હૈ.

તો કહેતે હૈ. ભવ્યત્વ- જો તીન બોલમેં જો ભવ્યત્વ હૈ ઐસા પારિણામિકકો તો યથા સંભવ, સમકિત આદિ જીવ ગુણોંકા, ગુણ શબ્દે યહાં પર્યાય લેના હૈ, સમ્યગ્દર્શનકી પર્યાય, સમ્યગ્જ્ઞાનકી અવસ્થા ઔર સમ્યક્ચારિત્ર જો આનંદરૂપ અનુભવ હૈ. યહ મોક્ષકા માર્ગ હૈ. સમજમેં આયા ? તો મોક્ષકા માર્ગમેં ઘાતરૂપ નિમિત્ત કૌન હૈ ? સમજમેં આયા ? આત્માકા આનંદકા અનુભવ હોના, આનંદકા સુખકા સ્વાદ આના, સમજમેં આયા ? ઉસકા નામ અનુભૂતિ અને ઉસકા નામ મોક્ષકા મારગ હૈ. એ આનંદકા અનુભવરૂપી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી શાંતિ. ઓ સમ્યક્ત્વ આદિ જીવ પર્યાયકા ઘાતક, ગુણકા તો કોઈ ઘાતક હૈ નહીં, ગુણ તો ત્રિકાળી હૈ, સમજમેં આયા ? દ્રવ્ય ને ગુણ તો ત્રિકાળી હૈ, વો તો નિષ્ક્રિય હૈ, વો તો કેહ દીયા, પણ ઉસકી પર્યાયમેં, અવસ્થામેં, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જો આનંદકી દશા હૈ, અપના નિજ ઘરકા આનંદકા અનુભવ હૈ, સમજમેં આયા ? એ મોક્ષકા મારગ ઉસકો ઘાતક, ઘાતક તો યહાં નિમિત્તસે કહેના હૈ, ઘાત તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અપના સ્વભાવ સન્મુખકી અનુભવ ગતિ કરતે નહીં તો ઓ કારણસે અપની નિર્મળ પર્યાય રૂક ગઈ હૈ મિથ્યાત્વમેં, સમજમેં આયા ? તો વો મિથ્યાત્વમેં રૂકી હૈ તો ઉસમેં નિમિત્ત કૌન ? “ કે દેશઘાતી અને સર્વઘાતી નામો વાળા મોહાદિ કર્મ સામાન્ય ” હૈં ? ( હો ગયા ? ) કયા હો ગયા એમ કે ઘાતી હો ગયા એમ કહેતે હૈ શેઠ પહેલેસે કહાને કે યહ વ્યવહારનયકા કથન હૈ. ક્યોંકિ અપની પર્યાય નિર્મળ ક્યોં પ્રગટ નહીં હુઈ ? તો અપનેકા લક્ષ ન કરનેસે જો પ્રગટ ન હુઈ, તો પરકા લક્ષ ઉસમેં હુઆ, તો ઉસમેં ઘાત કરનેકી પ્રકૃતિ દર્શનમોહ, ચારિત્રમોહકી પ્રકૃતિ જડ હૈ, એ નિમિત્ત ઉપર લક્ષ કરનેસે, અપની વીતરાગી પર્યાયકા ઘાત હોતા હૈ. સમજમેં આયા ?

“ યથાસંભવ ”, સમકિત, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ ચારિત્ર એ જીવગુણોકા ઘાતક, દેશઘાતી. સમકિત મોહનીય આદિ હૈ એ દેશઘાતી હૈ ઔર મિથ્યાત્વ મોહનીય હૈ યહ સર્વઘાતી હૈ. ઔર ચારિત્રમેં ભી અનંતાનુબંધી આદિ હૈ યહ સર્વઘાતી હૈ. ઔર સંજ્વલન આદિ કષાય હૈ વહ દેશઘાતી હૈ. સમજમેં આયા ? દેશસે અંશમેં ઘાતમેં નિમિત્ત હો, ઔર સર્વ ઘાતમેં નિમિત્ત હો, એ પ્રકૃતિકો દેશઘાતી અને સર્વઘાતી કહેનેમેં આયા હૈ. તો કહેતે હૈ કે ભવ્યત્વ લક્ષણ પારિણામિકકો તો યથાસંભવ, એને યોગ્ય એમ યથાસંભવ સમકિત આદિ જીવકી આનંદકી શાંતિકી પર્યાય, વીતરાગી આનંદકા સ્વાદકી દશા, ઐસા પર્યાયકો ઘાતરૂપ, દેશઘાતી, સમજમેં આયા ? કેવળજ્ઞાનાવરણી અને કેવળદર્શનાવરણી એ પણ એ સર્વઘાતી હૈ ઔર ઉસકા ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન આદિ દર્શન હૈ વો દેશઘાતી હૈ. તો વો અપની પર્યાયમેં કેવળજ્ઞાન નહીં, કેવળદર્શન નહીં, તો ઉસકા નિમિત્ત કૌન, ઘાતમેં ? કે કેવળજ્ઞાનાવરણી, કેવળદર્શનાવરણી નિમિત્ત હૈ. સમજમેં આયા ? ઔર અપનેમેં સમ્યગ્દર્શનકી પર્યાય નહીં, તો ઉસમેં નિમિત્ત કોણ હૈ વિપરીત પર્યાયમેં ? વિપરીત પર્યાય કરતે હૈ આત્મા, અપના આનંદકા ખ્યાલ છોડકર, પરમેં સુખ માનતે હૈ, રાગમેં, પુણ્યમેં, એ માન્યતા મિથ્યાત્વભાવ હૈ. સમજમેં આયા ? એ મિથ્યાત્વ ભાવમેં નિમિત્તપણા કૌન હૈ ? મિથ્યાત્વ પ્રકૃતિ, ઓ સર્વઘાતી હૈ યહ સિદ્ધ કીયા સમજમેં આયા. ?

અહીંયા કહેના હૈ કે ભવ્યત્વ પારિણામિકભાવ હૈ. વળી પારિણામિકભાવકો ઘાતમાં નિમિત્ત લીયા. પર્યાય તો અપની હૈ અપનેસે, પણ નિમિત્ત હૈ ઘાતીકર્મ ને દેશઘાતીને નિમિત્ત કહેવામાં આયા. ઓ બતાયા ઉસમેં. “ ઐસે નામોવાળા મોહાદિકર્મ ”, મોહાદિ કર્મ, મોહ નામ મિથ્યાત્વ મોહ, ચારિત્રમોહ આદિમેં કેવળજ્ઞાનાવરણી, કેવળદર્શનાવરણી આદિ, મતિજ્ઞાનાદિ વગેરે ઐસા સામાન્ય પર્યાયાર્થિકનયસે ઢંકતા હૈ. ક્યા કહેતે હૈ. વસ્તુ તો ત્રિકાળ હૈ ઉસમેં તો ઢંકના, ખુલના કાંઈ હૈ નહીં. ભગવાન ચૈતન્ય આનંદ બિંબ પ્રભુ, અતીન્દ્રિય આનંદકા સુખકા સાગર પડા હૈ આત્મા. લ્યો શેઠ આ સાગર તુમ્હારા સાગર નહીં. આહાહા !

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અતીન્દ્રિય ભગવાન આત્મા જીવત્વ શક્તિમેં જો પરમ આનંદ ત્રિકાળ પડા હૈ, ઉસકી દૃષ્ટિ નહીં કરનેસે, ઉસમેં જો દુઃખકી પર્યાય ઉત્પન્ન હોતી હૈ, ઉસમેં ઘાતી આદિ કર્મ નિમિત્ત કહેનેમેં આતા હૈ. વો પરદ્રવ્ય ઘાત કરતે નહીં. એક દ્રવ્ય દૂસરા દ્રવ્યકી પર્યાયકો ઘાત કરતે નહીં. પણ અહીં તો કથન સમજાના હૈ તો ક્યા કહે ? અલ્પ ભાષામેં જો ભાવ કહેના હૈ તો ઐસે કેહ સકતે હૈ. આમ લાંબુ લાંબુ કરવા જાય– અપની પર્યાયમેં અપના દોષસે સ્વકા આશ્રય ન લેતે પરકા આશ્રય કરતે તો મિથ્યાત્વ હોતા હે ઉસમેં કર્મ નિમિત્ત પડતે હૈ ઐસી લાંબી લાંબી વાત ન કરકે ટૂંકી કીયા હૈ. શેઠ ! ( બરાબર, બહુત લંબા વ્યાખ્યાન પઢા ) લંબા લંબા થઈ જાય. સંક્ષેપમેં ઉસકો કહેના હો તો આ રીતે જ કહે સકતે હૈ, દૂસરી રીતે કહે સકતે નહીં.

કહેતે હૈ. “ ઐસે નામોવાળા મોહાદિકર્મ સામાન્ય ”, એના પેટા ભેદો ઘણાં હોય. સામાન્ય રીતે મોહકર્મ, જ્ઞાનાવરણી, દર્શનાવરણી, આમ સામાન્ય રીતે કહેવામાં આવે છે. એના પેટા ભેદ લઈ લેવા.

“ પર્યાયાર્થિકનયસે ઢંકતા હૈ ”, ઐસા જાનના એ ક્યા કહેતે હૈ ? અપની ભવ્યત્વ શક્તિમેં આનંદકા અનુભવ હોના ચાહિયે ઉસકી લાયકાત તો વો હૈ, પણ ઓ આનંદકા અનુભવ નહીં એટલે સમ્યગ્દર્શન નહીં, તો ઓ સમ્યગ્દર્શનમેં ઘાતરૂપ ક્યા ચીજ હૈ ? કે ઓ પર્યાયાર્થિક નયસે, અવસ્થા દૃષ્ટિસે ઘાત કરનેમેં આતા હૈ. વસ્તુમેં કોઈ ઘાત કરતે ઐસા હૈ નહીં, પર્યાયાર્થિક દૃષ્ટિસે. પર્યાયમેં, અવસ્થામેં ઘાત હોતા હૈ. સમજમેં આયા ? ભારે વાતું ભાઈ આહાહા ! પર્યાયાર્થિકનયસે ઐસા જાનના, ઐસા જાનના એમ કહેતે હૈ. તો ઓ જોરવાળા કહે દેખો ભૈયા, મોહાદિ કર્મ પર્યાયાર્થિકનયે ઢાંકે છે એમ માનવું જાવ. ( ચોખ્ખું લખ્યું છે ) ચોખ્ખું લખ્યું છે ને ? ચોખ્ખા લીખા હૈ. પણ ક્યા નયકા કથન હૈ વો સમજના ચાહીયે કે નહીં ? દરેક ગાથા દીઠ પાંચ બોલ લીયા થા પહેલે, દરેક ગાથામેં, શાસ્ત્રમેં ઐસા ચલા હૈ. પ્રત્યેક ગાથાકા શબ્દાર્થ કરના, નયાર્થ કરના, કે આ નિશ્ચયકા કથન હૈ કે વ્યવહારકા સ્વદ્રવ્ય આશ્રય હોય તો નિશ્ચય, પરદ્રવ્ય આશ્રય હોય તો વ્યવહાર– આગમાર્થ આગમકા ભાવ આ હૈ અને અન્યમત્તિકા ભાવ ઉસમેં વિરોધ આ હૈ. ઐસા કરકે તાત્પર્ય નિકાલના. એકેક ગાથામેં તાત્પર્ય નિકાલના અને એકેક ગાથામેં પાંચ બોલ લેના. સમજમેં આયા ? નવરાશ કીસકો. ફુરસદ ઐસી નક્કી કરનેકી– આ પાપકા ધંધા કરના વકીલ ? વકીલના ધંધા ક્યા હૈ ? પાપ.

( નવરાશ માને ક્યા ) ફુરસદ. ફુરસત નહીં ફુરસદ. ( ધર્મકી ફુરસદ નહીં ) નહીં. ઓ માટે પાપકે માટે ફુરસદ હૈ. આહાહા ! ચોવીસ કલાક રાત દિન અજ્ઞાન.. તો કહેતે હૈ કે રાગ દ્વેષ ને અજ્ઞાન તો કરતે હૈ જીવ, ઉસમેં નિમિત્ત હૈ કર્મ, યે કર્મ નિમિત્ત પર્યાયકો ઘાતતે હૈ, અથવા પર્યાયમેં ઘાત અપનેસે હોતા હૈ, એમાં નિમિત્ત પડતા હૈ, પર્યાયકી સાથ નિમિત્ત

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

નિમિત્ત સંબંધ હૈ, દ્રવ્ય ગુણકી સાથ કર્મકી પર્યાયકા નિમિત્તકા સંબંધ હૈ નહીં એમ સિદ્ધ કરના હૈ, સમજાય છે કાંઈ ? એ સમજાય છે કાંઈ એ અમારી કાઠીયાવાડી ભાષા ગુજરાતી અમારી, સમજમેં આતે હૈ– યે તમારી – આહાહા !

કહેતે હૈ ભવ્યત્વ શક્તિમેં તો મોક્ષમાર્ગ હોનેકી લાયકાત હૈ. પણ વો મોક્ષમાર્ગ કહેતે હૈ કે ભવ્યત્વ પારિણામિકભાવમેં ક્યૂં ન હુઆ સમજમેં આયા ? વો તો અપના ભવ્યત્વ કારણકી યોગ્યતા પ્રગટ નહિ કરનેસે હુઆ હૈ. પણ યહાં કર્મકા નિમિત્ત બતાના હૈ. " ઐસે જાનના " વળી કોઈ એમ કહે કે ભવ્યત્વ તો પારિણામિક ભાવે હૈ ઉસમેં કર્મકા નિમિત્તકા ઘાત બાત કહાંસે આયા ? હેં ? ( પ્રશ્ન તો કેવો ) પ્રશ્ન હૈ ? સમજમેં આયા. ઉસકો તો પારિણામિકભાવ કહા હૈ. એક બાજુ પારિણામિકભાવમેં પરકી અપેક્ષા હૈ નહીં. પણ વો તો યહાં પારિણામિકભાવ હૈ ઉસકો તો ઘાત નહીં કરતે પણ ઉસકી જો સમ્યગ્દર્શન, જ્ઞાન–ચારિત્રકી પર્યાય ઉસકો ઘાત કરતે હૈ તો યે ભવ્યત્વકી શક્તિકી વ્યક્તતાકો ઘાત કરતે હૈ, ઐસે કહનેમેં આતે હૈં આહાહા ! સમજમેં આયા ?

વહાં જબ, વો બાત અનાદિકી ભૂલ બતાયા. અનાદિસે ભગવાન અપની ચીજકો, આનંદકંદ પ્રભુ, અતીન્દ્રિય આનંદકા સરોવર, સમજમેં આયા ? વો નામ આયેગા. વો નામ હૈ ને પાંસઠ, દ્રવ્યસંગ્રહમેં પાંસઠ નામ છે. આ બે નામ આમાં આપ્યા છે. પાંસઠ છે એમાંથી. એમાં એક હંસ લીધો છે. પરમ હંસ ભગવાન આત્મા અપના આનંદ સરોવરમેં અંતર એકાગ્ર હોકર, રાગકો ભિન્ન કરકે, હંસ હોતા હૈ હંસ, વો પાણી જલ અને દૂધ એકઠા મીલા હુઆ હૈ. તો ચાંચમેં ખટાશ હોતી હૈ હંસકી ચાંચમેં, ઐસી ચાંચ અડે, દૂધ અને જલ દો ભિન્ન હો જાતા હૈ ઐસે ભગવાન આત્મા, અપના આનંદ સરોવર જો ભરા હૈ અંદરમેં, એ રાગ ને વિકલ્પકા જો દુઃખરૂપ દશા હૈ, ઉસસે ભિન્ન કરકે, હંસ અપની નિર્મળ આનંદકા અનુભવ કરે ઉસકો હંસ કહેતે હૈં. બાકી કાગડા કહેતે હૈ. કાગડા કહેતે હૈ, ક્યા કહેતે હૈ ? ( કૌઆ ) કૌઆ, કૌઆ કહેતે હૈ ને, સમજમેં આયા ?

અહીંયા કહેતે હૈ " કાળાદિ લબ્ધિકે વશ ભવ્યત્વ શક્તિકી વ્યક્તિ હોતી હૈ. " ભાષા દેખો. ભવ્યત્વ શક્તિ જો હૈ ત્રિકાળ ઉસમેં આનંદ ને પરમાનંદ હોનેકી હી શક્તિ હૈ. ઉસમેં અપની પર્યાયમેં ઉલટી દશા કરતે હૈ તો ઉસકો ઘાતીકર્મ આદિ નિમિત્ત કહેનેમેં આતા હૈ. હવે જબ કાળાદિ લબ્ધિ અપના પુરુષાર્થ. કાળાદિ લબ્ધિ એક બોલ નહીં લીયા, જબ સ્વકાળ પ્રાપ્ત હો પુરુષાર્થકા, ધર્મકા ઔર ઉસકે આદિ નામ ભાવ બી પ્રાપ્ત હો, આનંદકી દશાકા ભાવ, સમજમેં આયા ? ઔર ઓ સમય કર્મકા બી યહ પ્રકારકા અભાવ હો, ભવિતવ્યતા ભી, ઈસ પ્રકારકી ઓ સમયમેં હો ઔર પુરુષાર્થ ભી એ સમયમેં સ્વભાવ સન્મુખકા હો પાંચો સમવાય સમજમેં આયા ? કાળાદિ લબ્ધિકે વશ, દેખો કેટલાક ના પાડતે હૈ કે કાળલબ્ધિ હોય નહીં, ઐસે કહેતે હૈ અબી તો વો રતનચંદજી. અહીંયા તો કહેતે

હૈ વો સમયમેં આનંદકી પ્રાપ્તિ હોનેકા કાળ હૈ તો પુરુષાર્થ ભી અપના સ્વ સન્મુખ હુઆ હૈ. સમજમેં આયા ?, ઔર વો હી સમય ભવિતવ્યતા ઔર આનંદકી પર્યાય પ્રાપ્ત હોનેકી હિ ભવિતવ્યતા થી ઉસમેં, ઔર વો હિ સમય દર્શનમોહ આદિકા અભાવ ઉસકે કારણ અભાવ હોનેકા હિ થા. સમજમેં આયા ? સ્વભાવ તો હૈ હિ અપના આનંદ.

એ સ્વભાવ પ્રભુ સ્વભાવકા દળ પડા હૈ. ઉસકા ઉપર સન્મુખ કરકે, કાળલબ્ધિ, ભાવલબ્ધિ ઓ પ્રાપ્તિ કરનેકા સમ્યગ્દર્શનજ્ઞાન આદિ, ઐસા કાળાદિ લબ્ધિકે વશ, ઉસકે તાબે હોકર, અપના પુરુષાર્થકી ઔર કાળલબ્ધિ ઉસકો તાબે હોકર, એકિલા કાળલબ્ધિ નહીં. સમજમેં આયા ? અપના ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ, આનંદકા દળ, અતીન્દ્રિય આનંદકા સ્વયંભૂરમણસમુદ્ર – ઐસા આનંદમેં હંસલા રાગસે, પુણ્યસે, વિકલ્પસે ભિન્ન કરકે અપના અનુભવ કરે ઉસકા નામ યહાં આનંદકી લબ્ધિકે વશ ભવ્યત્વ શક્તિકી વ્યક્તિ કહેનેમેં આતા હૈ. આહાહા ! શક્તિની વ્યક્તતા, પ્રગટતા, જો ભવ્યત્વ શક્તિ હૈ વહ અપના સ્વભાવરૂપ હૈ. હવે અંતરકા અનુભવ કરકે કાળાદિ અને ભાવ અંતર સ્વરૂપકા સાવધાન હોકર. સમજમેં આયા ? ટોડરમલને તો લીયા હૈ કે કાળાદિ લબ્ધિ કોઈ વસ્તુ નહીં. લીયા હૈ ? ( નવમે અધિકારમેં ) નવમેં અધિકારમેં. સમજમેં આયા ? ( જો કાળમેં હોના વો હિ કાળલબ્ધિ ) વો હિ કાળલબ્ધિ. જો સમયે અપના પુરુષાર્થસે જો કાર્ય હોનેવાલા હૈ વો કાળલબ્ધિ– સમજમેં આયા ?

ઓ તો પ્રશ્ન હમારે બહોત ચલતે હૈ ને પહેલે ૮૩ કી સાલસે– ૮૩–૮૩– એંસી ઔર તીન, કેટલા વર્ષ હુઆ ? ૪૩ વર્ષ હુઆ ૧૭+૨૬– એક ગૃહસ્થ થા ઉસકી સાથ બહોત ચર્ચા ચલતી થી. ઉસકો બહોત વાંચન થા; ઉસકા ઐસા વાંચન નહીં. તો કાળે હોતા હૈ, ફલાણે હોતા હૈ. હવે કીધુ કાળે હોતા હૈ ક્યા ? સુન તો સહી. ટોડરમલજી કહેતે હૈ કાળ લબ્ધિ કોઈ વસ્તુ નહીં. તો ઉસને કહા ટોડરમલ ક્યા કેવળી હો ગયા ? ભાઈ ! ઐસે કહા–૪૩ વર્ષ પહેલેકી બાત હૈ ૪૦ ઔર ૩ આ ક્યા કહેતે હૈ ? ( એ તો આપને પહેલેથી જ મળ્યા ) પહેલેથી જ મળ્યા હતા, માથાકુટીઆ માળા. સમજમેં આયા ? ૫૦–૫૦ વર્ષ પહેલા હોં આ સબ વાતુ ચલતી થી, કે હા કાળે હોગા, કાળે હોગા કર્મ–કર્મકા બહોત જોર થા ઉસકા, કર્મ હટે તો આત્માકો સમ્યગ્દર્શન થાય ઐસે માનતે થે, પણ કર્મ કૈસે હટે કીધું ? અપના સ્વભાવકા પુરુષાર્થ કરે તો કર્મ હટયા હિ પડયા હૈ સમજમેં આયા ? ઉસકી ભી શ્રદ્ધાકા ઠેકાણાં નહીં. કર્મ હટે, કર્મ તો જડ હૈ. આતે હૈ કે નહીં.

**“ કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ,**
**અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિપાઈ. ”**

અગ્નિ ઉપર ઘણ પડતા હૈ. અકેલી અગ્નિ જો છૂટી હો તો પડતે નહીં, પણ લોહામેં પ્રવેશ કરતે હૈ તો ઘણ પડતે હૈ. એમ એકીલા આત્મા કર્મકા, રાગકા નિમિત્તકા સંબંધ ન

કરે તો ઉસકો દુઃખકા ઘણ સહન કરના પડતા નહીં. સંગ કરે, કર્મકા સંગ કરે, કરે સંગ પોતે હોં, વો તો આતા હૈ ને સમયસારમેં "પર સંગ એવ"– બંધ અધિકાર. (પરસંગ એવ) હા, પર સંગ એવ–કળશ આતા હૈ ને– તો ક્યા કહેતે હૈ જુઓ પરસંગ એવ–પરકા સંગ. પણ પરકા સંગ કરતે હૈ તો હોતા હૈ કે પર સંગ કરા દેતે હૈ જડ? સમજમેં આયા? વહ કળશ હૈ ને ઉસમેં (૧૭૫ કળશ).

આંહી કહેતે હૈ શુદ્ધ પારિણામિકભાવ વો કાળાદિ લબ્ધિકે વશ ભવ્યત્વ શક્તિકી વ્યક્તતા હોતી હૈ. અપના નિજાનંદ ભગવાન ઉસમેં જ્યાં દૃષ્ટિ પડી ઔર ઉસકા જ્યાં જ્ઞેય જ્ઞાનમેં, સ્વ વસ્તુકો જ્ઞેય બનાયા, તો ઓ સમયમેં ભવ્યત્વ શક્તિકી વ્યક્તિ હોતી હૈ, પ્રગટ હોતા હૈ સમ્યગ્દર્શન જ્ઞાન ને આનંદ. સમજમેં આયા? આ ઉસકા નામ મોક્ષમાર્ગ હૈ એમ આગળ ભાવમેં કહેગા. એ કાળાદિ લબ્ધિકે વશ ભવ્યત્વ શક્તિકી વ્યક્તિ હોતી હૈ. અંદરમેં તો આનંદ સ્વરૂપ ભગવાન પડા હી હૈ. આનંદ કોઈ બહારસે લાના નહીં હૈ. બહારમેં ક્યાંય હૈ નહીં (કાળાદિ પીછે પુરુષાર્થ નહીં લીખા હૈ) કાળાદિ પીછે પુરુષાર્થ આ ગયા કે નહીં? કાળ– આદિ હૈ કે એકલા કાળ હૈ? (આદિ મેં પુરુષાર્થ આ ગયા). કાળ, ભાવ, સ્વભાવ, પર્યાયમેં ભાવ હુઆ, સ્વભાવ ત્રિકાળી હૈ, કર્મકા અભાવ હૈ. ઉસ સમયમેં ઐસા કર્મકા અભાવ હોતા હિ હૈ. સમજમેં આયા.

એક સમયમેં પાંચો સમવાય સાથે હિ હોતા હૈં. ટોડરમલે લીખા હૈ એક કારણ નહીં હૈ. એક કારણકે સાથ સબ કારણ હોતા હી હૈ. આહાહા! ઐસી ગડબડી હો ગઈ હૈ ને? કર્મને માથે ઢોળે છે માળા. કર્મકે કારણ હમારે રૂલના પડે સમજમેં આયા? (તો કાળકા દોષ હૈ ને) હૈં? કાળકા દોષ કોણ? કાળ ક્યા હૈ કોઈ ચીજ હૈ, હાથ પકડતા હૈ તુમકો કાળ?

શ્રીમદે કહા હૈ કે અપના પુરુષાર્થ કરતે હો ને જો કાળ પકડને આવે તો મેરી પાસ આના શ્રીમદ્ રાજચંદ્ર કહેતે હૈ. અપના ચિદાનંદ ભગવાન, જૈસે તેરે રુચિ પરકી હૈ, પુણ્યકી, પાપકી, પરકા વિષયકા ભોગકી જો રુચિકા ઉલ્લાસ હૈ, ઐસી રુચિ સ્વભાવ સન્મુખ કર ને ધર્મકી પર્યાય પ્રગટ ન હો તો મેરી પાસ આના, ઐસી બાત હૈં. ભગવાન આત્મા ચિદાનંદ સ્વરૂપ, ઓહોહો! આનંદકા ધામ, જિસમેંસે આનંદ અનંત અનંત નિકાલો તો ભી આનંદ અંદરસે પૂરા હોતા નહીં. આનંદ આનંદ આહાહા! સ્વભાવ સન્મુખ હોના વો હિ તેરા પુરુષાર્થ હૈ, આગે કહેગા– સમજમેં આયા?

વહ જીવ, તબ યહ જીવ, એમ વહાં જબ ઐસા હોતા હૈ તબ "યહ જીવ" ઐસા શબ્દ હૈ ને ત્યાં ક્યા કરતા હૈ, કૈસે, જબ વ્યક્તિ હોતી હૈ ત્યારે "સહજ શુદ્ધ પારિણામિક ભાવ લક્ષણ નિજ પરમાત્મ દ્રવ્યકે", જુઓ આ ભાવ આયા, યહ જીવ, પોતે અપના આત્મા "સહજ શુદ્ધપારિણામિકભાવ લક્ષણ" સહજ નામ સ્વાભાવિક, શુદ્ધ નામ પવિત્ર, પારિણામિક નામ કિસકી અપેક્ષા નહીં ઐસા, પારિણામિકભાવ લક્ષણવાળા,

નિજ પરમાત્મ દ્રવ્ય, ” દેખો, અપના પરમાત્મ દ્રવ્ય, પર પરમાત્મા નહીં, અરિહંત ને સિદ્ધ તો ઉસકા પરમાત્મા, અપના નહીં આહાહા ! જીવ, સહજ... શુદ્ધ... સ્વાભાવિક... પવિત્ર... પારિણામિકભાવ લક્ષણવાળા જિસકા પારિણામિક સહજ ભાવ લક્ષણ હૈ ઐસા નિજ પરમાત્મદ્રવ્ય, ઉસકા લક્ષ, ભગવાન અપના પરમાત્મદ્રવ્ય દેખો નિજ-પરમાત્મ દ્રવ્ય લીયા હૈ ને ? પરમેશ્વરકા પરકા પરમેશ્વરકા ધ્યાન કરના વો તો વિકલ્પ હૈ. સમજમેં આયા ?

નિજ પરમાત્મ દ્રવ્ય જો ત્રિકાળી ભગવાન, ઐસે “ પરમાત્મ દ્રવ્યકે સમ્યક્ શ્રદ્ધાન, ” દેખો વો પર્યાય હુઈ, ઓ ત્રિકાળી દ્રવ્ય હુઆ, ત્રિકાળી ભગવાન આત્મા ધ્રુવ-ધ્રુવ-ધ્રુવ-પારિણામિક લક્ષણવાળા નિજ તત્ત્વ ભગવાન ઉસકા સમ્યક્ શ્રદ્ધાન, દેખો યહાં દેવ-ગુરુકી શ્રદ્ધા ને નવ તત્ત્વકી શ્રદ્ધા વો શ્રદ્ધાકો સમકિત કહેતે નહીં, સમજમેં આયા ? આ તો પહેલા ધર્મકી શરૂઆતકી બાત કરતે હૈ.

નિજ પરમાત્મ દ્રવ્ય, દ્રવ્ય એટલે વસ્તુ, સત્તા, હોનાપણા વસ્તુકા સ્વભાવ ત્રિકાળ, ઈસકી સમ્યક્ શ્રદ્ધાન, સમ્યક્ શ્રદ્ધાન એટલે ઉસકી સન્મુખ હોકર અનુભવમેં શ્રદ્ધા આના. આહાહા ! સમ્યક્ શ્રદ્ધાન, “ ઉસકા સમ્યગ્જ્ઞાન ”, દેખો શાસ્ત્રકા જ્ઞાન, જ્ઞાન નહીં. સમજમેં આયા ? નવ તત્ત્વકા ભેદકા જ્ઞાન ભી જ્ઞાન નહીં. છ દ્રવ્યકા જ્ઞાન ભી જ્ઞાન નહીં. આહાહા ! પૂરણ પ્રભુ ધ્રુવ ચીજ એક સમયકી પર્યાય બિનાકી ચીજ, ઉસકી શ્રદ્ધા, એ શ્રદ્ધા પર્યાય હૈ, ઓ દ્રવ્ય ત્રિકાળી હૈ, ઉસકી શ્રદ્ધા. સમજમેં આયા ? ઉસકા નામ સમ્યગ્દર્શન, જુઓ આ તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શન આ. તત્ત્વાર્થ શ્રદ્ધાન, વ્યવહાર તત્ત્વાર્થ શ્રદ્ધાન એ વ્યવહારકી બાત યહાં હૈ નહીં, યહાં તો પરમાર્થકી બાત હૈ. નિજ સ્વરૂપમાં આરૂઢ હોકર સમજમેં આયા ? અપના ભગવાન નિજ પરમાત્મ દ્રવ્ય, વસ્તુ ઓ તરફકા ઝુકાવસે જો સમ્યક્ શ્રદ્ધાન હુઆ, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન હુઆ, વિકલ્પ તો નહીં અને વિકલ્પકા આશ્રય નહીં, શ્રદ્ધાકા આશ્રયમેં ભગવાન ત્રિકાળી દ્રવ્ય. સમજમેં આયા ?

ઔર જ્ઞાન, સમ્યગ્જ્ઞાન તીનોમેં લેના સમ્યક્ શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન. નિજ પરમાત્મ દ્રવ્યકા જ્ઞાન સમજમેં આયા ? ઉસકા નામ જ્ઞાન કહેતે હૈ. ( વાહ રે વાહ ) ભારે વાતુ ભાઈ- ( બહુ સરસ ) નિશ્ચય પરમ સત્યકી બાત હૈ ( બરાબર- નિજ ઘરકી બાત હૈ ) આઠ આઠ વર્ષકી બાલિકા ભી સમ્યગ્દર્શન કરતે હૈ તો આ રીતે જ થાય છે. ( બરાબર ) દેડકા, મંડૂક સુખકા સાગર ઉપર ઝૂકતે હૈ તો ત્રિકાળી નિજ દ્રવ્ય પરમાત્માકા જ્ઞાન હોતા હૈ. સમજમેં આયા ? દૂસરા નવ તત્ત્વકા નામ ભી ન જાનો, નામ ભી ન હો, પણ નિજ પરમાત્માકા અંદરમેં અનુભવ કરકે જ્ઞાન હો ઈસકા નામ જ્ઞાન કહેતે હૈ. આહાહા ! ભારે વાત ભાઈ. નિજ પરમાત્મ દ્રવ્યકે સમ્યક્ શ્રદ્ધાન, આ પર્યાય હુઈ, પરમાત્મ દ્રવ્ય એ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વસ્તુ હુઈ.

સમ્યગ્જ્ઞાન, પરમાત્મ દ્રવ્યકા જ્ઞાન, અપના પરમાત્મા વસ્તુ ધ્રુવ ઉસકા જ્ઞાન, ઓ તરફ ઝૂકનેસે જો જ્ઞાન હુઆ વો જ્ઞાન.

ઔર અનુચરણ, " સમ્યક્ અનુચરણરૂપ ", એ સ્વરૂપકા અનુસરણ કરકે સ્થિરતા જો હુઈ, જિસમેં આનંદ અને શાંતિકી પર્યાય ઉત્પન્ન હો– ઉસકા નામ અનુચરણ નામ ચારિત્ર કહેનેમેં આતા હૈ. લ્યો આ ચારિત્ર ( વાહ રે વાહ ) પાંચ મહાવ્રત ને બાર વ્રત, યે તો વિકલ્પ હૈ એ ચારિત્ર નહીં, એ ધર્મ નહીં, એ ધર્મકી અવસ્થા, પર્યાય નહીં નિજ પ્રભુ પરમાત્મ દ્રવ્ય કહો કે નિજ પરમાત્મા પૂર્ણાનંદ ધ્રુવ પ્રભુ, ઉસકી શ્રદ્ધા, ઉસકા જ્ઞાન, ઉસકા અનુચરણ એમાં દ્રવ્યને અનુસરીને, અનુસરીને ઠરના, રમના ઉસમેં વો ચારિત્ર ( એક કાલમેં તીનો ) એક કાલમેં તીનો, સમજમેં આયા ? સમ્યગ્દર્શનમેં સ્વરૂપ આચરણ, અનુચરણ એ તીનો એક સાથ હોતા હી હૈ. સમજમેં આયા ?

આગળ કહેગા દેખો હમણાં તીન ભાવમેં મોક્ષમાર્ગમેં એટલે ઉપશમમેં, સમ્યક્ ઉપશમમેં ભી સમ્યગ્દર્શનકા શુદ્ધ ઉપયોગ હૈ, ઉસમેં ભી શુદ્ધાત્માકા આચરણ હૈ. આહાહા ! એ પર્યાયકો તીન ભાવમેં ગીનનેમેં આતા હૈ. તો ઉસકા અર્થ ક્યા ? દેખો, આ કહે છે હોં– એ અનુચરણ પર્યાયસે પરિણમતા હૈ, ઐસા પાઠ હૈ ને ? ઉસમેં ભી, ઘાતકમેં ભી પર્યાયાર્થિકનયસે ઢંકતા થા. કહા, અપની પર્યાયરૂપ પરિણમે આત્મા, શુદ્ધ ભગવાન આત્મા, આનંદકા ધામ, ઉસકો સ્પર્શ કરકે, સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકી પર્યાય, અવસ્થા, આ પરિણામ પહેલે કહા થા ને ? પરિણામ પહેલે કહા થા ને ભૈયા અહીંયા. ઓ પરિણામકો યહાં પર્યાય કહા.

મોક્ષ માર્ગ અને મોક્ષકા પરિણામસે શૂન્ય દ્રવ્ય હૈ, ઐસા પહેલે કહા થા– આહાહા ! મોક્ષ ઔર મોક્ષકા માર્ગ ઓ પર્યાય હૈ, અવસ્થા હૈ, હાલત હૈ, દશા હૈ, પરિણામ કહેનેમેં આતા હૈ, પર્યાય કહો, પરિણામ કહો, અવસ્થા કહો, હાલત કહો, દશા કહો. સમજમેં આયા. યે બાત તો થોડા કલાસમેં તમને શીખવતે હૈ લોકો, સમજમેં આયા ? પહેલા કલાસમેં ચીમનભાઈ યે શીખવતે હૈ બહોત. પહેલા કલાસ બૈઠતે હૈ ને વહાં હમ સૂનતે હૈ ત્યાં કોઈ વાર કે ઠીક, ભાષા સાદી હૈ ( ક્યા શિખાતે હૈ ) આ શિખાતે હૈ, ગુણકી પર્યાય ઓ ગુણકા કાર્ય ( અન્યકા નહીં ? ) તો સૂનતે હૈ ને હમ સુબહ પાંચ દસ મિનિટ, વખત હોતા હૈ ને હમ તો ફિરતે હૈ તો બાતકા ખ્યાલ આ જાતા હૈ કે ઠીક.

અપનેમેં જ્ઞાન ગુણ હૈ કે નહીં ? હૈ, તો જ્ઞાનકા કાર્ય અપનેસે હોતા હૈ કે પરસે હોતા હૈ ? સમજમેં આયા ? ( આપ સમજાવો મહારાજ સમજાવો ) સમ્યગ્દર્શન વો કાર્ય હૈ કે અકાર્ય હૈ ? ( કાર્ય હૈ ) તો સમ્યગ્દર્શન કિસકા કાર્ય હૈ ? અપના શ્રદ્ધા ગુણ ત્રિકાળી ઉસકા ઓ કાર્ય હૈ– વો પરકા કાર્ય હૈ નહિ સમજમેં આયા ? ચારિત્ર કાર્ય હૈ કે નહીં ? ચારિત્ર

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાય કાર્ય હૈ કે નહીં? (હૈ) તો કાર્ય, કિસકા કારણ હૈ? ઉસકા કારણ કૌન? ચારિત્ર ગુણ–ત્રિકાળ વો કારણ હૈ, ગુણકા વો પરિણમન હૈં કે પરકી પર્યાયકા પરિણમન હૈ– સમજમેં આયા? અહીંયા તો સાદી ભાષામેં હૈ. આ ગયા હૈ પહેલે બહોત, કલાસમેં પહેલે બહોત યહાં કલાસ બહોત ચલતે થે ને? યહાં તો તીજી સાલસે કલાસ ચલતા હૈ, યહાં

અનંત ગુણકી પર્યાય હો, એક સાથ હોતી હૈ. અનંત ગુણકી પર્યાય એક સાથ હોતી હૈ. આ તો તીન તો મોક્ષકા માર્ગકે માટે બતાયા– બાકી એક દ્રવ્યમેં જીતના ગુણ હૈ, સબ એક સમયમેં અનંત ગુણકી પર્યાયરૂપ અંશ નિર્મળરૂપ પરિણમન હોતા હૈ. (બરાબર) સમજમેં આયા. સર્વ ગુણાંશ તે સમકિત ઐસી શ્રીમદ્ સમકિતકી વ્યાખ્યા બાંધી હૈ. આપણે અહીંયા છે ને? મોક્ષમાર્ગ પ્રકાશક. હૈં વો ક્યા? મોક્ષમાર્ગ પ્રકાશક (રહસ્યપૂર્ણ ચિઠ્ઠી) વો બતાયા થા ત્યાં (જયપુર, જયપુર) આદર્શ નગરમેં, આદર્શનગર ગયે થે બહુત માણસ થા, દસ હજાર માણસ થા, સમજે? બતાયા થા વહાં હોં, ક્યાં છે? દેખો, ચોથા ગુણસ્થાનવર્તી આત્માકો જ્ઞાનાદિ ગુણો એક દેશ પ્રગટ હોતા હૈ, વહાં બતાયા થા, જયપુર, પંડિત લોગ સબ બૈઠે થે, બહુત પંડિત થે. બંસીધરજી થા, કૈલાસચંદજી થા, ફુલચંદજી થા, ભાગચંદજી થા, બહોત થે. વો બહાર હૈ ને આદર્શનગરકા મંદિરમેં દસ હજાર માણસ આયે થે. બહોત માણસ આયે થે.

દેખો, સમકિત ક્યા કહેતે હૈ સમકિત ચોથા ગુણસ્થાનવર્તી આત્માકો આ તો ગુજરાતી છે આમાં, જ્ઞાનાદિ ગુણો એક દેશ પ્રગટ હોતા હૈ. જિતના ગુણ હૈ વહ એક અંશ સર્વ એક સમયકી પર્યાયમેં વ્યક્ત પ્રગટ હોતા હૈ. યહાં તો મોક્ષમાર્ગ એટલે તીન પર્યાયકી બાત કહેતે હૈ. સમજમેં આયા? વો ચિઠ્ઠી હૈ ને? રહસ્યપૂર્ણ ચિઠ્ઠી; ટોડરમલજીકી રહસ્યપૂર્ણ ચિઠ્ઠીકા આપણે ગુજરાતી લીયા હૈ. આ તો ગુજરાતી હૈ, દેખો, ક્યા કીયા? સમ્યગ્દર્શનકી પર્યાય, સમ્યગ્જ્ઞાનકી પર્યાય, ચારિત્રકી પર્યાય, ઉનકે સાથ આનંદકી પર્યાય, વીર્યકી પર્યાય, અનંત ગુણકી એક સમયમેં, જીતના ગુણ આત્મામેં હૈ, ઉસકો જ્યાં પકડ લીયા, તો સબ ગુણકી પર્યાય એક સમયમેં અંશે પ્રગટ હોતી હૈ.

શ્રીમદ્ ઐસા વચન લીયા હૈ, આપણે લીખા હૈ ત્યાં સ્વાધ્યાય મંદિરમેં "સર્વ ગુણાંશ તે સમકિત" ઓ દરવાજા ઉપર સ્વાધ્યાય મંદિરકા કમરેમેં ઉપર. "સર્વ ગુણાંશ તે સમકિત" ઉસકા અર્થ આ જ્ઞાનાદિ ગુણો સબ, જીતના આત્મામેં જ્ઞાન, આનંદ, આદિ વીર્ય, સ્વચ્છતા, પ્રભુતા, જીવતર શક્તિ, સમજમેં આયા? કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન આદિ શક્તિ અનંત હૈ, રાત્રિકો કહા થા થોડા, કીતની સંખ્યા હૈ? (ચાલીસ–પચાસ ગિનનેમેં આઈ) ગિનનેમેં આયા તો ક્યા, સબ ગિન સકતે હૈ– કહે સકતે હૈ? (દોસો ચારસો તો આપ બતાઓ.) આચાર્ય કહેતે હૈ કિતના હૈ ગુણ, સબ સમજ લેનાં. એક ભગવાન આત્મા હૈ વસ્તુ, કિતની સંખ્યાએ હૈ ગુણ, વો રાત્રિકો કહા થા, કે છ માસ અને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

આઠ સમયમેં સિદ્ધ હોતા હૈ, છસે ને આઠ, ક્યા ? છ મહીના અને આઠ સમયમેં છસેં ને આઠ સિદ્ધ પરમાત્મા હોતા હૈ– મનુષ્ય ક્ષેત્રમેંસે. યહાં નહીં હૈ તો મહાવિદેહક્ષેત્રમેં સે તો અબી તો હોતા હૈ. કાયમ ધારા પ્રવાહ ચાલુ છે. ઐસા છ માસ ને આઠ સમયમેં છસેં ને આઠ મુક્ત પરમાત્મા હોતા હૈ તો યે અનંતા અનંતા પુદ્‌ગલ પરાવર્તન હુઆ, ઉસકી જો સંખ્યા સિદ્ધકી હુઈ, ઉસસે અનંત ગુણા એક નિગોદકા એક શરીરમેં અનંત જીવ હૈ, સમજમેં આયા ? ઐસા સારા નિગોદ સૂક્ષ્મ અબી લોકમેં પડા હૈ. સિદ્ધ ભગવાન બિરાજતે હૈ વહાં ભી નિગોદ હૈ.. કોઈએ અબી પૂછયા થા સિદ્ધ ભગવાન બિરાજતે હૈ વહાં નિગોદ હૈ. વહાં ભી નિગોદ હૈ. સંસાર બડા પડા હૈ ત્યાં. ઉસકી ( સિદ્ધોકી ) પર્યાયમેં સંસાર નહીં. નિગોદકા જીવમેં સંસાર ત્યાં હૈ. સમજમેં આયા ? એક ક્ષેત્રે પડા હૈં જ્યાં સિદ્ધ ભગવાન રહેતે હૈ ત્યાં ય નિગોદ રહેતે હૈ. સંસારી મહા ઘોર અનંત સંસારી પ્રાણી– ક્યા કરે ક્ષેત્રમેં રહકર.

( સિદ્ધ શીલા ઉપર. ) સિદ્ધ–શીલા ઉપર, સિદ્ધશિલા એ તો હેઠે રહી ગઈ. જ્યાં સિદ્ધ બિરાજતે હૈ વહાં નિગોદ જીવ હૈ. સિદ્ધકા પેટમેં. ( સિદ્ધકા પેટમેં... ) પેટમેં સમજ્યા ? આત્મા હૈ કે નહીં, ઈતના ? અસંખ્ય પ્રદેશી આનંદકંદ શરીર અવગાહ વ્યાપક પ્રમાણે અપના સ્વરૂપ ભિન્ન. ઉસકા અસંખ્ય પ્રદેશમેં અનંતા નિગોદકા જીવ ત્યાં પડયા હૈ, ક્યા કરે ? નિગોદ નિગોદમેં હૈ ( પણ કહે છે મહારાજ કે સિદ્ધ શીલાપે નિગોદીયા જીવ હૈ ઉનકો વહાં સુખ હોગાને ) વો તો કહેતે હૈ દુઃખી હૈ, મહા દુઃખી હૈ અનંત ભવકા કરનેવાલા જીવ હૈ ત્યાં. ઉસકા ગુણ દ્રવ્ય જુદા, વો દ્રવ્ય જુદા.

ઓ કહેતે થે એક પ્રાણી કે ભાઈ તમે ચક્રવર્તીકો મીલા ? કે હા– ક્યારે ? કે હમારા કેસ ચલા થા બડા ગુન્હાકા ત્યારે ચક્રવર્તી આયા થા રાજ્યમેં ત્યારે દેખા થા. વો પીંજરા હોતા હૈ ને ( તહોમતદારકા ) તહોમતદારકા પીંજરા હોતા હૈ ને ? તહોમતદારકો પીંજરામેં ઉભા રાખે, સાક્ષી લેને ત્યારે ઉભા રાખે ખડા રખકર પૂછતે હૈ. સમજમેં આયા ?

હમારે ભી ઐસા હુઆ થા ને ? ૬૩ કી સાલમેં ખોટા ગુન્હા હમારી ઉપર આયા થા ૧૭ વર્ષકી ઉંમર, એક ને સાત–સત્રાહ ૬૩ કી સાલમેં, અફીણકા કેસ આયા થા હમારી ઉપર તદ્‌ન જુઠ્ઠા તદ્‌ન જુઠ્ઠા તદ્‌ન જુઠ્ઠા સો એ સો ટકા જુઠા. પણ હમારી પાસ સો ટકા તદ્‌ન જુઠો કેસ હમ દુકાન ઉપર થે. હમ દુકાન ઉપર થે તો વો લેને આતે હૈ ને ? ક્યા કહેતે હૈ ? ( બક્ષીસ ) બક્ષીસ. બક્ષીસ લેને આયે થે તો સબકો દેતે થે. હમ કોઈકો એક રૂપિયા. કોઈકો આઠ આના, દુકાન ઉપર ૬૩ ’કી સાલકી બાત હૈ ( જી, હા ) સંવત ઓગણીશે ત્રેંસઠ– તો એક ઓપીયમ આયા ઓપીયમ. ( યુરોપીયન ) અફીણના ( આબકારીના– એકસાઈઝવાળા ) ઓલો કહે એક રૂપિયો લઉં. મૈંને કહા તુમ્હારે હમારે સંબંધ હૈ કુછ ? હમ તો વેપારી હૈ તો વેપારીકી સાથ પોસ્ટમેન, માસ્તર ઉસકી સાથ હમારે સંબંધ હૈ. તેરી

સાથ હમારે સંબંધ ક્યા હૈ? વો કહે રૂપિયો લઉં. મેં કહ્યું આઠ આના. એ પડી તકરાર. પીછે તકરાર બડી હુઈ. સવા મહિના કેસ ચાલ્યા ખર્ચ હુઆ બહુ તકરાર હુઈ ખોટા, અંગ્રેજ હતો. વડોદરાનો મોટો ૬૩ કી સાલમેં એક મહિનાકા ત્રણ હજાર રૂપિયા પગાર, ૬૩ કી સાલમેં હોં.

તીન કલાક હમારે કહેના પડા. ઉસને દેખા તો ઓહો આ તો વાણીયા આ તો ગુન્હેગાર જ નથી. પીંજરામેં નહીં ખડા રખના, બહાર ખડા રખો. જવાબ આપો. ખોટો કેસ અમે તો વાણીયા અમારા મોઢા તો જોવેને કે – અમે તો વાણીયા. અમારા પિતાજી હતા. આ તો વાણીયા હૈ ગુન્હા અફીણકા કૈસા? ગોરા હોં; કારકૂન, નહીં પીંજરામેં નહીં. ખુલ્લા રાખો. પૂછો જવાબ દેગા મેરે તીન કલાક જવાબ દેના પડા થા કોર્ટમેં. ૧૭ વર્ષકી ઉંમરમેં, હમારા પિતાજી થા હમારા ગાંડાભાઈ થા. કેમ કાનજી ક્યા હુઆ? ક્યા હોવે હમારે તો કાંઈ ડર–બર હૈ નહીં. સચ બાત થી વહ કહે દીયા. ઉસકો બી ઘા લગ ગયા થા કે ઓહો બાત તો સચ્ચી લગતે હૈ. સમજમેં આયા? તો પાંજરાપોળમેં રખતે હૈ બીજાકો, પાંજરાપોળ ક્યા કહેતે? પીંજરામેં, પાંજરામેં રખતે હૈ. સમજમેં આયા? એમ જ્યાં સિદ્ધ ભગવાન હૈ ત્યાં પાંજરામેં નિગોદ હૈ. પીંજરા સમજતે હૈ ને પીંજરામેં નિગોદ હૈ.

અહીંયા તો કહેના હૈ સિદ્ધની સંખ્યા કરતા સંસારી જીવની સંખ્યા અનંતગુણી હૈ, ઔર ઉસસે પરમાણુ અનંતગુણા હૈ. આ પરમાણું રજકણ પોઇંટ. ( આંગળી દેખાડીને ) આના ટૂકડા કરો તો અનંત રજકણ. ઔર પરમાણુ કરતા તીન કાલકા સમય અનંતગુણા હૈ, ઔર તીનકાલકા સમય કરતા આકાશ આકાશ જો હૈ ને? વ્યાપક, વ્યાપક–વ્યાપક, તો આકાશકા પ્રદેશ અનંત ગુણા હૈ ઔર ઉસસે અનંતગુણા એક જીવકા ગુણ હૈ. સમજમેં આયા? ઈતની સંખ્યા હૈ આત્મા પાસે પુંજી. અહીંયા તમારી પાસે બે–પાંચ–દસ કરોડ થઈ જાય ત્યાં તો કહે આહાહા! પૈસાવાળા ધૂળમેંય હૈ નહિ સૂનને. એ ઈ ભગવાનજીભાઈ ( જી. પ્રભુ ) ( એની પાસે ક્યાં રૂપિયા છે ) એની પાસે પચાસ–સાંઈઠ લાખ તો છે ઓલા પાસે કરોડ ઉપર વળી બીજા હશે હાલોને– ધૂળમાંય હૈ નહીં. એઈ આ બધા બેઠા શોભાલાલજી ને– પણ એટલા પૈસા છે? સિદ્ધના ગુણ અનંત–દ્રવ્યના ગુણ છે જે અનંત, એટલા પૈસા છે તમારી પાસે? ઐસા આત્મામેં અનંત ગુણ હૈ અનંતાનંત; અનંતાનંત જ્યાં ઉસકી પ્રતીતિ હુઈ અંતર્મુખ હોકે અનંત ગુણકી શક્તિકી વ્યક્તતા એક સમયમેં પ્રગટ શક્તિ હોતી હૈ. આહાહા–બરાબર! એક ભી ગુણ શક્તિમેંસે વ્યક્ત ન હો ઐસા બને નહીં ( વાહ રે વાહ પ્રભુ, ધન્ય વીતરાગ........ ) સમજમેં આયા? આહાહા! આવો ભગવાન.

તેની તથા તેરમા ગુણસ્થાનવર્તી આત્માને જ્ઞાનાદિ ગુણો સર્વદેશ ભાઈ, બેય લીધું ને ભાઈ. કેવળજ્ઞાનીને ટોડરમલે લીયા હૈ જ્ઞાનાદિ ગુણો સર્વદેશ પ્રગટ હુઆ હૈ. પરમાત્મા અરિહંતકો સબગુણ વ્યક્ત પૂરણ હો ગયા હૈ. ચોથા ગુણસ્થાનમાં એક અંશે, એક દેશે,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક ભાગે, સબ ગુણકા એક ભાગમાં, એક દેશમાં પવિત્ર પ્રગટ હુઆ હૈ. પણ અહીંયા તો મોક્ષમાર્ગકી તીન પર્યાયકી બાત કહેના હૈ, પણ તીનકી સાથ અનંત પર્યાય પ્રગટ હોતી હૈ. સમજમેં આયા ? ઓ વખતે કહા થા, વહાં, જયપુર.

અહીંયા કહેતા હૈ પર્યાયસે પરિણમતા હૈ, આંહી તો તીનકી બાત લેના હૈ ને ? પણ એકકી સાથ અનંતા અનંતા અનંતી આ સંખ્યા ગુણ કહા, ઉસકા સબકા પવિત્ર પર્યાય પ્રગટ ચોથે ગુણસ્થાને હો જાતી હૈ, સમજમેં આયા ? કિતની લક્ષ્મી ઈસકી પાસ હૈ ! ( ખજાના ખુલ ગયા ચોથેથી ) ચોથેસે ખજાના ખુલ ગયા હૈ. અજ્ઞાનીકો સારા ખજાના બંધ હૈ. ક્યોંકિ રાગ અને આત્મા પર્યાયમેં એકત્વબુદ્ધિ કરનેવાલા મિથ્યાદૃષ્ટિ, સારા ખજાના બંધ હૈ ઉસકો. સમ્યગ્દર્શન જ્યાં હુઆ, કુંચી ખુલ ગઈ. હવે નીકાલો કરતે કરતે અંદર– સમજમેં આયા ? ઐસા પર્યાય હૈ વો તો ઐસે પર્યાયકા પરિણમન હુઆ, સમજમેં આયા ? આહાહા !

“ નિજ પરમાત્મ દ્રવ્યકે સમ્યક્ શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અનુચરણરૂપ પર્યાયસે પરિણમતા હૈ. ” જુઓ પર્યાયસે પરિણમતા હૈ ઐસા લીયા. ઐસી અવસ્થાકા પરિણમન, અવસ્થાકા હોતા હૈ. “ વહ પરિણમન ” હવે અહીંયા કહેતે હૈ, ઓ પરિણમન જો ધર્મકા હુઆ, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રકી પર્યાય, પરિણમન, અવસ્થા પ્રગટ હુઈ, તો ક્યા ભાવે હુઈ, આગમ ક્યા ભાવ કહેતે હૈ ઔર અધ્યાત્મ ક્યા કહેતે હૈ, ઉસકો ? “ એ પરિણમન આગમ ભાષાસે ઔપશમિક, ” દેખો, જુઓ આ ખુલાસા આચાર્ય કરતે હૈ. કે ઉપશમ સમકિતમેં ભી શુદ્ધ પરિણમન પ્રગટ હુઆ હૈ, યાને ઓ પરિણમનકો યહાં શુદ્ધ–ઉપયોગ ભી કહેગા. સમજમેં આયા ? હૈ ને યહાં દેખો આખીરમેં, શુદ્ધાત્મા–અભિમુખ પરિણામ, શુદ્ધોપયોગ ઇત્યાદિ ( અધ્યાત્મ ભાષામેં ) હા... આ ઉપશમભાવમેં ભી શુદ્ધોપયોગ હૈ ઐસા યહાં આચાર્ય સિદ્ધ કરતે હૈં.

કેમકે ઉપશમભાવ, ક્ષાયિક ભાવ ઔર ક્ષયોપશમ ઐસે ભાવત્રય કહા જાતા હૈ, કિસકો ? જો અપના નિજ પરમાત્મા ધ્રુવ સ્વરૂપ ભગવાન ઉસકી શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા ઓ તીન પર્યાય જો હુઈ એ ક્યા ભાવે હૈ ? કે ઉસકો આગમ ભાષાસે, ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક ઐસા ભાવ તીનકો કહેનેમેં આતા હૈ આહાહા ! એને લખ્યુ છે ભાઈ ઓલાએ – કેમકે શુદ્ધ ઉપયોગ તો લાગે છે આચાર્યનું કહેવું. ( ચોખ્ખું લખ્યું છે ) છતાં પણ પોતાનું બીજું વાંચ્યુ, એવો અર્થ બીજે ઠેકાણે પણ એક– સમયસારમાં છે. અહીંથી મરીને સમ્યગ્દૃષ્ટિ જાય છે ને ત્યાં– તો સમકિતની ભાવના છોડતા નથી. શુદ્ધ ભાવના છોડતા નથી સ્વર્ગમાં રહે છે, અને પછી અહીં આવે ત્યારે સમવસરણ, તીર્થંકર, કઈ ગાથા છે ? એ સમયસાર– ૧૩૦–૧૩૧ જયસેનાચાર્યની ટીકા વીતરાગ સ્વ–સંવેદન ભેદજ્ઞાની જીવ, ધર્મી જીવ, રાગ રહિત અપના શ્રદ્ધા જ્ઞાનને ચારિત્ર પ્રગટ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હુઆ ઓ જીવ- શુદ્ધાત્મા ભાવનારૂપે પરિણામ કરોતી- શુદ્ધાત્મ કર્તા-કર્મ હૈ ને? કર્તા-કર્મની ગાથા છે. ૧૩૦-૧૩૧-શુદ્ધાત્મભાવના આ પર્યાય કહી હૈ વો, સમ્યગ્દર્શન-જ્ઞાન એ શુદ્ધાત્મભાવના, પરિણામ કરોતિ-સપરિણામ. સર્વોપિ જ્ઞાનમયો ભવતિ, રાગકા વિકલ્પ નહીં ઉસમેં, સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર જ્ઞાનમય હૈ. તતશ્ચ એવ જ્ઞાનમયં પરિણામ એવ સંસાર સિદ્ધિ સ્થિત્વા દેવેન્દ્ર-લોકાંતિક મહ-દેવો પૂજ્વા ઘટિકાત્વયં મતિ-શ્રુત અવધિરૂપં જ્ઞાનમય ભાવમ્ પર્યાય લભન્તે તહાં- વિમાનમ્ પરિવાર આદિ વિભૂતિ જીર્ણ પરિણમનેવગત્વ ગણત્રી પંચમહાવ્રતે ગત્વા. સમ્યગ્દૃષ્ટિ મહાવિદેહમેં સ્વર્ગમેં જાતે હૈ- પીછે અપની ઋદ્ધિકો તૃણમાત્ર સડેલા તરણા દેખતે હૈ. ચાહે વૈમાનિક પહેલા દેવલોક, બીજા દેવલોક ગયા તો કિમ્ પશ્યતિ મહાવિદેહ ગત્વા તદ્ ઇદં સમોસરણં. ઓહો! આ ભગવાન બિરાજતે હૈ, જો સૂના થા, પ્રત્યક્ષ દેખે. ભગવાન પાસે જાતે હૈ ને? દૂસરા વાક્ય અપન દૂસરા વાક્ય લેના હૈ- એ તે ભેદાભેદ રત્નત્રય આરાધકા છે પરિણમતા ગણધર દેવા. સમોસરણમાં દેખા કે ઓહો! આ ગણધર ને મુનિઓ જે સૂના થા ભેદ, અભેદ રત્નત્રયરૂપે પરિણત સમોસરણમાં બિરાજતે હૈ.

અહીં દૂસરી બાત કહી હૈ, પરમાગમે શ્રુયતે દષ્ટવા પ્રત્યક્ષેણ આગમસે સૂના થા વો સમકિતી વહાં જાતે હૈ વહ પ્રત્યક્ષ દેખા. વિશેષ દ્રઢમતિ ભૂત્વા- પ્રત્યક્ષ દેખાને સારા ચતુર્થ ગુણસ્થાને શુદ્ધ ભાવના અપરિત્યજ્ય અહીંયા વજન છે ભાઈ ત્યાં વળી ઓલાએ કીધું શુદ્ધ ભાવના એટલે શુદ્ધ-ઉપયોગ લેવો એમ નહીં, ફલાણું નહીં એમ ગોટા વાળ્યા છે. અરે! આ ક્યા કહેતે હૈ સમજમેં આયા. “શુદ્ધ ભાવના અપરિત્યજય નિરંતર ધર્મધ્યાનેન દેવલોકે કાલં ગમયિત્વા” બસ પછી (મનુષ્ય ભવ) મનુષ્ય ભવ થઈને મોક્ષ જશે. સમજમેં આયા? જયસેન આચાર્યકી ટીકા. ૧૩૦-૧૩૧ ગાથા સમયસાર જયસેનાચાર્યની ટીકા- સમજમેં આયા?

ક્યા કહેતે હૈ દેખો, એ જે આત્મામેં અપના ધ્રુવ સ્વભાવ ધ્રુવ ઉસકી સન્મુખ હોકર જો સમ્યગ્દર્શનજ્ઞાન ધર્મકી પર્યાય, મોક્ષકા માર્ગકી પર્યાય ઉત્પન્ન હુઈ, ઈસકો ક્યા ભાવ કહેના આગમ ભાષાએ, એ ઉપશમભાવ બી કહો; ક્ષયોપશમ ભી હો ઔર ક્ષાયિક ઐસે ભાવત્રય કહા જાતા હૈ. મોક્ષમાર્ગકી પર્યાયકો ઉપશમભાવ ભી કહેતે હૈ, ક્ષયોપશમ ભી કહેતે હૈ, ઔર ક્ષાયિક બી કહેતે હૈ. ઉપશમભાવ સમકિત ચોથેસે અગિયાર સુધી હોતા હૈ. ચારિત્ર, ઉપશમ ચારિત્ર અગિયારમેં હોતા હૈ. સમજમેં આયા? ઔર ક્ષયોપશમ સમકિત ચોથેસે સાતમે રહેતે હૈ, ઔર ક્ષાયિક સમકિત ચોથેસે સાદિ અનંત રહેતે હૈ. સમજમેં આયા?

અહીંયા તીન ભાવ ગીનનેમેં આયા હૈ ને? તો જો ઉપશમ ભાવ સમકિત હૈ વો રહેતે હૈ. પણ હૈ વો શુદ્ધ ઉપયોગરૂપી ભાવ. આહાહા! સમજમેં આયા? ઔર

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ક્ષયોપશમભાવ હો પીછે તો બી ક્ષયોપશમ ચોથેસે સાતમે તક રહેતે હૈ સમકિત, પીછે આઠમેસે ક્ષાયિક હો જાય, યા ઉપશમ હો જાય. ઓ બી ક્ષયોપશમ સમકિતકો ભી યહાં આત્માકા પરિણામ ઉપયોગ શુધ્ધોપયોગ કહેનેમેં આયા હૈ. અને ક્ષાયિક સમકિત ચોથે, આત્મા જીસમેં, સવેરેમેં કહા થા, કલંક નહીં ઐસા ભગવાન શુદ્ધ ઉપયોગ સ્વભાવી, દ્રવ્ય હી ઐસા હૈ. ઐસા દ્રવ્યકા ભાન હુઆ તો શુદ્ધ ઉપયોગરૂપી પરિણામ, ઉસકો ઉપશમ કહો, ક્ષયોપશમ કહો, ભૂમિકા પ્રમાણે અને ક્ષાયિક તીન ભાવકો ભાવત્રય કહા જાતા હૈ. સમજમેં આયા ?

અધ્યાત્મ ભાષાએ, આગમ ભાષામાં તીન, શુદ્ધાત્મા અભિમુખ પરિણામ, શુદ્ધ–દ્રવ્ય સ્વભાવ ભગવાન એના અભિમુખ, સન્મુખ પરિણામ. ઔર શુધ્ધોપયોગ ઇત્યાદિ પર્યાય સંજ્ઞા પાતા હૈ. ઇત્યાદિ મોક્ષમાર્ગકી પર્યાયમેં, આ નામ ઇત્યાદિ ઐસા દ્રવ્યસંગ્રહમેં ૬૫ નામ આદિ લીયા હૈ. ( ૬૫ ) પાંસઠ નામ. ઓ આયેગા સવેરેમેં.

પ્રમાણ વચન ગુરુદેવ.

*****

## પ્રવચન નં. - ૬ ગાથા ૩૨૦ તા. ૧૫-૮-૭૦

આ સમયસાર ૩૨૦ ગાથા જયસેનાચાર્યજીકી ટીકા, બીજે પાને–દૂસરે પાને ઉન તીનમેં, કલ ચલા હૈ ફિર લેતે હૈ.

કયા ચલતે હૈ ? કે “ કયા ભાવસે મુક્તિ હોતી હૈ ” ભાવ પાંચ હૈ, એક દ્રવ્યરૂપ ભાવ, ભાવ નામ અસ્તિત્વ વસ્તુ, ત્રિકાળ વસ્તુ જે ભાવ અને એક પર્યાય અવસ્થારૂપ ભાવ, ત્રિકાળ જો વસ્તુ હૈ, એ તો પારિણામિકભાવ, ધ્રુવભાવ ઓ તો મોક્ષકા માર્ગ અને મોક્ષકી પર્યાયસે રહિત હૈ સમજમેં આયા ? ભગવાન આત્મા ચૈતન્ય બ્રહ્મ, પૂરણ બ્રહ્મ સ્વરૂપ ઓ તો ધ્રુવ ચીજ જ્ઞાયકભાવ ઓ તો પરમસ્વભાવ, સહજ ભાવ આત્માકી મૂળ હૈયાતી મોજૂદગીકા ઓ ભાવ, ઓ ગાથામેંસે કહા થા છપનમેંસે “ દ્રવ્ય–આત્મલાભ હેતુ ” – દ્રવ્ય નામ વસ્તુ, ઉસકા સ્વરૂપકી હૈયાતી, લાભ નામ હૈયાતી, મોજૂદગી, ત્રિકાળ જ્ઞાયકભાવ વહ વસ્તુકી સ્થિતિ ઓ વસ્તુકી હૈયાતી, મોજૂદગી, ઓ ચીજ ધ્યેયરૂપે હોતા હૈ, ધ્યેયરૂપે હોતી હૈ, પણ મોક્ષકામાર્ગ ને મોક્ષરૂપ નહીં હોતી. સમજમેં આયા ?

ધ્યેયરૂપ હોતી હૈ ચીજ, ધ્યાનમેં ધ્યેય લક્ષ કરને લાયક ઓ ચીજ હૈ, જો ત્રિકાળ જ્ઞાયકભાવ વો હૈ – સમજમેં આયા ? થોડી ચલીથી કલ ઓ, ૩૮–ગાથા નિયમસાર.

જીવાદિ સાત તત્ત્વો જો હૈ, એ પ્રશ્ન કીયા થા કોઈએ – જીવાદિ સાત તત્ત્વોમેં તો જીવ આ ગયા, તો ઉસકો પર દ્રવ્ય કહા હૈ યહાં, તો ઓ જીવ એક સમયકી પર્યાયકો લેનેમેં આતા હૈ યહાં. સમજમેં આયા ? સૂક્ષ્મ ભાવ હૈ એક આત્મા એક સમયમેં જો ધ્રુવ પરમ સ્વભાવભાવ,

ઓ તો મૂળ શક્તિ ને મૂળ સત્વ ને મૂળ દ્રવ્ય, ઔર ઉસકી એક સમયકી પર્યાય અવસ્થા, ચાહે તો સંવરરૂપ હો, નિર્જરારૂપ હો, મોક્ષરૂપ હો. એક જીવની પર્યાય જે લક્ષમેં આવે કે " આ જીવ " તો યે તો સબ બહિર દ્રવ્ય હૈ, બહિરતત્ત્વ હૈ ( યે તો ઇન્દ્રિય થઈ ગયા ) બાહ્ય તત્ત્વ છે ઈ. નિશ્ચયથી તો પરદ્રવ્ય હો ગયા, સ્વદ્રવ્યકી અપેક્ષાસે પરદ્રવ્ય હો ગયા. એક ન્યાયસે તો કહા થા એકવાર કે યે પર્યાય હૈ વહ સ્વદ્રવ્યકી અપેક્ષાસે અવસ્તુ હૈ સમજમેં આયા ?

અવસ્તુ કહ્યું યે બહિરતત્ત્વ હૈ. તો અપના ત્રિકાળ જ્ઞાયકભાવ ધ્રુવ સ્વભાવ, ઓ અપેક્ષાસે તો ઓ અવસ્તુ હૈ, અદ્રવ્ય હૈ, બહિરદ્રવ્ય હૈ, ઉસકી અપેક્ષાએ દ્રવ્ય અને અપની અપેક્ષાસે અદ્રવ્ય હૈ. જરી સૂક્ષ્મ કહ્યું 'તું થોડું કે એનો વિષય કરનાર વસ્તુ જ્ઞાન જે છે, એને વિષય કરે એ મૂળ ચીજ નથી આ. સમજમેં આયા ? ખરેખર તો એનો વિષય કરે છે, એ બહિરતત્ત્વનો એ મિથ્યાત્વભાવ એનો વિષય કરે છે. ( બહોત સરસ, મિથ્યાત્વભાવ વિષય કરે છે ) સમજમેં આયા ? સૂક્ષ્મ ભાવ હૈ ભાઈ અનંત કાળસે એને ચીજ કયા હૈ એને દૃષ્ટિમાં લેનેકી, ચીજકા કયા ભાવ હૈ ખબર નહીં. ઐસે ને ઐસે ધર્મ હો જાય ઐસા માનતે હૈ, કહેતે હૈ કે એક સમયકા ભગવાન આત્મા, જુઓ જીવાદિ સાત તત્ત્વોકા સમૂહ પરદ્રવ્ય હૈ, જો યહાં પર્યાયકો કહા ચાર ભાવ ઉસકો યહાં બહિરતત્વ કહેનેમેં આયા હૈ. આહાહા ! સમજમેં આયા ? યહ વાસ્તવમેં ઉપાદેય નહીં.સમજમેં આયા ?

પુણ્ય–પાપકા વિકલ્પ કે જીવકી એક સમયકી ક્ષયોપશમ અવસ્થારૂપ દશા કે સંવર અને નિર્જરારૂપ પર્યાય, એ આદરણીય નથી. પંડિતજી, યે ઉપાદેય નહીં કયોંકિ અવસ્તુ હૈ વસ્તુ હોય એ ઉપાદેય હોય, ત્રિકાળ વસ્તુ મહાપ્રભુ ચૈતન્ય બિંબ જો વજ્ર બિંબ હૈ, ધ્રુવ અવિનાશી આદિ અને અંત વિનાની જો ચીજ હૈ, વો હિ વસ્તુ ને વો હિ પરમ સ્વભાવ અને વો હિ આત્મ સ્વરૂપકી હૈયાતી –પર્યાયકી હૈયાતિકો અહીંયા હૈયાતિમેં ગિનના નહીં હૈ. ( નહીં હૈ, બડી ઉલઝનમેં પડ જાય ) ક્યા હૈ ? બડી ઉલઝન નહીં બડી અંદર દૃષ્ટિકા માહાત્મ્યમેં ચલે જાયેગા ખબર નહીં વસ્તુકી કયા ચીજ હૈ ને કહાં દૃષ્ટિ દેના હૈ. સમજમેં આયા ?

સમ્યગ્દર્શન જો ધર્મકી પર્યાય હૈ, વો ભી યહાં અંતઃતત્ત્વકી અપેક્ષાએ બહિઃતત્ત્વ કહેનેમેં આયા હૈ આહાહા ! કયોંકિ પર્યાયમેંસે પર્યાય નઈ નહીં આતી હૈ, તો ઉસકો પરદ્રવ્ય કહા, પરભાવ કહા, હેય કહા પર વસ્તુ શરીર વાણી મન જ્ઞેયરૂપે હેય, એ તો ક્યાંય રહી ગઈ, પણ અંદર દયા–દાન, વ્રત, શુભ રાગકા વિકલ્પ ઉઠતે હૈ, વ્યવહાર રત્નત્રયકા, ઓ બી હેય હૈ, રાગ હૈ, વો તો ઠીક પણ એક સમયકા પર્યાયમેં નવ પ્રકાર પર્યાયકા ઉભા હોતા હૈ એ બહિઃતત્ત્વ હૈ, સમ્યગ્દૃષ્ટિકો તો હેય હૈ યે, સમજમેં આયા ? વો વાસ્તવમેં ઉપાદેય નહીં. " સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણી " એ તો

પોતાનું નાખ્યું છે.

"આત્માકો 'આત્મા' વાસ્તવમેં ઉપાદેય હૈ." સમજમેં આયા ? કહા થા દો દિન પહેલે કે "કારણ પરમાત્મા" હિ વાસ્તવમેં આત્મા હૈ. વાસ્તવમેં, પાઠમેં કયા હૈ ? સમજમેં આયા ? "હિ" શબ્દ હૈ ને ? સ્વદ્રવ્ય નિષિત્ એતદ્ ઉપાદયોભિઃ આત્મા – ( એમાં ) હા, એમાં ખરેખર ગુજરાતીમેં ખરેખર કહા હૈ હિંદીમેં વાસ્તવમેં કહો. કીસકો જો ત્રિકાળ જ્ઞાયકભાવ જો એક સમયકી પર્યાય વિનાકા, વોહિ વાસ્તવમેં આત્મા હૈ વાસ્તવમેં લીયાને અહીંયા વાસ્તવમેં ઉસમેં ખરેખર પાઠમેં "હિ" લીયા હૈ."હિ" ભગવાન આત્મા જ્યાં નજર નાખની હૈ, નજર યહ પર્યાય હૈ સમજમેં આયા ? પણ જિસમેં નજર નાખની હૈ, વહ ચીજ વાસ્તવમેં ધ્રુવ એ હિ આત્મા હૈ, પર્યાય એ વાસ્તવમેં આત્મા નહીં મૂળચંદભાઈ, જરી સૂક્ષ્મ ચાલે છે કલાસમાં આ ફેરી–અમારે શેઠ કહેતા 'તા આ ફેરી ઝીણું આવ્યું કલાસમાં, થોડાક સાંભળે તો ખરા. આવો માર્ગ

મૂળ ચીજની ખબર ન મળે અને ધર્મ થઈ જાય, અહીંયા કહેતે હૈ કે વાસ્તવમેં, ખરેખર તો, અનંત અમૂર્ત અનાદિ–અનંત ભગવાન આત્મા, અતીન્દ્રિય સ્વભાવ શુદ્ધ સહજ પરમ, સહજ, સહજ, સહજ, સહજ સ્વાભાવિક પરમ પારિણામિક નામ ભાવ જિસમેં પર્યાયકી અપેક્ષા નહીં, પર્યાયસે નિરપેક્ષ ઐસા અપના નિજ દ્રવ્ય વસ્તુ એ જીસકા સ્વભાવ એ કારણપરમાત્મા વાસ્તવમેં આત્મા હૈ. યહાં તો કારણપરમાત્મા, મોક્ષ માર્ગકા અધિકાર હૈ ને, પર્યાયનયકા અધિકાર હૈ, તો ઉસમેં કારણપરમાત્મા કહ્યા, અહીંયા દૃષ્ટિકા વિષયમેં તો કારણેય નહીં વો. સમજમેં આયા ?

ધ્યેય ખરા, પણ ધ્યેય અને કારણ દોમાં ફેર હૈ. શેઠ સમજના પડેગા ઉલઝનમેં નહીં પડેગા, ઉલઝન ઉડ જાયેગા ઐસી બાત હૈ. એક સમયમેં ભગવાન નિત્ય ધ્રુવ, રાગ ને વ્યવહાર વિકલ્પસે તો રહિત પણ વિકલ્પકા જો જ્ઞાન હોતા હૈ અપનેસે, વિકલ્પકી હૈયાતી હૈ તો નહીં, અપનેસે જો જ્ઞાન પર્યાયમેં હોતા હૈ, એક સમયકી પર્યાય વો ભી દ્રવ્યમેં નહીં અને ઓ પર્યાય રહિત આત્મા હૈ, ઉસકો ખરેખર આત્મા ભગવાન સર્વજ્ઞદેવ, વસ્તુ તરીકે કહેતે હૈ. સમજમેં આયા ?

"એ આસન્નભવ્ય જીવોંકો ઐસે પરમાત્મા સિવાય કુછ ઉપાદેય નહીં." આસન્નભવ્ય જીસકો મુક્તિ નજીકમેં હૈ, આહાહા ! સમજમેં આયા ? આસન્નભવ્ય, નિકટ હૈ જીસકો સંસારકા કાંઠા ઔર મોક્ષકી પર્યાય અલ્પ કાલમેં પ્રાપ્ત હોનેવાલી હૈ. સમજમેં આયા ? ઓ ચલતે હૈ ને આપણે ભવ્યત્વ પારિણામિક ભવ્યત્વમેં જો શક્તિ પડી હૈ યોગ્યતાકી, મુક્તિ હોનેકી અને મુક્તિરૂપ જો ભવ્યત્વભાવ હૈ અંદર, દ્રવ્યસ્વભાવ ઓ પર્યાયમેં પ્રગટ હોનેકે લાયક જો ભવ્યત્વ હૈ, ઓ પર્યાય દ્રવ્યમેં નહીં, કહેતે હૈ સમજમેં આયા ?

એક સમયકી પર્યાય અવસ્થા, ક્ષયોપશમ જ્ઞાનકી અવસ્થા હોં, ક્ષયોપશમ એટલે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિકાસરૂપ અવસ્થા, જ્ઞાનકા પ્રગટ વિકાસરૂપ અવસ્થાનો અંશ, ઓ ભી બહિર્તત્ત્વ ગિન કરકે અહીં તો હેય કહા હૈ. સમજમેં આયા ? અંતઃતત્ત્વ જો ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ, વો હિ ધ્યેય કરને લાયક ને એ આદરણીય ને ઉપાદેય હૈ સમ્યગ્દષ્ટિકો દૂસરી કોઈ ચીજ ઉપાદેય હૈ નહીં. વ્યવહારેય ઉપાદેય નહીં ઐસા પર્યાય ઉપાદેય નહીં, નિર્મળ પર્યાય હોં. લાલચંદજી ઐસી બાત હૈ સૂક્ષ્મ, જરી સૂને તો ખરા, આ કયા ચીજ વીતરાગ માર્ગમેં હૈ, ખબર નહીં માર્ગકી ને અપની કલ્પનાસે માર્ગ માન લે બાપુ ઐસે તો અનંતવાર કીયા હૈ. સમજમેં આયા ? જહાં ભગવાન બિરાજતે હૈ પરમાત્મા નિજ પ્રભુ, ઉસમેં તો એક સમયકી પર્યાયકા પણ અસ્તિત્વ ઉસમેં નહીં, ઐસા દ્રવ્ય હિ ઉપાદેય હૈ. સમ્યગ્દષ્ટિકો વો હિ દ્રવ્ય આદરણીય હૈ. સમજમેં આયા ? ઔર સમ્યગ્દર્શન હુઆ ઔર ઉસમેં ચારિત્રકી પર્યાય ભી હુઈ, તો બી યે ઉપાદેય ને આદરણીય નહીં.

મોક્ષકી પર્યાય તો પ્રગટ હૈ નહીં, પણ હુઈ ઉસકો, ઓ બી ઓ જીવકો, સમ્યગ્દષ્ટિકો ઉપાદેય નહીં. આહાહા ! નંદકિશોરજી. ઐસે ભગવાન આત્મા એક હી ચીજ ત્રિકાળી ચીજ ધ્રુવ અંતઃતત્ત્વ, અંતઃસ્વરૂપ, અંતઃભાવ ઔર પર્યાયકા અંશસે માંડીને રાગાદિ સબ બહિર્તત્ત્વ હૈ. સમજમેં આયા ? ઐસા અંતઃતત્ત્વ ઉપર દૃષ્ટિ કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ, ધર્મકી શરૂઆત વહાંસે હોતી હૈ. લાખ વાત કરે દૂસરી, કરોડ વાત કરે, સમજમેં આયા ? પણ સમ્યગ્દર્શનકી અવસ્થા, ધર્મકી પહેલી સીડી, ધર્મકા પહેલા નૂર, તેજ પર્યાયકા– આહાહા ! સમજમેં આયા ? ઓ દ્રવ્યકો ધ્યેય કરનેસે પ્રગટ હોગા. બાકી ત્રણ કાળ બીજી કોઈ વાત ગમે તે કરે ઉસસે વો પ્રગટ હોતા નહીં. કહો સમજમેં આયા ? એ બાત ૩૮ મેં યહાં કહા, વો બાત યહાં કહેતે હૈ દેખો.

" ઉન તીનમેં ", પહેલો પેરેગ્રાફ હૈ ને, તીન કૌન ? જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ ઓ તીન ચીજ જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ ઓ તીન. ઉસમેં જો જીવત્વ તીનમેં સામાન્ય જો ત્રિકાળ જીવત્ત્વ સ્વભાવ જો હૈ, વો પરમપારિણામિક સ્વભાવરૂપ જીવત્વ ભાવ, વો હિ ખરેખર આત્મા, વો તો બંધ ને મોક્ષકા કારણ અને બંધ ને મોક્ષરૂપ પરિણામસે શૂન્ય હૈ પહેલે પરિણામસે શૂન્ય કહા થા, યહાં અભાવ હૈ ઐસા કહ્યા. સમજમેં આયા ? આયા થા વો, નહીં પહેલે ? પહેલે શૂન્ય ઉપર કહા થા ને બંધ મોક્ષ પરિણામસે રહિત કહા, બીજા પેરેગ્રાફમાં આખિરમાં. પહેલેમેં શૂન્ય કહા થા, પરિણામસે શૂન્ય, બંધ–મોક્ષ પર્યાય પરિણતિ રહિત હૈ ઉપર પેરેગ્રાફમાં સમજમેં આયા ?

તો કહેતે હૈ કે જો જીવત્વભાવ ત્રિકાળ, ભવ્ય–અભવ્યમેં જીવત્વ જો ત્રિકાળ ભાવ હૈ, વો હિ વાસ્તવિક આત્મા અને વો હિ ઉપાદેય અને આદરણીય હૈ.. હવે જો દસ પ્રાણરૂપ જો જીવત્વ હૈ, વો દસ પ્રાણ જડ નહીં, વો પાંચ ઇન્દ્રિયાં વીર્ય ઐસી જો પર્યાયકી યોગ્યતા ઉસકો અહીંયા પરિણામ કહા, હૈ તો કર્મકી નિમિત્તકી અપેક્ષા પણ એ અપેક્ષા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

નહીં લેના અહીંયા. સ્વતંત્ર આત્મા અપની પર્યાયમેં ભાવેન્દ્રિયરૂપ અને વીર્યરૂપ જો પરિણમન કરતે હૈ ઉસકો અશુદ્ધ પારિણામિક ભાવ કહેનેમેં આતા હૈ સમજમેં આયા ? યે અશુદ્ધ પારિણામિક ભાવ યે બહિર્તત્ત્વ હૈ, સો યે આદરણીય હૈ નહીં ઔર ભવ્ય ને અભવ્ય દો ભેદ હૈ, ઓ ભી અશુદ્ધ પારિણામિક ભાવ હુઆ ભેદ હુઆને ? એકરૂપ ન રહા વો ચીજ તો ભવ્ય ને અભવ્ય જો અશુદ્ધ, પર્યાયરૂપ પારિણામિક કહેનેમેં આતા હૈ વો બી આદરણીય હૈ નહીં.

હવે તીન ભાવમેંસે કયા ભાવવાળાકો મુક્તિ હોતી હૈ અને કયા ભાવસે મુક્તિ હોતી હૈ ? સમજમેં આયા ? “ તીનમેં ભવ્યત્વ લક્ષણ પારિણામિકકો ” ભવ્યત્વ અંદર યોગ્યતા અંદર મુક્તિ સ્વરૂપ હિ ભગવાન હૈ. વસ્તુ તો મુક્ત સ્વરૂપ હિ હૈ. વસ્તુમેં બંધ મોક્ષ હૈ નહીં. સમજમેં આયા ? મુક્ત નામ આ મુક્તિ એટલે મુક્તિકી પર્યાય એમ નહીં. દ્રવ્ય મુક્ત સ્વરૂપ એટલે ભિન્ન હિ હૈ યૂં સમજમેં આયા ? ઐસા ભવ્યત્વ લક્ષણ પારિણામિકકો તો “ યથાસંભવ સમ્યક્ત્વાદિ જીવગુણોકા ઘાતક ” સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યકચારિત્ર ઐસી જો જીવકી નિર્મળ વીતરાગી પર્યાય ઉસરૂપ નહીં પરિણમતે હૈ જીવ અને વિકારરૂપ પરિણમતે હૈ, ઉસમેં જીવ–ગુણો શબ્દ ભલે ગુણ લીયા મગર હૈ પર્યાય, અવસ્થા, મિથ્યાત્વ અવસ્થા સમ્યક્ત્વકો ઘાત કરતી હૈ, ઉત્પન્ન નહીં હોને દેતી, અ–જ્ઞાન સમ્યગ્જ્ઞાનકો ઘાત કરતા હૈ, ઔર અ–ચારિત્ર ચારિત્રકી પર્યાયકો ઘાત કરતા હૈ. યે હૈ તો ઐસા પણ યહાં લેતે હૈ કે ઉસમેં નિમિત્તરૂપ ઘાતી અને અઘાતી કૌન હૈ. યહ બતાતે હૈ. સમજમેં આયા ?

જીવ–પર્યાયકા ઘાતક “ દેશઘાતી–સર્વઘાતી ” સમકિત મોહનીય આદિ દેશઘાતી હૈ. મિથ્યાત્વ સર્વઘાતી એટલે પૂરણરૂપ પ્રગટ હોને ન દે એ પ્રકૃતિકા નિમિત્તકો સર્વઘાતી કહેતે હૈ. કાંઈક વિકાસ અને કાંઈક ઘાત હો, ઉસકો દેશઘાતી કહેનેમેં આતા હૈ. કેટલું યાદ રાખવું માણસને આમાં એઈ મનસુખભાઈ વકીલાતમેં કીતના યાદ રખતે હૈ ? કાયદા ને ફાયદા ને ધૂળ ને ધાણી.

કહેતે હૈ ભવ્યત્વ પારિણામિક અપના નિજ સ્વભાવ કાયમ, ઉસકી પર્યાયમેં, અવસ્થામેં, હાલતમેં, જો સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકી પર્યાયસે વિરૂદ્ધ પર્યાય કરતે હૈ, યે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકી ઘાતક હૈ. વિરૂદ્ધ પરિણામ કરતે હૈ વો પરિણામ સમ્યગ્દર્શન આદિકી ઘાતક હૈ પણ વહ ઘાતક ન લેકર દેશઘાતી– સર્વઘાતી પ્રકૃતિ ઘાતક લીયા હૈ અહીંયા. કયોંકિ પ્રકૃતિ ઉપર ઉસકા લક્ષ હૈ. સમજમેં આયા ? સ્વભાવ ઉપર લક્ષ હૈ નહીં. સમજમેં આયા ? અપના અસ્તિત્વ ત્રિકાળી જ્ઞાયકભાવ ઉપર અસ્તિત્વકી, હૈયાતિકી દૃષ્ટિ નહીં તો ઉસકી એક સમયકી પર્યાય ને રાગકી હૈયાતિ ઉપર દૃષ્ટિ હૈ, તો ઓ કર્મ ઉપર ઉસકી દૃષ્ટિ ગઈ ત્યાં લંબાઈને સમજમેં આયા ? તો નિર્મળ સમ્યગ્દર્શન જ્ઞાન

ચારિત્રકી જો પર્યાય ઉસકો ઘાત કરનેમેં દેશઘાતી ને સર્વઘાતી જો પ્રકૃતિ, જો જડ હૈ ઉસકો યહાં નિમિત્તસે દેશઘાતી ને સર્વઘાતી કહેનેમેં આયા હૈ.

"ઐસે નામોવાળા મોહાદિકર્મસામાન્ય," મોહાદિકર્મસામાન્ય ભેદ ન પાડતા, મોહકર્મ, જ્ઞાનાવરણી, દર્શનાવરણી વિગેરે અંતરાય ઐસા જો સામાન્ય કર્મ હૈ એના પેટાભેદમાં, મિથ્યાત્વ એ સર્વઘાતી હૈ દર્શનમોહ, સમકિત મોહનીય યે દેશઘાતી હૈ – કેવળજ્ઞાનાવરણી સર્વઘાતી હૈ, ચાર જ્ઞાનાવરણી દેશઘાતી હૈ, ઐસા પેટાભેદ લે લેના, પણ પેટાભેદ ન કરકે મોહાદિકર્મસામાન્ય પર્યાયાર્થિકનયસે ઢંકતા હૈ, દેખો અપની નિર્મળ પર્યાયમેં ઓ નિમિત્ત હોતા હૈ પર્યાયાર્થિકનયસે, દ્રવ્યાર્થિકનયમેં તો કોઈ વિઘ્ન હૈ નહીં. સમજમેં આયા ?

ચાહે તો અશુભ પરિણામ મિથ્યાત્વકા તીવ્ર હો, તો ભી વસ્તુમેં તો જો હૈ યહ હૈ ઉસમેં તો કોઈ નુકશાન હૈ નહીં. અને ચાહે તો કેવળજ્ઞાન પ્રગટ હો તો પણ વસ્તુને કાંઈ લાભ હોતા હૈ ઐસી કોઈ ચીજ હૈ નહીં. સમજમેં આયા ? ઐસી ચીજ જો હૈ ઉસકા પર્યાયમેં નિમિત્તરૂપ ઐસા મોહકર્મ, દર્શનમોહ, ચારિત્રમોહ, જ્ઞાનાવરણી, દર્શનાવરણી ઐસા કર્મ એક નિમિત્ત, મલિન પરિણામરૂપ જીવ, અપનેકો છોડકર જો પરિણમન કરતે હૈ, એ પરિણમનકા, ખરેખર તો શુદ્ધ પરિણમનકા વોહિ ઘાતક હૈ. પણ વો ઘાતકમેં નિમિત્ત કર્મ ઉસકા લક્ષ કીયા થા તો નિમિત્ત કર્મ ઘાતક હૈ ઐસા કહેનેમેં આતા હૈ. સમજમેં આયા ? ભારે ઝીણું ભાઈ આ જેને તો હજી કાંઈ અભ્યાસેય ન હોય એને આ ખબર શું પડે ? પણ બાપુ આ અભ્યાસ કરવો પડશે, જો સુખી થવું હોય, આ જનમ–મરણના ચાર ગતિના દુઃખો એકલા દુઃખ નહીં નારકીના કે એવા નહીં દુઃખ, ચાર ગતિના દુઃખ આકુળતા, સ્વર્ગમાંય દુઃખ આકુળતા હૈ, એ આકુળતાકી પર્યાયકા વ્યય કરના હો, અને અનાકુળ આનંદ સુખરૂપે હોના હો તો ઉસકો દ્રવ્ય ત્રિકાળી હૈ ઉસકી દૃષ્ટિ કરના પડેગા એ વિના સુખકા પંથ નીકલેગા નહીં કહેતે હૈ, ઐસે જાનના. સમજમેં આયા ?

હવે ઉસકી સવળી વાત કરતે હૈ. સવળી કયા કહેતે હૈ ? ( સુલટી ) સુલટી, સુલટી કહેતે હૈ ને હિંદીમેં તુમ્હારી કયા કહેતે હૈ ? ( સુલટી ) સુલટી – ( સીધી ) સીધી તો નહીં સુલટી, "જબ કાળાદિ લબ્ધિકે વશ", કાળ આદિ શબ્દ પડા હૈ. એકલા કાળ નહીં આહાહા ! સ્વકાળમેં આનંદકી પર્યાય પ્રગટ હોનેકા કાળ હૈ ઔર પર્યાયમેં ત્રિકાળ સ્વભાવ સન્મુખ હોનેકા જો ભાવ હૈ એ ભાવ અને કાળ સાથમે પાંચેય સમવાય હૈ. સમજમેં આયા ? પાંચેય સમવાયકા અર્થ, ભગવાન આત્મામેં જો સમયે જો લબ્ધિ પ્રાપ્ત હોનેવાલી હૈ વો કાળ, ઓર ભવ્યત્વ નામ ભાવ, ઓ બી ઓ સમયમેં ભાવ પ્રગટ હોના થા, ઓ ભાવ. ઓર ઓ હિ સમયમેં સ્વભાવ સન્મુખ ભાવ કીયા ઓ ભાવ ઓર ઓ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હિ સમયમેં કર્મકા નિમિત્તમેં, કર્મકે કારણસે અભાવ હુઆ, ઓ ચોથા બોલ ઔર પાંચમા બોલ સમજમેં આયા ? કયા પાંચમા બોલ રહા ? ( સ્વભાવ ) સ્વભાવ ત્રિકાળ ત્રિકાળ સ્વભાવ ભગવાન આત્મા વો તો હૈ હિ. ઉસકી ઉપર ભાવ લગાયા, ત્યારે પાંચેય સમવાય ઉસમેં આ ગયા. સમજમેં આયા ?

ભારે વાતુ ભાઈ, બીજા થોકડા યાદ કરે છે ને ફલાણું યાદ કરે છે એ કરતા આ ચીજ શીખે તો ઉસમેં પત્તા લગે કે કયા ચીજ હૈ. સમજમેં આયા ? કેવળીકો એક જ્ઞાન હૈ ને છઠા સ્થાને ચાર જ્ઞાન હૈ ને ફલાણાને ઈતના હૈ ને ફલાણાને ઈતના હૈ, હાંકે રાખે ગડીયા બોલે રાખે ઉસમેં હૈ કયા ? સૂનતો સહી, સમજમેં આયા ?

ભગવાન આત્મા અપના કાળાદિ લબ્ધિકે વશ, ભવ્યત્વ શક્તિકી વ્યક્તિ હોતી હૈ. ભવ્યત્વ શક્તિ તો ઉસકો કહેના હૈ જો મોક્ષ સ્વભાવ જો ત્રિકાળ ઉસકો ભવ્યત્વ શક્તિ. ઉસકી વ્યક્તતા, પ્રગટતા હોતી હૈ, હોતી હૈ તો ઉસકા અર્થ કયા ? કૈસે હોતી હૈ વહ પીછે કહેગા, અહીંયા તો હોતી હૈ ઐસા પહેલે લીયા. તબ, જબ હોતી હૈ તબ, જબ કાળાદિ ભાવાદિકી લબ્ધિ અંદર સ્વભાવ સન્મુખ હોનેકા ભાવકા કાળ હૈ, ભગવાન આત્મા ત્રિકાળી આનંદ સ્વરૂપ ધ્રુવ હૈ, ઓ તરફકા ભાવકા ઝુકાવ હુઆ તો કાળાદિ લબ્ધિ વશ હો ગઈ પર્યાય, તો વો પર્યાય કયા હૈ ? વ્યક્તિ હોતી હૈ, પ્રગટ હોતી હૈ, જો અહીંયા શક્તિમેંસે વ્યક્તિ ઐસે તો કહા. આહાહા ! છતાં ધ્રુવમેંસે પર્યાય આઈ ? પર્યાય પર્યાયસે હોતી હૈ ઐસા સિદ્ધ કરના હૈ આહાહા ! ( શક્તિકા મતલબ પર્યાય ) શક્તિ હૈ ત્રિકાળ ધ્રુવ, પર્યાય નહીં, વ્યક્તિ ઓ પર્યાય.

શક્તિ વો ત્રિકાળ, વ્યક્તિ પ્રગટ ઓ પર્યાય પણ યે શક્તિમેંસે પ્રગટ પર્યાય હોતી હૈ. યહ યહાં ધ્રુવ–ધ્રુવ ભલે બને શક્તિ પણ પર્યાયકા કારણ નહીં વો ધ્રુવ. વાહ રે ગજબ વાત છે. આ તો અમૃત ચોઘડીયાની વાતું છે, અમૃત પ્રગટ કરવાની હેં ? આહાહા ! સમજમેં આયા ?

ભગવાન આત્મા પર્યાય ઉપર બુદ્ધિ હૈ, અવસ્થા, અવસ્થા હૈ ને ક્ષણિક, જ્ઞાનકા વિકાસ ઉસકી ઉપર રુચિ હૈ, બુદ્ધિ હૈ, રાગ ઉપર રુચિ હૈ, નિમિત્ત ઉપર રુચિ હૈ. ઓ તીનો ભાવમેં જો રુચિ હૈ વો ગુલાંટ ખાતી હૈ દૃષ્ટિ. વો રુચિ છોડકર ધ્રુવ ઉપર દૃષ્ટિ કરતે હૈ ત્યારે કહેતે હૈ કે શક્તિની વ્યક્તિ હોતી હૈ.

ત્યાં તો ઐસા લીયા હૈ શક્તિમેંસે પ્રગટતા ભાઈ વસ્તુકો સમજાવે તો કૈસે સમજાવે એક બાજુ કહે કે પારિણામિકભાવ બંધ મોક્ષના પર્યાય રહિત ધ્રુવ હિ હૈ સમજમેં આયા ? કયોંકિ વો પરિણમન નહીં કરતે ને ? પરિણમન તો પર્યાય કરતી હૈ પરિણમન પર્યાય કરતી હૈ, વો તો અપરિણામી ત્રિકાળ દ્રવ્ય ધ્રુવ હૈ. સમજમેં આયા ?

કહેતે હૈ સમજમેં આવે ઐસી ચીજ હૈ હોં, ન સમજમેં આવે ઐસી કોઈ ચીજ હૈ હિ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નહીં. આચાર્ય સમજાતે હૈ તો સમજને લાયક હૈ ઉસકો સમજાતે હૈ ને ? સમજને લાયક હૈ ઉસકો સમજાતે હૈ કે લાકડાકો સમજાતે હૈ ? રાગકો સમજાતે હૈ ? ( પહેલે કલાસકા વિદ્યાર્થીકો ) પહેલા કલાસ નહીં આત્માકા કલાસ હૈ આ. પહેલા–ફહેલા કલાસ નહીં. આત્માકા કલાસ હૈ આ ( બરાબર પણ પહેલે કલાસ કે વિદ્યાર્થીકો........ ) ( વચ્ચેથી ) પહેલે કલાસકે વિદ્યાર્થીકો આ જાનના પડેગા– એ વિના સબ જાને ઓ ધૂળ ધાણી હૈ.

એ તો જઘન્ય ભણનારને સાધારણ ઉસકી ભાષાસે સમજાતે હૈ. સમજ્યા ને ? જઘન્ય ઉસકી લાયકાત મગર આ ચીજ તો દૂસરી હૈ સમજમેં આયા ? ધર્મી હોના હૈ, ધર્મી નામ ધરાના હૈ, તો ધર્મ કૈસે હોતા હૈ ઉસકી ખબર નહીં ને ધર્મી કહાંસે આ ગયા ? સમજમેં આયા ? હમ ધર્મી હૈ, હમ ધર્મ કરતે હૈ પણ ધર્મ કરતે હૈ તો કહાંસે હુઆ તેરે ધર્મ, ખબર હૈ ? કહાં તેરી દૃષ્ટિ થી. ધર્મ હુઆ ? એ કાંઈ ખબર નહીં, ધર્મ કરતે હૈ હમ તો ( ગુરુની કૃપા ) ધૂળેય નહીં ગુરુની કૃપા ત્યાં કામ આતી નહીં. આહાહા ! ભગવાનકી કૃપા કામ આતી નહીં.

જુઓ શાસ્ત્રમાં તો ઐસે આતે હૈ. ભગવાનની વાણીથી જ્ઞાન થાય અને જ્ઞાનથી આત્માને મુક્તિ થાય તો સર્વજ્ઞ ભગવાનની કૃપાસે મુક્તિ હોતી હૈ ઐસા આતા હૈ શાસ્ત્રમેં તો એઈ આવે છે કે નહીં ? નિયમસારમાં લખ્યું છે નિયમસારમાં છે ને ? પહેલા આવ્યું ને, પહેલા ( શરૂઆતમાં ) શરૂઆતમાં કયાં કેટલામી ગાથા ? ( આઠમી ) આઠમીને ? આઠમીમેં હૈ ? ગાથા નહીં શ્લોક, સાતમી ગાથા પહેલા છઠ્ઠીના કળશ ઉપર વિદ્યાનંદસ્વામી, ઇષ્ટ ફળ જો મુક્તિ ઉસકા ઉપાય સુબોધ હૈ મુક્તિકી પ્રાપ્તિકા ઉપાય સમ્યગ્જ્ઞાન હૈ સુબોધ સુશાસ્ત્રસે હોતા હૈ નવરંગભાઈ ! સુબોધ સુશાસ્ત્રસે હોતા હૈ, નિમિત્તસે બાત કરના હૈ ને ? સુશાસ્ત્રકી ઉત્પત્તિ આપ્તસે હોતી હૈ ( આપ્ત આવ્યા ) આપ્ત ભગવાન સમ્યગ્દૃષ્ટિ, કેવળી, મુનિ આદિ સબકો આપ્ત કહેનેમેં આતા હૈ સમજમેં આયા ? ભાવદીપિકામેં લીખા હૈ યહ સબ, ઈસલીયે ઉનકે પ્રસાદ કે કારણ આપ્ત પુરુષ બુધજનો દ્વારા પૂજનેં યોગ્ય હૈ.

હૈ ? ( સવારમાં ઇંદ્રિય કહ્યું હતું ) વો ઇંદ્રિય કહ્યા થા મગર યહાં નિમિત્તપણાકા જ્ઞાન કરાના હૈ કે નિમિત્ત કૌન થા ? સમજમેં આયા ? મુક્તિ સુબોધ હોતા હૈ તો હોતી હૈ, સુબોધ શાસ્ત્રસે હોતા હૈ, શાસ્ત્ર આપ્ત પુરુષકી વાણી હોતી હૈ ઓ શાસ્ત્ર હૈ સમજમેં આયા ? ઉનકે પ્રસાદકે કારણ આપ્તપુરુષ બુધજનો દ્વારા પૂજને યોગ્ય હૈ, મુક્તિ સર્વજ્ઞદેવકી કૃપાકા ફળ હોનેસે સર્વજ્ઞદેવ જ્ઞાનીઓ દ્વારા પૂજને યોગ્ય હૈ ( લ્યો ચોખ્ખે ચોખ્ખી વાત ) ચોખ્ખે ચોખ્ખી. “ કરુણા હમ પાવત હૈ તુમકી વહ બાત રહી સુગુરુ ગમકી ”. ભગવાન આપકી કરુણા હુઈ મુઝપે. ઉસકા અર્થ કે આપકા જ્ઞાનમેં આ સમયે મેરા ધર્મ પ્રગટ હુઆ, ઐસા આપકા જ્ઞાનમેં થા, યે આપકી કરુણા મેરે પર હુઈ ઐસા કહેનેમેં આતા હૈ. સમજમેં આયા ? વો તો જિનસેનસ્વામી ભગવાનકો કરુણામય કહેતે હૈ હે પ્રભુ આપકી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

કરુણા હૈ મુઝ પર ( કરુણા જીવનો સ્વભાવ છે ) સ્વભાવ છે. એ અવિકારી કરુણા સ્વભાવ, અવિકારી કરુણા સ્વભાવ એક હજાર ને આઠ નામમેં આયા હૈ વો. સમજમેં આયા ?

કરુણા ઓહો ! આ સમયમેં આ જ્ઞાન, ઉસકા ખ્યાલ, જ્ઞાનમેં પરિણમન હૈ, કે આ જીવકો આ સમયમેં મોક્ષ હોગા, કેવળજ્ઞાન હોગા, આ સમયે હોગા, ઐસા નિમિત્ત સંબંધ દેખકર, પ્રભુ આપકા જ્ઞાનમેં મેરી ધર્મ પર્યાય આ સમયે પ્રગટ હોગી ઐસા થા, તો આપકી કરુણા હૈ મેરે પર. એઈ ચંદુભાઈ, બાત તો ઐસી હૈ. ગુરુકૃપાનો અર્થ આ હૈ, ઐસા નિમિત્તપણા હોતા હૈ. ઐસી બાત હૈ. પણ નિમિત્તપણા કબ કહેતે હૈ કે જબ ઉસકો આત્માકા સ્વાનંદ હુઆ, સ્વ–આશ્રય હુઆ તો ઉસકો નિમિત્ત કહેનેમેં આતા હૈ, ઐસી બાત હૈ. ભારે વાતુ કયોંકિ કીયે હુએ ઉપકારકો સાધુ પુરુષ ભૂલતે નહીં. સજ્જન પુરુષો જે ધર્માત્માસે ઉપકાર હુઆ, એ ઉપકાર ધર્માત્મા ભૂલતે નહીં એમ કહેતે હૈ ઐસી સ્વભાવ સ્તુતિમેં ઐસા આયા હૈ ઐસા બહુમાન ધર્માત્મા પ્રત્યે, કેવળી પ્રત્યે આયા બીના રહેતે નહીં. ઐસી વસ્તુકી મર્યાદા હૈ સમજમેં આયા ?

અહીં કહેતે હૈ કે શક્તિકી વ્યક્તિ અહીં તો જરી એ વાત છે એઈ શક્તિકી વ્યક્તિ જો પરમ સ્વભાવભાવ ત્રિકાળી કહા ને ભવ્યત્વ લક્ષણ પારિણામિક જો પારિણામિકભાવ ત્રિકાળ, એ શક્તિકા પીંડ જો હૈ, ઉસકી વ્યક્તિ ધર્મકી પર્યાય હૈ ઐસા યહાં કહેનેમેં આયા હૈ. ભારે વાત ભાઈ, ચીમનભાઈ પાના તો હૈ ને, પાના તો હૈ ને ? આજ તો છઠ્ઠા વ્યાખ્યાન હૈ આજ, આ ગાથાકા પાંચ વ્યાખ્યાન તો હો ગયા હૈ. તબ શક્તિકી વ્યક્તિ હોતી હૈ તબ–જબ ભગવાન આત્મા સમ્યગ્દર્શનજ્ઞાન ચારિત્ર ઓ શક્તિકી વ્યક્તિ, ઐસા હોતા હૈ તબ, કયા હોતા હૈ “ જીવ સહજ શુદ્ધ પારિણામિકભાવ લક્ષણ નિજ પરમાત્મ દ્રવ્યકે ” દેખો. આહાહા ! ત્યારે એ જીવ – સહજ શુદ્ધ પારિણામિક ભાવ લક્ષણ ઐસા નિજ પરમાત્મ દ્રવ્ય આહાહા ! સમજમેં આયા ? ભીખાભાઈ ! ( જી. પ્રભુ ) પહેલું આવ્યું ’તું. આમાં તમારું થોડું, એ આવ્યું ’તું એ જ્ઞાન કરવા માટે આવ્યું ’તું. ભારે કામ ભાઈ. જૈન દર્શનની શૈલી.

એક બાજુ કહે સૂનનેસે જો જ્ઞાન હોતા હૈ, એક તો જાણે તકરાર વાંધા યે કે સૂનનેસે જ્ઞાન હોતા હૈ, તો વો બાત જુઠ્ઠી. જ્ઞાન અપની પર્યાયસે હોતા હૈ એક બાત. એ અપની પર્યાયસે જો જ્ઞાન હુઆ વો બી યથાર્થ જ્ઞાન નહીં. વાંધા ઉપાદાન નિમિત્તના –સમજમેં આયા ? સૂનનેસે જ્ઞાન હોતા હૈ, ઇંદ્રિય હૈ તો સૂના, ઉસસે જ્ઞાન હુઆ, તો કહે ઇંદ્રિયસે અને સુનનેસે નહીં, તેરી પર્યાયમેં તેરી યોગ્યતાસે યે સૂનનેકા જ્ઞાન હુઆ હૈ. ઓ જ્ઞાન ભી યથાર્થ નહીં. સમજમેં આયા ? ઉસકા લક્ષ છોડકર ત્રિકાળી પરમ સ્વભાવ, દૃષ્ટિ ઉસમેં હો અને જો જ્ઞાન હો ઉસકો જ્ઞાન કહેનેમેં આતા હૈ. નવરંગભાઈ – ભારે કામ આમાં.

કહેતે હૈ, જ્યારે શક્તિકી વ્યક્તતા પ્રગટ હોનેવાલી હૈ, તબ જીવ ક્યા કરતે હૈ? સહજ શુદ્ધ પારિણામિકભાવ લક્ષણ, ત્રિકાળ સ્વભાવભાવ, કુટસ્થ જો ધ્રુવભાવ, પરિણમનેવાલા નહીં ઓ ભાવ, પર્યાયમેં નહીં આતા હૈ ઐસા ભાવ, આહાહા! સહજ સ્વાભાવિક શુદ્ધ પારિણામિકભાવ એટલે સ્વભાવભાવ, જીસમેં કોઈ અપેક્ષા હિ નહિ, પર્યાયકી અપેક્ષા નહિ "નિજ પરમાત્મ દ્રવ્ય" અપના પરમાત્મ સ્વરૂપ, ત્રિકાળ વસ્તુ "એ દ્રવ્યકે સમ્યક્ શ્રદ્ધાન" દેખો ઐસા દ્રવ્યકી સમ્યક્ ચિદાનંદ પ્રભુ, અભેદ ચૈતન્ય દ્રવ્ય ઉસકી સમ્યક્ શ્રદ્ધા, ઉસકા નામ સમ્યગ્દર્શન સમજમેં આયા? (તો નવ તત્ત્વની શ્રદ્ધા ક્યાં ગઈ) નવતત્ત્વની શ્રદ્ધા અનુભવ મિથ્યાત્વમાં ગઈ. ભેદરૂપ શ્રદ્ધા નવતત્ત્વકી ભેદરૂપ શ્રદ્ધા ઓ મિથ્યાત્વ હૈ. ઓ પહેલે કહા થા બતાવ્યું 'તું પહેલે? કળશ ટીકામાં બતાયા થા. આ કળશમેં, બતાયા થા પહેલે દેખો વોહી પાના આયા "નવ તત્ત્વરૂપ વસ્તુકા અનુભવ મિથ્યાત્વ હૈ" એ છઠ્ઠા કળશ–અમૃતચંદ્રાચાર્યકા કળશ હૈ એમાં છઠ્ઠા કળશ જીવ–અજીવ–આસ્રવ–બંધ–સંવર–નિર્જરા–મોક્ષ–પુણ્ય–પાપના અનાદિ સંબંધને છોડીને ભાવાર્થ આમ છે સંસાર અવસ્થામાં જીવદ્રવ્ય નવ તત્ત્વરૂપ પરિણમ્યું છે તે તો વિભાવ પરિણતિ છે, તેથી નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે (દેવ–ગુરુની શ્રદ્ધાય રહી ગઈ આમાં) દેવ–ગુરુની શ્રદ્ધા ઓ વિકલ્પ હૈ. અને વિકલ્પમેં ધર્મ માનતે હૈ વો મિથ્યાત્વ હૈ.

એઈ – મુલચંદભાઈ (કડક વાત) કડક લાગે? માર્ગ તો યે હૈ માને વિપરીત તો કાંઈ સુલટા હો જાયેગા? સમયસાર કળશ હૈ. વો રાજમલ્લ ટીકા હૈ ને રાજમલ્લ ટીકા હૈ ને? આ ગુજરાતી છે. હિંદી ભી હૈ સમજમેં આયા? નવ તત્ત્વકી નહીં, દેવ ગુરુ શાસ્ત્રકી નહીં, દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધા ઓ રાગ વિકલ્પ હૈ ઔર વિકલ્પકો પરમાર્થે ધર્મ માનના ઓ મિથ્યાત્વ હૈ સમજમેં આયા? આહાહા! (મુલચંદભાઈ કહે છે એમ લાગે છે ખરું કડક) હવે મુળચંદભાઈને બહુ લાગે એવું નથી પહેલા લાગતું નવું. કહો સમજમેં આયા? માર્ગ તો ઐસા હૈ ભાઈ, દૂસરે રસ્તે ચઢ જાય, જાય આથમણે અને મળે ઉગમણું ભાવનગર? એમ કભી હોતા હૈ? (નહીં) ભાવનગર જાના હૈ ને જાય ઢસા (ઢસરડા) અહીં ઢસા હૈ ને ઢસા ઢસરડા હૈ. અહીંથી ૧૩ ગાઉ છેટે હૈ ને ૧૩ ગાઉ હેં (રાજકોટની તરફ) ઢસરડા રાજકોટ તરફ આથમણા હૈ ભાવનગર તો ઉગમણા હૈ.

અપના ભાવનગર ભગવાન તો ઉગમણા હૈ, જેમાં સૂર્ય ઉગે ઓ દિશામેં હૈ સમજમેં આયા? શક્તિકી વ્યક્તિ કીધીને ભાઈ, શુદ્ધ પારિણામિક સહજ લક્ષણ નિજ પરમાત્મ દ્રવ્ય–ઉસકી સમ્યક્ શ્રદ્ધા, સમજમેં આયા? ઉસકા સમ્યગ્જ્ઞાન, સમ્યક્ તીનોમેં લે લેના, ઉસકા સમ્યગ્જ્ઞાન ઔર ઉસકા અનુચરણરૂપ ચારિત્ર, ધ્રુવ જ્ઞાયક ભગવાન આત્મા નિત્ય ઉસકા દૃષ્ટિ લગાકર, જો શ્રદ્ધા હુઈ ઔર જો જ્ઞાન હુઆ, ઉસમેં લીનતા હુઈ– ઓ દર્શન, જ્ઞાન ને ચારિત્ર, યે તીનો હૈ પર્યાય, એ પર્યાય હૈ, દ્રવ્ય નહીં, ગુણ નહીં, વિકાર

નહીં. સમજમેં આયા ?

પર્યાયસે પરિણમતા હૈ એમ ભાષા લીધી એ ઐસી અવસ્થાસે પરિણમતા હૈ. પરિણામકો દ્રવ્યસે ભિન્ન રાખ્યા છતાં પર્યાયસે પરિણમતા હૈ સમજમેં આયા ? પર્યાયસે પરિણમતા હૈ એવું આવ્યું. દ્રવ્ય પરિણમતા હૈ ઐસા નહીં એમ, પણ આ તો એક દાખલો. પણ અહીંયા તો સીધા દ્રવ્ય લેના હૈને ? દૂસરે ઠેકાણે લે દ્રવ્ય પોતે પરિણમે છે. દ્રવ્યત્વ ગુણ છે. દ્રવ્યત્વ ગુણ હૈ ને દ્રવ્યત્વ, દ્રવ્યત્વ ગુણ હૈ કે નહીં ( છે ) તો ઉસકા અર્થ ક્યા ? જો શક્તિને કારણે દ્રવતે હૈ, પરિણમતે હૈ. દ્રવ્ય– ઓ બાત તો જ્ઞાનકી વિશેષમેં દો ભાવકી બાત ભેદસે કહેનેમેં આયા હૈ. પણ અભેદ ચિદાનંદ દ્રવ્ય એકીલા હૈ, વો પર્યાયમેં પરિણમતા નહીં ( બિલકુલ બરાબર કહા ) એ માટે કહા એ પર્યાયસે પરિણમતા હૈ સમજમેં આયા ? દ્રવ્યકી સમ્યગ્શ્રદ્ધાન જ્ઞાન ઓ પર્યાય અવસ્થામેં હોતા હૈ આહાહા ! ભારે વાત ભાઈ.

વહ પરિણમન બસ હવે જુઓ, એ પર્યાય જો અવસ્થા પ્રગટ હુઈ તો ત્રિકાળ જ્ઞાયક ભગવાન શુદ્ધ ધ્રુવ ઉસકી દૃષ્ટિ કરનેસે, ઉસકા જ્ઞાન કરનેસે ને ઉસમેં લીન હોનેસે જો પર્યાયરૂપ ભાવ હુઆ, ઓ પર્યાય એટલે અવસ્થા હુઈ, એ અવસ્થા ક્યા ભાવે હુઈ ? એ અવસ્થામેં ક્યા ભાવ કહેનેમેં આતા હૈ ? એ કહેતે હૈ.

“ યહ પરિણમન આગમ ભાષાએ ઔપશમિક ” એ ઔપશમિક ભાવ કહેતે હૈ ઉસકો. દેખો યે ઔપશમિક ભાવ બી શુદ્ધોપયોગરૂપ હૈ. આગમભાષાએ ઉપશમરૂપ હૈ, અધ્યાત્મ ભાષાએ એ શુદ્ધ–ઉપયોગરૂપ હૈ. ઉપશમભાવ બી શુધ્ધોપયોગરૂપ હૈ. આ લોકો રાડ પાડતે હૈ ને કે શુભ વિકલ્પ, શુભ વિકલ્પ શુભ રાગ છઠ્ઠા ગુણસ્થાન સુધી શુભરાગ હૈ. શુભ ઉપયોગ હૈ, ઐસે નહીં, યહાં ક્યા કહા દેખો ઉપશમભાવ એ આગમભાષાએ કહ્યા અને અધ્યાત્મ ભાષાએ ઉસકો શુદ્ધઆત્મા અભિમુખ પરિણામ કહા, શુદ્ધ ભગવાન આત્માની સન્મુખકા ભાવ, ઉસકો શુદ્ધઆત્મા અભિમુખ પરિણામ કહો અધ્યાત્મસે કે શુધ્ધોપયોગ કહો. સમજમેં આયા ?

ઉપશમભાવ વો ચોથેસે અગિયાર તક, ઉપશમ સમકિત હોતા હૈ ઔર ઉપશમ ચારિત્ર ભી અગિયારમે આદિ પૂરા હોતા હૈ, તો કહેતે હે કે ઉપશમભાવમેં ભી, શાસ્ત્ર ભાષાએ ઉસકો ઉપશમભાવ કહા જીસકી પ્રકૃતિ હજી અંદર પડી હૈ, નાશ નહિ કીયા હૈ પણ નિર્મળતા પ્રગટ હુઈ હૈ, જૈસે પાણીમેં મેલ હૈ, વો મેલ બેઠ ગયા હૈ, નિકલ ગયા નહીં, બેઠ ગયા હૈ, પણ નીતર ગયા હૈ પાની, નીતર ગયા કહેતે હૈ ને ઉપરસે ઉસકો ઉપશમભાવ કહેતે હૈ, પ્રકૃતિ પડી હૈ અંદરમેં. સમજમેં આયા ? સર્પકા દૃષ્ટાંત દીયા થા. સર્પ નીકલા થા હમારે પાલેજમેં નીચે બડા હડફા થા, હડફા ક્યા કહેતે હૈ ? લાકડાકી પેટી, બડી પેટી થી નીચે સર્પ બડા સર્પ કરના ક્યા ? વાંસડો ગરે નહીં, માણસ અડે નહીં, જઈ

શકે નહીં. પછી કોઈ કહે પાણી છાંટો એની ઉપર. પાણી ઠંડુ એટલે હાલી શકશે નહિ, નીકળી શકશે નહિ. ફૂંફાડા મારી શકશે નહિ, પાણી છાંટયું થોડું પીછે. લાકડાની પેટીને થોડી હલાવી ને બહાર કાઢી કારણ હાલી શકે નહીં સર્પ પાણી છાંટયુ એટલે- પીછે પકડયા.

ઐસે પ્રકૃતિ ઉપર પહેલે પાણી છાંટયા. ઉપશમ પુરુષાર્થસે, પાણી છાંટીને પ્રકૃતિકા અનુદય કર દીયા. અનુદય હોનેકી લાયકાત તો ઉસકી થી હોં. ( પાણીસે નહીં ) ના, પ્રકૃતિ, એ તો નિમિત્તસે કથન હૈ ને ? નહીં તો અપના પુરુષાર્થ અપનેમેં રહા, અને કર્મકી પ્રકૃતિકા અનુદય હુઆ વો ઉસકે કારણસે હુઆ, સમજમેં આયા ?

એ ઉપશમભાવ- મોક્ષમાર્ગકી પર્યાયકો ઉપશમભાવ ભી કહેતે હૈ, ક્ષયોપશમ ભી કહેતે હૈ. ક્ષયોપશમ ચોથે સે બાર તક હોતા હૈ. સમજમેં આયા ? જ્ઞાનકા, દર્શન ઉપયોગ કા, સમકિત ચોથેસે સાતમા તક હોતા હૈ ક્ષયોપશમ અને ક્ષાયિક ચોથેસે તે સિદ્ધ તક, સમકિતકા જ્ઞાન દર્શનકા તેરમે તક ક્ષાયિક જ્ઞાન. પણ જ્યાં જ્યાં જે ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક ઓ મોક્ષકા માર્ગકી જો પર્યાય હૈ યહાં ભાવત્રયકી પર્યાયકી બાત કરના હૈ- હોં.

એ ક્ષાયિક, ઐસે ભાવત્રય કહા જાતા હૈ. ભગવાન આત્મા અપના ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, ઉસકી શ્રદ્ધા જ્ઞાન ને અનુચરણ કરનેસે જો પર્યાય વ્યક્તરૂપ પ્રગટ હુઈ. ઉસકો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક શાસ્ત્ર ભાષાએ, આગમ કથનસે ઐસે કહેનેમેં આતા હૈ. સમજમેં આયા ? આ ગાથા તો આખું માખણ કરીને નાખ્યું છે અંદરમાં. અને એને અધ્યાત્મ ભાષાએ દેખો, સ્વ તરફકા વલણવાળી કથન શૈલીમેં અધ્યાત્મસ્થિતિ, શુદ્ધ-આત્મા અભિમુખ, દેખો હવે એ ઉપશમભાવમેં ભી શુદ્ધ આત્મા અભિમુખ, ક્ષયોપશમમેં ભી શુદ્ધઆત્મા અભિમુખ, ક્ષાયિકમેં ભી શુદ્ધાત્મા અભિમુખ સમજમેં આયા ?

શુદ્ધ ભગવાનકા સન્મુખ પરિણામ હુઆ. ઉસકો આગમ ભાષાએ ઉપશમ, ક્ષયોપશમ કહા, અધ્યાત્મ ભાષાએ શુદ્ધ આત્મા અભિમુખ જો વિમુખ થા, શુદ્ધઆત્માસે વિમુખ થા અને પર્યાય ને રાગસે સન્મુખ થા, ઓ દૃષ્ટિ છૂટકર શુદ્ધઆત્મા અભિમુખ પરિણામ લ્યો. પરિણામ કહો, પર્યાય કહો, અવસ્થા કહો, દશા કહો, હાલત કહો એક બોલ. શુદ્ધ ઉપયોગ બીજો બોલ. જો આયા, તીન ભાવમેં તીનોમેં શુધ્ધોપયોગ લીયા હૈ. ઐસે નહીં કહા કે ક્ષાયિક ભાવ હો તો શુધ્ધોપયોગ હોતા હૈ. ઉપશમભાવમેં ભી શુધ્ધોપયોગ હોતા હૈ ઐસા કહા ( ચોથા ગુણસ્થાનથી તે બરાબર છે ) પણ માણસને સત્ય દીખના હો તો ખબર પડે ને ? ( ચોથાથી શુદ્ધોપયોગ ન લેવો, શુધ્ધોપયોગ સાતમેસે હોતા હૈ ) ચોથાનું ન લેવું, એ તો એણે ઉંધુ લખ્યું છે. આ ક્યા કહેતે હૈ. ઉપશમ, ક્ષાયિક એમાં લખ્યું છે અજમેરવાળાએ- આમાં દેખાય છે તો ઐસા, તીન ભાવમેં ચોથેસે શુધ્ધોપયોગ હોતા હૈ ઐસી ટીકાકારકી ધ્વનિ તો ઐસી હૈ, પણ આપણે ઐસા અર્થ ન લેના ઉસમેંસે સમજમેં

આયા ? હૈ કે નહીં ક્યાં હૈ પાનું ૩૪૧ જુઓ, તીન ભાવ આયા ને ? તીન ભાવ આયા ઉસકો અધ્યાત્મ ભાષાએ શુધ્ધોપયોગ કહા, તીનો ભાવકો ઉપશમ હો- ક્ષયોપશમમેં હો કે ક્ષાયિક હો. હવે અહીં આચાર્ય તો ઐસા કહેતે હૈ કે તીનો ભાવમેં આત્માકી અપેક્ષાએ શુદ્ધોપયોગ કહેનેમેં આતા હૈ. તો અહીં કહેતે હૈ કે અધ્યાત્મ ભાષામેં વહીં શુદ્ધઆત્મા કે અભિમુખ પરિણામ સ્વરૂપ શુધ્ધોપયોગ નામ પાતા હૈ. યહ ટીકાકારકે ઉલ્લેખસે ચતુર્થ ગુણસ્થાનમેં શુધ્ધોપયોગ હો જાના સિદ્ધ હોતા હૈ. ક્યોંકિ વહાં દર્શનમોહકા ક્ષય ક્ષયોપશમ ઉપશમ હો જાતા હૈ. તો ફિર ક્યા ચતુર્થ ગુણસ્થાનમેં શુધ્ધોપયોગ માન લેના ચાહીયે ? એ વાંધા ઉઠયા- આહાહા ! ( પણ આચાર્યે કીધું પછી એમાં શું વાંધા ) પણ આચાર્યે કહ્યું તો છે પણ જ્યાં વીતરાગી સમકિત હોય ત્યાં શુદ્ધોપયોગ લેના, એમાં ( પણ આચાર્યે લીધું છે ને ) ક્યા કરે ? ઓહોહો ! શું.

વસ્તુ સમ્યક્ ચીજ ક્યા હૈ, વહ શુધ્ધોપયોગમેં હિ પ્રાપ્ત હોતા હૈ શુભઉપયોગ વિકલ્પ ત્યાં હૈ હિ નહીં. સમજમેં આયા ? પછી એમ કહે ઉપર કહ્યું છે ને આમ કીધું એમ. ( ફલાણા ઠેકાણે આમ કહ્યું છે ને બધેય ઉંધા અર્થ પછી બેય ઉતારે ) બેય દર્શનમોહ અને ચારિત્રમોહ બેયના પરિણામ રહિત હોય ત્યારે તેને શુધ્ધોપયોગ કહેવામાં આવે છે. ( ભૂલ તો ભૂલ જ છે. ) ગૌણપણે શુદ્ધ-ઉપયોગ.

વાસ્તવિક ઐસી ચીજ હૈ કે અપના નિજ વેપાર સ્વસન્મુખ હુઆ, તો ઉસકા નામ શુધ્ધોપયોગ હૈ. સમજમેં આયા ? ત્યાં શુભ વિકલ્પકી ગંધ નહીં, અબુદ્ધિપૂર્વક ભલે હો. સમજમેં આયા ? અબુદ્ધિપૂર્વક નામ ખ્યાલમેં ન આવે ઐસા રાગ હો, પણ ઉપયોગ પડયા હૈ ત્યાં દ્રવ્ય ઉપર, વો ઉપયોગકો શુધ્ધોપયોગ કહેતે હૈ. ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શન હોતા હૈ, વહ શુધ્ધોપયોગસે હોતા હૈ, પીછે શુધ્ધોપયોગ સદાય નહીં રહેતે, કભી કભી શુધ્ધોપયોગ આ જાતા હૈ, પીછે શુદ્ધપરિણતિ રહેતી હૈ. સમજમેં આયા ? વળી શુદ્ધપરિણતિ ક્યા ને શુધ્ધોપયોગ ક્યા ? જો નિર્મળતા પ્રગટ હુઈ વો પરિણતિકી, ઉસમેં દર્શન-જ્ઞાન ને સ્વરૂપ આચરણરૂપ પરિણતિ તો નિરંતર રહેતી હૈ. સમજમેં આયા ? સમ્યગ્દષ્ટિ, જબ હુઆ તો ઉસમેં દ્રવ્યકા શુધ્ધોપયોગ જબ હુઆ તબ હુઆ. તો એ શુધ્ધોપયોગ પીછે ખસ જાતે હૈ, શુભ વિકલ્પમેં, અશુભમાં ઉપયોગ આ જાતા હૈ, પણ વો શુદ્ધપરિણતિ જો દર્શન-જ્ઞાન ને સ્વરૂપ આચરણકી હૈ, વો નહીં જાતી, એ શુદ્ધપરિણતિ સંવર ને નિર્જરાકા કારણ હૈ આહાહા ! સમજમેં આયા ?

ચાહે તો એ શુધ્ધોપયોગવાળો પહેલે સમ્યક્ થયા ને પીછે લડાઈમેં ખડા હો ઔર છન્નુ હજાર સ્ત્રીના વૃંદના વિષયના વિકલ્પ આયા હો, સમજમેં આયા ? પણ ઉસકી પરિણતિ વિકલ્પસે ભિન્ન પડી હૈ. પંડિતજી ( બાત ઐસી હૈ ) હૈં ? બાત ઐસી હૈ. નિશ્ચયમેં લીન ઔર વ્યવહારસે મુક્ત હૈ, લોકોને સમ્યગ્દર્શન ક્યા ચીજ હૈ ઔર ઉસકા ધ્યેય ક્યા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હૈ ઔર ઉસમેં કીતના લાભ હૈ, ઈસકી ખબર નહીં. કાંઈક બાહ્ય ત્યાગ કરે ને ઐસા કરે ને ફૈસા કરે ને કહે આહાહા ! ધૂળેય નથી મિથ્યાત્વકા ત્યાગ વિના ત્યાગ કૈસા ? સમજમેં આયા ?

અહીં કહે છે પછી ઉપર લેવું નહીં. એમ કહે છે દર્શન સંબંધી ને ચારિત્ર સંબંધી મૂળ તો ભૂલ હૈ ભઈ બધીય ભૂલ નીકળે એવો શુદ્ધ ઉપયોગ છે એમ આહાહા ! ( બેય ભૂલ છે. પણ એક ભૂલ રહી કે નહીં ? ) એ તો થોડી–ઐસા લીયા થા ટીકામેં રાજમલ્લ ટીકામેં, દૃષ્ટાંત દીયા થા સર્પકા, સર્પકા દૃષ્ટાંત દીયા હૈ સર્પને ઠાર્યો છે. કીલા, ચારિત્રમોહ કીલ, બંધ કર દીયા હૈ, સમ્યગ્દર્શન હુઆ તો ચારિત્રમોહ કીલ દીયા... કીલાની પેઠે કીલ દીયા હૈ ઐસા હૈ રાજમલ્લમેં ચારિત્ર મોહકો તો કીલ દીયા હૈ, બંધન કર દીયા હૈ. સમજમેં આયા ?

ઓ કારણસે સ્વભાવકા અનુભવમેં, સમ્યગ્દર્શનમેં જીવકો એ દૃષ્ટિકી અપેક્ષાએ તો રાગ અશુભ હો કે શુભ હો કીલ રખા હૈ ચારિત્ર દોષકો બંધન હૈ નહીં અપનેમેં આતા નહીં પર્યાય અપનેમેં આતી નહીં લાતા નહીં. પીછે ક્યા આયા હૈ એમ કહેતે હૈ– સમજમેં આયા ? ગાથામેં હૈ– બનારસીદાસે લીયા હૈ, બનારસીદાસે ઉસમેંસે લીયા હૈ– બનારસીદાસે ક્યાંક શ્લોકમાં છે.

કહેતે હૈ ‘ ભાવત્રય ’, અપના દ્રવ્યસ્વભાવ વસ્તુ તરફકી દૃષ્ટિ જ્ઞાન ઔર શાંતિ હુઈ–ઓ ત્રણ ભાવ ઉસકો કહેતે હૈ. તો તીનો ભાવમેં શુધ્ધોપયોગ કહેનેમેં આતા હૈ. સમજમેં આયા ? ઓ તો અલિંગગ્રહણકા દૃષ્ટાંત દીયા થા, “ અપના સ્વભાવસે હિ જાનનેમેં આનેવાલા જ્ઞાતા હૈ. ” અલિંગગ્રહણમેં હૈ છઠ્ઠા બોલ પ્રત્યક્ષ જ્ઞાતા હૈ. “ અપના સ્વભાવસે જાનનેમેં આનેવાલા, વિકલ્પસે વ્યવહારસે, ફહેવારસે નહીં– અપના સ્વભાવસે જાનનેમેં આનેવાલા ઐસા પ્રત્યક્ષ જ્ઞાતા આત્મા હૈ. ” ઉસમેં ક્યા રાગ આદિ આયા ? ઓ તો ક્યા શુધ્ધોપયોગ હુઆ ( શુદ્ધ–ઉપયોગ સ્વભાવ છે ) આવે છે– પણ અહીંયા નીચેની વાત છે. ઉપલાની ક્યાં વાત છે ?

દ્રવ્યનો સ્વભાવ જ ઐસા હૈ, દ્રવ્યનો સ્વભાવ જ પોતે અપના સ્વભાવસે જાનનેમેં આવે ઐસા પ્રત્યક્ષ જ્ઞાતા પહેલે ચોથેસે ઐસા હૈ ! ઔર દસમા બોલમેં ઓ આયા, સૂર્યમેં કલંક નહીં, અલિંગગ્રહણમેં, સૂર્યમેં કલંક નહીં ઐસે ભગવાન આત્મામેં રાગકા કલંક નહીં. એ તો શુધ્ધોપયોગ સ્વભાવી છે, વસ્તુ શુદ્ધ ઉપયોગ સ્વભાવી હૈ, તો જીસકો આત્મા પ્રાપ્ત હોતા હૈ, યે શુધ્ધોપયોગમેં હિ પ્રાપ્ત હોતા હૈ, ક્યૂંકિ શુધ્ધોપયોગ સ્વભાવી હિ આત્મા હૈ, આહાહા ! ( ધન્ય વીતરાગદેવ ) બાત ઐસી હૈ સ્પષ્ટ પણ હવે, વાદ વિવાદ શાસ્ત્રની ભાષાએ, અપના નિજકી ખબર નહીં, અને શાસ્ત્રકા અર્થ કરે અપની કલ્પનાસે એમ ને એમ ઊંધા અર્થ.

અહીંયા કહેતે હૈ એને શુદ્ધઆત્મા ( અભિમુખ ) પરિણામ કહેતે હૈ વિગેરે વિગેરે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યસંગ્રહમાં બસે ને ચાર પાને પાંસઠ નામ છે એના, આ શુદ્ધઆત્મા અભિમુખ પરિણામના, જેમ ભગવાનના એક હજાર ને આઠ નામે ભગવાનની સ્તુતિ કરી છે ને ? એમ શુદ્ધઆત્મા પરિણામ એના પાંસઠ છાંસઠ નામ છે, અને અનુભવ પ્રકાશમેં સુડતાલીસ નામ છે, ઐસે એકસો દસ નામ છે. ( પરમહંસવાળો રહી ગયો ) પરમહંસ આવશે હજી તો, વખત થઈ ગયો ને ભાઈ. સમજમેં આયા. હજી એના નામ આવશે.

પ્રમાણ વચન ગુરુદેવ.

*****

## પ્રવચન નં. - ૭ ગાથા ૩૨૦ તા. ૧૬-૮-૭૦

ત્રણસો ને વીસ ગાથા જયસેન આચાર્યકી ટીકા ચલતી હૈ ઉસમેં આ આયા હૈ. કે આત્મા જો ધ્રુવ જ્ઞાયક ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ હૈ, ઉસકો યહાં પારિણામિક સહજ ભાવ પર્યાયકી અપેક્ષા વિનાકા ભાવ ઓ ચીજ જો હૈ, ઉસકો વિષય કરનેવાલી ભાવના, ઉસકો યહાં ક્યા ભાવ હૈ ઉસકો યહાં કહેતે હૈ. એ વિષય કરનેવાલી અવસ્થા ક્યા ભાવરૂપ હૈ ? સમજમેં આયા. પાંચ ભાવ હૈ પાંચ. ત્રિકાળી સ્વભાવ તો પારિણામિકભાવ હૈ ધ્રુવ સ્વભાવ ઔર ઉસકા ધ્યેય બનાકર, ઉસકો વિષય કરકે જો પર્યાય પ્રગટ હુઈ ઓ પર્યાય ક્યા ભાવે હૈ ઐસા પ્રશ્ન યહાં હૈ. તો કહેતે હૈ કે ઓ ભાવ, ઉપશભાવ, ક્ષયોપશમ ભાવ, ક્ષાયિક ભાવ, એ પર્યાયકા નામ તીન ભાવ હૈ. સમજમેં આયા ?

યહાં આયા દેખો, “ વહ પરિણમન આગમ ભાષાસે ” શાસ્ત્રકી જો ભાષા હૈ ઓ કારણસે “ ઔપશમિક ” ભગવાન આત્મા, અપના આત્મા આનંદનો ધ્રુવધામ, ઓ તરફકા આશ્રય લેકર, આશ્રય શબ્દ આયા ૧૧ મી ગાથામેંસે સમજમેં આયા ? ઔર ‘ વિષય ’ ભાષા યહાં હૈ. સૂક્ષ્મ વિષય હૈ. જો આત્મા ત્રિકાળી પરમ સ્વભાવભાવ, જો વર્તમાન પર્યાય હૈ અવસ્થા ઓ રાગમેં એકત્વ થી, ઓ પર્યાય અવસ્થા વર્તમાનકી, ત્રિકાળકો વિષય બનાકર વસ્તુમેં એકાગ્ર હોતા હૈ, ધ્રુવમેં એકાગ્ર હોતી હૈ. એકાગ્રતાકા અર્થ ઉસમે વિષય લેકર અભેદ, અભેદકા અર્થ પર્યાય અને દ્રવ્ય એક નહીં હો જાતા. સમજમેં આયા ? પણ યહાં રાગમેં એકત્વ થા, વો યહાં ( અંદર એકત્વ ) થયા ઉસકો અભેદ કહેનેમેં આતા હૈ સૂક્ષ્મ વિષય હૈ, સમજમેં આયા ?

સવાર-બપોર લાલચંદભાઈએ માગણી કરી છે કે ભાઈ આ ચલાના ( ઐસા હિ ચલના ચાહીયે ) હૈં ? ઐસા હિ ચલના ચાહીયે અચ્છા. સમજમેં આયા ? જૈન દર્શન ક્યા હૈ, જૈન શાસન ક્યા હૈ ઓ બાત ચલતી હૈ. જૈન શાસન, જો ત્રિકાળી જ્ઞાયકભાવ હૈ ઉસમેં એકાગ્રતા હોના, ભાવમતિ,ભાવશ્રુત જ્ઞાન દ્વારા પ્રત્યક્ષપણે અંદરમેં એકાગ્ર હોના ઓ જૈન શાસન જૈન શાસન કોઈ આત્માકી પર્યાયસે પૃથક રહેતે હૈ, ઐસે નહીં. સમજમેં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

આયા ? જૈન શાસન ઓ વીતરાગ સ્વરૂપ ત્રિકાળ જો હૈ, જિનબિંબ ત્રિકાળ હૈ ધ્રુવ, જેને અહીંયા પારિણામિકભાવ કહા, વો અકષાય, અકષાય રસસ્વરૂપ જિનબિંબ સ્વરૂપ આત્મા હૈ, વો હિ ખરેખર આત્મા કહેનેમેં આતા હૈ. યે આત્માકો વિષય કરનેવાલી જો પર્યાય હૈ, ઓ પર્યાયકો જૈન શાસન કહેતે હૈ સમજમેં આયા ?

ઉસમેં જો રાગ ને દયા દાન ને વિકલ્પ ને ફિકલ્પ ઓ આતા નહીં. ક્યા લીખા હૈ ઉસમેં ?

તીન ભાવ ઐસે ભાવત્રય કહા જાતા હૈ. આગમ ભાષાએ. ઉપશમભાવ શાંત રસકા વેદન, ક્ષયોપશમભાવ શાંત રસકા ઓ ભી વેદન ઔર ક્ષાયિક ભાવ ઉગ્ર શાંત રસકા વેદન એ ત્રયભાવ મોક્ષકા કારણ અથવા નિશ્ચય મોક્ષમાર્ગ આ ત્રણભાવ સ્વરૂપ હૈ. સમજમેં આયા ? હૈ ને શાસ્ત્ર સામે ? પાના હૈ કે નહીં ? ( હૈ ) ( તીન નામ પાડ દીયા ) હૈં ? નામ પાડ દીયા. ( શાંત ) શાંત ક્યોંકિ ભગવાન આત્મા શાંતરસકા પિંડ હી હૈ ને ?

અકષાય સ્વભાવ, વીતરાગ સ્વભાવસે ભરા પડા દ્રવ્ય સ્વભાવ હૈ. ઉસકા શાંત રસ ભરા હૈ શક્તિમેં, શક્તિસે વ્યક્તિ ભવ્યત્વકી. ઓ સ્વભાવમેં જો શાંત, વીતરાગતા પડી હૈ, ઉસમેં એકાગ્રતા હોકર પર્યાય નામ વર્તમાન દશામેં, શાંત દશા પ્રગટ હોના ઓ નિશ્ચય મોક્ષમાર્ગ હૈ, ઓ ભાવના હૈ, ઓ પરિણામ હૈ, ઓ પર્યાય હૈ. યહ અધ્યાત્મ ભાષાએ શુદ્ધઆત્મા અભિમુખ પરિણામ, ભગવાન આત્મા, દેખો, યહાં અભિમુખ શબ્દ પડયો છે, અહીંયા વિષય કહા.

શુદ્ધ વસ્તુ જો ત્રિકાળ ધ્રુવ હૈ –ઉસકો વિષય કરનેવાલી ભાવના કહો કે શુદ્ધ–આત્મા અભિમુખ પરિણામ કહો. સમજમેં આયા ? મારગ, મૂળ મારગ આ હૈ. આ ક્યા કહેતે હૈ ? આ અભિમુખ પરિણામસે પ્રાપ્ત હોતા હૈ વો તો ચલતી હૈ બાત. ( અભિમુખ પરિણામ કૈસે કરના ) હવે કરના, અભિમુખ કરના, યહાં કરતા હૈ વો યહાં કરના– પીછે કૈસે કરના ? ભાઈ કૈસે કરના ક્યા આયા ? ( આપને કલ બતાયા ' થાને ખાના કૈસે ખાના ) કોણ ખાતે હૈં ? અબી રાગ કરતે હૈ, તો રાગ પર સન્મુખકી દશાકા અનુભવ હૈ અને રાગકા એકાંત અનુભવ વો તો મિથ્યાત્વકા અનુભવ હૈ– સમજમેં આયા ?

ભગવાન આત્મા શાંત રસ આનંદ, દેખોને એ તીનભાવકો અધ્યાત્મ ભાષાએ શુદ્ધાત્મા અભિમુખ પરિણામ. શુદ્ધ આત્માની સન્મુખ પરિણામ સન્મુખ કરના વો કરના. રાગ અને પર્યાયબુદ્ધિસે હઠકર શુદ્ધાત્મા અભિમુખ પરિણામ કરના, ઓ પરિણામમેં આત્માકી પ્રાપ્તિ હૈ. એ પરિણામકો તીન ભાવસે પીછાનને જાતે હૈ. ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક. ઓ પરિણામકો પર્યાયકો મોક્ષમાર્ગકી પર્યાય કહેનેમેં આતી હૈ. સમજમેં આયા ?

શુધ્ધાત્મા અભિમુખ પરિણામ, શુદ્ધ ભગવાન આત્માની સન્મુખ પરિણામ, ઉસકા નામ ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક આગમ ભાષાએ અને અધ્યાત્મ ભાષાએ ધ્રુવ સ્વભાવ તરફકા ઝુકના, પર્યાયસે બાત કરે તો કૈસે કરે ? સમજમેં આયા ? પર્યાયકો,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિણામ જો હૈ એ શુધ્ધાત્મા તરફ ઝુકના, એ શુદ્ધાત્મા અભિમુખ પરિણામ. ક્યા કીયા આત્માએ ? કરના ક્યા ? કે પરિણામકો સ્વભાવકી સન્મુખ કરના વો કરના. આહાહાહા ! અનંત પુરુષાર્થ હૈ ઉસમેં. સમજમેં આયા ? એ શુદ્ધાત્મા અભિમુખ પરિણામ ઉસકા નામ સમ્યગ્દર્શન, ઉસકા નામ સમ્યગ્જ્ઞાન, ઉસકા નામ સમ્યક્ચારિત્ર. એ નિશ્ચય મોક્ષમાર્ગ–શુધ્ધોપયોગ દૂસરા નામ એ તીનભાવકો અધ્યાત્મ ભાષાએ શુદ્ધોપયોગ કહેનેમેં આતા હૈ.

દેખો, ઉપશમભાવકો ભી શુધ્ધોપયોગ કહેતે હૈ. ઉસમેં આયા કે નહીં વો ? નંદકિશોરજી ? આ લોકો કહે છે નહીં શુધ્ધોપયોગ નહીં. અહીં ઉપશમભાવકો ભી શુદ્ધોઉપયોગ કહેતે હૈ, ક્ષયોપશમભાવકો ભી શુધ્ધોપયોગ કહેતે હૈ અને ક્ષાયિક ભાવકો ભી શુધ્ધોપયોગ કહેતે હૈ. ભલે શુધ્ધોપયોગની શુદ્ધિની વૃદ્ધિ હો. ક્ષાયિકમેં વૃદ્ધિ આદિ હો, પણ હૈ તો તીનો શુધ્ધોપયોગ ભાવ. આહાહા ! દયા–દાન–વ્રત ભક્તિકા પરિણામ, એ તો શુભ ઉપયોગ હૈ, એ શુભ ઉપયોગ ધર્મ નહીં, ઔર એ ધર્મકા કારણ ભી નહીં. સમજમેં આયા ? ધર્મ ઐસા જો સમ્યગ્દર્શન, જ્ઞાન–ચારિત્ર, ઉસકા અવલંબન વિષય તો ધ્રુવ હૈ વો કહાને તેથી અભિમુખ ત્યાં કરના હૈ.

દૃષ્ટિકા ધ્યેય દ્રવ્યમેં હૈ, અનંત પુરુષાર્થ હૈ ઓ કોઈ સાધારણ બાત નહિ, એ બોલનેસે કાંઈ પ્રાપ્ત નહીં હોતા હૈ. ઐસે ધારણા હો જાય કે આ ઐસે પ્રાપ્ત હોતા હૈ, એ કાંઈ ધારણાસે ભી પ્રાપ્ત નહીં હોતા. ( આત્મચિંતનસે પ્રાપ્ત હો જાયગા ). ચિંતનકા અર્થ એકાગ્રતા, ચિંતનકા અર્થ વિકલ્પ ઓ ચિંતન ઓ ચિંતન નહીં. સમજમેં આયા ?

તો કહેતે હૈં ઉસકો શુધ્ધોપયોગ, મોક્ષમાર્ગકો શુધ્ધોપયોગ કહેતે હૈ. શુધ્ધોપયોગકો મોક્ષમાર્ગ કહેતે હૈ ઔર શુદ્ધ–ઉપયોગકો તીન ભાવ કહેતે હૈ ઔર તીન ભાવકો શુદ્ધ–ઉપયોગ કહેતે હૈ. સમજમેં આયા ? વિશેષ તો હૈ વો દ્રવ્યસંગ્રહમેં, છે ને ભાઈ ? દ્રવ્યસંગ્રહ બીજા છે એય ? ( હા. છે ) હા છે. એમાં નામ છે ને દ્રવ્ય સંગ્રહમાં નામ છે ને દ્રવ્ય સંગ્રહમાં નામ છે. બસેં ચાર પાનુ છે આમાં તો ( કઈ ગાથા ) ગાથા સત્તાવન હશે કાં તો, બરાબર ખબર નહીં એ ૫૬, ૫૬ ગાથામેં હૈ.

" મા ચિઠ્ઠએ, મા જંપહ મા ચિન્તહ કિંવિ જેણ હોઈ થિરો
અપ્પા અપ્પમ્મિ રઓ ઇણમેવ પરં હવે ઝાણં "।।૫૬।।

જુઓ ઉસમેં હૈ યહાં પારીગ્રાફ હૈ જુઓ ઉસ પરમ ધ્યાનમેં સ્થિત હુએ જીવોંકો, હૈં ? છે ભાઈ ? ( છે ) ઉસ પરમ ધ્યાનમેં સ્થિત હુએ જીવોંકો દ્રવ્ય સંગ્રહ હૈ ને ? આ દ્રવ્ય સંગ્રહ હૈ, શેઠકો દો, વાંચે તો ખરા કોક દિ'. એ તો ખ્યાલ રખેગા. હૈ ? દ્રવ્યસંગ્રહ છે ? ( લેતો આવ્યો છું ) લેતા આવ્યા છો, લો એ ઠીક કર્યું. ત્રણ ચાર હતા. સમજમેં આયા ? ક્યા કહેતે હૈં ?

પરમ ધ્યાનમેં સ્થિત હુએ જીવોંકો, દેખો, ભગવાન આત્મા ! ધ્રુવ ચૈતન્ય સ્વરૂપ,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉસમેં એકાગ્ર હોકર પરમ ધ્યાન કીયા, ઐસા સ્થિત હુએ જીવોંકો, વીતરાગ પરમાનંદ સુખ પ્રતિભાસતા હૈ, હૈ? ઉસમેં હૈ? (હા) ૫૬ ગાથા. સમજમેં આયા? વીતરાગ પરમાનંદ સુખ પ્રતિભાસતા હૈ. આહાહા! ક્યા કહેતે હૈં. કે અપના શુદ્ધ ધ્રુવ જ્ઞાયક પરમ સ્વભાવ ઉસકા સન્મુખ પરિણામ કરનેસે, વીતરાગ પરમાનંદ સુખ પ્રતિભાસતા હૈ, ઉસમેં રાગરહિત આનંદકા અનુભવ આતા હૈ. સમજમેં આયા? આહાહા! ભારે વાત ભાઈ, વહી નિશ્ચય મોક્ષમાર્ગ સ્વરૂપ હૈ, જેને અહીંયા શુદ્ધાત્મા અભિમુખ પરિણામ કહા, શુદ્ધોપયોગ કહા, વો હિ નિશ્ચય મોક્ષમાર્ગ સ્વરૂપ હૈ; યે હિ નિશ્ચય મોક્ષમાર્ગ યથાર્થ મોક્ષમાર્ગકા સ્વરૂપ હૈ, વ્યવહાર મોક્ષમાર્ગ હૈ ઓ તો વિકલ્પ હૈ, એ કોઈ મોક્ષમાર્ગ હૈ નહીં– સમજમેં આયા?

દૂસરે પર્યાય નામોસે ક્યા ક્યા કહલાતા હૈ દેખો. શુદ્ધઆત્માકા સ્વરૂપ ઉસકો કહેતે હૈ–હૈ? "વહી શુદ્ધ આત્માકા સ્વરૂપ." હૈ પર્યાય, પણ ઓ પર્યાય ઉસકી હૈ ઓ કારણસે અભેદ કહેકે એ શુદ્ધ આત્મા અભિમુખ પરિણામ અથવા ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ભાવ ઓ યહાં, ત્રિકાળ જ્ઞાયકભાવ સન્મુખ હુઆ હૈ, તો વો પરિણામકો શુદ્ધાત્માકા સ્વરૂપ ભી કહનેમેં આતા હૈ. પુણ્ય–પાપ વિકલ્પ ઓ શુદ્ધાત્માકા સ્વરૂપ નહીં. ઈતના બતાનેકો કહા હૈ, હૈ તો પર્યાય. (એટલો નિષેધ કરે છે) એટલો નિષેધ કરે છે, એ અપેક્ષાએ સમજમેં આયા?

લ્યો, "વહી પરમાત્માકા સ્વરૂપ હૈ" આહાહા! પરમાત્મા જીસમેં પર્યાયમેં પ્રગટ હુઆ, પરમાત્મા જો શુદ્ધ ત્રિકાળી પરમાત્મા અપના નિજ સ્વરૂપ નિજ પરમાત્મા અભિમુખ પરિણામ કરકે જો પ્રગટ પરિણામ હુઆ વો હિ પરમાત્માકા હિ સ્વરૂપ હૈ સમજમેં આયા? ઈસકા નામ મોક્ષકા માર્ગ હૈ. સમજમેં આયા? વો પરમાત્માકા સ્વરૂપ હૈ ચોથી લીટી હૈ નીચે વહી એકદેશમેં પ્રગટતારૂપ ઐસે વિવિક્ષિત એકદેશ શુદ્ધ નિશ્ચયનયસે, ક્યા કહેતે હૈં? વસ્તુ તો ત્રિકાળ ધ્રુવ શુદ્ધ હૈ, એક અંશે પ્રગટ હુઆ, એક દેશ પ્રગટ હુઆ, મોક્ષ ભી એક દેશ પ્રગટ હુઆ હૈ. સારા દ્રવ્ય તો પ્રગટ હોતા નહીં પર્યાયમેં, સમજમેં આયા?

એ કહેનેવાલી એકદેશ શુદ્ધ નિશ્ચયનયસે, એક ભાગ શુદ્ધ નિશ્ચયનયસે નિજ શુદ્ધ આત્માકે જ્ઞાનસે ઉત્પન્ન, સુખમય હુઆ અમૃતજળકા સરોવર હૈં? શુદ્ધ નિશ્ચયનયસે એમ કહ્યું આમાં શુદ્ધ આત્માકા સ્વરૂપ વોહિ પરમાત્મા સ્વરૂપ, વોહિ એકદેશ પ્રગટતારૂપ વિવિક્ષિત એકદેશ શુદ્ધ નિશ્ચયનયસે નિજ શુદ્ધઆત્મા, ઓ હિ જ્ઞાનસે ઉત્પન્ન સુખ, વોહિ અમૃત જળકા સરોવર. આહાહા! ભગવાન આત્મા અમૃત જળકા તો સાગર હૈ. ઉસમેં અંતર્મુખ હોકર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન જ્યાં હુઆ, તો અંતરમેં પર્યાયમેં આનંદકા સરોવર ઉછળી ગયા, સમજમેં આયા? આનંદકા સરોવર ઉછળી ગયા, પર્યાયમેં ઉસકી ભરતી આઈ આનંદકી. ભરતી કહેતે હૈ ને? ક્યા? બાઢ, બાઢ... આનંદ ભગવાન

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

આત્મા પૂર્ણાનંદકા નાથ, ઉસકી સન્મુખ પરિણામ હુઆ, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક. શાસ્ત્ર ભાષાએ, અધ્યાત્મ ભાષાએ અંતર્મુખ પરિણામ હુઆ. વો અમૃત જળકા સરોવર છલક ગયા બાઢ ( છલક ગયા ) છલક કહતે હૈ ને ? ( ઉછળી ગયા ) ઉછળી ગયા લ્યો.

નિજ શુદ્ધ આત્માકા સરોવર ઉસમેં રાગાદિ મળસે રહિત હોનેકે કારણ, એ પરમ હંસ સ્વરૂપ હૈ. આહાહા ! ભગવાન શુદ્ધ સ્વભાવકી સન્મુખ પરિણામ મોક્ષકા માર્ગકા કહ્યા, ઓ પરમહંસ સ્વરૂપ હૈ ક્યોંકિ રાગસે પૃથક હોકર અપના સ્વભાવમેં એકાગ્ર હોતા હૈ વો પર્યાય પરમહંસ હૈ, પર્યાય પરમહંસ હૈ. આહાહા ! ( ચોથે ગુણસ્થાને ) ચોથા ગુણસ્થાનસે ( પરમહંસ ) પરમહંસ, ઈસમેં ક્યા હૈ વિશેષ આગળ ભલે લો. વસ્તુ અહીંયા, પહેલેસે ચોથેસે. ( પહેલેસે ) ઉપશમ ભાવમેંસે સમજમેં આયા ? જરી સૂક્ષ્મ પડે ઐસી ચીજ હૈ, વસ્તુ અનાદિસે ક્યા ચીજ હૈ ઉસકી સન્મુખ કભી હુઆ હિ નહિ અને સન્મુખ હોનેસે ધર્મ હોતા હૈ ઐસા સૂનકર રુચિ કભી કીયા નહીં. બહારમાં ભટક ભટક ઐસે હોતા હૈ ને, ઐસે હોતા હૈ જાત્રાસે ને પુણ્યસે ને વ્રતસે ને તપસે એ તો બધા વિકલ્પકા રાગકા ભાવ ઔર ઉસમેં ધર્મ માનના ઓ તો મિથ્યાત્વકા ભાવકા પોષક હૈ સમજમેં આયા ?

ઐસે પરમહંસ પરમાત્મ ધ્યાનકે ભાવનાકે નામોકી માળા, માળા એટલે એક પછી એક ઘણાં નામો. એકદેશ વ્યક્તિરૂપ આ શક્તિકી વ્યક્તિ આઈ ને ભાઈ અંદર, ભવ્યત્વની શક્તિની વ્યક્તિ, એકદેશ વ્યક્તિરૂપ આખા આત્મા પૂરણ તો પ્રગટ હોતા હિ નહિ. મોક્ષ પણ એકદેશ વ્યક્તિરૂપ હૈ. હેં ? એકદેશ, એક ભાગ પ્રગટ હુઆ હૈ.

શુદ્ધ નયકે વ્યાખ્યાનકો યથાસંભવ સિદ્ધ તક લેના ચાહીયે, યથા સંભવ એકદેશ શુદ્ધ નયકી અપેક્ષા યે બધા સમજના ચાહીએ, આ તો મોક્ષમાર્ગકી બાત હૈ, પણ મોક્ષ ભી એકદેશ, એક ભાગ હૈ. આહાહા ! સમજમેં આયા ? મહા દરિયો પડયો છે ને બહોત બડા સાગર ઉસમેંસે મોક્ષકી પર્યાય તો એકદેશ– એક ભાગ પ્રગટ હુઆ. સારા તો કભી પ્રગટ હોતા નહીં. ( વાહ, વાહ ) આહાહા ! સમજમેં આયા ? ઐસા ભગવાન આત્મા, સહજ પરમ સ્વભાવભાવકા પિંડ પ્રભુ, ઉસકી સન્મુખ પર્યાયમેં એક ભાગસે પ્રગટ આનંદકા ભાગ હુઆ, વો ભી સરોવર યહાં આનંદકા સરોવર કહેનેમેં આતા હૈ.

ભગવાનકા એક હજાર આઠ નામસે સ્તુતિ કરતે હૈ ઇંદ્રો–સમજમેં આયા ? ભગવાનકો કેવળજ્ઞાન હોતા હૈ, ઇંદ્ર આતે હૈ ઔર સમોસરણમેં એક હજાર આઠ નામ, જિનસેન સ્વામીએ પણ આદિ–પુરાણ એક હજાર આઠ નામસે, ક્યોંકિ એક હજાર ને આઠ ચિહ્ન હૈ, એક હજાર આઠ કળશસે સ્નાન કરતે હૈં, કરાતે હૈ. એક હજાર આઠ નામસે સ્તુતિ કરતે હૈ. તો આ ભગવાન આત્માકી પર્યાયકી સ્તુતિ યહાં પાંસઠ–છાસઠ આદિ, અનુભવ પ્રકાશમેં પિસ્તાલીસ, એકસો દસ નામસે સ્તુતિ કીયા હૈ. સમજમેં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આયા ? પરમાત્માકી સ્તુતિ કીયા હૈ. આ પરમાત્માકા માર્ગકી સ્તુતિ કહેનેમેં આતે હૈ આહાહાહા !

" ઓ પરમ બ્રહ્મસ્વરૂપ હૈ " પરમ બ્રહ્મસ્વરૂપ– એ નિર્મળ વીતરાગી પર્યાય પરમ બ્રહ્મસ્વરૂપ, પરમ બ્રહ્મસ્વરૂપ તો ત્રિકાળી વસ્તુ હૈ. પણ ત્રિકાળકો સ્પષ્ટ વિષય બનાકર જો પર્યાય પ્રગટ હુઈ પરમ બ્રહ્મસ્વરૂપ હૈ આહાહા ! ( એનું માહાત્મ્ય દ્રવ્યથી વિશેષ છે ? ) માહાત્મ્ય કોણે કીધું ? આ તો એના તરફનું વલણ થઈને જે પ્રગટી એને આટલું કહેવામાં આવે છે. એમ ? માહાત્મ્ય છે ને ? પર્યાયનું માહાત્મ્ય નથી ? પર્યાયનું પર્યાયને યોગ્ય માહાત્મ્ય નથી ? પર્યાયથી દ્રવ્યનું માહાત્મ્ય અનંતગુણું ( ભાઈએ ક્યા પ્રશ્ન કીયા થા સમજમેં નહીં આયા ) આ પર્યાયકો તો નિષેધ કરના હૈ, દ્રવ્યકા આશ્રયમેં, તો પર્યાયકા ઈતના પ્રશંસા ક્યૂં ? ઐસા પ્રશ્ન હૈ નંદકિશોરજી ? સમજમેં આયા ? એ પર્યાયની પ્રશંસા પર્યાયકી હૈ એ એક અંશકી પ્રશંસા હૈ તો પરમાત્માકી પ્રશંસાકા ક્યા કહેના, એમ કહેતે હૈ. ( વાહ રે વાહ ) હૈં ? ( ઐસા લેના હૈ ) ઐસા લેના હૈ. ( વાહ. વાહ ) સમજમેં આયા ? ઇનમેં તો ઐસા શબ્દકા પ્રયોગ કીયા કી માહાત્મ્ય ઘટાનાં હૈ એમ કે પર્યાયકા માહાત્મ્ય ઈતના ક્યૂં ? દ્રવ્યકા માહાત્મ્ય તો અભી તક તો ગાતે હૈ ને પર્યાય તો વ્યવહારનયકા વિષય હૈ, પણ ઓ સ્વભાવકા પુત્ર, પુત્ર હુઆને ? ભગવાનકી પ્રજા હુઈ ઓ, સમજમેં આયા ? પુણ્ય–પાપકા પરિણામ તો કલંક હૈ. કુળમેં કલંક પુત્ર જાત કહેતે હૈં, આ ભગવાન, હૈં ( મોક્ષ છે પરિણામ માટે માહાત્મ્ય નથી –મોક્ષ નહીં થાય માટે ) મોક્ષ નહિ થાય એનો પ્રશ્ન અહીં છે નહીં– અહીં તો પર્યાય ઐસી હૈ બસ. મોક્ષ થશે તો થશે એ તો પછી વળી, પર્યાયકા ઈતના માહાત્મ્યવાળી ચીજ હૈ– ક્યૂંકિ દ્રવ્યકે પડખે ચઢકર અભેદ હો ગઈ પરમ બ્રહ્મ સ્વરૂપ હૈ ( પર્યાયનું સ્વરૂપ આવું છે. ) એમ સમજમેં આયા ? એ રતિભાઈ આવું બધું. પરમ બ્રહ્મસ્વરૂપ હૈ.

" એ પરમ વિષ્ણુરૂપ હૈ. " પરમ વિષ્ણુ વ્યાપક નિર્મળ પર્યાય વ્યાપક ખરેખર તો ઉસકા મતિ ને ભાવ શ્રુતજ્ઞાન હૈ, લોકાલોક ને સ્વદ્રવ્ય સબ ઉસમેં જાનનેમેં આતા હૈ ઐસી પર્યાય મતિ અને શ્રુતકો વિષ્ણુ સ્વરૂપ કહનેમેં આતા હૈ આહાહા ! સમજમેં આયા ? પણ હવે આ ફેરા કલાસમાં આ ભી જરી સૂનના બહુ સ્થૂળ બાત સૂનતે હૈ આ તો સૂનના કે ઉસમેં ક્યા મૂળ ચીજ તો આ હૈ. આહાહા ! સમજમેં આયા ?

" વહી પરમ શિવ સ્વરૂપ હૈ "– બ્રહ્મા–વિષ્ણુ ને મહેશ ત્રણ લીયા ભાઈ પહેલા. બ્રહ્મા–વિષ્ણુ ને મહેશ, તીનો લીયા બ્રહ્મા વિષ્ણુ ને મહેશ એ બ્રહ્મા એ પરમ બ્રહ્મસ્વરૂપ ભગવાન આત્મા નિર્મળાનંદ દશા શુદ્ધ સ્વભાવકી સન્મુખ, પરમ પારિણામિકભાવકો વિષય કરકે જો પર્યાય બની, રચી, હુઈ એ પરમ બ્રહ્મસ્વરૂપ, પરમ વિષ્ણુસ્વરૂપ અને પરમ શિવ સ્વરૂપ. જીસમેં ઉપદ્રવ બિલકુલ નહીં, વિકલ્પકા ઉપદ્રવ નહીં, એકલા આનંદકા, આનંદકી પર્યાયકા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અનુભવ આહાહા ! આ ઉસકા નામ નિશ્ચય મોક્ષમાર્ગ. એ કાલે નિશ્ચય મોક્ષમાર્ગ નામ લખ્યું ને, નિશ્ચય મોક્ષમાર્ગ સ્વરૂપ એના આ નામ છે બધા.

"એ પરમ બુધ સ્વરૂપ "- ઓલા બૌધ રહી ગયા ને પાછા બ્રહ્મા-વિષ્ણુ ને શિવ તો આયા પણ બુદ્ધ. આહાહા ! 'બુદ્ધયતિ ઈતિ બુદ્ધ' ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય ધ્રુવ, ઉસકી મહિમા કરતે કરતે, ઉસકી પર્યાય જો પ્રગટ હુઈ, ઉસકી ભી ઈતની મહિમા હૈ. પરમ બુધસ્વરૂપ હૈ.

"પરમ નિજ સ્વરૂપ હૈ" લ્યો પરમ નિજ સ્વરૂપ તો દ્રવ્ય થા વાસ્તવમેં આત્મા એ ઈ ખરેખર આત્મા. આડત્રીસ ગાથામેં તો ઐસા કહા ખરેખર વાસ્તવમેં આત્મા ધ્રુવ તે વાસ્તવમેં આત્મા હૈ, પણ યહાં. પર્યાય ધ્રુવમેં એકત્વ હુઈ તો પર્યાયકો ભી પરમ નિજ સ્વરૂપ કહેનેમેં આતા હૈ.

"પરમ નિજ આત્માકી પ્રાપ્તિકા લક્ષણકા ધારક જો સિદ્ધ ઉસરૂપ હૈ" જુઓ. એ પર્યાયકો સિદ્ધ કહા પરમ નિજ આત્મા અપના નિજ આત્મા એની પ્રાપ્તિ જુઓ આ પ્રાપ્તિ એ શેઠ ? પ્રાપ્તિ નિજ આત્માકી પ્રાપ્તિ અંતર સન્મુખ હોનેસે આત્માકી પ્રાપ્તિ હોતી હૈ જો અનાદિસે રાગ ને પર્યાયકી પ્રાપ્તિ થી ઓ મિથ્યાત્વ થા. સ્વભાવ સન્મુખ હોકર પ્રાપ્તિ હુઈ તો ઓ તો આત્માકી પ્રાપ્તિ હુઈ આહાહા ! ( પહેલા યહી વિધિ શીખની ? ) ( પહેલા યહી શીખનેકા ) ઓ કળા તુમ હૈ ઐસા બતાયેગા અભી યહાં.

દેખો- "વહી નિરંજનરૂપ હૈ"- દેખો આ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક તીનોં ભાવકો આ લાગુ પડતે હૈ. ( જો ઉપશમભાવકા નામાંતર હૈ ? ) બધા નામ હૈ. શુદ્ધ આત્મા અભિમુખ, શુદ્ધોપયોગ ઔર તીન ભાવ ઉસકા બધા આ નામાંતર હૈ. પર્યાયમાળા, માળામાં મણકા હોતા હૈ ને બહોત, તો આ પર્યાય માળા એક પર્યાયકા ઈતના ઈતના નામ. હજારો લાખો અનંત નામ હૈ. ઈતના ગણાતે હૈ- તુમ કહેતે હો ને ગણાતે. ઈતના ગણાતે હૈ ઔર તો ગણાતે હૈ એકસો દસ-પર્યાયકા નામ એકસો દસ તો ગણાતે હૈ- દેખો પાંસઠ તો યહાં હૈ.

"વહી નિર્મળ સ્વરૂપકા ધારક હૈ"- કોણ ? વીતરાગી પર્યાય, મોક્ષમાર્ગકી પર્યાય, ધર્મકી પર્યાય, ધર્મ પર્યાય ઈસકો કહેતે હૈ કે વો સર્વ કર્મમળ રહિત સ્વરૂપકા ધારક હૈ, ઓ પર્યાય રાગકા ભાવ ભી બિલકુલ નહીં ઉસમેં વ્યવહારકા, કર્મકી બાત તો ભિન્ન રહ ગઈ પણ વિકલ્પકા અંશ ઉસમેં નહીં, નિર્વિકલ્પ આનંદકી પર્યાયકો યહાં મોક્ષમાર્ગ કહેનેમેં આતા હૈ આહાહા ! સમજમેં આયા ?

"વહી સ્વસંવેદન જ્ઞાન હૈ". એ ટીકામેં તદેવ-તદેવ કર્યું છે ને પછી વળી સએવ-સએવ કર્યું છે. પાછળથી, સમજ્યા ? એ કેમ ફેર પાડયો હશે ? તદેવ પરમ જ્યોતિ ત્યાં સુધી તદેવ રાખ્યું. ( નપુંસક લિંગ હોય તો સએવ- પુરુષલિંગ હોય તો તેવો, તેવો હોય તો તદેવ,

તેવું હોય તો સએવ, પંડિતજી ખુલાસો કર્યો ) ઠીક. કહો વહીં સ્વસંવેદન જ્ઞાન હૈ. ટીકામાં બે શબ્દ એકમાં તદેવ– પરમ જ્યોતિ ત્યાં સુધી તદેવ આવશે. ને પછી આવશે સએવ શુદ્ધામાનુભૂતિઃ ત્યાંથી અનુભૂતિ... સએવ શુદ્ધાત્માનુભૂતિઃ સારું ? સમજમેં આયા ?

ભગવાન આત્મા અપના ધ્રુવ સ્વરૂપકા વિષય બનાકર, ધ્યેય બનાકર, જો વીતરાગી સમ્યગ્દર્શન, જ્ઞાન ચારિત્રકી પર્યાય હુઈ એ સ્વસંવેદન હુઆ એ રાગકા વેદન થા વો છુટ ગયા. શુદ્ધાત્મા અનુભૂતિ એટલે કે દ્રવ્યનો અનુભવ થતો નથી પણ દ્રવ્યની પર્યાયનો અનુભવ છે તેને દ્રવ્યનો અનુભવ કહેવામાં આવે છે. સમજમેં આયા ? જે આમ રાગનું વેદન હતું. વિકલ્પ હતો. એ અપેક્ષાએ નિર્મળ પર્યાય થઈ, ( એને ) દ્રવ્યનું વેદન થયું ( અનુભવ થયો ) એમ કહેવામાં આવે છે. સમજમેં આયા ?

" વહી પરમ તત્ત્વજ્ઞાન હૈ " શુદ્ધાત્માનું સ્વરૂપ પરમ તત્ત્વજ્ઞાન દેખો, વહી પરમ તત્ત્વજ્ઞાન– આહાહા ! સબ જાન લીયા ઉસને અપના આત્મા અખંડાનંદ પ્રભુ, સમ્યગ્દર્શનમેં પ્રતીતમેં આ ગયા ઔર વો હિ પરમ તત્ત્વજ્ઞાન કહેનેમેં આતા હૈ. એ પરમ તત્ત્વજ્ઞાન હો ગયા ઉસકો. સમજમેં આયા ?

ઔર " વહી શુદ્ધાત્માકા દર્શન હૈ " લ્યો એ શુદ્ધાત્માકા દર્શન આહાહા ! આ ઉપશમભાવમાં શુદ્ધાત્માકા દર્શન કહ્યા, ભાઈ. ઉપશમભાવકો શુદ્ધાત્માકા દર્શન કહા– ઉપશમભાવકો ક્યૂં શુદ્ધ ઉપયોગ કહા ? અરે ભગવાન શું કરે છે. માણસ મૂળ નિજ પરમાત્મા ક્યા ચીજ હૈ ઉસકી ખબર નહીં અને શાસ્ત્ર પઢે અપની દૃષ્ટિસે, અર્થના અનર્થ નિકાલે ઉસમેંસે સમજમેં આયા ? વહી શુદ્ધાત્માકા દર્શન, એ મોક્ષમાર્ગ જો હુઆ, શુદ્ધાત્મા અભિમુખ પરિણામ વહી શુદ્ધાત્માકા દર્શન. આહાહા ! ભગવાનકા સાક્ષાત્કાર હુઆ ( અરહંત ભગવાનકા ? ) અરહંત ભગવાનકા, આત્મા અરિહંત હૈ ને ? આત્મા જ અરિહંત હૈ દૂસરા કૌન અરિહંત હૈ ? સમજમેં આયા ?

વો આયા થાને તત્ત્વાનુશાસનમેં આયા થા. તત્ત્વાનુશાસનમેં નાગસેન મુનિ કહેતે હૈ. એક પ્રશ્ન હુઆ કે તુમ અરિહંતકા ધ્યાન કરતે હો, તો અરિહંત તો તુમ હૈ નહી, અરિહંતકા તુમ ધ્યાન કરતે હો અરિહંતકા ધ્યાન હૈ નહીં, તો તુમારા ધ્યાન ખોટા હુઆ, જુઠા હુઆ. અરે ? સુન તો સહી તત્ત્વાનુશાસનમેં, અરિહંત તો હમારા આત્મામેં પડા હૈ. અરિહંત સ્વરૂપ હમારા આત્મા હૈ. ઉસકા હમ ધ્યાન કરતે હૈ અને ઓ ધ્યાન નિષ્ફળ નહીં. આહાહા ! ધ્યાન નિષ્ફળ નહીં. આનંદકા વેદન હોતા હૈ માટે અરિહંતકા ધ્યાન એ બરાબર હૈ હમારા– ( બરાબર– બહુ સરસ ) સમજમેં આયા ? હમારા સ્વરૂપ હી અરિહંત હૈ. આત્મા સ્વરૂપ હી અરિહંત હૈ, એ અરિહંતકા ધ્યાન કીયા તો એ અરિહંતકા ધ્યાનસે અપના ધ્યાન હુઆ, આ અરિહંત, ઓ અરિહંત નહીં.

તત્ત્વાનુશાસનમેં, તત્ત્વાનુશાસન પુસ્તક હૈ નાગસેન મુનિએ ઉસકો બનાયા હૈ તો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નાગસેન મુનિએ ઐસા કહા કે ભાઈ પ્રશ્ન કોઈ કરતે કે તુમ અરિહંતકા ધ્યાન કરતે હો, તો અરિહંત તો હૈ નહીં અબી, તુમ અરિહંતકા ધ્યાન કરતે હો, અરિહંત તો હૈ નહીં અબી. તો કૈસે ? તુમ્હારા ધ્યાન તો નિરર્થક હુઆ, અરે ! સુન તો સહી નિરર્થક નહીં હુઆ. હમારા ભગવાનમેં, જો અરિહંતકો પર્યાય પ્રગટ હોની હૈ, ઐસી અનંતી પર્યાય હમારામેં હૈ હમ અરિહંતકા અરિહંત હૈ, હમારા દ્રવ્યકા ધ્યાન કરનેસે હમ અરિહંતકા ધ્યાન કરતે હૈ અને નિષ્ફળ નહીં, કયૂં કે જો અરિહંતકા ધ્યાન નિષ્ફળ હો તો આનંદ નહીં આતા હમકો તો આનંદ આતા હૈ. અતીંદ્રિય આનંદ આતા હૈ. તો અરિહંતકા ધ્યાન બરાબર કરતે હૈ હમ– ( બરાબર–જૂઠ–મુઠ નહીં ? ) જુઠ મુઠ નહીં ઉસમેં લીખા હૈ ઐસા–સમજે ! એય નંદકિશોરજી– ( જી, હા ) લીખા હૈ. હોં, ઉસમેં આ જુઠુ સાહિત્ય નથી, જુઠમુઠ નહીં, જુઠમુઠ હોય તો આનંદ કૈસે આયા ? સમજમેં આયા ? આ તો અલૌકિક વાતુ છે ભાઈ. આ તો પરમેશ્વરના ઘરની પરમેશ્વરકો પહોંચનેકી બાતુ હૈ. બાકી બધી વાતો છે જગતકી. કહો સમજમેં આયા ? એ ભગવાનકા હમ ધ્યાન કરતે હૈં, ભગવાન હમ હૈ, હમારા ભગવાન હમારી પાસ હૈ પાસ હૈ ઐસા નહીં, પણ હમ હી હૈ. એય નંદકિશોરજી, ક્યોંકિ ઐસી અરિહંતકી અનંત પર્યાય કેવળજ્ઞાન આદિ ઓર ઐસી ઐસી અનંતી અનંતી કેવળજ્ઞાનકી આનંદ કી પર્યાય ઐસી અરિહંતકી આનંદકી પર્યાય મેરા પેટમેં પડી હૈ. મેરા ગર્ભમેં પડી હૈ. ગર્ભકા હમ ધ્યાન કરતે હૈ તો પ્રસવ આનંદકા હોતા હૈ સમજમેં આયા ? આહાહા !

" વહી પરમ અવસ્થા સ્વરૂપ હૈ " ઉત્કૃષ્ટ અવસ્થા–જુઓ પાછી અવસ્થા, આ તો નિશ્ચય મોક્ષમાર્ગના નામ છે ને ?

" વહી પરમાત્માકા દર્શન હૈ " વો શુદ્ધાત્માકા દર્શન કહા થા પરમ આત્માકા દર્શન, સમ્યગ્દર્શનમેં ઉપશમભાવમેં, ક્ષયોપશમ ભાવમેં, ક્ષાયિક ભાવમેં. જો પર્યાય પ્રગટ હુઈ ઓ પરમાત્માકા દર્શન હૈ. ( બરાબર ) અનાદિકા ક્ષયોપશમ એ ક્ષયોપશમ ન લેના હોં અહીંયા. અનાદિકા ક્ષયોપશમભાવ હૈ વો તો નિગોદકો ભી હૈ, અભવીકો બી હૈ, યે ક્ષયોપશમ નહીં. અપના દ્રવ્યકા આશ્રય કરકે આનંદકી જો દશા ઉત્પન્ન હુઈ ઐસા જ્ઞાન ને આનંદકો યહાં ક્ષયોપશમભાવ કહેતે હૈ. આહાહા ! અનાદિકા ક્ષયોપશમભાવ તો નિગોદમેં ભી હૈ. નિગોદમેં આ ત્રય ભાવ નહીં. ( સાધક દશાકા ) હાં. સમજમેં આયા ?

" વહી પરમ તત્ત્વજ્ઞાન હૈં " પહેલે પરમ તત્ત્વજ્ઞાન આયા થા, ફિરસે આયા વહી ભાઈ ? પરમ તત્ત્વજ્ઞાન, પરમ તત્ત્વજ્ઞાન ફિરસે આ ગયા.

" વહી શુદ્ધ આત્મ જ્ઞાન હૈ " એને શુદ્ધ આત્મજ્ઞાન કહ્યું.

" વહી ધ્યાન કરને યોગ્ય શુદ્ધ પારિણામિક ભાવ હૈ ઉસરૂપ હૈ. એય પારિણામિક ભાવ કેહ દીયા પાછા. પારિણામિક ત્રિકાળ સહજ ભાવ ભગવાન એકાકાર હોકર પર્યાય

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રગટ હુઈ એ પારિણામિક ભાવ હૈ. ઉસકા હૈ ઉસકી પર્યાય હૈ દેખ. અપેક્ષાએ કથન હૈ ભાઈ. વીતરાગકા માર્ગ બહોત ગંભીર હૈ. ઐસે ઉપર ઉપરસે કોઈ પા લે, ઐસી બાત નહીં. ( નહીં )

" વહી ધ્યાનભાવ સ્વરૂપ હૈ " એ ધ્યાનભાવ સ્વરૂપ. આહાહા !

" વહી શુદ્ધ ચારિત્ર " એ ઉપશમભાવમેં ભી શુદ્ધ ચારિત્ર કહા, ઈતના ચારિત્ર સ્વરૂપ આચરણરૂપ હુઆ ને ? આહાહા !

" વહી અંતરંગકા તત્ત્વ હૈ " અંતરંગ તો જ્ઞાયક તત્ત્વ હૈ ઉસકા આશ્રયસે, સ્પર્શ કરકે જો નિર્મળ મોક્ષમાર્ગ પર્યાય પ્રગટ હુઈ ઉસકો અંતરંગ તત્ત્વ કહનેમેં આયા હૈ. વિકલ્પ બિકલ્પ ઓ બાહ્ય તત્ત્વ હૈ.

જહાં, પર્યાયકો બહિઃતત્ત્વ કહા થા ત્યાં, નિયમસારમેં, એ યહાં અંતઃતત્ત્વ અપેક્ષાસે કહે. અહીંયા અંતરંગ જ્ઞાયકભાવ ધ્રુવમેંસે સ્પર્શ કરકે જો પર્યાય હુઈ, એ અપેક્ષાસે ઉસકો અંતરંગ તત્ત્વ કહેનેમેં આયા હૈ. દ્રવ્યકી અપેક્ષાએ બહિઃર્તત્ત્વ હૈ, પણ રાગ જો બહિઃતત્ત્વ હૈ, ઉસસે છૂટકર જો અંતરંગ વીતરાગી પર્યાય હુઈ. ઓ અપેક્ષા અંતરંગ તત્ત્વ કહેનેમેં આયા હૈ. આહાહા ! સમજમેં આયા ? પાચન હળવે હળવે થાય ને. કોળીયા હળવે હળવે ભરે ( હળવે–હળવે માને ? ) ધીમે ધીમે. મૈસૂબ ખાતે હૈ ને ચાર શેર ઘીકા પાયેલા. મૈસૂબ સમજે ને ? મૈસૂબ, મૈસૂબ ? એક શેર આટા ઔર ચાર શેર ઘી, મૈસૂબ ઓ ભી થોડા થોડા ખાતે હૈ. ( હળવે હળવે ) આ ભી અનુભવ ધીમે ધીમે સમજનેકી ચીજ હૈ. એકદમ કોળીયા ઉતાર દે ઐસી ચીજ નહીં. સમજમેં આયા ?

ક્યા કહેતે હૈ, પરમ તત્ત્વ હૈ ' વો હી પરમતત્ત્વ હૈ ', પર્યાયકો પરમ તત્ત્વ કહા " વહી શુદ્ધ આત્મ દ્રવ્ય હૈ " હૈ ને ? એ શુદ્ધ આત્મદ્રવ્યકી પર્યાયકો ભી અભેદ કરકે શુદ્ધ આત્મ દ્રવ્ય કહે દીયા હૈ. આહાહા !

" વહી પરમ જ્યોતિ હૈ " લ્યો ત્યાં સુધી તો તદેવ તદેવ આવ્યું છે, પાઠમાં પરમ જ્યોતિ જ્ઞાનમૂર્તિ ભગવાન પર્યાયમેં પ્રગટ હુઆ. સમ્યગ્દર્શન ધર્મ પર્યાય પ્રગટ હુઈ, એ પરમ જ્યોતિ હુઈ. પરમ જ્યોતિ પ્રગટી.

" વહી શુદ્ધ આત્માકી અનુભૂતિ હૈ " લ્યો ત્યાંથી સએવ, સએવ આવ્યું, સંસ્કૃતમાં, ભાઈ કહે છે એની ભાષાથી શું કીધું આ શુદ્ધ આત્મદ્રવ્ય હૈ લ્યો શુદ્ધઆત્માકી અનુભૂતિ હૈ " વહી શુદ્ધાત્માકી પ્રતીતિ હૈ " દેખો યે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર, જો મોક્ષમાર્ગ હૈ વો હિ આત્માકી પ્રતીતિ હૈ. સમજમેં આયા ?

" વહી આત્માકી સંવિતિ નામ સાક્ષાત્કાર હૈ "– એ આત્માકા સાક્ષાત્કાર સમ્યગ્દર્શન હુઆ, ઉપશમભાવ હુઆ, ક્ષયોપશમભાવ હુઆ ઈસકો યહાં આત્માકા સાક્ષાત્કાર કહેતે હૈ. પરમેશ્વરકા ભેટા હુઆ. એય પંડિતજી, આવો મોંઘો માર્ગ ભારે કરી, આ તો. સમજમેં આયા ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



"વહી નિજ આત્મસ્વરૂપકી પ્રાપ્તિ હૈ"– નિજ આત્મસ્વરૂપકી પર્યાયમેં પ્રાપ્તિ હુઈ તો વહ પર્યાયકો હી નિજ આત્મસ્વરૂપકી પ્રાપ્તિ કહેનેમેં આયા.

"વહી નિત્ય પદાર્થકી પ્રાપ્તિ હૈ". ત્રિકાળ ભગવાન જો નિત્ય હૈ નિત્ય તો પર્યાયમેં શુદ્ધતાસે ભાન હુઆ, વેદન હુઆ તો એ શુદ્ધતાકી પર્યાય, તો આ ત્રિકાળ શુદ્ધ હૈ, તો વો પર્યાયકો ભી નિત્ય પદાર્થકી પ્રાપ્તિ કહે દીયા હૈ. સમજમેં આયા ?

"વહી પરમ સમાધિ" પરમ સમાધિ સમાધિ આ બાવા લગાતે હૈ વો નહીં, હોં. ભગવાન આત્મા ચિદાનંદકા પિંડ, ઉસકી અંતર અનુભવ કરકે પર્યાય જો પ્રગટ હુઈ, ઉસકો અહીં પરમ સમાધિ કહેનેમેં આયા હૈ.

"વહી પરમ આનંદ હૈ"– મોક્ષમાર્ગ એ પરમ આનંદ હૈ. મોક્ષમાર્ગમેં દુઃખ નહીં. કો 'ક તો કહે, આહાહા ! મુનિઓકો કીતના સહન કરના પડે કષ્ટ, અરે કષ્ટ સહન કરના પડે વો ધર્મ હૈ? યે મોક્ષમાર્ગ હૈ? કષ્ટમેં તો રાગ આતા હૈ, આર્તધ્યાન હોતા હૈ. મોક્ષમાર્ગ તો પરમ આનંદ સ્વરૂપ હૈ. અતીંદ્રિય આનંદકા શાંતિકા વેદન, ઉસકા નામ સમ્યગ્દર્શનજ્ઞાન ને ચારિત્ર કહેતે હૈ. સમજમેં આયા ?

"વહી નિત્ય આનંદ હૈ" નિત્ય–આનંદ લ્યો. હૈ તો નિત્યાનંદ ભગવાન પણ પર્યાય નિત્યમેંસે પ્રગટ હુઈ તો, કલ્પિત સુખ તો અનિત્ય હૈ, બાહ્ય સ્ત્રીમેં ને પૈસામેં ધૂળમેં માન લે એ તો મિથ્યાત્વ ભાવ હૈ. સમજમેં આયા ? કહો શેઠ ? આ તમારા હજીરા ને મકાનમેં ને પૈસામેં સુખ હૈ ? મોટરું ચાલીસ ચાલીસ બીડીયુંમાં ફરતી હૈ ને સુખ હૈ ? ધૂળમાંય નહિ હૈ– કલ્પના હૈ, દુઃખ હૈ, દુઃખી હૈ. આ ભગવાન આત્મા આનંદકા કંદકો જ્યારે પર્યાય ભેટી નિત્યાનંદ હો ગયા જાવ. સમજમેં આયા ?

"વહી સ્વભાવસે ઉત્પન્ન આનંદ હૈ" લ્યો સ્વભાવસે ઉત્પન્ન હુઆ આનંદ.

"વહી સદાનંદ હૈ" સદાનંદ–સદાનંદી ભગવાન પ્રગટયા. સમજમેં આયા, ભગવાન આત્મા સદાનંદકી મૂર્તિ હૈ, ઉસકો સ્પર્શ કરકે, વિષય બનાકર, ધ્યેય બનાકર, જો પર્યાય પ્રગટ હુઈ, ઉસકો યહાં સદાનંદ કહનેમેં આતાહૈ.

"વહી શુદ્ધઆત્મા પદાર્થકે પઠનરૂપ ધારક" એ જ આત્મ પદાર્થ પઠન સુખકા ધારક –એ આત્મ પદાર્થનું પઠન કર્યું ઉસમેં ( બરાબર ) અંતરની અનુભવ દશા પ્રગટી એને આત્માકા પઠન કીયા ( વાહ રે વાહ સ્વાધ્યાય ). એ પીછે– સ્વાધ્યાય પીછે લેગા. ( વહી પરમ સ્વાધ્યાય હૈ ) આ તો પઠન સ્વરૂપકા ધારક હૈ, ત્યાં સુધી.. વહી શુદ્ધ આત્મ પદાર્થકે પઠનરૂપ સ્વરૂપકા ધારક હૈ. એ આત્માકા પઠન કીયા પર્યાયમેં આહાહા !. શાસ્ત્ર પઠન તો સબ વિકલ્પ હૈ, એય. દિગંબર સંતોકી મસ્તી હૈ દેખો. સમજમેં આયા ? સમ્યગ્દર્શનમેં ભી ઐસી મસ્તી હૈ, ઐસા ખુલાસા કરતે હૈ.

"વહી પરમ સ્વાધ્યાય હૈ" આ શાસ્ત્ર–સ્વાધ્યાય તો વિકલ્પ હૈ. સ્વ–અધ્યાય,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અપના નિજાનંદ સ્વરૂપકા અંતર એકાગ્ર હોકર અનુભવ કરના એ સ્વાધ્યાય હૈ.

"વહી નિશ્ચય મોક્ષકા ઉપાય હૈ" લ્યો નિશ્ચય મોક્ષકા માર્ગકા હિ નામ ચલતે હૈ. એ નિશ્ચય સાચા મોક્ષનો ઉપાય હૈ.

"વહી એકાગ્ર ચિંતા નિરોધ હૈ" અંતરમેં એકાગ્ર હોકર, ચિંતાકા નિરોધ કરકે શાંતિકા વેદન.

"વહી પરમ જ્ઞાન હૈ"– આ "વહી શુદ્ધ ઉપયોગ હૈ" લ્યો આયા, ઉસમેં નામ આયા ને ઉપયોગકા આપણે એ શુદ્ધ ઉપયોગ.

"એ પરમ યોગ" એ પરમ યોગ હૈ ધ્યાન શુદ્ધ સ્વરૂપ ઉસમેં એકાગ્ર હુઆ. વોહિ કહે છે પરમ યોગ હૈ. યોગ દૂસરા ક્યા યોગ ? કરો યોગ કરો ધ્યાન, કીસકા ? પણ વસ્તુ વિના ? સમજમેં આયા ? કેટલાક કહે. શૂન્ય હો જાઓ લ્યો રજનીશે પણ હમણાં નાંખ્યુ તારણસ્વામીનું સંત તારણ શૂન્ય હોનેકા કહેતે થે. એય– ઘનાલાલજી. ઐસા આયા હે એ વળી નથી થયા ને અહીં આવ્યું નામ. પત્રમેં આયા હૈ પોતાની વાત પુષ્ટિ કરવા સંત તારણ શૂન્ય હોનેકા કહેતે હૈ પણ તું કહે છે એ શૂન્ય નહીં. સંત તારણ તો કહેતે હૈ ધ્રુવ સ્વરૂપ ઉસકો ધ્યેય બનાકર વિકલ્પસે શૂન્ય હો જાઓ ઓ શૂન્ય. ( બરાબર– વિકલ્પસે શૂન્ય ) એય, શૂન્ય હો જાઓ, શૂન્ય હો જાઓ. ( તત્ત્વાનુશાસન ) એ. ગાથાની વાત થઈ ' તી.

"વહી પરમ ભૂતાર્થ હૈ" વહી ભૂતાર્થ હૈ, ભૂતાર્થ તો ધ્રુવ હૈ, પણ ઉસકે આશ્રયે સમ્યગ્દર્શન જ્ઞાનકા અનુભવ હુઆ, આ ઉસકો ભી ભૂતાર્થ કહેનેમેં આયા હૈ. આતે હૈ ને ભાઈ બંધ અધિકારમેં. ભૂતાર્થ મોક્ષમાર્ગ, અભૂતાર્થ મોક્ષમાર્ગ આતા હૈ, બંધ અધિકારમેં મોક્ષમાર્ગકી પર્યાય હૈ ઉસકા ભી ભૂતાર્થમાર્ગ, મોક્ષમાર્ગ. બંધ અધિકારમેં –સમજમેં આયા ? રાગાદિ હૈ વહ અભૂતાર્થ હૈ, મોક્ષમાર્ગ હૈ હિ નહીં. ભૂતાર્થ મોક્ષમાર્ગ, અપના સ્વભાવ ચૈતન્ય જ્ઞાયક ઉસકા આશ્રય કરકે શક્તિકી વ્યક્તતા પ્રગટ હુઈ, ઓ ભાવકો, મોક્ષમાર્ગકો ભૂતાર્થમાર્ગ કહેનેમેં આયા હૈ. દિગંબર આચાર્યો ચારે બાજુથી જ્યાંથી લ્યો ત્યાંથી પૂર્વાપર અવિરોધ માર્ગ ઉભા હોતા હૈ. કોઈપણ ગ્રંથ, કોઈપણ શાસ્ત્ર. સમજમેં આયા ?

"વહી પરમાર્થ હૈ" લ્યો અંદર આત્માકા જ્ઞાયકભાવકા આશ્રયસે જો ભાવ હુઆ ઓ પરમાર્થ હૈ વોહિ નિશ્ચયનયકે અનુસાર એક પરમ આત્માકા આનંદકા અનુભવ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર શુદ્ધ આત્મા અભિમુખ પરિણામ, ઉસકો જ્ઞાન કહીએ, ઉસકો દર્શન કહીએ, ઉસકો ચારિત્ર કહીએ, ઉસકો તપ કહીએ, ઉસકો વીર્યરૂપ આચાર કહીએ, એ પાંચ આચાર ઈસકો કહેતે હૈ. સમજમેં આયા ? આ વિકલ્પના આચાર ને આ દેહના આચાર એ તો ક્યાંય બહાર રહી ગયા.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



" વહી સમયસાર હૈ " લ્યો, કારણ સમયસાર હૈ ને ? મોક્ષકા કારણ– એ સમયસાર છે. ત્રિકાળકો સમયસાર કહેતે હૈ, પર્યાયકો કારણ સમયસાર કહેતે હૈ મોક્ષમાર્ગકો ઔર પૂરણકો કાર્ય સમયસાર કહેતે હૈ. તો અહીંયા વહી સમયસાર હૈ.

" વહી અધ્યાત્મસાર હૈ " આ અધ્યાત્મસાર હોં. સમજમેં આયા ? યશોવિજયજીએ અધ્યાત્મ માર્ગ બનાયા હૈ સમયસાર દેખકર ઉસને અપના બનાયા હૈ. આ તો ભગવાન સર્વજ્ઞ પરિપૂર્ણ, ધ્રુવ સ્વભાવ, પરમ સ્વભાવ ઉસકા આશ્રય કરકે જો સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર હુઆ, આનંદકા વેદન, વીતરાગ અનુભવ, જો આનંદ હુઆ ઉસકો અધ્યાત્મકા સાર કહતે હૈ. સમજમેં આયા ?

" વહી સમતા આદિ નિશ્ચયસે આવશ્યક " એ ઉસકો સામાયિક કહીએ એ વીતરાગ સામાયિક ઈસકો કહીએ. આહાહા ! બાકી વિકલ્પ કહીએ " ઈરિયાવિહીયા મિચ્છામિ દુઃક્કડં " ઐસા કરતે કરતે દો ઘડી હો ગયા ઓ સામાયિક, ઓ સામાયિક નહીં. સમજમેં આયા ? અપના અખંડ પરમાત્મા ઉસમેં જમ જાના, ઓ ઈ પર્યાય જો પ્રગટ હુઈ વો પરમ વીતરાગ સામાયિક હૈ. સમજમેં આયા ? લ્યો આ મોક્ષમાર્ગકો વીતરાગ સામાયિક કહેતે હૈ.

" વહી પરમ શરણ ઉત્તમ મંગલમ્ " લ્યો શરણ, ઉત્તમ ને મંગલ તીનો. ભગવાન આત્મા જ્ઞાયકભાવ, આચાર્ય પોતે કહેતે હૈ ને માનતે હૈ ને અહીંયા દેખોને, શુદ્ધ ઉપયોગ ઇત્યાદિ " પર્યાય સંજ્ઞા જાણના " આપણે આ ચાલે છે આ પાનામાં પાનુ ચાલે છે ને આ બધા નામો ઉસમેં કહેનેકા અભિપ્રાય હૈ, કૈસા થા નામ ઉસમેં જાન લેના, અહીંયા કીતના કહે. આપણે ચાલે છે ને ઉસમેં એય ચંદુભાઈ– ઇત્યાદિ ( હા, ઇત્યાદિ ) ( ઇત્યાદિ કહેના.... )

" વહી પરમ શરણ, ઉત્તમ ને મંગલ "– અરિહંતા મંગલમ્ સિદ્ધા મંગલમ્ એ બધા વ્યવહાર, ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ, ઉસમેં ધ્રુવમેં એકાગ્ર હોકર, જો પર્યાય વીતરાગી પ્રગટ હુઈ, ઓહિ પરમ મંગળિક, પરમ ઉત્તમ ને પરમ શરણ.

" વહી કેવળજ્ઞાન ઉત્પત્તિકા કારણ " આ મોક્ષમાર્ગ એ કેવળજ્ઞાનકી ઉત્પત્તિકા કારણ– " વહી સમસ્ત કર્મોકે નાશકા કારણ " એ મોક્ષનો માર્ગ એ કર્મોના નાશનું કારણ હૈ. વ્યવહાર રત્નત્રય એ મોક્ષકા માર્ગ હૈ નહીં.

" વહી નિશ્ચયનયકી અપેક્ષાસે દર્શન જ્ઞાન ચારિત્ર તપ ચાર આરાધના " એ ચાર આરાધના પણ ઉસકો કહેતે હૈ. આહાહા !

" વહી પરમાત્માકી ભાવનારૂપ હૈ "–લ્યો... ભાવના, ભાઈ ઓલી ભાવનાનો અર્થ કરે છે ને ? ભાવના એટલે ચિંતવના, કલ્પના અહીં ભાવનાનો અર્થ પરમાર્થનયે અંતર અનુભવ વો પરમાર્થકી ભાવના. રતનચંદજી અર્થ કરતે હૈ. એ પ્રવચનસારમેં ચાલતે હૈ ને ? શ્રાવકકો સામાયિકમેં શુદ્ધ ભાવના હોતી હૈ. ઐસા પાઠ હૈ. તો ભાવનાકા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અર્થ કહેતે હૈ એ તો શુદ્ધ ભાવના ભાવે-પણ શુદ્ધ ભાવના હોતી હૈ, ઐસા નહીં., શુદ્ધ ભાવનાકા અર્થ શુદ્ધ-ઉપયોગ સામાયિકમેં હોતા હૈ. સમજમેં આયા ? ભારે અર્થમાં ફેર- ભાવનાનો અર્થ વસ્તુ જે ધ્રુવ સ્વરૂપ હૈ, ઓ રૂપ પર્યાયમેં ભાના, વીતરાગી પર્યાય, એકાગ્ર હોકર ઉસકા નામ ભાવના એમ કે ચિંતવના કરો ઐસા આત્મા, ઐસા આત્મા, ઐસા, પણ એ ભાવના નહીં. ( આત્મ ભાવના ભાવતા- ) એ આત્મભાવના આતે હૈ ને શ્રીમદ્માં " આતમા ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે " એ ગોખે ખરા પણ આત્મા શું ને કોણ એ કાંઈ ખબર ન મળે.

આત્મા અનંત આનંદકા કંદ સચ્ચિદાનંદ પ્રભુ ઉસકી ભાવના નામ એકાગ્રતા કરતે કરતે કેવળજ્ઞાન હોતા હૈ, દૂસરા કોઈ કેવળજ્ઞાનકા ઉપાય કારણ-ફારણ હૈ નહીં. એય રાજકુમારજી- સમજમેં આતા હૈ ? પહેલે કોળીએ ઐસા આયા હૈ કઠણ એય મનસુખભાઈ ( પહેલે કોળીએ મૈસૂબ આયો એમ ) મેસૂબ આવ્યો. મેં એમ કીધું, ઓલું ક્યાં કીધું ? ( પોચો લાગ્યો ) પોચો લાગ્યો. એ પહેલા વહેલા આવ્યા, અમારા પાલેજ રહે છે ને ? પાલેજના છે. સમજમેં આયા ?

" શુદ્ધ આત્માકી ભાવનાસે ઉત્પન્ન સુખ ઉસકી અનુભૂતિરૂપ પરમ કલા " લ્યો એ પરમકળા છે. કળાબાજ આત્મા જાગ્યો, ઈ પરમ કળા છે એમ કહે છે. બાકી દુનિયાની કળા ફળા બધી નિરર્થક ચાર ગતિમાં રખડનેવાલી હૈ. શોભાલાલજી, તમાકુ ઐસી હૈ ને ફૈસી, ઐસી હૈ બીડી ને ઐસી હૈ તમાકુ ઊંચી ઊંચી તમાકુ પીવે ઊંચી અહીં આવે ત્યારે ગંધ મારતી હોય થોડી. સમજમેં આયા ? શુદ્ધ આત્માકી અનુભૂતિ વહી પરમ કળા હૈ- વોહી પરમકળા- હમ તો જંગલમેં રહતે હૈ ને ? નાકમેં દૂર હોય તો ય ગંધ આતી હૈ બહોત. કોઈ બીડી પીકર આતે ને તમાકુ ઐસા હોય નહીં શરીરમેં ભી એ લગાતા હૈ ગંધબંધ શું કહેવાય ? અત્તર-અત્તર ગંધ મારતે હૈ દૂરસે.

" વહી દિવ્યકળા હૈ " ઓહોહો- દિવ્યકળા આત્મા અંદર પરમાત્મા, સર્વજ્ઞ પરમાત્માએ કહા ઐસા આત્માકા અનુભવ કરના એ અનુભવ એ દિવ્યકળા હૈ.

" વહી પરમ અદ્વૈત " લ્યો અદ્વૈત આયા ઓલા વેદાંત કહે છે ઐસા નહીં હોં. આહાહા ! વિકલ્પકા રાગ છોડકર સ્વરૂપ એકાકાર હૈ ઉસમેં એકાકાર હોના એ પરમ અદ્વૈત હૈ. સમજમેં આયા ?

" વહી અમૃત સ્વરૂપ પરમ ધર્મ ધ્યાન હૈ "- એય જુઓ ભાઈ, ધર્મ ધ્યાનને તો આ કહ્યું. ઓલો કહે ધર્મધ્યાન શુધ્ધોપયોગમાં હૈ વાંચવામાં હેતુ છે આમાં જરીક- એ લોકો કહે છે ધર્મધ્યાન શુભભાવમાં હોય અને શુદ્ધઉપયોગમાં શુક્લ ધ્યાન હોય દેખો અહીંયા કહેતે હૈ " વહી અમૃતસ્વરૂપ પરમ ધર્મધ્યાન હૈ "- આહાહા ! ઉપશમભાવમેં ક્ષયોપશમભાવમેં, ક્ષાયિકભાવમેં; શુદ્ધાત્મા અભિમુખ પરિણામ, શુધ્ધોપયોગ એ શુદ્ધ

અમૃત સ્વરૂપ હૈ, એ ધર્મધ્યાન હૈ, સમજમેં આયા ? ઉસકા નામ ધર્મધ્યાન, વિકલ્પસે વિચારના કે ઐસા ભગવાન કહેતે હૈ ઐસા વિકલ્પ ઓ ધર્મધ્યાન નહીં. આહાહા !

" વહી શુક્લ ધ્યાન હૈ ' '– ઉત્કૃષ્ટ ઉપયોગ હો જાય, ઓ શુક્લધ્યાન તીનો ભાવ યહાં લીયાને–

" વહી રાગાદિ રહિત નિર્વિકલ્પ ધ્યાન હૈ " એ આત્માનું વિકલ્પરહિત ધ્યાન એ હૈ " વહી નિષ્કલ ધ્યાન હૈ " નિષ્કલ નામ શરીર રહિતના ધ્યાન.

" વહી પરમ સ્વાસ્થ્ય–પરમ નિરોગતા " પરમ સ્વાસ્થ્ય, વીતરાગી મૂર્તિ ભગવાન, ઉસકો ભેટા કરકે નિર્મળ પર્યાય હુઈ, વહ પરમ સ્વાસ્થ્ય હૈ, નિરોગ હુઆ નિરોગ હુઆ, રાગ ને દ્વેષ થા વો રોગ થા. આ શુભરત્નત્રયકા રાગ ઓ રોગ હૈ આહાહા ! ( રોગ ) એ મુળચંદભાઈ ( જી. પ્રભુ ) ( કિસી કિસીકો કિસી કાલમેં પ્રયોજનવાન હૈ ) કિસી કિસીકો પ્રયોજનવાન ક્યા કીયા ? જાનના પ્રયોજનવાન કિસી કિસીકો કિસ કાલમેં કહા– કરના પ્રયોજનવાન ઐસા નહીં કહા હૈ. શેઠ નાખતે બારમી ગાથા– કિસી કિસીકો વ્યવહાર પ્રયોજનવાન. કિસી કિસીકો કિસી કાલમેં કિસીકો, કિસી કાળમેં નામ સાધક જીવકો જબલગ સિદ્ધ ન હો તબ લગ ઉસકી પર્યાયમેં નિર્મળતા અલ્પ હૈ, રાગાદિ હૈ, વો જાનનેમેં આતા હૈ, વો પ્રયોજનવાન, કરના પ્રયોજનવાન ઐસા હૈ નહીં. સમજમેં આયા ?

હવે એટલા બોલ હો ગયા– થોડા બાકી હૈ.

" વહી પરમવીતરાગતારૂપ હૈ " લ્યો, " પરમ સમતા સ્વરૂપ હૈ. " વહી પરમ એકત્વ હૈ " લ્યો એકત્વ. " પરમ તેજ જ્ઞાન " ને " વહ પરમ સમરસી ભાવ " લ્યો પાંસઠ બોલ હુઆ. આ ઉસકો મોક્ષકા માર્ગ કહેતે હૈ.

અતીંદ્રિય આનંદના નિધાનરૂપ પરમાત્માનું અપૂર્વ દર્શન કરાવનાર શ્રી સદ્ગુરુદેવનો જય હો.

પ્રમાણ વચન ગુરુદેવ.

*****

---

## પ્રવચન નં. - ૮ ગાથા ૩૨૦ તા. ૧૬-૮-૭૦

---

જયસેનાચાર્યની ટીકા–અહીં આવ્યું આપણે સવારમાં આવ્યું 'તું ને ? સવારમાં આવ્યું 'તુંને આ આત્મા જો ત્રિકાળ શુદ્ધ ધ્રુવ તત્ત્વ હૈ. ઓ આગળ કહેગા, પહેલું અહીં આવ્યું... વો તત્ત્વ તો નિષ્ક્રિય હૈ, આગળ આવશે નિષ્ક્રિય– ગાથામેં ભી આતા હૈ નિષ્ક્રિય સિદ્ધાંત પંચાસ્તિકાય ૫૬ ગાથાની ટીકામાં. " પરિણામો નિષ્ક્રિય: " ઐસા પાઠ હૈ સંસ્કૃત ટીકામેં. સંસ્કૃત ટીકામાં છે. સિદ્ધાંતમાં કહ્યું છે એમ કહ્યું છે ને. એ આ પાઠ છે.

વસ્તુ તરીકે ત્રિકાળ આનંદ ને જ્ઞાન સ્વરૂપ, જે નિત્ય ધ્રુવ ઓ તો અક્રિય હૈ. સવારે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે અક્રિય આવ્યું હતું ઉપર ઓલા જેવું. એવું આ નહિ. પંડિતજી ઓ ચાર દ્રવ્ય અક્રિય, નિષ્ક્રિય હૈ ને તત્ત્વાર્થ સૂત્રમેં ( જૈન તત્ત્વમિમાંસા ) નહીં આ તો તત્ત્વાર્થસૂત્રકા દૃષ્ટાંત હૈ ને ઉસમેં. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ ક્ષેત્રાંતર નહીં હોતા ઓ અપેક્ષાસે ચારકો નિષ્ક્રિય કહા- અહિંયા નિષ્ક્રિય કહા વો વર્તમાન પર્યાયકી ક્રિયા ઉસમેં નહીં. સમજમેં આયા ?

યહાં નિષ્ક્રિય માને શુદ્ધ પારિણામિકભાવ ધ્રુવ, ઓ તો બંધ ને મોક્ષના પરિણામ, જો સક્રિય હૈ ઔર ઉસકા કારણરૂપ પરિણામ જો સક્રિય હૈ પરિણમન, પરિણમન હૈ એ અપેક્ષાએ તો એ દ્રવ્ય સ્વભાવ, ધ્રુવ સ્વભાવ ઓ પર્યાયસે રહિત હૈ આહાહા ! સમજમેં આયા ? પણ આ જો પર્યાય હોતી હૈ, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવકી, ઉદયભાવકી ઓ તો મોક્ષકા માર્ગ હૈ નહિ, તો ઉસકો તો નિષેધ કર દીયા. જો કોઈ પર્યાયમેં, દયા દાન વ્રત આદિ વ્યવહાર મોક્ષમાર્ગકી પર્યાય જો કહેતે હૈ, ઓ તો ઉદયભાવ હૈ, ઓ તો મોક્ષમાર્ગમેં હૈ નહીં. ફક્ત ધ્રુવ ચૈતન્ય પ્રભુ શુદ્ધ આનંદ સ્વરૂપ ઉસકો ધ્યેય કરકે, યહાં આયેગા, વિષય બનાકર, ત્રિકાળી વસ્તુ ઉસકો ધ્યેય બનાકર, વિષય બનાકર, લક્ષમેં લેકર, જો પરિણતિ ઊભી હોતી હૈ, એ પરિણતિ તીન ભાવે હૈ આગમ ભાષાએ ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક. એ તીન ભાવમેં અધ્યાત્મ ભાષાએ, શુદ્ધ આત્મા અભિમુખ પરિણામ, પરિણામ કહો, પર્યાય કહો, ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ એની સન્મુખની અવસ્થા, દશા એ મોક્ષનો માર્ગ અને ઓ ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક ભાવ એ શુદ્ધ-ઉપયોગ. સવેરેમેં બહોત કીયા, દ્રવ્ય સંગ્રહમેંસે ચંદુભાઈ- ખ્યાલ થા તુમ્હારા હોં પણ ઇત્યાદિ આવ્યું એટલે ખુલાસો કર્યા વિના સંકેલી લેવું, એય નવરંગભાઈઃ આ લોકોને સાંભળવો છે પાઠ. પણ આ પાઠ આવે ત્યારે પાઠ આવેને ?

હવે અહીંયા આવ્યું, દેખો, " એ પર્યાય " બીજો પારીગ્રાફ, વહ પર્યાય, કઈ પર્યાય ? જો આત્મા ત્રિકાળી આનંદ સ્વરૂપ, ધ્રુવ સ્વરૂપ, ઉસકા આશ્રયસે, ધ્યેયસે, ઉસકો વિષય બનાકર, ધ્યેય બનાકર, જો પર્યાય સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકી વીતરાગી દશા ઉત્પન્ન હુઈ, એ પર્યાય, હૈ ને પાઠ ? વહ પર્યાય શુદ્ધ પારિણામિકભાવ લક્ષણ, શુદ્ધ આત્મ દ્રવ્ય, આ તો વિષય તદ્દન ( જુદો છે ) સમજમેં આયા ? ઓ ટીકામેંસે કોઈ કોઈ વખતે કહેતે થે આ વાત, પણ કોઈ વખતે, કોઈ વખતે, ટીકા આ હૈ ને ? એ વાત તો આવી ગઈ છે બધી પહેલી, પણ આ શ્લોકનો અર્થ એક સાથે, નહતો આવ્યો. સમજાય છે કાંઈ ?

યહાં કહતે હૈ, કે વસ્તુ જો હૈ. ધ્રુવ, ઉત્પાદ વ્યય ધ્રુવ યુક્તં સત્. ઔર જો મોક્ષકા માર્ગ હુઆ, જો તીન ભાવસે, રાગ ઉદય ભાવ સે તો મોક્ષમાર્ગ હૈ નહિ પણ તીન ભાવસે હુઆ, ઓ ઉત્પાદ વ્યયકી પર્યાય હૈ. ઉત્પાદ વ્યય ધ્રુવ યુક્તં સત્, જો તત્ત્વાર્થ સૂત્રમેં કહા હૈ, એ ઉત્પાદ નઈ-નઈ પર્યાય ઉત્પન્ન હોતી હૈ પુરાણી વ્યય હોતી હૈ. ઉત્પાદ-વ્યયરૂપ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તીન ભાવ હૈ, પારિણામિકભાવ ધ્રુવ હૈ. સમજમેં આયા ? આ ઉત્પાદ–વ્યય ને ધ્રુવમેં સારા દ્રવ્ય આ ગયા, ત્રિકાળી દ્રવ્ય વસ્તુ અને પરિણામ જો નિર્મળ મોક્ષમાર્ગકી દશા શુદ્ધઉપયોગ સ્વસંવેદનભાવ, મતિશ્રુતભાવ, જો જૈન શાસન કહેનેમેં આયા હૈ ને ? ૧૫મી ગાથામેં શ્રુતજ્ઞાન એ જૈન શાસન. કાલે કોઈએ પ્રશ્ન કીયા થા ભાવશ્રુત જ્ઞાન હૈ તો જૈનશાસન હૈ ને ? ભાવશ્રુત તો આત્મા હૈ ને ઐસા પ્રશ્ન કીયા થા કોઈએ, ભાવશ્રુત આત્મા હૈ ને ઐસા પ્રશ્ન કીયા થા. કોઈએ કહા થા. ( કપુરચંદજીએ ) કપુરચંદજીએ કહા થા ક્યાં ગયા ? પીછે બેઠા હૈ ઉસને કીયા થા. કઈ અપેક્ષાસે, ભાવશ્રુત વીતરાગી પર્યાય, વીતરાગ બિંબ ચૈતન્ય પ્રભુ, ઉસમેં એકાગ્ર હોકર, શક્તિમેંસે વ્યક્તતા પ્રગટ જો શાંતિકી શ્રદ્ધાકી, જ્ઞાનકી હોતી હૈ ઉસકો આત્મા કહા, ઓ તો અભેદસે આત્મા કહેનેમેં આયા બાકી “ હૈ પર્યાય દ્રવ્યસે કથંચિત્ ભિન્ન ” ભારે વાત હૈ.

સૂનો સૂનો આ શબ્દ આયા ને એક–

યહ પર્યાય, ક્યા પર્યાય ? જો આત્મામેં શુદ્ધ ભાવકી પર્યાય પ્રગટ હુઈ, શુદ્ધ ઉપયોગકી, જો મોક્ષકા માર્ગ, જો પર્યાય મોક્ષકા કારણ હૈ, મોક્ષ પૂર્ણ આનંદ, સિદ્ધ પદ ઉસકા ઓ પર્યાય કારણ હૈ, ઓ પર્યાય શુદ્ધપારિણામિકભાવ લક્ષણવાળું જે શુદ્ધ દ્રવ્ય, શુદ્ધ આત્મ દ્રવ્ય ત્રિકાળી. સમજમેં આયા ? ધીમેથી સમજે તો સમજાય એવી વાત છે, પણ આ તો મૂળ વાત છે, અલૌકિક વાત છે. જૈન દર્શનકા માખણ, માખણ હૈ આ. માખણ ખાતે હૈ કે નહીં લોકો, તો યહાં કહેતે હૈ કે ભૈયા, તેરી ચીજ, જો શુદ્ધ પારિણામિક સ્વભાવભાવ ઐસા શુદ્ધાત્મ દ્રવ્ય, શુદ્ધાત્મ વસ્તુ ઉસસે ઓ પર્યાય, મોક્ષકા માર્ગકી પર્યાય, સબેરમાં પાંસઠ બોલ જ્યાંથી કહા થા વો, “ શુદ્ધાત્મ દ્રવ્યસે કથંચિત્ ભિન્ન હૈ ”– સમજમેં આયા ? ( જી, પ્રભુ ) એક અપેક્ષા ઉસમેં ઓ હૈ કે વર્તમાન પરિણામ જો ઉત્પન્ન હોતા હૈ, વો ત્યાં સત્રૂપ અસ્તિત્વ હૈ, તો દ્રવ્ય સાથ વ્યવહારસે અભિન્ન હૈ ઐસા યહાં સિદ્ધ કરના હૈ. સમજમેં આયા ? નિશ્ચયસે ભિન્ન હૈ જો આવ્યું આ. સમજમેં આયા ?

ઓ પર્યાય પોતે વ્યવહાર હૈ, મોક્ષમાર્ગકી પર્યાય જો હૈ વો વ્યવહાર હૈ, તો ઓ વ્યવહાર, દ્રવ્યકી સાથ એક અપેક્ષાએ અભિન્ન હૈ ઔર નિશ્ચયકી અપેક્ષાએ ભિન્ન હૈ. આ આવ્યું ભાઈ અંદરથી. કહો સમજમેં આયા ? વસ્તુ, વસ્તુ હૈ, આમ તો પરિણામ માત્ર વ્યવહાર હૈ ઐસા સિદ્ધાંતમેં આતે હૈ, “ પરિણામ માત્ર વ્યવહાર અને ધ્રુવ નિશ્ચય. ” સમજમેં આયા ? “ વ્યવહારો અભૂયત્થો, ઐસા આયા હૈ ને વ્યવહાર નામ પર્યાય અભૂતાર્થ ત્યાં તો એમ કહા હૈ. પર્યાય એટલે મોક્ષકા માર્ગકી પર્યાય, એ બી અસત્યાર્થ હૈ, સત્યાર્થ તો પ્રભુ ધ્રુવ ત્રિકાળી દ્રવ્ય ઓ સત્યાર્થ હૈ સમજમેં આયા ? સત્ આત્મા ઓ ત્રિકાળી દ્રવ્ય ઓ સત્ય હૈ ઔર પર્યાયકો અસત્ કહા, ઓ ગૌણ કરકે કહા થા સમજમેં આયા ? આશ્રય કરને લાયક નહીં ઓ કારણ ત્યાં ઉસકો અસત્યાર્થ કહા યહાં જરી લેતે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

હૈ કે ઓ પર્યાય હૈ, વર્તમાનમેં તો ઓ દ્રવ્યકી સાથે અભેદ હૈ કેમકે ભાવના વિનાશિક કહે છે ને ભાઈ ? ભાવનાને વિનાશિક કહેશે. વિનાશની અપેક્ષાએ, “ કાયમ નથી રહેતી ” એ અપેક્ષાએ ભિન્ન હૈ. એક સમયકી પર્યાય ત્યાં દ્રવ્યકી સાથ એકાકાર હૈ ઓ અપેક્ષાએ અભિન્ન કહેનેમેં આયા હૈં– આહાહા !

સૂક્ષ્મ વિષય છે ભાઈ આચાર્યે પંચમ કાળના જીવો માટે આ કહા હૈ. એમ કોઈ કહે ઓહોહો ! આ તો ચોથા આરાની વાતુ છે અરે ચોથા નહીં આત્મા માટે છે. તો આત્મા જહાં હૈ ઉસકે માટે કહા હૈ નંદકિશોરજી !

અહીં તો આઠ વર્ષની બાલિકા હો કે કરોડપૂર્વના આયુષ્યવાળો આદમી હો આત્મા તો આત્મા હૈ, એ આત્મા સ્ત્રી નહિં ને પુરુષેય નહીં. એ આત્મા રાગેય નહીં ને કર્મ નહીં. પણ ઓ ત્રિકાળી આત્મામેં જો સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકી જો પર્યાય ઉત્પન્ન હુઈ ઓ ભી કથંચિત્ ભિન્ન ને કથંચિત્ અભિન્ન હૈ. ( અપેક્ષાસે કહા હૈ ) સમજમેં આયા ? પહેલે તો ભિન્ન જ કેહ દીયા હૈ, પીછે પણ ભિન્ન કહેગા. સમજમેં આયા ? પણ યહાં જરી પર્યાય એક સમય રહેતી હૈ, એક સમય, શુદ્ધ ભગવાન આત્માકા આનંદકા અનુભવ, એક સમય માત્ર અનુભવ રહેતે હૈ, સમજમેં આયા ? લ્યો એ વળી આવ્યું ભાઈ ઓલું પર્યાય ૨૦મો બોલ. અલિંગગ્રહણ– લે ? ક્યાંનું ક્યાં આવ્યું, કોણ જાણે, એ કાંઈ વિચાર્યા– બિચાર્યા નહીં હૈ.

વો ૨૦ મા બોલ આતે હૈ ને, કે જો આત્મા પ્રત્યભિજ્ઞાન, પ્રત્યભિજ્ઞાન નામ કાયમ રહેનેવાલા ઐસા આત્મા, વો પર્યાય, ઓ દ્રવ્ય પર્યાયકો સ્પર્શતા નહીં, ઐસા પર્યાયકો આત્મા કહેતે હૈ. ત્યાં એમ કહ્યું. ફેર–આત્મા ત્રિકાળી જ્ઞાયક ચૈતન્ય ધ્રુવ, જો પ્રત્યભિજ્ઞાનકા વિષય સામાન્ય દ્રવ્ય જો વસ્તુ હૈ, વો પર્યાયકો સ્પર્શતે નહીં, અર્થાત્ ઓ દ્રવ્ય જો હૈ વો પર્યાયકો આલિંગન કરતા નહીં. સમજમેં આયા ? પણ ઓ પર્યાયકો હિ આત્મા કહા ત્યાં સમજમેં આયા ?

ઐસે એક સમયકી પર્યાય અભિન્ન હૈ વો આત્મા હૈ ઐસા કહયા ઔર વસ્તુ તરીકે કાયમ નહીં રહેતી હૈ વો કારણ ઉસકો ભિન્ન કહ દીયા. સમજમેં આયા ? એક સમય સિવાય દૂસરે સમય ઓ પર્યાય રહેતી નહીં. ભારે વાતુ ભાઈ. આહાહા ! સમજમેં આયા ? જુઓ આ માર્ગ વીતરાગકા, સર્વજ્ઞ પરમેશ્વરે ઐસા માર્ગ દેખા હૈ ઐસા અનુભવ કરકે મોક્ષ લીયા હૈ, ઓ કહેતે હૈ. ઐસા ભગવાન, જીતના આ મોક્ષમાર્ગકી તીન ભાવરૂપ પર્યાય કહી, ઓ સબ પરમપારિણામિક સ્વભાવ ઐસા દ્રવ્ય સ્વભાવ વસ્તુ સ્વભાવ, ઉસસે કથંચિત્ ભિન્ન હૈ. પ્રમાણકા વિષયસે અભિન્ન ને નિશ્ચયકા વિષયસે ભિન્ન ઐસા અહીં લાગુ નહીં હોતા. એય ચંદુભાઈ– કેમ ? અહીં તો શુદ્ધ પારિણામિક લક્ષણ શુદ્ધ આત્મદ્રવ્યસે કથંચિત્ ભિન્ન એમ લીયા હૈ. ઓ દ્રવ્યસે કથંચિત્ ભિન્ન ને વો

દ્રવ્યસે કથંચિત્ અભિન્ન, ભાઈ– સમજમેં આયા ? પ્રમાણકી અપેક્ષાસે અભિન્ન અને નિશ્ચયકી અપેક્ષાસે ભિન્ન, એ અહીં લાગુ નહીં હોતા, લાગુ નહીં હોતા, ક્યા કહેતે હૈ ઘટિત નહીં હોતા. તમારી ભાષા હૈ. ઐસે યહાં ઘટિત નહીં હોતા, ક્યૂંકિ યહાં યે પર્યાય, શુદ્ધ પારિણામિકભાવ લક્ષણવાળા ઐસા જો શુદ્ધ દ્રવ્ય વસ્તુ ધ્રુવ, જો સમ્યગ્દર્શનકા ધ્યેય જો સમ્યગ્દર્શનકા વિષય, જો સમ્યગ્દર્શનકા લક્ષ કરને લાયક એ ચીજ, એ શુદ્ધાત્મા ભગવાન આત્મા જો નિત્ય ધ્રુવ હૈ– ઉસસે આ જો મોક્ષકા માર્ગકી પર્યાય કોઈ અપેક્ષાએ ભિન્ન હૈ, કાયમ રહેતી નથી. આચાર્ય પોતે કહેગા, ભાઈ " ભાવના વિનાશિક છે " માટે. એ ભાવના કાયમ રહેતી નથી. માટે કથંચિત્ ભિન્ન હૈ સમજમેં આયા ? આહાહા !

કથંચિત્ ભિન્ન હૈ " કીસ લીયે જુઓ " કિસ લીયે ભિન્ન હૈં ? " કે ભાવનારૂપ હોનેસે " એ ત્રિકાળી ભાવરૂપ હોનેસે યે ચીજ નહીં. ઓ ભાવના, જુઓ અહીંયા ભાવનાનો અર્થ વિકલ્પ ને ચિંતવન ઓ નહીં. એ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ ઉસકો યહાં ભાવના કહેનેમેં આયા હૈ આહાહા ! સમજમેં આયા ? વસ્તુ જો ત્રિકાળ હૈ, ઉસકા તરફકી એકાગ્રતા, એક અગ્ર, આત્મા અગ્રપણે લક્ષમાં લેકર જો પર્યાય ઉત્પન્ન હુઈ હૈ, ઉસકો ભાવના કહેતે હૈ. આ વળી બાર ભાવના ને એ ભાવનાની આ વાત નથી તેમ આ ભાવના એટલે કે વિકલ્પ ને ચિંતવન છે એ ભાવના નહીં. યહાં તો ત્રિકાળી જ્ઞાયકભાવ ઉસમેં એકાગ્રતા એક સમયકી ઉસકો અહીંયા ભાવના કહેતે હૈ. સમજમેં આયા ? એક સમયકી પર્યાય દો સમય નહીં રહેતી મૂળચંદભાઈ સમજાય છે આ બહું ઝીણું આવ્યું આ તો નીકળ્યું.

ક્યાંક માન્યું હશે લોકોએ, એય શેઠ.

કહેતે હૈ એ ભાવનારૂપ હોનેસે, કેમ ભિન્ન હૈ ? કે ભાવનારૂપ હોનેસે, એ ત્રિકાળ ભાવરૂપ નહીં માટે. સમજમેં આયા ? શુદ્ધ પારિણામિકભાવ તો ભાવનારૂપ નહીં, દેખો. જો ત્રિકાળી ધ્રુવ સ્વભાવ હૈ વો તો ભાવનારૂપ નહીં, પર્યાયરૂપ નહીં હોતા ઓ એક સમયરૂપી ભાવના હૈં, ઓ શુદ્ધ ત્રિકાળી ભાવ, ભાવના નહીં. સમજમેં આયા ? આરે ભારે ઝીણું ભાઈ. શુદ્ધ પારિણામિકભાવ તો ભાવનારૂપ નહીં, ભાવનારૂપ નહીં. યહાં તો ભાવના હૈ મોક્ષમાર્ગ તો વીતરાગી પર્યાય હૈ, વીતરાગી ત્રિકાળી બિંબ નહીં. ( જી. હા. ) ત્રિકાળ વીતરાગી બિંબ જો પ્રભુ આત્મદ્રવ્ય ઓ નહીં, આ તો ભાવનારૂપ, નઈ પર્યાય ઉત્પન્ન હોતી હૈ. શક્તિમેંસે વ્યક્તિ કહા થા ને ઉપર ભવ્યત્વ શક્તિની વ્યક્તિ સમજમેં આયા ?

તો કહેતે હૈ કે " યહ પર્યાય એકાંતરૂપસે શુદ્ધ પારિણામિકસે અભિન્ન હો " દેખો એકાંતરૂપસે અભિન્ન હો, કથંચિત્ ભિન્ન એમ કહ્યું. પણ કથંચિત્ અભિન્ન એમ કહા, એમ આવ્યું ને પહેલું ? કથંચિત્ ભિન્ન એનો અર્થ કથંચિત્ અભિન્ન, કિસકી સાથ ? ત્રિકાળી દ્રવ્યકી સાથ. ભગવાન આત્મા, અપના નિજાનંદ સ્વરૂપ ઉસકી દૃષ્ટિ કરનેસે, જો પર્યાય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રગટ હુઈ મોક્ષમાર્ગ, વો આનંદકા અનુભવ, શુદ્ધઉપયોગ, ઓ પર્યાય ત્રિકાળી દ્રવ્યસે કથંચિત્ ભિન્ન, ક્યૂં ? કે ઓ પર્યાય ભાવનારૂપ હૈ. વો વસ્તુ હૈ ત્રિકાળી ભાવનારૂપ નહીં. સમજમેં આયા ? ઐસા જો શુદ્ધ પારિણામિકસે એકાંતરૂપસે અભિન્ન હો, એકાંતસે તદ્દન વો પર્યાય અને દ્રવ્ય અભેદ હો, તો ઓ પર્યાય કાયમ રહેની ચાહીયે અથવા પર્યાયકા નાશ હોનેસે, દ્રવ્યકા નાશ હો જાયેગા. ભારે વાત. સમજમેં આયા ?

એ પર્યાય, મોક્ષમાર્ગકી પર્યાય, ક્ષાયિક ભાવકી પર્યાય દેખો ઉસમેં એ 'બી' આયાને ? કેવળજ્ઞાનકી પર્યાય, ક્ષાયિકભાવકી પર્યાય, ક્ષાયિક સમકિતકી પર્યાય, અહીંયા મોક્ષમાર્ગ એટલે કેવળજ્ઞાન ન લેવું. ક્ષાયિક સમકિત, ક્ષાયિક ચારિત્રરૂપી પર્યાય ઓ ભાવનારૂપ હૈ. ત્રિકાળી ભગવાન આત્મામાં ધ્યેય કરકે ધ્યાનમેં પર્યાય જો ઉત્પન્ન હુઈ, ઓ ભાવના હૈ. ત્રિકાળી ભાવ નહીં. ત્રિકાળી ભાવસે જો શુદ્ધપારિણામિકસે ઓ પર્યાય એક જ હોય એકમેક હોય, તદ્દન અભિન્ન હોય, એકાંતસે અભિન્ન હોય તો "મોક્ષકા પ્રસંગ આને પર", જબ, જ્યારે કેવળજ્ઞાન અને મુક્તિ હોગી, તો યહ ભાવનારૂપી પર્યાય રહેગી નહીં. સમજમેં આયા ? મોક્ષમાર્ગકી પર્યાયકા વ્યય ઔર મોક્ષકી પર્યાયકા ઉત્પાદ, જો ભાવના અને ત્રિકાળી ભાવ, તદ્દન અભિન્ન હો તો મોક્ષ હોનેસે પર્યાયકા નાશ હોગા, અને પર્યાય ને દ્રવ્ય સર્વથા અભિન્ન હો તો પર્યાયકા નાશ હોનેસે દ્રવ્યકા ભી નાશ હો જાયેગા. તો દ્રવ્યકા તો નાશ કભી હોતા નહીં. સમજમેં આયા ?

મોક્ષકા પ્રસંગ આને પર, પ્રસંગ આને પર ઉસકો મોક્ષ હોગા હી, યું એમ કહેતે હૈ. જીસમેં ઐસી ભાવના, ભગવાન આત્મા વસ્તુ હૈ, ઉસકો ધ્યેય બનાકર જો પર્યાય ધર્મકી, શાંતિકી, સમ્યગ્દર્શન જ્ઞાન શાંતિકી ચારિત્રકી જો ભાવના ઉત્પન્ન હુઈ હૈ. એ પૂર્ણ મોક્ષ જબ હોગા કેવળજ્ઞાન, તબ એ ભાવના રહેગી નહીં, તો એ પર્યાય રહેગી નહીં. ઓ પર્યાય નહિ રહેગી. જો ઓ પર્યાય ને દ્રવ્ય સર્વથા અભિન્ન હો, તો પર્યાયકા નાશ હોનેસે દ્રવ્યકા ભી નાશ હો જાયેગા. અભિન્ન હોય તો આ નાશ હો તો ઉસકા ભી નાશ હો જાય મગર ઐસા તો હોતા નહીં. ન્યાય સમજમેં આતે હૈ ? આરે ભારે વાત ભાઈ (પર્યાય અભિન્ન હો તો પર્યાયકા નાશ હોને પર દ્રવ્યકા નાશ હો જાય) દ્રવ્ય નાશ હો જાય. પંડિતજી, હૈ ઉસમેં ?

તો કહેતે હૈ. જો શુદ્ધ એકાંતરૂપસે ભગવાનકી સાથ દ્રવ્યકી સાથ ઓ મોક્ષકા માર્ગકી પર્યાય, ભાવના, ઓ ત્રિકાળી ભાવકી સાથ, એ ભાવના સર્વથા એક હો તો મોક્ષકા પ્રસંગ આને પર એ પર્યાય નહિ રહેગી. સમજમેં આયા ? મોક્ષકી પર્યાય જબ હોતી હૈ તબ આ ભાવનારૂપ મોક્ષકા માર્ગકી પર્યાય રહેતી નહીં નાશ હોતી હૈ.

મોક્ષ કારણરૂપ પર્યાય દેખો, મોક્ષ હોને પર મોક્ષકા કારણરૂપ દશા ઓ તો વ્યય હોતા હૈ. નાશ હોતા હૈ. "શુદ્ધ પારિણામિકભાવ ભી વિનાશકો પ્રાપ્ત હો" લ્યો. આહાહા !

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ રમતો, પરિણામ અને પરિણામી બે વચ્ચેની વાતો કરે છે. સમજમેં આયા ? રાગકો છૂતાહી નહીં, નિમિત્તકો છૂતા હી નહીં. આહાહા ! સમજમેં આયા ? અપની વીતરાગી ધર્મ પર્યાય જો દ્રવ્યકો ધ્યેય બનાકર કહેશે આગળ, વિષય બનાકર, વિષય એટલે ધ્યેય, આ દ્રવ્ય વસ્તુ, સમજમેં આયા ? આપણે આવ્યું હતું ત્યાં નહીં અષ્ટપાહુડમાં મતિરૂપી ધનુષ, શ્રુતરૂપી દોરી સમ્યગ્દર્શન જ્ઞાનરૂપી બાણ લગાયા ધ્રુવ ઉપર, લક્ષ ઉપર સમજમેં આયા ? ભાવમતિજ્ઞાનરૂપી ધનુષ, ભાવશ્રુતજ્ઞાનરૂપી દોરી ઔર સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપી બાણ તો દર્શન જ્ઞાન ચારિત્ર મતિ શ્રુત આદિ બધું સબ આ ગયા ઉસમેં, મારા બાણ ધ્રુવ ઉપર, ત્રિકાળી ધ્રુવ ઓ લક્ષ કરને લાયક હૈ, આ ધર્મ કરનેવાલેકો લક્ષ ને ધ્યેય ધ્રુવ ઉપર ધ્યાન લગાનેકા હૈ. એ સિવાય ધર્મ કભી હોતા નહીં. આહાહાહા !

કહેતે હૈ, જો યે મોક્ષમાર્ગકી પર્યાય, ભાવના, મોક્ષકા પ્રસંગ હોને પર અહીં તો નિશ્ચયસે ઉસકો મોક્ષ હોગા હિ એમ કીધું. મોક્ષકી પર્યાય હુઈ હૈ તો મોક્ષ તો હોગા હિ. સમજમેં આયા ? તો મોક્ષ હોગા જબ સિદ્ધ પર્યાય, કેવળજ્ઞાનકી પર્યાય તો વો પર્યાયકા તો વિનાશ હોતા હૈ મોક્ષમાર્ગકી જો પર્યાય હૈ ઉસકા તો અભાવ હોતા હૈ નાશ હોતા હૈ. જો ત્રિકાળી દ્રવ્યકી સાથ આ પર્યાયકો તદ્ન એક કહો, એક કહો, અભિન્ન કહો, તો પર્યાયકા નાશ હોનેસે ઉસકી સાથ જો અભિન્ન દ્રવ્ય થા ઉસકા ભી નાશ હોગા સમજમેં આયા ? ભારે વાત ભાઈ, ભાષા તો સાદી આવે છે, એમાં કાંઈ, ભાવ ભલે ઊંચા હો, ભાવ તો... આહાહા ! આવે છે ભાષા હોં ! એમ.

કહેતે હૈ, મોક્ષ હો જાને પર ઈસ ભાવનારૂપ, મોક્ષ કારણભૂત પર્યાય. કોઈ કહેતે હૈ ને સિદ્ધકો આઠ ગુણ હૈ વો તો ગુણ હૈ, એ ગુણ નહીં, એ તો પર્યાય હૈ. સિદ્ધકો જે અનંતજ્ઞાન–અનંત દર્શન એ ગુણ નહીં એ તો પર્યાય હૈ અવસ્થા હૈ ઐસી અવસ્થા જબ પ્રગટ હોતી હૈ, તબ મોક્ષમાર્ગકી પર્યાયકા નાશ હોતા હૈ તો મોક્ષમાર્ગકી પર્યાય અવસ્થા, અને વસ્તુ ત્રિકાળી એ સર્વથા એક હો, સર્વથા એક હો તો પર્યાયકા નાશ હોનેસે વસ્તુ ભી નાશ હો જાયેગી, માટે સર્વથા એકાંતે અભિન્ન હૈ નહીં. કથંચિત્ ભિન્ન હૈ. ( વાહ રે વાહ ) કથંચિત્ અભિન્ન હૈ એમ એનો અર્થ થયોને ? સમજમેં આયા ?

“ પરંતુ ઐસા તો હોતા નહીં હૈ ”– ભગવાન આત્મા ધ્રુવ, ધ્રુવ સત્‌કા સત્ત્વ, પ્રભુ આત્મા સત્, ઉસકા ભાવ પરમ સ્વભાવભાવ સત્ત્વ ઐસા ને ઐસા અનાદિ રહેતે હૈ સિદ્ધમેં ભી ઐસા હૈ. સિદ્ધકી પર્યાય પ્રગટ હુઈ તો સત્ત્વમેં કોઈ કમી આ ગઈ, ઐસા હૈ નહીં. ઔર યહાં નરકકી યોનિમેં નરકમેં રહા, અક્ષરકા અનંતમાં ભાગે જ્ઞાનકા વિકાસકા અંશ બહોત થોડા રહા, તો બી ધ્રુવ તો ધ્રુવ હી હૈ. ઉસમેં કોઈ કમી નહીં હોતી ને સિદ્ધ હો તો કોઈ વૃદ્ધિ નહીં હોતી. સમજમેં આયા ?

ભારે વાત ભાઈ ( સત્ય વાત ) એ ધ્રુવકા દરિયા, ધ્રુવકા સાગર તો ઐસા ને ઐસા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રહેતા હૈ. એ બાઢ ક્યા કહેતે હૈ તુમ્હારે ? ભરતી ઓટ કહતે હમારે, બાઢ આતા હૈ. ઓટ પાની આતા હૈ પીછે. ઐસી પર્યાય ધ્રુવમેં નહીં. બાઢ આઓ કેવળજ્ઞાનકા કે હટ જાઓ અનંતમેં ભાગે, અક્ષરકે અનંતમેં ભાગે, તો વસ્તુમેં કાંઈ બાઢ કે ઘાટા આતા નહીં, સમજમેં આયા ? ઐસા જો દ્રવ્ય હૈ એ જો અભિન્ન, એકપણું પર્યાય અને દ્રવ્યકો એકપણું હો, તો મોક્ષ પ્રસંગ હોતા, પર્યાયકા નાશ હોતા હૈ તો વસ્તુકા ભી નાશ હો જાય, એક, એક જો માનો તો. પરંતુ ઐસા તો હોતા નહીં. આહાહા ! કહાં લીયા ? શરીર નાશવા્ન, રા્ગ નાશવાન, આ પર્યાય નાશવાન, મોક્ષકા માર્ગ નાશવાન એય, આહાહા ! સમજમેં આયા ?

એક ગાય પડી હતીને આજે દિશાએ ગયા ચોવીસ કલાકથી પડી હતી. દુઃખી–કાલે ગયા ’તા સવારે નવ વાગે અબી ગયા સાડા નવ વાગે તો જીવતી હતી. શ્વાસ ચાલતો હતો. ખલાસ થવાની તૈયારી હતી ચોવીસ કલાકથી એમ ને એમ પડી ’તી.

ક્યા રોગકા દુઃખ, દુઃખ કીસકો હૈ. એકત્વકા દુઃખ હૈ. શરીરકા રોગકા દુઃખ નહીં. રાગકી એકતા સાથ જો મિથ્યાત્વ ભાવ ઉત્પન્ન હોતા હૈ. એ મિથ્યાત્વમાં આકુળતા ઓ દુઃખ હૈ. એ દુઃખકી પર્યાય દ્રવ્યમેં નહીં. આહાહા ! ઔર ધર્મકી પર્યાય પ્રગટ હુઈ ઓ દ્રવ્યમેં નહીં. ભારે વાત ભાઈ– ( સત્ય વાત ) સમજમેં આયા ?

“ પરંતુ ઐસા તો હોતા નહીં. ક્યૂં ? શુદ્ધ પારિણામિકભાવ તો અવિનાશી હૈ ”. ભગવાન આત્માનું દ્રવ્ય સ્વરૂપ તો ત્રિકાળ અવિનાશી હૈ. સમજમેં આયા ?

“ ઈસ લીયે ઐસા સિદ્ધ હુઆ ”, લ્યો આ કારણસે ઐસા સાબીત હુઆ કે, તમારી પાસે નથી, છે ને પાનુ ? તમને પાનું આપ્યું નથી ત્યાં છે સમજમેં આયા ? ઓહો, અમૃતના સાગર ઉછળ્યા છે. આહાહા ! એમ કહે છે જુઓ એટલી વાતમાં ધ્યાન રાખવું જોઈએ ? કહેતે હૈ– કે “ ઈસલીયે ઐસા સાબીત હુઆ કે, શુદ્ધ પારિણામિકભાવ વિષયક ”, ભાષા દેખો, પછી ભલે આલંબન લીયા ઉસમેં વિષય કરનારો ભાવના છે એ તો શુદ્ધ પારિણામિકને વિષય કરનાર છે, ધ્યેય કરનાર છે, બસ. પછી આલંબન પણ એને કહેનેમેં આતા હૈ, ખરેખર તો પર્યાય દ્રવ્યકા આશ્રય કરતી હૈ ઐસા નહિ હૈ, નિશ્ચયસે તો પરિણામ પરિણામકે આલંબનસે હૈ, દ્રવ્યકે આલંબનસે હૈ નહીં આરે ભારે વાત ભાઈ સત્ હૈ ને વો સત્ હૈ ને ? પર્યાય સત્ હૈ ને ? સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકી પર્યાય સત્ હૈ ને ? અરે મોક્ષકી પર્યાય ભી સત્ હૈ ને ? હૈ ઉસસે દ્રવ્યકા આલંબન કહેના ઓ બી અપેક્ષિત જ્ઞાન કરના ઉસમેં. નિરપેક્ષમેં તો યે પર્યાય પર્યાયસે હૈ; દ્રવ્યસે ભી હૈ નહીં.

પર્યાય દ્રવ્યકા આલંબન લેતી નહીં હૈ ખરેખર તો એમ કહેતે હૈ–કહ્યું ને ઈ તો, આશ્રય કહ્યું ત્યાં કીધું. ત્યાં આશ્રય કહ્યો, અહીંયા વિષય કહ્યો, ઉસકા અર્થ એ કે પર્યાય ઓ તરફ ઝૂકતી હૈ ને ? તો આશ્રય લીયા, આલંબન લીયા, ઐસા કહેનેમેં આતા હૈ. કઈ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પર્યાય ? એ પ્રશ્ન પીછે જુઓ આ વર્તમાન પર્યાય હૈ ઓ પર્યાય તો અંદરમેં ઝૂકતી નહીં સમજમેં આયા ? ક્યોંકિ ઓ પર્યાયકા લક્ષ તો પર ઉપર હૈ. તો પર્યાય ઝૂકતા હૈ દ્રવ્યમેં, એ અપેક્ષાએ પર્યાયકો આશ્રય, આલંબન દ્રવ્યકા હૈ ઐસા કહેનેમેં આયા હૈ. ભારે ઝીણું.

" ભૂયત્થં અસ્સિદો ખલુ " એમ છે ને શબ્દ અગીયારમી ગાથા ભૂતાર્થને આશ્રયે. એ તો ઉત્પન્ન હોતા હૈ વ્યક્તપણે એ અપેક્ષાએ કહા, પણ હૈ અપનેસે ઉત્પન્ન હુઈ. આલંબન–ફાલંબન કોઈકા હૈ નહીં. સમજમેં આયા ? ધ્રુવ ત્રિકાળી સત્ હૈ, એમ એક સમયકી પર્યાય પણ સત્ હૈ. એ સત્‌કા વિષય ક્યા ? ધ્રુવ હૈ એમ કહેતે હૈ. ઓ મંડૂક, દેડકા ભી સમકિત પામતે હૈ તો ધ્રુવકા લક્ષસે પાતે હૈ. લાખ વાતની વાત, અનંત કરે પણ ધ્રુવ ભગવાન આત્મા ઉસકા અંતરમેં પર્યાયકો ભેટા કરનેસે, પર્યાય ક્યૂં ? પર્યાયસે કામ લેના હૈ ને ? એટલે વાત તો પર્યાયસે આવે, પણ આ પર્યાય ઉસકો આશ્રય કરતી હૈ, ઓ બી વ્યવહારસે આયા, ઓ પ્રગટ હોતી હૈ ઉસકે આશ્રયસે એસા કહેનેમેં આતા હૈ.

તો શુદ્ધ પારિણામિકભાવ વિષય શુદ્ધ પારિણામિક ભાવકા અવલંબન લેનેવાલી એટલે વિષય કરનેવાલી જે ભાવના, ક્યા કીયા ? કે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકી જો ધર્મ પર્યાય હૈ ઉસકા વિષય ધ્રુવ હૈ એ ભાવના ધ્રુવકો વિષય કરતી હૈ. સમજમેં આયા ? ભારે વાતુ ભાઈ, એય શોભાલાલજી ! આ સુના હિ નહીં અત્યાર સુધી કાંઈ. ઐસા ને ઐસા થઈ ગયા શેઠિયા ત્યાં પાછા ધર્મમાં ય મોટા કહેવાય અબ તો સૂનને કો મીલ ગયા વાત તો સચ્ચી હૈ. યોગ્યતાસે મિલતા હૈ. નિરાલંબી પ્રભુ એને પર્યાયકા ભી આલંબન નહીં. ઔર પર્યાયકો આલંબન કહેના દ્રવ્યકા, અંશ હૈ ને અને લક્ષ જાતે હૈ ને એ અપેક્ષાસે આલંબન કહેનેમેં આવ્યા હૈ ! વિષય કરના હૈ ને ? પાઠ હૈ ને ? શુદ્ધ–પારિણામિકભાવકો વિષય બનાનેવાલી. શુદ્ધ પારિણામિક ત્રિકાળ ભાવ ઉસકો ધ્યેય બનાનેવાલી સમજમેં આયા ? આહાહા ! માર્ગ તો જુઓ. સર્વજ્ઞ વીતરાગ આવી વાત, સર્વજ્ઞ વીતરાગ સિવાય અથવા દિગંબર ધર્મ સિવાય એ વાત બીજે ક્યાંય હોતી નથી. સમજમેં આયા ? વસ્તુકા સ્વરૂપ ઐસા હૈ.

પર્યાયકો પર્યાય આલંબન નહીં. પર્યાયકા પર્યાય વિષય નહીં, ક્યા ? સમજમેં આયા ? સમ્યગ્દર્શનકી પર્યાય, મોક્ષમાર્ગકી પર્યાય, એ પર્યાય–પર્યાય, ઉસકા વિષય પર્યાય નહીં. તો એ પર્યાયકા વિષય તો રાગ ને નિમિત્ત તો ક્યાંય રહ ગયા. આહાહા ! સમજમેં આયા ?

ભગવાન આત્મા જો પરમ સ્વભાવભાવ દ્રવ્યભાવ ઉસકો વિષય બનાનેવાલી વર્તમાન પર્યાય, મોક્ષમાર્ગકી, ધર્મકી પર્યાય ઓ ત્રિકાળી ધર્મીકા ( ધર્મીકો ) વિષય કરતી હૈ. ઉસકો ધ્યેયમેં લેતી હૈ એ ધર્મકી પર્યાય અપના પણ આશ્રય કરકે પર્યાયકા આલંબન લેતી હૈ ઐસા નહીં આહાહા ! સમજમેં આયા ? આ શાસ્ત્રસે જ્ઞાન હુઆને ?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઓ પર્યાયકો ભી ધર્મકી પર્યાયકા ધ્યેય ને આલંબન નહીં. પણ ઓ પર્યાય પ્રગટ હુઈ, ઓ પર્યાય ધર્મકી પ્રગટ હુઈ, એ પર્યાય પર્યાયકા વિષય નહીં. મોક્ષમાર્ગકી નિર્મળ પર્યાય પર્યાયકા વિષય નહીં સમજમેં આયા ? માર્ગ ભાઈ ભારે વાત ભાઈ.

પર્યાય, જો મોક્ષ કહો, મોક્ષમાર્ગ કહો સબ પર્યાય હૈ અવસ્થા હૈ, સક્રિય પરિણમન હૈ, સમજમેં આયા ? ધર્મ એ પર્યાય હૈ ઔર ધર્મકા પૂરણ ફળ કેવળજ્ઞાન ઓ ભી એક પર્યાય હૈ. એ પર્યાય નાશવાન હૈ. આહાહા ! માટે એ પર્યાય દ્રવ્યસે કથંચિત્ ભિન્ન હૈ. ભિન્ન ન હો તો પર્યાયકા નાશસે વસ્તુકા ભી નાશ હો જાય.... ઐસા શુદ્ધ પારિણામિકકો જીસને વિષય બનાયા ઐસી જો ભાવના, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, સમજમેં આયા ? સમ્યગ્દર્શન જ્ઞાન ને ચારિત્ર, ઉસને વિષય બનાયા ધ્રુવકો, ઐસી ભાવના ઔર ક્યા કહેતા હૈ, હવે ઉપર લીધી 'તી એ વાત લીધી હવે, ઉસરૂપ જો ઉપશમ આદિ તીન ભાવ દેખો, એ ભાવના હૈ યહ ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક તીન ભાવરૂપ હૈ-સમજમેં આયા ? જુઓ અહીંયા વ્યવહારકા નિષેધ કરનેકો આ લીયા હૈ. ભાઈ વ્યવહાર રત્નત્રય હૈ તો નિશ્ચય રત્નત્રય ધર્મ પ્રગટતે હૈ, ઐસે નહીં. નિશ્ચય રત્નત્રય પ્રગટનેમેં ધ્યેય ધ્રુવ હૈ. જુઓ આ લોકો રાડો પાડતે હૈ એકાંત કહેતે હૈ, અરે સૂન તો સહી આ કયા કહેતે હૈ યહાં એય લાલચંદજી કહેતે હૈને ઐસા ? વ્યવહારસે કુછ લાભ નહીં આત્મા કો- વ્યવહારસે કુછ લાભ નહીં ? લાભ હૈ- બંધકા. સમજમેં આયા ?

કહેતે હૈ યે ધર્મ પર્યાય, આહાહા ! આ કેવી ધર્મ પર્યાય, વીતરાગી ઓપીત પર્યાય, એ ભાવનારૂપ હોનેસે એ ત્રણભાવરૂપ હૈ, કારણ કે ત્રણ ભાવ પર્યાયરૂપ હૈ, ઉદય ભી પર્યાય, પણ ઉદય તો અહીંયા નિષેધ કરેગા યહાં દેખો, સમસ્ત રાગાદિસે રહિત હોને કે કારણ એ ઉદયકો નિષેધ કર દીયા. ચાર પહેલે પર્યાયકો બતાયા થા કે પર્યાય ચાર ભાવરૂપ હૈ અને દ્રવ્ય પારિણામિકભાવરૂપે હૈ. પાંચ ભાવ સમા દીયા થા. વસ્તુ જો ત્રિકાળી હૈ એ પારિણામિકભાવ ત્રિકાળરૂપ ધ્રુવભાવ હૈ, પારિણામિકભાવ હૈ અને પર્યાય એ ચાર ભાવ હૈ પર્યાય. તો ઉસમેં જો તીન ભાવકી પર્યાય હૈ વો મોક્ષમાર્ગકી પર્યાય હૈં. ઓ ઉદયભાવકો, પર્યાય હૈ, પણ ઓ ઉદય- સમસ્ત રાગાદિસે રહિત હોનેકે કારણ સમ્યગ્દર્શનકી પર્યાય, મોક્ષમાર્ગકી પર્યાય, એ તો વીતરાગી-પર્યાય હૈ. એ સમસ્ત રાગાદિસે રહિત, પંચ મહાવ્રતકા વિકલ્પ ને નવતત્ત્વકી શ્રદ્ધાકા વિકલ્પ સબસે રહિત ઓ મોક્ષકા માર્ગ હૈ. હેં ! ( સમસ્ત રાગાદિ સે રહિત તો બારમે ) અરે ! ચોથે ગુણસ્થાનકી બાત હૈ અહીંયા. રાગાદિસે રહિત જ મોક્ષકા માર્ગ હૈ. સમસ્ત રાગાદિ રહિત એટલે ? પણ એ રાગાદિ રહિત જ હૈ.

સમ્યગ્દૃષ્ટિ વ્યવહારસે મુક્ત હૈ વ્યવહારકા આશ્રય વિકલ્પ એ રાગ હૈ. દયા દાન વ્રતાદિકા વિકલ્પ હૈ, ઉસસે દૃષ્ટિવંત, ધ્યેય બનાયા ધ્રુવકો, તો રાગસે તો યહ મુક્ત હિ હૈ.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વો બતાતે હૈ દેખો, ઉપશમભાવમાં કહેતે હૈ. આ તીન ભાવ કહ્યા કે નહીં ? ઉપશમ આદિ તીન ભાવ કહ્યા કે નહીં ? કે ઉસમેં ક્ષાયિકભાવ ક્ષયોપશમ દો હિ લીયા હૈ ? ઉપશમભાવમાં ઓ પણ પર્યાય, એ ઉદય નામ સમસ્ત રાગસે રહિત હૈ. સમજમેં આયા ? ઓ તીન ભાવ ઉપર કહા થા, એ પીછે એ ભાવના જીસકો કહી જિસકો સબેરેમેં ઘણાં બોલ લીયા થા, ઓ બધી પર્યાય હૈ. અમારે પંડિતજી કહે. પર્યાયકા ઈતના બધા માહાત્મ્ય ? માહાત્મ્ય તો દ્રવ્યકા હૈ, પણ પર્યાયકા ઈતના માહાત્મ્ય તો દ્રવ્યકા કીતના માહાત્મ્ય ? એમ લેના હૈ.

એઈ શશીભાઈ ? ગાણાં ઈતના ગાયા સવેરમેં ક્યા પર્યાયકા ઈતના ગાણાં ? ભાઈ ઓ તો પુત્ર હૈ પ્રજા, દ્રવ્યકી પર્યાય હૈ, પ્રજા હૈ સમજમેં આયા ? એની પર્યાય. પ્રમાણની અપેક્ષાએ પર્યાય એની કહેવાય સમજમેં આયા ? અને એક સમયકી પર્યાય અભિન્ન હૈ, એ અપેક્ષાએ આત્માકી પર્યાય કહેનેમેં આતા હૈ. સમજમેં આયા ? સવેરેમેં બહોત આયા થા. શુદ્ધાત્મ દ્રવ્ય કહ્યા લ્યો. શુદ્ધાત્મ દ્રવ્ય ઈસકો કહીએ, અહીં જે શુદ્ધાત્મ દ્રવ્ય કહેતે હૈ, ઐસા શુદ્ધાત્મ દ્રવ્ય કહ દીયા. એ તો અભેદકી અપેક્ષા પર્યાય આ બાજુ ઝુક ગઈ હૈ, રાગસે હટકર સ્વભાવ બાજુ ઝુક ગઈ હૈ, તો શુદ્ધ દ્રવ્યકી સાથ અભેદ કરકે, શુદ્ધ દ્રવ્ય હી હૈ, ઉસકો કહ દીયા. સમજમેં આયા ?

કહતે હૈ કી ઉપશમ આદિ તીન ભાવ, ઉપશમ આદિ માં એકલો ઉપશમ ભાવ ન લેના અને એકલા ક્ષાયિક ભાવ લેના ? સમસ્ત રાગાદિસે રહિત, પંડિતજી. તીનો ભાવ રાગસે રહિત કહા હૈ. ક્યોંકિ ઉદયભાવ પર્યાય હૈ તો ઉસકા તો અહીંયાં નિષેધ કરકે સ્વભાવ પ્રગટ હુઆ હૈ એમ બતાતે હૈ નિષેધકા અર્થ ઉસકે ઉપરસે લક્ષ છોડ દીયા ઓ નિષેધ. દ્રવ્ય વસ્તુ ઉપર ધ્યેય બનાયા તો પર્યાય પ્રગટ હુઈ, ઓ પર્યાય અહીંયા સમસ્ત રાગસે રહિત, ઓ પર્યાય હૈ. સમજમેં આયા ? દેખો ને આ પાના તો સબકે હાથમાં દીયા હૈ. ( પાનામાંથી કાઢયું ) પાનામેં ક્યા લીખા હૈ દેખો– ક્યા નહિ લીખા હૈ. ઉપશમ આદિ ઓ ભાવના, જો નિર્મળ પર્યાય હૈ ઓ ભાવના વિનાશીક હૈ, કાયમ દ્રવ્યકી સાથ રહેતી નહીં. એ કારણે ભાવનાકો તીનભાવરૂપ કહા, ઉપશમભાવ, ક્ષયોપશમભાવ, ક્ષાયિકભાવ તીન ભાવ કહા, ઓ તીન ભાવ સમસ્ત રાગાદિસે રહિત, હવે પાઠ હૈ કે નહીં ઉસમેં ? હે ! ( સ્પષ્ટ ) સ્પષ્ટ હૈ ? વિકલ્પ, ફિકલ્પ, દયા, દાન ને વ્રત ને ભક્તિના પરિણામ એ ઉપશમભાવ, ક્ષાયોપશમિક, ક્ષાયિક એ રાગસે રહિત ભાવ હૈ. ( બરાબર ) હૈ ને ? પાના દીયા હૈ તુમ્હારા હાથમેં રામજીભાઈએ પાના છપાવ્યા તે દિ ' પંદરસો, કો 'ક કહે ૫૦૦ છપાવો, એ કહે પંદરસો છપાવો ભાઈ પાના તે પાના પાનું પાનુ ફરે ને સોનું ઝરે એમ નથી કહેતા તમારે ? ઉઘરાણી–બુઘરાણી ભરી હોયને અંદર પાનામાં, ઉઘરાણી સમજતે હો લેણ દેણ ઐસા ખુલે તો ઓહો ફલાણા પાસે ઈતના લેણાં હૈ. ઐસે પાના ફરે ને સોના ઝરે, ઈ પાના ફરે ને સોના ઝરે ધૂળ એમાં કાંઈ નહીં મળે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

આ જ્ઞાનકી પર્યાય ફરે અને અંદર આનંદકા ઝરણાં ઝરે. એમ કહેતે હૈ આહાહા! ચિદ્‌વિલાસમાં ભાઈ આવે છે ને કે જેમ જેમ આચાર્ય ગુણના ભેદ કરીને સમજાવે છે તેમ તેમ શિષ્યને વધારે આનંદ આવે છે, એ ચિદ્‌વિલાસમાં છે ( કારણ–કાર્ય છે ) હા. કારણ–કાર્ય માં નાખ્યું છે પાનું બધું યાદ રહે છે કાંઈ ? ચિદ્‌વિલાસમાં છે. આચાર્ય જેમ જેમ ગુણકા ભેદ કરતે કરતે કરતે બતાતે હૈ, તેમ તેમ શિષ્યકો આનંદ આતા હૈ, ઐસા કહેતે હૈ. લ્યો ભેદ બતાતે હૈ ને આનંદ આતા હૈ, ક્યૂં કિ જિસકી દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી હૈ, ઉસકો તો વિકલ્પકે કાળમેં ભી શુદ્ધિ હિ હોતી હૈ. સમજમેં આયા ? ચાહે તો અશુભ વિકલ્પનો કાળ હો, તો ભી સ્વભાવ તરફકી ઝુકાવ ઓ દશા હૈ, તો ત્યાં નિર્જરા હિ હોતી હૈ, અશુદ્ધતા ટળતી હૈ. અને શુભભાવ હો તો વધારે સ્વભાવ તરફ ઝુકાવ હૈ તો વધારે શુદ્ધિ વધતી હૈ. આહાહા ! સમજમેં આયા ?

ક્યોંકિ અહીંયા તો દૃષ્ટિવંત શિષ્ય લીયા હૈ ને ભાઈ ? દૃષ્ટિવંત શિષ્ય, જ્યાં દ્રવ્ય ઉપર દૃષ્ટિ હૈ, એ શિષ્યકો જેમ જેમ ઓ સુનાતે હૈ સત્ય, તો ઓ શ્રદ્ધા જ્ઞાન, શૂન્યપણે નહીં રહા ઓ સમયે, ભલે વિકલ્પ આયા સૂનનેમેં વિકલ્પ આયા ઔર વિકલ્પસે સૂનતે હૈ, પણ ઓ સમયે શ્રદ્ધા જ્ઞાન, શ્રદ્ધા જ્ઞાનકા કાર્ય કરતે હૈ કે શ્રદ્ધા જ્ઞાનકા કાર્ય નહીં કરતે હૈ ? ક્યા કીયા ઓ સમજમેં આયા ?

ધર્મી જીવ અપના દ્રવ્ય સ્વભાવકા ધ્યેય બનાકર જો ધર્મ શ્રદ્ધા જ્ઞાન સમ્યગ્દર્શન જ્ઞાન, તીનભાવરૂપ થા ઓ પ્રગટ હુઆ. હવે ઉસકા વિકલ્પમેં લક્ષ ગયા. સમજમેં આયા ? તો ઓ તો ચારિત્રકા દોષકી અપેક્ષાએ પરમાં લક્ષ ગયા. પણ ઓ સમય શ્રદ્ધા જ્ઞાન કોઈ કાર્ય કરતા હૈ કે નહીં ? કે શ્રદ્ધા જ્ઞાન કાર્ય કર્યા વિના શુષ્ક પડા હૈ ? સમજમેં આયા ? સવારે બે મિનિટ આઘુ ગયું ’તુ ખ્યાલ નહોતો પણ જોયું તો ઓહો આ તો વખત થઈ ગયો.

ક્યા કહા ઉસમેં ? કે યહાં કહા કે ઉપશમભાવ, ક્ષયોપશમ ને ક્ષાયિક એ મોક્ષમાર્ગકી પર્યાયકા ભાવ કહા, ઓ ભાવ સમસ્ત રાગાદિસે રહિત હોનેકે કારણ, ક્યૂંકિ ધર્મીકો, ધ્રુવ પર દૃષ્ટિ હોનેસે સમ્યગ્દર્શન જ્ઞાન અને કેટલીક સ્થિરતા શુદ્ધ હુઈ હૈ. હવે ઓ રાગસે રહિત હૈ, તો ઐસા શ્રદ્ધા જ્ઞાનમેં ધ્રુવકા જો કાર્ય હૈ, ઓ શ્રદ્ધા જ્ઞાનમેં હોતા હૈ. સ્વરૂપકા સ્થિરતાકા ભી કાર્ય હોતા હૈ. સમજમેં આયા ? ચારિત્ર ગુણ જિતના નિર્મળ ઈતના કાર્ય તો ઓ સમયમેં ભી કરતે હૈ ચાહે તો વિકલ્પ હો શુભકા કે અશુભ હો, પણ જો નિર્મળ પર્યાય પ્રગટ શ્રદ્ધા જ્ઞાન ચારિત્રકા અંશ હુઆ, ઓ કાંઈ કુટસ્થ પડયા હૈ કે કાંઈ પરિણમન કાર્ય કરતા હૈ ? સમજમેં આયા ? હવે ઝીણું આવ્યું થોડુંક સમજમેં આયા કે નહીં કુછ ?

આત્મા, ભગવાન સાગર સરોવર, સાગર મોટો દરિયો સ્વયંભૂરમણ સમુદ્ર હૈ આનંદકા. સ્વયંભૂરમણ સરોવર. દૃષ્ટિકી થાપ પડી ઓ ઉપર જ્યાં, ઓ પર્યાયમેં શ્રદ્ધામેં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સારા આનંદ સ્વરૂપ હૈ ઐસા આયા, તો સાથમેં શ્રદ્ધા હુઈ, જ્ઞાન હુઆ, આનંદકી પર્યાય હુઈ, આનંદ ગુણકી પરિણતિ ઔર ચારિત્રગુણકી પરિણતિ શુદ્ધ હુઈ, તો વિકલ્પકે કાળમેં ઓ શ્રદ્ધા જ્ઞાન આદિ ચારિત્રકી પર્યાય નિર્મળ હુઈ, ઓ કુછ કાર્ય કરતી હૈ કે નહીં? ( કરતી હૈ ) કે રાગ જ એકલા કામ કરતે હૈ? ( આનંદકા અનુભવ કરતી હૈ ) આહાહા! સમજમેં આયા? ( જી, પ્રભુ ) સમજાય એવી આ વાત છે હોં, ન સમજાય એવી વાત નથી. એમ ન સમજવું કે ના ના અમારાથી ન સમજાય- ( સ્પષ્ટીકરણ ચોખ્ખું આવે છે ) ચોખ્ખું જ છે, વસ્તુ જ ઐસી હૈ.

દેખો અહીંયા ક્યા કીયા? કે ભાવ તીન હૈ, પ્રગટ હુઆ, સમ્યગ્દર્શનજ્ઞાન ધર્મ-પર્યાય પ્રગટ હુઈ, તો શ્રદ્ધા જ્ઞાન ચારિત્ર આનંદ આદિકા કાર્ય હોતા હૈ કે નહીં? ( હોતા હૈ ) હેં? ( હોતા હૈ ) તો ઓ કાર્યમેં રાગ રહિત હૈ. વિકલ્પ આયા છતાં ઓ વસ્તુ તો રાગ રહિત કાર્ય કરતી હૈ. ભાઈ! ક્યા કીયા ફરીને જુઓ. જો દ્રવ્યવસ્તુ ધ્રુવ, ઉસકો ધ્યેય બનાકર જો શ્રદ્ધા જ્ઞાન ચારિત્રકી પર્યાય, આનંદકી પર્યાયરૂપ કાર્ય હુઆ તો ઓ કાર્ય સમયે સમયે હોતા હૈ કે નહીં? ( હોતા હૈ ) વિકલ્પકે કાળમેં વિકલ્પ રહિત એ કાર્ય હોતા હૈ. ( વૃદ્ધિગત, વૃદ્ધિગત ) માટે આ લઈ લીધા હૈ અંદર. સમજમેં આયા? હો રાગ, રાગ રાગકે ઘરમેં રહા, આત્મામેં ક્યાં ઘુસ ગયા હૈ રાગ.( કોઈ એમ કહે નિર્વિકલ્પનો અર્થ પારિણામિક ભાવ ) અહીં તો નિર્વિકલ્પ એ જ વાત માટે તો આ લીયા હૈ.

એ ભગવાન! સુન તો સહી પ્રભુ, અહીં તો સમસ્ત રાગાદિ રહિતકા અર્થ ઓ હૈ, કે નિર્મળ પર્યાયમેં રાગકા અંશ નહીં. તો ઓ વખતે જો શ્રદ્ધા જ્ઞાન ચારિત્ર આનંદ સ્વચ્છતા, કર્તા-કર્મ આદિ નિર્મળ પર્યાય જો કાર્યરૂપ પરિણતિ હૈ ઓ વિકલ્પકે કાળમેં પરિણમતા હૈ કે નહીં? કે વિકલ્પકે કાળમેં પરિણમતા નહીં? ને અહીંયા તો કહેતે હૈ વિકલ્પસે રહિત એવી દશા શ્રદ્ધા જ્ઞાન ચારિત્રકી જો અનંત ગુણકી હુઈ ઓ રાગસે રહિત, અપના કાર્ય કરતી હૈ. સમજમેં આયા? ( જી. પ્રભુ ) આ તો પ્રગટ પર્યાયકી બાત ચલતી હૈ ને? ધ્રુવ તો ધ્રુવ હૈ. સમ્યગ્દર્શન-જ્ઞાન ધર્મ પર્યાય પ્રગટ હુઈ ઓ સમયે સમયે કોઈ કાર્ય કર્યા વિના રહેતે હૈ? એક સમયકી ભાવના હૈ ઓ તો કહ દીયા. બીજે સમયે ઐસી ક્રિયા, બીજે સમયે ઐસી ક્રિયા, ક્રિયા નામ પરિણમન, ઐસા પરિણમન તો નિરંતર ચાલુ હૈ. આહાહા! સમજમેં આયા?

થોડું ઘણું ન સમજાય તો રાત્રે પૂછના રાત્રે વખત રાખ્યો છે કે નહીં ( અબી બતા દો ફીરસે ) અમારા ધનાલાલજી નિકાલતે હૈ સબ રાત્રિકો, ઓ પ્રશ્ન ઓ જાતે બિલકુલ પ્રશ્ન નિકાલતે થે. સમજમેં આયા? ક્યા કીયા? તીનબાત.

એક તો ધ્રુવ ત્રિકાળી હૈ ઉસમેં પર્યાય કથંચિત્ અભિન્ન ને કથંચિત્ ભિન્ન. એક સમયકી પર્યાય બદલ જાતી હૈ ઈસલીયે ભિન્ન હૈ ઐસા કહા. દૂસરી બાત પર્યાય જો પ્રગટ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

હુઈ ધર્મકી તીન ભાવરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, વીતરાગ પર્યાયરૂપ ઓ રાગસે રહિત હૈ, એ સમ્યગ્દષ્ટિ ધ્રુવકા ધ્યેય કરનેવાલા ઉસકા રાગ વિષય રહા નહીં. તો રાગ વિષય રહા નહીં. તો રાગકા જ્ઞાન અપનેમેંસે અપને કારણસે જ્ઞાન અપનેસે હોતા હૈ. સમજમેં આયા ? એ જ્ઞાનકી શ્રદ્ધા આનંદકી પર્યાય કાર્ય કરતી હૈ સમયે સમયે જ્ઞાન ગુણકી પર્યાય જાનન હુઈ એ કાર્ય કરતી હૈ કે નહીં ? તો અહીં કહેતે હૈ કે રાગરહિત કાર્ય કરતી હૈ વો એઈ નવરંગભાઈ આહાહા ! કૈસા કાર્ય કરતી હૈ ? " સમસ્ત રાગાદિસે રહિત હૈ. " સુનો તો સહી, સમ્યગ્દર્શન જ્ઞાન અને સ્વરૂપ આચરણ જ્યાં પ્રગટ હુઆ, ઓ તો બિલકુલ રાગસે રહિત જ અપના સ્વભાવ સન્મુખકી પરિણતિ હૈ યે પર પરિણતિસે તો રહિત જ હૈ ચૌથેસે ઐસા હૈ, સમ્યગ્દષ્ટિકો ઐસા હૈ.

ચારિત્રકા દોષકી અપેક્ષાએ કહો તો ઉસકી પર્યાયમેં રાગ હૈ ઐસા કહેનેમેં આતા હૈ. પણ જ્યાં દષ્ટિકા વિષયમેં તો ઉસકી પર્યાયમેં રાગ હિ નહિ ઐસા કહેનેમેં આતા હૈ. ક્યોંકિ દષ્ટિકા વિષય ભગવાન પરમ શુદ્ધ પરમાત્મા હૈ. સમજમેં આયા ? ( શ્રદ્ધામેં રાગદ્વેષ નીકલ ગયા ) હૈં; શ્રદ્ધા જ્ઞાનમેં પરિણતિમેંસે રાગદ્વેષ નીકલ ગયા, દષ્ટિકી અપેક્ષાએતો. ક્યોંકિ સમ્યગ્દષ્ટિકી પરિણતિ દ્રવ્યકા પારિણામિક ત્રિકાળી ભાવકે આશ્રયે હુઈ હૈ ના ? વો તો શુદ્ધકા પરિણમન હુઆ. વસ્તુ શુદ્ધ હૈ, પવિત્ર હૈ ઐસા શુદ્ધ પરિણમન હુઆ, તો શુદ્ધ પરિણમન, અશુદ્ધ પરિણમનસે રહિત હૈ એમ કહેતે હૈ. આહાહા ! ( ઉસી કાળમેં રહા ) ઓ હિ કાળમેં. સમજમેં આયા ?

વો હિ કાળમેં રાગ રહિત હુઆ એમ પંડિતજી કહે છે પંડિતજી પુષ્ટી કરતે હૈ. વો હિ સમય નિર્મળ પર્યાય કાર્ય કરતી હૈ ઉસ સમય રાગ રહિત હૈ યૂં. દૂસરા સમયે નહીં, ઓ હિ સમયે રાગ રહિત હૈ. સમજમેં આયા ? ચાર ભાવ કહ્યા ને પર્યાયરૂપ તે તીન ભાવ જો મોક્ષમાર્ગકી પર્યાય હુઈ એ ઉદયભાવકી પર્યાય રહિત હૈ, ઐસા કહેના હૈ આહાહા ! સમજમેં આયા ?

કારણ ? " એ શુદ્ધ-ઉપાદાન કારણભૂત હોનેસે ". મોક્ષ કારણ ભાઈ અહીંયા પાછુ ' ભૂત ' આવ્યું ( પર્યાય આવી ) છે પર્યાય, પણ અહીં કારણભૂત લીધું પાછું ઓલા પહેલામાં ફેર હતો પહેલું આવ્યું 'તુંને ? પહેલા " શુદ્ધ ઉપાદાનભૂત " કહા થા. પહેલા પહેલું સાધારણ આવ્યુ હતું. પહેલા શુદ્ધ ઉપાદાનરૂપ આયા થા પારીગ્રાફની પાંચમી લીટી- " શુદ્ધ-ઉપાદાનરૂપ " એ પર્યાય હતી. સમજમેં આયા ? અને પછી " શુદ્ધ ઉપાદાનભૂત " આયાને ? એ બીજા પારીગ્રાફની પહેલી લીટી " સર્વ વિશુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ શુદ્ધ ઉપાદાનભૂત " એ દ્રવ્ય છે. પહેલા ઉપાદાન જે પાંચમી લીટીમાં આયા થા, ઓ પર્યાય હૈ અને આ સર્વવિશુદ્ધકા જો હૈ, ઓ દ્રવ્ય હૈ. અને અહીંયા જો શુદ્ધ-ઉપાદાનભૂત કહા છતાં ઓ પર્યાય હૈ. સમજમેં આયા. " શુદ્ધ ઉપાદાન કારણભૂત "

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ લીયા ને ? " શુદ્ધ ઉપાદાનભૂત " ઐસા નહીં લીયા હૈ ઐસી અસ્તિ સિદ્ધ કરના હૈ સમજમેં આયા ?

મોક્ષ કારણ હૈ, કોણ ? પર્યાય મોક્ષકા કારણ હૈ પરંતુ શુદ્ધ પારિણામિક નહીં. શુદ્ધ–પારિણામિકભાવ મોક્ષકા કારણ નહીં.

વિશેષ આયેગા, વખત થઈ ગયા.

*****

## પ્રવચન નં. - ૯ ગાથા ૩૨૦ તા. ૧૭-૮-૭૦

સર્વવિશુદ્ધ જ્ઞાન અધિકાર ૩૨૦ ગાથા જયસેનાચાર્યકી ટીકા ચલતી હૈ ત્રીજા પાનાકા ત્રીજા પારીગ્રાફ હો ગયા બરાબર હૈ ?

ક્યા કીયા ત્રીજામેં " ઈસલીયે એ સિદ્ધ હુઆ " એકલી ચીજ માખણ એકલી ચીજ હૈ માખણ. ધર્મ જીસકો કરના હો તો, ઉસકો પરમ સ્વભાવ મોક્ષ સ્વભાવ જો ત્રિકાળ સ્વરૂપ ધ્રુવ, ઉસકી દૃષ્ટિ કરનેસે યે સમ્યગ્દર્શન હોગા. બાકી કોઈ દૂસરા ઉપાય હૈ નહીં. તો કહે છે કે " ઈસલીયે ઐસા સિદ્ધ હુઆ કે શુદ્ધ પારિણામિકભાવવિષયક " દ્રવ્યનયકા વિષય હુઆ. ઐસા બોલ ચાર પહેલે આયા થા, પાંચમા બોલ આયા આજ " શુદ્ધ પારિણામિકભાવવિષયક " અપના જો સહજ ધ્રુવ જ્ઞાયક, અભેદ સામાન્ય, નિત્ય, એકરૂપ ઐસા જો તત્ત્વ હૈ, એ તત્ત્વકા વિષય કરનેવાલી, એ તત્ત્વકો ધ્યેય કરનેવાલી " ઐસી ભાવના " સમજમેં આયા ?

એ ભાવના ઉસરૂપ જે ઔપશમિકાદિ તીનભાવ હૈ ઓ શુદ્ધ પારિણામિકભાવ ત્રિકાળ ઓ તો ધ્રુવ ભાવ હૈ, ઓ તો ધ્યેય, વિષય, લક્ષ કરને લાયક હૈ. જીસકો ધર્મ કરના હો, સુખકા પંથે પડના હો, સમજમેં આયા ? દુઃખકા નાશ કરના ઓ બી નાસ્તિસે બાત હૈ. સુખકા પંથમેં આના હો, દુઃખી હૈ અનાદિસે પ્રાણી. સમજમેં આયા ? અપના અકષાય જ્ઞાયક સ્વભાવભાવકો ભૂલકર રાગાદિ વિકલ્પાદિ મેરા હૈ, ઓ હિ સંસારકા મિથ્યાત્વભાવ બીજ હૈ. સમજમેં આયા ?

તો રાગાદિ, પુણ્યાદિ, વિકલ્પ મેરા હૈ એ મિથ્યાત્વભાવ હૈ, તો ઉસસે રહિત પારિણામિકભાવ મેરા હૈ વો સમ્યક્ ભાવ હૈ. પંડિતજી ( બરાબર, બાત હૈ ઐસી ) જૈસે ભગવાન આત્મા અપના જ્ઞાયક ભાવ, પૂર્ણ ધ્રુવ સ્વરૂપ અવિનાશી પદ, અવિનાશી પદ ઉસકો ભૂલકર રાગાદિ વિકલ્પ ચાહે તો મહાવ્રતકા વિકલ્પ હો કે દયાદાન વ્રત ભક્તિ પૂજાકા, પણ ઓ વિકલ્પ હૈ વો દૂસરા તત્ત્વ હૈ, તો દૂસરા તત્ત્વ સહિત સ્વતત્ત્વ હૈ, ઐસી માન્યતા મિથ્યાત્વ હૈ, એ સંસારકા બીજ હૈ ઓ માન્યતાકા નાશ કરના નહીં હૈ, ભગવાન આત્મા પારિણામિકભાવ, ઓ તરફકા ઝુકાવ, ઐસી જો ભાવના, ઐસા જો મોક્ષકા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માર્ગ, ઉસકા વિષય તો ધ્યેય ધ્રુવ હૈ, નંદકિશોરજી બાત તો ઐસી હૈ. બહુ લોકોને બહારમાં, અંતર ચીજ પાતાળમેં મહા ભગવાન પૂર્ણાનંદ પડા હૈ. સમજમેં આયા ? અંતર, અંતર પાતાળમેં જાતે, પર્યાય બુદ્ધિ છોડકર આ પર્યાયબુદ્ધિ છોડકર, સમજમેં આયા ? એક સમયકી પર્યાય, અવસ્થા કે રાગ કે પર એ તો બધુ ક્યાંય છૂટી ગયું. ઐસી રુચીમેં પડા હૈ વો હિ મિથ્યાત્વભાવ હૈ. નિગોદકે પંથે પડનેકા પંથ હૈ વો. સમજમેં આયા ? પાનું છે કે નહીં મનસુખભાઈ બે છે ને બે ? હેં ? બે ક્યાંથી આવ્યા ? ઓલા રાજકુમારજી આવ્યા છે ને ? નો હોય તો અહીંયાથી લઈ જાજો. વાંચે સાંભળે તો ખરા પાલેજમાં આવું વંચાય નહીં ( પાલેજમાં આવુ ક્યાંથી હોય ) આહાહા !

અહીં કહે છે પરમ સ્વભાવ ભગવાન પૂરણ ધ્રુવ ઉસકા વિષય કરનેવાલી ભાવના ઉસરૂપ જો ઔપશમિકાદિ તીન ભાવ આગળ જ્ઞાન પ્રધાનસે ક્ષયોપશમભાવ એક લેગા ભાઈ, અહીંયા તીનો, દર્શન જ્ઞાન ચારિત્ર, તીનોકી અપેક્ષા લેકર ત્રિકાળ વસ્તુકા વિષય દર્શને કીયા, જ્ઞાને કીયા અને ઉસમેં લીન હુઆ, ઐસા જો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ " એ તીન ભાવ સમસ્ત રાગાદિસે રહિત હોનેકે કારણ " દેખો લોકોને એવું થાય છે કે સમસ્ત રાગાદિસે રહિત તો તેરમેં બારમે થાય ( શાસ્ત્રમાં એમ આવે ને ) અરે એ ક્યાં વાત ? બારમાની એ તો દૂસરી બાત હૈ એ તો પર્યાયકા જો જ્ઞાનમેં રાગકા નિમિત્ત નિમિત્ત સંબંધ થા વો છૂટ જાતા હૈ બારમેં અહીંયા તો દૃષ્ટિમેંસે છૂટ ગયા રાગાદિ સબ સમજમેં આયા ? ( બરાબર, ચોથે ગુણસ્થાને ? ) હા. ( સમ્યક થયા પછી કેમ થાય )

અહીં પહેલે કહાને. બે વાત તો કીયા પહેલે કે વિકલ્પ હૈ રાગ હૈ, પુણ્ય હૈ, એ સહિત મૈં હું એ તો મિથ્યાત્વભાવ હૈ. ઉસકા સંધિકી બાત ૧૪ મી ગાથા કહા. ચૌદમી ગાથા " પુરુષાર્થ સિદ્ધિ ઉપાય. " સમજમેં આયા ? ભગવાન નિર્મળ ચૈતન્ય તત્ત્વ, નિર્મળ જ્ઞાન ભગવાન જ્ઞાન ભંડાર પરમાત્મા, મોક્ષ સ્વરૂપ હિ હૈ ઓ તો આયેગા દેખો સબકી પીછે આયેગા.

ઐસી દૃષ્ટિ બિના એક સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિકલ્પ જો રાગ હૈ, ગુણી–ગુણીકા ભેદ, ગુણી ભગવાન આત્મા દ્રવ્ય અને ઉસમેં રહેનેવાલા જ્ઞાયકભાવ, ઐસા ભેદરૂપ જો વિકલ્પ હૈ, એ વિકલ્પ નામ રાગ હૈ, તો રાગ સહિત આત્માકો માનના ઓ મિથ્યાત્વભાવ હૈ. આહાહા ! ભારે વાત ભાઈ ત્રિકાળ શુદ્ધભાવમેં અશુદ્ધતા સહિત માનના દૂસરી ભાષાએ લઈએ તો આહાહા ! શાંતિસે સમજનેકી ચીજ હૈ આ તો કોઈ વાર ઐસા વાંચતે હૈ આ અહીંયા તો કલાસ વખતે વાંચવાનો ઐસા વિકલ્પ થા તો આ ગયા કલાસ વખતે એ વાત સારી છે. બાત તો ઐસી હૈ ઐસી વાણી, ઐસા ભાવ વીતરાગકા કોઈ કોઈ વખતે નીકલતે હૈ ( બરાબર વાહ રે વાહ પ્રભુ ) સમજમેં આયા ? ( વાણી સબ ક્રમબદ્ધ પર્યાયમેં હૈ ) ઓ તો ઉસકી પાસ હૈ ઉસકે કારણ ( કોઈ વખતે ઐસા હોતા હૈ )

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઈ વખતે ઓ ભી ઐસા હોતા હૈ. અહીં તો ભગવાન આચાર્ય મહારાજ પરમેશ્વરકા જો ભાવ હૈ વો ખુલ્લા કરતે હૈ મર્મ, રહસ્ય ભગવાન! તેરી ચીજ જો હૈ પૂરણ ઉસકો વિષય કરનેવાલી, ધ્યેય બનાનેવાલી ભાવના ઓ ત્રણરૂપ હૈ, ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક. અહીં તીન કહેતે હૈ પીછે જ્ઞાન પ્રધાનમાં ક્ષયોપશમજ્ઞાન કહેશે. સાધકકી બાત હૈ ને? સાધકકી બાત હૈ ને? આ ક્ષાયિકભાવ ઓ ઉપલાવાળાકી બાત નહીં હૈ. કેવળીકા ક્ષાયિકભાવકી બાત અહીંયા નહીં હૈ. અહીંયા તો સાધકભાવમેં ઉપશમ, ક્ષયોપશમ જો ક્ષાયિકભાવ હૈ ઉસકી બાત કહેતે હૈ. ક્યા કિયા સમજમેં આતે હૈ આ તીન ભાવ જો કહેતે હૈ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ઓ ક્ષાયિક કેવળીકા ક્ષાયિકકી બાત અહીંયા નથી. સમજમેં આયા?

અહીંયા તો નીચે દરજ્જામાં જો સમ્યગ્દર્શન સ્વરૂપ પરમાત્મા આનંદકા ધામ ઐસી દૃષ્ટિ હુઈ, એ દૃષ્ટિકો ઉપશમભાવ કહેતે હૈ, ક્ષયોપશમભાવ કહેતે હૈ ને ક્ષાયિકભાવ કહેતે હૈ. આ તો નીચલા, કયુંકિ ઉસકી તીનો બોલમેં જ્ઞાનકી કથન શૈલી આયેગી તો એ તીનોમેં ક્ષયોપશમજ્ઞાનરૂપ પર્યાય સ્વસંવેદન એમ કહેગા. સમજમેં આયા? તો કહેતે હૈ યે તીન ભાવ એ સમસ્ત રાગાદિસે રહિત, સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિકલ્પ ઉઠતે હૈ, ઉસસે ભી ભગવાન તદ્દન ભિન્ન પર્યાયમાં, દ્રવ્ય તો ભિન્ન હૈ હી સમજમેં આયા?

દ્રવ્ય તો પર્યાય રહિત હૈ પણ આ તો પર્યાય રાગ રહિત હુઈ સમજમેં આયા? (જી. પ્રભુ) આહાહા! ભારે વાત ભાઈ.

એનો માર્ગ તો ટૂંકામાં બહોત હૈ પણ લંબી લાંબી વાત કર દીયા હૈ ને તો ક્યાંય પત્તા નહિ ખાતા.

ત્રિકાળ જ્ઞાયકભાવકો વિષય કરકે ધ્યેય કરકે જો પર્યાય ઉત્પન્ન હુઈ તો કહેતે હૈ કે દ્રવ્યમેં તો ઓ પર્યાય હી નહિ. પણ ઓ પર્યાય મોક્ષમાર્ગકી જો પ્રગટ હુઈ. સમ્યગ્દર્શન આદિ ઓ પર્યાયમેં રાગ નહીં. શોભાલાલજી પાનુ રાખ્યું છે ને? એ પીછે ઘરે લે જાના બરોબર વાંચના, વિચાર કરના, આહાહા! તો કહેતે હૈ, ઐસે રાગાદિ રહિત હોનેકે કારણ દેખો, કારણ તો સિદ્ધ કરના હૈ બીજુ ભાઈ. પણ રાગાદિ રહિત કહ્યા હૈ ઓ ચીજ.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ઔર સ્વરૂપ તરફકા આચરણકી દશા ઓ તીનો પર્યાય, એ વિકલ્પ નામ અશુદ્ધતાસે રહિત હૈ. સમજમેં આયા? ઐસે હોનેસે ઈસકા કયા નામ દીયા દેખો "શુદ્ધ ઉપાદાન કારણભૂત" આ પર્યાયકી બાત હૈ સમજમેં આયા?

"શુદ્ધ ઉપાદાન કારણભૂત" એમ લીયા હૈ ને? આ પર્યાયકા શુદ્ધ ઉપાદાન દ્રવ્યકા શુદ્ધ ઉપાદાન ત્રિકાળી પહેલે આ ગયા યહાં તો ત્રિકાળ ભગવાન આત્મા, મૂળ માર્ગ પરમાત્માકા, ઓ દ્રવ્યકો ધ્યેય બનાકર જો પર્યાય ઉત્પન્ન હુઈ એ પર્યાય "શુદ્ધ ઉપાદાન કારણભૂત" હોનેસે, શુદ્ધ ઉપાદાન કારણ ઓલુ અશુદ્ધ કાઢી નાખ્યું ને ભાઈ. અશુદ્ધતા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જો વ્યવહાર રત્નત્રય હૈ વિકલ્પ ઓ તો અંદર પર્યાયમેં ( સે ) નીકાલ દીયા. સમજમેં આયા ?

ભગવાન આત્મા, અપના ધ્રુવ ધ્યેય ઉપર દૃષ્ટિ પડતે હી ઔર વર્તમાન જ્ઞાનકી પર્યાય ધ્રુવકો જ્ઞેય કરતે હિ ઔર સ્વરૂપમેં એકાકારકી ચારિત્ર દશા ઉત્પન્ન હોતે હી રાગકા અભાવ હૈ ઉસમેં. સમજમેં આયા ? એ વિકલ્પ વ્યવહાર રત્નત્રય કહેતે હૈ ને વ્યવહાર મોક્ષમાર્ગ વ્યવહાર મોક્ષમાર્ગ એ મોક્ષમાર્ગ વ્યવહાર હૈ હિ નહીં ઉસમેં તો એમ કહેતે હૈ ( તો કયા હૈ ફીર ઉસમેં ) ઓ રાગ એ બંધકા કારણ હૈ. બંધકા કારણકા પર્યાયમેં અભાવ હૈ, કયોંકિ આત્મા અબંધ સ્વરૂપ હૈ, મોક્ષ સ્વરૂપ હિ હૈ. શ્રીમદ્‌માં આવે છે ને ભાઈ કે " દિગંબરના આચાર્યે એમ માન્યું છે કે " આવે છે ? આવ્યું 'તું એક વાર સમજાય છે ? આત્મધર્મમેં આ ગયા હૈ એક વાર. ( મોક્ષ સમજાય છે ) જુઓ શ્વેતાંબરના આચાર્યની ત્યાં વાત લીધી જ નથી કારણકે એમાં છે નહીં સમજમેં આયા ? વ્યાખ્યાનસાર પાનું ૮૫૦–બોલ ૮૦, ૩૨ વર્ષ, અમુક આચાર્ય એમ કહેતે હૈ કે જુઓ શ્રીમદ્‌ને પણ ખ્યાલ આવી ગયો, શ્વેતાંબરની શૈલીનો ખ્યાલ એમણે છોડી દીધો ત્યાં– " અમુક આચાર્ય એમ કહેતે હૈ કે – દિગંબરના આચાર્યે ઐસા સ્વીકાર કીયા હે કે, દિગંબર સંતોએ આચાર્યે ઐસા સ્વીકાર કીયા હૈ કે – ( આચાર્યોએ ) હેં ? ( આચાર્યોએ ? ) દિગંબરના આચાર્યે – બહુ વચન છે ને ? દિગંબર સંતો સનાતન માર્ગકા સાધન, સાધક ઐસા મુનિઓ, કુંદકુંદ આચાર્ય આદિ સબ દિગંબર આચાર્યે, ઐસા સ્વીકાર કીયા હૈ કે હૈ તો ગુજરાતી " કે જીવનો મોક્ષ હોતા નહીં " જીવનો મોક્ષ થતો નથી એટલે હોતા નહીં સૂનો જરી વાત ( કાલ આ ગયા ) ત્રિકાળ ભગવાન આત્મા મુક્ત સ્વરૂપ હી હૈ. બંધ, બંધ વસ્તુમેં કૈસા ? બંધ તો પર્યાયની વાત બંધ તો પર્યાયસે આયા, બંધ તો.... પર્યાય હૈ નહિ ઉસમેં. બંધ સહિત દ્રવ્ય માનના ઓ તો મિથ્યાત્વમેં લે લીયા. સમજમેં આયા ? બંધ સહિત કહો કે અશુદ્ધતા સહિત કહો કે રાગ સહિત કહો સબ એક હી બાત હૈ. સમજમેં આયા ?

ભગવાન આત્મા અબંધ સ્વરૂપી પ્રભુ અબંધ સ્વરૂપ કહો કે અબંધ તો નિષેધસે આયા, મોક્ષ સ્વરૂપ કહો. એ તો મોક્ષસ્વરૂપ હી હૈ. ઐસે ભગવાન મોક્ષ સ્વરૂપી પરમાત્મા, આચાર્યોએ ઐસા સ્વીકાર કીયા કે " જીવકા મોક્ષ હોતા નહીં " લાલચંદજી ભારે વાત જુઓ અહીંયા દિગંબરકી બાત સનાતન સત્ય હૈ ઉસકો યહાં પ્રસિદ્ધ કરતે હૈ. સમજમેં આયા ? પરંતુ મોક્ષ સમજાતા હૈ મોક્ષ સમજાય છે ફકત જો વિકલ્પસે સહિત મેં થા ઐસા માન્યા થા એ માન્યતા, બંધ સહિતકી જો માન્યતા થી, માન્યતા થી એ છૂટ ગઈ. મુળચંદભાઈ ! ત્યાં કોઈ દિ ' સાંભળ્યું ય ન હોય ત્યાં આટલા વર્ષ ગાળ્યા વાડામાં– ( બધું પ્રત્યક્ષ કરી દીધુ છે આ ) હવે તો એને ઉત્સાહ થાય છે ને ? આહાહા !

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ભગવાન અહીં તો કહેતે હૈ જુઓ સીધી જ વાત છે બહુ સીધી છે કે જો વિકલ્પ જો રાગ હૈ, ઓ ભાવબંધ હૈ દ્રવ્યબંધકી બાત છોડ દો. કર્મકા બંધ ઉસે હૈ હિ નહિ ઓ તો પર હૈ. વિકલ્પ જો રાગ હૈ ઓ ભાવબંધ હૈ. ઓ ભાવબંધ કૈસે માન્યા કે " મૈં મુક્ત નહીં મૈં બંધા હું, ઐસી માન્યતામેં ઓ રાગ ઉભા 'થા. મૈં રાગ સહિત, ભાવબંધ સહિત હું, ઐસી માન્યતા કીયા થા. સમજમેં આયા ? ધનાલાલજી ( વસ્તુકા સ્વરૂપ ઐસા નહીં બહુ વસ્તુ સ્વરૂપકા આપને ખૂબ કહ્યા ) આપકે લીયે રખા થા ને ( આપકી કરુણા હૈ ) આહા. કલાસ માટે રખા થા. કીધુ આ કલાસમેં સૂને તો ખરા છત્તીસમાં વર્ષ હોતા હૈ યહાં જંગલમેં. ૩૬ માં ચોમાસા હૈ જંગલમેં, સૂને તો ખરા. આ તો જંગલ થા ને, હવે આ તો વસી ગયા અહીં તો જંગલ થાને ? એકીલા મકાન થા. અને અમારે આ જીવરાજજીના પાટ નીચે જંગલમાંથી આવી ગયુ હતું. જંગલનું જનાવર ( જંગલમાં મંગલ હૈ મહારાજ ) જંગલમાંથી જનાવર ઘૂસી ગયા થા ઉસકી નીચે થા. ખુલ્લા થા ને એ વખતે તો આ કયા કહેવાય વંડી ? વંડી ભી નહીં થી પહેલા અહીં આવ્યા ને વૈશાખ સુદ આઠમેં એકીલા મકાન એકીલા મકાન જંગલમેં, વંડી તો પીછે હુઈ ખુલ્લા અમારે જીવરાજજીની નીચે કોઈ શિયાળીયું કે કોઈ એવું જંગલી જનાવર આકરૂં નીચે ગરી ગયું 'તું, જંગલ હતાને તદ્દન જંગલ–મકાન તો ક્યાં થા.

અહીંયા છત્તીસમેં વર્ષે સૂને તો ખરા. ( અફર–નવનો આંક ) અફર. એક વાર આવ્યું 'તું છાપામાં હોં, છ ને ત્રણ નવ, આ ૩૬ વા ચોમાસા હૈ તો કાંઈ સૂને તો તત્ત્વ વીતરાગકા માર્ગ.

કહેતે હૈ કે મોક્ષ સમજાય છે, મોક્ષ હોતા નહીં. સમજમેં આયા ? " તે એવી રીતે કે જીવ શુદ્ધ સ્વરૂપી છે. " ભગવાન આત્મા તો પરમ શુદ્ધ સ્વભાવે વસ્તુ છે. શુદ્ધ સ્વરૂપી છે. અશુદ્ધ સ્વરૂપી તો માન્યતામેં કીયા થા ( પર્યાયની વિપરીતતા ) આહાહા ! ( મુક્ત હોય એ તો શુદ્ધ સ્વરૂપી જ હોય ને ? ) ત્રિકાળ વસ્તુ શુદ્ધ સ્વરૂપી હૈ, જીસકો બંધ હોતા નહીં શુદ્ધ સ્વરૂપમેં અશુદ્ધતા આતી હિ નહીં. અબંધકા અર્થ શુદ્ધ સ્વરૂપી ભગવાન ઉસમેં ભાવબંધ અશુદ્ધતા હોતી હિ નહીં. જુઓને વાત કેવી કરી છે. દિગંબર આચાર્યોએ ઐસા માન્યા હૈ કે, એમ કરીને સંતોકી બાત સત્ય પરમ પ્રસિદ્ધ કીયા હૈ ઐસી બાત કોઈ દૂસરે સ્થાનમેં હોતી નહિં.

કહેતે હૈ કે શુદ્ધ સ્વરૂપી હૈ ઉસકો બંધ હુઆ હિ નહિ તો પછી મોક્ષ થવાપણું ક્યાં રહે છે ? જ્યાં બંધ હિ હુઆ નહિ તો પછી મોક્ષ હોના કહાંસે આયા ? આહાહા ! સમજમેં આયા ? ભગવાનજીભાઈ ( અબદ્ધ – એ ઘણો સરસ ન્યાય ) શેઠીયા માર્ગ આ હૈ. કહેતે હૈ કે શુદ્ધ સ્વરૂપી હૈ ઉસકો અશુદ્ધતા હુઈ હિ નહિ. બંધસે અલગ કર દીયા ઉસકા અર્થ કયા ? ( અશુદ્ધતા નહીં થી ) અશુદ્ધતા હૈ હિ નહિ અશુદ્ધતા હુઈ હિ નહિ. તો પછી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોક્ષ હોવાપણું ક્યાં રહેતે હૈ ? હિંદી છે. હિંદી છે આપણે નહીં ઓલા વડવાવાળા જગદીશચંદ્રે હિંદી કર્યું છે – છે પણ આપણે આ હાલે અહીંયા.

પરંતુ ઉસને માનેલા હૈ દેખો, પણ ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપી બંધમેં હૈ હિ નહિ. શુદ્ધ હૈ ઓ અશુદ્ધ હુઆ હિ નહીં એમ કહેતે હૈ. છતાં માનેલા હૈ કે હું બંધાણો છું. માન્યતામાં બંધાયા હું ઐસા હિ માન્યા હૈ. કયોંકિ વસ્તુ તો શુદ્ધ ત્રિકાળી જ્ઞાયકભાવ હૈ. ઉસને માન રખા હે કે મૈં રાગ સહિત હું, રાગ સહિત હું, બંધ સહિત હું, ઐસી માન્યતા થી. આહાહા ! મણીભાઈ કહો સમજમેં આયા. સમજાય છે કાંઈ અમારી ગુજરાતી ભાષા આવી, સમજમેં આતે હૈ કે નહીં ? “ માનેલા હૈ કે મૈં બંધા હું ” ભાષા દેખો માન્યા હુઆ હૈ કે મૈં અશુદ્ધ હું, મૈં અશુદ્ધ હું, અશુદ્ધ હું કે બંધા હુઆ હું, એક હિ બાત હૈ. સમજમેં આયા ? “ એ માનવાપણું વિચારવડીએ કરીને સમજાય છે ” એ માન્યું ’તું ભગવાન શુદ્ધ સ્વરૂપી પ્રભુ શુદ્ધ તે દ્રવ્ય વસ્તુ અશુદ્ધ હુઈ હિ નહિ. પણ માન્યતામાં માની કે મૈં અશુદ્ધ હું, ઐસી માન્યતામેં મૈં બંધ હું, બંધ કહો કે અશુદ્ધ કહો એક હિ બાત હૈ. મૈં બંધ સહિત હું ઐસા માન્યા થા. “ એ માનવાપણું વિચારવડીએ કરી સમજાય છે. ” દૂસરી કોઈ ક્રિયાકાંડ નહીં. ક્રિયા વ્યવહાર, કષાયકી મંદતા ક્રિયા, ક્રિયા વ્રતની ક્રીયા ને ઉસસે આ ધર્મ ઐસા નહિ. શેઠ ! આ તમારે શેઠીયાઓ દાન આપે છે દસ–વીસ હજાર એ તો થોડા આપે કાંઈ એટલા બધા ન આપે ઝાઝા લાખ બે લાખ પાંચ લાખ આપી દે ? દસ વીસ હજાર ખર્ચે લાખ ખર્ચે લ્યો ને હમણાં ખર્ચ્યા થા ને ક્યાં તમારે સમજમેં આયા ? પણ કોઈ પચાસ સાઈઠ લાખવાળા પચાસ લાખ આપી દે ? અહીંયા તો કહે છે કે પૈસા મારા હૈ એ માન્યતા જ મિથ્યાત્વ છે.

આહાહા ! સમજમેં આયા ? ઓ તો ઠીક પણ ઉસમેં જો રાગ હૈ, એ રાગ સહિત હું રાગ સહિત હું, મૈં બંધાયેલા હું સમજમેં આયા ? ઐસી માન્યતા મિથ્યાત્વમેં હૈ, એ વિચારવડીએ ઓહો યહ ચીજ ? આ ચીજ બંધમેં હૈ નહિ, અશુદ્ધતા હૈ હિ નહીં ઉસમેં, સમજમેં આયા ? હેં ? કલ્પના હતી, માન્યતા હતી. સમજમેં આયા ? મિથ્યા માન્યતા, મૈં બંધ સહિત હું, ખરેખર એ ઈસકા વિષય હુઆ હિ નહીં સમજમેં આયા ? મિથ્યા માન્યતાકા યહ વિષય એ હુઆ હિ નહીં. સમ્યક્ આહાહા ! માન રખા મૈં અશુદ્ધ હું, મૈં બંધ હું એ મિથ્યાત્વ વિચાર વડીએ કરી સમજાય છે. જ્ઞાનદ્વારા સમજમેં આતા હૈ, કે મૈં બંધ નહિ. દેખો હજી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનકી બાત ચલતી હૈ, ચોથા ગુણસ્થાનકી બાત ચલતી હૈ. આહાહા ! ( ગુરુકે જ્ઞાનકે દ્વારા ) આત્માકે દ્વારા, આત્મા ગુરુ, આત્મા તીર્થ, આત્મા દેવ અને આત્મા ધર્મ. આત્મા દેવ કહો. સમજમેં આયા ? હૈ કે નહિ પાનુ હૈ કે નહિ, તે સમજાય છે કે મેરેકુ બંધન નહિ. આહાહા !

અશુદ્ધ, અશુદ્ધ મૈં હું ઐસી માન્યતા મિથ્યાત્વકી થી માન્યતા થી, હોં. કઈ શૈલી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમજે તો ખરા વસ્તુને સ્વતંત્ર વસ્તુ ઐસી હૈ એ તત્ત્વમેં અશુદ્ધતા કૈસી? ભાવબંધ કૈસા? ભાવબંધ મૈં હું ઐસી માન્યતા તો ઊભી કરી હતી, ઉસમેં નહીં હૈ સમજમેં આયા? ઐસી માન્યતા નવી ખડી ઊભી કરી હતી (ખડી ઊભી કરી હતી) બનાવટી, શાહુકાર નહિ અને શાહુકારકા ભેખ કરતે હૈ કે નહીં? બનાવટી ભેખ અજ્ઞાનીઓએ ઊભો કર્યો છે. ઉસકા સ્વરૂપ તો મુક્ત હૈ, રાગ અને વિકલ્પકા બંધસે રહિત હૈ. આહાહા! એય મનસુખભાઈ સમજાય છે કે નહિ? આ તમારા રાજકુમારને સમજાય છે કે નહિ આવું ઝીણું, ત્યાં પાલેજમાં કાંઈ મળે એવું નથી ત્યાં એ તો મનસુખભાઈ બહુ કહે એટલે એને (એક વાર સ્વાદ ચાખ્યો તે આવે વારંવાર) એને જિજ્ઞાસા થઈ ત્યારે આવ્યા ને? આવ્યા તો ખરાને.

શું પણ વાત? દરિયા ડોલ્યા અંદરથી આનંદકંદ પ્રભુ છે. એવી જ્યાં માન્યતા જ્ઞાનથી થઈ મેરે બંધન નહિ. કર્યોકિ બંધ અને અશુદ્ધતા તો ભિન્ન તત્ત્વ હૈ, એ દ્રવ્ય સાથે એકતા હૈ નહિ. સમજમેં આયા?

"તે મને બંધન નથી" અર્થાત્ મેરેકુ અશુદ્ધતા નહિ. આહાહા! એ જયકુમારજી (બહુ સરસ) બહુ સરસ? આ તમારે ગરબડમાંથી આ બધી વાત (સ્વીકાર કરે છે) બરોબર પાનુ વાંચવાનો ભાવ એવો થયો. જ્ઞાનચંદજી ચાલ્યા ગયા (આ એટલા માટે રોકાઈ ગયા) આહાહા! રોકાઈ ગયા, જિજ્ઞાસા છે ને? કયા કહેતે હૈ? "દિગંબરના આચાર્યોનું એમ માનવું હૈ કે, જીવકો મોક્ષ હોતા નહિ." આહાહા! કર્યોકિ ઉસમેં અશુદ્ધતારૂપી બંધનભાવ હૈ નહિ. માન્યતારૂપે માન્યાતા કે મૈં અશુદ્ધ ને ભાવબંધરૂપ હું, એ જ્ઞાન વડે સમજાયાથી રાગ મૈં નહિ, અશુદ્ધતા મૈં નહિ, મૈં તો ત્રિકાળી આનંદકંદ હું. ચીમનભાઈ આ તો સમજાય એવું છે હોં આ તો સાદી ભાષામાં છે પણ ભાવ ભલે ઊંચા હો.

"મને બંધન નથી" ધર્મીને જ્યાં સ્વભાવ ઉપર દૃષ્ટિ પડી, ત્યાં ઓ તો મુક્ત સ્વરૂપ હિ હૈ, મેરે બંધન હૈ નહિ. આહાહા! અશુદ્ધતા હૈ હિ નહિ. બંધન કહો કે અશુદ્ધતા કહો એક બાત હૈ કે નહિ? એય ધનાલાલજી! અશુદ્ધતા કહો કે બંધન કહો એક બાત હૈ કે ફેર હૈ? (અશુદ્ધતા કહો કે બંધન કહો ઉસમેં કયા ફરક હૈ?) ભાઈ! આસ્રવ સહિત હું કહો, બંધ સહિત હું કહો, મૈં બંધા હુઆ કહો, મૈં અશુદ્ધ સહિત હુ કહો એ માન્યતા થી. સમજમેં આયા? એ માનવાપણું એ માનવા હુવાપણા શુદ્ધ સ્વરૂપ સમજાયાસે રહેતા નહિ. ઐસી માન્યતા શુદ્ધસ્વરૂપ ભગવાન આત્મા ઐસે જાનનેમેં આયા, એ માન્યતા મૈં અશુદ્ધ હું, ભાવબંધ હૈ, ઐસી બાત રહેતી નહિ. સમજમેં આયા? દેખો સમ્યગ્દૃષ્ટિકા ધ્યેય, વસ્તુ ઓ બંધ રહિત હૈ. સમજમેં આયા? આહાહા!

આમાં એવું લખ્યું છે શુદ્ધસ્વરૂપ સમજવાથી, પણ સમજાયાથી મૂળ શબ્દ જોઈએ એ માનવાપણું, ગાંઠ જે મિથ્યાત્વની થી કે મૈં અશુદ્ધ હું, અશુદ્ધ તત્ત્વ તો ભિન્ન હૈ, તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાયક સાથે અશુદ્ધતા મીલાયા માન્યતાએ ( બરાબર ! અશુદ્ધ થઈ કેમ થઈ શકે ) સમજમેં આયા ? માને તો માન્યતા શુદ્ધસ્વરૂપ સમજાયાથી રહેતી નહિ, અર્થાત્ મોક્ષ સમજાય છે. મોક્ષ સમજાતા હૈ મોક્ષ સમજાતા હૈ, મોક્ષ હોતા નહિ સમજમેં આયા ? પંડિતજી, " આ વાત શુદ્ધનયની નિશ્ચયનયની હૈ " વાસ્તવિક તત્ત્વદૃષ્ટિકા વિષય હૈ. " પર્યાયાર્થિકનયવાળાઓ આચરણ કરે તો રખડી મરે. " રાગ ઉપર લક્ષ હૈ, પર ઉપર લક્ષ હૈ, ને પછી આચરણ કે હમ શુદ્ધ હૈ, શુદ્ધ હૈ, ઐસા હોય તો મરી જાયેગા, ચાર ગતિમાં રખડેગા, એમ કહેતે હૈ. શ્રીમદ્ રાજચંદ્ર ( પત્ર હૈ ) ઠીક ઠીક આવ્યું ત્યાં વ્યાખ્યાનસાર ૮૫૦ પાનું ૮૦ મો બોલ. ૩૨ વર્ષે.

એક તત્ત્વમેં દૂસરા તત્ત્વો માન્યા થા એમ કહેતે હૈ. એક તત્ત્વમેં દૂસરા તત્ત્વ મેરા હૈ ઐસા માન્યા 'તા હુઆ હિ નહિ હૈ, ઐસા કહેતે હૈ જ્ઞાયક તો જ્ઞાયક હિ ત્રિકાળ રહા હૈ. આવે છે ને ભાઈ પ્રવચનસારમાં, પ્રવચનસારમેં બસે ગાથા આખિરમેં ભગવાન આત્મા જ્ઞાયક શુદ્ધ તો શુદ્ધ હિ રહા હૈ. જ્ઞાયક તો જ્ઞાયક હિ રહા હૈ, અન્ય રીતે અધ્યવસિત હુઆ હૈ. ઓ બાત યહાં. ક્યાંનું ક્યાં આવ્યું. આ તો અત્યારે આયા ખ્યાલ ખબર, ક્યાંથી ક્યાંનું ક્યાં આવ્યું લ્યો દોસો ગાથા દેખો. આખીર " શુદ્ધ આત્મા સહજ અનંત શક્તિવાળા જ્ઞાયકભાવ વડે એકરૂપતાને છોડતા નહિ અનાદિ સંસારથી આ સ્થિતિએ જ્ઞાયકભાવપણે રહ્યો હૈ " ટીકા અમૃતચંદ્રાચાર્યકી હૈ બસે ગાથા પ્રવચનસાર દોસો ગાથા ઉસકી ટીકા કયા કીયા ? મૈં તો અનાદિ સંસારસે જ્ઞાયકભાવપણે જ આત્મા રહા હૈ ટીકા હૈ. " ઔર ઐસા હોને પર ભી મોહસે અન્યથા અધ્યવસિત થાય છે. " લ્યો ભાઈ આ તો બરાબર આવ્યું હૈં ? સમજમેં આયા ? એ જ વાત લીધી છે, આચાર્યોએ દિગંબર આચાર્યે ક્યાંનું ક્યાં આવ્યું જુઓ આ તો ખબરે ય નહિ, હોં. આપણને ખબર નહિ આચાર્યોએ કયા ? આત્મા તો જ્ઞાયકભાવે જ રહા હૈ ઓ જ્ઞાયક મિટકર દૂસરા હુઆ નહિ. અનાદિસે પણ મોહવડે નામ મિથ્યાત્વદ્વારા ઓહોહો ! દેખો વાહ ! ક્યાંનું ક્યાં મળ્યું દેખો કુદરતે. આ તો મોહ મિથ્યાત્વ વડે અન્યથા અધ્યવસિત હોતા હૈ. મિથ્યાત્વ વડે બીજી રીતે, દૂસરી રીતે જાનનેમેં આતા હૈ સમજમેં આયા ? જુઓ આ અમૃતચંદ્ર આચાર્યકી ટીકા દિગંબર સંતકી એ એમ કરીને એ તો જ્ઞાયક તો જ્ઞાયક હિ રહા હૈ સમજમેં આયા ? પણ મિથ્યાત્વ દ્વારા અન્યથા અધ્યવસિત, અન્યથા નિર્ણય ઉસને અજ્ઞાનીએ કીયા હૈ, ઐસા હૈ નહિ. મુળચંદભાઈ આહાહા !

દિગંબર સંતોએ કેવળજ્ઞાનના પેટ ખોલીને મૂકયા છે. પણ ઉસકી દૃષ્ટિ જાતી નહિ અને ઓ વાત ઉસકો અંદર બેઠતી નહિ અંદર મૈં અશુદ્ધ હું, મૈં અશુદ્ધ હું, મૈં અશુદ્ધ હું સમજમેં આયા ? ( ગુરુ મિલેગા તબ બેઠેગી ) એ આત્મા અંદરમાં ધ્યાન કરેગા તબ બેઠેગી, તબ ગુરુ મિલા હૈ ઐસા વ્યવહારે આરોપ દેનેમેં આતા હૈ નિશ્ચય હુઆ તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યવહારનો આરોપ લેવામાં આવે છે. આહાહા! સમજમેં આયા? જુઓ સંસ્કૃત હૈ હોં "स्थितं मोहेनान्यथाध्यवस्यमानं शुद्धात्मानमेष मोहमुत्खाय" (એ તો ઉખાડી નાખવું પડશે) આ હું, મેરી માન્યતામેં જો થા કે મૈં અનેરા અધ્યવસાય કીયા, કે મૈં અશુદ્ધ હું, ઓ મોહકો મૈં ઉખેડી નાખતા હું. ઐસા ટીકા હૈ, એ મોહકો મૈં છોડ દેતા હું. મૈં અશુદ્ધ હું યે હૈ હિ નહિ એ વજુભાઈ, જુઓ અહીંને અહીં સાક્ષી આપી આચાર્યોએ ક્યાં કહ્યું છે? આ ખબર નહિ વળી આચાર્યોએ કહ્યું ભાઈ, આ બસેમી ગાથામાં કહ્યું છે. અહીંને અહીં સાક્ષી હો ગઈ. સાક્ષી હો ગઈ વળી કહાંસે કહાં આયા? મોહથી અન્યરીતે અધ્યવસિત હોતા હૈ, ઐસા હુઆ નહિ, હૈ તો જ્ઞાયકરૂપી જ્ઞાયકભાવ, મિથ્યાત્વસે અનેરા અધ્યવસાય, નિર્ણય કીયા હૈ, એ મોહકા નિર્ણયકો છોડ દે, હૈ હિ હૈ. સમજમેં આયા?

આપણે અહીંયા આવ્યા દેખો અહીં રાગાદિસે રહિત ઉસમેંસે એ સબ આયા. સમસ્ત રાગાદિસે રહિત એટલે કોઈ એમ કહે રાગાદિસે રહિત અરે સૂન તો સહી, ત્રિકાળ રાગસે રહિત હિ હૈ. સમજમેં આયા? ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાયકભાવ તો ત્રિકાળ ઐસા ને ઐસા રહા હૈ, અન્યથા નિર્ણય જો કીયા થા મોહ દ્વારા, મિથ્યાત્વ દ્વારા મૈં અશુદ્ધ મૈં અશુદ્ધ મૈં અશુદ્ધ, મૈં ભાવબંધ, ઐસા કીયા થા, ઓ છોડ દીયા ઓ સમસ્ત રાગાદિસે રહિત હોનેકે કારણ, "શુદ્ધ ઉપાદાન કારણભૂત હોનેસે" એ પર્યાય, પર્યાયમેં જો અશુદ્ધતા માની થી ઐસી જો દૃષ્ટિ થી વો છૂટ થઈ. કયુંકિ ત્રિકાળ પારિણામિક સ્વભાવ તરફકા વિષય ધ્યેય કરનેસે. ઉસકો ધ્યેય બનાનેસે છૂટતા હૈ, છૂટતા હૈ, છોડતા નહિ, છૂટ જાતા હૈ. ભ્રાંતિ, ભ્રમ જો હૈ કે મૈં અશુદ્ધ હું, બંધ હું, ઈસકી ઉત્પતિ જો હુઈ હૈ, ઉસકા ઉત્પત્તિકા નાશ તો સહજ બીજે સમયે હોતા હિ હૈ, કરના પડતા હૈ નહિ ને નિમિત્તપણા ઉસમેં હૈ નહિ કયા કીયા. (ફરીને)

ફરીને જો મોહસે એકત્વ માના થા ઐસી જો એક સમયકી પર્યાય દૂસરે સમયે વ્યય હોગી હોગીને હોગી. કહો તો ઉસમેં આત્માકા કોઈ પુરુષાર્થ કીયા, નિમિત્ત હુઆ ને નાશ હુઆ ઐસા હૈ નહિ. (ક્ષણિક ઉપાદાન) ક્ષણિકકા અર્થમેં મર્મ હૈ જરી થોડા રહસ્ય કે મોહ જો અધ્યવસાન નક્કી કીયા થા ઓ ભાવ તો ભાવ હૈ, હવે ઓ તો દૂસરે સમયે પર્યાય હૈ તો પર્યાયકા નાશ હોતા હૈ. તો ઓ પર્યાયમેં અપના ધ્યેયકા પરિણામ હોકર, જો ઉત્પત્તિ હોની થી મિથ્યાત્વકી, એ ન હુઈ, આ ઉસકો મિથ્યાત્વકા નાશ કીયા ઐસા કહનેમેં આતા હૈ (ન હુઈ – ન હુઈ) આ ઇ મર્મ છે, એ હિરાભાઈ. સમજાય છે કાંઈ?

શુદ્ધ ઉપાદાન પર્યાય ઉસને ધ્રુવકો ધ્યેયમેં લીયા કે મૈં તો શુદ્ધ ત્રિકાળી જ્ઞાયકભાવ હું. ઐસે લીયા તો મિથ્યાત્વકી ઉત્પત્તિ હુઈ નહિ પહેલે જો મિથ્યાત્વ થા વો તો ઉસકે કારણસે નાશ હોતા હિ હૈ પર્યાયકા ધર્મ હૈ કે દૂસરે સમય રહેતે નહિ. સમજમેં આયા? પણ જો મિથ્યાત્વકા નિર્ણય થા, ઓ જ્ઞાયકભાવકા જ્યાં સન્મુખ નિર્ણય હો ગયા, તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

મિથ્યાત્વકી ઉત્પત્તિ નહિ હુઈ, આ ઉસકો મિથ્યાત્વકા નાશ કીયા ઐસા કહેનેમેં આતા હૈ. નાશ કીસકો કરે ? નાશ કરે ઐસા ભગવાન આત્મામેં તો હૈ નહિ. ( અકર્તા શું નાશ કરે ) કર્તાપણા, રાગના નાશનું કર્તાપણું આત્મામાં હૈ નહિ. નાશના કર્તાપણાનું હૈ નહિ હોં ? ( એકરૂપ સ્વભાવ ) ઐસી ચીજ હૈ. સમજમેં આયા ?

ઘણી વાત કરી હોં અને પહેલે બોલમેં ઐસે લીયા શરૂઆતમેં લીયાને કર્તા ભોક્તા નહિ ભાઈ. પહેલે શરૂઆતમેં આયાને ? ( અકર્તૃત્વ અભોક્તૃત્વ ) અકર્તૃત્વ અભોક્તૃત્વ પહેલે, ઉસમેં ઐસા લે લીયા કે ભગવાન આત્મા, જૈસે યહાં અધ્યવસાયસે માના થા, ઐસે ભગવાન આત્મા ત્રિકાળી શુદ્ધ હૈ, ઓ પરકા કર્તા તો નહિ પણ રાગકા કર્તા ભી નહિ. સમજમેં આયા ? જો રાગકા કર્તા દ્રવ્ય હો તો ત્રિકાળી રાગ કરનેમેં ઉસકી દૃષ્ટિ હો જાય તો કભી સમ્યગ્દર્શન હોતા નહિ સમજમેં આયા ? આ એ જ વાત તો આવી ગઈ કે અશુદ્ધતા, વિકાર જો હૈ ઓ તો માન રખ્ખા થા કે હમારા હૈ, ઓ દૃષ્ટિ છૂટ ગઈ તો આત્મા રાગકા કર્તા તો નહિ પણ રાગકા નાશ કર્તા ભી નહિ, કયુંકિ રાગકા નાશ કરનેમેં નિમિત્ત આત્મા હૈ, ઐસા હૈ નહિ. કર્તાપણામાં નિમિત્ત નહિ તો નાશકર્તામાં પણ નિમિત્ત નહીં. સમજમેં આયા ? જે રાગકા કર્તા અજ્ઞાનપણે માન્યા થા, પરદ્રવ્યકી પર્યાય તો કર્તા નહિ, પણ પરદ્રવ્યકી પર્યાયમેં નિમિત્ત હોતા હૈ જો રાગ ને કંપન, ઉસકા હિ કર્તા જ્ઞાની નહિ. અજ્ઞાની માનતે હૈ કે રાગ ને કંપન મેરા હૈ, ઐસા માન્યતાવાળા જીવ દૂસરા દ્રવ્યકી પર્યાયકે કાળમેં, એ માન્યતાવાળા જીવકી પર્યાય નિમિત્ત હોતી હૈ. નિમિત્ત કહેનેમેં આતા હૈ સમજમેં આયા ?

આ તો ઇ ને ઇ વાત. રાગ ઔર કંપન હૈ ઓ તો અશુદ્ધતા હૈ બરોબર હૈ ? ( હા બરાબર ) તો અશુદ્ધતા સહિત હું, ઐસી માન્યતા જીસકી હૈ, યહ મિથ્યાદૃષ્ટિ જીવ રાગકા અને કંપનકા કર્તા હોતા હૈ. ઔર ઓ મિથ્યાદૃષ્ટિકા રાગ અને કંપન, અશુદ્ધ પર્યાય દૃષ્ટિ ત્યાં હૈ ઓ કારણસે જગતકી, જડકી આદિ પર્યાય હોતી હૈ ઉસમેં અજ્ઞાનીકો નિમિત્ત કર્તાકા આરોપ દેતે હૈ. જ્ઞાનીકો નિમિત્ત કર્તા ભી નહિ આહાહા ! કયૂંકિ રાગ અને કંપનસે ભિન્ન અશુદ્ધ ભાવ હૈ ને વો ભાવ બંધ હૈ ને વો ? તો ભાવ બંધતો માન્યા થા એ માન્યતા છૂટ ગઈ મૈં તો જ્ઞાયક શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય હું, ઐસી દૃષ્ટિ હુઈ તો કંપન અને રાગસે મુક્ત હુઆ. એ રાગકા કર્તા ભી નહિ ઔર રાગકા નાશ કર્તા ભી નહિ. સમજમેં આયા ? ભારે વાત ભાઈ. ઓહોહો !

કહેતે હૈ, યે શુદ્ધ ઉપાદાન હોનેસે મોક્ષકા કારણ હૈ. કોણ ? જો તીન ભાવરૂપ મોક્ષકા માર્ગ ઓ અંતર ધ્રુવ સ્વભાવકો અવલંબન લેકર, મિથ્યાત્વકી પર્યાયકા નાશ હો ગયા, ઉત્પન્ન નહિ હુઆ ઓ. યે જો સમ્યગ્દર્શન જ્ઞાન શાંતિકી પર્યાય ઉત્પન્ન હુઈ ઓ તીન ભાવરૂપે હૈ, એ શુદ્ધ ઉપાદાન કારણભૂત પર્યાય હૈ, એ મોક્ષકા કારણ ઓ હૈ. મોક્ષકા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કારણ હૈ, દેખો, રાગાદિ વિકલ્પ ફિકલ્પ ઓ મોક્ષકા કારણ નહિ. બે મોક્ષકા કારણ ઐસે અહીં નહીં લીયા. એક હિ મોક્ષકા કારણ હૈ દૂસરા મોક્ષકા ( કારણ ) હૈ નહિ. ભારે પણ કોણ જાણે એવા ગરબડ કરે છે ને ? બે મોક્ષકા કારણ કહા, હવે સૂન તો સહિ, એ તો કથનકી શૈલી હૈ. નિરૂપણ બે પ્રકારે હૈ, વસ્તુ બે પ્રકારે નહિ.

કયા કહેતે હૈ દેખોને ! ભગવાન આત્મા વ્યવહાર રત્નત્રય તો ઉદયભાવ હૈ. સમજમેં આયા ? ઉદયભાવ સહિત હું ઐસા જ્યાં લગ માનતે હૈ ત્યાં લગ તો મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહા ! સમજમેં આયા ? અહીંયા તો ઉદયભાવ તો નહિ પણ આ એક સમયકી પર્યાય શુદ્ધ હું ઉસસે રહિત મેરી ચીજ હૈ. ઐસી જબ દૃષ્ટિ હુઈ તો નિર્મળ પર્યાય ઉત્પન્ન હુઈ મલિન પર્યાય ઉત્પન્ન ન હુઈ ઔર નિર્મળ પર્યાય ઉત્પન્ન હુઈ વો મોક્ષકા કારણ ઓ નિર્મળ પર્યાય હૈ. નિશ્ચય મોક્ષમાર્ગ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકવાળી પર્યાય તે જ મોક્ષકા કારણ હૈ. વ્યવહાર રત્નત્રય મોક્ષકા કારણ હૈ નહિ એમ યહાં સિદ્ધ કર દીયા હૈ. હૈ કે નહિ ઉસમેં વો ? ( હૈ મગર હમકો તો દીખતા નહિ ? ) આપ હવે દેખો. દેખનેવાલા દેખેગા, દૂસરા કૌન દેખેગા ( ઈસલીયે આપકી પાસ આયા હૈ ) સમજમેં આયા ? પાસ તો અપના સમીપમેં જાના, ઓ પાસ હૈ. આહાહા !

" પરંતુ, શુદ્ધ પારિણામિકભાવ નહિ. " મોક્ષકા કારણ દ્રવ્યસ્વભાવ ત્રિકાળી નહિ. આહાહા ! સમજમેં આયા ? મોક્ષકા કાર્ય, ઉસકા કારણ, પારિણામિક ધ્રુવ ચીજ ઉસકી દૃષ્ટિ જ્ઞાન ને રમણતા, જીસકો યહાં તીન ભાવ કહા, વો મોક્ષકા કારણ હૈ. વ્યવહાર મોક્ષકા કારણ નહિ અને દ્રવ્ય મોક્ષકા કારણ નહિ ક્યા કિયા ? ( વ્યવહાર મોક્ષકા કારણ નહિ, દ્રવ્ય મોક્ષકા કારણ નહિ ) વ્યવહાર કારણ નહિ એ તો રાગાદિ રહિતમેં આ ગયા. હવે અહીંયા શુદ્ધ પારિણામિક નહિ, ઓ દ્રવ્ય આ ગયા. સમજમેં આયા ? ભારે પણ અલૌકિક ગાથા ગોઠવી છે હોં. વસ્તુના સ્વરૂપને આચાર્યે જંગલમાં રહીને ખજાના ખોલ દીયા હૈ, ખજાના ( જંગલમાં ખજાના ખોલવા જ ગયા હતા ).

એ શુદ્ધ પારિણામિક નહિ, ક્યૂં નહિ ? એ મોક્ષકા કારણ નહિ, કોણ ? ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ મોક્ષકા કારણ નહિ એ તો મોક્ષ સ્વરૂપ હી હૈ. ત્રિકાળ. ( સ્વરૂપ હી હૈ ત્રિકાળ ) સમજમેં આયા ?

" જો શક્તિરૂપ મોક્ષ હૈ " લ્યો હવે પારીગ્રાફ આયા. જો શક્તિરૂપ મોક્ષ હૈ. શક્તિ એટલે પૂરણ મોક્ષ સ્વરૂપ ધ્રુવ હૈ, એ તો મોક્ષ પહેલેસે હૈ. ( અનાદિકા ) અનાદિસે યે તો શુદ્ધ પારિણામિક હૈ. શક્તિરૂપ મોક્ષ જો હૈ ત્રિકાળ જો અહીંયા કહા ને કે આત્માકી મુક્તિ હોતી નહિ મુક્ત હું ઐસા સમજમેં આતા હૈ. રાગસે બંધા નહિ, માન્યતામેં થા કે મૈં રાગ સહિત હું, અશુદ્ધ હું ઐસી દૃષ્ટિ થી. જુઓ દૃષ્ટિકા વિષયમેં કહાં જોર જાતા હૈ. ઓલામાં કયાં પર્યાયમાં જોર જાય છે એની એને ખબર પડતી નથી. એ જયકુમારજી સૂક્ષ્મ ભાવ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હૈ શાસ્ત્રસે ચર્ચા કરતે કરતે દોષ દેખા હૈ કે નહીં દોષ દેખા હૈ કે નહીં ? અરે સૂન તો સહિ. ( દૃષ્ટિમેં જોર કહાં જાતા હૈ ) આહાહા ! પછી આવે. જાણે. જણાય-જણાય-જણાય પણ એમાં જોર ક્યાં ? જણાય છે માટે દોષકા નાશ હોતા હૈ ?

દોષકા નાશકી ઉત્પત્તિ તો સ્વભાવકા આશ્રય લેતે હૈ તો ઉત્પત્તિ નહિ હોતી. સમજમેં આયા ? ( જાણે તો દોષ સહેજે છૂટી જાય છે ) એય તમારી કડી મૂકી એઈ જયકુમારે આ તો સમજનેકી બાત હૈ.

એ તો વ્યવહારકા કથન ઐસા આવે. બાત ઉત્પત્તિ દોષકી ન હો, કિસકે આશ્રયસે ? ( ત્રિકાળીને આશ્રયે ) ભગવાન ચિદાનંદ પ્રભુ શુદ્ધ ધ્રુવકા માહાત્મ્ય આયા ઔર દૃષ્ટિ ઓ પર પડી, ઉત્પન્ન નહિ હોગા, જીતને અંશે અંતર એકાગ્રતા હોતી હૈ ઉતને અંશે અશુદ્ધતા ઉત્પન્ન નહિ હોતી. અશુદ્ધતાકા નાશકા ઉપાય આ આત્મદ્રવ્ય હૈ. સમજમેં આયા ?

કહેતે હૈ, જો શક્તિરૂપ મોક્ષ હૈ. આ તો મોક્ષકા કારણ કહાને ? તો કૌન ક્યા પર્યાયમેં મોક્ષ હોતા હૈ ઉસકી બાત ચલી ઔર શક્તિરૂપ મોક્ષ જો હૈ ત્રિકાળ- જો પહેલે કહા મોક્ષસ્વરૂપ હિ હૈ વહ પારિણામિક સ્વભાવ ઓ તો ત્રિકાળ મુક્ત સ્વરૂપ હિ હૈ. ઓ તો શુદ્ધ પારિણામિક હૈ. એ તો પ્રથમસે વિદ્યમાન હૈ ( પ્રથમસે વિદ્યમાન ) એ તો મોક્ષ તો પ્રથમસે હિ વિદ્યમાન ત્રિકાળ હૈ- ( પ્રથમસે ' હિ ' લગા દીયા ) અનાદિસે હૈ. ' હિ ' લગા દિયા, સમજમેં આયા ?

અમારા રાજમલજી બહોત ખુશી હોતા હૈ. દેખો. પ્રથમસે હિ વિદ્યમાન હૈ, ક્યા કહેતે હૈ ? મોક્ષ તો પહેલેસે હૈ. શક્તિરૂપ મોક્ષ તો પહેલેસે હૈ. આહાહા ? સમજમેં આતે હૈ ને રામદાસજી. એય પ્રકાશદાસજી ક્યાં ગયા ? પાના હૈ કે નહિ-પાનું ? ( હૈ ) અચ્છા. સમજનેકા પ્રયત્ન, મહેનત જોઈએ. સમજમેં આયા ?

એ તો ભાઈ અનાદિની ભૂલ હોય, હોય તેથી ક્યા ? એ ભૂલ હિ મેરેમેં નહિ ને એ કહેતે હૈ અહિંયા તો દેખો ( રાગ ભાવ ઉસસે થઈ જાય છે, એ તો કલ્પના છે. ) આહાહા ! સમજમેં આયા ? ભૂલ હિ નહિ મેરે, ભગવાનમેં ભૂલ કૈસી ? ( ભગવાનકો ભૂલ ? ) ભગવાનકો ભૂલવાળા માનના ઓ મિથ્યાત્વભાવ હૈ. આહાહા ! સમજમેં આયા. ? ( કુછ ખબર નહિ પડતી આપ ક્યા કહેતે હૈ ) ક્યા કહે રહે હૈ ? અચ્છા, એ કહે રહે હૈ કિ ભગવાન શુદ્ધ સ્વરૂપી પ્રભુ, ઉસકો અશુદ્ધ કહેના, ભૂલવાળા કહેના, યે ભૂલવાળા દ્રવ્ય હૈ ઐસા કહેના, ઓ મિથ્યાત્વ ભાવ હૈ ( વાહ રે વાહ- દાંડી પીટીને )

એ તો અશુદ્ધતા રહિત હૈ ને અશુદ્ધતા માનના કહો કે ભૂલ રહિત હે ને ઉસકો ભૂલ સહિત માનના કહો, એ તો એક હિ ચીજ હૈ. આ તો દૂસરી રીતે કથન હુઆ. આવો કહે છે કે ભાઈ મોક્ષનો માર્ગ, આવી કથા હોગી ? ઈસમેં કોઈ ઐસા, ફૈસા ને ફલાણું- ( એ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

તો કહે ગયા હૈં પાંચમી ગાથામેં, પ્રતિજ્ઞા કરી છે કુંદકુંદ આચાર્યે– મૈં તો શુદ્ધ કહુંગા એતો પ્રતિજ્ઞા મૈં તો શુદ્ધ સ્વરૂપ કહુંગા, તો કૈસા શુદ્ધ હૈ? કે જીસમેં પર્યાય પ્રમત્ત–અપ્રમત્ત નહિ ઐસા હિ યે શુદ્ધ હૈ, એ છઠ્ઠી ગાથામેં શુદ્ધ કહે દીયા હૈ? કે કૈસા શુદ્ધ હૈ કે જીસકો જાનના ચાહિયે. ભગવાન ઉત્તર દેતે હૈ કુંદાકુંદાચાર્ય, પરમેશ્વર હૈ ને? આચાર્ય પદમેં હૈ ને? પંચ પરમેષ્ટિમેં હૈ આહાહા! કિસકો શુદ્ધ કહેતે હૈ આપ? ઈસકો હમ શુદ્ધ કહેતે હૈ જીસમેં અપ્રમત્ત–પ્રમત્ત પર્યાય નહિ, જીસમેં નિર્મળ પર્યાય અને મલિન પર્યાય નહિ હૈ, ઉસકો હમ શુદ્ધ કહેતે હૈ. પ્રમત્ત–અપ્રમત્ત ચૌદ ગુણસ્થાનેય નહિ જીસમેં. ( ક્યાંથી હોય ) સમજમેં આયા? ઈસકો હમ શુદ્ધ કહેતે હૈ. એ શુદ્ધ તરફકી સેવા કરકે ઔર નિમિત્તકા લક્ષ અને પરકા લક્ષ છોડકર, દ્રવ્ય લક્ષમેં આયા, સેવા કીયા તો શુદ્ધ હૈ, છતાં આ શુદ્ધ હૈ ઐસી પર્યાય ભી દ્રવ્યમાં નહિ. ( નહિ નહિ ) સમજમેં આયા. ?

ઓ તો આ ગયા ઉસમેં બહોત ખુલાસા સમજમેં આયા? પ્રથમસે હિ વિદ્યમાન હૈ– “ હિ ” ભગવાન તેરે મુક્તિ તો પહેલેસે અનાદિસે હિ હૈ અંદર ( જૈન દર્શનમેં “ હિં ” નહિ વપરાય છે મહારાજ ) આ ‘ હિ ’ વપરાય છે દેખો, આ ક્ષુલ્લકજીએ કહા કે ‘ હિ ’ આયા ઉસમેં. “ હિ ” જોરદાર આયા. ‘ હિ ’ આયાને “ હિ ” ( હિ આવે જૈન દર્શનમાં ) નિત્ય હૈ તો નિત્ય હિ હૈ, નિત્ય હૈ તો અનિત્ય બી હૈ, ઐસા હૈ? ( આપ ફરમાવો ) શુદ્ધ ધ્રુવ તો ધ્રુવ ‘ હિ ’ હૈ. વળી અશુદ્ધ બી હૈ ઐસા હૈ નહિ. ( સમ્યક્ એકાંત ) સમ્યક્ એકાંત પંડિતજી કહે, આહા! માર્ગ ઐસા હૈ ભગવાન, સમજણમાં તો લે, વાત જ્ઞાનમાં તો લે ઉસકા ખ્યાલમેં તો લે કે માર્ગ આહાહા! અલૌકિક માર્ગ. લૌકિકમેં ક્યાંય મિલતે નહિ. દિગંબર સંપ્રદાય સિવાય દૂસરે આ વાત છે નહિ અને દિગંબર સંપ્રદાયમેં અભી તો ક્યા હોતા હૈ સંપ્રદાયકે નામે રાજમલજી.

શરીરકી ક્રિયાસે ધર્મ હોતા હૈ, ઐસા તો પ્રશ્ન ચલતે હૈ ગજબ વાત પ્રભુ... એ જૈન દર્શનમેં ઐસી બાત કલંક હૈ એઈ શોભાલાલજી! શરીરકી ક્રિયાસે ધર્મ હોતા હૈ, અરે ભગવાન શું કહે છે તું. અશુદ્ધતા દયા દાન વ્રત ભકિત પરિણામસે ધર્મ હોતા હૈ એ બી વસ્તુમેં નહિ અને એ અશુદ્ધતા વસ્તુય નહિ. અશુદ્ધતાસે ધર્મ હોતા હૈ યે તો નહિ. પણ એ અશુદ્ધતા વસ્તુમેં નહિ. સમજમેં આયા?

ઐસી વસ્તુકી દૃષ્ટિ ઓર જ્ઞાન ઔર સ્થિરતા ઓ મોક્ષકા કારણ હૈ પણ પરમ સ્વભાવ નહિ. ક્યૂંકિ શક્તિરૂપ મોક્ષ તો ત્રિકાળ હૈ. “ યહ તો વ્યક્તિરૂપ મોક્ષકા વિચાર ચલ રહા હૈ. ” પ્રગટરૂપ દશાકી બાત ચલ રહી હૈ. પારીગ્રાફ પીછે આયેગા.

વિશેષ આયેગા.

પરમ પરિણામિકભાવના દર્શન દ્વારા મોક્ષપાતાળ પહોંચવાના અફર સંદેશા આપનાર મુક્તિદૂત શ્રીસદગુરુદેવનો જય હો.

* * * * *

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન નં. - ૧૦ ગાથા ૩૨૦ તા. ૧૮-૮-૭૦

સમયસાર શાસ્ત્ર સિદ્ધાંત હૈ ઉસકી ૩૨૦ ગાથા– સૂક્ષ્મ ભાવ હૈ. અનંતકાળથી ક્યા ચીજ હૈ ઉસકા ઉસકો બોધ કભી હુઆ નહિ. એમાં આ ગાથા તો બહોત માખણ હૈ એકલી, હિંમતભાઈ એ વાંચે ને તો મ્હોં માથુ હાથ આવે એવું નથી કાંઈ કોઈ દિ' અભ્યાસ ન મળે ન કાંઈ. સૂક્ષ્મ પડશે. સાંભળો. (સાંભળ્યા પછી સમજવું કે નહિ) સમજવાની તો દરકાર કરે ત્યારે વાત સાંભળે તો ખરા હજી. ક્યા કહેતે હૈ. બાત ઓ ચલતી હૈ કે પાંચ ભાવ હૈ, એક પારિણામિક ભાવ અને એક ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવ એટલે શું ? એટલે ક્યા ? અર્થાત્ શું ? ક્યા– શું અમારી ભાષામાં, ક્યા તુમ્હારી ભાષામેં.

જો આત્મા ત્રિકાળી દ્રવ્ય હૈ, ત્રિકાળી દ્રવ્ય, વસ્તુ, સત્, ચિદાનંદ, સત્ શાશ્વત ચિદ્ નામ જ્ઞાન ને આનંદકા કંદ ધ્રુવ સ્વરૂપ હૈ ઉસકો અહીંયા પારિણામિક સહજ ભાવ કહેનેમેં આતા હૈ. સમજમેં આયા ? જો વસ્તુ, ત્રિકાળ જે વસ્તુ આત્મા અવિનાશીપણું ઉસમેં, ત્રિકાળપણું આનંદ અને જ્ઞાનાદિ ગુણોનું ત્રિકાળપણું ઐસી, ઓ ચીજકો અહીંયા પારિણામિકભાવ સહજભાવ કોઈકી અપેક્ષા વિનાકા અનાદિ અનંત ભાવ ઉસકો અહીંયા પારિણામિકભાવ કહેનેમેં આયા હૈ.

ઔર ઉસકી પર્યાય જો હૈ, અવસ્થા જો હૈ, હાલત હૈ દશા, એ પર્યાયકા ચાર બોલ કહેનેમેં આયા હૈ. સમજમેં આયા ? તો તો પર્યાય ઉદય આ ગયા જરા વિચાર આવ્યો. રાત્રે પ્રશ્ન હતો ને ? વિકારકા ઉદય આત્માકી વિકારી પર્યાય હૈ. એ પ્રશ્ન પરકે કારણ એ હોતા હૈ યહ સવાલ અહીંયા હૈ નહિ. સમજમેં આયા ? પર્યાય આયા કે નહિ ? ચાર ભાવ પર્યાયરૂપ હૈ. એક વિકારભાવ ઉદયભાવ, એક ઉપશમભાવ એક ક્ષયોપશમભાવ કાંઈક વિકાસ અને કાંઈક વિઘ્ન ઉપશમમાં વિકાસ ને વિઘ્ન બિલકુલ નહિ ઓર ક્ષાયિકમાં વિઘ્ન બિલકુલ નહિ ને નિર્મળ દશા એ બધી ચાર અવસ્થાઓ છે અવસ્થા હૈ, પર્યાય હૈ. યહ અપની પર્યાય અપનેસે હૈ. સમજમેં આયા ? ચાહે તો ઉદયભાવ હો કે ચાહે તો ક્ષાયિકભાવ હો. ચાહે તો ધર્મભાવ હો કે ચાહે તો અધર્મભાવ હો પણ હૈ અપની પર્યાય નિજ દ્રવ્યકી પર્યાય, આરે આ.

દ્રવ્ય જો ધ્રુવ હૈ ઉસકી જો અવસ્થા હૈ પર્યાય હાલત એ અપની હૈ અપનેસે હૈ. પરકી અપેક્ષા કુછ હૈ નહિ ઐસે સિદ્ધ કીયા અહીંયા તો. સમજમેં આયા ? રાત્રે પ્રશ્ન થયો હતો ને ? એમ કે કર્મને વશે છે એમ આવ્યું 'તું ને ભાઈ પોતે વશ થાય છે. કર્મ વશ કરાવતું નથી. કર્મને, જડને આત્મા તાબે હોકર અજ્ઞાનમેં પૂરણ તાબે હોકર વિકાર કરતે હૈં, ઔર ભાનમેં જરી અસ્થિરતા પરકા આધીન હો જાતા હૈ ઓ કારણે ઉસમેં વિકાર હોતા હૈ. તો વિકાર એ જીવની દુઃખરૂપ વિકારી અવસ્થા હૈ ને પીછે ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

એ નિર્વિકારી, નિર્દોષ, આનંદ આદિકી પર્યાય હૈ પર્યાય નામ અવસ્થા.

તો એ ચાર ભાવમેંસે ક્યા ભાવસે મુક્તિ હોતી હૈ યે બાત ચલતી હૈ. સમજમેં આયા ? તો અહીં કહા દેખોઃ દૂસરા પારીગ્રાફ હૈ ને ? કલ ચલાને, જો શક્તિરૂપ મોક્ષ હૈ વહ તો શુદ્ધ પારિણામિક હૈ. કલ ચલા હૈ. પાનુ ત્રીજું ઉસકા આખિરકા દૂસરા પારીગ્રાફ, અથવા પહેલા–બીજા સે ચોથા પારીગ્રાફ, દો લીટીકા પારીગ્રાફ, દો પંક્તિ. એને હાથેય નહિ આવે બતાવો એને કોઈ દિ' ચોપડો જોયોય ન હોય આ.

“ જો શક્તિરૂપ મોક્ષ હૈ, ” ક્યા કહેતે હૈં ? કે મોક્ષ હોતા હૈ એ ક્યા ભાવસે હોતા હૈ ? કઈ પર્યાયસે હોતા હૈ ? યે બાત ચલતી હૈ. મોક્ષ ક્યા મોક્ષ અપની અવસ્થામેં પરમ આનંદકી દશા ઉસીકા નામ મોક્ષ. એ પરમ આનંદકી પૂરણ દશા, જો પર્યાયમેં હોતી હૈ ઉસકો યહાં ક્ષાયિક ભાવ, પારિણામિક મોક્ષભાવ કહેતે હૈ, પારિણામિકકી પર્યાય હોં ? પણ વો યહાં નહિ લેના પણ યહાં તો મોક્ષકા કારણ કૌન હૈ એમ લેના હૈ. સમજમેં આયા ? મોક્ષ જો પૂરણ આનંદકી પર્યાય હૈ. પરમ શુદ્ધ, પરમ શુદ્ધ, એ અવસ્થાકા કારણ કોણ ?

તો કહેતે હૈ કે શક્તિરૂપ મોક્ષ હૈ ઓ તો કારણ નહિ. જો ત્રિકાળ મોક્ષ હૈ, આત્માકા સ્વભાવભાવ, સહજભાવ, શુદ્ધભાવ, અવિનાશી ધ્રુવ સ્વભાવ ઓ તો મોક્ષ હૈ અનાદિકા. એ તો શુદ્ધ પારિણામિકરૂપ ભાવ હૈ. ઉસકી બાત યહાં ચલતી નહિં. “ પ્રથમસે હી વિદ્યમાન હૈ ” ઓ ત્રિકાળ મોક્ષસ્વરૂપ તો પહેલેસે અનાદિકા અંતરમેં સ્વભાવરૂપ ભાવ હૈ, ઓ નયા પ્રગટ હોતા હૈ ઐસી બાત હૈ નહિ. સમજમેં આયા. “ પ્રથમસે હિ વિદ્યમાન હૈ ”

“ યહ તો વ્યક્તિરૂપ મોક્ષકા વિચાર ચલ રહા હૈ ” યહાં તો ભગવાન આત્મા ધ્રુવ આનંદ સ્વરૂપ, ઓ તો મુક્ત સ્વરૂપ હિ હૈ અનાદિસે, એ તો વિદ્યમાન હિ હૈ મોક્ષ, ઉસકા યહાં કોઈ પ્રશ્ન હૈ નહિ. પણ ઉસકી પર્યાયમેં, અવસ્થામેં, હાલતમેં, શક્તિમેંસે વ્યક્તતા પ્રગટ હો મોક્ષકી પરમ આનંદકી એ દશાકા કારણ કૌન હૈ, ઓ બાત ચલતી હૈ. સમજમેં આયા ? તો કહેતે હૈ– યહાં તો વ્યક્તિરૂપ મોક્ષ ઉસકા વિચાર ચલ રહા હૈ. શક્તિરૂપકા મોક્ષકી બાત નહીં હૈ. સમજમેં આયા ?

ઈસી પ્રકાર જરી સૂક્ષ્મ હૈ જરી સૂક્ષ્મ હૈ એમ કહેતે હૈ. બહોત સૂક્ષ્મ હૈ ઐસી બાત તો હૈ નહિ. ( જરી માને ? ) થોડી, અલ્પ.

ઈસી પ્રકાર આખિરકા પારીગ્રાફ “ સિદ્ધાંતમેં કહા હૈ કે ” ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ જિસકો ત્રિકાળ જ્ઞાન હુઆ એ જ્ઞાનમેં જો ત્રણ કાળ, ત્રણ લોક ભાસન હુઆ, ઉસકી દિવ્યધ્વનિ નીકળી. દિવ્યધ્વનિ–દિવ્ય નામ પ્રધાન અવાજ. એ અવાજકો ગણધરદેવે સિદ્ધાંતમાં રચના કીયા એ સિદ્ધાંતમેં, “ ઈસી પ્રકાર સિદ્ધાંતમેં કહા હૈ કે નિષ્ક્રિયઃ શુદ્ધપારિણામિકઃ ” સમજમેં આયા ? આ શ્લોકનો અર્થ પંચાસ્તિકાય ૫૬

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગાથામાં હૈ. સંસ્કૃત ટીકામેં પંચાસ્તિકાય-જયસેનાચાર્યની ટીકામેં. આ “ નિષ્ક્રિય પારિણામિકઃ ” સમજમેં આયા ? પહેલા ખબર નહિ પછી કહેતે હૈ શાસ્ત્રમેં યહાં– “ નિષ્ક્રિય પારિણામિકઃ ” પણ કહાં આયા ? સમજમેં આયા ? અબી તક તો તીન વાર વાંચ્યા પણ કહાં આયા ઉસકી ખબર નહિ. પીછે અબી હમણાં પંચાસ્તિકાય ફેરવતે થે, ચાર ભાવ હૈ ને ભાઈ એમાં, પછી કીધું લાવ આમાં હશે કાંઈ ? છે અહીંયા પંચાસ્તિકાય ૫૬–૫૬ પહેલે તીન વાર વાંચ્યા તો કહાં હૈ ઐસા ખ્યાલ નહિ કભી. આ પહેલે–વહેલે યહાં આતે હૈ, દેખો જુઓ, શબ્દ હૈ યહાં, “ અત્ર વ્યાખ્યાનેન મિશ્ર ઉપશમિક, ક્ષયોપશમિક, ક્ષાયિક મોક્ષ કારણમ્ ” ભાઈ આ ચાર ભાવની જ વ્યાખ્યા છે અહીંયા. જયસેનાચાર્યની ટીકા, આ પણ જયસેનાચાર્યની ટીકા.

ક્યા કહેતે હૈ અત્ર વ્યાખ્યાનેન યહાં વ્યાખ્યાન નામ પ્રસિદ્ધ કથનમેં મિશ્ર ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક મોક્ષ કારણમ્ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક દશા મોક્ષનું કારણ છે, મોક્ષકી દશા ઓ ક્ષાયિકભાવકી હૈ એ ક્ષાયિકભાવકા કારણ કોણ ? કે મિશ્ર ઉપશમ, ક્ષાયિક મોક્ષ કારણમ્, મોહોદયો સહિત ઉદયો, બંધ કારણમ્, પણ આત્મામેં જો મિથ્યાત્વ અને રાગ દ્વેષકી પર્યાય ઉત્પન્ન હોતી હૈ એ ઉદયભાવ હૈ, યે બંધકા કારણ હૈ. તીન ભાવ મોક્ષકા કારણ હૈ, ઉદયભાવ બંધકા કારણ હૈ. સમજમેં આયા હૈ ? આમાં બહુ વ્યાકરણ સંસ્કૃતની કાંઈ જરૂર નથી પડતી. ઉસકી રુચિકી જરૂર હૈ. નંદકિશોરજી. “ શુદ્ધ પારિણામિકઃ અસ્તુ બંધ મોક્ષયોઃ અકારણં ઈતિ ભાવાર્થઃ ” સંસ્કૃતમાં હૈ પંચાસ્તિકાય. શુદ્ધ પારિણામિકઃ અસ્તુ, ભગવાન ત્રિકાળ શુદ્ધ ભાવ, ત્રિકાળ ધ્રુવ એ બંધ મોક્ષના અકારણ હૈ. બંધ ને મોક્ષના કારણ એ ધ્રુવ વસ્તુ નથી. ‘ તથા ચઉકતમ્ ’ પછી કહ્યું છે, મોક્ષ કુર્વન્તિ મિશ્ર ઉપશમિક ક્ષાયિક અભિતાઃ. એટલે અભિતા નામ બંધ ઉદયકા ભાવા, નિષ્ક્રિય અપરિણામિકઃ ભાઈ આ શ્લોક હૈ– પહેલો શ્લોક કહ્યા પછી આ દૂસરા શ્લોક આયા. એઈ મોક્ષં કુર્વન્તિ મિશ્ર ઉપશમિક–ક્ષાયિક અભિતાઃ– આત્માની પૂર્ણ આનંદ દશા સચ્ચિદાનંદ પ્રભુ, ઓ મોક્ષકી દશાકા કારણ મિશ્ર નામ ક્ષયોપશમભાવ, ઉપશમભાવ અને ક્ષાયિક અભિતાઃ જિસકા નામ આ તીન હૈ ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક.

બંધ ઉદયકા ભાવાત જિતની પર્યાયમેં અપનેસે, મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય યોગકા પર્યાય પ્રગટ હોતા હૈ એ બંધકા કારણ હૈ. સમજમેં આયા ? ( બંધકા કારણ હૈ યહ બાત બરાબર પણ અપનેસે, અપનેસે ) કહ્યાને વો. સમયસાર જયસેન આચાર્યની ટીકામાં છે, ૧૦૭ ગાથા સમયસાર છે ને ભાઈ ! ઉપાદેય– ઉપાદેય કરી ત્યાં છે જુઓ ‘ અનાદિ બંધ પર્યાય વશેન ’ સંસ્કૃત છે ભાઈ એમાં, પાનું ૧૭૨– ગાથા ૧૦૭ સંસ્કૃતની પહેલી લીટી ટીકાની જયસેનાચાર્યની– આ રાત્રે પ્રશ્ન હુઆ થા ને વો– “ અનાદિ બંધ પર્યાયવશેન ”– અનાદિકા કર્મ જો પડા હૈ, ઉસકે વશ હોતે હૈ તો વિકાર હોતા હૈ, કંઈ કર્મ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિકાર કરાતે નહિં. (વાહ રે વાહ) છે ભાઈ ? ૧૦૬ પછી તરત જ–સમજમેં આયા ?

પણ અહીંયા–અહીંયા આયાને આપણે કે ચાર પર્યાયહૈ અવસ્થા હૈ અને એક ધ્રુવ તત્ત્વ હૈ. તો ઉસકા અર્થ યે હુવા કે પર્યાય ઉસકી ઉસમેં ઉસકે કારણસે હોતી હૈ. પંડિતજી સમજમેં આયા ? પણ લોકોને ખબર નથી કે માર્ગ ક્યા હૈ, વિકાર ક્યા હૈ શું ધર્મ ? માથાકુટ. આ વ્રત કરો. પૂજા કરો ને ભક્તિ કરો થઈ ગયો ધર્મ–ધૂળેય ધર્મ નથી. સૂન તો સહી. સમજમેં આયા ? ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ જો ધ્રુવ હૈ, ઓ તો નિષ્ક્રિય હૈ, યહાં કહાને, સિદ્ધાંતમેં પારિણામિકકો નિષ્ક્રિય કહા હૈ, તો આ ગાથા હૈ. કહાંકી ગાથા હૈ એ ખબર નહિં, પણ એ ગાથા હૈ. ઔર એ વિકાર જો ઉત્પન્ન હોતા હૈ અપની અવસ્થામેં, જિસકો યહાં ચાર ભાવ પર્યાયરૂપ કહા, અવસ્થારૂપ કહા દશારૂપ કહા ઔર ત્રિકાળી ભાવ પારિણામિકરૂપ નિષ્ક્રિય કહા ઓ બંધ મોક્ષકા કારણ ત્રિકાળીભાવ નહિ. સમજમેં આયા ? આ તો અલૌકિક બાત હૈ, અગમ્યકો ગમ્ય કરના ઐસી ચીજ હૈ અહીંયા તો.

કહેતે હૈ એ વિકાર ક્યૂં ઉત્પન્ન હોતા હૈ આત્મામેં ? (જી. હાં બતાઈએ) " અનાદિ બંધ પર્યાયવશેન " વશ હોનેસે, કર્મબંધન હૈ ઓ આત્માકો વિકાર કરાતે હૈ ઐસા હૈ નહિ તીન કાળમેં ? પરદ્રવ્ય વિકાર કરાતે નહિ. પણ પરદ્રવ્યકી પર્યાયમેં તાબે હો જાતે હૈ. સમજમેં આયા ? " વશેન " ઐસા પાઠ હૈ. " વીતરાગ સ્વસંવેદન લક્ષણ ભેદજ્ઞાન અભાવાત્ " પાછો આ ન્યાય આપ્યો– સમજમેં આયા ? રાગસે ભિન્ન ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ નિજ સ્વરૂપ સચ્ચિદાનંદ સ્વરૂપ શુદ્ધ હૈ ધ્રુવ આનંદ. ઉસકો રાગસે ભિન્ન પાડનેકા વીતરાગભાવરૂપી ભેદજ્ઞાનકા અભાવકે કારણ, સમજમેં આયા ? " રાગાદિ પરિણામ હિ. ઉપાદેયતિ " આ ઉપાદેયની વ્યાખ્યા કરી; છે ને ? ૧૦૭ ગાથા સમજમેં આયા ? ભગવાન આત્મા અપની વર્તમાન પર્યાય અવસ્થામેં, પર્યાય ચાર પ્રકારકી, અવસ્થા ચાર, ઉસમેં જો એક ઉદય ભાવકી અવસ્થા હૈ, ઓ અનાદિ કર્મ જડ હૈ ઉસકે તાબે આત્મા હોતા હૈ તો વિકાર હોતા હૈ. સમજમેં આયા. ? તાબે ન હો તો વિકાર હોતા નહિ, પર વિકાર કરાતે નહિ. સમજમેં આયા ? એકસો સાત ગાથા. પ્રવચનસાર દેખો ૪૫ ગાથા (ઔદયિકા ભાવાઃ) (જયસેનાચાર્યની ટીકામાંથી ગુરુદેવ વાંચે છે) " અત્રાહ શિષ્યઃ 'ઔદયિકા ભાવાઃ, બંધ કારણમ્ ઈત્યાગમનવચનં તર્હિ વૃથા ભવતિ– પરિહારમાહ– ઔદયિકા ભાવાબંધ કારણં ભવન્તિ, પરંતુ મોહોદયસહિતાઃ " એકલો ઉદય બંધકા કારણ નહિ. ગતિઆદિકા હોતા હૈ ને ઉદય ૨૧ બોલ આવ્યાને ? તો એકલા ગતિ આદિ ઉદય બંધકા કારણ નહિ. ઉસમેં મોહ મિલે, મિથ્યા ભ્રમ મિલે તો બંધકા કારણ હૈ. સમજમેં આયા ? વિશેષ દ્રવ્યમોહોદ યેઙપિ સતિ ' હવે જડ કર્મકા ઉપસ્થિત ઉદય હોને પર ભી, ઉપસ્થિતકી વ્યાખ્યા થી ને ! ધનાલાલજી આ ઉપસ્થિત

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

આયા, ૪૫ ગાથા, દ્રવ્યમોહોદય, દ્રવ્ય જડ કર્મકા ઉદય હોતે છતે, ઉપસ્થિત હોતે પર ભી છતે 'યદિ શુદ્ધાત્માભાવનાબલેન ભાવમોહેન ન પરિણમતિ' અપની શુદ્ધ ભાવનાકા આશ્રય લેકર જો વિકારપણે ન હો, તો "તદા બંધો ન ભવતિ" સમજમેં આયા? (કલીયર આવ્યું) હૈ? (કલીયર છે) સ્પષ્ટ. બે વાત આવી. વશે અને આ વશ ન હો અને અપના શુદ્ધ સ્વભાવ ભગવાન આત્મા, નિર્મળાનંદકા આશ્રય લેકર વીતરાગ ભાવ પ્રગટ કરે તો ઉદય હોતે છતે પણ ઉસકા બંધકા કારણ ઉત્પન્ન હોતા નહિ. (વાહ રે વાહ) ૪૫ ગાથા પ્રવચનસાર ચાર ને પાંચ ક્યા કહેતે હૈ તુમ્હારે, પૈંતાલીસ સમજમેં આયા? ઓર સમયસારકી **૧૦૭ ગાથા**. જયસેનાચાર્યકી ટીકા. હોં. દોઈ જયસેનાચાર્યકી ટીકા.

જુઓ ક્યા કહેતે હૈ, જડ કર્મકા ઉદય જડમેં હૈ, ઐસા હોને પર ભી ભગવાન આત્મા, ઉસકે તાબે હો જાય તો રાગ દ્વેષ અજ્ઞાન ઉત્પન્ન કરે. ઔર સ્વભાવકે તાબે હો જાય તો ઉદય હોને પર ભી, રાગ નહિ હોતા, મિથ્યાત્વ નહિ હોતા. બંધ ભાવ નહિ હોતાઃ સમજમેં આયા? ન પરિણમતિ, ન બંધો ભવતિ. "યદિ પુનઃ કર્મોદયમાત્રેણ બંધો ભવતિ" કર્મની ઉપસ્થિતિ માત્રથી જો બંધ હોય તો– "તર્હિ સંસારિમાં સર્વદૈવ કર્મોદયસ્ય વિદ્યમાનત્વાત્ સર્વદૈવ બંધ એવ, ન મોક્ષ ઈત્યભિપ્રાયઃ" સમજમેં આયા? (હંમેશા બંધ રહેગા) હંમેશા બંધા રહેગા– અમારે પંડિતજી અચ્છા, સમજમેં આયા? જો કર્મકા ઉપસ્થિતિ માત્રસે બંધ હો તો સર્વ પ્રાણીકો કર્મકા ઉદયકી ઉપસ્થિતિ તો હૈ, તો કભી ઉસકો મોક્ષ હોનેકા અવસર મિલેગા નહિ.

ધનાલાલજી. (ઈસીલીયે સોનગઢવાલે નિમિત્તકો ઉડા દેતે હૈ) નિમિત્તકો ઉડાતે ક્યા? હૈ ઐસા કહેતે હૈ. આહાહા! (નિમિત્તકો સિદ્ધ કરતે હૈ) નિમિત્ત હૈ, પણ નિમિત્તકે તાબે જો હો તો વિકાર હોતા હૈ, નિમિત્તકે તાબે ન હો, ભગવાન આનંદ સ્વરૂપ ભગવાન સચ્ચિદાનંદ ઉસકા આશ્રય લેકર વીતરાગભાવે પરિણમતે હૈ તો રાગભાવે પરિણમાતે નહિં કર્મકી ઉપસ્થિતિ, નંદકિશોરજી. માટે અહીંયા કહેનેમેં આતા હૈ કે નિમિત્ત આત્મામેં કુછ કરતે નહિ, સમજમેં આયા? ક્યૂં કિ કર્મોદય માત્રેણ બંધો ભવતિ, કર્મના ઉદયની ઉપસ્થિતિ માત્રસે જો બંધ હોય તો, "સંસારિણાં સર્વદાય કર્મોદયસ્ય"– તો સંસારીને તો કર્મોદય સદાય હૈ. ઔર "વિદ્યમાનાત્વ" કર્મના ઉદયની હૈયાતિ તો છે. તો 'સર્વદાય બંધ એવ' તો સર્વદા બંધ જ હો. "ન મોક્ષ ઈતિઅભિપ્રાયઃ" મોક્ષ નહિ હોગા ઉસકો, સમ્યગ્દર્શન નહિ હોગા, કારણ કર્મ વિકાર કરાવે, કર્મ મિથ્યાત્વ કરાવે, કર્મ અવ્રત કરાવે. કર્મ પ્રમાદ કરાવે. તો ઉસકો છૂટનેકા અવકાશ મિલે નહિ. ધનાલાલજી. બરાબર હૈ? ત્યાં ગડબડ હૈ બધી બહુ. ઐસા પંડિત લોગો કહેતે હૈ ને કેટલાક ઐસા હોતા હૈ ને ફૈસા હોતા હૈ. ધૂળેય નહિ હોતી સૂન તો સહિ. આ તો કીતના સ્પષ્ટ હૈ ચોખ્ખું. દેખો.

૪૫ મેં હૈ ઔર ઉસમેં અહીંયા તો આપણે ક્યા કહેના હૈ દેખો અહીંયા– કે બંધ ઉદયકા ભાવા નિષ્ક્રિય અપારિણામિકાઃ– ( જી. હા. ) આપણે ઓ ચલતે હૈ ને. ૫૬ મી ગાથામેં જયસેનાચાર્યકી ટીકામેં ઐસા લીયા હૈ યહ યહાં બતાતે હૈ દેખો ઈસી પ્રકાર સિદ્ધાંતમેં કહા હૈ કે આપણે ચાલતા હૈ, " નિષ્ક્રિય શુદ્ધપારિણામિકઃ " અર્થાત્ શુદ્ધ પારિણામિકભાવ નિષ્ક્રિય હૈ. અર્થાત્ ત્રિકાળ જ્ઞાયક ધ્રુવ સચ્ચિદાનંદ પ્રભુ ઓ તો પરિણતિ પર્યાય વિનાકી ચીજ હૈ. શેઠ! ( બરાબર– જિસકા જોર જ્યાદા હો જાય ) કિસકા ? ( કર્મસે કે જીવકા– પટણીનું આવ્યું ) ભાઈ કહે છે એમ પટણી આવ્યા હતા અહીં ભાવનગરથી, નહીં પ્રભાશંકર પટણી દિવાન, દિવાન હતા ભાવનગરમાં નહિં ? દરબારના દિવાન હતા. ( રાજકીય માણસ ) રાજકીય ઠીક હું પોલીટીકલ કહેવા માગતો હતો. એ ઠીક કહ્યું. રાજકીય માણસ થા, વ્યાખ્યાન સૂનને આયા, સારી કોર્ટ આઈ થી, ૯૩ અષાડ વદ અમાસ, સારી કોર્ટ આઈ થી. તો વ્યાખ્યાન ચલતા થા, તો સૂના, બહોત મગજવાળા થા લૌકિકમેં, રાજકીય માણસ થા તો ઉસને સૂના ઔર સૂનકર ખડા હો ગયા, પીછે કહે મહારાજ શું કહે ? આ તો મલ્લે મલ્લની લડાઈ છે. મલ્લે મલ્લની લડાઈ હૈ, કભી કર્મકા મલ્લ જોર કરે તો વિકાર અને કભી આત્માકા જોર રહે. આ શેઠે ઐસા કહા– ( પણ શાસ્ત્રમાં એમ આવે છે ) આવે પણ એ તો નિમિત્તની એ વાત છે. આવે છે ઇષ્ટોપદેશમાં ટીકામાં આવે છે. કભી જીવો બળીયો કભી કમ્મો બળીયો. ઓ પાઠ આતે હૈ. જુઓ ' કમ્મો બળીયોં ' કા અર્થ ક્યા ? અપની પર્યાયમેં વિકાર કરનેકા જોર હૈ તો કમ્મો બળીયો કહેનેમેં આતા હૈ. અને સ્વભાવ સન્મુખ જોર હોતા હૈ, અપના પુરુષાર્થસે તો આત્મા બળીયો હોકર વિકારકો ઉત્પન્ન કરતે નહિ. ( વાહ રે વાહ– અપની ગલતિસે ) ગલતિ અપની ને નાખે કર્મ ઉપર માળા ભારે અનાદિસે ટેવ જ એવી પડી છે. સમજમેં આયા ? આ તો બડા પંડિતનો પ્રશ્ન હૈ–પહેલેસે, અમારે તો પંચાવન વર્ષસે ચલતે હૈ, પચપન– દો પાંચ– સમજમેં આયા ? એકોતેરની સાલસે ચલતે હૈ કે કર્મસે વિકાર હોતા હૈ, કર્મસે વિકાર હોતા હૈ બિલકુલ નહિ હોતા હૈ.

" પરદ્રવ્યસે અપની પર્યાયમેં વિપરીતતા હો તો કભી વિપરીતતા છૂટેગી નહિ " સમજમેં આયા ?

ક્યા કહેતે હૈ યહાં, આપણે તો નિષ્ક્રિયકી બાત લીયા થા ઓલો તો રાત્રિ માટેનો પ્રશ્ન હતો એટલે ૧૦૭ ગાથા લીધી. ( ખુલાસા હો ગયા ).

વસ્તુ જ ઐસી હૈ ભાઈ, પણ એ અપની સ્વતંત્ર વર્તમાન દશા એ દશાકા કર્તા તો આત્મા હૈ. સમજમેં આયા ? આત્મા એટલે વર્તમાન ભલે પર્યાય, પણ આત્મા. પણ ઓ કર્તા કોઈ જડદ્રવ્ય હૈ ? " કરે કરમ સો હિ કરતારા ", વિકાર કરે તો એ વિકારકા કર્તા હૈ સમજમેં આયા ? " જો જાણે સો જાનનહારા " પણ રાગકા કર્તા ન હોકર, મૈં તો જ્ઞાન

ચિદાનંદ માત્ર હું ઐસી દૃષ્ટિ કરે તો રાગકા કર્તા ન હોકર રાગકા જ્ઞાતા હોતા હૈ. એ શેઠ! જોર નહિ હૈ. આહાહા!

ભગવાન આત્મા "નિષ્ક્રિય શુદ્ધપારિણામિકઃ" અર્થાત્ ભગવાન ધ્રુવ અવિનાશી જો સત્ હૈ, અવિનાશી જો ધ્રુવ સત્ હૈ, નિત્ય સત્ હૈ, એક સમયકી પર્યાય પરિણતિ વિનાકી ચીજ, એક સમયકી અવસ્થા હૈ, એ સિવાયકી ચીજ, ઐસા જો ધ્રુવ ભગવાન આત્મા, પરમ સ્વભાવભાવ ઓ તો નિષ્ક્રિય હૈ. ઉસમેં કોઈ પરિણતિ વિકારકી નહિ અને મોક્ષમાર્ગકી પરિણતિ પર્યાય એ દ્રવ્યમેં નહિ. આહાહા! સમજમેં આયા? નિષ્ક્રિયકા ક્યા અર્થ હૈ? કે શુદ્ધ પારિણામિકભાવ, ભગવાન ત્રિકાળ ધ્રુવ સચ્ચિદાનંદ પ્રભુ નિત્યાનંદ અવિનાશી અંશ, એ "બંધકે કારણભૂત જો ક્રિયા દેખો, બંધકે કારણભૂત ક્રિયા રાગાદિ પરિણતિ ઉસરૂપ નહિ." પર્યાયમેં અવસ્થામેં વિકાર હૈ, ધ્રુવ વિકારકા કારણ નહિ ને ધ્રુવમેં વિકાર હૈ નહિ. આહાહા! (ત્રિકાળ મેં વિકાર નહિ) નહિ હૈ, વિકાર પર્યાયમેં હૈ, તેથી તો ચાર બોલ પર્યાયરૂપ કહા, ચાર ભાવ પર્યાયરૂપ, અવસ્થારૂપ અને એક ભાવ દ્રવ્યરૂપ કહા. સમજમેં આયા? સાદી વાત છે પણ માણસને અભ્યાસ નહિ ને એટલે બહારના કડાકૂટામાં ઘૂસ ગયા. ધર્મને નામે, પણ આ સત્ય ક્યા હૈ ઉસકી ખબર નહિ.

કહેતે હૈ, નિષ્ક્રિયકા ક્યા અર્થ? પારિણામિક ભાવ, ત્રિકાળ ભાવ, ત્રિકાળ દળ, લ્યો દળ યાદ આવ્યું. એક પ્રશ્ન આવ્યો 'તો અરીસાનો, દળ લીયા હૈ ને ભાઈ. દળ શું એવો શબ્દ છે. પુરુષાર્થ સિદ્ધિ ઉપાય છે ને? પહેલી કડી, વંદન કીયા હૈ ને વંદન, અરીસાના દળમાં જેમ બધું દેખાય છે, એમ ભગવાનની પર્યાયમાં બધું દેખાય છે. એવો પાઠ છે ત્યાં હોં, પણ દળનો અર્થ ત્યાં પર્યાય લેવી, અરીસાની એમ છે. સમજ્યા કે નહિ?

છે પુરુષાર્થસિદ્ધિઉપાય? દળનું વળી એ પાછું મગજમાં ઉઠયું 'તું. દર્પણ–તળ. દર્પણ–તળ, તળ, સપાટી. ઉપરકી–દેખો.

તજ્જયતિ પરં જ્યોતિઃ સમં સમસ્તૈરનન્તપર્યાયૈઃ।
દર્પણતલ ઈવ સકલા પ્રતિફલતિ પદાર્થમાલિકા યત્ર।।પુ.સિ.ઉ.ગાથા–૧

જુઓ. શું ક્યા કહેતે હૈ દેખો, દર્પણ તળ. દર્પણ જો હૈ ને દર્પણ ક્યા કહેતે હૈ? અરીસા, ઉસકી ઉપરકી સપાટીકી પર્યાયમેં આ **ત્રિકાળ** જાનનેમેં આતા હૈ, ત્રિકાળી દળમેં નહિ. તળમેં જાનનેમેં આતા હૈ એ દળમેં નહિ (તળ ને દળ બે શબ્દ) એ તો વળી એની હારે. ફરીને– જેમ અરીસા હૈ અરીસા એ તો સારા દળ ભી હૈ ઔર એક સમયકી અવસ્થા દશાએ ઉપરના તળ નામ નીચેની ન લેતા અહીંયાથી ઉપરથી લેના, નહીંતર તો તળ નામ તળીયા લેના હૈ– પણ એ ન લેતા બહારકી જો અવસ્થા ઉસકા નામ તળ અરીસામેં એક સમયકી અવસ્થામેં જો જો ચીજ દેખને મેં આતી હૈ ને? વો તો અરીસાકી અવસ્થા હૈ. વહ ચીજ નહિ એક સમયકી દર્પણકા દળ જો ત્રિકાળ હૈ ઉસકી ઉપરકી

અવસ્થાકો અહીંયા તળ કહેતે હૈ. એ તળમેં સબ જાનને દેખનેમેં આતા હૈ. ઐસે ભગવાન આત્મા, અહીં જુઓ; જ્ઞાનકી, કેવળજ્ઞાનકી પર્યાય પણ ક્ષાયિકભાવે પણ પર્યાય હૈ, તો ઓ પર્યાયમેં લોકાલોક જાનનેમેં આતા હૈ. અરીસાકા દળ જો ત્રિકાળ હૈ, ઐસે યહાં પારિણામિક ભાવ જો ત્રિકાળ દળ હૈ ઉસમેં જ્ઞાનકી પર્યાય નહિ, કેવળજ્ઞાનકી પર્યાય નહિ.

આ તો અમૃતચંદ્રાચાર્યનો શ્લોક– “ દર્પણ તલ ઈવ સકલૌ ” બધા લોકાલોક, ત્રણ કાળકા દ્રવ્ય વસ્તુ ઉસકી શક્તિ ઔર ઉસકી અવસ્થા, દર્પણના તળમેં જેમ દીખનેમેં આતા હૈ, ભગવાનકી જ્ઞાન પર્યાયમેં જાનનેમેં આતા હૈ. એ જ્ઞાનકા દળ જો ત્રિકાળ ધ્રુવ હૈ ઉસમેં નહીં. એઈ ભીખાભાઈ આહાહાહા ! હીરાભાઈ.

ભગવાન ધ્રુવ વસ્તુ હૈ, ઓ તો તળકી એક સમયકી કેવળજ્ઞાનકી પર્યાયસે ભી ભિન્ન હૈ. જેમ ઓ અરીસાકા દળ ભિન્ન હૈ, એક સમયકી પર્યાય, અહીં દાખલો ભાઈ બહુ આપ્યો છે ભાઈએ આપણા સોગાની. સોગાનીએ દાખલો ઘણી વાર આપ્યો છે. ન્યાલચંદ સોગાની સમજમેં આયા ? કલકત્તાવાળા જો આત્મજ્ઞાન પાકર સ્વર્ગમેં ચલે ગયે. ઔર અલ્પકાળમેં કેવળજ્ઞાન લેગા ઐસી ઉસકી તાકાત હૈ. સમજમેં આયા ? ઉસને ઘણીવાર દર્પણતળ દર્પણ દળ દર્પણ દળ ઐસી વાત લીયા હૈ. કે દર્પણકા દળતો ત્રિકાળ ભિન્ન હૈ. ઉપરકી અવસ્થામેં સબ સ્વચ્છતાકે કારણ ઓ સબ પ્રતિબિંબ બિંબકા પ્રતિબિંબ ઉસકી પર્યાયમેં દેખનેમેં આતા હૈ દર્પણકા દળ તો તદ્દન ભિન્ન હૈ સમજમેં આયા ?

ઐસે ભગવાન આત્મા ઉસકા જ્ઞાન દળ જો ત્રિકાળ હૈ જ્ઞાન દળ ગુણ, ધ્રુવ ઉસમેં જાનનેકી ક્રિયાકી પરિણતિ નહિ, ઓ તો નિષ્ક્રિય હૈ. સમજમેં આયા. ?

તો દર્પણ તળનું કહ્યુંને ? અહીં તળનો અર્થ આમ ન લેતા, આમ તળ લેના – ( તળ એટલે કયા ) ઉપરની સપાટી ઉપરકી સપાટી, દર્પણકી ઉપરકી સપાટી. ઐસે ભગવાન આત્મા આનંદકંદ જ્ઞાનકા ધ્રુવ વસ્તુ હૈ. ઉસકી ઉપરકી પર્યાય ઉસકી સપાટી હૈ, વસ્તુ તો વસ્તુ ધ્રુવ હૈ ઉસમેં તીન કાલકા જાનના ફાનનાકી પર્યાય ઉસમેં હૈ નહિ. આરે આ. સમજમેં આતે હૈ ને ? સમજાય એવી વાત છે હોં ઐસી કાંઇ નહિ ભગવાન ત્રણ લોકનો નાથ પોતે છે, એને કયાં એની ખબર છે. સમજમેં આયા ? પરમાત્મા સ્વરૂપ પોતે અપનેમેં પૂરા પડયા હૈ. ક્યાંય ગોતતે ને શોધતે ક્યાંક ડુંગરામાં પડયો હશે ક્યાંક શૈત્રુંજ્ય હશે ક્યાંક સમેદશિખર હશે. એઈ આવે છે ને ! ભાઈ સમયસાર નાટકમાં મેરો ધણી હૈ મેરે પાસ એવું આવે છે કાંઈ ( બંધ અધિકાર ) બંધ દ્વાર હૈ ઉસમેં હોગા ( ૪૮ પદ )

કયાંક હશે ? મેરો ધણી હૈ ઐસા કયાંક લિખ્યા હૈ, આ અહીં આવ્યું જુઓ રાગાદિ શુદ્ધતા અશુદ્ધતા અલખકી. વિકારી પર્યાય પણ ભગવાનની પર્યાય છે અને ત્રિકાળી શુદ્ધ પર્યાય પણ અલખ, પર્યાય હૈ હોં, નિર્મળ પર્યાય એ બી આત્માકી હૈ. એ કાંઈ પર્યાય પરકી હૈ ઐસા હૈ નહિ. સમયસાર નાટકમાં બંધ દ્વાર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



"કેઈ ઉદાસ રહે પ્રભુ કારન, કેઈ ઉદાસ રહે પ્રભુ કારન.
કેઈ કહે ઉઠી જાય કહીકે – હાલો જઈએ આમ, મળશે ક્યાંક
કેઈ પ્રનામ કરે ગઢિ મૂરતિ – મૂર્તી–ગદીને પ્રણામ કરે છે જય
ભગવાન, આપજો કાંઈક. 'કેઈ પહાડ ચઢૈ ચઢિ છીંકૈ"

છીંકે. શું કહેવાય ? આ ડોળી, ડોળમેં ચઢતે હૈ ને લોકો ઉપર "કેઈ પહાડ ચઢે ચઢિ–છીકેં"– "કેઈ કહે અસમાનકે ઉપરિ, કેઈ કહૈં પ્રભુ હેઠ જમીંકે" કોઈ કહે હેઠે ને કોઈ કહે ઉપર અરે સૂન તો સહી ભગવાન "મેરો ધની નહિ દૂર દેશાંતર" મેરો ભગવાન નહિ દૂર દેશાંતર કાળસે દૂર નહિ અને ક્ષેત્રસે દૂર નહિં. "મોહીમેં હૈ મોહિ સૂઝત નીકે" મેરામેં હૈ, મૈં પરમાત્મા સચ્ચિદાનંદ અખંડાનંદ શુદ્ધ સ્વરૂપ હું "મોહિમેં હૈ મૂઝે સૂઝત નિકૈ" બરાબર મેરેકો સૂઝતે હૈ. બનારસીદાસ. કળશ ટીકામેં નહિ હૈ. ઉપરસે લીયા હૈ મેરો ધની નહિ દૂર દેશાંતર, મોહિમેં હૈ મૂઝે સૂઝત નિકૈ સમજમેં આયા. ? અન્ય ક્ષેત્રમેં કાંઈ નહિ. હમમેં હૈ ઔર હમે ભલે પ્રકાર અનુભવમેં આતા હૈ. બંધ દ્વાર– ૪૮ સમજમેં આયા ?

કયા કહેતે હૈ ? જૈસે અરીસાકા દળ ત્રિકાળ કાયમ દળ પિંડ ઉસમેં સ્વચ્છતાકી ઉપરકી જો પર્યાય હૈ. ઉસમેં પર્યાયમેં સબ ઝાંખી પડતી હૈ પ્રતિબિંબ, દળ તો ઐસા ને ઐસા હૈ, ઐસે ભગવાન આત્મા ઉસકા જો ત્રિકાળી દળ હૈ, એક સમયકી કેવળજ્ઞાનકી પર્યાય સિવાયકા, સિવાય કહેતે હૈ ને ? ( અલાવા ) અલાવા બધી તમારી હિંદી આવડે છે અમને અહીં અલાવા શબ્દ ચલતે હૈ, એક સમયકી કેવળજ્ઞાનકી પર્યાય જીસમેં તીન કાળ, તીન લોક જાનનેમેં આતા હૈ, એ પર્યાયસે દળ તો તદ્‌ન ભિન્ન હૈ. મુળચંદભાઈ.

એ નિષ્ક્રિયકા અર્થ કયા ? કે બંધ કે કારણભૂત ક્રિયા રાગાદિ પરિણતિ ઉસરૂપ નહિ, દેખો ઉદયભાવકી પરિણતિરૂપ રાગ હોતા હૈ અપની પર્યાયમેં, ઓ દ્રવ્યમેં નહિ ધ્રુવમેં નહિ અંતર સ્વભાવ ત્રિકાળ આનંદ મૂર્તિ ભગવાન ઉસમેં રાગ નહિ. રાગકી બંધકી પર્યાય, બંધકા કારણકી અવસ્થા ઓ ત્રિકાળ પારિણામિકભાવ સહજભાવ ઉસમેં હૈ નહિ. કહો સમજમેં આતે હૈ કે નહિ ? આ તો સાદી ભાષા હૈ, ઉસમેં કોઈ ઐસી કોઈ નહીં. ઉસરૂપ નહિ હૈ, જૈસે અરીસામેં કોલસા, કેરી–કેરી, આમ–આમ, દેખતે હૈ ને અંદર તો આમ કેરી નહિ હૈ અંદર અંદરમેં તો અરીસાકી ઉપરકી તળકી, સપાટીકી પર્યાય યે તો હૈ, ઓ તો કોઈ આમ નહિ કેરી, કોલસા કોલસા હૈ નહિ. ઐસે ભગવાન આત્મા અખંડાનંદ ધ્રુવ પ્રભુ અવિનાશી તત્ત્વ જો હૈ એ ઉપરકી એક સમયકી પર્યાયમેં તીન કાલ તીન લોક દેખતે હૈ. એ એક સમયકી પર્યાય અને રાગ, એ દ્રવ્યમેં નહિ. આહાહા ! સમજમેં આયા ?

એ અશુદ્ધતા જીસકો દોષ કહેતે હૈ, એ દ્રવ્યમેં નહિ. એ અશુદ્ધકી પરિણતિ વસ્તુમેં નહિ. કેમકે એ તો અશુદ્ધ પરિણતિ હૈ, પર્યાય હૈ, સક્રિય અવસ્થાકા ભાવ હૈ. એ સક્રિય રાગકી અવસ્થાકા ભાવ ત્રિકાળ દ્રવ્યમેં હૈ નહિ, શોભાલાલજી ! આ તો બેસે એવું છે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોં સમજાય એવું છે ન સમજાય એવું નથી. એમ નહિ, ન સમજાય એવું અહીં કહેવું નહિ અમારી પાસે. ઓલો હતો ને ભાઈ શું કહેવાય ( નેપોલિયન, અશક્ય મારી પાસે નથી ) " અશકય અમારી પાસે કહેના નહીં. એ તો મફતનો પરનું કરી શકે નહીં ને. " અશક્ય હૈ એ મેરી પાસ લાના નહિ... એના શબ્દકોષમાં નથી. એમ અહીંયા ન સમજાય એમ આત્મામાં હૈ નહિ. શબ્દકોષમેં, સિદ્ધાંતમેં ભી ઐસા હૈ નહિ.

ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, અખંડ આનંદ ધામ ઉસકી પર્યાયમેં ન સમજનેમેં આવે ઐસી ચીજ ઓ હૈ નહિ, કલંક લાગતે હૈ, ન સમજાય ઐસા કહેના એ કલંક લાગતે હૈ. કહેતે હૈ, શુદ્ધ પારિણામિકભાવ જો ત્રિકાળ દળ ઓ તો બંધકે કારણભૂત ક્રિયા, ક્રિયા, દેખો ક્રિયા કીધીને ? ઓલું નિષ્ક્રિય છે ને ? ત્રિકાળ શુદ્ધ ભાવ ધ્રુવ નિષ્ક્રિય હૈ, તો રાગાદિકી ક્રિયા કહેનેમેં આયા, જડકી ક્રિયા નહિ, પરકી ક્રિયા નહિ. ( વો તો કહાં કી કહાં રહી ).

બંધકે કારણભૂત જો ક્રિયા નામ પરિણતિ નામ પર્યાય રાગાદિ પરિણતિ, રાગ, મિથ્યાત્વ, અજ્ઞાન, રાગ દ્વેષ ક્રોધ માનકી અવસ્થા ઉસરૂપ તે ત્રિકાળી દળ ભગવાન ધ્રુવ તે નહિ બરાબર હૈ ? ( બરાબર ) એ માટે સામે પાના રખા હૈ. ઔર મોક્ષકે કારણભૂત જો ક્રિયા, મોક્ષકે કારણરૂપ ક્રિયા, શુદ્ધ ભાવના પણ પર્યાય, શુદ્ધ ભાવના પરિણતિ ઓલી રાગાદિ પરિણતિ હતી, આ શુદ્ધભાવના પરિણતિ, આત્મામેં શુદ્ધ ધ્રુવકા લક્ષ કરકે વીતરાગી દર્શન, વીતરાગી જ્ઞાન ને વીતરાગી પરિણતિ ઉત્પન્ન હોતી હૈ. આ પરિણતિ ક્રિયા હૈ, ઓ ત્રિકાળી નિષ્ક્રિયમેં હૈ નહિ. સમજમેં આયા ? ( એ હિ બાત સમજાનેકો આપને શિબિર લગાયા થા ) ઇ કાંઈ ખબર નહિ અમને વિકલ્પ તો ઈતના થા કે આ ગાથા ચલી ગઈ અમૃતચંદ્રાચાર્યકી, તો પીછે કહ્યું આ ગાથા રહી જાય છે, રહ જાતી હૈ, તો કલાસ વખતે લેગા કીધું. ઐસા વિકલ્પ આયા થા તો રામજીભાઈએ છપા દીયા પંદરસો પાના, સબકે હાથમેં રખે તો કૈસા અર્થ હોતા હૈ, અદ્ધરસે અર્થ હોગા ? કહાંસે અર્થ હોગા ? સમજમેં આયા. ?

ભગવાન આત્મા અવિનાશી જો અંશ હૈ ત્રિકાળ ઔર પર્યાય હૈ એ તો નાશવાન હૈ. ચાહે તો કેવળજ્ઞાનકી પર્યાય ભી નાશવાન હૈ. એ નંદકિશોરજી – ( ક્યા કહેતે હૈ આપ ) ક્યા કહેતે હૈ આ ? કેવળજ્ઞાન હૈ યહ ગુણકા ઉત્પાદકી નઈ પર્યાય હૈ એક સમયકા જો કેવળજ્ઞાન હુઆ, વો દૂસરે સમયે નહિ રહેગા, દૂસરે સમય વ્યય હોગા, નાશ હોગા, કેવળજ્ઞાન પર્યાય નાશવાન હૈ, ભગવાન ત્રિકાળી પારિણામિકભાવ અવિનાશી હૈ. સમજમેં આયા ? તો અવિનાશી ભગવાન ઉપર દૃષ્ટિ દેનેસે સમ્યગ્દર્શન ને ધર્મ હોતા હૈ, સમજમેં આયા. ?

કહેતે હૈ, મોક્ષકે કારણભૂત દશા, મોક્ષ તો પૂર્ણ દશા, ઉસકા ઉપાય–ઉપાય કારણભૂત લીયાને ? ખરેખર પર્યાય ઉસમેં હૈ એમ કહેતે હૈ. જો ક્રિયા શુદ્ધ ભાવના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પરિણતિ દેખો; શુદ્ધ ભાવના એટલે શુદ્ધ ત્રિકાળી જ્ઞાયકભાવ ઉસમેં એકાગ્રતારૂપ પરિણતિ, શુદ્ધ ત્રિકાળીભાવ, ઉસમેં એકાગ્રતારૂપી અવસ્થા, જીસકો મોક્ષમાર્ગ કહીએ, જીસકો સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર કહીએ, ઉસરૂપ ભી ધ્રુવ નહિ. મુળચંદભાઈ ! આહાહા ! ઈશ્વરની લીલા હૈ ઐસી અપની–અપની લીલા હોં દૂસરેકી નહિ. એ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ ધ્રુવ અવિનાશી ભગવાન અંદર વસ્તુકા ભાવ ઉસમેં તો કહેતે હૈ ઓ ભાવ પારિણામિકભાવસે પીછાનનેમેં આતા હૈ. ઓ ભાવમેં બંધકા કારણ જો મિથ્યાત્વ રાગદ્વેષ પરિણામ જો બંધકા પાંચ કારણ કહેતે હૈ ને ? મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ ઓ ક્રિયા ધ્રુવમેં નહિ. પારિણામિકભાવ જો નિષ્ક્રિય હૈ ઉસમેં ઓ ક્રિયા નહિ. એ હિંમતભાઈ આ ઝીણું પડશે થોડું કોઈ દિ' સાંભળ્યું ય ન હોય ને એને. જયંતિભાઈને તો હજી નવું લાગે ને ? કહો સમજમેં આયા. ?

"મોક્ષકે કારણભૂત જો ક્રિયા", જુઓ ક્રિયા તો આઈ; કોઈ કહેતે હૈ કે ક્રિયાકો ઉડાડતે હૈ, પણ કઈ ક્રિયા ? સૂન તો સહી ( એક ક્રિયા બહારની અને એક શુભકી ક્રિયા ) શુભકી ક્રિયા ( જડમાં ) સમજમેં આયા ? શરીર, વાણીકી ક્રિયા પર્યાય એ તો જડમેં રહી. ઔર રાગકી ક્રિયા પર્યાય તો વિભાવિક ક્રિયા એ તો બંધકા કારણમેં રહી. સમજમેં આયા ? વ્યવહાર રત્નત્રયકા વિકલ્પ હૈ એ તો બંધકા કારણમેં ગઈ, ઉદયભાવમેં ગઈ, સમજમેં આયા. ? બંધકા કારણરૂપ જો રાગાદિ વો દયા, દાન, વ્રત, આદિ દેવગુરુ શાસ્ત્રકી શ્રદ્ધાના વિકલ્પ, એ મિથ્યાત્વ નહિ, એ તો રાગ, એ રાગકી પરિણતિ બંધકા કારણમેં ગઈ, એ મોક્ષકા કારણમેં નહિ, એ ક્રિયા મોક્ષકા કારણકી નહિ. આહાહા ! કહો મોક્ષકા કારણભૂત જો ક્રિયા, એ ક્રિયા હૈ કે નહિ અંદર ? મોક્ષકા કારણકી ક્રિયા આત્મામેં હૈ. પણ કઈ ક્રિયા ? "શુદ્ધાત્મ ભાવના પરિણતિ" આહાહા ! ભગવાન આત્મા પૂરણ ધ્રુવ સચ્ચિદાનંદ, નિત્યાનંદ ઉસમેં દૃષ્ટિ લગાનેસે, ઉસકો ધ્યેય બનાનેસે, એક સમયકા નિમિત્ત, રાગ ને પર્યાયકા ધ્યેય છોડ કરકે, આ ગ્રહણપૂર્વક ઓ ત્યાગ હોતા હૈ કયા કીયા ? ભગવાન ધ્રુવ સ્વરૂપ ઉસકો ધ્યેય બનાકર જો સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકી ક્રિયા, વીતરાગી પર્યાય ઉત્પન્ન હુઈ, તો મિથ્યાત્વ ને રાગકા ત્યાગ હો ગયા, ઓ ત્યાગ હો ગયા. આહાહા ! સમજમેં આયા ?

"મોક્ષકે કારણભૂત" મોક્ષ જે પૂરણ સિદ્ધપદ, ઐસી નિર્મળ અવસ્થા સિદ્ધકી ઓ બી પર્યાય હૈ ઓ પર્યાય બી ધ્રુવમેં તો નહિ. પણ ઓ પર્યાયકા કારણ શુદ્ધ ભાવના પરિણતિ વીતરાગ નિર્દોષ શ્રદ્ધા જ્ઞાન ને શાંતિ ઐસી જો સક્રિય નામ પર્યાયકી પરિણતિ ધ્રુવમેં નહિ, એ પારિણામિકભાવમેં હૈ નહિ. આરે ભારે ભાઈ વાત. કેટલાકે તો સાંભળ્યું ન હોય આવું. હેં ? ( ક્યાં સાંભળે ) મુળચંદભાઈને ઠીક–કેટલાકે તો સાંભળ્યું ય નહિ હોય નવા – હિંદુસ્થાનમાં આમથી આમ શિખર જાવ, સમેદશિખર જાવ ને આમ જાવ ને પાલીતાણે

જીવને ( દૃષ્ટિએ અકર્તા, વ્યવહારે કર્તા ) વ્યવહારે કર્તા ધૂળેય નહિ હૈ સૂન તો સહી. પરકા કર્તાકિ તો અહીં બાતેય નહિ હૈ. સમજમેં આયા. ? ( સાંભળ્યું ય ન હોય – ઈસકા કયા મતલબ ) સૂના હિ નહી કયા ચીજ હૈ યૂં. સૂના હિ નહિ, કાને નહિ પડી બાત. સમજમેં આયા ? એ અમુલખચંદજી દેખો બાત ( અલૌકિક હૈ ) અલૌકિક હૈ બાત. આહાહા ! ભગવાન તેરી ચીજ તો જો પહેલી શ્રદ્ધા જ્ઞાનમેં તો લે સમજમેં આયા ?

ભારે ગાથા અલૌકિક બાત હૈ હોં. ( જી. જી. પ્રભુ ) આ તો આ ફેરના શિબિરમેં અરછી બાત, આ નીકળી ગઈ હૈ હોં. લ્યો આ તો દસમું વ્યાખ્યાન છે ને આ દસમું વ્યાખ્યાન છે, આ પાનામેંસે દસમું વ્યાખ્યાન હૈ – એઈ ( ભવી ભાગન જોગ, વાત આ ગઈ ) હા. સચ્ચી બાત હૈ હોં ભાઈ વાત તો ઐસી હૈ ( અનુભવકી તૈયારી ઐસી વાણી નીકલતી હૈ ) ભગવાન ત્રિલોકનાથ, પરમાત્મા પરમેશ્વરના મુખે દિવ્ય ધ્વનિ જો આઈ,આ આઈ હૈ.

કહેતે હૈ, ભગવાન આત્મા બે અંશ, એક ત્રિકાળી ધ્રુવ અંશ ઔર એક સમયકી પર્યાય, અવસ્થાકા અંશ, તો પર્યાયકા જે અંશ હૈ ઉસમેં ઓ દો પ્રકાર, એક વિકારકી પર્યાયકા અંશ બંધકા કારણરૂપ ઓ બી ધ્રુવમેં નહિ અને એક મોક્ષકા કારણરૂપ શુદ્ધ નિર્મળ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર મોક્ષકા માર્ગ જો નિર્મળ વીતરાગી પર્યાય, ઓ બી ધ્રુવમેં નહિ. કારણકે ઓ ક્રિયા હૈ અને વસ્તુ અક્રિય હૈ. આહાહા ! કોઈ દિ' સાંભળ્યું ય ન હોય એય હિંમતભાઈ બધો એમ ને એમ ગાળ્યો વખત. વાંચન કરવા ને આ કરવા ને હો હા. અહીં બનાવી દીધું કોલેજ શું કીધું બોટાદમાં કાંઈ એય જયંતિભાઈ, શું કીધું બોટાદમાં ક્યાંય હતું ને નહિ ? ( સ્મારક બનાવ્યું. કોલેજ ) કોલેજ બનાવી શું કહે ભાષા ના આવડે બેસી રહે આમ જરી હાથ રાખીને ધૂળેય નથી કાંઈ કર્યું સાંભળને હવે ? કોણ કરે ? શું કીધું ઈ ? ( કોલેજ ) કોલેજ કોલેજ કોણ કરે ? કોલેજ તો જડની અવસ્થા એ કાળે પર્યાયનો પરિણમનનો કાળ હોય સ્વકાળ હોય તો હોતા હૈ ત્યાં દૂસરા કોઈ કોલેજકો કર સકતે હૈ ? ( કોઈ કરતું તો હશે ને ? ) હા, કરે છે ને ? એ પરમાણુંઓ, પરમાણુંઓ પલટતે પલટતે પલટતે જેમ નદીકા પ્રવાહ ચલતે હૈ અને પ્રવાહ જેમ નજીકમાં આતે હૈ ઐસે પલટતે પલટતે પર્યાય હોતી હૈ ઉસમેં, દૂસરા કરે કૌન ? ઓ તત્ત્વ હૈ કે નહિ ઓ જડ ? સમજમેં આયા. ?

અહીં તો રાગ કરતે હૈ, ઓ બી મિથ્યાત્વ ભાવમેં, રાગ મેરા ને રાગકા કર્તવ્ય મેરા. ચલે જા સંસારમાં ( ચલે જા સંસારમેં ) રખડને કો. કારણ કે કર્તા હોય એ ભોક્તા હોતા હિ હૈ. આહાહા ! અહીં તો ફકત ઈતના જણાના હૈ, કે ભગવાન ત્રિકાળી પ્રભુ. અવિનાશી શક્તિનું સત્ત્વ, ભાવ ઓ નિષ્ક્રિય હૈ, ઉસમેં હાલત, પર્યાય, દશા ઉપર હોતી હૈ સમજમેં આયા ? એ દશામેં દો પ્રકાર અથવા ચાર ભાવ એક ઉદયભાવ, ઉપશમભાવ,

ક્ષયોપશમભાવ, ક્ષાયિકભાવ તો ઉસમેં બંધકી કારણભૂત જો ક્રિયા ઉદયભાવ દેખો, ઉદયકો તત્ત્વ કહાને ? મોક્ષશાસ્ત્રમેં દૂસરા અધ્યાયમાં પહેલો બોલ મિશ્ર, ઉદય આદિ સ્વતત્ત્વ જીવકા સ્વતત્ત્વ પાંચેયને સ્વતત્ત્વ કહે છે જીવ સ્વતત્ત્વ, સત્ત્વ ઉસકા હૈ ઓ પર્યાયકા અંશ તત્ત્વ ઉસકા હૈ ઓ સમજમેં આયા ?

એ તો યહાં બતાયા કે ચાર ભાવ પર્યાયરૂપ હૈ. આહાહા ! ( એ તો રહસ્ય હૈ રહસ્યમય બાત હૈ ) કહેતે હૈ મોક્ષકે કારણભૂત જો ક્રિયા, પલટના, પલટના સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ, નિર્વિકલ્પ, શાંતિ ને આનંદરૂપ દશા એ શુદ્ધ ભાવના પરિણતિ, એ વીતરાગી અવસ્થા, નિર્દોષ દશા જો ધ્રુવકો ધ્યેય કરકે બની વો, પણ વો ધ્રુવકા ધ્યેય કરકે જો શાંતિ બની, ઓ શાંતિકી ક્રિયા, નિષ્ક્રિય ધ્રુવમેં નહિ. આહાહા ! સમજમેં આયા ?

એક ઐસી ચીજ હૈ વીતરાગ માર્ગમેં ઐસા ખ્યાલ તો આયેગા કે નહિ ઉસકો ? ( આયેગા, આયેગા ) સમજમેં આયા. ? આહાહા ! શુદ્ધ ભાવના પરિણતિ–પરિણતિ, પરિણતિ સમજે પર્યાય ? શુદ્ધ ભાવના અર્થાત્ જુઓ આ ભાવના ઓલા કહેતે હૈ ને – ભાવના એટલે ચિંતવના, વિકલ્પ એ નહિ. અહીં તો શુદ્ધ ધ્રુવમેં એકાગ્ર હોકર, વીતરાગી નિર્દોષ આનંદકી પર્યાય, પ્રગટ હુઈ એ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર, ઉસકો શુદ્ધ ભાવના કહેતે હૈ. સંકલ્પ વિકલ્પ, ચિંતવન કરના ઓ ભાવના નહિ, એ ઉદયભાવમેં ગયે, એ તો બંધકા કારણ હૈ. સમજમેં આયા. ?

શુદ્ધ ભાવના પરિણતિ ઉસરૂપ ભી નહિ હૈ, ઉસરૂપ ભી નિષ્ક્રિય જો ધ્રુવ ચીજ અવિનાશી હૈ હૈ હૈ હૈ અનાદિસે હૈ ભગવાન, સમજમેં આયા ? કેમકે આ તો હૈ. અનાદિકા હૈ સમજમેં આયા ? એ વસ્તુ તો અનાદિકી હૈ. જો અનાદિકી હૈ વો દૃષ્ટિમાં આઈ, તો કહેતે હૈ કે એ દૃષ્ટિકી ક્રિયા ધ્રુવમેં નહિ. સમજમેં આયા ? દૃષ્ટિ ધર્મ તો નઈ પર્યાય ઉત્પન્ન હુઈ, ધર્મ કોઈ ગુણ નહિ, ધર્મ કોઈ દ્રવ્ય નહિ, ધર્મ તો પર્યાય હૈ, અવસ્થા હૈ. સમજમેં આયા ? એ અવસ્થા ત્રિકાળ રહેનેવાલી ચીજ, ઉસકો ધ્યેય બનાકર, જો પર્યાય ઉત્પન્ન હુઈ એ મોક્ષકા કારણરૂપ પર્યાય, નિષ્ક્રિય ધ્રુવમેં નહિ. જીસકો ધ્યેય બનાયા ઉસમેં ઓ ક્રિયા નહિ. આહાહા ! એ ભીખાભાઈ ( જી. પ્રભુ ) ભારે વાત ભાઈ હૈં ? ( આપ જે કહો તે બરાબર ) વસ્તુ ઐસી હૈ, કોણ કહે ?

“ ઈસ લીયે ઐસા જાના જાતા હૈ કે ” આ કારણે ઐસે જાનનેમેં આતા હૈ કે, “ શુદ્ધ પારિણામિક ભાવ ધ્યેયરૂપ હૈ ” દેખો, નિષ્ક્રિય હૈ માટે ધ્યેયરૂપ હૈ. “ નિષ્ક્રિય હૈ એ કારણે ધ્યેયરૂપ હૈ ” સક્રિય પરિણામ ઓ ધ્યેયરૂપ નહિ. સક્રિય પરિણામ ધ્યેય બનાતે હૈ દ્રવ્યકો. ( ધ્યાનનું ધ્યેય ) શુદ્ધ પારિણામિકભાવ ધ્યેયરૂપ હૈ, અંતર જ્ઞાયક ત્રિકાળી ભગવાન સત અવિનાશી ઓ દૃષ્ટિમેં ધ્યેયરૂપ હૈ, “ પણ ધ્યાનરૂપ નહિ. ” આ ધ્યાન કોને કહ્યું શુદ્ધ ભાવના પરિણતિ, શુદ્ધ ભાવના પરિણતિ ઓ ધ્યાન, ઓ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવે

તીન ગીનનેંમેં આયા વો. સમજમેં આયા ? આ પાનું તો જરી વાંચે ને વિચારે તો કાંઈ ખ્યાલ આવે, પાનું ઘરે લે જાના, ઉસમેં કાંઈ હરકત નહિ હૈ. સમજમેં આયા ?

વાંચે તો ખરા કે આવો અર્થ કર્યો ઉસમેંસે, છોડીને જાય તો ખબર ન પડે કાંઈ ઐસા પાના તો રક્ષા કરના હોં, પાનાકી બરાબર ( પાના કે અલાવા કુછ તો દો મહારાજ ) આ દેતે હૈ ને ? કયા કહેતે હૈ ? કોણ દે ને કોણ લે. આહાહા ! ઓ પર્યાય કાંઈ બહારથી આવે છે ? ઓ પર્યાય, પર્યાયમેંસે, દ્રવ્યમેંસે આતી હૈ પણ દ્રવ્ય ધ્રુવ હૈ, ઓ તો ત્રિકાળીમેં ધ્રુવ સદેશ હૈ, ભેદરૂપ કહેનેસે ઓ પર્યાય ધ્રુવમેંસે, દ્રવ્યમેંસે આતી હૈ.

સામાન્યરૂપ જે ધ્રુવ હૈ, ઓ તો પર્યાય વિનાકી ચીજ હૈ અભેદ. સમજમેં આયા ? માટે ધ્યાનરૂપ નહિ, મોક્ષમાર્ગ ધ્યાન હૈ, મોક્ષમાર્ગ ધ્યાન હૈ, સમ્યગ્દર્શન જ્ઞાન–ચારિત્રકી પર્યાય ધ્યાનરૂપ હૈ. શુદ્ધ ભાવના પરિણતિ, પર્યાય ધ્યાનરૂપ હૈ, ધ્રુવ ધ્યાનરૂપ નહિ સમજમેં આયા ? “ ધ્યાનરૂપ નહિ ” “ કિસ લીયે ? ” “ કયૂંકિ ધ્યાન વિનશ્વર હૈ ” આહાહા ! લ્યો ક્ષાયિક સમકિત પણ એક સમયકી પર્યાય હૈ. ગજબ વાત, સમજમેં આયા ?

ઔર શુદ્ધ પારિણામિકભાવ તો અવિનાશી હૈ, ભગવાન ત્રિકાળી અખંડાનંદ પ્રભુ હૈ હૈ હૈ હૈ અનાદિ અનંત એ તો અવિનાશી ચીજ હૈ. પરિણતિ અવસ્થા હૈ ઓ તો બદલતી નાશવાન હૈ, માટે નાશવાન ચીજ ધ્રુવમેં હૈ નહિ. ધ્રુવકા ધ્યેય હો, પણ એમાં ધ્યાનકી પર્યાય કયૂં નહીં હૈ, એનું કારણ વિશેષ આવશે.

* * * * *

## પ્રવચન નં. - ૧૧ ગાથા ૩૨૦ તા. ૧૭-૮-૭૦

આ સમયસાર ૩૨૦ ગાથા જયસેનાચાર્યની ટીકા. કયા ચલતે હૈ દેખો કે આ આત્મા વસ્તુ હૈ જો ત્રિકાળ ધ્રુવ ઉસકો તો શાસ્ત્રમેં નિષ્ક્રિય કહા હૈ. નિષ્ક્રિય અર્થ ધર્મકી જો પર્યાય, બંધ–મોક્ષકી પર્યાય જો હૈ ઉસસે રહિત કહેનેમેં આયા હૈ. સમજમેં આયા ?

તો કહેતે હૈ જો ત્રિકાળી જ્ઞાયકભાવ જો સમ્યગ્દર્શનકા ધ્યેય, સમજમેં આયા ? ઓ તો નિષ્ક્રિય હૈ. ઉસમેં મોક્ષમાર્ગકી પર્યાય કે બંધ માર્ગકી અવસ્થા, જો પર્યાય, ઓ સક્રિયપણા હૈ– નિર્મળ અવસ્થા જો સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર ઓ પણ સક્રિય પરિણામ હૈ. એ ત્રિકાળી વસ્તુમેં યહ હૈ નહિ. ઓ કારણ ધ્યાન જો હૈ, ઉસકા જો ધ્યાન કરના, વો ધ્યાન હૈ ઓ તો પર્યાય હૈ સમજમેં આયા ?

“ ઐસા જાના જાતા હૈ કે શુદ્ધ પારિણામિકભાવ ધ્યેયરૂપ હૈ ” ત્રિકાળ ધ્રુવ બહુ સંકેલ કરકે સંક્ષેપમેં લાયા જિસકો ધર્મ કરના હો તો ધર્મકી પર્યાયમેં ધ્યેય લક્ષ કરને લાયક તો ત્રિકાળી ચીજ હૈ કયૂંકિ ધ્યાનરૂપ એ ધ્યેય નહિ. ત્રિકાળી વસ્તુ હૈ એ મોક્ષમાર્ગરૂપ નહિ, સમજમેં આયા ? એ ધ્યાનરૂપ નહિ, કોણ ધ્યાનરૂપ નહિ ? ત્રિકાળ વસ્તુ અવિનાશી

ધ્રુવ, ધ્રુવ પરસે તો રહિત, રાગસે તો રહિત પણ અપની નિર્મળ પર્યાયસે ભી રહિત – સમજમેં આયા ? "એ ધ્યેય હૈ – ધ્યાનરૂપ નહિ." એ પારિણામિક ભાવ ધ્યાનરૂપ નહિ. કિસ લીયે ? "કયોંકિ ધ્યાન વિનશ્વર હૈ." ધ્યાન જો આત્માકા શુદ્ધ સ્વરૂપ પ્રત્યેની એકાગ્રતા એ તો નાશવાન હૈ. આહાહા ! સમજમેં આયા ? ઔર શુદ્ધ પારિણામિકભાવ તો અવિનાશી હૈ. ત્રિકાળ વસ્તુ ધ્રુવ સ્વરૂપ સત્ ઉત્પાદ વ્યય ધ્રુવ યુક્તં સત્, ઉસમેં ઉત્પાદ વ્યય પરિણામ હૈ ઓ તો નાશવાન હૈ એમ કહેતે હૈ અહીંયા સમજમેં આયા ? ઓ તો પર્યાય વર્તમાન અવસ્થાકા લક્ષ કરનેવાલી નય, પર્યાયાર્થિકનયકા વિષય હૈ. ઔર પારિણામિક ત્રિકાળ જો ભાવ હૈ ઓ દ્રવ્યાર્થિકનય, દ્રવ્ય ત્રિકાળી ઉસકા વિષય હૈ વો સમજમેં આયા ?

તો કહેતે હૈ શ્રી યોગીંદ્રદેવને ભી કહા હૈ જયસેનાચાર્ય ટીકા કરતે આધાર દેતે હૈ કે મૈં કહેતા હું ઈતના હિ નહિ. પણ યોગીન્દ્રદેવ પરમાત્મ પ્રકાશકા રચનેવાલા મહા મુનિ સંત હતા. સમજમેં આયા ? ઉસને ભી કહા હૈ, કયા કહા હૈ દેખો પરમાત્મપ્રકાશ ગાથા ૬૮. ૬ અને આઠ. "નવિ ઉપજ્જઈ નવિ મરઈ બંધુ ન મોકખુ કરેઈ. જીઉ પરમત્થે જોઈઆ જિણવર એઉ ભણીય". ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા જિનવરદેવે ઐસા કહા કે હે યોગી અર્થાત્ આત્માના આનંદ સ્વરૂપમાં જોડાણ કરનેવાલા, એકાગ્રતા કરનેવાલા હૈ. ધર્માત્મા ઐસે સંબોધન કરકે કહા હૈ, હે ધર્મી, પરમાર્થસે જીવ ઉપજતા ભી નહિ. સિદ્ધ પર્યાયપણે ઉપજના, એ બી નહિ. આ જનમમેં ઉપજના ગતિમેં વો બી જીવમેં નહિ. સમજમેં આયા ? મરતા ભી નહિ. ધ્રુવ ચીજ ઉત્પન્ન ભી નહિ હોતી ઔર વિનાશ ભી નહિં હોતા. બરાબર હૈ ? ઔર બંધ મોક્ષ નહિ કરતા. ભગવાન આત્મા જો ધ્રુવ ચૈતન્ય વસ્તુ, જો દ્રવ્યાર્થિક, શુદ્ધ દ્રવ્યાર્થિક દ્રવ્ય જિસકા પ્રયોજન, ઐસા નયકા જો વિષય વસ્તુ, એ બંધ મોક્ષ નહિં કરતા. બંધના પરિણામને પણ એ કરતા નહિં ઔર મોક્ષકા પરિણામકો મોક્ષકો હિ નહિં કરતા ભારે સમજમેં આયા ? ઐસા શ્રી જિનવર કહેતે હૈ હવે ૬૮મી ગાથા લઈએ જુઓ ઉસમેં હૈને પરમાત્મ પ્રકાશ.

ઉસમેં ક્યા હૈ ત્યારે કોઈ બંધ મોક્ષ ન કરે તો, મોક્ષ કરનેકા પુરુષાર્થ નહિ હૈ ને આત્મામેં ? આ તો અહીં ના પાડી, ધ્રુવમેં તો હૈ નહિ. સમજમેં આયા ?

ભાવાર્થઃ– પરમાત્મ પ્રકાશમેં હૈ, યદ્યપિ જો કે યહ આત્મા શુદ્ધાત્મા અનુભૂતિકે અભાવ હોને પર જુઓ રતનચંદજી આદિ કહેતે હૈ જુઓ શાસ્ત્રમાં તો પંગુ કહા હૈ – કર્મસે સબ હોતા હૈ કર્મસે સબ હોતા હૈ આત્માસે કુછ હોતા નહિ, ઐસા કહતે હૈ ઉસમેં પણ વો તો કર્મસે હોતા હૈ યહ કૈસી દૃષ્ટિસે ? જીસકા સ્વભાવ શુદ્ધ આનંદ હૈ ઐસી દૃષ્ટિ હો ગઈ, આનંદકા અનુભવ હુઆ, હવે બાકી થોડા રાગાદિ હૈ ઓ કર્મસે ઉત્પન્ન હોતા હૈ ને કર્મસે નાશ હોતા હૈ, ઐસી બાત કહી હૈ. સમજમેં આયા ? ફરીને, જો શુદ્ધ આત્મા

હૈ પરિપૂર્ણ ધ્રુવ ઉસકા અનુભવ હુઆ હૈ, કે મૈં તો આનંદ ને શુદ્ધ ધ્રુવ ચૈતન્ય હું, ઐસા અનુભવકી પર્યાયમેં, હવે બાકી જો કાંઈ જનમ મરણ રહા, ઓ આત્માકા નહિ ઓ કર્મકે કારણસે હૈ અપને સ્વભાવસે નહિ. ઐસે કહેનેમેં આયા હૈ. તો વો લગાતે હૈ કે દેખો કર્મસે હોતા હૈ. ત્યારે કહેતે હૈ જો કે આ આત્મા શુદ્ધઆત્મ અનુભૂતિકે અભાવ હોને પર. ભગવાન આત્મા આનંદ હૈ ઐસા અનુભવ ન હોને પર શુભ અશુભ ઉપયોગસે પરિણમન કરકે, શુભ અને અશુભ પરિણમન કરતે હૈ અજ્ઞાની, સમજમેં આયા ? ભાન હુઆ ચૈતન્ય મૂર્તિ આત્મા તો ઐસા ભાનમેં ધર્મીકો શુભાશુભ પરિણમન અપની પર્યાયમેં હૈ હિ નહિં ઓ હૈ યે સબ કર્મકા કાર્ય હૈ અને છૂટે તો કર્મસે છૂટે, ઐસી ન્યાય દલીલ લે લીયા હૈ. સમજમેં આયા ?

તો કહેતે હૈ શુભ અશુભભાવ ઉપયોગસે પરિણમન કરકે. જો કરતે હૈ જીવ પર્યાયમેં, શુદ્ધાત્માનુભૂતિકે અભાવસે, ભગવાન પવિત્ર આનંદકા નાથ શુદ્ધ આનંદકા સાગર, ઐસા જીસકો આનંદકા અનુભવકા સ્વાદ આયા નહિ, સમજમેં આયા ? એ આનંદકા સ્વાદકે અભાવમેં “ જીવન–મરણ, શુભ–અશુભ કર્મ બંધકો કરતા હૈ ” પર્યાયમેં, અવસ્થામેં ઓ શુભ અશુભ પરિણામસે પરિણમન કરતે શુભ કરે. જો શુભ હો તો સ્વર્ગાદિમાં જાય, અશુભ હો તો નર્કાદિમાં જાય. ઓ પર્યાયમેં સબ હોતા હૈ, પણ કિસકો ? શુદ્ધાત્માકી અનુભૂતિ નહીં હૈ ઓ કારણે. ( ઓ કારણે, બરાબર )

ઓ શુદ્ધ ભગવાન આત્મા પરમાનંદ સ્વરૂપ ઉસકા અનુભવકા અભાવમેં, જો અનુભવ હો, તો તો શુભાશુભ પરિણમન ઉસકો હોતા હિ નહિ. સમજમેં આયા ? તો કહેતે હૈ કે, શુભ અશુભ ઉપયોગસે પરિણમન કરકે જીવન–મરણ, શુભ–અશુભ કર્મ બંધકો કરતા હૈ, ઔર સ્વાનુભુતિકે પ્રગટ હોને પર, યહ સબ પર્યાયકી બાત લીયા. જબ શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા ઉસકા અનુભવ શુદ્ધાત્માનુભૂતિ નિર્મળ વીતરાગી પર્યાય ધાર્મિક અવસ્થા પ્રગટ હુઈ. “ શુદ્ધોપયોગસે પરિણત હોકર, પહેલે શુભ અશુભમાં પરિણત કહા થા. મિથ્યાત્વમેં, સમજમેં આયા ? ઔર સમ્યગ્દર્શનકા ભાનમેં “ શુદ્ધપયોગસે પરિણત હોકર મોક્ષ કરતા હૈ ” ( ચોથે ગુણસ્થાનકી બાત હૈ ) ત્યાંથી શરૂઆત હોતી હૈ, ચોથેથી સિદ્ધ સુધી. ચૌદમા સુધી, સિદ્ધ તો મોક્ષ હૈ સમજમેં આયા ? તો શુદ્ધ–ઉપયોગસે પરિણત હોકર ટીકા હૈ જૈસે અજ્ઞાની અપના આનંદ સ્વભાવકા અનુભવ ન હોને પર જો ઉસમેં નહિં હૈ ઐસે શુભાશુભ વિકલ્પકો કરતે હૈ. ઉસસે કર્મ બંધન હોતા હૈ, ઉસસે ઉસકો જનમ મરણ હોતા હૈ ઉપજવું મરવું હોતા હૈ. સમજમેં આયા ? અધ્યાત્મકી બાત સૂક્ષ્મ હૈ.

ઔર જબ આત્મા અપના નિજ ઘરમેં આતે હૈ, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ મૈં હું, આનંદ હું, ઐસી આત્માકી અનુભૂતિ સમ્યગ્દર્શન હુઆ, સમજમેં આયા ? શુદ્ધાત્માનુભૂતિકે પ્રગટ હોને પર, શુદ્ધોપયોગસે પરિણત હોકર, શુધ્ધોપયોગરૂપી દશા પ્રગટ કરકે પર્યાયમેં,

અવસ્થામેં, મોક્ષકો કર્તા હૈ. " તો ભી શુદ્ધ પારિણામિક પરમભાવ ગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિક–નયકર ન બંધકા કર્તા હૈ ન મોક્ષકા કર્તા હૈ " હવે ગાથાકા અર્થ લેતે હૈ. સમજમેં આયા ?

શુદ્ધ પારિણામિક પરમભાવ ગ્રાહક દૃષ્ટિ કર ઉસકા અર્થઃ એ શુદ્ધપારિણામિક ભાવ દૃષ્ટિમેં આયા, ઉસકો ઉપાદેય જાણ્યા સમજમેં આયા ? એ જીવ ન બંધકા કર્તા હૈ ન મોક્ષકા કર્તા હૈ દ્રવ્યદૃષ્ટિમેં જબ દૃષ્ટિ હુઈ સમજમેં આયા ? આગળ કહેગા છેલ્લે કે ભાઈ આત્મા ઐસા ઉપાદેય હૈ. પણ ઉપાદેયકા અર્થ કયા ? ( ઉપાદેયકા અર્થ તો બરોબર બતાઓ ) એ કે ઉપાદેય અંતર નિર્વિકલ્પ અનુભવમેં આત્માકો આદર ઉપયોગ હો તબ ઉપાદેય કહેનેમેં આતા હૈ. ( બરાબર નથી સમજાતું ) ફરીને લઈએ. આખિર હૈ દેખો, છેલ્લે " અપના શુદ્ધાત્મા વીતરાગ નિર્વિકલ્પ સમાધિમેં લીન પુરુષોંકો ઉપાદેય હૈ. " ઐસે ઉપાદેય–ઉપાદેય માને ઐસે નહિ, એ તો વિકલ્પ ને ધારણા હુઈ. ઉસકો ઉપાદેયકા ભાન હૈ નહિ. ( ધન્ય વીતરાગ ) સમજમેં આયા ?

ઐસે છઠ્ઠી ગાથામેં સમયસારમેં કહા કે આત્મા પ્રમત્ત અપ્રમત્ત નહિ. શિષ્યે પ્રશ્ન કીયા ભગવાન શુદ્ધાત્મા આપ કીસકો કહેતે હો, કે જીસકો હમારે જાનના ચાહીએ ? તો ભગવાન ઉત્તર દેતે હૈ કુંદકુંદાચાર્ય કે ભૈયા, પર લક્ષકો છોડકર ભગવાન શુદ્ધાત્માકો ધ્યેય બનાકર, પર્યાયમેં ઉસકા સેવન કરતે હૈ, એ શુદ્ધતા પ્રગટ કરતે હૈ અને શુદ્ધતા દ્વારા આ દ્રવ્ય શુદ્ધ હૈ ઐસા ઉસકો પ્રતીતમેં આતા હૈ.

ફીર, ઐસે શુદ્ધ હૈ શુદ્ધ હૈ ઐસા નહિં. આ તો અત્યારે ઓ નીકળી ગઈને વાત બહાર જરી સોગાનીકા પુસ્તક બહાર નીકળી ગયા છે તો હવે વાતુ કરવા મંડયા છે ઘણાં સમજમેં આયા ? પણ ઉસકા અર્થ ઐસા હૈ, ઝીણી વાત છે ભગવાન ( અર્થમાં કુછ ફેર હૈ ) હા, કયા ફેર ? શેમાં ? અર્થમાં ફેર હૈ. અર્થ કરવામાં ફેર હૈ. આત્મા, સૂણો છઠ્ઠી ગાથામેં એમ કહા. જો મૂળ ગાથા હૈ. સમજમેં આયા ? છઠ્ઠીકા લેખ, છઠ્ઠીકા લેખ કહતે હૈ ને આ ? હૈં ? ઐસી ગાથા ભગવાન કુંદકુંદાચાર્ય કહેતે હૈ કે પ્રભુ આત્મામેં પ્રમત્તપણા ભી નહિં અને અપ્રમત્ત પર્યાય ભી નહિં. એ તો જ્ઞાયક શુદ્ધ હૈ, કિસકો ? ( સબકો ) નહિ ઐસા નહિ. ( ત્રિકાળ તો સબકો હૈ ) નહીં નહીં નહીં, એ શુદ્ધ હૈ. ઇસકા અનુભવ હુઆ ઉસકો શુદ્ધ હૈ સમજમેં આયા ? ( ખ્યાલમેં આ ગયા પીછે ) ખ્યાલમેં આયા હિ નહિ હૈ. ખ્યાલમેં આયા કયા, વેદન વિના ખ્યાલમેં કહાંસે આયા ? સમજો જરી ન્યાય પરમાત્મ પ્રકાશમેં ગાથા ગાથા દીઠ ઐસા લીયા હૈ ( ત્રિકાળ રહેતે હૈ પછી ક્યાં ફીકર છે ) નહિં નહિં નહિં ત્રિકાળ દૃષ્ટિમેં, સ્વીકાર આયે બીના, ત્રિકાળ હૈ ઐસા નક્કી કહાંસે કીયા ઉસને ? ( સત્ય કૃપાનાથ – સુન કરકે ) સુન કરકે કયા હો ગયા ? દૃષ્ટિમેં તો આયા નહિ. સમજમેં આયા ? ( આપને કહા અમને માન લીયા ) ઐસે કહ્યા ઓ માન્યા હિ નહિં ઉસને. માન્યા તો ઉસકો તબ કહેતે હૈ સમજમેં આયા ? ( આમાં નવું તો કાંઈ આવ્યું નહિ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અમને એમ કે આમાં નવું ઘણું હશે ) નવું તો અંદર અનુભવ કરકે શુદ્ધ હૈ ઐસા આયા હૈ. સમજમેં આયા ? ઐસે વાતો કરે ઉસકો નહિ.

સૂણો, બરાબર, એય સ્વરૂપચંદજી, જિસકો અંતરમેં શુદ્ધ ચૈતન્ય ધ્રુવકા અંતરમેં પવિત્રતા પ્રગટ હુઈ હૈ, શુદ્ધતા પ્રગટ હુઈ હૈ એ દ્વારા આ દ્રવ્ય શુદ્ધ હૈ ઐસા માનનેમેં આતા હૈ. દૃષ્ટિમેં આયા નહિ, લક્ષમેં આયા નહિ, પીછે આ શુદ્ધ હૈ કહાંસે માન્યા તેં, એમ કહેતે હૈ ( આપને કહા ને હમે માનલીયા ) અરે ! ભગવાન કહે તો બી કયા હુઆ, ઉસકા ભગવાન જાગે બિના, માન્યા કહાંસે. એઈ ધનાલાલજી ( બરાબર, બરાબર ) વો તત્ત્વાર્થ શ્રદ્ધાન કહેતે હૈ ને ? તત્ત્વાર્થ શ્રદ્ધાન પંડિતજી આ તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શન હૈ કે નહિં મોક્ષમાર્ગમેં ? ઓ વ્યવહાર હૈ કે નિશ્ચય ? ( નિશ્ચય ) નિશ્ચય હૈ ? તો અહીંયા તો આ કહેતે હૈ. તત્ત્વાર્થ શ્રદ્ધાનકો તો વ્યવહાર કહેતે હૈ બહુ ઠેકાણે તો. નહીં તત્ત્વાર્થ શ્રદ્ધાન જ્ઞાન પ્રધાનસે કથન હૈ, વસ્તુ ધ્રુવમેં જ્યાં દૃષ્ટિ પડી ઔર શુદ્ધતાકા અનુભવ હુઆ તો ઉસકા જ્ઞાનમેં પર્યાય સંવર, નિર્જરા, અશુદ્ધતા આદિ પર્યાય નહિં હૈ ઉસમેં, ઐસા જ્ઞાન સાથમેં આ ગયા, ઉસકા નામ તત્ત્વાર્થ શ્રદ્ધાન જીવરૂપ કહેનેમેં આતા હૈ. ભાઈ, એને જીવરૂપ કહ્યું છે ને ? મોક્ષમાર્ગમાં ગાથા મૂકી છે. મોક્ષમાર્ગમાં, પુરુષાર્થ સિદ્ધિ ઉપાયની ૨૨મી ( બાવીસમી ) ગાથા. આત્મ રૂપમ, આત્મ રૂપમ હૈ ( સમ્યગ્દર્શન ) સમજમેં આયા ? હૈ ને મોક્ષમાર્ગ પ્રકાશક ક્યાં છે ? એણે આધાર તો આનો આપ્યો છે ને ? મૂળમાંથી કાઢે ને ? ૨૨ ગાથા છે ૨૨.

પુરુષાર્થ સિદ્ધિ ઉપાય ૨૨ ગાથા, જુઓ દેખો આ દૃષ્ટાંત દીયા હૈ ઉસમેં – ટોડરમલજીએ

જીવાજીવાદીના તત્ત્વાર્થનાં સદૈવ કર્તવ્યમ્.
શ્રદ્ધાન વિપરીતાભિનિવેશવિવિકતમાત્મરૂપં તત્.। ૨૨।

આત્મરૂપમ્ હૈ દેખો. આહાહા ! ( દ્રવ્ય તો કુછ કરતે નહિ ) પર્યાયે કીયાને ? પર્યાયે દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરનેસે પર્યાયમેં આયાને આત્મદશા ( વો હૈ. હમકો કયા ) હૈ ઐસા નહિ.

એ શેઠ, ઓ માટે તો આ લીયા હૈ, આત્મરૂપમ્, તત્ તીનોમેં લીયા હૈ–હોં, સમ્યગ્દર્શન આત્મરૂપ, સમ્યગ્જ્ઞાન આત્મરૂપ. સમ્યગ્ચારિત્ર આત્મરૂપ, તીનો આત્મરૂપ હૈ. બાવીસ, પાંત્રીસ ને ઓગણચાલીસ તીન ગાથા હૈ. પુરુષાર્થ સિદ્ધિ ઉપાય અમૃતચંદ્રાચાર્ય તત્ત્વાર્થ શ્રદ્ધાનં ઓ આત્મરૂપ હૈ, અહીંયા કહેતે હૈ ધ્રુવકા અનુભવ હોના ઓ આત્મરૂપ દશા હૈ, યે તત્ત્વાર્થ શ્રદ્ધાન એ આત્મરૂપ દશા હૈ. દોમાં ફેર નહિ. જ્યાં દૃષ્ટિ પ્રધાન કથનમેં ધ્રુવ તે ધ્યેય હૈ. સમ્યગ્દર્શન કહાંસે લીયા હૈ ! ઔર જ્ઞાન પ્રધાન કથનમેં ધ્રુવકા જ્યાં જ્ઞાન અને શ્રદ્ધા જ્યાં હુઈ તો ત્યાં પર્યાય ભી ઉસમેં નહીં હૈ ઐસા જ્ઞાન ભી સાથમેં આયા હૈ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો સાત તત્ત્વકી શ્રદ્ધા હુઈ ઉસમેં, એમ કહેતે હૈ, વિકલ્પવાળી નહિ આહાહા! સમજમેં આયા ?

**અન્વયાર્થ:-** જીવ, અજીવાદિ તત્ત્વાર્થોનું વિપરીત અભિનિવેશ રહિત. બીજાને બીજાપણે સમજવારૂપ મિથ્યાજ્ઞાનથી રહિત શ્રદ્ધાન, દૃઢ વિશ્વાસ નિરંતર જ કરવું જોઈએ. કારણકે તે શ્રદ્ધાન જ આત્માનું સ્વરૂપ છે. પર્યાયરૂપની અપેક્ષાએ હોં, આ ધ્રુવરૂપની અપેક્ષાએ નહિ (અત્યાર સુધી તો ન કર્તા ન કર્તા આવ્યું હતું આ વળી આ તો વિરોધવાળું દરેક સમયે કર્તા) હા. પર્યાય કર્તા. પર્યાય ધ્યેયના લક્ષે કર્તા એમ કહેતે હૈ. ધ્યેયમાં કર્તવ્ય નહિ, પણ પર્યાયમાં કર્તવ્ય, ધ્યેયના લક્ષ કરના, એ પર્યાયમાં કર્તવ્ય આતા હૈ. આહાહા! શોભાલાલજી થોડા ઝીણા હૈ પણ હવે (કરના પડેગા) કરના પડેગા, અવળા દેતે હૈ ને? અવળા પડેગા ઓલા પૈસા બૈસામાં કાંઈ ધૂળેય નથી. (ધૂળેય) ધૂળેય નથી સારી, ના. ના. ના. એ લોકોત્તર પુણ્ય બંધાય સમ્યગ્દર્શનની ભૂમિકામાં જો શુભભાવ ઉસસે પુણ્ય બંધાય ઓ તીર્થંકર હોતા હૈ, બળદેવ હોતા હૈ સમજમેં આયા ? ઇંદ્ર હોતા હૈ યે પુણ્ય, પુણ્યકો વ્યવહારે કહેનેમેં આતા હૈ આ તો બધા પુણ્યેય ઠેકાણાં વિનાના છે તમારા સમજમેં આયા ?

અહીં તો ઈતના કહેના હૈ આત્મરૂપમ્ તત અહીં કહેતે હૈ આત્મામાં ઓ સમ્યગ્દર્શન ને મોક્ષમાર્ગકા આત્મા કર્તા નહિ. અહીં કહેતે હૈ ઉસકા સદૈવ કર્તવ્ય હૈ, એ અમૃતચંદ્રાચાર્ય કહેતે હૈ. ઉસકા અર્થ કે ભગવાન આત્મા ધ્રુવ તો ધ્રુવ હિ હૈ. ઉસમેં એકાગ્ર કરના ઓ કર્તવ્ય હૈ જીવકા પર્યાયમેં કર્તવ્ય હૈ, ધ્રુવમેં નહિ. ઓ તીનો બોલ હૈ હોં ત્યાં બાવીસમાં આયાને પાંત્રીસને ઓગણચાલીસ ૩૫માં જ્ઞાનકા બાત હૈ. આત્મરૂપમ લીયા હૈ હો ૩૫ જુઓ ૩૫ ત્યાંય એ શબ્દ છે.

કર્તવ્યોડધ્યવસાયઃ સદનેકાન્તાત્મકેષુ તત્ત્વેષુ ।
સંશયવિપર્ય્યયાનધ્યવસાય વિવિક્તમાત્મરૂપં તત્ ।।૩૫।।

અનેકાંત થયા, દ્રવ્યમેં કર્તવ્ય નહીં, પર્યાયમેં કર્તવ્ય હૈ સમજમેં આયા ? વો કહેગા અંહિયા જુઓ પીછે જ્ઞાનનું લીધું પછી ૩૯ એ ચારીત્રની દેખો વ્યાખ્યા છે.

ચારિત્રં ભવતિ યતઃ સમસ્ત સાવદ્યયોગપરિહરણાત્।।
સકલકષાયવિમુક્તં વિશદમુદાસીનમાત્મરૂપં તત્।। ૩૯।।

કષાયકા અંશ ભી છુટકર-નિર્મળ, વિષદ નામ નિર્મળ સંપૂર્ણ કષાય રહિત, સંપૂર્ણ કષાય રહિત કહો કે ચારિત્ર કહો બારમાની વાત નહીં હૈ અહિંયા, અહિં સંપૂર્ણ કષાય રહિતનો અર્થ ચારિત્રમેં કષાય રહિત. એમ, કષાયકા અંશ દૂર રહી ગયા, બરાબર સમજમેં આયા ? શાસ્ત્રના અર્થોને પણ સવળા, સુલટા સમજનેકી તાકાત નહીં એ સુલટા આત્માકા કયા કર શકે. સમજમેં આયા ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુઓ નિર્મળ, પર પર્દાથોકે વિરકતપણે આત્મરૂપમ હોતા હૈ. દેખો અહિંયા ના પાડતે હૈ ( પણ અમારો ત્રિકાળ આત્મા આપે કહ્યો એવો હોય પછી અમારે ફિકર શેની ) પણ ત્રિકાળ દૃષ્ટિમેં આવે તો ત્રિકાલ હૈ એમ કહતે હૈ યહાં, એ અહિંયા સિદ્ધ કરના હૈ. સમજમેં આયા ? કયા કીયા દેખો, જુઓ, તોભી શુદ્ધકે ગ્રાહક ન મોક્ષકા કરતા હૈ, દેખો ઐસા કથન સુનકર શિષ્યને પ્રશ્ન કિયા, મહારાજ, આપે તો બંધ ને મોક્ષ આત્મા કરતાય નહીં હૈ, બહુ ગજબ બાત કીયા. શિષ્ય પ્રશ્ન કરતે હૈ પ્રભુ શુદ્ધ દ્રવ્યાર્થિકનયરૂપ સ્વરૂપ શુદ્ધ નિશ્ચયનયકર મોક્ષકા ભી કરતા નહી હૈ તો ઐસા સમજના ચાહીએ કે શુદ્ધનયકર મોક્ષ ભી નહીં ? મોક્ષેય નહીં એમ સમજના ચાહીએ, મારે એમ સમજવું ને ? ( એમ જ વ્યવહારે મોક્ષ છે ને ) એ તો મોક્ષ પર્યાય વ્યવહાર હૈ પર્યાય વ્યવહાર હૈ, મોક્ષ, મોક્ષકા માર્ગ એ પણ વ્યવહાર હૈ અને બંધકા માર્ગ ભી વ્યવહાર હૈ, એ તો પર્યાય હૈ, એ તો વ્યવહાર હૈ પર્યાય વ્યવહાર હૈ, ત્રિકાળી દ્રવ્ય એ નિશ્ચય હૈ. બરાબર. મોક્ષમાર્ગ સાધવો એ વ્યવહાર હૈ. ચિઠ્ઠિમાં આવે છે મોક્ષમાર્ગ સાધના વો હી વ્યવહાર હૈ, નિશ્ચય મોક્ષમાર્ગ સાધના એ વ્યવહાર હૈ કયું કિ વો પર્યાય હૈ સમજમેં આયા ?

ત્રિકાળી ભગવાન આત્મા ઉસમેં તો આપ કહતે હો બંધ ને મોક્ષ રહિત હૈ વો, તો હમારે તો એમ સમજના ને કે શુદ્ધનયકર મોક્ષ હી નહીં ? અને જો મોક્ષ નહીં તો મોક્ષકે લીયે યત્ન કરના વૃથા હૈ શિષ્યકા પ્રશ્ન હૈ શુદ્ધનયકર તો મોક્ષ હી નહીં ? તો મોક્ષકા પ્રયત્ન કરના વો વૃથા આ ગયા.

ઇસકા ઉત્તર કહતે હૈ, મોક્ષ હૈ વો બંધપૂર્વક હૈ, સુનો. ભગવાન આત્મામેં મુક્તિકી પર્યાય જો હોતી હૈ, પહેલે રાગકી પર્યાય થી બંધપૂર્વક, બંધકા વ્યય હોકર મુક્ત હોતા હૈ. જીસકો બંધ હો ઉસકી મુક્તિ હોતી હૈ પર્યાયમેં, દ્રવ્યમેં તો બંધેય નહીં અને દ્રવ્યમાં તો મુક્તિ ભી નહીં. બાત પર્યાયકી હૈ હોં મુક્તિ. શક્તિરૂપ મુક્તિ તો ત્રિકાલ હૈ. મોક્ષ હૈ યે બંધપૂર્વક હૈ, બંધ હૈ એ શુદ્ધ નિશ્ચયનયકર હોતા હી નહીં. રાગ, શુદ્ધ નિશ્ચયનયકર જો બંધ હો તો કભી છૂટે નહીં.

ત્રિકાળ કહો શુદ્ધ કહો પણ ઐસી દૃષ્ટિ આયા ત્યારે ઉસકો બંધ નહીં ઐસા કહનેમેં આતા હૈ. બાપુ કઠણ વાત છે. એય પદમચંદજી ( આપકા પ્રવચન સૂનનેસે ધ્રુવકા સ્વભાવકા આનંદ હમકો તો આ જાતા હૈ )

આયા પણ કહાંસે આયા ? સુનનેસે ભાઈ, અહીં કહેગા દેખો

ઈસ કારણ બંધકે અભાવરૂપ મોક્ષ હૈ વહ ભી શુદ્ધ નિશ્ચયનયકર નહીં, યે તો હમ ભી કહતે હૈ કે બંધ હૈ, મોક્ષ હૈ વહ બંધ પૂર્વક હોતા હૈ, તો પર્યાયમેં બંધ હો ઉસકા અભાવ હોકર મોક્ષ હોતા હૈ, પણ દ્રવ્યમેં તો બંધ મોક્ષ હૈ હી નહીં. પર્યાયમેં બંધ હૈ તો અભાવ હોકરકે મોક્ષ હોતા હૈ. જો નિશ્ચયનયસે બંધ હોતા હો તો હંમેશા બંધ હી રહતા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કભી બંધકા અભાવ ન હોતા, આ યોગીન્દ્રદેવની ટીકા છે.

ઈસકે બારેમેં દૃષ્ટાંત કહતે હૈ, કોઈ એક પુરુષ સાંકળસે બંધ રહા હૈ કોઈ એક પુરુષ સાંકળ, સાંકળ, સાંકળ કહતે હૈ ને ? લોહેકી ઔર કોઈ એક પુરુષ બંધ રહિત હૈ. ઉસમેંસે જો પહલે બંધા થા ઉસકો તો મુક્ત હુઆ છુટા ઐસા કહેના તો ઠીક માલુમ પડતા હૈ, દુસરા જો બંધા હી નહીં ઉસકો આપ છૂટ ગયે ઐસા કહા ગયા તો ક્રોધ કરે. જેલમેંસે આપ છુટા ને કલ ? પણ જેલમેં થા કબી તે છૂટા, હમકો જેલમેં નાખ્યા હૈ ઐસા કહેના હૈ તુમ્હારે પહેલે, સમજમેં આયા ? દુસરા જો બંધા હી નહીં ઉસકો આપ છુટ ગયા ઐસા કહા જાય તો ક્રોધ કરે, મૈં કબ બંધા થા તો મુજે છૂટા કહેતે હો, બંધા હોવે વો છૂટે. ઈસીલીયે બંધેકો તો મોક્ષ કહેના ઠીક હૈ પણ બંધા હી નહી ઉસે છૂટે કૈસે કહેના ? એમ શુદ્ધનિશ્ચયનયકર જીવ બંધા હુઆ નહીં ભગવાન ધ્રુવ સ્વરૂપ ઓ પર્યાયમેં બંધા હૈ નહીં; ધ્રુવ ત્રિકાળ ભગવાન પડયા હૈ વહ નિશ્ચયસે બંધા નહી.

ભગવાન સિદ્ધ સમાન ધ્રુવ જો આત્મા, ઓ વીતરાગ નિર્વિકલ્પ સમાધિમેં લીન પુરુષોકો ઉપાદેય હૈ. કયા કહેતે હૈ ? મુળચંદભાઈ આ ધ્રુવ ઉપાદેય, આ ધ્રુવ ઉપાદેય, એમ નહિ ( આપ રોજ કહો છો ધ્રુવ ઉપાદેય છે ) પણ ધ્રુવ ઉપાદેય કહેતે હૈ કઈ અપેક્ષાસે સમજમેં આયા ? એ ભગવાનજીભાઈ ભારે વાત ભાઈ.

એના જ્ઞાનમાં ધ્રુવ સ્વરૂપકા અનુભવ હો, શુદ્ધતાકા ભાવ વેદનમેં આવે ઉસકો ધ્રુવ ઉપાદેય હૈ. લાલચંદજી ઉપાદેય કયા સબકો લેના હૈ ? ( અનુભવ કરના, પરિણમન કરના ) પરિણમન કરના, ( પરિણમન કરને પર ઉપાદેય હૈ ! ) હા, તબ ઉપાદેય હૈ ( બરાબર ) પહેલે છઠ્ઠી ગાથામાં કહા વો હિ બાતકા સ્પષ્ટીકરણ લીયા હૈ ભગવાન કુંદકુંદાચાર્યે છઠ્ઠી ગાથામાં લીયા કે શુદ્ધ કિસકો કહે ? દ્રવ્ય તો શુદ્ધ હૈ, પણ કિસકો શુદ્ધ હૈ ? કે જો દ્રવ્ય સન્મુખ હોકર, પરસન્મુખતાસે લક્ષ હટાકર ધ્રુવકી સેવના કરતે હૈ, એકાગ્રતાસે, ઉસકો યહ શુદ્ધ કહેનેમેં આતા હૈ ( પર તરફથી વિમુખ થઈને ? ) થઈને, લક્ષ છોડકર હૈ ને પાઠમેં છઠ્ઠી ગાથામેં સમજમેં આયા ?

છઠ્ઠી ગાથામેં હૈ કે નહિ ? સમયસાર હૈ ? આ તો ગુજરાતી હૈ જુઓ છઠ્ઠી ગાથા હૈ ને ? હિંદી હૈ હિંદી લાઓ. જુઓ હિંદી છઠ્ઠી દેખો, “ વહિ સમસ્ત અન્ય દ્રવ્યોકે ભાવોસે ભિન્નરૂપસે ઉપાસીત હોતા હુઆ. વહિ આત્મા સમસ્ત અન્ય દ્રવ્યોકે ભાવોસે, ભિન્નરૂપસે ઉપાસીત કીયા હુઆ ઓ શુદ્ધ કહલાતા હૈ ” સમજમેં આયા ? ક્યા કીયા ? ભગવાન ચિદાનંદ પ્રમત્ત અપ્રમત્તકી પર્યાય વિનાકી ચીજ, પ્રમત્ત નામ દોષ અને અપ્રમત્ત નામ નિર્દોષ પર્યાય, દો પર્યાયસે રહિત ભગવાન આત્મા હૈ સમજમેં આયા ? કોઈ પર્યાય ઉસમેં હૈ નહિ ઐસા જ્ઞાયકભાવકો શુદ્ધ કહેનેમેં આતા હૈ. કિસકો ? ઉલટા હો જાય ઐસે નહિ એમ કહેતે હૈ. આહાહા ! એય ચીમનભાઈ તમારે મુંબઈમાં બહુ ચાલે છે. આટલા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોય ને આટલા ન હોય. ભાઈ તકરાર ન હોય પહેલા સૂન તો ખરા સમજમેં આયા? કહેતે હૈ કે શુદ્ધ કિસકો કહેતે હૈ પ્રમત્ત અપ્રમત્ત નહિ, વહિ આત્મા સમસ્ત અન્ય દ્રવ્યોકે ભાવોસે અન્ય દ્રવ્યકા ભાવ હોં, અન્ય દ્રવ્યકા લક્ષ છૂટયા, ઉસકા વિકારકા વિકલ્પકા ભી લક્ષ છૂટ ગયા આમ જ્યાં દૃષ્ટિ પડે છે અંદરમેં, તો પરકા લક્ષ છૂટયા તો ઐસા વિકલ્પકા લક્ષ છૂટયાં, ત્રિકાળી જો શુદ્ધ ભગવાન આત્મા હૈ ઉસકી એકાગ્રતા હુઈ, સેવના કીયા તબ સેવના કીયા ઉસકો દ્રવ્ય શુદ્ધ હૈ ઐસા કહેનેમેં આતા હૈ ઉસકો યોગ્યતા હૈ દૂસરા શુદ્ધ કહે ઐસે નહિં. એમ કહેતે હૈ અહિંયા તો ( બરાબર, ઉપાસિત કરતે હૈ ને ) ઉપાસિત એ ભીખાભાઈ, શું ? કયા કહેતે હૈ, કુંદકુંદાચાર્ય પોતે કહેતે હૈ, યહાં યોગીન્દ્રદેવ પોતે કહેતે હૈ.

એની ટીકા સિદ્ધ–સમાન એ અપના શુદ્ધાત્મા વીતરાગ નિર્વિકલ્પ સમાધિમેં લીન પુરુષોકો ઉપાદેય હૈ ( બરાબર ) તબ ઉપાદેય કહેનેમેં આતા હૈ. ભારે વાત ભગવાન. ( એના સિવાય ઉપાદેય શેનો હોય ) ઉપાદેય, ઉપાદેય પણ આ ઉપાદેય જાણ્યા એટલે શું ? પણ ઇસકા અર્થ કયા ( સ્વભાવ ઉપાદેય ) સમજમેં આયા ? દ્રવ્ય સ્વભાવ ઉપર એકાગ્ર હુઆ તબ ઉપાદેય કહેનેમેં આતા હૈ. તબ રાગ હેય ઐસા જ્ઞાન કરનેમેં આતા હૈ. આહાહા !

દરેક ગાથામાં પરમાત્મ પ્રકાશમાં ઐસા લેતે હૈ, ઐસે ધારણા કરી લ્યે ને વાત કરે ઐસા નહિ, ભાઈ બાત ઐસી હૈ સમજમેં આયા ? ( અંતઃ લિન ) હા, જુઓ સંસ્કૃત હૈ – હો ? અત્ર વીતરાગ નિર્વિકલ્પ સમાધિરતો મુક્ત જીવ સદૃશઃ સ્વ શુદ્ધાત્મા ઉપાદેય ઇતિ ભાવાર્થ ઉસકો શુદ્ધ કહેનેમેં આતા હૈ, ઉસકો ઉપાદેય કહેનેમેં આતા હૈ. આદરણીય હુઆ, ઉપાદેય હુઆ, તો પર્યાય દ્રવ્યમેં ( ઘૂસકર ) નિર્મળ હુઈ આ ઉસકો ઉપાદેય કહેનેમેં આતા હૈ. એય પંડિતજી ( બરાબર મહારાજ ) સમજમેં આયા ? ( પહેલા ત્યાં કહેતાતા ને અત્યારે તો જુદું કીધું ) એમાં એ જ કહેવાનું હતું પણ અહીંયા આ સ્પષ્ટ કર દીયા.

શુદ્ધ નિશ્ચયનયસે બંધ–મોક્ષ રહિત હૈ ઉસકા અર્થ કયા ? ( અશુદ્ધ નિશ્ચયનયસે હૈ ) અશુદ્ધ–નિશ્ચયનય હૈ પર્યાયમેં, પણ શુદ્ધસ્વભાવકા પ્રયત્ન કરકે નિર્મળ પર્યાય પ્રગટ કીયા, ઉસકો શુદ્ધ નિશ્ચયનયસે દ્રવ્યમેં બંધ મોક્ષ નહિ, ઇસકો ઐસા નિર્ણય સચ્ચા હોતા હૈ ( નિર્ણય સચ્ચા હોતા હૈ ) સમજમેં આયા ? વીતરાગ માર્ગ ઐસા હૈ. કયા કીયા દેખો. યોગીન્દ્રદેવને ભી કહા હૈ, હે યોગી ! પરમાર્થસે તો જીવ ઉપજતા ભી નહિં, એ ઉત્પાદસે પર્યાયમેં જીવ આતા હિ નહિં એમ કહેતે હૈ શબ્દ પડા હૈ ને ? જીવો, હૈ શબ્દ હૈ કે નહિ એ શેઠ કયા હૈ વાંચો ( પરમાર્થસે – જીવ ઉપજતા ભી નહિ હૈ મરતા ભી નહિં ) ઐસા શબ્દ વાંચતા હશો તમારા ચોપડા વાંચે ત્યારે – દિલ્હીમાં ચોપડા વાંચે તો ઐસા વાંચતા હોગા હેં હેં કરતા. ( પરમાર્થસે જીવ ઉપજતા ભી નહિં હૈ ) –પરમાર્થસે જીવ ( પરમાર્થસે જીવ ) જીવ, જીવ, બસ ઈતના પરમાર્થસે જીવ ઉત્પન્ન હોતા નહીં પર્યાયમેં આતા નહિ. આહાહા !

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શેઠ! બહુ ઘૂંટણ કીયા હૈ ને ચોપડા વાંચે ત્યારે ઝપાટા લ્યે એટલા લેના ને એટલા લેના એ કાંઈ આમ વાંચે પરમાર્થ પહેલા પરમાર્થમાં શબ્દ સરખો નહતો આવ્યો.

પરમાર્થસે એટલે ખરેખર જીવ ભગવાન જીવકા શુદ્ધ સ્વરૂપ જે ધ્રુવ હૈ, ઓ ઉપજતા ભી નહિ પર્યાયમેં આતા ભી નહિ. આહાહા! પણ કિસકો? ભાઈ. (મૂળ મુદ્દાની વાત) દૃષ્ટિ ગઈ અને દ્રવ્ય ઉસકા ભાન હુઆ ઓ દ્રવ્ય ઉપજતા પર્યાયમેં નહિં આતા, ઉસકો કહેનેકા હક્ક હૈ. આહાહા! વાત એવી છે ભગવાન. હેં? (પર્યાયકી બાત – દ્રવ્યકા તો ભાન હુઆ) બિલકુલ નહિ. એ ભાનકો ના પાડતે હે અહીંયા તો, એય અમુલખચંદજી ખ્યાલમેં શાસ્ત્રસે સૂના ને ખ્યાલમેં આયા, ઓ ખ્યાલ જ સચ્ચા નહિ. એ તો રાગવાળું જ્ઞાન છે, પરાવલંબી, પરસત્તાવલંબી જ્ઞાન છે. આહાહા! ગજબ વાત છે. દિગંબર સંતો એ તો નાગા તે બાદશાહથી આઘા આ વસ્તુ હૈ સમજમેં આયા?

કહેતે હૈ, પરમાર્થસે જીવ, જીવ પર્યાયમેં ઉપજતા નહિ. ઉત્પાદમેં આતા નહિ, એમ કહેતે હૈ આહાહા! ધ્રુવ ઉત્પાદમેં આવે તો એક સમયકી પર્યાય તો નાશ હોતી હૈ તો ધ્રુવ ભી નાશ હો જાય. પહેલું આવી ગયું છે આમાં સમજમેં આયા? સામે પાના હૈ ખ્યાલ તો આયેગા કે આ કહેનેમેં આતા હૈ. કહેતે હૈ કે ઉપજતા ભી નહિં. "ભી" કયૂં કહા કે મરતા ભી નહિ એટલે. એકલા ઉપજતા ભી નહિ ને વ્યય ભી નહિ હોતા. સમજમેં આયા? ધ્રુવ ચીજ ભગવાન આત્મા ઓ જીવ, નિશ્ચયનયકા ઓ જીવ, દ્રવ્યાર્થિકનયકા વિષય દ્રવ્ય તે નિશ્ચય જીવ, પર્યાયનો વિષય તે વ્યવહાર જીવ (વ્યવહાર જીવ તો હેય છે એનું શું કામ છે) એ જ તો કહેતે હૈ પણ ધ્રુવ ઉપર દૃષ્ટિ પડે તબ હેય હુઆ (પણ અમારે હેયનું શું કામ છે) કોણ કહેતે હૈ, હેયનું, અંદર ઉપાદેય હુઆ તો હેય હો ગયા ધ્રુવ ઉપાદેય હુઆ તો ઓ રાગ આયા નહિં ઉસમેં, તો હેય હો ગયા. ઉસમેં હેય કરના ફરના ક્યાં છે? (પણ હેય કરે બીના ઉપાદેય કૈસે હોગા) કોણ હેય કરે? ગ્રહણ કરે બીના હેય હોતા હિ નહિં. (ગ્રહણપૂર્વકકા ત્યાગ) ગ્રહણ પૂર્વકકા ત્યાગ ઓ સવેરમેં આયા થા, સમજમેં આયા?

વાહ. ભગવાન–ભગવાન વસ્તુ સ્વરૂપ એવું છે (પર્યાયને દ્રવ્ય) પર્યાય ને દ્રવ્ય બેયની વાત છે ભાઈ. પર્યાય પણ હૈ, પણ પર્યાય હૈ ઉસમેં દ્રવ્ય આતા નહિ, કિસકો ઐસી પ્રતીત હુઈ કે જીસકો દ્રવ્ય ઉપર દૃષ્ટિ, શુદ્ધનયકા દૃષ્ટિ હુઈ, ઓ કહેતે હૈ દ્રવ્ય મેરા ઓ પર્યાયમેં ઓ તો આતા નહિ. મૈં પર્યાયમેં આતા નહિ ને મૈં પર્યાયમેં વિનશતા હિ નહિ. સમજમેં આયા? આહાહા! એઈ રાજકુમારજી કભી સૂના હિ નહિ હોય ત્યાં આટલા વર્ષમાં. પેદા કરવામાંથી નવરા થાય ત્યારે પૂજા ભક્તિ કરવી થઈ રહ્યું જાવ. આવે છે ને? આવ્યા છે ને? કહેતા 'તા ફરીને આવવું પડશે. ફેર કલાસમાં આવીશ. એકવાર સાંભળે, સુને તો કંઈ રસ લાગે, માળું કાંઈક હૈ તો ખરી કાંઈક ચીજ. સમજાણું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાંઈ ? અમારો મનસુખ એને કહે કહે કરે બહુ પણ એમ એ ઝટ દઈને માને ખરા. આવ્યો તો વળી આવ્યો તો આવ્યા છે.

આ વાત જ દૂસરી હૈ. ભગવાન આત્મા, કહેતે હૈ હે જોગી ! જોગી કહાને, ઉસકો કહા આહાહા ! ( જે જોઈ આવ્યો તેને ) હા ( જોગી સાચો ઈ ) જીસકો દૃષ્ટિ ઔર જ્ઞાનકી પર્યાય દ્રવ્યમેં પડી હૈ, પ્રસર ગઈ હૈ, સમજમેં આયા ? ઉસકો કહેતે હૈ, હે યોગી, એ તેરા જીવ ધ્રુવપણા ઓ તો પર્યાયમેં આતા નહિ. જો તેરી પર્યાય દ્રવ્યમેં પ્રસર ગઈ હૈ, પણ ઓ પર્યાયમેં દ્રવ્ય આતા નહિં, ભગવાન તો ત્યાં ને ત્યાં રહેતા હૈ, એમ કહેતે હૈ. સમજમેં આયા. ન્યાલભાઈ કહેતે થે એક વાર " પર્યાય મેરા ધ્યાન કરે તો કરે હમ કીસકા ધ્યાન કરે. " અરે કરવાનું રહ્યું, હજી કર્યા વિના ? ( એમ જ લોકો કહે છે હવે અમારે કાંઈ કરવાનું નથી ) ભાષા કરે એમાં શું કામ આવે ? ( હવે અમારે શું કરવાનું છે, જેને કામ કરવું હોય એ કરે ) એ અજ્ઞાન કરે ઈ. અજ્ઞાન કરતે હૈ. એ તો અંતર વસ્તુની દૃષ્ટિ કર્યા પીછે દૃષ્ટિમેં ઐસા પર્યાય મેરા ધ્યાન કરો તો કરો. હમ તો દ્રવ્યમેં બેઠ ગયા હૈ. ( હો ગયા – દ્રવ્યમેં બેઠ ગયા તો ધ્યાન હો ગયા ) બહારથી બધા લોકો આવ્યા છે ને એટલે જરી – ( ખુલાસો કરવો જોઈએ ) ખુલાસો કરવો જોઈએ ( પણ ઘણી ગરબડ થઈ ગયા પછી ખુલાસો થયો ) હવે એ ગરબડ કાંઈ હૈ નહિ, એવું થોડુ થોડું હાલ્યા કરે સમાધાન માટે છે ને આ બધું.

કહે છે શુદ્ધ નિશ્ચયનયકર નહિ હૈ ઉસકા અર્થ કયા ? કે શુદ્ધ નિશ્ચયકા વિષય જો હૈ, ઐસા વિષય દૃષ્ટિમેં લીયા હૈ. ઉસકો બંધ ને મોક્ષ નહિ દ્રવ્યમેં, ઐસા કહેતે હૈ. એય, શુદ્ધ નિશ્ચયયનયસે ઐસા ને વ્યવહારનયસે ઐસા, ઉસકા અર્થ કયા ? શુદ્ધ–નિશ્ચય જ્ઞાનકી પર્યાયે ત્રિકાળી ધ્રુવકો લક્ષ કરકે શુદ્ધનિશ્ચયકા ભાન કીયા હૈ. સમજમેં આયા ? આહાહા ! ઝીણી વાત છે શોભાલાલજી.

ઓ કહેતે હૈ કે અમારા દ્રવ્ય તો પર્યાયમેં આતા નહિ.

પર્યાય હમારા ધ્યાન કરે, આવો તો આવો, આહાહાહા, જાણે પર્યાય કિસકી હૈ પર્યાય વ્યવહારકી ( પર્યાય તો પર્યાયની ) આહાહા ! એઈ, શબ્દ કયા લીયા હૈ પરમાર્થસે જીવ પરમાર્થે જીવ, જીવ પર્યાયમેં આતા નહિ એમ કહેતે હૈ તો એમ કહેતે હૈ દેખો, શબ્દ કયા હૈ ? પરમાર્થે, ખરેખર જો જીવ હૈ, ઓ જીવ પર્યાયમેં આતા નહિ આહાહા ! સમજમેં આયા ? ઓ જીવ પર્યાયમેં વ્યય હોતા નહિ. ઉસકો બંધકી પર્યાય વ્યય હો, એ ધ્રુવમેં નહિ. આહાહા ! જુઓને, સવેરેમેં આયા થા આત્મા રાગકા નાશકા કર્તા નહિ, કર્તા ક્યાં હૈ ? દ્રવ્યમાં ક્યા હૈ ? આહાહા ! રાગકા નાશકા કરનેવાલા જીવ નહિ, કોણ કરે નાશ ? સમજમેં આયા ?

ભગવાન આત્મા વસ્તુ જો હૈ, એ તો રાગકા નાશ કરના ઉસમેં હૈ હિ નહિ. રાગકી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ઉત્પત્તિ કરના નહીં ને મોક્ષની ઉત્પતિ કરના ઓ દ્રવ્યમેં નહિ, ઐસા દ્રવ્યકી દૃષ્ટિ જબ હુઈ. તબ વો દ્રવ્ય મેરા પર્યાયમેં આતા નહિ, મૈં પર્યાયકો જાનનેવાલા હું, પર્યાયમેં આતા નહિ હૈ યે નિર્ણય તો પર્યાયે કીયા હૈ. એઈ સમજમેં આયા ? મૈં પર્યાયમેં આતા નહિં પણ એ નિર્ણય કીસમેં હુઆ ? પર્યાયમેં હુઆ કે ધ્રુવમેં હુઆ ? ( પર્યાયમેં ) ધ્રુવ તો ધ્રુવ હૈ. પર્યાય ધ્રુવમેં એકાકાર હુઈ, મૈં ધ્રુવ હું, ઓ પર્યાયમેં આતા નહિં, પર્યાયમેં ઉપજતા નહિ, નિશ્ચય ઓ વ્યવહારમેં આતા હિ નહિં. લોકો તો હજી કહેતે હૈ વ્યવહારસે નિશ્ચય હોતા હૈ, એ તો ક્યાંય રહી ગઈ બાત.

વ્યવહારસે નિશ્ચય થાય અરે ભગવાન એ તો કથનકી શૈલી ઐસી હૈ વ્યવહાર કારણ હૈ ને, હેતુ હૈ ને, સાધન હૈ ને ? બધુ છે ( ઓ તો આપને ઓરસે ઉડાયા વ્યવહાર ) ઉડાયા નહિ. ઉસમેં હૈ નહિ તે ઉડ ગયા, માટે ઉડ ગયા એમ કહેતે હૈ સમજમેં આયા ?

જરી ઠીક વાત નીકળી ગઈ હૈ ( બહોત સ્પષ્ટ સારો ખુલાસો ) લ્યો અમારે આત્મારામ ( કિસકો કહેના ધ્રુવ સ્વભાવકા ઉપાદેય એ ખુલાસો બહુત સુંદર ) ભાઈ, તેરા દ્રવ્ય હૈ, હૈ, હૈ, ઐસી પ્રતીતિ આઈ હૈ કે નહિ ? સમ્યક્ હુઆ હૈ કે નહિ ? ( આપે કહ્યું પછી આવેજ ને પ્રતીતિ ) એઈ, ઠીક વકીલાત ( નહીંતર પર્યાય બુદ્ધિ હો જાતી હૈ ) એ બુદ્ધિ કિસકો પણ ? ( અજ્ઞાનીકો ) અજ્ઞાની તો પર્યાયબુદ્ધિમેં હૈ હિ. જબ જ્ઞાની હુઆ તો દ્રવ્ય બુદ્ધિ હુઈ હૈ યહ ભાન હુઆ હૈ, એ પર્યાય બુદ્ધિ છૂટ ગઈ હૈ – સમજમેં આયા ?

( આજનું વ્યાખ્યાન તો જલ્દી છપાવવું જોઈએ ) વાત સાચી છે ભાઈ કહે છે. એ ઠીક કહે છે એઈ હરિભાઈ લખતા નહિં હોય ને હરિભાઈ પાછું આવું હોય તો લખવું જોઈએ આમાં ઘરનો શબ્દ નો આવવો જોઈએ, હોં, અહીં આવે એટલા આવે તો બરાબર ઠીક પડે સમજમેં આયા ?

પરમાર્થે જીવ ‘ જીવો ’ શબ્દ પડયા હૈ ને ? દેખો ‘ જીવો ’ ન ઉપજ્જઈ ન મરઈ જીવ ન મરે અને ઉપજે પણ કયા જીવ ? એ તો ધ્રુવ જીવ ત્રિકાળ નિત્યાનંદ ભગવાન, એ પર્યાયમેં આતા નહિં ઔર પર્યાયકા વ્યય હોતા હૈ ઉસમેં નહિ મરતા ભી નહિ. “ બંધ મોક્ષ નહિ કરતા ” ભગવાન ધ્રુવ સ્વરૂપ. આહાહા ! દિગંબર સંતોકી શૈલી સનાતન ધારા હૈ.

આવી વાત બીજે ક્યાંય મળે નહિ. સમજમેં આયા ? કહેતે હૈ કે ભાઈ, તેરા કામ તેં કીયા ? કામ કીયા તો તેરા દ્રવ્ય પર્યાયમેં ઉપજતા નહિ ઐસા તેરે નિર્ણય હો ગયા. આહાહા ! ઔર મેરા દ્રવ્ય પર્યાયમેં ભાન હુઆ, પર્યાયમેં નિર્ણય હો ગયા, આ દ્રવ્ય હૈ. તો ઐસા દ્રવ્ય, પર્યાયમેં આકર બંધકો હિ કર્તા નહિં, ઔર મોક્ષકો હિ કરતે નહિ ઐસા શ્રી જિનવર કહેતે હૈ. પાઠમેં હૈ કે નહિ ? “ જિણવર એઉ ભણેઈ ” પરમાત્માની વાણીમાં ઐસા આયા. આહાહા ! ( પરમાત્માકી વાણીમેં ઐસા આયા અનુભવીઓકે અનુભવમેં ભી ઐસા આયા )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરમાર્થસે જીવ પરમાર્થસે જીવ નહિં તો વળી વ્યવહારસે જીવ હોય છે? પણ પર્યાય એ વ્યવહાર હૈ ( પર્યાય છે તે વ્યવહાર ) પર્યાય એ વ્યવહાર, સિદ્ધ પર્યાય એ વ્યવહાર, કેવળજ્ઞાન વ્યવહાર, ક્ષાયિક સમકિત વ્યવહાર, ક્ષાયિક ચારિત્ર વ્યવહાર, યથાખ્યાત ચારિત્ર પર્યાય વ્યવહાર, પર્યાય વ્યવહાર ને દ્રવ્ય નિશ્ચય ક્યૂંકિ નિશ્ચયકા નિર્ણય હુઆ તો પર્યાય રહી ગઈ બહાર. કિયા નિર્ણય પર્યાયને પણ ઓ પર્યાય રહી ગઈ બહાર. દ્રવ્યમેં પેઠી નહિ. ( વાહ રે. વાહ ધન્ય વીતરાગ ) લક્ષ ફેરવ્યું એટલે દ્રવ્યમાં પેઠી ઐસા, અભેદ હુઈ ઐસા કહેનેમેં આતા હૈ. પર ઉપર જો લક્ષ થા, રાગ ઉપર, પર્યાય ઉપર, ઓ દ્રવ્ય ઉપર લક્ષ હુઆ તો ઓ પર્યાય છૂટ ગઈ અથવા ઓ પર્યાયમેં નિર્ણય હુઆ કે એ પર્યાયમેં આત્મા આતા નહિ, ધ્રુવ કૈસે આવે? સમજમેં આયા? મહાસાગર સાહેબો ચૈતન્ય પ્રભુ, એના સાહેબનો સાહેબ દુનિયામાં કોઈ હૈ નહિં હવે, આહાહા! સમજમેં આયા? એનો પર્યાય પણ સાહેબ નહિ. આહાહા! નિર્મળ, નિર્વિકારીપર્યાય કે નિર્વિકારી દશા ઉસસે જો નિર્ણય હુઆ, આત્મ દ્રવ્યકા તો કહેતે હૈ કે નિર્ણય કીયા પર્યાયે પણ પર્યાય ઐસે માનતી હૈ કે દ્રવ્ય મેરે અંશમેં નહીં આતા, ઔર ઓ દ્રવ્ય બંધ મોક્ષકો કરતે નહિ. સમજમેં આયા? ઐસા શ્રી જિનવર કહેતે હૈ પરમાત્મા ત્રિલોકનાથ એમ કહેતે હૈ.

" ફીર વહ સ્પષ્ટ કિયા જાતા હૈ " – ( હવે પર્યાય આવી )

" વિવક્ષિત એકદેશ શુદ્ધ નયાશ્રિત યહ ભાવના " ભાવના કહ્યાતાને વો ધ્યાન કહો ભાવના કહો, મોક્ષમાર્ગ કહો જો કહેનેમેં આતા હૈ વો ' વિવક્ષિત ' એટલે કહેનેમેં આતા હૈ વો એકદેશ શુદ્ધનય ભાવના એકદેશ શુદ્ધનય હૈ એક અંશરૂપે શુદ્ધનય હૈ. ત્રિકાળી શુદ્ધનય તો ધ્રુવ હૈ. એ નય કહો કે નયનો વિષય કહો બેય એક હિ હૈ અહીં તો. જુઓ એકદેશ શુદ્ધનયાશ્રિત કયા કહેતે હૈ? ( ભાવ ) ભાવ. જો નિર્મળ ભાવ હૈ, વસ્તુકા જો અનુભવ હોકર નિર્મળ વીતરાગી પર્યાય પ્રગટ હુઈ ઓ એક ભાગ શુદ્ધનયકા આશ્રયે, યહ ભાવના " જિસસે કહેના ચાહતે હૈ યહ આંશિક શુદ્ધિરૂપ આ પરિણતિ " આંશિક શુદ્ધિરૂપી પરિણતિ અંશે શુદ્ધરૂપી દશા જો મોક્ષકા માર્ગ જો ધ્યાનરૂપ દશા, ભાવનારૂપ પર્યાય, સબ એક હિ નામ હૈ એ આપણે પાંસઠ બોલ આગળ આ ગયા હૈ. દ્રવ્ય સંગ્રહમેં.

કહેનેમેં આતા હૈ ઐસા એકદેશ શુદ્ધનયાશ્રિત, યહ ભાવના જિસે કહેના ચાહતે હૈં ઐસી આંશિક પરિણતિ " નિર્વિકાર સ્વસંવેદન લક્ષણ " જો પહેલે ઓ શુદ્ધ પરિણતિ ધર્મકી ઉપશમ ક્ષયોપશમ ને ક્ષાયિકમેં ગીનનેમેં આતા થા વો સામાન્ય થા. હવે એ તીનોમેં જ્ઞાન પર્યાયકો પરિણમન હૈ, જ્ઞાનકી પ્રધાનતાસે કથન હૈ સમજમેં આયા? આમાં ઉપશમ અને ક્ષાયિક ન લીયા, જ્ઞાનમેં ઉપશમ હોય નહિ, જ્ઞાનમેં ક્ષાયિક નીચે હોય નહિ. કયા કહેતે હૈ? કે નિશ્ચય મોક્ષમાર્ગકી પર્યાય ઉસમેં જ્ઞાન હૈ, સમજમેં આયા?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાન હૈ, એ જ્ઞાન એકદેશ શુદ્ધ હૈ. એ ક્ષયોપશમ જ્ઞાન હૈ. સમજમેં આયા ? જ્ઞાનમેં ઉપશમ નહિં આતા, જ્ઞાનમેં નીચે ક્ષાયિક નહિ. સાધારણ વાત તીનો મોક્ષમાર્ગ કહા તબ તો ઉપશમ ક્ષયોપશમ ક્ષાયિક કરકે તીનો ભાવ મોક્ષકા કારણ હૈ ઐસા કેહ દીયા. પણ હવે જ્ઞાનકી બાત કરકે ઉસકો ( ધ્રુવ ) જ્ઞેય બનાયા, ઐસા જો જ્ઞાન નિર્વિકાર સ્વ. સંવેદન લક્ષણ વિકાર વિનાના અપના ' સ્વ ' નામ અપનેસે ' સમ્ ' નામ પ્રત્યક્ષ વેદન નામ અનુભવ લક્ષણ, ઐસા ક્ષાયોપશમિક જ્ઞાનરૂપ હોનેસે એ શુદ્ધ પરિણતિ ક્ષયોપશમ જ્ઞાનરૂપ હૈ, જિસકો ઉપશમ ક્ષયોપશમ અને ક્ષાયિક ઐસા ભાવ થા, એ તો દર્શન, જ્ઞાન ને ચારિત્ર તીનો બોલ લેકર કહા થા. હવે તીનોમેં શ્રુતજ્ઞાનકી વેદન દશા હુઈ, એ શુદ્ધ જ્ઞાનકી પરિણતિ હૈ એ ક્ષયોપશમ જ્ઞાન હૈ, જ્ઞાનમેં ઉપશમ નહિં હોતા, સાધકકો જ્ઞાનમેં ક્ષાયિક નહીં હોતા ઉપશમ હૈ નહિ વહાં કયા ઉપશમ હોતા ? જ્ઞાનનો ઉપશમ થાય તો કેવળજ્ઞાન થઈ જાય. ઐસા અર્થ કયા. જ્ઞાનમાં ઉપશમ હોતા નહિં જ્ઞાનમાં ક્ષાયિક અહીંયા હૈ નહિં નીચે, અહીંયા તો સાધકકી બાત હૈ દેખો, કયા ? આંશિક શુદ્ધિરૂપી પરિણતિ પૂર્ણ શુદ્ધરૂપી પરિણતિ કેવળજ્ઞાનકી અહીંયા બાત હૈ નહિ. મોક્ષકામાર્ગકી આંશિક શુદ્ધિરૂપી પરિણતિ, " નિર્વિકાર સ્વસંવેદન લક્ષણ ક્ષાયોપશમિક જ્ઞાનરૂપ હોનેસે યદ્યપિ એકદેશ વ્યકિતરૂપ હૈ " એક અંશે પ્રગટરૂપ હૈ સ્વસંવેદનજ્ઞાન દ્રવ્યકો લક્ષ કરકે જો વેદન હુઆ એ જ્ઞાન એકદેશ અંશે શુદ્ધ હૈ.

તથાપિ ધ્યાતા પુરુષ ઐસા ભાતા હૈ એ વાત વિસ્તારથી બાકી

( પ્રમાણ વચન ગુરુદેવ ).

*****

## પ્રવચન નં. - ૧૨ ગાથા ૩૨૦ તા. ૨૦-૮-૭૦

( સમયસાર ) ૩૨૦ ગાથા, જયસેન આચાર્યકી ટીકા, અધિકાર પરમ રહસ્યમય થા, થા કયા કહતે હૈં તુમ્હારી હિન્દીમેં ( શ્રોતાઃ થા ) થોડા સૂક્ષ્મ પડા, ફિર ભી સૂને તો ખરા ! કયા ચીજ હે ? વાસ્તવિક બાર અંગને સિદ્ધાંતકા સાર ! સિદ્ધાંત એ છે કે જ્ઞાયકભાવ અપના આત્મા, ધ્રુવ પરમ પારિણામિકભાવ લક્ષણ તત્ત્વ ! ઉસકી સન્મુખ હોકર શ્રદ્ધા-જ્ઞાન કરના યે સારા બાર અંગકા સાર હૈ, એની પછી બધી ટીકાયું ને વિસ્તાર સમજમેં આયા ?

જુઓ ! આપણે યહાં આયા હૈ ' વિવક્ષિત એકદેશ શુદ્ધનયાશ્રિત યહ ભાવના ' કયા ભાવના ? જો ચૈતન્યસ્વરૂપ જ્ઞાયકભાવ વો તરફકી એકાગ્રતા, ઐસી જો ભાવના નામ નિર્મળદશા, યે એકદેશ શુદ્ધ નયાશ્રિત હૈ, કેમ કે વ્યક્તરૂપ પર્યાય હૈ ને ! વ્યક્ત-પ્રગટરૂપ મોક્ષકા મારગ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર જો ત્રિકાળી દ્રવ્યકા આશ્રયસે અનુભવમેં આયા, તો યે એકદેશ શુદ્ધ હૈ, યે નિર્વિકાર સ્વસંવેદનલક્ષણ ક્ષાયોપશમિક જ્ઞાન હોનેસે યે જ્ઞાનકી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પ્રધાનતાસે યહાં કથન કિયા હૈ. આમ તો તીનભાવ ( ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ) આ લીયા થા આંહી તો એકલા ક્ષયોપશમરૂપ ભાવ લિયા.

ત્રિકાળી ભગવાન આત્મા ! જ્ઞાયક સ્વરૂપ વો તરફકી એકાગ્રતાસે જો વિકાસ હુઆ જ્ઞાનકા પર્યાયમેં, યે ક્ષાયોપશમિક જ્ઞાનરૂપ હોનેસે ' એકદેશ વ્યક્તિરૂપ હૈ–એક અંશે પ્રગટરૂપ હૈ ( અર્થાત્ ) એક અંશ પ્રગટરૂપ હૈ, ચાહે તો મોક્ષ પ્રગટ હો તો પણ એક અંશ પ્રગટરૂપ હૈ, પર્યાય અંશ જ છે, ખંડ હૈ, અંશ હૈ, ભેદ હૈ એક સમયકી દશા વો કયા ચીજ ( હૈ ? )

ઐસા હોનેસે, તથાપિ ઐસી પર્યાય નિર્મળ... પ્રગટ હુઈ, સ્વભાવ ધ્રુવકે આશ્રયસે, ધ્રુવ ચૈતન્ય ભગવાન ઉસકો અંદર દૃષ્ટિ–ધ્યેય કરકે, દૂસરી તરફસે દૃષ્ટિ સમેટ કરકે સમજમેં આયા ? વો ભી નાસ્તિસે કથન. અપના ચૈતન્ય ધ્રુવ જ્ઞાયકમેં દૃષ્ટિ લગાના ઓર વો તરફકા જ્ઞાન કરના ઓર ઉસમેં લીન હોના વો મોક્ષકા મારગ હૈ, શુભ અશુભ ભાવ કોઈ મોક્ષકા મારગ નહીં, સમજમેં આયા ? ઐસી પ્રગટદશા, શક્તિમેંસે વ્યક્તતા– પ્રગટ હુઈ નિર્મળ ' તો પણ 'તથાપિ તોપણ કહતે હૈં ને તમારે હિન્દી ભાષામેં ? ( શ્રોતાઃ તો ભી ) તો ભી તથાપિ ધ્યાતા પુરુષ ઐસા ભાતા હૈ સમ્યગ્દૃષ્ટિ ધ્યાન કરનાર આત્મા, કીસકો ભાતા હૈ કે ત્રિકાળી ચીજકો ભાતા હૈ. સમજમેં આયા ?

શુદ્ધ ભગવાન આત્મા અનંત અનંત સુખસાગરકા સરોવર સુખસાગરકા ઉછલતા દરિયા. સુખસાગર ઐસી ચીજ જો ત્રિકાળી હૈ, ઉસમેં અંતરમેં એકાગ્ર હોકર, સ્વભાવકા ધ્યેય બનાકર, જો પર્યાય નિર્મળદશા એક અંશે પ્રગટ હુઈ, પણ એ ધ્યાન કરનેલાયક નહીં, ધ્યાનમાં ઉસકો ધ્યેય બનાને લાયક નહીં, નંદકિશોરજી ? આહાહા ! ' ધ્યાતા પુરુષ ' અપના સ્વરૂપ શુદ્ધ, ધ્યાન કરનેવાલા આત્મા, સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર યે તીનોં ધ્યાન હૈ, કયા કહા ? ( સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર યે તીનોં ધ્યાન હૈં ) ધ્યાન હૈં, યે ધ્યાન જિસકો પ્રગટ હુઆ, વો ધ્યાની કિસકો ધ્યાતા હૈં ? સમજમેં આયા ?

અનંત સુખસાગરકા નીર પ્રભુ જુઓ સાગરમેં નીર( જળ ) હોતા હૈ ને ? ( શ્રોતાઃ ) સાગરમેં તો નહીં હૈ ! ( ગુરુદેવઃ ) નહીં, નહીં, નહીં તમારા સાગરની વાત નહીં, યે તો નિજસાગર ! અનંત સાગર ! નીર ( જ્ઞાનનીર સે પરિપૂર્ણ ) સમજમેં આયા ? ઐસા પ્રભુ ( આત્મા ), ધ્યાન કરનેવાલા ધર્મી કિસકો ધ્યાતા હૈ ? કિસકો ધ્યેય બનાતે હૈં ? યે નિમિત્તકો–ભગવાનકો ધ્યેય નહીં બનાતે હૈં એમ કહતે હૈં ( શ્રોતાઃ ) ઘણી ચોખવટ ( ગુરુદેવઃ ) આહા... હા ! એ વિકલ્પ–દયા–દાન–વ્રતકા વચમેં હો ઉસકો ( ધ્યાતા પુરુષ ) ધ્યેય નહીં બનાતે હૈં, સમ્યગ્દૃષ્ટિ–ધર્મી જીવ, એકસમયકી નિર્મળ પર્યાય પ્રગટ હુઈ હૈ મોક્ષમાર્ગકી, ઉસકો ભી ધ્યેય નહીં બનાતે હૈં, સમજમેં આયા ? બાર અંગકા નિચોડ સાર આ હૈ.

'ધ્યાતા પુરુષ ઐસા ભાતા હૈ' ઐસા ધ્યેયકો ભાવના કરતે હૈં, કૈસા ધ્યેય? જો સકલ નિરાવરણ હૈ આત્મા. આહાહા! જુઓ રાગ આદિ તો ઉદયભાવ હૈ, પણ શાસ્ત્રમેં ક્ષયોપશમ, ક્ષાયિકકો સાવરણ કહનેમેં આયા હૈ, પંડિતજી? કયા કહતે હૈં? નિયમસાર મેં હૈ સાવરણ હૈ ને ઓ આવરણકે અભાવકી અપેક્ષા આઈ ને! ઇતની અપેક્ષા હૈ ને? પંચાસ્તિકાયમેં લિયા ને ચાર ભાવ કર્મકૃત, ભૈયા? (શ્રોતાઃ કુંદકુંદચાર્યે) ગુરુદેવઃ કુંદકુંદાચાર્યે મૂળપાઠમેં લિયા હૈ, (કયોંકિ) કેવળજ્ઞાન ખંડરૂપ એક સમયકી પર્યાય હૈ- ઉસમેં આવરણકા અભાવકી અપેક્ષા આ ગઈ, તો કેવળજ્ઞાનકો ભી વિભાવભાવ- વિભાવજ્ઞાન કહનેમેં આયા હૈ, વિભાવ નામ વિશેષભાવ ભાઈ. વિભાવ નામ વિશેષભાવ યે સામાન્યભાવ નહીં, આહાહા!

કહતે હૈં 'સકલ નિરાવરણ' કેવળજ્ઞાનકો ભી ચાર (ભાવ) આવરણવાલા કહા હૈ, ચાર ભાવકો નિયમસારમેં-ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ચાર આવરણવાલા (કહા ગયા હૈ) કયુંકિ એકમેં આવરણકા નિમિત્ત હૈ ને તીનોંમેં આવરણકા અંશે અભાવ કા કારણ હૈ, તો ચારે અપેક્ષાવાલા ભાવ હો ગયા, તો આવરણવાલા કેહ દિયા ઉનકો, (ઔર) ભગવાન આત્મા સકલ નિરાવરણ ત્રિકાલ નિરાવરણ આવરણ જિસકો હૈ હી નહીં. આહા.. હા! સમજમેં આયા?

"અહીં આત્મતત્ત્વ નિશ્ચયસે કિસકો કહતે હૈં યે બાત ચલતી હૈ, નિશ્ચયસે, યથાર્થસે, સત્યસે, વાસ્તવિકસે ધ્યાન કરનાર ધર્મી જીવ, કિસકો આત્મા માનતે હૈં ને કિસકો, ઓ ધ્યેય બનાતે હૈં, વો બાત ચલતી હૈ".

'સકલ નિરાવરણ' દૂસરા આવરણવાલા હૈ વો તો આયા, ભાઈ! ચાર ભાવ આવરણવાલા હૈ એમ આયાને ઉસમેં? (આંહી છે) આંહી આવ્યું એમ નહીં બીજે (નિયમસારમાં) પણ છે.

ત્રિકાળ ભગવાન સત્વ જો જ્ઞાનસ્વભાવ ભાવ, ધ્રુવભાવ, અનાદિ અનંત એકરૂપભાવ, વો ત્રિકાળભાવ સકલ નિરાવરણ, વો ચાર ભાવ આવરણવાલા હૈ વો ધ્યેયમેં લેને લાયક નહીં (શ્રોતાઃ નહીં, નહીં, નહીં) ઓ.. હો.. હો.. હો! સમજમેં આયા? માથે કહા ને એકદેશ પ્રગટ હુઆ નિર્મલ આનંદ-સુખાનંદ, લ્યો સુખાનંદ ધર્મશાળા છે ને તમારે ત્યાં મુંબઈમાં નહિં, એય ચંદ્રકાંતભાઈ ભાળી છે કે નહીં, આવેલ છે સુખાનંદ ધર્મશાળા, ઈ બારણામાં બેસે છે ત્યાં, સુખાનંદ ધર્મશાળા ભગવાન આત્મા હૈ, સુખ ને આનંદના સ્વભાવવાળી ધર્મશાળા ઈ આત્મા, ઐસા ધ્રુવ આત્મા! ઉસકા આશ્રય કરકે, ધ્યેય બનાકર જો વીતરાગી નિર્વિકલ્પ સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન શાંતિ આનંદ આદિ જો પ્રગટ હુઆ વો ધ્યેય નહીં ધર્મીકા, તેમ કેવળજ્ઞાન ધર્મીકા ધ્યેય નહીં એમ કહતે હૈં અહીંયા. આહાહા! સમજમેં આયા?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમયસારમેં આતે હૈં ઉપાય ઉપેયમાં, પીછે અધિકાર આતા હૈ ને ઉપાય–ઉપેય ( શ્રોતાઃ છેલ્લા ભાગમાં ) આખિરકે ભાગમેં લો, લો એ યાદ આ ગયા. વહાં ઉપાય તો મોક્ષકા મારગ હૈ, ઉપેય તો મોક્ષમાર્ગકા ફળ ઐસા સિદ્ધપદ હૈ, ત્યાં ઐસા લિયા હૈ ‘ સમયસાર ’ ઉપાય–ઉપેય, ઉપાય તો મોક્ષકા કારણ હૈ ઔર ઉપેય મોક્ષરૂપ દશા, ઉસકો ત્યાં ધ્યેય અને આ સાધન ત્યાં કહનેમેં આયા હૈ, પંચાસ્તિકાયમેં ભી આતા હૈ ને ? વ્યવહાર સાધન સાધ્ય ભિન્ન સાધન સાધ્ય લ્યો કો’ વાત કઈ શૈલી ભાઈ.

અભિન્ન સાધન સાધ્ય કહો તો પણ નિર્મળ વીતરાગી પર્યાય સાધન અને પૂરણ વીતરાગપર્યાય વીતરાગી દશા પૂરણ મોક્ષ તે સાધ્ય ! સમજમેં આયા ? આંહી તો કહે છે કે ‘ સાધ્ય ’ એ નહીં ( ઈ સાધ્ય બીજું ? ) બીજા અર્થમાં કહે છે– ઈ તો પ્રગટ કરવાની અપેક્ષાએ ત્યાં સાધ્ય કહનેમેં આયા હૈ, પણ પ્રગટ કિસકા આશ્રયસે હોતા હૈ ? આહાહા !

ધ્યાતા પુરુષ ( ઐસા ભાતે હૈં કિ ) સકલ નિરાવરણ ભગવાન આત્મા ! ધ્રુવ નિરાવરણ ચૈતન્ય પિંડ ! ચૈતન્ય બિમ્બ ! પરમ સુખસાગરકા સમુદ્ર હૈ, એ બિલકુલ આવરણ ને આવરણકા અભાવકી અપેક્ષા એ ધ્રુવમેં હૈ નહીં, ઔર ‘ અખંડ ’ દેખો ! કેવળજ્ઞાન આદિ પર્યાયો તે ખંડ હૈ, અંશ હૈ, પર્યાય અંશ હૈ આતા હૈ ન ભાઈ ? પ્રવચનસારમેં પર્યાય અંશ હૈ, પર્યાય અંશ હૈ, અંશી નહીં, આહાહા ! સમજમેં આયા ?

આંહી તો હજી કયાંકથી બનશે સમકિત–સમકિત, ભગવાનની પ્રતિમાથી ને, સમ્મેદશિખરની જાત્રામાંથી ને, સમકિત થશે !

આંહી કહતે હૈં કિ સમકિતકા ધ્યેય તો ધર્મીકો પૂર્ણાનંદ પ્રભુ એ ધ્યેય હૈ, ન્યાંસે સમક્તિ પ્રાપ્ત હોતા હૈ, શેઠ !

કહતે હૈં કિ ‘ અખંડ ’ હૈ, દેખો ભાષા ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ મહા અસ્તિરૂપ સ્વભાવ, નિશ્ચય વાસ્તવિક યથાર્થ આત્મા જો ધ્રુવ હૈ, યે અખંડ હૈ. ઉસમેં ખંડ હૈ નહીં આહા.. હા ! એ ધર્મીકો ધ્યેય હૈ, સમકિતી જ્ઞાનીકો વો ધ્યેય હૈ, આહાહા ! અખંડ સામે ખંડકા નિષેધ, એ આગળ કહેગા ‘ એક ’ ઓહો ! અંખડમેં અભેદ આ ગયા, સમજમેં આયા ? એ... ક, પર્યાય તો અનેક હૈ, વસ્તુ તરીકે ધ્રુવભગવાન તો ‘ એક ’ હૈ, સમજમેં આયા ?

શું કહે છે તમારે... એક્કો આવે છે ને રમવામાં ભાઈ ! આવે છે ને ! ગંજીપાનો એક્કો ( શ્રોતાઃ ઈ હુકમનો એક્કો ) હા, હુકમનો એક્કો, ઈ જીતી જાય એમ હોય છે ને ! ગુલો ને રાણી ને બાદશાહ ને એક્કો ! આવે છે ને એમાં ( ઈ હુકમનો એક્કો ) ઓલોય એક્કો ચઢી જાય એવો છે, પણ હુકમનો એક્કો તો ખલાસ ! પછી કહે છે ( એને કોઈ ન જીતે ) બાદશાહ કરતાં એક્કો ઊંચો હોય છે એમ રમતા ’તા ને ! આ રમત અમારા મામાને ઘરે, નાની ઉંમરમાં બધું રમતાં–થોડું થોડું બધું કર્યું છે, થોડું થોડું, અમારે મામા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હતાને ત્યાં આ બધી રમતું ચાલતી, ગૃહસ્થ હતા તેને ત્યાં વાંચતા–રમતાં એક્કો ને ગુલો ને નાની ઉંમરની વાત છે હોં!

અહીંયા તો કહે છે કે ગુલો તો પર્યાય છે આ ભગવાન આત્મા બાદશાહ ને એક્કો છે. ‘ એક ’ ભગવાન પૂર્ણ સ્વરૂપ, એ... ક જિસકો દૃષ્ટિમેં આયા હૈ ( એ સમ્યગ્દૃષ્ટિ ) ઉસકા ધ્યાન કરતે હૈં, એમ કહતે હૈં, સમજમેં આયા? સકલ નિરાવરણ કહકર આવરણવાલા ચાર પર્યાયોંકા નિષેધ કર દિયા, અખંડ કહકર એક અંશ ( ખંડ ) પર્યાયકા નિષેધ કર દિયા, ‘ એક ’ કહકર અનેક પર્યાયોંકા નિષેધ કર દિયા, નિષેધ કરનેમેં ન આયા લેકિન ઉસમેં નિષેધ આ ગયા.

‘ પ્રત્યક્ષપ્રતિભાસમય ’ આહા.. હા! કૈસા હૈ ભગવાન આત્મા? એક સમયકી પર્યાય–અવસ્થા સિવાયકી ચીજ ( આત્મવસ્તુ ) પ્રત્યક્ષપ્રતિભાસમય હૈ, એ સ્વરૂપ પ્રત્યક્ષ હી વસ્તુ હૈ, ‘ નિયમસાર ’ મેં ઐસા શબ્દ લિયા હૈ ‘ સ્વરૂપ પ્રત્યક્ષ ’ ધ્રુવ એ સ્વરૂપપ્રત્યક્ષ હૈ, સમજમેં આયા?

પણ.. કિસકો? જિસને મતિ અને શ્રુતજ્ઞાનકી પર્યાયસે અપના દ્રવ્યકો પ્રત્યક્ષ કર લિયા હૈ ઐસે સમકિતીકો ધ્યેયરૂપે વો પ્રત્યક્ષ પ્રતિભાસમય દ્રવ્ય હૈ. ભારે વાત આ! ( શ્રોતાઃ સબકે લિએ નહીં? બધાંને માટે નહીં? ) ગુરુદેવઃ સબકે લીએ નહીં બધાંને માટે કયા? એ માટે તો આ પ્રશ્ન ચાલે છે. જિસકો સમ્યક્ ખ્યાલમેં હી ચીજ આઈ નહીં, પ્રત્યક્ષપ્રતિભાસમય આ ચીજ હૈ, ઐસી ( વસ્તુ ) દૃષ્ટિમેં આયે બિના ( માન લેના ) ધ્યાતા–ધ્યાન કરતે હૈં તો ધ્યાતાકો ખ્યાલ હૈ કિ આ ચીજ ( પ્રત્યક્ષપ્રતિભાસમય હૈ ) ભાઈ? થોડા સૂક્ષ્મ હૈ હોં! પણ હવે સૂને તો ખરા! ( શ્રોતાઃ સૂનના તો પડેગા હી! ) ગુરુદેવઃ સૂનના પડેગા... એ લ્યો, ઈતની થોડી દરકાર ઓછી હૈ ( ઉસકો–શેઠકો ) સમજમેં આયા?

યે સમજે વિના ત્રણ કાળમેં કયાંય ઉદ્ધાર હૈ નહીં, લાખ જાત્રા કરે ને ભક્તિ કરે ને પૂજા કરે ને દયા કરે ને દાન કરે એ બધા શુભભાવ ( હૈ ) અને ત્યાં દૃષ્ટિ હૈ તો મિથ્યાત્વ ભાવ હૈ. સમજમેં આયા?

આહા... હા.. હા! આંહી કહતે હૈં કિ ‘ પ્રત્યક્ષ પ્રતિભાસમય ’ ઉસકા અર્થ યે હુઆ કે પર્યાયમેં–વર્તમાનદશામેં સમકિતીકો, મતિશ્રુતકા જ્ઞાન દ્વારા, ઓ આત્મા પ્રત્યક્ષ હુઆ હૈ ઉસકો યે પ્રત્યક્ષપ્રતિભાસમય હૈ, ઐસા ધ્યેય કરતે હૈં. આ.. હા.. હા.. હા! ભારે વાત ભાઈ! સમજમેં આયા?

આ બારમે દિવસે, એ ભાગવત કથા પૂરી હોતી હૈ ( શ્રોતાઃ ભાગવત કથા હૈ? ) આત્મ ભાગવત, નિયમસારમેં હૈ ‘ ભાગવત શાસ્ત્ર ’ નિયમસાર ટીકામેં હૈ સબ બાત પદ્મપ્રભમલધારી દેવની ભાગવત શાસ્ત્ર–ભગવાનકા કહા હુઆ ‘ ભાગવત ’ સમજમેં આયા?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહતે હૈં કે ભગવાન આત્મા! આહા... હા! 'પ્રત્યક્ષ પ્રતિભાસમય' ભાષા તો ઐસી હૈ, જાણે ઓ ચીજ દૃષ્ટિમેં, ત્રિકાળી દૃષ્ટિમેં આ ગઈ હૈ પ્રત્યક્ષપ્રતિભાસમય હૈ ન! કયા કહતે હૈ સૂનો! અંતર જો ચીજ હૈ ધ્રુવ, ઉસકી નિર્મળપર્યાય વો ધ્રુવ–ધ્રુવ–ધ્રુવ યે ધ્રુવ, ધ્રુવમેં આ ગયા હૈ લક્ષમેં, એમ કહે છે. પ્રત્યક્ષપ્રતિભાસમય પ્રત્યક્ષકા ભાસ હોતા હૈ ધ્રુવમેં.. ભાઈ? આહા.. હા! વસ્તુ જો ધ્રુવ પ્રત્યક્ષપ્રતિભાસમય, પ્રતિભાસ નામ ધ્રુવ જો હૈ ઐસા ભાવમેં, ધ્રુવભાવમેં પ્રતિભાસ ધ્રુવકા આ ગયા હૈ. એ.. ય! સૂક્ષ્મ, થોડી વાત હૈ, આખિરકા શબ્દ ઐસા લે લિયા હૈ–પ્રત્યક્ષપ્રતિભાસમય હૈ યે વસ્તુ, વસ્તુમેં પ્રત્યક્ષપ્રતિભાસમય હૈ વસ્તુ ધ્રુવ હૈ ઉસકો મતિજ્ઞાનમેં શ્રુતજ્ઞાની જીવ–ચાહે તો આઠ વરસકી બાલિકા હો, સમજમેં આયા? પણ સમ્યગ્દૃષ્ટિ હો, તો યે સમ્યગ્દૃષ્ટિકા ધ્યેય પ્રત્યક્ષપ્રતિભાસમય દ્રવ્ય ઉપર (ઉસકી) દૃષ્ટિ હૈ. આહાહા! જાણે કે યે વસ્તુ પ્રત્યક્ષ જ હુઈ હૈ ઐસી પડી હૈ યૂં પ્રત્યક્ષ હૈ ઐસી હી ચીજ પડી હૈ. સમજમેં આયા? ઐસા મતિ ને શ્રુતજ્ઞાનમેં યે પ્રત્યક્ષ વસ્તુ પડી હૈ ધ્રુવ–ધ્રુવ ઐસી દૃષ્ટિમેં આયા, ધ્યેય બનાયા પ્રત્યક્ષ પ્રતિભાસમયકો, પરોક્ષ જ્ઞાનકા ધ્યેય નહીં, આ પ્રત્યક્ષ કેવળજ્ઞાનકા ભી ધ્યેય નહીં. આહાહા! સમજમેં આયા?

(શ્રોતાઃ) પરોક્ષજ્ઞાનકા ધ્યેય નહીં, પ્રત્યક્ષ કેવળજ્ઞાનકા ભી ધ્યેય નહીં! (ગુરુદેવઃ) એ પણ નહીં, પ્રત્યક્ષપ્રતિભાસમય ધ્યેય બનાયા. ધ્રુવમેં પ્રતિભાસ ધ્રુવકા હો ગયા! ઐસી ચીજ હૈ એમ કહતે હૈં. કયોંકિ જ્ઞાનમેં મતિ ઔર શ્રુતજ્ઞાનમેં કયોંકિ ઉસમેં પ્રત્યક્ષ નામકા ગુણ હૈ ત્રિકાળ, 'પ્રકાશ' નામકા–ઈ પ્રકાશ નામકા ગુણ હૈ ત્રિકાળ આત્મામેં, એ ૪૭ શક્તિમેં આતા હૈ, બારમી શક્તિ (સમયસાર, પરિશિષ્ટ–સ્વયં પ્રકાશમાન વિશદ (–સ્પષ્ટ) એવા સ્વસંવેદનમયી (–સ્વાનુભવમયી) પ્રકાશશક્તિ.) પ્રકાશક્તિ (હૈ) તો ગુણકા કાર્ય કયા? તો ગુણ હી પ્રત્યક્ષપ્રતિભાસમય હૈ, આહાહા!

એ.. ય? (જી સાહેબ!) ભઈ, આ શીખવાનું તો આ હૈ, શિબિર એટલે શું? પૂછ્યું 'તું સવારમાં પછી હિંમતભાઈ કહે કે છાવણી, ભેગાં થાય તે, પછી કહ્યું કે શિબિર એટલે શું કહેવાતું હશે? આપણને તો કાંઈ ખબર નહીં એય! પંડિતજી? શિબિર–શિબિરને શું કહે છે? શિક્ષણ–શિબિર! (શ્રોતાઃ શિક્ષણ શિબિરમેં દિયા જાતા હૈ) ગુરુદેવઃ પણ શિબિરનો અર્થ શું? (શ્રોતાઃ આપ કહો મા 'રાજ) ગુરુદેવઃ આંહી કયાં એ શબ્દના અર્થની ખબર છે! એ તો અમારે પંડિતજી જાણે (પંડિતજીઃ શિબિર એમાં શિક્ષણનો મુકામ, કેમ્પ.. લ્યો!) શિક્ષણનો કેમ્પ, શિક્ષણનો કેમ્પ આંહી થયો છે. (શ્રોતાઃ શિક્ષણકે કેમ્પમેં આત્માકી ભાગવત કથા ચલી) યે વસ્તુ હૈ, સચ્ચા ભાગવત!

આહા.. હા! જુઓ! આ વાત ઐસી ભી ચલી કે પર્યાય હૈ, પરિણમન હૈ, પણ વો પર્યાય, ધ્યાન કિસકા કરતી હૈ? ધ્રુવકા. ધ્રુવ, ધ્રુવકા ધ્યાન કયા કરે? હજી તો કોઈ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાય હૈ વો માને નહીં, ધ્રુવ કયા હૈ વો માને નહીં, ઉસકો તો આ હોતા હી નહીં,... પર્યાયમેં-અવસ્થામેં ધ્રુવ પ્રતિભાસમય પ્રત્યક્ષ જો ચીજ હૈ ઐસા જ્ઞાનમેં આયા હૈ, આ ચીજ પ્રત્યક્ષ હી હૈ, હૈ અપની પર્યાયમેં જો પ્રત્યક્ષ હુઆ, ઐસી ચીજ હૈ વો પ્રત્યક્ષ હી હૈ- (ધ્રુવ આત્મા) પ્રત્યક્ષ વસ્તુ હી ઐસી હૈ. સમજમેં આયા ? પ્રકાશશક્તિ હૈ ને સ્વસંવેદનમયી પ્રકાશશક્તિ-પ્રકાશ નામકા ગુણ હૈ. સંતોકી કલા ને રીત ઐસી. અલૌકિક ! કથન પદ્ધત્તિ અલૌકિક !

(શ્રોતાઃ ધ્રુવમેં ધ્રુવકા ભાસ હોતા હૈ ન ?) (ગુરુદેવઃ) ધ્રુવમેં ધ્રુવકા ભાસ હુઆ વો પ્રત્યક્ષમેં ભાસ હુઆ તો ધ્રુવમેં ધ્રુવકા ભાસ હૈ ઐસા માના. આહાહા ! કયા કહતે હૈં સમજમેં આયા ? (શ્રોતાઃ બરાબર નહીં આયા), નહીં આયા.. કઠણ તો હૈ થોડા (શ્રોતાઃ પર્યાયમેં ધ્રુવકા ભાસ હુઆ કિ ધ્રુવમેં ધ્રુવકા ભાસ હુઆ ?) (ગુરુદેવઃ) પર્યાયમેં ભાસ હુઆ યે યહાં બાત નહીં હૈ. વસ્તુ પ્રત્યક્ષ પ્રતિભાસમય ઐસી ધ્રુવ ચીજ હૈ. આહા.. હા.. હા ! પ્રત્યક્ષ પ્રતિભાસમય દ્રવ્ય હૈ ઐસા લેના હૈ ન ! યહ દ્રવ્ય કયા ? નિજાત્મા નિજ પરમાત્મદ્રવ્યકા વિશેષણ બધા ચલતા હૈ ન ! આહા.. હા !

ભગવાન નિજ પરમાત્મા, દેખો ! પરમાત્મ દ્રવ્ય નિજ પરમાત્મા, ત્રિકાળ પરમસ્વરૂપ ભગવાન ધ્રુવ નિત્યાનંદ નાથ, યે કૈસા હૈ ? પ્રત્યક્ષ પ્રતિભાસમય હૈ ઈ વસ્તુ હી ઐસી હૈ, આહાહા ! પંડિતજીઃ (પ્રતિભાસ હૈ વે બહારમેં આતા હૈ ન) (ગુરુદેવઃ) ઈ બહારમાં... જૈસે યે ચીજ પ્રત્યક્ષ હોતી હૈ ને અપની પર્યાયમેં, ઐસી ધ્રુવમેં પ્રત્યક્ષ હૈ યે ચીજ ઐસી ! (શ્રોતાઃ) સમજાણું નહીં ! (ગુરુદેવઃ) જ્ઞાન પ્રતિભાસમય હૈ-જ્ઞાનમેં દુસરી ચીજ પ્રતિભાસતી હૈ-પ્રતિ-પર ભાસતી હૈ, સમજમેં આયા. જ્ઞાનકી પર્યાયમેં, તો આ ધ્રુવ હૈ યે પ્રતિભાસમય ત્રિકાળ હૈ આહા ! સૂક્ષ્મ હૈ સૂક્ષ્મ થોડા, આ વસ્તુ સમ્યગ્દૃષ્ટિકા વિષય હૈ, સમજમેં આયા ? પરમભાવમેં સ્થિત સમ્યગ્દૃષ્ટિ, યે પરમભાવ ઐસા હૈ, વો જાનતે હૈં. આહા.. હા ! નંદકિશોરજી ? ન્યાં તમારા ગામમાં આવું વ્યાખ્યાન ન હાલે, આવું (સૂક્ષ્મ) ચાલે ? કયાં ગયા રાજેન્દ્રકુમારજી ? ન્યાં તો હાલે નહીં આવી વાત ચાલે નહીં કોઈ એકાદ દિ' આવ્યા હોય.. લ્યો, આ શિક્ષણ શિબિરમેં ચલે આહાહા ! (શ્રોતાઃ યે નહીં ચલે) શહેરમાં એકાદ દિ' જાય તો કહે આ શી માંડી છે મહારાજે માંડી છે શું આ વાત ! કાંઈ અભ્યાસ નહીં, સાધારણ પામર પ્રાણી ! હમકો આ કહતે હૈં, તું પામર નહીં, તું તો ભગવાનકા ભગવાન હૈ, ભાઈ ! તને ખબર નથી. સમજમેં આયા ?

અનંતા સિદ્ધ પરમાત્મા અને સંખ્યાતા અરિહંતો તીર્થંકરો કેવળીઓ સંતો યે તો તેરી એક જ્ઞાનપર્યાયમેં સમા જાતા હૈ. સમજમેં આયા ? ઐસી (ઐસી) અનંતી પર્યાયકા પિંડ જો ધ્રુવ પિંડ હૈ યે તૂ તેરા ભગવાનકા ભગવાન તું હૈ આ.. હા.. હા.. હા ! પ્રકાશદાસજી આ સાહેબકી વ્યાખ્યા ચલતી હૈ. (શ્રોતાઃ કબીર 'સાહેબ' કહેવાય છે ને) હા,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કબીરસાહેબ! (ગુરુદેવઃ) ભાઈ, સાહેબ તો આ હૈ (પ્રત્યક્ષપ્રતિભાસમય દ્રવ્ય)

ભગવાન પ્રત્યક્ષ, અંદર પ્રત્યક્ષ! પ્રતિભાસ–જાણે કે જ્ઞાન પ્રત્યક્ષ! આવે છે ને ભાઈ! નિયમસારમાં કે કારણસમયસારકો જાનનેવાલા જ્ઞાન ત્રિકાળ ઉસમેં પડા હૈ, આવે છે ને! (શ્રોતાઃ) ત્રિકાળ શક્તિરૂપ! (ગુરુદેવઃ) કારણસમયસાર જો હૈ ઉસકો જાનનેકા જ્ઞાન ભી ત્રિકાળ ઉસમેં પડા હૈ ઈ કારણસમયસારકો જાનતે હૈં ઐસા દો ભેદ પાડ દિયા હૈ ધ્રુવમેં, છે? કયાંક છે. હેં? કારણસમયસાર નામ આહાહા! ભગવાન, કારણ નામ યહાં જો કહતે હૈં પરમાત્મદ્રવ્ય ઓ કારણસમયસાર (હૈ)

તો ઉસકો કયા કહતે હૈં? કારણસમયસારમેં એક જ્ઞાન ઐસા હૈ કે અપનેકો પૂરણ જાને, દર્શન ઐસા હૈ (પૂરણ દેખે) આ ધ્રુવ હોં? આહા.. હા! સમજમેં આયા?

એ (કથન) કયાંક હશે! પણ એ કયાં આપણને ખબર! નિયમસારમાં પણ કયાં હોય એ કાંઈ વળી આંહી હિન્દી (ગ્રંથ) છે પણ મેં ગુજરાતી વાંચ્યું હોય (શ્રોતાઃ ૧૧–૧૨ ગાથામાં છે.) (ઉપયોગની વ્યાખ્યા આતી હૈ) એતો છે પણ જ્ઞાન પોતાને જાણે છે એવું આવે છે. સમજ્યા! આવ્યું લ્યો આવ્યું! કારણજ્ઞાન ભી ઐસા હી હૈ–૧૧, ૧૨ ગાથા આ તો (હિન્દી પ્રત) નવી છે ને એમાં ચિહ્‌ન ન હોય, ઓલામાં ચિહ્‌ન કર્યા હોય. જુઓ! કયા કહતે હૈં? કારણજ્ઞાન એ ત્રિકાળી જ્ઞાન–ધ્રુવજ્ઞાન!

('નિયમસાર' ગાથા–૧૨ ટીકા... કારણજ્ઞાન પણ તેવું જ છે. શાથી? નિજપરમાત્મામાં રહેલાં સહજદર્શન, સહજચારિત્ર, સહજસુખ, સહજ પરમ ચિત્શક્તિરૂપ નિજ કારણસમયસારનાં સ્વરૂપોને યુગપદ્ જાણવાને સમર્થ હોવાથી તેવું જ છે. આમ શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ કહ્યું...)

આંહી છે લ્યો, કારણજ્ઞાન પણ તેવું જ છે, કેમ? નિજ પરમાત્મામેં વિદ્યમાન સહજ દર્શન–ત્રિકાળી દર્શન, ત્રિકાળી ચારિત્ર દેખો ત્રિકાળી ચારિત્ર પડા હૈ આત્મામેં, સમજમેં આયા? ઔર સહજસુખ ઔર સહજ પરમ ચિત્શક્તિરૂપ જ્ઞાન, નિજ કારણસમયસારકે સ્વરૂપોંકો યુગપદ્ જાનનેમેં સમર્થ હોનેસે ઐસા હી હૈ દેખો! સૂક્ષ્મ હૈ થોડી બાત!

ત્રિકાળ જો જ્ઞાન હૈ ધ્રુવ વો અપના જ્ઞાનકો જાનતે હૈં ઐસા ત્રિકાળ પડા હૈ– ત્રિકાળ ધ્રુવ જાનતે હૈ ઐસાહી જ્ઞાન હૈ (શ્રોતાઃ શક્તિ છે ને!) ગુરુદેવઃ શક્તિ હૈ પણ જાનનેકા સ્વભાવ પડા હૈ ને, પર્યાયમેં જાના ત્યારે ઐસા ત્રિકાળ જાનનેવાલા હૈ ઐસા નિર્ણય હુઆ. આહા.. હા! સમજે ને... ૧૧–૧૨ ગાથા હૈ. સહજજ્ઞાન ભી વૈસા હી હૈ, કેમ? કેસે? કે નિજકારણસમયસારકે સ્વરૂપોંકો યુગપદ જાનનેમેં સમર્થ હૈ, કયા કિયા? (શ્રોતાઃ) ફરમાઈએ સાબ આપકી બાત કુછ સમજમેં નહીં આ રહી હૈ (ગુરુદેવઃ) બહુત અચ્છા બાત હૈ.

કહતે હૈં કિ જો ધ્રુવ, ધ્રુવ કારણપરમાત્મા અથવા અહીં કહા વો નિજપરમાત્મા–

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

નિજદ્રવ્ય, ઉસમેં જ્ઞાન હૈ, દર્શન હૈ યે કૈસા ? કે જ્ઞાન અપનેકો ત્રિકાળ યુગપદ્ જાનેં ઐસા હી જ્ઞાન અંદર પડા હૈ ( ધ્રુવ હૈ ) ધ્રુવ, ધ્રુવકો જાનેં ઐસા પડા હૈ એમ કહતે હૈં અરે ભાઈ ગજબ વાત છે ( બહુત ખૂબ બહુ ચોખ્ખું ) સમજમેં આયા ? આહા.. હા !

સહજ કારણ જ્ઞાન ભી પરમાત્મામેં નિજપરમાત્મામેં, જુઓ ! આપણે ચાલતા વિષયમાં નિજપરમાત્મદ્રવ્ય આવે છે ને ! ઉસકા લક્ષણ હૈ યે.. જો નિજપરમાત્મામેં વિદ્યમાન સહજ દર્શન, સહજ ચારિત્ર, સહજ આનંદ, પરમચિત્‌શક્તિરૂપ વસ્તુ ઐસા નિજ કારણસમયસારકે સ્વરૂપોંકો યુગપદ્ ધ્રુવ જાનનેમેં સમર્થ હોના ચાહિયે, આહાહા ! ( શ્રોતાઃ ) બહુત ખૂબ ( શ્રોતાઃ ) પર્યાયકી બાત નહીં હૈ અહીંયા ( ગુરુદેવઃ ) પર્યાયકી બાત નહીં આ તો ધ્રુવકા ઐસા લક્ષણ ( શ્રોતાઃ ) ધ્રુવમેં ઐસી શક્તિ પડી હૈ ? ( ગુરુદેવઃ ) ઐસી શક્તિ, અપનેકો ત્રિકાળ યુગપદ્ જાને ઐસા હી સ્વભાવ હૈ. આહા.. હા ! ( શ્રોતાઃ ) એમાં શક્તિ હૈ તો પર્યાય પ્રગટ હોતી હૈ. ( ગુરુદેવઃ ) પર્યાય તો પ્રગટ.... સમજમેં આયા ?

ત્રિકાળ જ્ઞાન ધ્રુવ હૈ વો ધ્રુવકો બરાબર જાનતે હૈં–એમ કહતે હૈં, ઐસા ઉસકા ( સ્વભાવ ) હૈ–પડા હૈ. આહા.. હા ! 'બ્રહ્મ ઉપદેશ' કર્યો આમાં આવે છે ને ભાઈ ! આનું પૂરું થાય ત્યારે... બસ, આમાં જ એ છે જુઓ ! ૧૧–૧૨ ગાથામાં છે, પછી તેરમી ( ગાથા ) બાર ગાથામાં પોતે બ્રહ્મઉપદેશ કર્યો મેં એમ છે જુઓ ! ( નિયમસાર ગાથા ૧૨ ) સંસારરૂપી લતાકા મૂલ છેદનેકો હંસિયારૂપ હૈ, ( યે ઉપન્યાસ સે 'બ્રહ્મોપદેશ' કિયા )

પરમપારિણામિક સ્વભાવ, સંસારકો છેદનેમેં દાતરડા સમાન હૈ, છેદન ઉસકા અર્થ છેદનમેં હૈ ઐસી પર્યાય ઉસમેં નહીં, સંસાર છેદન સ્વરૂપ હી ઉસકા હૈ. સમજમેં આયા. ભગવાન ધ્રુવ જ્ઞાયકભાવ, જિસકો યહાં નિષ્ક્રિય કહા થા–નિષ્ક્રિય કહા થા, જિસમેં પરિણમન નહીં, જિસમેં મોક્ષમાર્ગ નહીં, જિસમેં મોક્ષ નહીં ઐસા ધ્રુવસ્વરૂપ તો કહતે હૈં એ અપનેમેં અપનેકો ત્રિકાળ જાનેં ઐસા ઉસમેં સ્વભાવ પડા હી હૈ અપનેકો ધ્રુવકો ધ્રુવ જાનેં ઐસા સ્વભાવ ત્રિકાળ પડા હૈ. સમજમેં આયા ?

( શ્રોતાઃ ) કર્મ હલ્કા હોગા તબ જાનેં ઐસી બાત હૈ ? ( ગુરુદેવઃ ) કર્મ–ફર્મકી આંહી બાતે ય નહીં હૈ, કર્મ રહા ઉસકે ઘર, કર્મ પરદ્રવ્ય હૈ એ યહાં સ્વદ્રવ્યમેં કહાંસે આયે ? ( શ્રોતાઃ ) એ તો એની મેળે નિર્જરે જ છે. આહા.. હા ! યહાં પરમ પારિણામિકમેં પર્યાયકી ભી બાત નહીં હૈ ત્યાં વળી કર્મકી બાત તો કયાંય રહ ગઈ આહા.. હા ! ભગવાન આત્મા ( ધ્રુવ ) જુઓ કહે છે ને 'અનાથ'–મુક્તિસુંદરીકા નાથ ભાના ચાહિએ, ઉસકી ભાવના કરની ચાહિએ એમ કહતે હૈં એ ત્રિકાળ ભગવાન ( ધ્રુવ ) મુક્તિસુંદરીકા નાથ ! આહા.. હા ! એનો અનુભવ કરના ચાહિએ બહુ સરસ, 'નિયમસાર' મેં ભી બહુ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરમપારિણામિકભાવકી ખૂબ-ખૂબ ( ભાવના ભાઈ હૈં )

આંહી કહતે હૈં ' પ્રત્યક્ષપ્રતિભાસમય ' ઓહો ! હજી તો એમાં ને એમાં ઘણું બાકી છે, ( શ્રોતાઃ ) વિશેષ સમજે તો બહુત માલ નિકલે ને ? ( ગુરુદેવઃ ) માલ નિકલેને ! એમાં હૈ કે નહીં ?

આંહી કહતે હૈં નિજ પરમાત્મા ત્રિકાળી દ્રવ્ય, એક સમયકી વર્તમાન અવસ્થાકે પીછે, જો ધ્રુવ ચીજ પડી હૈ, ઉસકી બાત ચલતી હૈ ક્યોં કે ધર્મીકા ધ્યેય વો હૈ ઔર ધર્મીકો સમ્યગ્દર્શન પ્રગટ હુઆ વો દ્રવ્યકી દૃષ્ટિસે પ્રગટ હુઆ હૈ. સમજમેં આયા ? આહાહા ! ' પ્રત્યક્ષપ્રતિભાસમય ' આ લ્યો ! એ વિશેષણ સમજાયું કે કિસકો કહતે હૈં પ્રત્યક્ષપ્રતિભાસમય ?

જો યે દ્રવ્ય, પ્રત્યક્ષપ્રતિભાસમય હૈ, સ્વરૂપ પ્રત્યક્ષ હી હૈ, વસ્તુ, વસ્તુ તરીકે અંદર સ્વરૂપ પ્રત્યક્ષ હૈ. ઐસા મતિ અને શ્રુતજ્ઞાન દ્વારા, પ્રત્યક્ષ હોકર આત્માકા અનુભવ હુઆ તો એ કહતે હૈં કે પ્રત્યક્ષપ્રતિભાસમય ધ્રુવ હૈ વો મેરા ધ્યેય હૈ. આહા.. હા.. હા ! ભારે કામ આકરું જગતને આવું સાંભળવાનું મળ્યું નથી.

એકલો ભગવાન ! જેના જ્ઞાનની પર્યાયમાં ધ્યેયરૂપે ધ્રુવ ભગવાન, કહતે હૈં કે ઈ તો પ્રત્યક્ષપ્રતિભાસમય વસ્તુ ઈ છે અનાદિ અનંત પ્રતિભાસમય વસ્તુ જ ઐસી હૈ. આહાહા !

' અવિનશ્વર ' હૈ. ઠીક ! નિષેધ કર દિયા, પ્રત્યક્ષ સિવાય પરોક્ષપનાકા નિષેધ કર દિયા. સમજમેં આયા ? અથવા એક સમયકી પર્યાય જો કેવળજ્ઞાનકી ઉસકા ભી નિષેધ હો ગયા ! હા, અવિનશ્વર હૈ, ભગવાન ધ્રુવસ્વરૂપ ત્રિકાળ અવિનશ્વર હૈ, પર્યાય તો નાશવાન હૈ-કેવળજ્ઞાનકી પર્યાય ભી નાશવાન હૈ, આ વાત ! ક્યોં કે કેવળજ્ઞાનકી પર્યાય હૈ તે એકસમય રહતી હૈ દૂસરે સમય તો ઉસકા નાશ હો જાતા હૈ, પર્યાય હૈ ન- ' ઉત્પાદ-વ્યયધ્રૌવ્યયુક્તં સત્ ' એક સમય કેવળજ્ઞાન ઉત્પન્ન હુઆ, દુસરે સમય પર્યાયકા નાશ હોતા હૈ, દૂસરે સમય દૂસરા કેવળજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ, ઓહોહોહો ! કેવળજ્ઞાન નાશવાન ! ( શ્રોતાઃ કૂટસ્થ કહ્યું છે ને ! ) ( ગુરુદેવઃ ) એ અપેક્ષા યહાં કહના નહીં હૈ યે તો કેવળજ્ઞાન સદૃશ રહતા હૈ ઈ અપેક્ષાસે કૂટસ્થ કહા હૈ ! આંહી તો ત્રિકાળની અપેક્ષા ઉસકો નાશવાન કહા હૈ સમજમેં આયા ? ( કૂટસ્થ ક્યોં કહા ? ) ઐસી ને ઐસી કેવળજ્ઞાનકી પર્યાય પ્રગટ હોતી રહતી હૈ ઐસી ને ઐસી રહતી હૈ સદૃશપને-પર્યાય વો નહીં પણ ઐસીને ઐસી રહતી હૈ એ અપેક્ષાસે કૂટસ્થ કહા હૈ, તો ભી હૈ તો નાશવાન ! એક ભગવાન ધ્રુવસ્વરૂપ અવિનાશી હૈ ! આહાહા !

આંહી તો હજી શરીર ને પર નાશવાન છે ઈ બેસતું નથી અંદર ! આ નાશવાન પદાર્થ, ઈ બેસે નહીં-રાગ નાશવાન હૈ એ બેસે નહીં, એને પર્યાય નાશવાન હૈ યે કૈસે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બેસે ? આ.. હા.. હા ! ક્યારે બેસે ? કે ઈ ભગવાન ( આત્મા ) પોતે બેસારે તો બેસે ! સમજમેં આયા ? નિશ્ચયગુરુ તો ઈ આત્મા હૈ–નિશ્ચયદેવ ને નિશ્ચયગુરુ હૈ વો આત્મા હૈ આ ધ્રુવ ! એ તીર્થમેં સ્નાન કરો એમ કહતે હૈં લ્યો ! આહા.. હા.. હા ! મારગ ભારે ભાઈ !

'અવિનશ્વર' કભી નાશ નહીં હોતા, પલટન હોતા નહીં ઉસમેં એમ કહતે હૈં ધ્રુવમેં પલટન કૈસા પરિણમન કૈસા ? પરિણમન હૈ વો તો નાશવાન હૈ આહા.. હા ! સમજમેં આયા ?

'શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ'–બીજેમેં પરમપારિણામિકભાવ ઐસા શબ્દ આતા હૈ ભાઈ ! પરમ પારિણામિકભાવ યે પરમપારિણામિક–આંહીયાં 'શુદ્ધ' ઉપર જોર દઈને... ત્રિકાળ શુદ્ધ ! એ ત્રણભાવ જો પારિણામિકકા કહા થા જીવત્વ–ભવ્યત્વ અભવ્યત્વ એ નહીં... શુદ્ધ પારિણામિક સહજ ભાવ પરમભાવ... કેવળજ્ઞાન આદિ ભી અપરમભાવ, સમજમેં આયા ?

આહા.. હા ! જિસકો પચાસમી ગાથામેં કહા ને.. નિયમસારમેં, ક્ષાયિક સમકિત વો ભી પરસ્વભાવ હૈ પરદ્રવ્ય હૈ પરસ્વભાવ હૈ, ગજબ વાત હૈ, પચાસમી ગાથામેં લિયા ( અન્વયાર્થઃ– પૂર્વોક્ત સર્વ ભાવો પરસ્વભાવો છે, પરદ્રવ્ય છે, તેથી હેય છે; અંતઃતત્ત્વ એવું સ્વદ્રવ્ય–આત્મા–ઉપાદેય છે ) ભગવાન તેરા સ્વભાવ તો ત્રિકાળ ઓ તેરા સ્વભાવ હૈ, એક સમયકી ક્ષાયિક સમકિતકી પર્યાય... પરસ્વભાવ હૈ. 'નિયમસાર' મેં હૈ, ઉસમેં નહીં. નિયમસાર ગાથા પચાસ. જુઓ ! પરસ્વભાવ હોં ! પરભાવ નહીં, આ તો પહલે પરસ્વભાવ–પૂર્વોક્ત સર્વ ભાવો પરસ્વભાવ હૈ... એ ચાર ભાવ પરસ્વભાવ હૈં ક્ષાયિક સમકિત પરસ્વભાવ હૈ. આહાહા ! આ તે કાંઈ દિગમ્બર સંતો પ્રભુ કહતે હૈં કિ ચારિત્રપર્યાય પરસ્વભાવ હૈ–વીતરાગી ચારિત્રપર્યાય પ્રગટ હુઈ સમ્યગ્દર્શનપૂર્વક અનુભવમેં, પરસ્વભાવ હૈ.. ( શ્રોતાઃ ) કિસકી અપેક્ષા ? ( ગુરુદેવઃ ) ત્રિકાળકી અપેક્ષાએ, રાગકી અપેક્ષાસે તો સ્વભાવ હૈ પણ ત્રિકાળકી અપેક્ષાસે પરસ્વભાવ હૈ ઔર 'પરદ્રવ્યમ્'– ઉસકો પરદ્રવ્ય કહ દિયા.. આહાહા ! ત્રિકાળી જ્ઞાયક ભગવાન વો સ્વદ્રવ્ય અને નિર્મળ પર્યાય મોક્ષકા મારગ વો પર્યાય પરદ્રવ્ય પરસ્વભાવ ને પરદ્રવ્ય ! આહાહા ! ઔર હેય– તીન બોલ લીયા હૈ.. અંતઃ તત્ત્વ ઐસા સ્વદ્રવ્યમ્ આત્મા ઉપાદેય હૈ.

ભગવાન આત્મા ! જુઓ ! બહુ વિશેષ લીધું છે, આ સ્વદ્રવ્યકા આધાર સહજ પારિણામિકભાવલક્ષણ કારણસમયસાર હૈ.

આહાહા ! ત્રિકાળી ભગવાન, જિસમેં પરિણતિ મોક્ષકી ભી નહીં, ઐસા ભગવાન ધ્રુવ, કહતે હૈં કિ શુદ્ધ પારિણામિકભાવ અને એ સિવાય એકસમયકી પર્યાય ધર્મકી સચ્ચી ધર્મકી પર્યાય હોં, વો ભી પરસ્વભાવ, પરદ્રવ્ય ને હેય હૈં. યે હેય હૈં, ઉપાદેય નહીં. આહાહા ! શેઠ ? સૂના હી નહીં કભી ઐસા.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

(શ્રોતાઃ) આઠ સાલ હો ગયે, આપકે પાસ પહેલી બાર સૂના (ગુરુદેવઃ) બાત સચ્ચી હૈ, કોઈ વખતે નહીં થા આ ગાથામેં, વંચાઈ ગયા હૈ પહલે! સમજમેં આયા? આ તો અગમ્યગમ્યની વાતું હૈ!

કહતે હૈં અંતઃતત્ત્વ દ્રવ્ય સ્વ, જિસકો આંહી પારિણામિકભાવ કહતે હૈં, જુઓ! (સહજ) પારિણામિક પરમભાવલક્ષણ–પારિણામિક, શુદ્ધપારિણામિક એમ લીયા હૈ કારણ કે ઓલા અશુદ્ધપારિણામિકકા નિષેધ કરના હૈ ને! શુદ્ધપારિણામિક પરમભાવ! દૂસરા અપરમભાવ! કેવળજ્ઞાન આદિ, ક્ષાયિક સમકિત આદિ, અપરમભાવ, ઔર (શુદ્ધપારિણામિક) પરમભાવ ભગવાન ધ્રુવ આહાહા! નિજપરમાત્મ દ્રવ્ય અપના નિજ પરમાત્મદ્રવ્ય ત્રિકાળી દેખો! "નિજ અપના પરમાત્મદ્રવ્ય વહી મૈં હું." સમ્યગ્દૃષ્ટિ, ઉસકો અપના ધ્યેય બનાકર ઐસા જાનતે હૈં ને માનતે હૈં, એ મૈં હૂઁ. સમજમેં આયા? એ મૈં હૂં–ઐસા નિર્ણય તો પર્યાય કરતી હૈ પણ પર્યાય નિર્ણય કરતી હૈ કે આ મૈં હૂં. સમજમેં આયા? નિજપરમાત્મ દ્રવ્ય!

જુઓ! એટલા વિશેષણ આયા થા, આયા થા ન પહલે? (દૂસરે પાને) સર્વવિશુદ્ધ–પારિણામિક–પરમભાવગ્રાહક શુદ્ધ ઉપાદાનભૂત શુદ્ધદ્રવ્યાર્થિકનયસે જીવ કર્તૃત્વ–ભોક્તૃત્વસે રહિત હૈ ઔર બંધ–મોક્ષકે કારણ ને પરિણામસે શૂન્ય હૈં બીજે પાને છે. સમજમેં આયા?

પાનાં નહીં હૈ? તમારી પાસે? કયાં ગયા? ઉસકે પાસ નહીં ઘેર ભૂલ ગયા? સમજમેં આયા? અત્યારે વંચાતા હૈ વો ખબર હૈ કે નહીં? ઘર તો ભૂલ ગયા હૈ, પાનાં ભૂલ ગયા? સમજમેં આયા? (શ્રોતા :ગલતીસે દૂસરા પાનાં રખ દિયા) ગલતીસે કહાં રખે? સમજમેં આયા?

આ તો કાંઈ પીછે વારંવાર આતા નહીં હૈ. સમજમેં આયા? ઐસા નિજપરમાત્મદ્રવ્ય વહી મૈં હૂં વહી મૈં હૂં! સમ્યગ્દૃષ્ટિ, અપનેકો ધ્યેય આ આત્માકો કહૈ કિ યે મૈં હૂં. ઐસા વિશેષણવાલા (આત્મા મૈં હૂં) પરંતુ ઐસા નહીં ભાતા–નાસ્તિસે બાત કરતે હૈં–અનેકાંતસે સમ્યગ્દૃષ્ટિ ઐસી ભાવના નહીં કરતા કે મૈં ખંડજ્ઞાનરૂપ મૈં હું મૈં પર્યાયરૂપ હું ઐસી ભાવના કરતે નહીં. સમજમેં આયા? ખંડજ્ઞાનરૂપ મૈં હું ઐસી ભાવના નહીં કરતે!

આહા.. હા.. હા! કાળજા કંપી જાય અજ્ઞાનીના તો સાધારણ પ્રાણીનાં તો જયાં આવું સાંભળે! આહા! હા! આરે આવો મારગ? વીતરાગ આવું એકાંત કહે છે? આ તો એકાંત છે.. એકાંત છે.. અરે! સાંભળતો ખરો! એકાંત જ કહેવાય ને! (શ્રોતાઃ સમ્યક્ એકાંત જ હોય ને!)

સમ્યક્ એકાંત ઐસા સ્વદ્રવ્યકી દૃષ્ટિ વિના–ધ્યેય બનાયા વિના, સમ્યગ્દર્શન કભી તીનકાલમેં હોતા હી નહીં.. આહાહા! સમજમેં આયા? સમ્યગ્દર્શન હુઆ ફિર ભી ધ્યેય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો ઉસકા વોહી હૈ. પીછે શાસ્ત્રમેં આતા હૈ કિ નહીં કે અવ્રતકા ત્યાગ કર, વો તો સ્વરૂપકા અનુભવ હુઆ હૈ ઉસમેં અવ્રતકા ત્યાગકા અર્થઃ સ્વરૂપમેં સ્થિરતા વિશેષ હુઈ હૈ, ત્યારે અવ્રતકા ત્યાગ હોકર વ્રતકા વિકલ્પકી ભૂમિકામેં ઐસા વિકલ્પ આતા હૈ, ઈ તો આનંદમે સ્થિર હૈ તો વ્રત કહાઁ રહા હૈ? વો તો આતા હૈ ન એ કયા કહેવાય? પૂજ્યપાદ સ્વામીકે 'ઇષ્ટોપદેશ' મેં આતા હૈ, અવ્રત છોડીને વ્રત લેના. ઉસકા અર્થ કયા? (શ્રોતાઃ પછી બેય છોડવા લાયક કહા હૈ) (ગુરુદેવઃ) પછી.. એ છોડવાલાયક નહીં ને એ ચીજ જ મેરેમેં નહીં, વ્રત ને અવ્રતકા વિકલ્પ મેરેમેં હૈ હી નહીં–મેરી પર્યાયમેં હૈ નહીં તો દ્રવ્યમેં તો હૈ હી નહીં આહા.. હા! ઐસી દૃષ્ટિ હુઆ પીછે–અનુભવકા આનંદકા સ્વાદ આયા, વિશેષ ઉસમેં સ્થિર હોકર આનંદકી વિશેષ દશા હુઈ તો અવ્રતકા ત્યાગ હુઆ અને ત્યારે વ્રતકા વિકલ્પકી ભૂમિકા ઉસકો ઉત્પન્ન હોતી હૈ. પણ આનંદમેં વિશેષ આયા હૈ ઉસ ભૂમિકામેં વ્રતકા વિકલ્પ ઉત્પન્ન હોતા હૈ. સમજમેં આયા?

નહીં તો ઐસા કહા હૈ કે અવ્રતસે નર્કાદિમેં જાયેગા, વ્રતસે સ્વર્ગાદિમાં જાયેગા. વો છાયા હૈ વો તડકા હૈ–ઐસા આતા હૈ ન! (શ્રોતાઃ યે વાસ્તવિક નહીં, યે બાત વાસ્તવિક હૈ આપકી) ગુરુદેવઃ યે વાસ્તવિક હૈ (શ્રોતાઃ) ખંડરૂપ વિષયક! ગુરુદેવઃ ખંડરૂપ? ખંડરૂપ–જો પાંચ જ્ઞાન હૈ ન! (શ્રોતાઃ) પર્યાય, પર્યાય (ગુરુદેવઃ) પર્યાય હૈ ન! (શ્રોતાઃ) રાગ કરતી હૈ વો? (ગુરુદેવ) રાગ, રાગકી બાત નહીં, યહાં તો એક સમયકી પર્યાય હૈ યે ખંડરૂપ હૈ. આ શુદ્ધ કેવળજ્ઞાનકી પર્યાય ભી ખંડરૂપ હૈ ભગવાન ત્રિકાળ હૈ વો અખંડ હૈ. સમજમેં આયા?

ખંડજ્ઞાનકો ભી ભાતા નહીં તો વળી શુભરાગકો ભાવે ઔર નિમિત્તકો મિલાનેકી ભાવના હો, ઐસી ભાવના જ્ઞાનીકો હોતી નહીં. ભારે વાત ભાઈ! (બહુ ચોખ્ખું)

(શ્રોતાઃ) એસી ભાવના વારંવાર સમ્યગ્દ્રષ્ટિ ભાતા હૈ તો વો આત્માકો હી સંમત કરતા હૈ? (ગુરુદેવઃ) ઉસકો સંમત કરતે હૈં ધ્રુવકો, ધ્રુવ દૃષ્ટિમેં આયા વોહી સંમત કરતે હૈં વારંવાર ત્યાં જ દૃષ્ટિ પડી હૈ વારંવાર ત્યાં જ દૃષ્ટિ જાતી હૈ–એમ કહતે હૈં. (શ્રોતાઃ) હરસમયમેં હૈ? ગુરુદેવઃ હા, હરસમયમેં હૈ દૃષ્ટિ પણ આંહી વાત કરના હૈ ને!

પંચાચાર, યે આતા હૈ શ્લોક આતા હૈ નિયમસારમેં–પંચાચાર નિર્મળ પાનેવાલા, મુનિ! પંચમગતિને કારણે, પંચમ ભાવકો સ્મરણ કરતે હૈં. ઐસા શ્લોક હૈ. કયા કહા? નિર્મળ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તપ ને વીર્ય, નિર્મળ વીતરાગી ઐસા પંચાચાર પાલનેવાલા ધર્માત્મા, પંચમગતિકે કારણે, પંચમભાવકો સ્મરણ કરતે હૈં ઐસા પાઠ હૈ. સ્મરણ કરતાકા અર્થ કયા? ઉસકી પરિણતિ વારંવાર એ તરફ હી ઝૂકી હૈ. આહા.. હા.. હા.. હા! સમજમેં આયા? કથની તો એમજ આવે ને કથની કૈસી આવે! ધર્મીકી–સમ્યગ્દૃષ્ટિકી દૃષ્ટિ ધ્રુવ ધ્યેય ઉપર ગઈ હૈ ને પરિણમન હુઆ હૈ.. સમજમેં આયા? વો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પરિણમન નિરંતર ચાલુ હૈ... ઉસકા નામ સ્વાત્માકો ધ્યાતા ભાતા હૈ એમ કહનેમેં આતા હૈ.

ભાષામાં ઉપદેશ તો ઉપદેશની રીતે આવે ભાષા જડ, ભાવ કહેના અંતરકા... સમજમેં આયા ?

" નિજ પરમાત્મ દ્રવ્ય વહી મૈં હૂં પરંતુ ઐસા નહીં ભાતા કે ખંડજ્ઞાનરૂપ મેં હૂં. " મૈં મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન રૂપ મેં હૂં-ખંડજ્ઞાનરૂપ મૈં હૂં ઐસી ભાવના જ્ઞાનીકો હોતી નહીં. આહા... હા ! ઐસા ભાવાર્થ હૈ લ્યો ! ઐસા ભાવાર્થ હૈ સારી ગાથાકા આ ભાવાર્થ હૈ.

" યહ વ્યાખ્યાન પરસ્પર સાપેક્ષ ઐસા આગમસે-અધ્યાત્મસે જ્ઞાન કરકે યથાર્થ કિયા હૈ " એમ કહતે હૈં-આગમકી ભાષા કયા હૈ, અધ્યાત્મકી ભાષા કયા હૈ-સબ મિલાકર કહા હૈ, મોક્ષકા મારગ આગમ ભાષાએ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક કહા ઔર મોક્ષકા મારગ અધ્યાત્મ ભાષાએ શુદ્ધાત્મા અભિમુખ પરિણામ ને શુદ્ધોપયોગ કહા, દોયમેં વિરોધ નહીં, કયોંકિ દોય અપેક્ષા લેકર બાત કિયા હૈ. સમજમેં આયા ? તથા " તેમ જ નયદ્વયકે દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકકે અભિપ્રાય કે અવિરોધપૂર્વક કહા ગયા હૈ, " કયોંકે પહલે કહાથા કે જો ચાર ભાવ હૈ વો પર્યાયરૂપ હૈ, ત્રિકાળી ભાવ દ્રવ્યરૂપ હૈ ઐસા દોનોંકો મિલાકર બાત કિયા થા, પર્યાય નહીં હૈ ઐસા નહીં પર્યાય પર્યાયમેં હૈ. સમજમેં આયા ? એમ કહતે હૈં દેખો ! નયદ્વયકે દ્રવ્યાર્થિક-ત્રિકાળીદ્રવ્ય ધ્રુવ ઔર વર્તમાન પર્યાય-ચારભાવરૂપ દોકો મિલાન કરકે અભિપ્રાયકો અવિરોધપૂર્વક કહા ગયા હૈ, ઉસમેં કહીં વિરોધ હૈ નહીં, આચાર્ય પોતે સિદ્ધ કરતે હૈં, સમજમેં આયા ? સૂક્ષ્મ તો હૈ થોડા ભાઈ ! (શ્રોતાઃ) કામ તો પર્યાય સે હોતા હૈ ? (ગુરુદેવઃ) હાં, કામ તો પર્યાય સે હૈ પણ પર્યાયકા ધ્યેય કયા હૈ વો બાત હૈ-ઇસલિએ તો દોય બાત કિયા હૈ કિ પારિણામિકભાવ ધ્રુવરૂપ હૈ ચાર ભાવ પર્યાયરૂપ હૈ, ભાવરૂપ હૈ-ભાવના ભાનેવાલા ધ્રુવકી ભાવના કરતે હૈં પર્યાયકી ભાવના કરતે નહીં, મોક્ષમાર્ગ તો પર્યાય હૈ. આહાહા ! ભારે વાત ભાઈ !

' નયદ્વયકે અભિપ્રાયકે અવિરોધપૂર્વક હી કહનેમેં આયા હોનેસે સિદ્ધ હૈ. (નિર્બાધ હૈ) " ઉસમેં કોઈ વિરોધ અંશેપણ આગમસે કે અધ્યાત્મસે હૈ નહીં. એમ આચાર્ય પોતે કહતે હૈં " " ઐસા વિવેકી જાનેં... " આહાહા ! દેખો એક શબ્દમેં કહ દિયા ઐસા વિવેકી જાનેં-રાગસે પૃથક્ હોકર ધ્રુવકા દૃષ્ટિ કરનેસે, વિવેકી કો.. ઉસકી સહજ ખબર પડતી હૈ. સમજમેં આયા ? વિવેકી જાનેં હો-સંસ્કૃત ટીકામેં હૈં પહલેસે કર્તા-કર્મસે ઉપાડા હૈ, આત્મા કર્તા-કર્મ નહીં, વિકારકા કર્તા ને વિકારકા ભોક્તા દ્રવ્ય નહીં, ત્યાંથી ઉપાડા થાને ? સમજમેં આયા ?

કયા કહતે હૈં ? વિકાર આયાને પહેલે (શ્રોતાઃ) પછી એમ આવ્યું ને કે જાણવાવાળો તો છે. (ગુરુદેવઃ) જાણવાવાળો એ બીજું -જાણવાવાળો બીજા અર્થમાં કહ્યું છે. અપનેકો જાનતા હૈ ઈ જાણવાવાલા, યહ તત્ત્વ ચલેગા આપણે -હવે (શ્રોતાઃ) વો વિવેકી જાનેં (ગુરુદેવઃ) હાં. વો વિવેકી જાનેં, અલૌકિક માર્ગ હૈ ભાઈ ! કર્તા કર્મ ઉડા દિયા જાણે,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાણે નો અર્થ ઈ કે પર્યાયમાં ઐસા જ્ઞાન હોતા હૈ, ઈસે જાનેં ઐસા કહા હૈ સહજરૂપ પરિણમનકી પર્યાયમેં વો જાતકા જ્ઞાન હોતા હૈ, સમજમેં આયા ? જાને ઐસા કહા ! જાણે એટલે જાનને જાતા હૈ ન્યાં ? ઈ જાનનેકી પર્યાય ઐસી પ્રગટ હોતી હૈ કિ રાગ આયે તો ઉસકો જાણે એમ કહના, ઉપશમ હો તો ઉપશમકો જાનેં એમ કહના, ક્ષયોપશમ-ક્ષાયિક હો તો ઉસકો જાનેં એમ કહના. કહના કા અર્થ કયા ? ઉસકો જાનેં ( શ્રોતાઃ ) જાણતો નથી ને કહેવું ? ( ગુરુદેવઃ ) જાણતો નથી નહીં, જાણવાની અપની પર્યાયમેં વો આયા હૈ ઈતની વ્યવહારકી અપેક્ષા જાનેં ઐસા કહનેમેં આયા હૈ, સમજમેં આયા ? સબ બાત આ ગઈ.

લ્યો ! બારમા વ્યાખ્યાન પૂરા હો ગયા ઉસમેં. આજ બારમા દિન હૈ. સબ બાત આ ગઈ. ( આજ ) પૂરા હો ગયા, ઐસા કભી નહીં બાત આયા હોં ! કભી વ્યાખ્યાન ઐસા બહાર નહીં આયા, સ્પષ્ટીકરણ ભી ઐસા આયા વૈસા પહલે કભી નહીં આયા. આહા.. હા !

નિષ્ક્રિય હૈ ભગવાન આત્મા ! અર્થાત્ સિદ્ધકી પર્યાયસે ભી રહિત હૈ ભગવાન આત્મા ! આહા.. હા.. હા ! ઐસી બાત કિયા વો આગમસે ઔર અધ્યાત્મસે યથાર્થ હૈ વો વિવેકી જાનતે હૈં એમ કહતે હૈં, જિસકો વિવેક નહીં વો જાન સકતે નહીં. ( શ્રોતાઃ ) વિવેકી માનેં સાધક ? ( ગુરુદેવઃ ) સાધક-જ્ઞાની-સમકિતી.. આંહી તો સમ્યગ્દૃષ્ટિ જાનેં એમ લેના હૈ ન... અજ્ઞાનીકો પત્તા હી કહાં હૈ કયા ચીજ હૈ ? સમજમેં આયા ?

અપની દૃષ્ટિમેં ધ્રુવ આયા હૈ ઉસકો સબ વિવેક હૈ ઉસકો સબકા ખ્યાલ હૈ કે પર્યાય આ દ્રવ્ય આ, દૂસરેકો ઉસકી ખબર પડતી નહીં આહા.. હા ! ( પ્રમાણ વચન ગુરુદેવ ! )

શુદ્ધ પારિણામિક ભાવ સંબંધી-બાર અપૂર્વ પ્રવચન દ્વારા-ક્ષીણમોહગુણ સ્થાનની પ્રાપ્તિનો અમોઘ ઉપાય દર્શાવનાર શ્રી સદ્‌ગુરુદેવનો જય હો... જય હો... જય હો !

*****

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્રીમદ્ આચાર્યવર અમૃતચંદ્રસૂરિ વિરચિત શ્રી સમયસાર-કલશની
પં. શ્રી રાજમલજીકૃત કલશ ટીકા-કલશ-૨૭૧

न द्रव्येण खण्डयामि, न क्षेत्रेण खण्डयामि, न कालेन खण्डयामि, न भावेन खण्डयामि; सुविशुद्ध एको ज्ञानमात्र-भावोऽस्मि।

**ખંડાન્વય સહિત અર્થઃ-** "भाव:अस्मि" હું વસ્તુસ્વરૂપ છું. વળી કેવો છું? "ज्ञानमात्र" ચેતનામાત્ર છે સર્વસ્વ જેનું એવો છું. "एक:" સમસ્ત ભેદ-વિકલ્પોથી રહિત છું. વળી કેવો છું? "सुविशुद्ध:" દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મરૂપ ઉપાધિથી રહિત છું. વળી કેવો છું "द्रव्येण न खण्डयामि" જીવ સ્વદ્રવ્યરૂપ છે એમ અનુભવતાં પણ હું અખંડિત છું; "क्षेत्रेण न खण्डयामि" જીવ સ્વક્ષેત્રરૂપ છે એમ અનુભવતાં પણ હું અખંડિત છું; "कालेन न खण्डयामि" જીવ સ્વકાળરૂપ છે એમ અનુભવતાં પણ હું અખંડિત છું; "भावेन न खण्डयामि" જીવ સ્વભાવરૂપ છે એમ અનુભવતાં પણ હું અખંડિત છું. ભાવાર્થ આમ છે કે એક જીવવસ્તુ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવરૂપ ચાર પ્રકારના ભેદો દ્વારા કહેવાય છે તો પણ ચાર સત્તા નથી, એક સત્તા છે. તેનું દૃષ્ટાંત- જેમ એક આમ્રફળ ચાર પ્રકારે છે એમ તો ચાર સત્તા નથી. તેનું વિવરણ- કોઈ અંશ રસ છે, કોઇ અંશ છોતરું છે, કોઇ અંશ ગોટલી છે, કોઇ અંશ મીઠાશ છે, તેમ એક જીવવસ્તુ (વિષે) કોઇ અંશ જીવદ્રવ્ય છે, કોઈ અંશ જીવક્ષેત્ર છે, કોઈ અંશ જીવકાળ છે, કોઈ અંશ જીવભાવ છે, એ પ્રમાણે તો નથી, એવું માનતાં સર્વ વિપરીત થાય છે. તેથી આ પ્રમાણે છે કે જેમ એક આમ્રફળ સ્પર્શ-રસ-ગંધ-વર્ણે બિરાજમાન પુદ્‌ગલનો પિંડ છે, તેથી સ્પર્શમાત્રથી વિચારતાં સ્પર્શમાત્ર છે, રસમાત્રથી વિચારતાં રસમાત્ર છે, ગંધમાત્રથી વિચારતાં ગંધમાત્ર છે, વર્ણમાત્રથી વિચારતાં વર્ણમાત્ર છે; તેમ એક જીવવસ્તુ સ્વદ્રવ્ય સ્વક્ષેત્ર સ્વકાળ સ્વભાવે બિરાજમાન છે, તેથી સ્વદ્રવ્યરૂપે વિચારતાં સ્વદ્રવ્યમાત્ર છે, સ્વક્ષેત્રરૂપે વિચારતાં સ્વક્ષેત્રમાત્ર છે, સ્વકાળરૂપે વિચારતાં સ્વકાળમાત્ર છે, સ્વભાવરૂપે વિચારતાં સ્વભાવમાત્ર છે. તેથી એમ કહ્યું કે જે વસ્તુ છે તે 'અખંડિત' છે. 'અખંડિત' શબ્દનો આવો અર્થ છે.

(શાલિની)

योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि ज्ञेयो ज्ञेयज्ञानमात्र: स नैव।
ज्ञेयो ज्ञेयज्ञानकल्लोलवल्गन् ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्र:।। (૮-૨૭૧)

**ખંડાન્વય સહિત અર્થઃ-** ભાવાર્થ આમ છે કે જ્ઞેય-જ્ઞાયક સંબંધ વિષે ઘણી ભ્રાંતિ ચાલે છે, તેથી કોઈ એમ સમજશે કે જીવવસ્તુ જ્ઞાયક, પુદ્‌ગલથી માંડીને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભિન્નરૂપ છ દ્રવ્યો જ્ઞેય છે; પરંતુ એમ તો નથી, જેમ હમણાં કહેવામાં આવે છે તેમ છે- "अहम् अयं यः ज्ञानमात्रः भावः अस्मि" (अहम्) હું (अयं यः) જે કોઈ (ज्ञानमात्रः भावः अस्मि) ચેતનાસર્વસ્વ એવી વસ્તુસ્વરૂપ છું "સઃ જ્ઞેયઃ એવં"- તે હું જ્ઞેયરૂપ છું પરંતુ એવા જ્ઞેયરૂપ નથી? "ज्ञेयज्ञानमात्रः" (ज्ञेय) પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોના સમૂહના (ज्ञानमात्रः) જાણપણામાત્ર. ભાવાર્થ આમ છે કે- હું જ્ઞાયક અને સમસ્ત છ દ્રવ્યો મારાં જ્ઞેય- એમ તો નથી. તો કેમ છે? આમ છે- "ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ज्ञेयः" (ज्ञान) જ્ઞાન અર્થાત્ જાણપણારૂપ શક્તિ, (ज्ञेय) જ્ઞેય અર્થાત્ જણાવાયોગ્ય શક્તિ, (ज्ञातृ) જ્ઞાતા અર્થાત્ અનેક શક્તિએ બિરાજમાન વસ્તુમાત્ર, - એવા ત્રણ ભેદ (मद्वस्तुमात्रः) મારું સ્વરૂપમાત્ર છે (જ્ઞેયઃ) એવા જ્ઞેયરૂપ છું. ભાવાર્થ આમ છે કે- હું પોતાના સ્વરૂપને વેદ્યવેદકરૂપે જાણું છું તેથી મારું નામ જ્ઞાન, હું પોતા વડે જણાવા યોગ્ય છું તેથી મારું નામ જ્ઞેય, એવી બે શક્તિઓથી માંડીને અનંત શક્તિરૂપ છું તેથી મારું નામ જ્ઞાતા; - એવા નામભેદ છે, વસ્તુભેદ નથી. કેવો છું? "ज्ञानज्ञेयकल्लोलवल्गन्" (જ્ઞાન) જીવ જ્ઞાયક છે, (જ્ઞેય) જીવ જ્ઞેયરૂપ છે, એવો જે (કલ્લોલ) વચનભેદ તેનાથી (વલ્ગન્) ભેદને પામું છું. ભાવાર્થ આમ છે કે વચનનો ભેદ છે, વસ્તુનો ભેદ નથી. ૮-૨૭૧.**

*****

**પ્રવચન નં. - ૧ કળશ ૨૭૦/૭૧ તા. ૫-૧-૬૬**

## સાધ્ય-સાધક અધિકાર

### 'શ્રી સમયસાર કળશટીકા કળશ ૨૭૦'

न द्रव्येण खण्डयामि, न क्षेत्रेण खण्डयामि, न कालेन खण्डयामि, न भावेन खण्डयामि; सुविशुद्ध एको ज्ञानमात्र-भावोऽस्मि ।

"સુવિશુદ્ધઃ એકો જ્ઞાનમાત્રઃ ભાવઃ અસ્મિ"– જુઓ માથે શું કહ્યું? હવે છેલ્લા કળશ છે ને, તે એકદમ અભેદનાં પડખાંઓનાં પ્રકાર બતાવે છે! માથે કહ્યું ને! (૨૭૦માં). માથેનું હવે થોડું રહ્યું છે એની સાથે સંધિ કરતા કેઃ આત્મા! વસ્તુસ્વરૂપે, પુણ્ય પાપના ભાવ, શરીર, કર્મથી રહિત પણ અનંતશક્તિ સહિત (છે). પણ એવી અનંત શક્તિ સહિતને એક, એક શક્તિને, એક એક નયે ખોજવા જતાં, ખોજ ખોવાઈ જાય છે. એમ આવ્યું. "સદ્યઃ પ્રણશ્યતિ"નો અર્થ જ એવો કર્યો છે! 'સદ્યઃ પ્રણશ્યતિ' છે ને! ચોથી લીટીમાં– 'ખંડ ખંડ હોકર મૂલસે ખોજ મિટા–નાશકો પ્રાપ્ત હોતા હૈ' એટલે કે આત્મા, એકસમયમાં અનંતશક્તિ સંપન્ન! અનંતગુણરૂપ છે, છતાં એક એક શક્તિને, એક નયે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શોધતાં એની ખોજ નાશ થઈ જાય છે. ખોજ એટલે, એકરૂપ વસ્તુનો અનુભવ એમાં થઈ શકતો નથી. સમજાણું કાંઈ ?

એ વસ્તુ પોતે અનંતશક્તિગુણસંપન્ન ભલે ( છે ) અને વિકાર, શરીર, કર્મથી તો ઈ પ્રાપ્ત થાય નહીં, પુણ્ય-પાપના વિકલ્પથી કે શરીરની અવસ્થાના આશ્રયે, એ વસ્તુની પ્રાપ્તિનો અનુભવ હોય નહીં. પણ એનામાં અનંતગુણ છે ઈ અનંતગુણમાં, એક-એક ગુણના લક્ષે ( પ્રાપ્તિ ) કરવા જાય, તો તે ખંડ ખંડ થતાં તેનો ( આત્માનો ) અનુભવ સિદ્ધ થતો નથી. કેમકે વસ્તુ એકરૂપ છે, એકરૂપ દૃષ્ટિ થતાં એનો અનુભવ થાય. અનંતપણાની દૃષ્ટિ કરતાં એનો અનુભવ થાય નહીં. એમ આ ગાથામાં કહ્યું. હવે, અહીંયાં ચાર બોલનો નિષેધ કરે છે. પહેલાં અનંતગુણના અનંતનયોનો નિષેધ કર્યો, હવે ચારનો નિષેધ ને પછી કરશે ત્રણનો નિષેધ-જ્ઞાતા, જ્ઞેય ને જ્ઞાન ત્રણ એ પહેલા આમાં ચારનો નિષેધ કરે છે હવે !

પહેલાં છેલ્લો બોલ લે છે " સુવિશુદ્ધ એકો જ્ઞાનમાત્રઃ ભાવઃ અસ્મિ " કેવો છું. હું ? કે " જ્ઞાનમાત્રઃ ભાવઃ અસ્મિ " ભાવઃ અસ્મિ, ભાવ એટલે વસ્તુ ! હું વસ્તુસ્વરૂપ છું હું વસ્તુ સ્વરૂપ છું. ' ઔર કૈસા હૂં ? જ્ઞાનમાત્રઃ ' વસ્તુનો સ્વભાવ ચેતના માત્ર છે. જાણવું દેખવું એવો જ એનો સ્વભાવ છે. ' ચેતનામાત્ર હૈ સર્વસ્વ જિસકા ' બધું સર્વસ્વ ઇ ચેતનામાત્રમાં બધું સમાઈ ગયું ( છે ). ઈ પુણ્ય-પાપ, શરીર, કર્મ એમાં નથી. નથીની વાત અહીંયા કરી નથી, પણ ' છે આ ' ( ની વાત કરી છે. ) ચેતનામાત્ર સર્વસ્વ ચેતનામાત્ર સર્વસ્વ પોતાનું ! સર્વસ્વ ( અર્થાત્ ) સર્વ પોતાનું ચેતનામાત્ર એ વસ્તુ છે ! " એકઃ " એક છું. " એકો " છે ને અંદર ' સમસ્ત ભેદવિકલ્પોંસે રહિત હૂં ' ' એક છું ' એટલે શુદ્ધ છું. શુદ્ધ છું એટલે એક છું. એક છું એટલે કોઇપણ ભેદના વિકલ્પ વિનાનો છું એટલે કેવો છું, કે ' સુવિશુદ્ધઃ ' જુઓ આ અનુભવની દૃષ્ટિ થતાં ' આ ' હોય છે એમ કહે છે અહીયાં, આહાહા ! સમજાય છે કાંઈ ?

આત્માનો અનુભવ થવામાં એકલી વસ્તુ ચેતના માત્ર સર્વસ્વ એક ને સુવિશુદ્ધ ( છે. ) સુવિશુદ્ધ એટલે ? એમાં નાખ્યું ( કહ્યું ). દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મરૂપ ઉપાધિસેં રહિત હૂં. એવો આત્મા ! ' કૈસા હૈ... ? " દ્રવ્યેણ ન ખણ્ડયામિ " વ્યાખ્યા જુદી રીતે આ કરે છે આહાહા ! ઓલામાં તો દ્રવ્યથી ખંડિત થતો નથી, એટલો અર્થ આપણે લીધો. જયચંદપંડિતમાં આવે છે. અહીંયાં તો કહે છે, જીવ " દ્રવ્ય સ્વદ્રવ્યરૂપ હૈ ઐસા અનુભવને પર ભી મૈં અખંડિત હૂઁ " હું સ્વદ્રવ્યરૂપ છું હું સ્વદ્રવ્યરૂપ છું એમ છતાં, એ એક ભાગ એમાં નથી આવતો એમ કહે છે. ક્ષેત્ર કાળ અને ભાવ એવા ચાર ભંગમાં, હું સ્વદ્રવ્યરૂપ છું એથી, એના બીજા ત્રણ બોલ ( ભાવ ) ભેગા નથી આવતા એમ નથી. એકરૂપે હું અખંડ દ્રવ્યમાં અખંડ જ છું. સમજાણું કાંઈ ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

જીવ, સ્વદ્રવ્યરૂપ છે, વસ્તુ તરીકે વસ્તુ તરીકે એસા અનુભવને પર ભી મૈં અખંડિત હૂં એક દ્રવ્યરૂપ છું એમ કહેતાં, કાંઈ દ્રવ્યનો ભાગ ખંડ થયો છે. અને ક્ષેત્ર કાળ ભાવનો ભંગ કાંઈ રહી ગયો છે એમ નથી, એમ ( અહીંયાં ) કહે છે. સમજાણું કાંઈ ? કો ' સમજાય છે કે નહી આમાં ? આ તો બધું ઊંચી ! ઝીણી વાત છે હવે ( શ્રોતાઃ ઊંચી ને ઝીણી એટલે ? ) ઉત્તરઃ- ઝીણીમાં ધ્યાન રાખવાનું હોય, ઊંચીમાં સાચી છે એમ, સમજાણું કાંઈ ? દ્રવ્ય સ્વદ્રવ્ય જોયું ? ભાષા પણ પાછી કેવી સ્વદ્રવ્ય દ્રવ્ય એમ ન ( કહ્યું ) ઈ જીવ, સ્વદ્રવ્યરૂપ છે એમ કહેવામાં, બીજા દ્રવ્યરૂપે તો નથી પણ ઈ સ્વદ્રવ્ય કહેવામાં એક અંશ જ આવે છે એમ નથી. હું સ્વદ્રવ્યરૂપ છું. એટલે કે બીજો કોઈ અંશ બાકી કોઈ રહી જાય છે ક્ષેત્ર કાલ ભાવનો એમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ ?

એક દ્રવ્ય ચેતનામાત્ર વસ્તુ દ્રવ્ય, સ્વદ્રવ્યરૂપ છું સ્વ-દ્રવ્યરૂપ છું એમ કહેતાં ' અનુભવને પર ભી મૈં અખંડિત હૂં. '

" ક્ષેત્રેણ ન ખણ્ડયામિ " જીવ સ્વક્ષેત્રરૂપ હૈ. બીજો બોલ જીવ, સ્વ, સ્વક્ષેત્રરૂપ છે. એમ કહેતાં છતાં એક અંશ નથી. એમાં પણ બધાં દ્રવ્ય કાલ ભાવનું અખંડ એકપણું આવી જાય છે એમ કહે છે. હં. ભારે ઝીણી વાત ભાઈ ? આ જીવનું આ અખંડપણું એમ દૃષ્ટિમાં આવવું, એનું નામ ધર્મ ને સમ્યગ્દર્શન છે સમજાણું કાંઈ ?

કહે છેઃ હું જીવ, સ્વક્ષેત્રરૂપ છું. પોતાનું ક્ષેત્ર પહોળું એટલે એ રીતે હું જીવ સ્વક્ષેત્રરૂપ છું. એ રીતે પણ " ઐસા અનુભવને પર ભી મૈં અખંડિત હૂँ " એટલા સ્વક્ષેત્રરૂપ હું સ્વક્ષેત્રરૂપ છું, એમ છતાં છું તો અખંડ જ, કોઈ ભાગ એમાંથી-સ્વક્ષેત્રરૂપ છું એમાં કોઈ ભાગ બાકી રહી જાય છે, અંદર ભાવનો સ્વકાળનો કે દ્રવ્યનો બાકી રહી જાય છે, એમ નથી. સમજાય છે કાંઈ ?

આવો ધર્મ ! ભારે ભાઈ હવે, આમાં નવરાશ ક્યાં માણસને લ્યો કહેવાય છે ને હજી તો બહારથી વિકલ્પથી, દયા-દાન ને ભક્તિથી ધર્મ કરવો છે, એનાથી ધર્મ થાય ને એનાથી કલ્યાણ થાય રખડવા ટાણે. અનંત કાળથી રખડે છે, એમાં છે રખડવું ચોરાશી અવતારમાં રખડવું છે ઈ એનાથી માને છે કે મારું કલ્યાણ થાશે.

વસ્તુ પોતે અખંડાનંદ સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા છે. એ વસ્તુના જે ચાર ભાગ, એમાં એક ભાગમાં, બીજા ભાગ રહી જાય છે, એમ કરીને અહીંયાં નિષેધ કરે છે. બીજી તો વાત શી કરવી ? સમજાણું કાંઈ ? વિકલ્પ છે ઈ દયા-દાન-વ્રત-ભક્તિ એ તો રાગ છે, વિકાર છે. એનાથી ધર્મ બર્મ થાય નહીં; એનાથી આત્માનો અનુભવ થતો નથી. શરીરની ક્રિયાથી, તો ક્યાંય રહી ગઈ ( દૂર ) વાત. પણ કોણ જાણે ક્યાંનું ક્યાં નાખે છે માળા અહોહો ! શરીરની ક્રિયા સચેત ક્રિયાથી ધર્મ થાય લ્યો અરે શું કહીએ ? અરે આવો કાળ મળ્યો બાપા ભાઈ માંડ તરવાના કાળમાં બૂડવાના ક્યાં રસ્તા લીધા ? આહાહા !

કહે છે ! આંહી તો હું પોતે, ચાર અંશપણે છું એમાં એક અંશમાં ત્રણ અંશ રહી જાય છે એવો ય હું નથી, એમ કહે છે અહીં તો, આહાહા ! રાગપણે તો નહીં, પુણ્યપણે નહીં, પાપપણે નહીં, શરીર વાણીપણે નહીં, કર્મપણે નહીં પણ એક અંશમાં હું સ્વક્ષેત્રપણે છું તો વળી બીજા અંશો એમાં બાકી રહી જાય છે? બધું ય એમાં જ આવી જાય છે. આહાહા ! એ... ક અસંખ્ય પ્રદેશી એક વસ્તુ સ્વક્ષેત્રપણે, એ પોતે દ્રવ્ય છે, એમાં એની અવસ્થા આદિનો કાળ છે ને એનામાં રહેલા ગુણ ને બધું એકમાં આવી જાય છે સમજાણું કાંઈ ? ( શ્રોતાઃ કળશ છે ? ) હેં ? કળશ આ નથી, ગદ્ય છે ગદ્ય. પણ ગદ્ય છે અમૃતચંદ્રાચાર્યનું કો ' સમજાણું કાંઈ ? કળશ નથી, પણ અમૃતચંદ્રાચાર્યનું છે આ ( ગદ્ય ) કો 'કનું કરેલું નથી. હિંમતભાઈએ નથી નાંખ્યું એમાં ઉપરથી આ તો ભાઈએ નાંખ્યું છે રાજમલજી પંડિતે અર્થ કર્યો છે આનો. ( શ્રોતાઃ તારવીને જુદું પાડયું છે ! ) સમજાણું કાંઈ ? હું એક સ્વરૂપે, સ્વક્ષેત્રે છું, તો પણ તેમાં ખંડ નથી પણ અખંડ છું સ્વક્ષેત્રનો ભાગ એક અને સ્વભાવ ને કાળ ને દ્રવ્યનો ભાગ બીજો એમ એમાં રહેતું નથી. સમજાણું કાંઈ ?

" કાલેન ન ખણ્ડયામિ " જીવ સ્વકાલરૂપ હૈ ભગવાન પોતાના સ્વકાળે ત્રિકાળ છે. અનંત ગુણ ને દ્રવ્ય ને ક્ષેત્ર બધુંય એમાં સમાઈ જાય છે. સ્વકાળ ત્રિકાળ સ્વકાળ એટલે પોતાનો કાળ એટલે પોતાથી ત્રિકાળ એમ ને એમ છે. વસ્તુ જે અનંતગુણનો પિંડ, દ્રવ્યરૂપ, ક્ષેત્રરૂપ, ભાવ એવો સ્વકાળમાં બધું આવી જાય છે. સમજાણું કાંઈ ? " કાલેન ન ખણ્ડયામિ " જીવ સ્વકાલરૂપ હૈ પણ કાળથી ન કહેતા દરેકમાં **સ્વ** નાખેલ છે. ( સ્વદ્રવ્યરૂપ, સ્વક્ષેત્રરૂપ, સ્વકાલ, સ્વભાવરૂપ ) વળી કોઈ કાળ બીજાનો લ્યે ને બીજાનું દ્રવ્ય લ્યે ઐસા અનુભવને પર ભી મૈં અખંડિત હું- અને સ્વકાળ, સ્વ કાળએકરૂપ ! ત્રિકાળરૂપ સ્વકાળ એક છું. એમ કહેતાં હું અખંડિત જ છું, એમાં કોઈ ખંડ, ભેદ, ભંગ છે નહીં. સમજાણું ? " ભાવેન ન ખણ્ડયામિ " જીવ સ્વભાવરૂપ છે. જીવ સ્વ, સ્વ એમ લેવું જીવ સ્વ ભાવરૂપ છે એમ લેવું. સમજાણું કાંઈ ? હું એક સ્વભાવ-જ્ઞાન, દર્શન આનંદ આદિ સ્વ... ભાવ, એ મારા સ્વભાવરૂપ છું એમ કહેતાં ય અખંડિત છું. સ્વભાવ કહેતાં કોઈ કાળ, દ્રવ્ય અને ક્ષેત્ર કોઈ બાકી રહી જાય છે એમાં, એમ છે નહીં સમજાય છે ? ' ઐસા અનુભવને પર ભી મૈં અખંડિત હૂઁ. '

ભાવાર્થ ઈસ પ્રકાર હૈ કિ એક જીવ વસ્તુ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ, સ્વભાવરૂપ ચાર પ્રકારકે ભેદોં દ્વારા કહી જાતી હૈ. એક જ ભગવાન આત્મા એનું દ્રવ્ય એટલે ગુણપર્યાયનો પિંડ ક્ષેત્ર એટલે અસંખ્ય પ્રદેશ, કાળ એટલે ત્રિકાળ રહેવાવાળો કાળ, ભાવ એટલે અનંત શક્તિગુણ એમ ચાર પ્રકારના ભેદે એક ચીજને કહેવામાં આવે છે. " તથાપિ ચાર સત્તા નહીં હૈ. " તો પણ ચાર સત્તા નથી. સત્તા તો એક જ છે ચારમાં. દ્રવ્યની સત્તા હોવાપણું જુદું, ક્ષેત્રનું હોવાપણું જુદું, કાળનું હોવાપણું જુદું અને ભાવનું

હોવાપણું જુદું એમ છે નહીં. સત્તા તો એક જ છે દ્રવ્યસત્તા કહો તો તે. ક્ષેત્ર સત્તા કહો તો તે. કાળ ત્રિકાળ એકરૂપ સત્તા કહો તો તે. સ્વભાવરૂપ સત્તા કહો તો તે. સમજાણું કાંઈ ? " તથાપિ ચાર સત્તા નહીં હૈ એક સત્તા હૈ. " ઉસકા દૃષ્ટાંત ચાર સત્તા ઇસ પ્રકારસે તો નહીં હૈ કિ ચાર પ્રકારનું હોવાપણું આ પ્રકારે તો નહીં. ક્યા પ્રકારે ? દાખલો આપે છે. ભગવાન આત્મા આ શરીર, વાણી, કર્મથી તો જુદો આ ( શરીર ) માટી છે આ તો ( દેહ માટી છે ) કર્મથી તો જુદો, પુણ્ય પાપના વિકલ્પ ઉઠે વિકાર એથી ( પણ ) જુદો, તો કહે છે એને ( આત્માને ) ચાર પ્રકારે વહેંચીને કહીએ, તો સત્તા ચાર છે ? કોની પેઠે ? એમ કહે છે.

જીસ પ્રકાર એક આમ્રફલ ચાર પ્રકાર હૈ. આંબો–કેરી ચાર પ્રકાર છે કોઈ અંશ તો એમાં રસ છે. કેરીમાં એક ભાગ રસ છે મીઠો એક અંશ છિલકા હૈ, માથેની છાલ છે, એક રસ છે, એક છાલ છે, કેરી એક છે. એના ચાર ભાગ એક રસ છે, એક છાલ છે, એક ગોટલી છે. કોઈ અંશ મીઠા હૈ. કોઈ અંશ રસ માંહેનો મીઠો ( મીઠાપણું ) જુદું છે. સમજાય છે ? રસ, સાધારણ ( સામાન્ય ) લીધો એમાં ( વિશેષ ) મીઠો લીધો. આ ( કેરીમાં ) ચાર ભાગ જેમ ( જુદા–જુદા ) છે, એમ આત્મામાં નથી. શું કીધું ? રસની વિશેષ પર્યાય છે, રસ સામાન્ય છે મીઠાશ એક ભાગ છે. સમજાય છે કાંઈ ? ( કેરીમાં ) કોઈ અંશ રસ છે, કોઈ અંશ છાલ છે, કોઈ અંશ ગોટલી છે, કોઈ અંશ મીઠાશ છે, એમ નથી. શું કીધું ? એક કેરીમાં ચાર ભાગ એક રસ, છાલ, ગોટલી ને મીઠાશ. એમ ચાર ભાગ છે, એમ આત્મામાં ચાર ભાગ નથી.

' એક જીવવસ્તુ કોઈ અંશ જીવદ્રવ્ય છે, કોઈ અંશ જીવક્ષેત્ર છે, કોઈ અંશ જીવકાલ છે, કોઈ અંશ એવો જીવનો ભાવ છે. ' સમજાણું કાંઈ ? ઓલો રસ ભાવરૂપે લીધો ને મીઠાશ કાળરૂપે લીધી ભાઈ અહીંયા ( દૃષ્ટાંતમાં ) ભેદ પાડયોને ભેદ ( રસ ને મીઠાશ વચ્ચે ) ઓલો રસ ને મીઠાશ કાળ ને ભાવ એમ. અને છિલકા ( છાલ ) ને ગોટલી. ( અર્થાત ) ક્ષેત્ર એ દ્રવ્ય આખું. એકવસ્તુ ભગવાન આત્મા ! જેમ એ કેરીના ચાર ભાગ છે એમ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ નથી. સમજાણું ? ( તો કેવા છે ? ) ' ઐસા માનને પર સર્વ વિપરીત હોતા હૈ. '

' ઈસ કારણ ઈસ પ્રકાર હૈ, કિ જીસ પ્રકાર એક આમ્રફલ સ્પર્શ, રસ, ગંધ,વર્ણ બિરાજમાન પુદ્‌ગલકા પિંડ છે. ' જુઓ ! શું કીધું ? એક કેરી સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ઉપાડયું છે સ્પર્શથી, સ્પર્શ કેરી કેરી છે, ઈ સ્પર્શ છે તોય તે, રસ છે તોય તે, ગંધ છે તોય તે, વર્ણ છે તોય તે કે જુદા–જુદા ચાર બોલ છે ? વર્ણ આ ઠેકાણે છે ને ગંધ આ ( બીજે ) ઠેકાણે છે ને સ્પર્શ ( ત્રીજે ) ઠેકાણે છે ને રસ ( ચોથે ) ઠેકાણે છે– એમ છે ? ઓલા ચાર તો જુદા કહ્યા કેરીના ચાર ભાગ છે એમ નથી. રસ, છાલ, ગોટલી ને મીઠાશ તો જુદા જુદા કહ્યા– કેરીના. એમ આત્મામાં ( દ્રવ્યક્ષેત્રકાળભાવ ) નથી. આત્મા વસ્તુ ! એકસ્વરૂપ !

દેહથી તદ્દન ભિન્ન ! જેમ પરમાણુમાં સ્પર્શ, રસ, ગંધ ને રંગ બિરાજમાન પુદ્‌ગલપિંડ છે. ' ઈસ લિયે સ્પર્શમાત્રસે વિચારને પર સ્પર્શમાત્ર છે. ' શું કીધું ? એ કેરીને સ્પર્શમાત્રથી વિચારતાં, આખું સ્પર્શ સ્વરૂપ જ છે કેરીનું. સમજાય છે કે નહીં આમાં ? કેરીનો દાખલો તો બહુ ચોખ્ખો સ્પષ્ટ આપ્યો છે. ( શ્રોતાઃ આ કેરીનો દાખલો જ સમજાતો નથી ) લે હેં ? એય કેરી છે ને એના ઉપરથી આત્માને સમજાવવા દાખલો આપ્યો ( છે ). કે ભઈ કેરીમાં એક રસ છે, છાલ છે, ગોટલું છે ને મીઠાશ છે. એમ આત્મામાં એવા ચાર ભાગ છે એમ નથી કે એક રહી ગયું દ્રવ્ય જુદું, ક્ષેત્ર જુદું, કાળ જુદો ને ભાવ જુદો એમ નથી. ત્યારે કે જેમ કેરીમાં ઈ કેરીને સ્પર્શપણે દેખો તો આખી ( કેરી ) સ્પર્શ છે, રસપણે દેખો તો આખો રસ જ છે, ગંધપણે દેખો તો ગંધ જ છે, રંગ

પણે દેખો તો રંગ જ છે. પીળી છે તો આખી પીળી છે. સમજાય છે કે નહીં ? એમ આત્મામાં. ( અભેદપણે દ્રવ્યક્ષેત્રકાળભાવ સમજવા )

( કેટલાક ને તો ) કોઈ દિ ' આત્મા શું એની ખબરે ય ન મળે કહે છે, એ ગંધમાત્ર વિચારવાથી ગંધ જ છે, વર્ણમાત્ર વિચારવાથી વર્ણ જ છે ઈસી પ્રકાર એક ભગવાન આત્મા સ્વદ્રવ્ય એને દ્રવ્ય તરીકે જોઈએ તો તે જ આખી ચીજ છે. સ્વક્ષેત્રથી જોઈએ તો પોતે આખું એક જ છે, સ્વક્ષેત્રમાં કોઈ વળી દ્રવ્ય બીજું કાળ ભાવ જુદા એમ છે નહીં. કેરીમાં સ્પર્શથી દેખો તો બધું સ્પર્શ જ છે આખી કેરી રસથી દેખો તો રસમય જ છે, રંગથી દેખો તો રંગમય છે, લ્યો ! ગંધથી દેખો તો ગંધમય જ છે ! સુગંધ આવે છે ને એની ? એમ ભગવાન આત્મા વસ્તુથી દેખો તો ય તે, એના સ્વક્ષેત્રથી દેખો તોય તે, એના સ્વકાળથી દેખો તો ય તે અને એના સ્વ-ભાવથી દેખો તોય તે આ દાખલો ' પંચાધ્યાયી 'માં આપ્યો છે. રાજમલજી છે ને એના કર્તા, પંચાધ્યાયના કર્તા ય રાજમલજી છે- કેરીનો દાખલો પંચાધ્યાયમાં આપ્યો છે, આ રીતે જ તે ! ( જી, હા )

( શ્રોતાઃ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં શી રીતે કેરીથી સમજાય છે ? ) ચાર ભાગમાં કટકે-કટકે સમજાય છે. કેરીના એમ એક એક કટકો આવ્યો, આખું ન આવ્યું ( રસ, છાલ, ગોટલી, મીઠાશ ) રસ આવ્યો ત્યાં ગોટલું ન આવ્યું ને ગોટલું આવ્યું ત્યાં છિલકું ન આવ્યું છિલકું આવ્યું ત્યાં વળી રસ ન આવ્યો એ પછી ઓલામાં નાખ્યું ! ખ્યાલમાં છે ! કો ' સમજાણું કાંઈ ? કેરીની છાલ જોઈ ત્યાં ગોટલું ન આવ્યું ને ગોટલું જોયું ત્યાં છાલ ન આવી ને છાલ જોઈ ત્યાં રસ ન આવ્યો, રસ જોયો ત્યાં એની મીઠાશની પર્યાય ન આવી, એમ નથી આત્મામાં. ( તો કેમ છે આત્મામાં ? ) તો આત્માને દ્રવ્ય રીતે દેખો તો કાંઈ જુદું છે ? જેમ ( કેરીમાં ) છિલકું દેખે તો ગોટલું ન આવ્યું. એમ આંહી દ્રવ્ય દેખો તો ક્ષેત્ર કાળ ભાવ જુદા પડયા છે ?

એમ નથી. સમજાણું કાંઈ ?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન આત્મા દેહથી ભિન્ન તત્ત્વ, સમજાણું કાંઈ ? એ સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ શાશ્વત જ્ઞાન ને આનંદ ( સ્વરૂપ છે ) એને કહે છે કે વસ્તુથી જુઓ તોય એ છે, જેમ કેરીને સ્પર્શથી દેખો સ્પર્શમાત્ર આખી છે એમ આને સ્વક્ષેત્રથી દેખો તોય એ છે, એને ( કેરીને ) આખા રસથી દેખો તોય એ છે. આને સ્વકાળથી દેખો તોય એ છે, એને ( કેરીને ) રંગથી દેખો તો એ ( કેરી જ ) છે. કે કેરીમાં રંગનો ભાગ જુદો પડતો હશે ને સ્પર્શનો ભાગ જુદો પડતો હશે, એમ છે ? ભઈ કેરીમાંથી રસ કાઢી નાખો એકલો સ્પર્શ ગંધ ને રંગ ( કેરીમાં જ ) રાખો. કેમ હશે ? ( આમ બની શકે છે ? ) ( શ્રોતાઃ ન બને. ) એમાંથી રસ કાઢી નાખો ને સ્પર્શ, ગંધ ને રંગ રાખો ! ( શ્રોતાઃ કેવી રીતે બને ! ) એમાંથી રંગ કાઢી નાખો અને ગંધ, સ્પર્શ ને રસ રાખો ! ( શ્રોતાઃ એમ શી રીતે કહેવાય ! ) હેં ? ન કહેવાય એમ આ દેહમાં, ભગવાન આત્મા છે– એમાંથી કહે છે કે એનું દ્રવ્ય કાઢી નાખો, અને એકલું ક્ષેત્ર રહે, પણ શું રહે ? એ દ્રવ્ય જ પોતે અનંત ગુણનો પિંડ પોતે જ આત્મા છે. એને ક્ષેત્રથી દેખો તો તે તે જ છે. જેમ કેરીને રસથી દેખો તો આખી તે જ છે. રસ જો જુદું કાઢી નાખો તો તે કેરી જ ન રહે. એમ આત્મામાં, વસ્તુ દેખો તો એ રૂપે છે, એનું ક્ષેત્ર દેખો તો તે જ રૂપે એ છે. કાંઈ દ્રવ્ય ને કાળ ભાવ જુદા રહી જાય છે એમ નથી. કાળેય છે, છે, છે એમ સ્વકાળે છે. સ્વકાળે છે એમાં ય બધું આવ્યું, ભાવ–દ્રવ્ય ને ક્ષેત્ર ( અભેદ ) છે ! એ કાંઈ જુદું રહી જતું નથી જેમ કેરીનો રસ લેતાં બધું આવી જાય છે કો ’ભાઈ આહાહા ! ભારે આત્માને સમજવો એને એના મકાનના–ધૂળના ઢગલાની જો વાતું કરેને એને ચાર દિશાની વાતું યાદ આવે મકાનને ચાર દિશા ( ચતુર્દિશા ) બાંધે છે કે નહીં શું કહેવાય ત્યાં કોર્ટમાં ? ચતુર્સીમા ! ચાર સીમા ( દર્શાવે ) પણ ઘર તો ‘ એક ’ છે. ચાર સીમા બાંધે તો ‘ ચાર ’ ઘર છે ? સમજાણું કાંઈ ? વસ્તુ તો ઈ ની ઈ જ છે. આની કોરથી દેખો તો ઈ જ છે, આની કોરથી દેખો તો ઈ જ છે. આની કોરથી દેખો તો ઈને ઈજ ( ઘર ) છે ! કે ચાર ઘર છે ?

એમ ભગવાન આત્મા દેહમાં બિરાજમાન પ્રભુ એને કહે છેઃ ગોટલીની પેઠે કે છાલની પેઠે જુઓ જુદી જુદી ચીજ તો, કેરી એમાં દેખાશે ( પણ ) જુદી–જુદી ચીજ દેખાશે, કેરી આખી નહીં દેખાય. એમ, ભગવાન આત્માને, એક–એક ભાગ એમ ગોટલી ને આમ છાલ એમ નથી. કે દ્રવ્ય આ, ક્ષેત્ર આ, કાળ આ ને ભાવ આ એમ નથી. ભગવાન આત્મા ગુણ–પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે, વિકાર નહીં, શરીર નહીં, કર્મ નહીં. ઈ અસંખ્યપ્રદેશી જે ક્ષેત્ર પહોળું છે એ જ આત્મા છે એ જ આખો છે. એનો સ્વકાળ લ્યો કાળ– ત્રિકાળરૂપ કાળ હોં ! પર્યાયની એક સમયની વાત નથી. સ્વકાળ પોતે કાળ છે. એમાં દ્રવ્ય આવી ગયું, ક્ષેત્ર ને ભાવે ય આવી ગયો. સ્વકાળથી જુઓ તો એ આખું ( આત્મદ્રવ્ય ) છે. સ્વ.. ભાવ, ભગવાન આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંતગુણ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

છે ભાવ છે. ઈ ભાવથી જુઓ તો ય ઈ આખી વસ્તુ છે. ભાવથી જુઓ તો, કોઈ દ્રવ્ય જુદું રહી જાય છે કે ક્ષેત્ર જુદું રહી જાય છે કે કાળ જુદો રહી જાય છે એમ નથી સમજાણું કે નહીં ? કેરીમાં ગોટલું કહેતાં રસ, છાલ ને મીઠાશ જુદી રહી જાય છે. એમ આનુ દ્રવ્ય કહેતા, કોઈ ક્ષેત્ર કાળ ભાવ જુદા રહી જાય છે એમ નથી. કેરીને જેમ સ્પર્શ કહેતાં ચારેય ( ભાવ ) આવી જાય છે ભેગું જ છે બધું. સમજાણું કાંઈ ?

આંહીં તો ચાર બોલે ય નહીં એકરૂપ છે એમ સિદ્ધ કરવું છે. ચારમાંથી ' એક ' ઓલા અનંતમાંથી ' એક ' માથે અનંતમાંથી ' એક ' આ ચારમાંથી ' એક ' પછી ત્રણમાંથી ' એક ' કહેશે સમજાણું કાંઈ ? શું કરવા આ વાત હાલે છે આ ? કે આ આત્માની જેને દૃષ્ટિ પ્રાપ્ત કરવી છે- એટલે કે ધર્મરૂપે પરિણમવું છે, જેને અનંતકાળમાં આત્મજ્ઞાન થયું નથી અને આત્મદૃષ્ટિ થઈ નથી, એને આત્મદૃષ્ટિ કરવી હોય તો, એનાં દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ એણે જુદા પાડવાં નહીં. એમ જુદાં પડી શકતાં નથી, માટે જુદાં ન પાડવા.

વસ્તુ છે. જુઓ આ વસ્તુ છે આ સુખડ છે કે નહીં આ સુખડનું લાકડું છે. ઈ સુગંધ કહો તોય છે, સુંવાળુ કહો તોય છે, ભારે કહો તોય ઈ છે. અને રંગે- આ લાકડું પીળાશ ( પડતું ) છે એમ કહો તોય ઈ છે ! એમાંથી પીળાશ કાઢી નાખો કે સુગંધ કાઢી નાખો, તો શું ચીજ રહે ? ( શ્રોતાઃ નીકળે જ નહીં, કાંઈ ન રહે ! ) ઈ તો ઈ જ ચીજ ( સુખડ ) છે. સુગંધ ભારે સુંવાળપ પીળાશ, એ બધી ( અભેદ ) ઈ ચીજ છે ! ( શ્રોતાઃ પ્રશ્ન ઈ છે કે જુદું-જુદું તો કર્યું છે ! ) ક્યાં કર્યું છે જુદું છે ? પણ એ જુદુ કહીને શું કહે છે એની સ્થિતિ બતાવે છે કે ગુણ પર્યાયનો પિંડ તેને દ્રવ્ય કહીએ, એ ચીજને પહોળાઈની અપેક્ષાએ તેને ક્ષેત્ર કહીએ, એને ત્રિકાળ રહેવાની અપેક્ષાએ કાળ કહીએ, એમાં રહેલી શક્તિઓને- ગુણોની અપેક્ષાએ ભાવ કહીએ સમજાણું કાંઈ ? આહાહા ! નિજઘરના વાંધા બીજી બધી પડ કરી લાંબી ( પણ ) પોતે કોણ ને કેવડો છે, એની કોઈ દિ ' ખબર કરી નહીં, એના વિના રખડી મર્યો ચોરાશીના અવતારમાં.

અહીંયા કહે છે કે તારે જો આત્મા પ્રાપ્ત કરવો હોય તો આત્મા ચાર બોલે ભલે તને સમજાવ્યો. વિકાર રહિત સમજાવ્યો, શરીર રહિત સમજાવ્યો, કર્મ રહિત સમજાવ્યો, હવે એને ચાર બોલે સમજાવ્યો માટે ચાર બોલમાં, એક બોલમાં બધાં ભેગાં આવી જાય છે. ચારમાં ચાર બોલ ( જુદા ) નથી ખાનાં ચાર નથી કે એક ખાનામાં દ્રવ્ય રહે, એક ખાનામાં ક્ષેત્ર રહે, એક ખાનામાં કાળ રહે ને એક ખાનામાં ભાવ રહે ! ઓલામાં કેરીમાં ખાનાં છે. એક ભાગમાં ગોટલું રહે, એક ભાગમાં છાલ રહે, એક ભાગમાં રસ રહે, એક ભાગમાં મીઠાશ રહે. એમ ચાર ખાનાં છે એમાં. સમજાય છે ? એમ આમાં નથી પણ કેરીમાં જેમ સ્પર્શ આખા ભાગમાં રહે, રસ આખા ભાગમાં રહે, ગંધ આખા ભાગમાં રહે, રંગ ( વર્ણ ) આખા ભાગમાં રહે, એમ ભગવાન આત્મા દેહ નામ માટીથી જુદો,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્મથી જુદો, ઈ દ્રવ્યરૂપે તો એ, વસ્તુરૂપે તો એ, ચેતનામાત્ર વસ્તુ તો એ, એ અસંખ્યપ્રદેશી નિશ્ચયથી એક પ્રદેશ છે એનો–અખંડની અપેક્ષાએ એકપ્રદેશી છે એ, સમજાણું કાંઈ ? તોય ઈ છે. અને સ્વકાળ એમ ને એમ ત્રિકાળ રહેનારું તત્ત્વ સત્ત્વ કહો તો એનું એ છે, અને એના જ્ઞાન દર્શન આનંદ આદિ ભાવ, અનંત ભાવ અનંત શક્તિઃ અનંતગુણ, અનંતગુણ તોય ઈ ને ઈ જ છે.

કોઈ ભાવ જુદો પડી જાય, દ્રવ્ય જુદું રહી જાય, ક્ષેત્ર જુદું પડી જાય એમ નથી. આ કેરીનો દાખલો બહુ સરસ આપ્યો છે. સમજાણું કાંઈ ? દાખલો આપીને સમજાવે તોય નો સમજે, એને કઠણ લાગે કો ભાઈ, દાખલો તો ટેકો છે ઓલો ( સિદ્ધાંત ) સમજવા માટે. દાખલો તો એક અંશ છે.

જુઓ ભાઇ આ કેરી છે ને કેરી એક રસ, એક ગોટલી, એક છાલ, એક મીઠાશ ચાર જુદાં છે. એમ આત્મામાં એક દ્રવ્ય, એક ક્ષેત્ર, એક કાળ ને એક ભાવ જુદાં નથી પણ કેરીમાં જેમ સ્પર્શ, રસ, ગંધ, રંગ એક હારે બધું છે એમ આત્મામાં, વસ્તુ જુઓ તોય તે આત્મા, એની પહોળાઈનું ક્ષેત્ર જુઓ તોય તે દ્રવ્ય કાળ ને ભાવ છે. સમજાણું કાંઈ ? એનો કાળ–રહેવાનો ભાવ દેખો તો ઈ નો ઈ દ્રવ્ય–ભાવ ને ક્ષેત્ર છે. એના ગુણો દેખો દર્શન જ્ઞાન આનંદ અનંત ( ગુણ ) તોય ઈ નો ઈ જ છે. એની પહોળાઈ ઈ ક્ષેત્ર, દ્રવ્ય, કાળ ને ભાવ એ બધુંય ઈ નું ઈ જ છે. સમજાણું કે નહીં આમાં ? એવા ચતુર્સીમા એકરૂપે આત્માને દેખવો, આ એનું નામ અભેદદૃષ્ટિ ને સમ્યગ્દર્શન છે આહાહા ! ‘ ભૂદત્થમસ્સિદો ખલુ સમ્માદિટ્ઠી હવદિ જીવો.. ” ૧૧, ઈ બીજી રીતે વાત કરે છે. આહાહા ! ઈ એકરૂપ પર નજર પડયા વિના, એક આત્મા હાથમાં નહીં આવે એમ કહે છે. બે ચાર નજર કરવા જઈશ તો ખોઈ બેસીશ એક આત્માને એમ કહે છે. ઈ માથે કહી ગયા છે. સમજાણું કાંઈ ? માથે કીધું ’ તું– ખોજ મિટા– એમ ભાષા કરી છે. ‘ સદ્યઃ પ્રણશ્યતિ ’ – ‘ સદ્ય ’ નામ એકદમ નાશ થઈ જાય એવો અર્થ છે એનો. પણ એનો અર્થ જ બીજી ઢબનો કરનાર છે આ.

ભગવાન આત્મા અનંત શક્તિ જે છે એમાં, એમાં એક એક શક્તિને ખોજવા જઈશ, ત્યાં ‘ અનંતશક્તિનું એકરૂપ ’ ખોવાઈ જશે. છે ભાઈ ? ‘ સદ્યઃ પ્રણશ્યતિ ’ ખંડ ખંડ હોકર મૂલસે ખોજ મિટા નાશકો પ્રાપ્ત હોતા હૈ. ખોજ મીટા એટલે અનુભવ નહીં થાય. તારા ખોજવામાં આત્માને ગોતવામાં એક–એક નયથી એક એક ગુણને ખોજવા જઈશ– જીવને જોવા જઈશ, તો ખોજ મિટા, ખોજ તારી મટી જશે અનુભવ મટી ગયો એમ, સમજાણું કાંઈ ? નીચેય કહ્યું છે એમ કે જીવકા અનુભવ ખો જાતા હૈ. છે ને ? છેલ્લી લીટી.

કિન્તુ અનંત શક્તિયાં હૈં, ઈસ કારણ એક એક નય કરતે હુએ અનંત નય હોતે હૈં. એસા કરતે હુએ બહુત વિકલ્પ ઉપજતે હૈં, જીવકા અનુભવ ખો જાતા હૈ. છે ને બીજી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લીટી હેઠેથી જીવકા અનુભવ ખો જાતા હૈ. ખોવાઈ જાઈશ તું એમ કહે છે. એકરૂપ અનંત ગુણનો પિંડ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવનું એકરૂપ છે એને બે-ત્રણરૂપે ને અનંતરૂપે જો જોવા જઈશ, તો ખોવાઈ જાઈશ તું હેં? આહાહા! આહાહાહા! શૈલી કેવી કરી છે જુઓને.

ભગવાન તારું સ્વરૂપ તો એકરૂપ અખંડ આનંદ પ્રભુ છે એમાં એકરૂપનો અનુભવ કરીશ તો 'એક' હાથમાં આવશે. એવી ચીજને અનેક ગુણ વડે જોવા જઈશ, તો તું એકરૂપ ખોવાઈ જઈશ એટલે કે એકરૂપ અનુભવમાં નહીં આવે. આહાહા! આરે બીજી ભાષા જ બીજી ઢબની છે કો' ભાઈ નિર્વિકલ્પ થવું છે ને? વસ્તુ નિર્વિકલ્પ અભેદ છે. પર્યાયમાં નિર્વિકલ્પ ન થાય ત્યાં સુધી અભેદ વસ્તુ દૃષ્ટિમાં આવે શી રીતે? તું ભેદ પાડવા જાઈશ કે આ, આ વસ્તુ દ્રવ્ય આ ક્ષેત્ર તો ક્ષેત્ર કાંઈ જુદું છે? જુદું કરવા જાઈશ ત્યાં વિકલ્પ ઉઠશે, અભેદ ખોવાઈ જશે. આહાહા...!

અરે એના પંથની રીતની એને ખબર ન મળે ખોજવા ક્યાં જાય? આંહી તો કહે છે, ખોજવા જાઈશ અનંતગુણમાંથી એક-એક નયથી, એક-એક ગુણને ખોજવા જાઈશ. હાથ નહીં આવે-ખોવાઈ જાઈશ તું એમ કહે છે. આહાહા! તો આત્માને ને શાંતિને ધર્મને રાગમાં, પુણ્યમાં, શરીરમાં ને ધૂળમાં ગોતવા જઈશ, ક્યાંય ખોવાઈ ગયો છો તું અનાદિનો આહાહા! આહા ભાઈ ભારે વાત.

એકરૂપ પ્રભુ ભલે અનંતગુણ હો, પણ દ્રવ્ય તો એકરૂપ જ છે ને? ભલે ક્ષેત્ર અસંખ્યપ્રદેશી હો, વસ્તુ તો એકરૂપ છે કે નહીં ત્રિકાળ હો, વસ્તુ તો એકાકાર અભેદ છે કે નહીં અનંતગુણ હો, વસ્તુ તો એકરૂપ છે કે નહીં? એકરૂપ છે તેને અંતર જોતાં, નિર્વિકલ્પતા આવે અને એની દૃષ્ટિમાં નિર્વિકલ્પ ચીજ અનુભવમાં આવે એ સિવાય બીજો કોઈ ઉપાય નથી આહાહા! બીજી રીત હોઈ શકે નહીં, એમ કહે છે અહીંયાં આહાહા! સમજાણું કાંઈ? જ્ઞાનની એકાગ્રતામાં, એકરૂપ દૃષ્ટિમાં આવ્યા વિના, એની એકાગ્રતા કોઈ દિ' થાય નહીં. અંતર એકાગ્રતા થયા વિના, દૃષ્ટિ આવે નહીં અને એકમાં દૃષ્ટિ આવ્યા વિના, એકાગ્રતા થાય નહીં. જ્યાં સુધી એ એમ માને કે રાગવાળો છું ને શરીરવાળો છું ને કર્મવાળો છું- એવો તો ઈ છે જ નહીં. એવો તો ઈ છે જ નહીં. એ કર્મવાળો ને દેહવાળો ને પુણ્ય-પાપવાળો ને, એવો તો (ઇ) છે જ નહીં. પણ ઈ જે છે અનંતગુણવાળો અસંખ્યપ્રદેશવાળો-ત્રિકાળ રહેનારો, એમાં પણ ભંગ પાડીને ગોતવા જાઈશ, તો અભેદવસ્તુ હાથ નહીં આવે. આહાહા!

બાપુ તું એકરૂપ પ્રભુ છો ને એકરૂપની દૃષ્ટિમાં, બે રૂપ ક્યાંથી લાવ્યો તું? બે-રૂપમાં તો ખોવાઇ જશે, બે રૂપમાં તો ખોવાઇને રાગમાં તું સલવાઈ જઈશ આહાહા! સમજાણું કાંઈ? આવી વાતું ભારે ભાઈ.

કહે છે કે, પ્રભુને ગોતવો હોય તો એકમાં ગોતજે. બેમાં ગોતવા જાઈશ, પ્રભુ હાથ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નહીં આવે. એમ કહે છે. આહા ! ઈ પ્રભુ તું હોં ( હાસ્ય ) ( શ્રોતાઃ દોરો સાંધી લે... ! ) હેં શું કહે છે ? ( અન્ય શ્રોતાઃ દોરો સાંધી લે... ! ) દોરો, કીધું ને આ. ( શ્રોતાઃ ' એક ' ને જ દોરો કહેવાય છે ) દોરો એને જ કહેવાય છે. એને વાત સમજાવા જ્યાં નજર નાખવી છે એકરૂપે વસ્તુ છે ? ઈ નજરમાં એકરૂપતા ક્યારે આવે કે ' એકરૂપતા ' પર નજર જાય તો અને ' એકરૂપતા ' નજરમાં ક્યારે આવે ? કે આંહી વિકલ્પ તૂટે ને એકતા પર્યાયમાં કરે તો આહાહા ! સમજાણું કાંઈ ? " આ અનુભવની વાત છે. " અનુભૂતિ કરવાની વાત છે આ– વાતની વાત નથી આહાહા !

ભાઈ તારો અનુભવ કરવો હોય તારી વસ્તુને પ્રાપ્ત કરવી હોય ભગવાન અનાદિનો જે એકરૂપસ્વભાવે છે, એને તારે મેળવવો હોય તો એના અનંતગુણમાં ભેદ પાડીને પણ તું નહીં મેળવી શક તો વળી દયા–દાનના રાગ વડે મેળવી શકાય, એ તો વસ્તુમાં હોય જ નહીં. ( જ્યાં આ ) એકરૂપમાં ભેદ પાડવા જાય, તોય એક નહીં મળે, તો એનામાં નથી, એનાથી ( એ ) મળે ભાઈ એ નહીં મળે. આહાહા ! હવે આંહી તો દયા–દાન–વ્રત–ભક્તિનાં પરિણામથી આત્મા મળશે ( શ્રોતાઃ સાધન છે ને... ! ) ધૂળમાંય સાધન નથી. ઈ તો નિમિત્ત તરીકે જ્ઞાન કરાવ્યું છે. સાધન–બાધન કેવાં વ્યવહાર સાધનને નિશ્ચય સાધ્ય ઈ તો નિમિત્તનું જ્ઞાન એ વખતે એવા જ વિકલ્પો હોય છે એમ બતાવ્યું છે. સમજાણું કાંઈ ? ઓલી–સવારની ચર્ચા પણ તેમાં છે– ' તે કાળે ને સ્વકાળે ' બે શબ્દ પડયા છે ' તે કાળે ' છે ને આંહી તો નિશ્ચય–વ્યવહારને મેળવ્યું છે ઈ તો ' નિશ્ચય ' થાય, ત્યારે એવો વિકલ્પ છે પૂર્વમાં એને ( વ્યવહાર ) કહેવાય ' નિશ્ચય ' ની હારે વિકલ્પ છે એને ' વ્યવહાર ' કહેવાય. બાકી વાતમાં બીજો માલ કાંઈ નથી.

" લાખ બાતકી બાત, યહૈ નિશ્ચય ઉર લાઓ. તોરિ સકલ દન્દ–ફન્દ, નિજ આતમ ધ્યાઓ " ( છહઢાળા– ચોથી ઢાળ ) કો ' સમજાણું કાંઈ ? આહાહા !

કહે છે ઉસી પ્રકાર એક જીવ વસ્તુ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ, સ્વભાવ બિરાજમાન હૈ. ઈસલિયે સ્વદ્રવ્યરૂપસે વિચારને પર સ્વદ્રવ્યમાત્ર હૈ. દેખો સ્વદ્રવ્ય માત્ર છે. સ્વદ્રવ્યમાત્રમાં વળી કોઈ ક્ષેત્ર કાળ ભાવ જુદા રહી જાય છે ( એમ નથી. ) કેરીને સ્પર્શથી જોતાં સ્પર્શમાત્ર છે એમાં રસગુણ કોઈ જુદો રહી જાય છે... ટુકડો આઘો ક્યાંય ( એમ નથી ) એમાં સમાઈ ગયાં છે, એમાં જુદાં નથી. સમજાણું કાંઈ ? ' સ્વક્ષેત્રરૂપસે વિચારને પર સ્વક્ષેત્રમાત્ર હૈ. ' આમ અંતર સ્વક્ષેત્ર જોતાં ભગવાન, સ્વક્ષેત્રમાત્ર જ છે. સ્વક્ષેત્રમાત્ર જ છે એટલે એમાં દ્રવ્ય જુદું રહી ગયું, કાળ જુદો રહી ગયો ને શક્તિ જુદી રહી ગઈ એવું કાંઈ છે નહીં. એ સ્વક્ષેત્ર માત્ર જ છે. સ્વક્ષેત્ર માત્ર જ છે આહાહા ! એકકોર ચાર બતાવે છે આવી સ્થિતિ વીતરાગ સિવાય બીજે ક્યાંય હોય નહીં. ભાઈ સર્વજ્ઞ સિવાય, વસ્તુના આવા ચાર ભાગ ક્યાંય હોય નહીં. અને છતાંય એ ચાર

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ભાગમાં એકરૂપે છે, શી એની કથન શૈલી? (અલૌકિક- અદ્વિતીય છે...!) એવી વ્યાખ્યા, વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એણે જોયો આત્મા, એણે કહ્યો આત્મા, એ સિવાય બીજે આત્મા આવો (કહી શકે નહીં) વસ્તુની સ્થિતિ જ આવી છે. ઈ તો એકવાર પત્રમાં લખ્યું 'તું શ્રીમદે, ઓલા સૂર્યરામ ત્રિપાઠી હતા ને તે વખતમાં હતા, વેદાંતમાં બહુ હોશિયાર સૂર્યરામ ત્રિપાઠી એના ઉપર પત્ર ચાલતા એમાં એક વાર લખ્યું' તું એક વ્યાખ્યા આ રીતે પણ કરી શકાય વસ્તુને દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ આ રીતે આપ વિચારશો એમ કરીને એ આ ચાર બોલ મૂકયા છે એક પત્રમાં (આંક-૭૧ 'શ્રીમદ્ રાજચંદ્ર') 'આ વેળા લઘુત્વભાવે એક પ્રશ્ન કરવાની આજ્ઞા લઉં છું. આપને લક્ષગત હશે કે, પ્રત્યેક પદાર્થની પ્રજ્ઞાપનીયતા ચાર પ્રકારે છેઃ દ્રવ્ય (તેના વસ્તુ- સ્વભાવ) થી, ક્ષેત્ર (કંઈ પણ તેનું વ્યાપ્યું- ઉપચારે કે અનુપચારે) થી, કાળથી અને ભાવ (તેના ગુણાદિક ભાવ) થી. હવે આપણે આત્માની વ્યાખ્યા પણ એ વિના ન કરી શકીએ તેમ છે. કેમ કે આ રીતે વિચારે તો, એને એક વસ્તુ આટલા ક્ષેત્રમાં છે, આટલા કાળમાં, આ ગુણમાં આ દ્રવ્ય છે. એમ કરતાં બધુ ફુ થઈ જશે તારું. આહા! એક દ્રવ્ય આમ વ્યાપક છે આખા લોકમાં ને ત્રણકાળ ભેગા થઈને આમ થાય ને પણ એ બધું (તું વ્યાપકેય આંહી ને આંહી), ક્ષેત્રેય આંહીને આંહી, કાળેય આંહી, ભાવેય આંહીને આંહી- એ બધું આંહીને આંહી (આત્મામાં) છે. એક પત્ર-ઓલા-સૂર્યરામ ત્રિપાઠી ઉપર એ વેદાંતમાં બહુ હુશિયાર હતા. પુનર્જન્મની પણ એમણે (શ્રીમદે) વાત કરી એમાં 'પુનર્જન્મ છે' એ મારા અનુભવથી હું કહું છું. અને તમે વૃદ્ધ છો, પણ એક દ્રવ્યની વ્યાખ્યા આ રીતે પણ થઈ શકે, નહિતર વસ્તુ-દ્રવ્ય, તેની પહોળાઈ કેટલી, એનો સ્વકાળ કાળ કેટલો ને એની શક્તિ કેવી, એના વર્ણન વિના, વસ્તુની સ્થિતિ પરથી ભિન્ન સમજી શકાશે નહીં.

આંહી તો ઓલા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં પણ એકને જોતાં બધું ભેગું આવી જાય છે આહાહા! પોતાની છે આ વાત સમજાણું કાંઈ? વિકલ્પ રહેશે આ દ્રવ્ય ને આ ક્ષેત્ર તેમ બીજું બધું છે નહીં. વિકલ્પ રહેશે તારામાં-રાગ ઉભો રહેશે. ઓલું. 'એક' ઊભું નહીં થાય. આહાહા! વિકલ્પ ઊભો થાશે, 'એક' ઊભો નહીં થાય દૃષ્ટિમાં આહાહા! 'સ્વકાલરૂપસે વિચારને પર સ્વકાલમાત્ર હૈ.' ભગવાન તો પોતાના કાળે એવો જ (હૈયાતિરૂપ) એવો ને એવો છે. પોતે જ સ્વકાળ છે વસ્તુ વસ્તુ વસ્તુ અને 'સ્વભાવરૂપસે વિચારને પર સ્વભાવમાત્ર હૈ. કો' સમજાણું? 'ઈસ કારણ ઐસા કહા કિ જો વસ્તુ હૈ વહ અખંડિત હૈ એ કારણે એમ કહ્યું કે ભગવાન- પદાર્થ આત્મા જે વસ્તુ છે અહીંયાં અખંડિત છે એક-એક (આત્મા) પોતે અખંડિત હોં અહીંયાં. 'અખંડિત શબ્દકા એસા અર્થ હૈ.' લ્યો. ખંડયામિ હતું ને 'ન દ્રવ્યેણ ખંડયામિ' - ન ખંડયામિ એટલે અખંડ અખંડનો અર્થ આવો છે એમ કહે છે લ્યો. છેલ્લો શબ્દ ઈ (અખંડ) કહ્યો સમજાણું કાંઇ?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીંયાં ચારમાંથી એકરૂપ કર્યું, હવે, ત્રણમાંથી એકરૂપ કરે છે આ જ્ઞાતા એ હું, જ્ઞેયે ય હું ને જ્ઞાને ય હું જાણનાર હું ને જ્ઞેય પર એમ નહીં. ભગવાન આત્મા હું જાણનાર જ્ઞાતા ને છ દ્રવ્ય જ્ઞેય એનું જ્ઞાન ના એટલો ય હું નથી એવો ય હું નથી ને એટલો ય હું નથી ને એવો ય હું નથી.

( શાલિની )

योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव।
ज्ञेयो ज्ञेयज्ञानकल्लोलवल्गन् ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः।। ( ૮-૨૭૧ )

છેલ્લા શ્લોકો છે ને એકદમ વસ્તુનું અભેદપણું વર્ણવતાં-વર્ણવતાં અનંતગુણમાંથી એક ચાર, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાંથી એક જ્ઞાન-જ્ઞાતા-જ્ઞેયમાંથી એક જે શૈલી 'ભૂદત્થમસ્સિદો ખલુ સમ્મદિટ્ઠી હવદિ જીવો.' ( 'સમયસાર' ગાથા-૧૧ ) માં લીધી છે, એ શૈલીને બહુ ( બહુ ) -સંકોચતાં આમ ચાલ્યા જાય છે આહાહા ! આ તો વસ્તુની સ્થિતિ હો ? પુણ્ય-પાપ ને શરીર, કર્મની વાત તો આમા લીધી નથી છે જ નહીં, એમાં ઈ છે જ નહીં પછી એના ભંગ-ભેદની શું વાતું કરવી કહે છે હેં ? આહાહા !

દયા દાન વ્રત ભક્તિ પૂજા આદિનો વિકલ્પ ઊઠે છે ઈ તો રાગ છે. એ વસ્તુમાં ક્યાં છે ? તો એનાથી પ્રાપ્તિ થાય એ આત્માની ચીજ છે, એ બે તો અહીંયા છે જ નહીં પણ રહ્યો ભગવાન આત્મા વિકાર વિનાનો, નિર્વિકારી વસ્તુ એના જે અનંતગુણ છે, તે એક-એક ગુણને એક-એક નયે જોવા જતાં, એકરૂપ નહીં હાથમાં આવે. પછી કહેછે કે ચાર પણે વસ્તુ કહીએ છતાં કહે છે એ ચાર પણેમાં એક પણે ગોતવા જા ને બીજાં ત્રણ બાકી રાખવા જા- તોય એ હાથ નહીં આવે. એમ વસ્તુ નથી.

હવે કહે છેઃ ( ખંડાન્વય સહિત અર્થ )- "ભાવાર્થ ઈસ પ્રકાર હૈ કિ જ્ઞેય-જ્ઞાયક સંબંધકે ઊપર બહુત ભ્રાંતિ ચલતી હૈ." આંહીથી ઊપાડયું છે "સ્વપર પ્રકાશક શક્તિ હમારી. તાતેં વચન ભેદ ભ્રમ ભારી" જ્ઞેય બે પ્રકારના સ્વજ્ઞેય અને પરજ્ઞેય એમાં વચનના ભેદે, ભ્રમ લોકોને ઊપજે છે કે આ જ્ઞેય હું ? હું જ્ઞેય કે જ્ઞાન ? કે હું જ્ઞાન, આ જ્ઞેય ? કે એમ નહીં. એમ નહીં એ છ દ્રવ્યનું જે જ્ઞેયપણું તો એકસમયની પર્યાય જાણે એટલું એ જ્ઞાન ને એવડો એ આત્મા નહીં. સમજાય છે કાંઈ ?

કહે છેઃ જ્ઞેય-જ્ઞાયક સંબંધમાં, જાણનાર ને જણાવા યોગ્યમાં ઘણા વચનના ભ્રમ ઉત્પન્ન થાય છે. 'સો કોઈ એસા સમઝેગા કિ જીવ વસ્તુ જ્ઞાયક, પુદ્‌ગલસે લેકર ભિન્ન રૂપ છહ દ્રવ્ય જ્ઞેય હૈં." એમ કોઈ સમજશે કે જીવવસ્તુ તો જાણનાર છે અને એનાથી છ દ્રવ્ય જુદાં છે, તે તેને જ્ઞેય છે. જણાવા યોગ્ય તે છ દ્રવ્ય છે ને જાણનારો તે જ્ઞાન-આત્મા જ્ઞાયક છે. એમ કોઈ કહે તો 'સૌ એસા તો નહીં હૈ." એમ છે નહીં. આવ્યું છે ને ( કળશમાં ) 'જ્ઞેયો જ્ઞેયજ્ઞાનમાત્રઃ સ નૈવ' બીજી લીટી. સમજાણું કાંઈ ? 'જીવવસ્તુ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાયક, પુદ્‌ગલસે લેકર ભિન્નરૂપ છ દ્રવ્ય જ્ઞેય હૈં ’ ભિન્ન એટલે અનંતા સિદ્ધો, અનંતા નિગોદો– એ બધાય, એકસમયની પર્યાયમાં, બધા જ્ઞેય તરીકે એ જ્ઞેય ? ને એ જ્ઞાન ? કે ના. એ મારો પર્યાય જે જ્ઞાન અને હું જ એ જ્ઞેય અનંતદ્રવ્યગુણ ને પર્યાયને જ્ઞેય કરનારો હું. એકલા છ દ્રવ્યને જ્ઞેય કરું એટલું જ્ઞાન નહીં એમ. આહાહા ! સમજાણું કાંઈ ? એ જ્ઞેય નહીં પણ એના જ્ઞાનનું પરિણમન–એક સમયનો પર્યાય, એટલું ય જ્ઞેય નહીં, વર્તમાન જ્ઞાનનું એટલું ય જ્ઞેય નહીં. જ્ઞેય તો આખું દ્રવ્ય ગુણ ને પર્યાય, ત્રણેય થઈને એનું જ્ઞેય છે. સમજાણું કાંઈ ? ઝીણી વાત છે આ તો; બહુ ઊંચી વાત છે. એટલે કે તેના– સત્‌ના ઘરની વાત છે.

( શ્રોતાઃ એ જ્ઞેય નહીં, આત્માની પર્યાયે ય નહીં...! ) એક સમય એના જ્ઞાન પૂરતી પર્યાય, એવો જ્ઞાન છું એ જ્ઞાયક છે એટલો જ્ઞાયક છું ? એટલું જ જ્ઞેય છે ? એટલું જ જ્ઞાન છે ? ‘ સો ઐસા તો નહીં હૈ. ’ ભગવાન જ્ઞાયક અને છ દ્રવ્યો, એને જ્ઞેય એવું તો નહીં અનંતા સિદ્ધો મારા જ્ઞેય એમ તો નહીં ( ને ) હું જાણનાર અને અનંતા સિદ્ધો મારા જ્ઞેય, એમ તો નહીં, અનંતા કેવળીઓ મારાં જ્ઞેય એમ તો નહીં સમજાણું કાંઈ ? મેળવે છે ને એટલે હળવે–હળવે આવે છે.

જો કોઈ એસા સમઝેંગા કિ જીવ વસ્તુ જ્ઞાયક અને પુદ્‌ગલસે લેકર ભિન્નરૂપ છ દ્રવ્યો જ્ઞેય– બધા આત્મા હોં–અનંતા નિગોદ અનંતા કેવળીઓ, એ બધા જ્ઞેય છે, ‘ સો એસા તો નહીં હૈ. ’ આહાહા ! જૈસા ઈસ સમય કહતે હૈં ઉસ પ્રકાર હૈ– “ અહં અયં યઃ જ્ઞાનમાત્રઃ ભાવઃ અસ્મિ ” અહં મૈં ( અયં યઃ ) જો કોઈ ( જ્ઞાનમાત્રઃ ભાવઃ અસ્મિ ) ચેતના સર્વસ્વ એસા વસ્તુસ્વરૂપ– હું તો ચેતનાસર્વસ્વ ઐસા વસ્તુ સ્વરૂપ સમજાય છે ? ‘ સઃ જ્ઞેયઃ ન એવ ’ વહ મૈં જ્ઞેયરૂપ હૂં, પરંતુ એસા જ્ઞેયરૂપ નહીં હૂઁ, કૈસા જ્ઞેયરૂપ નહીં હૂં– “ જ્ઞેયઃ જ્ઞાનમાત્રઃ. ” શું કહે છે... ? ચેતના સર્વસ્વ એવી વસ્તુસ્વરૂપ છું, પણ ‘ સઃ જ્ઞેયઃ ન એવ ’ તે હું જ્ઞેયરૂપ છું, ઐસા મેં જ્ઞેયરૂપ હું, પરંતુ એવો જ્ઞેયરૂપ નહીં. કેવો જ્ઞેયરૂપ નહીં કે ‘ જ્ઞેયઃ જ્ઞાનમાત્રઃ ’ ‘ અપને જીવસે ભિન્ન છહ દ્રવ્યોંકે સમૂહકા જ્ઞાનપના માત્ર. ’ એટલું જ્ઞેય, એમ તો નથી. આહાહા ! ‘ ચેતના સર્વસ્વ ઐસા વસ્તુસ્વરૂપ હૂઁ. આખો ચેતનાવસ્તુ દ્રવ્યગુણ ને પર્યાય આખી, એવો જે જ્ઞેય તે હું જ્ઞેય છું. સમજાણું કાંઈ ? ‘ વહ મૈં જ્ઞેયરૂપ હૂઁ. ’

આ છ દ્રવ્ય જ્ઞેય ને હું જ્ઞાયક એમ નહીં. પણ, આખું ચેતનામાત્ર સર્વસ્વ વસ્તુ આખી. એક વસ્તુ આખી મારી એ જ્ઞેય સમજાણું કાંઈ ? આહાહા ! જો કોઈ “ જ્ઞાનમાત્રઃ ભાવઃ અસ્મિ ”– એમ કહ્યું છે ને ‘ ચેતના સર્વસ્વ ઐસા વસ્તુસ્વરૂપ હૂઁ. ’ સઃ જ્ઞેયઃ ન એવઃ વહ મૈં જ્ઞેયરૂપ હું, પરંતુ ઐસા જ્ઞેયરૂપ નહીં હું ” કૈસા જ્ઞેયરૂપ નહીં હૂઁ. ? “ જ્ઞેયઃ જ્ઞાનમાત્રઃ ” તે જ્ઞેયોને જાણવામાત્ર જ્ઞાનરૂપ જ્ઞેય હું નથી. ‘ અપને જીવસે ભિન્ન છહ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યોં કે સમૂહકા જાનપના માત્ર.' – એવું તો નથી. 'ભાવાર્થ ઈસ પ્રકાર હૈ કિ મૈં જ્ઞાયક, સમસ્ત છહ દ્રવ્ય મેરે જ્ઞેય ઐસા તો નહીં હૈ.' હું જાણનાર ને છ દ્રવ્ય જાણવા યોગ્ય, એટલો તો નહીં, જાણવા યોગ્ય એટલો (એમ) નહીં. આખો મારું દ્રવ્યગુણપર્યાય જાણવા યોગ્ય ને હું જ્ઞાયક એમ કહે છે. સમજાણું કાંઈ? હું પોતે આખો જ્ઞાયક ને હું જ્ઞેય આખો છું આહાહા! ઝીણી વાત છે ભઈ આ છેલ્લા શ્લોકો છે ને ઈ ઉતારશે અમુક અમુક તરીકે એક જ્ઞેયશક્તિ ને એક જ્ઞાનશક્તિ ને જ્ઞાતામાં અનંતશક્તિ લેશે, પણ ઈ એક જ્ઞેયશક્તિમાં અનંત આવી ગયા આખું. બધું આવી ગયું. સમજાણું કાંઇ?

આ આત્મા ને આત્માની અંદરની વાત ચાલે છે આ. રાગ–દ્વેષથી માંડીને અનંત સિદ્ધો એ બધાં જ્ઞેય, એનું જ્ઞાન, એટલો જ્ઞાયક ને એ મારાં જ્ઞેય એમ નહીં. સમજાણું કાંઈ? ઈ રાગ દ્વેષ, પુણ્ય પાપથી માંડીને અનંત કેળવીઓ કે અનંત નિગોદો કે અનંત સિદ્ધો– અનંત છ દ્રવ્યો– એટલું જ્ઞેય ને હું જ્ઞાન એમ નહીં. પણ હું તો આખો સર્વસ્વ ચેતનાસ્વરૂપમાત્ર આખી ચીજ છું એ જ્ઞેય. સમજાણું કાંઈ? એ મારું જ્ઞેય 'સઃ જ્ઞેયઃ ન એવ' વહ મૈં જ્ઞેયરૂપ હૂઁ પરંતુ એસા જ્ઞેયરૂપ નહીં હૂઁ. કૈસા જ્ઞેયરૂપ નહી હૂઁ. "જ્ઞાનજ્ઞેયજ્ઞાતૃમ–દ્વસ્તુમાત્રઃ જ્ઞેયઃ" જુઓ...! પહેલાં ત્રણ (બોલ) કહ્યા, પાછો ચોથો બોલ લેશે. 'જ્ઞાન–જ્ઞેય–જ્ઞાતૃત્વ–વસ્તુમાત્ર જ્ઞેયઃ' એમ 'જ્ઞાનજ્ઞેયજ્ઞાતૃમદ્વસ્તુમાત્રઃ જ્ઞેયઃ' સમજાણું કાંઈ? હું જ્ઞાન, હું જ્ઞેય ને હું વસ્તુ ઈ ત્રણેય હું જ્ઞેય ત્રણ થઈ ને જ્ઞેય આખું. ઝીણું છે ભઈ આ.

આ જ્ઞાન, આ જ્ઞેય, અને જ્ઞાતૃ, એ ત્રણેય જ્ઞેય છે ત્રણરૂપે હું આખું જ્ઞેય છું. આખું જ્ઞાન છું ને આખું જ્ઞેય છું ને આખો જ્ઞાયક જ્ઞાતા છું એ ત્રણ ભેદ પાડવામાં એવો ભેદ મારામાં નથી.

એની વિશેષ વાત કહેશે.

* * * * *

## પ્રવચન નં. - ૨ કળશ-૨૭૧ તા. ૬-૧-૬૬

શ્રીસમયસાર– કળશ ટીકા સાધ્ય–સાધક અધિકાર. આઠમો શ્લોક ચાલે છે. ભાવાર્થ છે. "ભાવાર્થ ઈસ પ્રકાર હૈ કિ મૈં અપને સ્વરૂપકો વેદ્ય–વેદકરૂપસે જાનતા હૂઁ." શું અધિકાર છે આ? જ્ઞેય, જ્ઞાતા ને જ્ઞાન ત્રણેય હું એક જ છું. હું જાણનાર અને છ દ્રવ્ય જણાય એવો હું નથી એટલો હું નથી. સમજાય છે કાંઈ? વસ્તુ એકરૂપ નિર્વિકલ્પ અભેદ છે એમ સિદ્ધ કરવી છે અહીંયાં. હું જાણનાર ને છ દ્રવ્ય જણાય એવું એટલું એ જ્ઞેય નથી મારું. જણાવા યોગ્ય વસ્તુ જણાય ને હું જાણનાર, એટલો હું જ્ઞેય નથી. અને એટલા જ્ઞાન માત્રેય હું નથી એમ. શું કીધું સમજાણું? છ દ્રવ્ય જણાય એ જ્ઞેય એટલો જ્ઞેય માત્ર હું નથી. એને જાણનાર જ્ઞાન, એટલા જ્ઞાન માત્ર હું નથી. અને જ્ઞાન જે જણાય, એ જ્ઞેય

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જણાતું નથી, પણ મારો જ્ઞાનપર્યાય જ્ઞેય થઈને મને જણાય છે. નો સમજાણું? એ જ્ઞાનના પર્યાયમાં જે જ્ઞેય જણાય છે, એ જ્ઞેય નહીં, એ તો મારું જ્ઞાન-પર્યાય છે, અને એ જ્ઞાનપર્યાય મારો, સારા દ્રવ્ય ગુણ પર્યાય, ત્રણેયને જાણે છે. એકલા પરને જાણે છે એમ નથી. અને એ જ્ઞેય, પર છે એટલો નહીં, હું તો જ્ઞાન-જ્ઞેય ને જ્ઞાયક- ત્રણ થઈને હું જ્ઞેય છું જાણનારે ય હું, જણાવા યોગ્યે ય હું, અને જાણનાર જ્ઞાન એ હું. જાણનાર જ્ઞાયક ભાવેય હું, જાણનાર જ્ઞાનેય હું, જણાવા યોગ્ય ત્રણેય જ્ઞેય પણ હું. ઝીણું છે. (શ્રોતાઃ એ જ્ઞેય છે ને પણ) જ્ઞેય, એનામાં ગયા આંહી શું છે? આની એકસમયની પર્યાયમાં જણાણા ઈ તો જ્ઞાનની પર્યાય થઈ, અને એ જ્ઞાનપર્યાય જેટલો ય નહીં ને ઈ જ્ઞેયને જાણું એને ખરેખર હું જાણું એમ પણ નહીં.

કહે છેઃ જુઓ ત્રણ આવ્યું ને છેલ્લો શબ્દ શું આવ્યો "જ્ઞાનજ્ઞેયજ્ઞાતૃમદ્વસ્તુ માત્રઃ" જ્ઞેયઃ એવો જ્ઞેય હું છું. છેલ્લા શબ્દ છે ને ભાઈ ત્રીજી લીટીના. શ્લોકમાં છેલ્લી લીટી છે ને? 'જ્ઞાનજ્ઞેયજ્ઞાતૃમદ્વસ્તુમાત્રઃ' એવો જ્ઞેય સમજાણું કાંઈ? હું તો જ્ઞાન, હું જ્ઞાતા, હું જ્ઞેય એ ત્રણેય થઈને હું જ્ઞેય. બહુ વાત (સૂક્ષ્મ!) ઈ કહ્યું ને જુઓ 'મૈં અપને સ્વરૂપકો વેદ્ય-વેદકરૂપસે જાનતા હૂં.'

ધર્માત્મા, પોતાના આત્માને, પરથી ભિન્ન કરીને, હું, જણાવા યોગ્યે ય હું અને જાણનારે ય હું, જણાવા યોગ્યે ય હું ને જાણનારે ય હું એમ વેદ્ય- વેદકરૂપથી જાણું છું, મને વેદ્ય વેદકરૂપથી જાણું છું. પર જણાવાયોગ્ય ને હું જાણું એમ નહીં. કો' સમજાણું આમાં? એ અભેદવસ્તુ છે ઈ નિર્વિકલ્પ અવસ્થા થતાં ઈ જ્ઞેય, જ્ઞાયક ને જ્ઞાતા ત્રણનો દૃષ્ટિમાં ત્યાં ભેદ રહેતો નથી એમ બતાવવું છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન દૃષ્ટિ થતાં, સમ્યગ્દર્શનની દૃષ્ટિ થતાં, દૃષ્ટિના વિષયમાં આ જ્ઞેય, આ જ્ઞાતા ને આ જ્ઞાન એવા ત્રણ ભેદ રહેતા નથી. સમજાણું કાંઈ? પોતે જાણનાર, પોતે જણાવા યોગ્ય, પોતે જ જ્ઞાયક ત્રણેય ચીજ તે એક જ છે. જાણનાર જ્ઞાન, જણાવા યોગ્ય જ્ઞેય ને આખો જ્ઞાયક એ બધું હું એક જ છું. ભારે વાત ભાઈ ભૂતાર્થવસ્તુ એકસ્વરૂપે, એવી અંતર જ્ઞેય, બીજા તો પ્રશ્ન ક્યાંય રહ્યા, કે નિમિત્તને જાણું છું કે નિમિત્ત મને જણાય છે એ નહીં, અહીંયાં તો હું જાણું છું ને હું જણાવાયોગ્ય છું એવો અભેદ અને જ્ઞાયક પણ હું જ છું એવી અભેદ દૃષ્ટિ અંતરમાં કરવી, આ એનું નામ નિર્વિકલ્પ સમ્યગ્દર્શનનો વિષય છે સમજાણું કાંઈ?

પહેલાં કહ્યું 'તું ને કે બંધ ને મોક્ષના પડતા વિકલ્પો તો દૂર રહો, પછી દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવના ભંગ પણ દૂર રહો અથવા શક્તિના અનંતગુણશક્તિના ભેદ દૂર રહો, પછી ઈ દ્રવ્યક્ષેત્રકાળભાવના ભંગ ભેદ દૂર રહો, ને જ્ઞેય જ્ઞાન જ્ઞાતાના ત્રણ ભેદ પણ નથી મારામાં (હું તો અભેદસ્વરૂપ છું) આ... રે વાત હવે આ બહારથી જોતાં કેટલું અંદર જોવાય?

જેમ જોનાર હું છું અને આ જણાય છે- એમ નજર કરીને કરે છે કે નૈ? એમ હું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જોનાર છું ને આ જણાય છે એવો ભેદેય એમાં નહીં એમ કહે છે અંદરમાં આ તો વાત બહિર્બુદ્ધિમાં ગઈ, કે આ જ્ઞેય જણાય અને હું જાણનાર એ તો બહિર્બુદ્ધિમાં ગઈ વાત પણ હું એક જણાવાલાયક ને હું જાણું જ્ઞાનદ્વારા અને જ્ઞાયક, એવા ત્રણ પ્રકાર પણ આ વસ્તુ ઉપર દૃષ્ટિ પડતાં, એ ત્રણ પ્રકાર ભેદદૃષ્ટિ રહેતી નથી. ઓહોહોહો ! ( શ્રોતાઃ ઈ તો અદ્વૈતબ્રહ્મ થયું ! ) અદ્વૈતબ્રહ્મ છે ઈ પોતે એકલો ! આખા બધા આત્માની વાત નથી અહીંયાં. દ્વૈત ભાસતું નથી. નથી આવી ગયું પહેલાં ટીકામાં – " ઉદયતિ ન નયશ્રીર્સ્તમેતિ પ્રમાણમ્ " વસ્તુ તો વસ્તુ છે ! ગુણ છે, પર્યાય છે પણ બધું જ્ઞેય છે. બધાનો જાણનાર જ્ઞાન છે ને આખો થઈને હું જ્ઞાયક છું. ઓહોહો ! ભારે વાત ભાઈ.

કારણકે જ્ઞેય છે સામા છ દ્રવ્ય એ તો એક જ્ઞાનની, એક પર્યાય બહિર્મુખ પર્યાય છે એના વિષયમાં એટલું જ્ઞાન તો આવી જાય છે. શું કીધું ? છ દ્રવ્ય છે અનંતા સિદ્ધો છે, નિગોદ છે, એ તો જ્ઞાનની એક બહિર્મુખ પરલક્ષી પર્યાયમાં એટલું તો જ્ઞાન આવી જાય છે. એટલો હું નથી હું તો એ પર્યાયસહિત આખું દ્રવ્ય ને ગુણ ને પર્યાયનો પિંડ, તે મારું જ્ઞેય છે, તેનો હું જાણનાર છું અને જ્ઞાયક પણ એ હું જ છું. ( જી હા ! )

કહ્યું ને ' ઈસલિયે મેરા નામ જ્ઞાન ' શું કહે છે ? વેદ્ય–વેદકરૂપે હું જાણું છું માટે મારું નામ જ્ઞાન. જ્ઞેયને પરજ્ઞેયને જાણું માટે મારું નામ જ્ઞાન, એમ નહીં. શું કીધું ? હું મારા સ્વરૂપને વેદ્ય નામ જણાવાલાયક અને વેદક નામ જાણવાલાયક એમ જાણું છું " ઈસલિયે મેરા નામ હી જ્ઞાન હૈ " મને જ હું જણાવાયોગ્ય ને જાણનાર છું, બીજું કોઈ છે નહીં. એવી અંતર્મુખમાં વસ્તુસ્વરૂપમાં દૃષ્ટિ થતાં, એને ( અભેદને ) દેખતાં એટલે કે એને દેખતાં ને દેખનાર એવો ભેદ નહીં રહેતાં ( અર્થાત્ ) આને દેખું છું વસ્તુને અને હું દેખનાર જ્ઞાન છું એવો ભેદ પણ ન રહેતાં, સ્વજ્ઞેયને હું જાણનાર પોતે વેદવાલાયક ને વેદનાર પોતે જ્ઞાયક પણ હું છું, એવી એકરૂપ અંતર્દૃષ્ટિ થવી તેને નિર્વિકલ્પ સમ્યગ્દર્શનનો વિષય કહે છે. આહાહા ! ભારે વાત ભાઈ, સમજાણું કાંઈ ?

યતઃ મૈં આપ દ્વારા જાનને યોગ્ય હૂં– હું, મારા દ્વારા જાણવાયોગ્ય છું; હું પર દ્વારા જાણવાયોગ્ય છું એમ છઉં નહીં. મૈં આપ દ્વારા જાનને યોગ્ય હૂં, ઈસલિએ મેરા નામ જ્ઞેય હૈ. દેખો, મૈં આપ દ્વારા જાનને યોગ્ય હૂં, ઈસલીયે મેરા નામ જ્ઞેય હૈ. જ્ઞાન પણ હું છું, વેદ્ય વેદકરૂપે જાણનારો હું જ્ઞાન અને મારા દ્વારા હું જાણું મને માટે હું જ્ઞેય છું આહાહા ! હજી તો તકરારું બહારમાં રહી ગઈ બધી, દેહની ક્રિયા અને વાણીની ક્રિયાથી ધર્મ થાય અને દયા–દાન–વ્રત–ભક્તિનાં પરિણામથી પણ ધર્મ થાય એ તો ક્યાંય બહાર રહી ગયા આ એનું જ્ઞાન એટલો ય હું નહીં એમ કહે છે, એની સામું મારે જોઈને મને જ્ઞાન થાય એમ નહીં. આહાહા ! વ્યવહારના જ્ઞાનને હું જાણું વ્યવહાર જ્ઞેય તરીકે છે એમ હું જાણું, તેટલો ય જ્ઞેય હું નહીં. અને એટલો જાણનાર જ્ઞાનનો પર્યાય, તેટલો ય હું નહીં.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

જ્ઞાયક સ્વભાવ, ચિદાનંદમૂર્તિ એ જણાવાયોગ્ય, એ જાણનાર જ્ઞાન અને હું મારા દ્વારા જણાઉં છું માટે હું જ્ઞેય. સમજાણું ?

'યતઃ ઐસી દો શક્તિયોંસે લેકર અનંત શક્તિરૂપ હૂં" ઈસલિયે મેરા નામ જ્ઞાતા શું છે વળી ? આહાહાહા ! આમ ને આમ રઝળી મર્યો છે પોતે કોણ છે એને જોવા નવરો (થતો નથી ને) બહારને જોવામાં વિકલ્પ છે, અને બંધનું કારણ છે. દુઃખનું કારણ છે, સમજાણું કાંઈ ?

અહીંયાં તો એમ સિદ્ધ કરે છેઃ કે રાગ-દ્વેષ તો હું નહીં, પણ રાગ-દ્વેષને જાણવાની પર્યાય થાય એટલો ય હું નહીં, અને રાગ-દ્વેષ જ્ઞેય, એ ખરેખર જ્ઞેય નહીં. આહાહા ! સમજાણું કાંઈ ? આ વ્યવહાર જે વિકલ્પ ઊઠે, દયા દાન ભક્તિ એ તો વિકલ્પનું ઉત્થાન. વૃત્તિઓ છે એ ચૈતન્યસ્વરૂપ નથી. એ વૃત્તિઓ ઊઠે એને જાણું અને એ વૃત્તિઓ તે જ્ઞેય એમ નહીં અને એને જાણું એવો પર્યાય થાય, એટલું જ જ્ઞાન એમ નહીં. આહાહા ! ભારે ઝીણું ભાઈ, આત્મતત્ત્વને પહોંચવા માટે અભેદપણું થવું જોઈએ, એને ઠેકાણે ક્યાંની ક્યાં લાળે ચડાવી દીધા બિચારાને ફરીને મરી જાય, હેરાન થઈને હાલ્યો જાય સમજાણું કાંઈ ?

વસ્તુ અંદર સચ્ચિદાનંદ સ્વરૂપ છે. આત્મા, સત્ શાશ્વત જ્ઞાનાનંદમૂર્તિ સ્વરૂપ છે એ તો. એના સ્વરૂપમાં કહે છે પરને લઈને હું જાણું એમ નહીં, પરને જાણવાનો પર્યાય એટલો હું નહીં પણ મારો સ્વભાવ, હું પોતે જ મારા જ્ઞેયને જાણું છું. જાણનાર હું છું અને જણાનારે ય હું છું એ આદિ શક્તિઓનો અનંત શક્તિઓનું સત્વ જ્ઞાયક તે પણ હું છું. એવા ચૈતન્યદ્રવ્યનો અભેદપણે આત્માનો અનુભવ કરવો, આ એનું નામ અનુભવ ને સમ્યગ્દર્શન છે. આહાહા ! માણસને માથું ફરી જાય એવું છે ને આમાં તો (શ્રોતાઃ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા ને) ધૂળમાં ય હવે, દેવ, ગુરુ,ધર્મની શ્રદ્ધા તો ક્યાંય રહી ગઈ એ રાગમાં. આંહી તો એનું જ્ઞાન ને એ જ્ઞેય,એ જ્ઞાન નહીં ને એ જ્ઞેય નહીં એમ કહે છે અહીંયા તો, દેવ-ગુરુ છે, વસ્તુ છે, છ દ્રવ્ય છે, બધુંય છે. દેવ-ગુરુ ન આવ્યા એમાં ? સિદ્ધ આવ્યા, દેવ આવ્યા, ગુરુ આવ્યા- બધું આવ્યું એમાં, શાસ્ત્ર ન આવ્યા એમાં ? બધું આવ્યું. પણ ઈ છ દ્રવ્ય જે આત્મા સિવાય છે, એટલું જ જ્ઞેય છે મારું જ્ઞેય એમ નહીં. હું તો આખા મારા આત્મા વડે મને જાણું એ હું જ્ઞેય છું. આહાહા !

અને છ દ્રવ્યને જાણવાની પર્યાય જેટલું જ્ઞાન હું નહીં, હું તો આખા દ્રવ્યગુણપર્યાયને આખાને જાણું એવું એ મારું જ્ઞાન છે. આહાહા ! સમજાણું કાંઈ ? બહુ ઝીણું માળું ? સંચામાં તો આમ ફટ દઈને કરે ને દસ હજાર, વીસ હજાર પેદા થાય, હાલો હાલો આંકડો ભેગો કરી નાખે (શ્રોતાઃ લોકાલોકને જાણે છે ને !) એની એક સમયની પર્યાયમાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લોકાલોક જણાય બહિર્મુખે, એટલું ય મારું જ્ઞાન નહીં ને એટલો ઈ મારો જ્ઞેય નહીં, લે એમ કહે છે અહીંયાં તો, શું કહે છે ? આ જગત–ચૌદ બ્રહ્માંડ છે ને ખાલી ભાગ છે અનંત, ખાલી ભાગ છે ને ખાલી, ખાલી, ખાલી, ખાલી, અનંત અનંત એ મારાં જ્ઞેય અને હું એને જ્ઞાનની અવસ્થામાં જાણું એટલું ઈ જ્ઞેય નહીં ને એને જાણવાવાળો પર્યાય, એટલો એ જ્ઞાને ય નહીં. ભાઈ ! હું તો આખા દ્રવ્યગુણ મારા અનંતગુણનો પિંડ જ્ઞાયક એને હું જ્ઞેય તરીકે હું જ્ઞાનમાં જાણું ને જ્ઞાયક પણ હું એવા ત્રણ પ્રકારના ભેદ પણ મારી ચીજમાં નથી. એવી વસ્તુની અનુભૂતિ થવી, આ એનું નામ સમ્યગ્દર્શન, એનું નામ આત્માનો સાક્ષાત્કાર આ એનું નામ મુક્તિનો ઉપાય આરે આવું બધું કરવા જશો તો પછી આ કોઈ કરશે નહીં કહે છે. આ મંદિર, મંદિરની પૂજા, એક તો જુવાનિયા કરતા નથી, અને વળી જો આવું એની પાસે મૂકશો તો જુવાનિયા ભાગશે નાસ્તિક થઈને કહે, અરે ! સાંભળને માળા હવે, એને કરવા કાળે એવો વિકલ્પ આવ્યા વિના રહે નહીં, ભક્તિ આદિ હો, પણ એ શુભભાવ છે, એ હો, એની કોણે ના પાડી છે પણ એ શુભભાવ, એ આત્માનું એટલું જ જ્ઞેય છે એમ નહીં, આખા લોકાલોકનું જ્ઞેય પણ એટલું જ જ્ઞેય છે એમ નહીં, આખા લોકાલોકને જાણવાનો પર્યાય, એટલાં જ્ઞાનમાત્ર છું એવોય નહીં. સમજાણું કાંઈ ? આહાહા !

ભગવાન આત્મા અનંત અનંત જેના એક ગુણમાં જ્ઞાનમાં, અનંત કેવળજ્ઞાન સમાઈ ગયાં, એક સમયમાં લોકાલોક જાણે અને ઈ મતિમાં ને શ્રુત જ્ઞાનમાં ય જણાય છે ને કેવળમાં ય જણાય. પણ એવી એવી તો અનંતી પર્યાય, જેના એક ગુણમાં સમાઈ જાય, એવા એવા અનંતા ગુણનું એકરૂપ, એ મારું જ્ઞેય, એને જાણનારું જ્ઞાન તે જ્ઞાન, એ આખો જ્ઞાયક, તે હું એક છું, સમજાણું કાંઈ ? આહાહા !

લાકડું નથી જણાતું એમ કહે છે અત્યારે તો. લાકડું જણાતું નથી, જ્ઞાનનો પર્યાય, એ પણે પરિણમ્યો છે તે જણાય છે. છતાં, એ જ્ઞેય છે તેટલું જ જ્ઞેય મારું છે એમ નથી. આ લાકડાનો દાખલો આપ્યો એમ લોકાલોક. મારું જ્ઞેય જણાવા યોગ્ય લોકાલોક છે એટલું જ્ઞેય નથી મારે. મારું જ્ઞેય તો અનંતગુણનો પિંડ આખો જ્ઞાયક અને દ્રવ્યગુણપર્યાય આખું તે મારું જ્ઞેય છે. અને આ લોકાલોકને જાણવા જેટલી એની જ્ઞાનની પર્યાય, અવસ્થા એટલું મારું જ્ઞાન નથી. મારું જ્ઞાન તો અનંતાદ્રવ્યગુણનો પિંડ એવો ભગવાન આત્મા, એના ગુણપર્યાય, એને જાણનારું જ્ઞાન, એવા જ્ઞાનવાળો ( છું ). ઈ તો ઊણો થયો જણાવા યોગ્ય ય હું ને જાણનારે ય હું ને જ્ઞાયકે ય હું ભારે ભારે વાત ભાઈ આવી વાત, આ આત્મવિદ્યા છે આ સમજાય છે ? ( શ્રોતાઃ બહારમાં ઊડી જાય છે ) બહારમાં ઊડી ગયું છે ને અંદરમાં છે જ કે દિ ' હતું ત્યારે ઉડે ને ? બહારનું રહેશે, જ્યાં સુધી રાગ છે, રાગ છે, ત્યાં સુધી હો દેખાશે ક્રિયા પણ શરીરની થવાની હોય ઈ થશે, પૂજા–ભક્તિ,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે થવાનું હોય તે પણ એના સ્વરૂપમાં જુઓ તો મૂળદૃષ્ટિમાં, એ વિકલ્પ અને એનું જ્ઞાન અને એનું સામે જ્ઞેય, એટલો આત્મા નથી. એમ દૃષ્ટિમાં આત્માને ન લ્યે, ત્યાં સુધી ઓલો વિકલ્પ ને ઓલાને વ્યવહાર પણ કહેવાતો નથી. એમ કહે છે આરે! રાડ નાખે છે, કેટલાક તો જુવાનિયાને બાપુ એને સત્ વસ્તુ છે, ઈ સત્ સમજતાં એને સત્‌થી ભ્રષ્ટ થશે? સમજાય છે?

આમ તો અનાદિથી ભ્રષ્ટ છે જ. વસ્તુની સ્થિતિ સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદ કંદ આત્મા એના અનંતગુણનો એક રસકંદ એનાથી તો પતીત છે જ. રાગને પોતાનો માને છે શરીરને પોતાનું માને છે અથવા અલ્પજ્ઞદશા વર્તમાન એની પોતાની માને છે, એવડી જ છે એમ માને છે, એ પતીત તો છે જ સમજાણું કાંઈ? મહા ચૈતન્ય સાગર ભગવાન આત્મા, અનંત ગુણનો સાગર, ચૈતન્ય રત્નાકર જેના એકેક ગુણમાં આખા લોકાલોકને જાણે એવી એક એક પર્યાય, એવી અનંતી પર્યાય તો એના એક ગુણમાં પડી છે એવા અનંતગુણનો ભગવાન આત્મા, એ મારું જ્ઞેય છે. લોકાલોક એ જ્ઞેય નહીં એમ કહે છે. એને જાણવું એ મારું જ્ઞાન છે અને એ બધું થઈને હું આખો જ્ઞાયક છું આહાહા! સમજાણું કાંઈ? સમજાય છે આ? આ સમજાય છે એમ કહીએ ને ઓલું બધું બહારનું તો સમજાય જ ને માને છે ને. ભારે ભાઈ વાત આવી.

'ઈસલિયે મેરા નામ જ્ઞાતા એસા નામ ભેદ હૈ વસ્તુભેદ નહીં હૈ.' શું કહે છે? મારામાં એવું જણાવા યોગ્ય, જાણનાર, બધી શક્તિનો પિંડ તે જ્ઞાયક એવા નામભેદ હો વચનમાં બોલવા માટે વસ્તુમાં ભેદ નથી, વસ્તુ તો અખંડાનંદપ્રભુ ચૈતન્ય હીરો આખો અખંડ છે એને અંતરમાં નજરમાં લેવો ને એમાં અભેદમાં અનુભવ કરવો, આ એનું નામ ધર્મ અને શાંતિ છે. એ વિના ધર્મ ને શાંતિ ત્રણકાળમાં બીજે ક્યાંય છે નહીં સમજાણું કાંઈ?

માળે કોઈ દિ' નજર, જગતની ચીજ હોય તો જોવા માટે નજર નાખી ને આમ ઝીણવટથી જુવે, પણ જોનાર એને એ જોનાર પોતાને કેમ જોવો એની ખબર ન મળે! જે નજરે પરને જોવા માગે છે ટગ ટગ કરીને એ નજરે પોતે કોણ છે એમ જોવાની નજર કરતો નથી (શ્રોતાઃ નજર કેમ થતી નથી!) કરતો નથી માટે થાતી નથી. કેમ હશે? આહાહા! આ પણ બહારમાં પાંચ-પચાસ લાખ રૂપિયા (નો) દરોડો પડતો હોય? હેં? ન્યાં સારું નજર ટગ-ટગ કર્યા કરે આ પૈસા આવ્યા, આ પેદા થયા આ વધ્યા! શું વધ્યું પણ તને? ધૂળ વધી? (શ્રોતાઃ એમાં પણ સુખ કેટલું છે!) સુખ નથી, દુઃખનો ઢગલો છે એ વખતે એ મને મળ્યા એવો ભાવ દુઃખનો ઢગલો છે, મૂંઢ થઈને માને કે સુખ છે એ તો કોણ ના પાડે? કો'એ નક્કી કરવું પડશે ને કે આ શું કહે છે? શું હશે? હેં? ના, ના હમણાં અનુભવ થાય છે ને થોડો થોડો એ તો અનાદિનો એમ જ છે. ધૂળમાંય કાંઈ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી મફતનો માનીને બેઠો છે આહાહા !

ભગવાન આનંદમૂર્તિ છે આત્મા, આત્મામાં નિત્ય અતીન્દ્રિય આનંદરસ પડયો છે, એને આત્મા કહીએ. આ પુણ્ય-પાપના વિકલ્પ છે ઈ તો આત્મા નથી, ઈ તો વિકાર છે. શરીર, વાણી, મન તો જડ-માટી છે. અતીન્દ્રિય આનંદ છે એટલો પણ હું જ્ઞેય નથી એમ કહે છે અહીં તો. અને એનું જ્ઞાન કરવું એટલું ય મારું જ્ઞાન નથી. અને અતીન્દ્રિય આનંદ એટલો ય હું જ્ઞાયક નથી. આહાહા ! સમજાણું કાંઈ ? અતીન્દ્રિયઆનંદ પ્રભુ એવા તો અનંતા અનંત ગુણ આત્મામાં છે. સ્વભાવ છે ને સ્વભાવને ક્ષેત્રની મર્યાદાની જરૂર નથી. એના સામર્થ્યની જરૂર છે એક એક અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિયજ્ઞાન, અતીન્દ્રિયશ્રદ્ધા, અતીન્દ્રિય શાંતિ, અતીન્દ્રિય પ્રભુતા એવા અનંતગુણરૂપ એક એનું જે જ્ઞાન તે જ્ઞાન, અને એ જ્ઞાયક તે હું, અને તે મારું જ્ઞેય બીજું જ્ઞેય એમ નહીં. પણ ઈ ત્રણના ભેદેય વચનમાત્ર છે એમ કહે છે અહીયાં તો પોતામાં જ્ઞાન-જ્ઞેય ને જ્ઞાતા એ વચનનો કલ્લોલ છે. વિકલ્પનો કલ્લોલ છે ઈ, વસ્તુમાં ઈ નથી એમ કહે છે. જુઓ ' જ્ઞાનજ્ઞેયંકલ્લોલવલ્ગન્ ' એ વસ્તુના ત્રણ નામ ભલે પડયા મારામાં ને મારામાં હોં ? પરની હારે કાંઈ નહીં.

હું અનંતગુણનો પિંડ જ્ઞાયક હું પોતે જ્ઞાન બધાને જાણું એવો હું જ્ઞાન અને હું મને મારા દ્વારા જણાઉં એવો હું જ્ઞેય એ નામભેદ હો, સમજાય છે ? વસ્તુભેદ નથી. વસ્તુમાં ઈ ત્રણ પ્રકાર નથી, વસ્તુ તો એકાકાર બધું છે એ જ્ઞાન-જ્ઞેય ને જ્ઞાયક એક જ વસ્તુ છે. સમજાય છે કાંઈ ? ' છહ ઢાળા ' માં આવે છે. આવે છે કે નૈ જ્ઞાન જ્ઞાતા ને જ્ઞેય ! ઈ બધું લીધું છે અહીંયા નયનું ' ઉદયતિ ન નયશ્રી ર્સ્તમેતિ પ્રમાણમ્ '

ભગવાન સ્વરૂપમાં જ્યાં અંતરમાં અનુભવમાં આવે, નયની લક્ષ્મી સંતાઈ જાય છે; નિક્ષેપ કાંઈ દેખાતો નથી. પ્રમાણ-પ્રમાણ બધું આથમી જાય છે !

" ભાવાર્થ ઈસ પ્રકાર હૈ કે વચનના ભેદ છે વસ્તુમાં ભેદ નથી. " સમજાણું ? ગોળ કહો, ગળપણ કહો અને ગળપણની મીઠાશ કહો એ બધું એક જ છે. એમ જ્ઞેય કહો તોય હું જણાવાયોગ્ય હોય તોય હું, જાણનાર હોય તોય હું, અને એવી અનંતશક્તિનો પિંડ જ્ઞાયક હોય તોય હું ( છું ) કો ' હવે આમાં ઊડી જાય છે કે નહીં બધું ? ઊડી તે, અંદરની દૃષ્ટિમાં ઈ છે જ નહીં કાંઈ. જ્યારે, અંતર્દૃષ્ટિમાં સ્થિર રહી ન શકે, ત્યારે એવો શુભવિકલ્પ હોય છે, દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા આદિ હોય છે તો એટલું જ્ઞેય તરીકે પણ છું એમ એ વખતે જ્ઞાની માનતો નથી. અને એના જ્ઞાન તરીકે એનું જ્ઞાન એટલું જ્ઞાન છું એમ પણ જ્ઞાની માનતો નથી. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા !

એ ચૈતન્યના અંતરના રહસ્ય ને મર્મ એણે કોઈ દિ ' જોયાં જ નથી અનંત કાળ ઢસરડા કાઢીને, મરી ગ્યો. ત્યાગી થ્યો, સાધુ થ્યો, બાવો થ્યો, મરી ગ્યો કરીને, દીક્ષા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લીધી દક્ષા સમજ્યા ને ? લોચ કર્યાં અનંતવાર મુંડાવ્યાં પણ આ આત્માનું, આવું ભાન ( કર્યા ) વિના, એ બધું અલેખે ગયું આહાહા ! ‘ મુનિવ્રત ધાર અનંત વાર ગ્રીવક ઉપજાયૌ. પૈ નિજ આતમજ્ઞાન બિના, સુખ લેશ ન પાયૌ.. ” આ આતમજ્ઞાનની વાત છે આ. સમજાણું કાંઈ ?

લ્યો ! ઈ શ્લોક ( કળશ ) પૂરો થયો.

*****

## પ્રવચન નં. - ૩ કળશ : ૨૭૧ તા. ૨૮-૮-૬૮

આપણે ચાલતો વિષય છે બસો એકોતેર–૨૭૦ માં એ કાઢી નાખ્યું કેઃ ( ચાર ભેદ– દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના મારામાં નથી, અનંતનયોના ભેદ નથી ) જુઓ અહીં અભેદને સિદ્ધ કરે છે. ભગવાન આત્મા એકરૂપ વસ્તુ છે એ સમ્યગ્દર્શનનો વિષય છે ધ્યેય છે. અર્થાત્ અભેદ વસ્તુ છે તેને આશ્રયે શ્રદ્ધા જ્ઞાન શાંતિ આનંદ આદિ પ્રાપ્ત થાય છે. તેથી અભેદની વાસ્તવિક્તા શું છે એનું વર્ણન ( કરે છે ) જે ( સમયસાર ) ૧૧મી ગાથામાં ભૂદત્થમસ્સિદો ખલુ સમ્માદિટ્ઠી હવદિ જીવો.. ૧૧.. એનો વિશેષ વિસ્તાર કરીને ભિન્ન, ભિન્ન પ્રકારે ( વર્ણવે છે ). અભેદપણાનો આશ્રય લેવો અને અભેદપણાનું જ્ઞાન કરવું, અભેદવસ્તુમાં સ્થિર થવું એ વાતનું વર્ણન કરે છે. જે મુદ્દાની મૂળ રકમ ચારનો નિષેધ કર્યો, હવે ત્રણનો નિષેધ કરે છે. જુઓ ને ઓહોહો ! હું રાગ તો નહીં, શરીર તો નહીં, વાણી નહીં, એક દ્રવ્ય છું એવો જુદો ભેદ, ક્ષેત્ર છું કાળ ભેદ, ભાવ ભેદ એવું છે નહીં. વસ્તુ તોય હું, ક્ષેત્ર તોય હું, કાળ તોય હું, ને ભાવ તોય હું ત્રિકાળ એવો આત્મા અખંડ ને અભેદનો આશ્રય કરવો, એ ધર્મનું કારણ છે કો ’ સમજાય છે કાંઈ ?

હવે, તો અહીંયાં ત્રણ બોલ, હું જાણનાર, જ્ઞાનદ્વારા હું જાણનારો જ્ઞાન અને જણાય પરદ્રવ્ય છ દ્રવ્ય, એ મારી જ્ઞાનપર્યાયમાં છ દ્રવ્ય જણાય, એટલી પર્યાયવાળોય હું નહીં, એટલો જ્ઞેય હું નહીં. ઝીણી વાત છે. જ્ઞાનની અવસ્થામાં, છ દ્રવ્ય જણાય એવું જે જ્ઞેયપણું એકસમયની પર્યાયનું એ ખરું જ્ઞેય નહીં. છ દ્રવ્ય તો જ્ઞેય નહીં, પણ એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય જણાય એવી એકસમયની પર્યાય, એટલો પણ હું જ્ઞેય ને એટલો જ્ઞાન હું નહીં, સમજાય છે કાંઈ ? પોતાનો જ્ઞેય પોતે; પોતે જાણનાર, પોતે જણાવા યોગ્ય, પોતે જ્ઞાતા એવા ત્રણ ભેદ પણ જેમાં નહીં પરનો જ જ્ઞાતા, પર જ્ઞેય હું, મારી પર્યાયમાં પરજ્ઞેય જણાય, તેટલો હું, તેટલો તો નહીં, પણ હું સ્વજ્ઞેય– આખી ચીજ તે સ્વજ્ઞેય એનો જાણનાર ને જ્ઞાતા એવા ત્રણ ભેદ પણ મારામાં નથી. આહાહા ! સમજાણું કાંઈ ? એ વાત કરે છે જુઓ.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( શાલિની )

**योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव।**
**ज्ञेयो ज्ञेयज्ञानकल्लोलवल्गन् ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः।।** ( ૮-૨૭૧ )

છેલ્લામાં છેલ્લું અભેદની સ્થિતિનું વર્ણન છે!

'ભાવાર્થ આમ છે કે' પહેલેથી ભાવાર્થ આમ છે કહે છે. હજી કીધાં પહેલાં. એટલે કે હવે કહેવું છે એનું સ્વરૂપ આમ છે એમ એનો ભાવ આ છે કે, જે કહેવું છે એનો ભાવ આ છે કે 'જ્ઞેય-જ્ઞાયક સંબંધ વિષે ઘણી ભ્રાંતિ ચાલે છે.

**स्वपर प्रकासक सकति हमारी।**
**तातैं वचन भेद भ्रम भारी।।**
**ज्ञेय दशा दुविधा परगासी।**
**निजरूपा पररूपा भासी।।**

( સમયસાર નાટક-સાધ્ય-સાધક દ્વાર ૪૬ ) જ્ઞેયના બે પ્રકારઃ એક નિજરૂપજ્ઞેય જણાવાલાયક અને એક પરરૂપજ્ઞેય જણાવાલાયક. એમાં પણ પરરૂપ જણાવા લાયક જ્ઞેય એટલો ય હું નહીં. એમ આંહી સિદ્ધ કરવું છે. ઓહોહોહો! જ્ઞાનની પર્યાયમાં, અનંતા સિદ્ધોય આવી ગયા, છ દ્રવ્યમાં તો હેં? અનંતા કેવળી આવી ગયા, એ જ્ઞાનની પર્યાયમાં અનંતા કેવળીઓ સિદ્ધો, છ દ્રવ્ય એના ગુણપર્યાયો એકસમયમાં જાણવાની પર્યાય આટલા જ્ઞેયને જાણે, તેટલો જ્ઞાનમાત્ર ને તેટલો જ્ઞેયમાત્ર હું નહીં. સમજાણું કાંઈ? "આ જ્ઞેય જ્ઞાયક સંબંધ વિષે ઘણી ભ્રાંતિ ચાલે છે, તેથી કોઈ એમ સમજશે કે જીવવસ્તુ જ્ઞાયક, અને પુદ્ગલથી માંડીને ભિન્નરૂપ છ દ્રવ્યો જ્ઞેય છે" હું એક જાણનાર છું અને મારાથી ભિન્ન બધાં અનંતા છ દ્રવ્યો તે મને જ્ઞેય છે; એમ પણ નથી એમ કહે છે. આહાહા! શેઠી ઓહોહો! 'પુદ્ગલથી માંડીને ભિન્નરૂપ છ દ્રવ્યો જુઓ આ શરીર, રાગ, પરમાત્મા, અનંત નિગોદ પંચપરમેષ્ઠિ, અને અનંતા પરમાણુઓના સ્કંધો, અનંતા નિગોદ આદિ એ બધાં મને જાણવાલાયક છે અને હું એનો જાણનાર છું? ના, એટલો હું છઉં જ નહીં. આ આત્મા કેટલો છે, કેવડો છે એની વાત કરે છે, સમજાણું કાંઈ?

એ છ દ્રવ્ય જે જ્ઞેય છે અને હું જાણનાર છું 'પરંતુ એમ તો નથી' હોં. એમ કહે છે. એટલો હું નહીં ને એમ નહીં હોં? આહાહા! અમરચંદભાઈ, ભારે વાત છેલ્લો કળશ્ આ અભેદનો પછી તો બીજી ભિન્નતાની વાતું લેશે આંહી તો ભૂતાર્થ વસ્તુ એકરૂપ વસ્તુ એમાં કહે છે કે આવા પરનો જાણનાર હું ને હું જ્ઞાયક ને પર મને જણાય, બસ એ ચીજ હું, કે ના એવો તો હું નથી સમજાય છે કાંઈ? આ શરીરનો ધર્મ જીવપદમાં જણાય છે. લોકના સ્વભાવો જ્ઞાનની પર્યાયમાં જણાય છે કહે છે કે એટલો જ જ્ઞેય છઉં? અને એ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞેયને છ દ્રવ્યને જાણવાનો જે પર્યાય મારો વર્તમાન, એટલું જ જ્ઞાન છે? અને એટલું જ જ્ઞેય છે? આહાહા! સમજાય છે કાંઈ? ના. 'જેમ હમણાં કહેવામાં આવે છે તેમ છે.'

"અહમ્ અયં યઃ જ્ઞાનમાત્રઃ ભાવઃ અસ્મિ"- હું જે કોઈ ચેતનાસર્વસ્વ એવી વસ્તુ સ્વરૂપ છું એકલો જ્ઞાતા-દ્રષ્ટા ચૈતન્ય સ્વભાવ પૂરણ સ્વરૂપ સર્વસ્વ ચૈતન્ય સ્વરૂપે હું છું. સમજાય છે? "એવી વસ્તુ સ્વરૂપ સ્વજ્ઞેય તે હું જ્ઞેયરૂપ છું" દેખો હું એકવસ્તુ ચેતન અનાદિ અનંત જ્ઞાનસ્વરૂપ ભગવાન જ્ઞાનમૂર્તિ તે હું જ્ઞેય છું. છ દ્રવ્ય જ્ઞેય, એટલો નહીં, છ દ્રવ્ય જ્ઞેય એ જ્ઞેય નહીં. છ દ્રવ્યના જ્ઞેયનું જ્ઞાન, એટલું જ્ઞાન નહીં અને છ દ્રવ્ય જ્ઞેય તે જ્ઞેય નહીં. શેઠી! અજર પ્યાલા છે આ આહાહા! આહાહા! શું કહે છે? કહે છે કે મારા સિવાય જેટલાં છ દ્રવ્ય છે, એના દ્રવ્યગુણપર્યાયને હું રચું તો નહીં કરું તો નહીં પણ તે જ્ઞેય જે છે. છ દ્રવ્યો મારી જ્ઞાનની પર્યાયમાં જણાવાલાયક એટલો જ્ઞેય જ છું ને એ જ્ઞાનની પર્યાય એટલું જ જ્ઞાન છું એમ નહીં. સમજાણું કાંઈ? ધીમેથી સમજવા જેવી વાત છે, આ તો તદ્દન એકદમ ભગવાન આત્મા ચૈતન્યસર્વસ્વનો પિંડ આખો તે પોતે પોતાનું જ્ઞેય છે એક સમયની પર્યાય, છ દ્રવ્ય જેમાં જણાય. છ દ્રવ્ય જણાય એટલો જ જ્ઞેય અને એટલું જ જ્ઞાન? કે ના એટલો નહીં. એ પર્યાય તો એક અંશ થઈ ગયો. સમજાણું કાંઈ? આહાહા!

"ચેતનાસર્વસ્વ એવી હું વસ્તુ પૂર્ણસ્વરૂપ સ્વજ્ઞેય તે હું જ્ઞેયરૂપ છું" કો' સમજાય છે કે નહીં આમાં રતિભાઈ શું પુસ્તક, પુસ્તક લીધું નથી? એને સમજાય નહીં એમાં અંદર, શું કરે? પુસ્તકના આ શબ્દનો અર્થ (આ) થાય છે ખબર પડે ને કે આ શબ્દનો આ અર્થ છે આમાં! એમાં ઘરે (વાંચે તો) મોં-માથું હાથ આવે એવું નથી ગજનો આંકો સૂઝે એવું નથી ન્યાં આહાહા!

કહે છે કે તું કેવડો ને ક્યાં છો? શું તું જ્ઞાનની એકસમયની પર્યાયમાં છ દ્રવ્યો જણાય તેટલું જ્ઞેય, તું છો? અને તેટલું જ્ઞાન તું છો? આહાહા! રાગ આદિ તો નહીં, પુણ્ય પાપ તો નહીં, કર્મ શરીર નહીં, આ છ દ્રવ્યનું કરવું રચવું તો નહીં, પણ છ દ્રવ્યનું જ્ઞાન, જ્ઞાનમાં જ્ઞેયરૂપે થાય, એટલોય પર્યાય જે જ્ઞેય થાય, એટલું જ્ઞેય નહીં, અને એટલું જ્ઞાન? એટલું જ્ઞાનેય હું નહીં. આહાહા! સમજાય છે કાંઈ? સમજમેં આતા હૈ કે નહીં શેઠ? સૂક્ષ્મ છે!

આહાહા! ભગવાન આત્મા, ચૈતન્યસર્વસ્વ જેનું સ્વરૂપ, ચૈતન્યસર્વસ્વ જ્ઞાયક જેનું સ્વરૂપ એમાં એકસમયની પર્યાયમાં ષટ્દ્રવ્ય જણાય, એટલો પર્યાયમાત્ર જ્ઞેય કેમ હોય ને એટલો પર્યાયમાત્ર જ્ઞાન હું કેમ હોઉં? હું તો સર્વસ્વચૈતન્યમૂર્તિ આત્મા છું. સમજાણું કાંઈ? આહાહા! અભેદના આશ્રયનો, આશ્રય કરવો ઈ અભેદ કેવો, એમ અહીં વર્ણવે છે! એક સમયની (જ્ઞાન) પર્યાયમાં છ દ્રવ્યો જણાય ઓહો અનંતા કેવળી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જણાય આહાહા ! શ્રુતજ્ઞાનની પર્યાયમાં હોં, શ્રુતજ્ઞાનની એક સમયની પર્યાયમાં અનંતાકેવળી જણાય. એય છતાં, એકસમયની પર્યાય જેટલું મારું જ્ઞાન નહીં એક સમયની પર્યાયમાં અનંતા સિદ્ધો જણાય ષટ્દ્રવ્ય છે કે નહીં ? શું કીધું આ ? આહાહા !

મારો જ્ઞાનનો પર્યાય, શ્રુતજ્ઞાનનો વર્તમાનમાં, એક અંશ જે છે ઈ અનંતા સિદ્ધોના– કેવળીનું સ્વરૂપ અનંતા જે છે, એને જ્ઞેય તરીકે મારો પર્યાય જાણે છે ! પણ કહે છે એટલા બધા અનંતા કેવળીઓ, અનંતા સિદ્ધો ને એનાથી અનંતગુણા નિગોદ આદિ, એની સર્વજ્ઞશક્તિઓ અનંતી બધાની, ઓહો, સમજાણું કાંઈ ? સર્વજ્ઞ અનંત પ્રગટ અને સર્વજ્ઞશક્તિવંત અવ્યક્ત અનંત આત્માઓ અને એક એક પરમાણુ સર્વસ્વ અનંતગુણોનો પિંડ છે એ તો જડ અચેતન એની પર્યાયમાં, પૂરણતા અનંત ગુણી પર્યાય બધી ધોળી, લીલી આદિ પર્યાયો– એ બધાંને મારાં જ્ઞાનની એક સમયની પર્યાય જ્ઞેય તરીકે જાણે, એટલો એકસમયનો પર્યાય જેટલું ને એવડું જાણે તેટલો પર્યાયમાત્ર હું નહીં. આહાહા ! શોભાલાલજી ! ભારે વાત પણ એક સમયની પર્યાયમાં અનંતા કેવળીઓને જાણે સર્વજ્ઞશક્તિવંતને જાણે છે ને આહાહા ! અને તે અંશ જે છે, તેટલું જ્ઞેય પણ નહીં અને તેટલું જ્ઞાન પણ નહીં, એમ કહે છે. આહાહા ! રાજમલજી આ તો લોજિકથી વાત ચાલે છે. એક સમયના અંશની જ્ઞાનદશા, તેટલું જ જ્ઞેય ? બાકી બધી વસ્તુ અનંત ગુણનો પિંડ પ્રભુ, ચૈતન્યપિંડ આખો ચૈતન્યસર્વસ્વ રહી જાય છે ને જ્ઞેયમાં આખો રહી જાય છે ને અને જ્ઞાનમાં પણ આખો રહી જાય છે, આખું સ્વરૂપ જ્ઞાનમાત્ર ચૈતન્ય છે. સમજાણું કાંઈ ? આહાહા !

રાગને કરવું અને રાગને રચવું એ તો મારામાં નથી, પણ રાગને જાણવું એવી જે જ્ઞાનની પર્યાય, એટલો પણ હું નથી. સમજાણું કાંઈ ? વ્યવહારનો વિકલ્પ ઊઠે દયા દાન આદિ વિકલ્પો એ પરજ્ઞેય છે. એ પરજ્ઞેયનું જ્ઞાન મારી પર્યાયમાં થાય, એટલો પર્યાય પણ જ્ઞેય સ્વજ્ઞેય એટલું નહીં. સ્વજ્ઞેય એટલું નહીં ને સ્વજ્ઞાન એટલું નહીં. સમજાણું કાંઈ ? હું એ વ્યવહારવાળો ને છ દ્રવ્યવાળો તો નહીં. હું એ વ્યવહારવાળો, છ દ્રવ્યવાળો, બાયડી છોકરાંવાળો, આસ્રવવાળો એવો તો હું નહીં, પણ એ સંબંધીનું મારી જ્ઞાનની પર્યાયમાં જે જ્ઞાન થાય, એવડો હું જ્ઞાન નહીં ને એવડું હું જ્ઞેય નહીં. શેઠી આહાહા ! શેના અભિમાન થાય, કહે છે આ છ દ્રવ્ય જાણ્યા બાપુ છ દ્રવ્ય જાણ્યા હોય તો એ તો જ્ઞાનની પર્યાય એક અંશ છે એમાં થયું શું આહા ! અને એટલું જ જ્ઞાનમાત્ર ભગવાન તો એવા અનંતા અંશનો પિંડ એક ગુણ છે અને એવા–એવા તો અનંતા ગુણનો પિંડ તે દ્રવ્ય છે એવું જે ચૈતન્યનું સર્વસ્વ આખું, આનું દ્રવ્યગુણપર્યાય ચૈતન્યનું સર્વસ્વ એ જ્ઞેય છે. ચૈતન્યનું દ્રવ્યનું ગુણનું પર્યાયનું સર્વસ્વ તે જ્ઞેય છે, એકસમયનો પર્યાય તે જ્ઞેય અને એક સમયનો પર્યાય તે જ્ઞાન, એટલો હું નહીં. બહુ આકરું આહાહા !

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ ટાંકણે જુઓ ને નિર્માણનું છે ને દિવસ છે ને ? તો કહે છે કે આટલું જ્ઞેય હું નહીં. શેનું અભિમાન કરવું છે? એટલો જ્ઞાન હું નહીં એટલા અંશનું જ્ઞાન જ્ઞેય માને તો મિથ્યાદૃષ્ટિ છે. એમ કહે છે. સમજાણું કાંઈ ? એક સમયની જ્ઞાનની અવસ્થા ને છદ્રવ્ય જાણે એટલી તાકાતવાળી એટલું જ જીવનું જ્ઞેય માને, અને એટલો જ પર્યાય જ્ઞાન સ્વરૂપ એટલો જ છે એમ માને, પર્યાયબુદ્ધિ છે મિથ્યાદૃષ્ટિ છે આહાહા ! કહો, ભારે વાતું ભાઈ આવી વસ્તુ વસ્તુ વસ્તુ એવી છે ભાઈ એવા એવા અનંતા અંશો તો પી ગયો છે જ્ઞાનગુણ, એકસમયમાં અનંતા કેવળજ્ઞાન જણાય, અનંતા સર્વજ્ઞ જીવો, સર્વજ્ઞ શક્તિવાળા સર્વજ્ઞ શક્તિવાળા એક સમયની પર્યાયમાં જણાય, એવું તો એક સમયની પર્યાય પી ગઈ છે એને, અને હવે એવી એકસમયની પર્યાયનો અંશ તો જ્ઞાન અનંતને પી ગયો છે અંદર, હવે એટલો અંશ ક્યાં તું જ્ઞેય અને જ્ઞાન છો ? આહાહા ! સમજાણું કાંઈ ?

કહ્યું ને જુઓ કે " જ્ઞાનમાત્રઃ ભાવઃ અસ્મિ " " અહમ્ અયં યઃ જ્ઞાનમાત્રઃ ભાવઃ અસ્મિ " ચેતના સર્વસ્વ એવી વસ્તુ સ્વરૂપ છું. છે ને " સઃ જ્ઞેયઃ " તે હું જ્ઞેય છું. હું જ્ઞેય આટલો ચૈતન્યમાત્ર આખું સ્વરૂપ પૂર્ણાનંદ વસ્તુ તે જ્ઞેય છું તે મારું જ્ઞેય ને તે હું જ્ઞાન ને તેનો હું જ્ઞાતા આહાહા ! કો ' સમજાય છે કાંઈ ? આવી વાત સર્વજ્ઞ સિવાય, ત્રિકાળમાં ક્યાંય હોઈ શકે નહીં, કારણ કે વસ્તુ જ આવી ભગવાન આત્મા એક સમયના પર્યાયમાં બધું જણાય જેટલો નહીં. આહાહા ! હું તો આખું ચૈતન્ય સર્વસ્વ દ્રવ્યમાં ભરેલું જ્ઞાન ગુણમાં ભરેલું જ્ઞાન, અનંતા ગુણમાં વ્યાપેલું જ્ઞાન ઈ બધો આખો આત્મા થઈને હું સ્વજ્ઞેય છું. એક સમયના પર્યાયનો જ્ઞેય માત્ર નહીં, પણ સર્વસ્વજ્ઞાનમાત્ર આખો આત્મા તે હું સ્વજ્ઞેય છું આહાહા !

જ્ઞાનમાત્ર " સઃ જ્ઞેયઃ ન એવ " પરંતુ એવા જ્ઞેયરૂપ નથી; કેવા જ્ઞેયરૂપ નથી એમ કહે છે. એક પદના ટુકડા બે કર્યા " જ્ઞાનમાત્રઃ ભાવઃ અસ્મિ " સઃ જ્ઞેય સમજાય છે? " ન એવ " શું કહે છે પણ હું એવા જ્ઞેયરૂપ નથી, કેવા જ્ઞેયરૂપ નથી " જ્ઞેયજ્ઞાનમાત્રઃ " પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોના સમૂહના જાણપણામાત્ર જ્ઞેય એટલો હું નથી. સમજ્યા શું કાંઈ ? " જ્ઞેયજ્ઞાનમાત્રઃ " જ્ઞેયના જ્ઞાનપણા માત્ર તેટલો હું નથી. આહાહા ! જ્ઞાનની એક સમયની અવસ્થા, એ છ દ્રવ્યને જ્ઞેય તરીકે જાણે, તેટલો હું જ્ઞેયરૂપ નથી. " ન એવ " જ્ઞેયરૂપ નથી, તેટલા જ્ઞેયરૂપ નથી. સર્વસ્વજ્ઞાયકસ્વરૂપ ત્રિકાળ છે તેટલો તે હું જ્ઞેયરૂપ છું અસ્તિ નાસ્તિ કરી. આહાહા ! ભારે કઠણ પડે માણસને પણ સહેલું છે આ એની ચીજ આ રીતે જ છે. જે રીતે હોય એમ પ્રાપ્ત થાય કે જે રીતે ન હોય એમ પ્રાપ્ત થાય ? સમજાણું કાંઈ ? આહા " જ્ઞેયજ્ઞાનમાત્રઃ ન એવ " પોતાના જીવથી ભિન્ન જે છ દ્રવ્યોના સમૂહના જાણપણામાત્ર, " તે જ્ઞેય તેટલો હું નહીં " આહાહા !

આંહી તો હજી થોડા ઘણા શાસ્ત્રનું ભણતર જ્યાં થાય ત્યાં તો માણસને એવું થઇ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાય હેં ? ઘણું જાણ્યું અમે તો ઓહોહોહો ! પેટ ફાટી જાય એનું તો ! હેં બીજાને કહે કે મને આમ આવડે છે જુઓ અધિક માનજો મને બીજા કરતાં હોં આટલું મને આવડે, આમ શું થયું તને ઈ અહીંયાં કહે છે તને તારા જ્ઞાનની પર્યાયમાં અનંતા કેવળી જણાય, એટલું તારું જ્ઞાન હોય, તેટલા જ્ઞાનને પણ તું તારું માન જ્ઞેયને તો પણ તું મૂઢ–મિથ્યાદૃષ્ટિ છો આહાહા ! સમજાણું કાંઈ ?

ન્યાય સમજાય છે કે નહીં આમાં ? કાંઈ એવી વાત નથી કે નો ' પકડાય એવી. લ્યો સમજાણું કાંઈ ? જ્ઞાનનો એકસમયનો પર્યાય, કેવડો મોટો કે જેમાં છ દ્રવ્ય જણાઈ જાય એવડો મોટો તો હું ખરો કે નહીં ? છ દ્રવ્યમાં ક્યું શાસ્ત્રનું બાકી રહી ગ્યું કેવળજ્ઞાનીઓ બાર અંગના ભણનારા પણ એની જ્ઞાનની પર્યાયમાં આવી ગયા છે. આહાહા ! મનઃ પર્યયજ્ઞાનીઓ, કેવળજ્ઞાનીઓ, ચૌદપૂર્વના ધરનાર, બાર અંગના ધરનાર, અલ્પજ્ઞ ધરનાર ને ગુણના પૂરણ ધરનાર શક્તિરૂપે અને એવા દ્રવ્યો બધાં જ્ઞાનની પર્યાયમાં આહાહા ! એક સમયની પર્યાયમાં આટલું આવ્યું છતાં, એટલા જ્ઞેયમાત્ર હું નહીં હોં આહાહા ! ઈ પરથી તો ભિન્ન છે જ. પણ એટલો પર્યાય જેટલો હું નહીં, એમ અહીંયાં તો સિદ્ધ કરવું છે. આંહી તો હજી એક સમયની પર્યાય, એટલું એ જ્ઞેય નહીં ને એટલું જ્ઞાન નહીં. આખું દ્રવ્યનું જ્ઞાન ને દ્રવ્યનું જ્ઞેય આખું રહી જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ ? આખો ભગવાન પૂર્ણ અખંડાનંદ પ્રભુ જે જ્ઞેયરૂપ છે અને જે જ્ઞાનરૂપ છે એ આખો જ્ઞેય ને જ્ઞાન પર્યાયમાં ન આવે, અને એક જ પર્યાયનો અંશ જ જ્ઞેય તરીકે જણાય ને મનાય અને એટલો જ જ્ઞાનમાત્ર આત્મા માને, એને આત્મા જાણ્યો જ નથી, એની પર્યાયબુદ્ધિ, મૂઢ મિથ્યાદૃષ્ટિબુદ્ધિ છે. આહાહા ! સમજાણું કાંઈ ?

ઓહો સંતોની કથની ઘણું સહેલું કરીને મૂક્યું છે. એની આત્માની મોટપની શક્તિનું માપ કાઢવા ઘણી સહેલી રીતથી વાત મૂકી છે ( છતાં ) કહે, પકડાતું નથી પ્રભુ તને ? ભાઈ ! તારી જ્ઞાનની એકસમયની અવસ્થા, એ બધી આ રાગ વિકલ્પ હો, શરીર વાણી કે મન હો એ બધાં છ દ્રવ્યો હો, અનંતા કેવળી હો એટલો પર્યાય જાણે તો એટલી પર્યાય જ્ઞેયને જાણે એટલી જ પર્યાય જ્ઞેયમાત્ર તારી છે ? એટલું જ જ્ઞેયમાત્ર તું છો ? ભાઈ અને એ પર્યાયમાત્ર તારા જ્ઞાનનો અંશ માત્ર તારું જ્ઞાન આટલું જ જ્ઞાન છે. સમજાણું કાંઈ ?

ભાવાર્થ આમ છે કે " હું જ્ઞાયક ને સમસ્ત છ દ્રવ્યો મારાં જ્ઞેય એમ તો નથી " આહા બીજાં–છ દ્રવ્યોને હું રચું ઈ તો એની સત્તાથી રહેલાં છે. છ દ્રવ્ય તેના ગુણ ને તેની પર્યાય એટલે કાર્ય, તે બધાં તેનાં કાર્ય કારણથી રહેલાં છે. મારે કારણે કાર્ય નહીં ને મારે કારણે એ કારણ નહીં, અથવા એનો હું કારણ અને એ મારાં કાર્ય અથવા એ કારણ ને મારું કાર્ય ( એમ તો નથી. ) જ્ઞાનની પર્યાય, એ છ દ્રવ્યને જાણે, તેથી તે છ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્ય કારણ ને મારી જ્ઞાનની પર્યાય કાર્ય એમેય નથી. અને મારી જ્ઞાનની પર્યાય કારણ ને છ દ્રવ્યને રાખે એવું પણ છે નહીં. સમજાણું કાંઈ. આહાહા! આ તો પરમાત્માના તળિયાં તપાસે છે. પરમાત્માનાં તળિયામાં કેટલું પડયું છે અંદરમાં તળિયા સમજતે હૈં? એ કૂવામાં જાતે હૈં ને પાનીમેં પડતે હૈ ને તાગ લાતે હૈં, તાગ સમજે વો (શ્રોતાઃ ભીતરમેં સે) હા, અંદરમેં સે કોશિયો- કોશિયો હોય ને પડે પાણીમાં. પછી અંદર ઠેઠ (તળિયે) જાય, હાથમાં લઈ આવે (તળિયાંની) રેતી-રેતી એમ પરમાત્માનો તાગ લે છે. પરમાત્માનો શક્તિનો મોટો કૂવો એનો તાગ લે છે અહીંયાં આહાહા! જ્ઞાનની પર્યાય, પૂર્ણાનંદ કેવળજ્ઞાન આખો (પૂર્ણસ્વરૂપ) એકલો જ્ઞાયકસ્વભાવનો પિંડ, એવા કેવળજ્ઞાની ને અનંતા સિદ્ધોને જાણે અને અનંતા સર્વજ્ઞ અનંતા આત્માને જાણે તો આત્મામાં સર્વજ્ઞશક્તિ દરેકમાં છે, એવું પણ જ્ઞાનપર્યાય જાણે કે નહીં.? (જાણે) પ્રગટપણે છે ઈ સર્વજ્ઞોને જાણે અને અપ્રગટપણે એવા દ્રવ્યોને જાણે આહાહા! હૈં? એવા-એવા અનંતગુણા આત્માઓ ને એનાથી અનંતગુણા પરમાણુઓ અનંતગુણા આત્મા છે ને સિદ્ધ કરતાં અનંત છે, એથી અનંતગુણા પરમાણુઓ છે, એથી અનંતગુણો ત્રિકાળ, એથી અનંતગુણા ક્ષેત્રના પ્રદેશ આકાશના, આહાહા! એને જ્ઞાનની એકસમયની પર્યાય જ્ઞેય તરીકે જાણે, છતાં તે એક સમયનો પર્યાય તે જ્ઞેય પૂરતું નહીં, એટલું જ્ઞેય હું નહીં આહાહા! મારે જાણવાનું તો તે થી અનંતગણું જ્ઞેય રહી જાય છે સમજાણું કાંઈ? અને એટલો જ્ઞાનનો અંશમાત્ર હું જ્ઞાન નહીં, એથી તો અનંત-અનંત ગુણા અંશનો ધરનાર જ્ઞાન, એવા અનંતગુણનો ધરનાર દ્રવ્ય રહી જાય છે. સમજાણું કાંઈ?

બાપુ આ તો ધર્મના માર્ગ છે એ વીતરાગના માર્ગ રસ્તા, એ વીતરાગના મારગડા ઓળખવા કઠણ પ્રભુ ઓહોહોહો! અને જેણે એ જાણ્યા, એ વીતરાગ થયા વિના રહે નહીં. આહાહા! એવી વસ્તુ ભગવાન સિવાય (બીજે હોઈ શકે નહીં) પરિપૂર્ણ દ્રવ્યને કઈ રીતે સિદ્ધ કરવા માગે છે આહાહા!

ઈ પર્યાયથી અનંતગણું તો એ જ્ઞાન છે, એક ગુણ છે. એવા અંશો, એક અંશમાં- છદ્રવ્ય આદિના ગુણપર્યાયોને જાણે એવા એક અંશથી અનંતગુણો તો જ્ઞાન ગુણ એક છે. એથી અનંતગુણા તો બીજા ગુણો છે ઈ અનંતગુણા ગુણનું રૂપ, આખું દ્રવ્ય, તે આખું જ્ઞેય છે આહાહા! ઓલા-ગુણભેદ તો કાઢી નાખ્યા 'તા. ઓલામાં-અનંતશક્તિમાં કાઢી નાખ્યાતા 'ને? એકલો.

હવે, અહીંયાં તો ઈ કહે છેઃ એવડો એક ગુણને એવડો એક અંશ ને એવા અનંતગુણ (નો પિંડ), એટલું એ એકરૂપ ત્રિકાળ એકલું ચૈતન્યસર્વસ્વ આત્મા તે મારા જ્ઞાનની પર્યાયનું જ્ઞેય અને તેટલો આખો તે હું જ્ઞાન સમજાણું કાંઈ? આહાહા! ત્યારે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દૃષ્ટિ અંતરમાં જાય છે. કહે છે આ એકસમયનો પર્યાય આવડો અને એટલું જ્ઞાન કે ના, ના, એ તો પર્યાયબુદ્ધિ થઈ, એ તો અનાદિની બુદ્ધિ છે, અનાદિની માન્યતા છે, એવું તો અનાદિથી તેં નવપૂર્વ ભણ્યો તો તેમાંય આ માન્યું 'તું.

ભગવાન આત્મા એક સર્વસ્વ ચૈતન્ય, આખું ચૈતન્ય વળી, એક અંશ શું સમજાણું કાંઈ ? આહાહા ! એમાં લખ્યું છે હોં ઓલામાં (સમયસાર નાટકમાં) સ્વપરપ્રકાશક શક્તિ કીધી ને (પાનું ૩૫૬–સાધ્ય–સાધક દ્વાર–સવૈયા–ઇકતીસા–૪૫)

कोऊ ग्यानवान कहै ग्यान तौ हमारौ रूप।
ज्ञेय षट दर्व सो हमारौ रूप नांही है।।

ષટ દ્રવ્ય અમારું રૂપ નથી. ના. ના. ષટ્‌દ્રવ્યને જાણવાનો એકસમયનો પર્યાય પણ તારું પર્યાયરૂપ છે.

एक नै प्रवांन ऐसे दूजी अब कहूँ जैसे।
सरस्वती अक्खर अरथ ऐक ठाहीं है।।

શબ્દો છે ને શબ્દો એમાં અક્ષર પણ ઈ સરસ્વતી પણ ઈ ને અરથ પણ ઈ. એમ જ્ઞાતા, જ્ઞાનને જ્ઞેય પોતે પોતામાં છે. જ્ઞેય બીજું ને જ્ઞાન બીજાનું ને જ્ઞાતા બીજો એમ છે નહીં.

तैसे ग्याता मेरौ नाम ग्यान चेतना विराम।
ज्ञेयरुप सकति अनंत मुझ मांही है।।
आ कारन वचनके भेद भेद कहै कोऊ।
ग्याता ग्यान ज्ञेयकौ विलास सत्ता मांही है।।

મારી મહાસત્તા ભગવાન એમાં જ્ઞાતા, જ્ઞેયનો વિલાસ એમાં છે. એકસમયની પર્યાયમાં પણ જ્ઞાતા જ્ઞેય આવતું નથી. પછી આ કહ્યું..! (चोपाई–४६)

स्वपर प्रकासक सकति हमारी।
तातैं वचन भेद भ्रम भारी।।
ज्ञेय दशा दुविधा परग्रासी।
निजरूपा पररूपा भासी।।

निजरूपा आतम सकति, **સ્વજ્ઞેય નિજરૂપ ઈ આત્મશક્તિ નિજજ્ઞેય** पररूपा पर वस्त। जिन लखि लीनौं पेंच यह, तिन लखि लियौ समस्त।। ४७।।" **સમજાણું** કાંઈ ?

अर्थ:– स्वज्ञेय आत्मा है और परज्ञेय आत्माके सिवाय जगतके सब पदार्थ है, जिसने यह स्वज्ञेय और परज्ञेयकी उलझन समझ ली है उलझन, उलझन क्या उलझन क्या ઉલઝનનો અર્થ નથી આવડતો ? હિન્દી શબ્દ આ તો છે, આ ઉલઝન (એટલે) એનું રહસ્ય સમજી લીધું એમ (અર્થ છે) આંહી તમારી ભાષા આવડે તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉસને સબ કુછ હી જાન લિયા સમઝો સ્વજ્ઞેય-પરજ્ઞેયની ઉલઝન સમજ લી. ‘ ઉલઝન ’ નથી આવતો તમારે ( શ્રોતાઃ કહીં મુસીબત હો ગૂંચ પડી હો ) હા, ગૂંચવાડો ઠીક એ ગૂંચવાડાની ગૂંચ જેણે સમજી લીધી, એ બધું સમજી ગ્યો, સમજાય છે કાંઈ ? આહાહા !

કહે છેઃ “ ભિન્ન છ દ્રવ્યોના સમૂહના જાણપણામાત્ર હું જ્ઞાયક અને સમસ્ત છ દ્રવ્યો મારાં જ્ઞેય એમ તો નથી હોં ? તો કેમ છે ? આમ છે – “ ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ज्ञेयः ” આહાહા ! “ ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ज्ञेयः ” “ જ્ઞાન અર્થાત્ જાણપણારૂપ શક્તિ અને જ્ઞેય ( અર્થાત્ ) જણાવાયોગ્ય શક્તિ ” પોતાની હોં પ્રમેય પોતાનું દ્રવ્ય, ગુણ ને પર્યાય તેમાં પ્રમેયપણું વ્યાપેલું છે, જ્ઞેયશક્તિ છે એ આખું દ્રવ્ય, આખું ગુણ ને પર્યાય ત્રણેય થઈને એક જ્ઞેય છે. એકસમયનો જે પર્યાય છ દ્રવ્યને જાણે તે સ્વજ્ઞેય એટલું નથી. સમજાણું કાંઈ ?

બહુ ઊંચો અધિકાર છે મૂળ સમ્યગ્દર્શનનો વિષય અભેદ છે ઈ સિદ્ધ કરવું છે. વસ્તુ પોતે અભેદ જ્ઞાન તો તે, જ્ઞાતા તો તે, જ્ઞેય પણ તે પરજ્ઞેય-ફરજ્ઞેયનું આંહી છે નહીં. અને પોતે જ્ઞાન, પોતે જ્ઞાતા, પોતે જ્ઞેય એ પણ વચનના ભેદે ભેદ પડે છે. વસ્તુ તો અખંડ અભેદ તે જ્ઞાન, તે જ્ઞાતા અને તે જ્ઞેય. જેમ ઓલામાં ( ચાર બોલમાં ) કહ્યું ’તું કે દ્રવ્ય કહો તો તે, ક્ષેત્ર કહો તો તે, કાળ કહો તો તે ને ભાવ કહો તો તે, જ્ઞાતા કહો તો તે, જ્ઞાન કહો તો તે ને જ્ઞેય કહો તો તે ( જ ) આ એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

જ્ઞાન જાણપણારૂપ શક્તિ, જ્ઞેય જણાવાયોગ્ય શક્તિ, જ્ઞાતા અનેક શક્તિએ બિરાજમાન વસ્તુ ત્રણ એવા ત્રણ ભેદ મારું સ્વરૂપમાત્ર છે. પણ ઈ ત્રણેય થઈને હું વસ્તુ એકરૂપ છું, એવા જ્ઞેયરૂપ છું, લ્યો એવા જ્ઞેયરૂપ છું શું કીધું ? એક જાણપણારૂપ શક્તિ, એક જણાવાયોગ્ય શક્તિ ને જ્ઞાતાશક્તિ- એવા ત્રણરૂપ થઈને જ્ઞેયરૂપ છું આહાહા ! ભાઈ આવી વાત તો ક્યાંથી. એક ઇંદ્રિયા, બે ઈંદ્રિયા, ત્રણ ઈંદ્રિયામાં હાલતો હોય. જીવદયા વોસરાવિયા તસ્સ મિચ્છામિ દુક્કડં ને જાવ થઈ ગયું. મિચ્છામિ દુક્કડં માં ધર્મ થઈ ગ્યો ઈચ્છામિ પડિકમ્મામિ હળવો થઈ ગયો, આંહીથી નીકળીને જાશે હવે હેઠે. વસ્તુનું ભાન ન મળે ચૈતન્યબિંબપ્રભુ કોણ છે ? એનું સામર્થ્ય કેટલું છે ? કેટલામાં- શક્તિમાં રહેલો છે એવા સ્વના સામર્થ્યની જેને ખબર નથી અને બીજી ક્રિયા કાંડમાં રોકાય એ બધા પરિભ્રમણને રસ્તે પડયા છે સમજાણું કાંઈ ? આહાહા ! આકરું પડે પણ થાય શું બીજું ? વસ્તુ જ એવી છે ત્યાં શું થાય ? કાંઈ ભગવાને કરી છે ? હેં ભગવાને- સર્વજ્ઞે આવી કરેલી છે ? સ્વતઃ એવી ચીજ છે. આખો જ્ઞાતા એ પોતે જ્ઞેય અને પોતે જ્ઞાન, જ્ઞાન કહો તોય સર્વસ્વ, જ્ઞેય કહો તોય સર્વસ્વ, જ્ઞાતા કહો તોય સર્વસ્વ સમજાણું કાંઈ ? ગજબ વાત દિગંબર સંતોની પદ્ધતિ કથનની ! અલૌકિક વસ્તુને સ્પર્શ કરાવે એવી વસ્તુ છે એના ખ્યાલમાં આવી જાય, આહાહા ! કે આંહી ક્યાં અટક્યો એમ એ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહે છે. એકસમયના જ્ઞાનના અંશમાં ક્યાં અટક્યો ? એટલું કયાં તારું સ્વરૂપ છે ? એમ કહે છે. સમજાણું કાંઈ ? અને એક સમયનું જ્ઞાન એટલું જ તારું જ્ઞાન ક્યાં છે ? આખો ભગવાન જ્ઞાયકસ્વરૂપ છે ને આખો જ્ઞાનસ્વરૂપ છે ને અને આખો જ્ઞેયસ્વરૂપ છે. ઈ ત્રણેય વચનના ભેદે ભેદ, વસ્તુમાં ભેદ નથી.

પરની હારે તો કાંઈ સંબંધ નથી. પણ પોતે જ્ઞેય કહો તોય આખો, જ્ઞાન કહો તોય આખો, જ્ઞાતા કહો તોય આખો. હૈં અનંતુ એ પોતે ને પોતે, શું કીધું વળી. ( શ્રોતાઃ અનંત શક્તિ–ગુણ કહ્યાને ) ઈ અનંત શક્તિ–અનંતી શક્તિનું નહીં, ઈ અનંત શક્તિ તો એનું માહાત્મ્ય કહ્યું, એમ નહીં. આ તો, અનંતસ્વરૂપ જે છે, જ્ઞાન એક અંશમાત્ર નહીં, પણ પૂરણ જ્ઞાયક તે હું અને એક અંશ જેટલું જ્ઞાન નહીં, આખો જ્ઞાન, આખું બધુ પૂર્ણવસ્તુ તે હું અને પૂર્ણવસ્તુ તે જ્ઞેય. સમજાણું કાંઈ ?

જુઓ આ સર્વજ્ઞપરમાત્માના કહેલાં તત્ત્વોનું રહસ્ય.

આવે છે ને શ્રીમદ્‌માં હે ભગવાન. તમારાં ( કહેલાં ) તત્ત્વો મેં લક્ષમાં લીધાં નહીં. એમ આવે છે. લક્ષમાં લીધાં નહીં હો. ( ક્ષમાપનાઃ– હે ભગવાન. હું બહું ભૂલી ગયો. મેં તમારા અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં, તમારાં કહેલા અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં. તમારા પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહીં, તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં. ) તમારા કહેલાં દયા–દાનને મેં જાણ્યાં નહીં, ઓળખ્યાં નહીં હોં એમ કહે છે. સમજાણું કાંઈ ?

" એવા ત્રણ ભેદ મારું સ્વરૂપમાત્ર છે; એવા જ્ઞેયરૂપ છું. " એવા જ્ઞેયરૂપ છું કહીને કહે છે કે ઈ ત્રણ થઈને હું એક જ્ઞેય છું. " ભાવાર્થ આમ છે, કે– હું પોતાના સ્વરૂપને વેદ્ય–વેદકરૂપે જાણું છું જુઓ ખુલાસો કરે છે. વેદાવાયોગ્યેય હું, જણાવાયોગ્ય હું, ને જાણનારોય હું જણાવાયોગ્ય હું ને જાણનારો ય હું, જણાવાયોગ્ય બીજી ચીજ ને જાણનારો હું, એમ નહીં. સમજાણું કાંઈ ? વેદ્ય એટલે જણાવા યોગ્ય અને વેદક એટલે જાણનાર. હું પોતે જ વેદ્ય–વેદકરૂપે જાણું છું. તેથી મારું નામ જ્ઞાન, પરને જાણું માટે મારું નામ જ્ઞાન એમ નહીં. હું જણાવાયોગ્ય ને હું જાણનાર માટે મારું નામ જ્ઞાન. શું કીધું સમજાય છે કાંઈ ? વૈદ્ય–જણાવા યોગ્ય પણ હું અને જાણનાર હું. એવા જણાવાયોગ્ય ને જાણનાર એવા જ્ઞાનમાત્ર હું. જણાવાયોગ્ય ને જાણનાર એવો જ્ઞાનમાત્ર હું, તેથી મારું નામ જ્ઞાન. હું પોતા વડે જણાવાયોગ્ય છું તેથી મારું નામ જ્ઞેય. હું મારા પોતા વડે જણાવાયોગ્ય છું. વિકલ્પ દ્વારા નહીં, નિમિત્ત દ્વારા નહીં, પર દ્વારા નહીં. એ.. ગુરુદ્વારા ય નહીં એમ કહે છે. પણ આમાં શું આવ્યું ? જુઓને લખ્યું છે ? હું પોતા વડે જણાવાયોગ્ય છું ( શ્રોતા આપ કહો છો ત્યારે સત્ય લાગે છે ) પણ સત્‌ તો એને પોતાને લાગે ત્યારે થાય ને અને પોતાથી જ. એમ કહે છે અહીંયા તો સમજાણું કાંઈ ? ( શ્રોતાઃ કોઈની મદદ તો હોય ને.. ? ગુરુ મદદરૂપ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોય ને...!) આંહી, શું કહે છે જુઓ (શ્રોતાઃ ગુરુ બતાવનાર છે ને...!) જયારે પોતે પોતાને બતાવે છે ત્યારે પોતે પોતાનો ગુરુ (શ્રોતાઃ પહલે તો ચાહિએ ન..!) પહેલાં પછી કાંઈ છે જ નહીં આમાં. એવી વાત છે ભઈ. ગુરુની વ્યાખ્યા નહોતી આવી, ? 'સમાધિશતક' માં કે જે કોઈ તત્ત્વને સમજાવે તે ગુરુ, તો પોતે પોતાને સમજાવે તત્ત્વને કે આવો છું. ને ભાઈ આવો છું ને ભાઈ માટે તું તારો ગુરુ શેઠી આહાહા! (શ્રોતાઃ સમજાવે તબ સમજમેં આવે ને...!) ઈ પોતે સમજે ત્યારે સમજમાં આવે. બીજાથી સમજવામાં કાંઈ આવતું નથી, બીજું તો જ્ઞેય છે એમ કહે છે. આંહીતો શું કીધું ? એ ગુરુ અને ગુરુની વાણી તો જ્ઞેય પણ એટલો જ્ઞાનનો પર્યાય, એટલુ જ્ઞેય પણ હું નહીં એમ કહે છે. અને તે જ્ઞાનની પર્યાય વાણી અને ગુરુથી થઈ છે એમેય નહીં. શું કીધું ? વર્તમાન જ્ઞાનની એક સમયની પર્યાય છે, એમાં ગુરુ-દેવ અને શાસ્ત્રો, એ તો જ્ઞેય છે. હવે એ જ્ઞેય છે એ જાણ્યું એ જ્ઞેયને લઈને નહીં, પોતાની પર્યાયને લઈને જાણ્યુ કે આ છે. પણ એ પર્યાયે જાણ્યું એટલો ય તે હું નહીં. એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા !

વીતરાગમાર્ગના રહસ્યો અલૌકિક માખણ છે માખણ આહાહાહા ! ઠરીને ઢીમ થઈ જાય એવું છે એવો વસ્તુ ભગવાન.

કહે છેઃ ઈ છ દ્રવ્યને જાણવામાં એમાં દેવ ગુરુ ને વાણી આવી ગયાં કે નહીં અને શાસ્ત્રો-આ બધાં શાસ્ત્રો આવી ગયા કે નહીં જ્ઞેય એ શાસ્ત્રોને મારી જ્ઞાનની પર્યાયમાં, મારાથી જાણું એટલો પણ હું જ્ઞેય નહીં એમ. એ શાસ્ત્રથી મેં જાણ્યું એમ નહીં, મારા જ્ઞાનની પર્યાય તેને જ્ઞેય કરીને તે વર્તમાન મારો જ્ઞાનનો પર્યાય સ્વતંત્ર તે જ્ઞેયના આલંબન વિના એટલે કે તેના આધાર વિના, એનું જેટલું જેવું સ્વરૂપ છે એવું મારી જ્ઞાનપર્યાયમાં મારાથી જણાણું, પણ એટલો ય હું જ્ઞેય ને એટલુ જ્ઞાન હું નહીં. તો પછી સામી વાણી ને ગુરુ એટલું અહીં આવ્યું અને એનાથી થાય એવું તો છે નહીં એમ કહે છે. શેઠ! તમારે બહુ હાલે છે ત્યાં ઓલા-પુસ્તકની વાણીમાંથી, મૂર્તિને ઉથાપીને તો મૂર્તિમાં કાંઈ ન મળે, વાણીમાં બધું ગરી ગયું. એવું બોલે છે એનામાં લખે છે પંડિત એના લખાણ આવે છે. શાસ્ત્રમાં ખોટે ખોટાં લખાણ બધાં. મૂર્તિમાં ક્યાં કાંઈ ગુણ પડયા છે એ તો જડ છે એમ કહે છે. તો ઈ તો જડ ને વાણી એ (પણ) જડ છે. સાંભળને હવે બેય જડ છે.

અહીંયા તો કહે છેઃ એ વાણીનો ખ્યાલ કર્યો એવો વિકલ્પ એ ય જડ છે. આ એ તરફના જ્ઞાનનો અંશ પ્રગટયો, એ પણ ખરેખર ચૈતન્યનો અંશ નહીં લે! કહે છે. ચૈતન્યનો અંશ નહીં ને ખરેખરું એટલું જ્ઞેય નહીં ને ખરેખરું એટલું જ્ઞાન નહીં. આહાહા ! આવી વાતું છે બાપુ સમજાણું કાંઈ ? એમ કે વાણીમાં ભગવાનના ભાવ ભરેલા છે એમ લખ્યું છે શું ? (શેઠ..!) તમારા પુસ્તકમાં એવું લખ્યું છે આ બધાએ ! આ બધાં ! હમણાં છાપ્યાં છે એમાં છે. વાણીમાં બધા ભગવાનના ભાવ ભર્યા છે. વાણીમાં ભાવ ભર્યા હશે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાનના ? ભગવાનનો આત્મા ત્યાં જતો હશે જડમાં ? પણ આ શેઠિયાને કાંઈ ખબર ન મળે ? ભાન ન મળે. રૂપિયા આપે એટલે હો હા થઈ જાય, જાવ, એય શોભાલાલજી પણ શેઠિયાને કહે કોણ ? દશહજાર વીસ હજાર આપે ત્યાં તો આહાહા ! શેઠી ! આહાહા !

અહીંયા તો કહે છે ગજબ વાત છે હોં આ શ્લોકની તો છેલ્લો હવે તો પછી બીજી ઢબ લેશે. સ્યાદ્‌વાદની બીજી ઢબ લેશે હા, ઈ વાણીને બીજી ઢબે લેશે. આ તો આમાં છેલ્લો બોલ મૂકી દીધો છે અભેદ કરતાં–કરતાં બધું કાઢી નાખતા અનંતશક્તિઓને દ્રવ્યક્ષેત્રકાળભાવને અને આ ત્રણને ( જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેયના ભેદને ) કાઢી નાખ્યાં ભાઈ એમાં તો ગજબની વાત છે, અહીં કહે છે ભાઈ તારા જ્ઞાનની પર્યાયમાં સર્વજ્ઞની વાણી જણાણી, સર્વજ્ઞ છે આ ને સર્વજ્ઞની વાણી સમોશરણમાં, એ તારા જ્ઞાનના પર્યાયમાં, એ જણાણું એ તો તારા જ્ઞાન પર્યાયની તાકાતથી જણાણું છે, એને લઈને નહીં. એ જ્ઞેયને લઈને નહીં. એ ( સર્વજ્ઞની ) વાણીમાં કાંઈ, આ જ્ઞાનનો પર્યાય એમાં વાણીમાં નહોતો. આહાહા ! અને વાણીમાં કાંઈ ભગવાનના ભાવ નથી આવ્યા, ભગવાનનો ભાવ તો એની પાસે રહ્યો છે. વાણીમાં તો વાણીનો ભાવ છે. સ્વ પરને કહેવાની શકિત વાણીની તાકાત વાણીનો વાણીમાં ભાવ છે. ભગવાનનો ભાવ જરીએ અડયો નથી એમાં. જેમ મૂર્તિમાં ભગવાનનો ભાવ જરીયે નથી. તેમ વાણીમાં ભગવાનનો ભાવ જરીએ નથી માળે હારે ગજબની વાત છે.

આ તો અજર પ્યાલાની વાતું છે આ શેઠ ! એમાં ક્યાંય કોઈની આમાં સિફારશ કામ આવે એવું નથી ( શ્રોતાઃ સિફારશ ક્યા હૈ... ? ) સિફારશ. સિફારશ નથી ચાલતી તમારે ? શું કહે છે ( તમારે હિન્દીમાં ) સિફારશ એટલે આ શેઠને સાથે લઈ જાય મદદમાં થોડું એમ, શું કહેવાય લાગવગ લ્યોને ભાઈ લાગવગ, લાગવગ ભાઈ, આ શેઠ મોટા છે તે લઈ જાવ આપણે ન્યાં દબાઈ જશે, એમ કરીને લઈ જાય કન્યા પરણાવી દેશે, એમ આમાં લાગવગ કોઈની હાલે એવી નથી. આહાહા ! ગજબ વાત છે ક્યાં લાવીને મૂકયું. પરજ્ઞેયથી ઊઠાવી લીધો, પોતાના જ્ઞાનની પર્યાયમાં એટલું જણાય એટલું જ્ઞેય ત્યાંથી ઊઠાવી દીધો, ઊઠી જા ન્યાંથી. અને એટલા જ્ઞાનપર્યાયમાં આટલું બધું જાણ્યું, તારાથી હોં તારી જ્ઞાનપર્યાયથી, એટલા જ્ઞાનમાત્ર તું ? ઊઠી જા ત્યાંથી આહાહા !

કહે છેઃ " હું પોતાના સ્વરૂપને વેદ્ય–વેદકરૂપે જાણું છું તેથી મારું નામ જ્ઞાન, હું પોતા વડે જણાવાયોગ્ય છું તેથી મારું નામ જ્ઞેય, એવી બે શક્તિઓથી માંડીને અનંત શક્તિરૂપ છું તેથી મારું નામ જ્ઞાતા " એ બધી શક્તિઓનો પિંડ હું જ્ઞાતા. આહાહા ! એવા નામભેદ છે. એવા ત્રણમાં પણ ( જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેયના ) નામભેદ છે. વસ્તુભેદ નથી. આહાહા ! કેવો છું ? " જ્ઞાનજ્ઞેયકલ્લોલવલ્ગન્ " જીવ જ્ઞાયક છે, જીવ પોતે જ્ઞેયરૂપ છે, એ પણ વચનનો ભેદ છે. તેનાથી ભેદને પામું છું. સમજાય છે ? વસ્તુમાં ભેદ નથી. આ પોતે જ્ઞાયક ને પોતે જ્ઞાન,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એવોય ભેદ નથી એમ કહે છે. પરજ્ઞેયને ( અહીંયાં ) જ્ઞાન એની તો વાત છે જ નહીં. સમજાણું કાંઈ ? હું એક જ્ઞાયક ને હું જ્ઞેય કથનમાત્રની પદ્ધતિ છે વ્યવહારની. બાકી તો જ્ઞાનેય હું, જ્ઞાતાય હું ને જ્ઞેય પણ હું એનો એ એક હું છું. એવા સ્વભાવમાત્રની દૃષ્ટિ કરવી એને સમ્યગ્દર્શન અને ધર્મની ઉત્પત્તિ કહે છે. આહાહા ! ભેદ કાઢી નાખ્યા ! સમજાણું ?

જીવ જ્ઞાયક છે, જીવ જ્ઞેયરૂપ છે. જુઓ જીવ પરજ્ઞેયરૂપ છે એમ નહીં. પોતે જ્ઞેયરૂપ છે ને પોતે જ્ઞાયકરૂપ છે. વચનથી ભેદ પડો, વસ્તુમાં ભેદ છે નહીં. વચનના ભેદ તે વસ્તુમાં ભેદ નહીં લ્યો ! ભાવાર્થ આમ છે કે- વચનનો ભેદ છે, વસ્તુનો ભેદ નથી.

વિશેષ કહેશે....

* * * * *

## પ્રવચન નં. - ૪ કળશ-૨૭૧ તા. ૩૦-૮-૬૮

( શ્રીસમયસાર-કળશટીકા ) હવે આ કળશ. અમારે પ્રસન્નકુમાર શેઠીએ માગ્યો છે કે એ શ્લોક ફરીને લેવો. કો ' સમજ્યા જુવાન માણસને પણ આ શ્લોક બહુ સારો લાગ્યો. પરમદિ ' પરમદિ ' ચાલ્યોને કાલે તો ( વ્યાખ્યાન ) બંધ હતું. ઈ સાંભળીને કહે કેઃ ઓહોહોહો ! ભારે બહુ સરસને ? એ શેઠી. તમારા ચિરંજીવીએ આ બીજી વાર માગ્યો. ( શ્રોતાઃ બધાને પસંદ થાય એવું થાશેને ? ) નીકળે એવું ખરું કાંઇ ન્યાં. આ તો શ્લોક ભાઈએ કહ્યું કેઃ ફરીને વંચાય તો સારું અને બીજા ય કેટલાક નવા આવ્યા છે ને જુઓ કો 'સમજાણું એ બસેંને એકોતેર શ્લોક છે બસો એકોતેર

( શાલિની )

योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव।
ज्ञेयो ज्ञेयज्ञानकल्लोलवल्गन् ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः।। ( ૮-૨૭૧ )

અલૌકિક શ્લોક છે “ ભાવાર્થ આમ છે કે જ્ઞેય-જ્ઞાયક સંબંધ વિષે ઘણી ભ્રાંતિ ચાલે છે. ” આત્મા જાણનાર જ્ઞાન અને પરવસ્તુ જ્ઞેય, એ જ જ્ઞેય છે અને બીજું જ્ઞેય હું પોતે પોતાનો જ્ઞેય છું, એમ ભ્રાંતિ ચાલે છે, કહે છે એની ખબર પડતી નથી હું જાણનાર ને આ વસ્તુ ( જગત ) જણાવા યોગ્ય તે જ્ઞેય, જુઓ વસ્તુ એમ કહે છે કે એવી ભ્રાંતિ જગતમાં છે કે હું એક જાણનાર છું અને આ છ દ્રવ્ય, મારા સિવાયની ચીજો અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, રાગાદિ દ્વેષાદિ બધાં પરવસ્તુ એ બધાં જ્ઞેય અને હું જ્ઞાન, એ ભ્રાંતિ છે. એમ નથી. આહાહા ! સમજાય છે કાંઈ ? લ્યો જ્ઞેય-જ્ઞાયક સંબંધ ભ્રાંતિ ( ચાલે છે ) “ તેથી કોઈ એમ સમજશે કે જીવવસ્તુ તો જ્ઞાયક છે પુદ્ગલથી માંડીને ભિન્નરૂપ છ દ્રવ્યો જ્ઞેય છે. ” આત્મા જાણનાર છે અને મારાથી અન્ય પદાર્થો તે જાણવા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



યોગ્ય જ્ઞેય છે. એમ જે માને છે તે તત્ત્વથી વિરુદ્ધ દૃષ્ટિ છે આહાહા! સમજાણું કાંઈ ?

જુઓ જેમ હમણાં કહેવામાં આવે છે તેમ છે "अहम् अयं यः ज्ञानमात्रः भावः अस्मि" "હું જે કોઈ ચેતનાસર્વસ્વ એવી વસ્તુસ્વરૂપે છું". હું તો ચેતના-જાણવામાત્ર વસ્તુ સ્વરૂપ હું છું. શું કહે છે કે મારા સિવાય જે વસ્તુ પરજ્ઞેય છે, અનંત છ દ્રવ્યો... એ બધાં જ્ઞેયો છે, તે જ્ઞેય છે ને હું એનો જ્ઞાયક છું એમ નહીં. બીજી રીતે, મારાં સિવાય જે અનંતા શરીરો, આત્માઓ, સિદ્ધો, પરમેશ્વરો, નિગોદના જીવો જે અનંત છે એ જ મારામાં જ્ઞેય છે. મને જણાવાલાયક એ ચીજ છે અને હું જાણનાર છું એટલું એનું સ્વરૂપ નથી. હજી તો પછી નાખશે પર્યાયમાં. સમજાણું કાંઈ ? ઈ મારા સિવાય છ દ્રવ્યો છે. આ શરીર, કર્મ, પરમેશ્વર, અનંત નિગોદના જીવ વિગેરે પરમાણુઓ સ્કંધ વિગેરે એ મારાથી છે એમ તો નહીં અને એનાથી હું છું એમ તો નહીં. સમજાય છે કાંઈ ? હું એક આત્મા છું જ્ઞાનાનંદ સ્વરૂપ માટે મારાથી આ જ્ઞેયો છે એમ તો નહીં અને એ જ્ઞેયો છે પરમેશ્વર છે નિગોદના જીવો છે લોકાલોક છે છ દ્રવ્યો છે, માટે મારો જ્ઞાનનો પર્યાય છે, માટે મારો જ્ઞાનનો પર્યાય છે, એમ છે નહીં. સમજાણું કાંઈ ?

હવે, એટલું તો નહીં પણ "ज्ञानमात्रः भावः अस्मि" ચેતના સર્વસ્વ "સઃ જ્ઞેયઃ" એ છ દ્રવ્યોને, જાણવાની વર્તમાન પર્યાયની એકસમયની લાયકાત આત્માના જ્ઞાનના એક સમયનો જે અંશ વર્તમાન એ છ દ્રવ્યોને જાણવાને લાયક પર્યાય, છ દ્રવ્યને જાણવાની લાયક પર્યાય એક સમયની મારી એ જ્ઞેય છે એ નહીં. એટલો જ્ઞેય છે એ પણ નહીં. સમજાય છે કાંઈ ? કહો આંહી તો પરનું કરવું ને પરથી થાય એ તો ક્યાંય વાત વહી ગઈ મુલુકચંદભાઈ આ બધા હુશિયાર માણસ હોય તો બધું કરતા હશે કે નહીં શેઠે તો બહુ કર્યું છે તમાકુનું ને બધું ઓલામાં શું કહેવાય સાયકલમાં ? અમરચંદભાઇ.

કહે છેઃ ભગવાન સાંભળ તો ખરો એક વાર સર્વજ્ઞે જોયેલું કહેલું અને એમ છે. પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા જેને એક સેકંડના અસંખ્યમાં ભાગમાં ત્રિકાળીજ્ઞાન છે, એ જ્ઞાનમાં ભગવાને એમ જોયું અને છે. કે તારા સિવાયના જેટલાં પરપદાર્થો અનંત છે, અરે સર્વજ્ઞો કેવળી અનંત અને એ બધા અને નિગોદના જીવ અનંત, અનંત પરમાણુ, અનંતા આ શરીરના રજકણો આ શરીરના રજકણો ને આ સ્કંધો બધાં કે કર્મનાં સ્કંધપિંડ આદિ કે આ વાણી ને મન, એ બધાં જાણવાયોગ્ય જ્ઞેયો, તે જાણવાયોગ્ય જ્ઞેયો, એ જ જ્ઞેય છે તારે માટે, એમ નથી. પ્રસન્નભાઈ કો 'સમજાણું કાંઈ ? તેમ આ ભગવાન આત્માને જ્ઞાનનો એકસમયનો પર્યાય, પર્યાય એટલે ભાવ એમાં એ છ દ્રવ્યો જણાય કેટલી તાકાત અનંતા કેળવીઓને એકસમયની પર્યાય જાણવાની તાકાત છે જીવમાં અનંતા નિગોદને અને ત્રણકાળ ત્રણલોકના ક્ષેત્રનું અમાપપણું છે, છે છે છે છે એવું જે ક્ષેત્ર અનંત આકાશ, એને પણ જ્ઞાનની એકસમયની પર્યાયમાં જાણવાની તાકાત છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમજાય છે કાંઈ ?

પણ છતાં, મારા જ્ઞાનની અવસ્થામાં, જે આ જ્ઞેયો જણાય એ તો હું નહીં, એ જ્ઞેય તો હું નહીં. પણ એ જ્ઞેયો, મારી જ્ઞાનપર્યાયમાં મારાથી જણાય એકસમયમાં- એક સમયનું જ્ઞેય એટલો ય હું નહીં સમજાય છે કાંઈ ? છ દ્રવ્યો છે, એ તો હું નહીં, તેમ ઈ છ દ્રવ્યો જ્ઞેય છે તે મારા જ્ઞાનના નથી અને મારા જ્ઞાનનો પર્યાય એ જ્ઞેયનો નથી. મારો જ્ઞાનનો પર્યાય અત્યારે વર્તમાન હોં એક સમયનો જ્ઞાનનો અંશ જે વર્તમાન પ્રગટ અંશ છે એ અંશ જ્ઞેયનો નથી. અનંત કેળવીઓનો સિદ્ધોનો એનો નથી નિગોદનો એનો નથી. તેમ તે જ્ઞેયો મારી પર્યાયના નથી. સમજાણું કાંઈ ? તત્ત્વ બહુ સૂક્ષ્મ છે સર્વજ્ઞે કહેલો સ્વભાવ આ જ વસ્તુની સ્થિતિ છે પણ એણે કોઈ દિ ' એવું અંતરમાં જાગૃત થઈને પ્રયત્ન કર્યો નથી.

કહે છેઃ ભગવાન તું કેવડો છો આહાહા ! એ મારા સિવાય અનંત જીવો, અનંત પદાર્થો- કેવળીઓ અનંત ઓહોહોહો અનંત સિદ્ધો, અરે એક-એક આત્મામાં સર્વજ્ઞ શક્તિ આદિથી ભરેલો એક આત્મા અનંત ગુણવાળો, એવા અનંતા સિદ્ધ કરતાં અનંતા આત્માઓ, એથી અનંતગુણા પુદ્‌ગલો, એથી અનંતગુણા ત્રિકાળ સમયો, એથી અનંતગુણા આકાશના પ્રદેશો સમજાય છે કાંઈ ? એનાથી એક એક દ્રવ્યના અનંતગુણા ગુણો એ બધા ગુણોને મારી જ્ઞાનની એકસમયની પર્યાય જાણવાની તાકાતવાળી છે. ( શ્રોતાઃ અલૌકિક છે... ! ) અલૌકિક હેં કીધું એટલું છે એમ કહે છે લ્યો આ તો ભાષા સમજાય છે કે નહીં ( હિન્દી શ્રોતાઃ બરાબર છે ) કો ' સમજાણું કાંઈ ?

વસ્તુ જ્ઞાનનો દરિયો છે ને જ્ઞાનસ્વરૂપ વસ્તુ છે ને આત્મા એટલે જ્ઞાનનો સ્વભાવ સ્વરૂપ ' જ્ઞ ' સ્વરૂપ હવે ઈ આખી ચીજ એકકોર રાખો અત્યારે, અત્યારે વર્તમાન પ્રગટ અંશ છે જે જ્ઞાનનો પ્રગટ અંશ, ક્ષયોપશમ છે ને વર્તમાન પ્રગટ અંશ વિકાસ એમાં જણાય છે કે આ છે, આ છે, આ છે, આ છે એમ જણાય છે ને ? ( જી, હા ) એ જણાનારો જે પર્યાયનો અંશ છે કહે છે કે એ અંશ, છ દ્રવ્યો-જ્ઞેયોનો નહીં, તેમ ઈ છ દ્રવ્યો છે માટે, મારો જ્ઞાનનો પર્યાય છે એમ નહીં. તેમ ઈ જ્ઞાનના પર્યાયમાં, અનંતા અનંતા આત્માઓ ને અનંતા પુદ્‌ગલો જણાય, માટે જ્ઞાનનો પર્યાય આવડો નો હોય એમ નહીં. એવડો મોટો છે છતાં એ જ્ઞાનનો જે વર્તમાન પર્યાય છે, એમાં જે જ્ઞેય જણાય, એ જ્ઞેય તો હું નહીં, પણ એ જ્ઞેય અનંતા મારી જ્ઞાનની પર્યાયમાં જણાય એટલો પણ હું જ્ઞેય નહીં એ જ્ઞેય તો નહીં- છ દ્રવ્ય તો જ્ઞેય નહીં, પણ છ દ્રવ્યો મારી પર્યાયમાં અનંતા કેવળી, અનંતા પરમાણુ, અનંતા આત્મા સર્વજ્ઞશક્તિવાળા અનંતશક્તિવાળા પર્યાયમાં જણાય, તેથી તે પર્યાય મોટી છે ને જબરી છે માટે જ્ઞેય પૂરું થઈ ગયું ત્યાં, માટે જણાવાયોગ્ય જ્ઞેય ત્યાં પૂરું થઈ ગ્યું ? કે, ના એટલો ય હું જ્ઞેય નહીં. કારણ કે એવો જે જ્ઞેય, જ્ઞાનનો જે અંશ છે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એવા અનંતા અંશનો પિંડ તો એક જ્ઞાનગુણ છે. સમજાણું કાંઈ ? એક અંશ જે છે પ્રગટ, એવા સાદિ અનંત–આદિ અનંત અનંત અનંત અંશો, એનો પિંડ તો એક આત્માનો જ્ઞાનગુણ છે. માટે જ્ઞાનનો અંશ જે છે. એટલો હું જ્ઞેય છઉં નહીં. સમજાણું કાંઈ ? અલૌકિક વાત છે ભઈ આ તો ! એણે આત્મા શું ચીજ છે. એની મહત્તા ને એની માહાત્મ્ય, અંદરથી કોઈ દિ ' કર્યું નથી. આ કરું ને આ કરું ને આ કરું કરે શું માળા ' સાંભળને આંહી ઈ તો કહે છે જગતની બધી ચીજો અરે દયા–દાન–વ્રત આદિના વિકલ્પો જ્ઞેય છે, માટે જ્ઞાનનો આંહી પર્યાય છે એમ નહીં. જ્ઞાનની પર્યાય છે માટે ઈ રાગ–દ્વેષ છે એમ પણ નહીં.

હવે ઈ બધાને જાણે છે જ્ઞાનનો પર્યાય, માટે બધાં છે માટે એની તાકાતથી અહીંયાં જાણે છે એમ નથી. પોતાની પર્યાયથી જાણે છે. પણ ઈ પોતાના પર્યાયનો અંશ જે છે. એટલું જ મારું જ્ઞેય છે, એમ નહીં. મને જણાવાલાયક એટલો જ અંશ જ્ઞેય છે એમ નહીં. કેમ કે એ સમયનો અંશ છે એવા અનંતા અંશોનો પિંડ તો એક જ્ઞાનગુણ છે અને એવા એવા અનંતગુણનો પિંડ તે દ્રવ્ય છે. એ દ્રવ્ય તે મારું દ્રવ્ય છે ( શ્રોતાઃ એ પકડવાનું છે... ! ) એ પકડવાનું છે. ( –એ લક્ષમાં લેવાનું છે. ) આ તો માર્ગ આ છે વસ્તુસ્થિતિ આ છે આ કંઈ કોઈની કરેલી છે કે અમારી તારી એમ છે ? વીતરાગ ભગવાને જેવું જોયું તેવું કહ્યું ને કહ્યું તેવું છે. કો ' સમજાય છે કાંઈ ? આહાહા !

કહે છે : " સઃ જ્ઞેયઃતે હું જ્ઞેયરૂપ છું. " શું કીધું પર–અનંતા જ્ઞેયો તે રૂપ હું નહીં. અનંતા જ્ઞેયોને જાણવાનો એકસમયનો પર્યાય તેટલો હું નહીં ત્યારે " ચેતનાસર્વસ્વ એવી વસ્તુસ્વરૂપ છું " આખું ચેતનાનું આખું રૂપ જે છે ત્રિકાળ તે હું છું, તે હું જ્ઞેય છું. કોઈ દિ 'સાંભળ્યું નહીં હોય ત્યાં, ક્યાં હતું ન્યાં ? આહાહા ! " તે હું જ્ઞેયરૂપ છું. " આહાહા ! જણાવાલાયક એવડો હું ચેતનાસર્વસ્વ વસ્તુ, ચેતનાસર્વસ્વવસ્તુ ! એમાં બધા ગુણો સ્વરૂપ આખું આવી ગયું ચેતના સર્વસ્વ વસ્તુ વસ્તુ વસ્તુ એ હું જ્ઞેય છું, એ હું જ્ઞેય છું. એવડો હું જ્ઞેય છું બફમ જેવું છ. ન્યા ઓલા દુકાનમાં વેપાર કરે કેવું ધમાધમ હાલે જાંઠા–એઇ ભાઇ હુંશિયાર ત્યાં લાગે, હુશિયાર ત્યાં દેખાય–અહીં બફમ થઇ જાય. ન્યાંય હુંશિયારી કામ કરતી નથી. મફતનો અભિમાન કરે છે. ન્યાં ધૂળમાં ય કામ કરતી નથી, એને અભિમાનમાં કામ આવે.

અહીંયાં તો કહે છે કેઃ આત્મા વસ્તુ છે, એનો એક જ્ઞાનગુણ. છે વસ્તુ જેમ સાકર છે એનો ગળપણ ગુણ છે ( અને ) એની વર્તમાન અવસ્થા ગળપણની એમ હું આત્મા છું, એનો જ્ઞાનગુણ છે, એની વર્તમાન અવસ્થા છે એક અંશ એ અંશ છે એટલો જ્ઞેય છું એમ નહીં. આખી સાકર રહી જાય છે કહે છે. આત્મા ચેતના સર્વસ્વ પૂરણ ચેતનાસર્વસ્વ ઓલામાં ' પંચાધ્યાયી ' માં આવ્યું નથી. ' ઊતરેલું છે ' એમ ભાષા આવે છે ને ભાઈ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચેતના સર્વસ્વ ' ચેતના ઊતરેલી છે ' એવો પાઠ આવે છે. આત્મામાં ચેતના ઊતરેલી છે. આખો ઉપયોગ ઊતરેલો છે, ઊતરેલી એટલે? ચૈતન્યસ્વરૂપ જ છે એમ. આહાહા! શાસ્ત્રની ભાષા ય ભિન્ન-ભિન્ન કરીને ભારે કેવળજ્ઞાન ઉતાર્યું છે. આમ આત્મા એમાં ચેતના ઊતરેલી છે, ઊતરેલી એટલે કોતરાયેલી છે ચેતનાસ્વરૂપ જ આત્મા છે ઈ ચેતનાસ્વરૂપ જે આત્મા છે એ હું જ્ઞેય મારે જણાવાલાયક હોય તો એ ચીજ છે સમજાણું કાંઈ ? આહાહા !

હવે, આંહી તો દુનિયાના થોડાક એલ. એલ. બી. ને એમ. એ. પૂંછડા વળગાડે ત્યાં થોડા ઘણા થઈ જાય ઓલા- શું કહેવાય માસ્તર-બાસ્તર કહેવાય છે ને (શ્રોતાઃ ગ્રેજ્યુએટ) ગ્રેજ્યુએટ નહીં, ઓલો મોટાનો ભણેલો ઓલો (શ્રોતાઃ પી.એચ. ડી. પ્રોફેસર) હા, દાક્તર એનો મોટો કહેવાય છે ને તમારે (શ્રોતાઃ પી.એચ.ડી.) તારો એ જ્ઞાનનો પર્યાય તો અજ્ઞાન તો ક્યાંય ગ્યું સમજ્યા ? અજ્ઞાનનો પર્યાય હોં ઈ, પણ એ પર્યાયમાં આટલું બધું છ દ્રવ્યો જણાય, એ પર્યાય અંશ છે, અંશ છે ઈ જ્ઞેય નહીં. એ મારે જણાવા યોગ્યનું પૂરું જ્ઞેય નહીં, એ તો અપૂર્ણ જ્ઞેય છે. આહાહા ! જેમાં આ વિદ્યા તો ક્યાં. પણ જેમાં છ દ્રવ્યોને અનંતા કેવળીઓ જે જ્ઞાનની પર્યાયમાં જણાય, એ પર્યાય પણ મારું જ્ઞેય નહીં પૂરું, એ તો પર્યાયનો- અંશરૂપ જ્ઞેય, છે પૂરું મારું જ્ઞેય ચેતન સર્વસ્વ પૂરણ જ્ઞાયક માત્ર ચેતનસ્વભાવ તે મારું જ્ઞેય છે. મારે જાણવાયોગ્ય હોય તો ઈ ચીજ છે, અંશ જેટલી જાણવાયોગ્ય ચીજ છે નહીં કો 'સમજાય છે કાંઈ ?

ત્યારે કહે છેઃ " તે હું જ્ઞેયરૂપ છું. " " સઃજ્ઞેયઃ " છે ને ? " ન એવ " પરંતુ એવા જ્ઞેયરૂપ નથી; કેવા જ્ઞેયરૂપ નથી " " જ્ઞેયજ્ઞાનમાત્રઃ " પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોના સમૂહના જાણપણામાત્ર- તે જ્ઞેય નથી, પહેલાં જ્ઞેય છ દ્રવ્યને કાઢી નાખ્યાં. ભાવાર્થમાં પહેલાં સમુચ્ચયમાં. છે નેઃભિન્ન છ દ્રવ્યો જ્ઞેય છે એમ નહીં ? " પુદ્ગલથી માંડીને છ દ્રવ્યો જ્ઞેય છે પરંતુ એમ તો નથી " છ દ્રવ્યો જ્ઞેય છે એમ તો નહીં, એ તો પહેલું કાઢી નાખ્યું. હવે, ઈ છ દ્રવ્યો જે છે અનંતા, એને જાણનારો જ્ઞાનનો પર્યાય, એ જ્ઞેય નહીં. એટલા ' જાણવામાત્ર ' નો અંશ તે જ્ઞેય એટલું નહીં. આહાહા ! આ જુદી જાતની વાત છે હોં કોઈ દિ ' ન્યાં ગજનો આંકોય સૂઝે એવો નથી, ન્યાં વાંચે તોય. ઘરે છે પુસ્તક તો હશે ઘરે આ લીધું છે કે નહીં શું કહેવાય આ ' કળશ ટીકા ' લીધી છે કે નહીં લીધી નથી જવાબ નથી તેનો ' લીધું હોય તે, ખબરે ય નો ' હોય આ, આ ઊંચાં પુસ્તકો, અત્યારે તો બહુ પ્રચલિત થઈ ગયું છે ઘણું કળશ ટીકા સમજાણું કાંઈ

અહીંયાં કહે છેઃ " જ્ઞેયજ્ઞાનમાત્રઃ " પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોના-સમૂહના જાણપણા માત્ર ભાવ તેટલો પણ હું જ્ઞેય નહીં ઓહોહોહો હો... આ શું કહે છે આ આહાહા ! હું તો કેવળજ્ઞાનનો ભિખારી છું કહે છે કેવળજ્ઞાનનો માગવાવાળો છું અને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કેવળજ્ઞાનની માગણી પણ પૂરણદ્રવ્યને આશ્રયે મળે એવી છે. આહાહા! કો ' સમજાણું કાંઇ? કેવળજ્ઞાનની ઉત્પત્તિ છે ને ઉત્પત્તિ ઈ અપેક્ષાએ એની ભાવના પણ એની ઉત્પત્તિ થાય ક્યાંથી એ જ્ઞેયમાત્ર ચૈતન્યસ્વરૂપ પૂરણ છું એને અવલંબીને કેવળજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? પોતાનું પૂરણરૂપને જ્ઞેય બનાવતાં એકસમયનું કેવળજ્ઞાન, ત્રણ કાળને જાણે એવો જ્ઞેય એક સમયની પર્યાય એમાંથી પ્રગટ થાય છે આહાહા! જે જ્ઞેયવસ્તુસ્વરૂપ અખંડ તે કેવળજ્ઞાનના અંશમાત્ર પણ જે જ્ઞેય નથી. શું કીધું શ્રુતના જ્ઞાનના પર્યાયના અંશમાત્ર પણ એ જ્ઞેય નથી, એવડો જ્ઞેય નથી, પણ કેવળજ્ઞાનનો પર્યાય જે છે એવડોય, મારું જ્ઞેય નથી લે આહાહા! એ કેવળજ્ઞાન પણ એકસમયનો ત્રણકાળ ત્રણલોકને પ્રત્યક્ષ જાણે, આંહી મતિ શ્રુતજ્ઞાન પરોક્ષ જાણે, પણ એટલોય હું જ્ઞેય નહીં. એકરૂપ ચૈતન્યસ્વરૂપ ત્રિકાળી જ્ઞાયક માત્ર, જેમાં એવા અંશો અનંતા પડયા છે કેવળજ્ઞાનના અનંતા અનંતા અનંતા અનંતા અનંતગુણા અનંતગુણા અનંતગુણા અંશો પડયા છે. એવું આખું જ્ઞાનમાત્ર અને જ્ઞાનમાત્ર શબ્દે આખું દ્રવ્ય-આખું દ્રવ્ય સમજાણું કાંઈ? આહાહા!

એવા પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોના સમૂહના જાણપણા માત્ર પણ હું જ્ઞેય નહીં. એવો પણ એટલો જ્ઞેય નહીં. ભઈ હળવે-હળવે તો આવે છે, એક ભાઈ કહેતા ' તા ક્યાં ગયા? કે હું વિચારું છું પણ બેસતું નથી અંદર પાલનપુરવાળા મણિભાઈ, મણિભાઈ છે કે નહીં ગ્યા ( મણિભાઈ: જી, ) હા, ઠીક ઈ કહે કે હું મહેનત તો કરું છું. કહે પણ પકડાતું નથી, ફરીવાર આવ્યું આ ફરીવાર ( આવે ) બબ્બેવાર આવે તો તો પકડાય કે નહીં? પણ વાત ઈ કે જીવે દરકાર જ કરી નથી. બહાર આ કરું ને આ મૂકું ને દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા ને ધૂળ ને ધાણી.

પણ, વાસ્તવિક જ્ઞાનાનંદમૂર્તિ છું એ તો જાણનાર છે, કરવું ફરવું એમાં હતું કે દિ ' સમજાણું કાંઈ? આવો સર્વજ્ઞસ્વભાવ આત્મા એમ કહે છે. સર્વજ્ઞસ્વભાવ એટલે? એક સમયની પર્યાય સર્વજ્ઞ એમ નહીં, એવા બધા અંશો ત્રિકાળ ને એવા બધા ગુણોનો પિંડ એવો હું આખો આત્મા તે મારું જ્ઞેય છે. તે હું જ્ઞેય છું એવડો હું જ્ઞેય છું આહાહા! શેઠ! આમાં કાંઈ ભાષા બહુ આકરી નથી હોં? નો 'સમજાય એમ મગજમાં ન કરવું. ન સમજાય એમ કરવા જાય, તો ઈ સમજવા નહીં દે એને, આ ન્યાયથી તો કહેવાય છે પણ હવે એને પકડવું તો એને છે ને કે કોઈ પકડાવી દે એવું છે?

કહે છે: હું તેવો જ્ઞેયરૂપ છું. કેટલો કે: ચેતના સર્વસ્વ જેટલો આખો, પરંતુ એવા જ્ઞેયરૂપ નથી; કે પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોના સમૂહના જાણપણામાત્ર- એવા જ્ઞેયરૂપ હું છઉં નહીં. આહાહા! તને જણાવાયોગ્ય પ્રમેય તો આખું દ્રવ્ય છે કહે છે, એમ કહે છે જુઓ, સમજાણું કાંઈ? અને ઈ દ્રવ્યને જાણ ત્યારે તને સમ્યગ્દર્શન થાય કારણ કે એવડું જ્ઞેય છે તેવડું જ્યારે પ્રતીતમાં આવે ત્યારે સાચી પ્રતીત થઈ કહેવાય.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

સમજાણું કાંઈ ?

ભાવાર્થ આમ છે કે " હું જ્ઞાયક અને સમસ્ત છ દ્રવ્યો મારાં જ્ઞેય એમ તો નથી. તો કેમ છે, આમ છે " " જ્ઞાનજ્ઞેયજ્ઞાતૃમદ્વસ્તુમાત્રઃ જ્ઞેયઃ " જ્ઞાન અર્થાત્ જાણપણારૂપ શક્તિ ત્રિકાળ, જ્ઞેય જણાવાયોગ્ય શક્તિ એય ત્રિકાળ, જણાવાયોગ્ય શક્તિ ત્રિકાળ, હું જણાવાયોગ્ય દ્રવ્ય ત્રિકાળ આંહી બે શક્તિ લીધી. ઓલી જ્ઞાન અને જ્ઞેય. એમ લીધું છે. એક એક શક્તિ " જ્ઞાતૃ ' જ્ઞાતા, અનેક શક્તિએ બિરાજમાન વસ્તુમાત્ર. એમ લીધું, જ્ઞાન જાણવાયોગ્ય એક શક્તિ પૂરણ, સમજાય છે ? જ્ઞેય જણાવાયોગ્ય શક્તિ પૂરણ, એક-એક શક્તિ લીધી, પણ જ્ઞાતા બધો આખો પિંડ તે જ્ઞાતા કહે છે જ્ઞાતા, અનેક શક્તિએ બિરાજમાન વસ્તુમાત્ર. " એવા ત્રણ ભેદ મારું સ્વરૂપમાત્ર છે. " એ ત્રણ ભેદ કહેવા માત્ર બાકી મારું સ્વરૂપ એકરૂપ " એવા જ્ઞેયરૂપ " છે. જ્ઞાન તે હું-જ્ઞેય તે હું ને જ્ઞાતા તે હું હું બધુંય એકનો એક છું. એમ કહે છે. આહાહા !

આ પરને જાણવાનું જ્ઞેય, તે તો નહીં, પર જણાય એટલો જ્ઞાનનો અંશ તેટલો તો જ્ઞેય નહીં, પણ હું અખંડ જ્ઞેય, હું અખંડજ્ઞાન ને હું અખંડ જ્ઞાતા એવા ત્રણ ભેદ પણ મારામાં નથી. હું તો " છું ઈ નો ઈ છું " જણવાયોગ્ય તે ય હું ને જાણનારો તે ય હું ને જ્ઞાતા પણ હું. આહાહા ! " એવા ત્રણ ભેદ મારું સ્વરૂપમાત્ર છે " ઈ ત્રણ ભેદ થઈને આખું સ્વરૂપ છે એમ કહે છે. " એવા જ્ઞેયરૂપ છું "

" ભાવાર્થ આમ છે કે હું પોતાના સ્વરૂપને વેદ્ય વેદકરૂપે જાણું છું, લ્યો તેથી મારું નામ જ્ઞાન " જ્ઞાન કેમઃકે જણાવાયોગ્ય ને જાણનારો હું એમ જાણું, માટે જ્ઞાન, જણાવાયોગ્યે ય હું ને જાણનારો ય હું, માટે જ્ઞાન સમજાણું કાંઈ ? કહે છે આહાહા ! માણસ ઓલા-જૂના સાંભળનારને ય એમ લાગે કે શું છે આ બધું નવું છે, નવું નથી પણ એની ચીજ છે, એવી પણ એણે એ ચીજને કેવડી ને કેમ છે એવી સાંભળી નથી એટલે એને એમ લાગે કે આ તે શું છે, શું કહે છે પણ મારે આ ધર્મ કરવો, એમાં આવી વાત મૂકીને શું કામ છે તમારે ? પણ તારે ધર્મ કરવો હોય તો ધર્મી એવો ધર્મ કરનાર કેવડો છે એ દૃષ્ટિમાં ન લે તો ધર્મ થશે નહીં, એમ કહે છે. ધર્મ કરનારો ધર્મી કેવડો છે ? એ જ્ઞેય કેવડું છે, જ્ઞાન કેવડું છે ને જ્ઞાતા કેવડો છે એના ભાન વિના ધર્મ ત્રણકાળમાં ક્યાંય થતો નથી. આમાં ક્યાં આમાં વડાલમાં અપાસરામાં સાંભળવા મળે એવું છે આવું ? ( ન્યાલભાઈઃ ન્યાંથી તો ભાગી આવ્યા ) ભાગી આવ્યા આહાહા ! શું કહે છે પણ અરે આખો દરિયો ડોલે છે ને પ્રભુ તારી પાસે કહે છે.

એ જ્ઞાનમાત્ર પણ તું એકલું અખંડ હોં.. જ્ઞેયમાત્ર પણ તું ને જ્ઞાતા પણ તું ત્રણ વચનના ભેદ છે, વસ્તુમાં ભેદ નથી. કીધું ને ( સમયસાર-નાટક કર્તા-કર્મ-ક્રિયાદ્વાર-૭ ) " કરતા પરિનામી દ્રવ્ય, કરમ રૂપ પરિણામ. કિરિયા પરજયકી ફિરનિ,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વસ્તુ એક ત્રય નામ. ” કર્તા આત્મા, એનું પરિણામ તે કાર્ય, પર્યાય બદલે તે તેની ક્રિયા, પણ વસ્તુ તો એકની એક જ છે. એમ અહીંયાં જણાવાયોગ્ય તે હું, જાણનારો તે હું, જ્ઞાતા તે હું. સમજાણું કાંઈ ? આહાહા ! દૃષ્ટિ પર્યાય ઉપરથી છોડાવી ને દ્રવ્ય ઉપર મૂકવા માગે છે. પર્યાય જેટલો આત્મા નથી, પર્યાય જેટલું જ્ઞેય નથી, પર્યાય જેટલું જ્ઞાન નથી ને પર્યાય જેટલો જ્ઞાતા નથી ભાઈ શું કીધું ? પર જેટલો તો નથી, પણ એની એકસમયની પર્યાય જેટલું જ્ઞેય નથી, પર્યાય જેટલું જ્ઞાન નથી ને પર્યાય જેટલો જ્ઞાતા નથી સમજાણું કાંઈ ? પર્યાય જેટલું જ્ઞેય નહીં, પર્યાય જેટલું જ્ઞાન નહીં, પર્યાય જેટલો જ્ઞાતા નહીં અમારે વકીલ છે ને એ હુશિયાર છે કો ’સમજાણું આમાં ? આહાહા ! લોજિક, ન્યાયથી તો વાત હાલે છે આમાં પણ કોઈ દિ ’ નજરું આંગણે આવ્યો નથી ને આંગણે છબવા દીધું નથી માળે, એને બહારને બહાર ભમ્યા કર્યો છે, આમ ને આમ આમ ને આમ ! આવો ભગવાન આત્મા ‘ પ્રભુ તારી પાસે, પ્રભુ નથી વેગળા ’ તારાથી જુદા આઘા નથી આહા ! જણાવાયોગ્ય તો ય હું, જાણનારો તો ય હું, એમ કીધું ને જુઓ ને “ હું પોતાના સ્વરૂપને વેદ્યવેદકરૂપે જાણું છું. તેથી મારું નામ જ્ઞાન, મારું નામ જ્ઞાન, હું પોતાવડે જણાવા યોગ્ય છું, હું મારા વડે જણાવા યોગ્ય છું. તેથી મારું નામ જ્ઞેય ” એવા નામ પડયા છે ત્રણ કહે છે વસ્તુમાં ભેદ નથી. એવી બે શક્તિઓથી માંડીને અનંત શક્તિરૂપ છું, અનંત શક્તિરૂપ છું, અનંત શક્તિરૂપ અનંતશક્તિ સ્વરૂપ છું તેથી મારું નામ જ્ઞાતા, એવા નામભેદ છે પણ વસ્તુ ભેદ નથી આહાહા ! હેં ? તું ત્યાં જે છો ઈ તું છો, જ્ઞેય પણ આખું તારું, જ્ઞાન પણ આખું તારું ને જ્ઞાતા પણ આખો તારો. “ ત્યાં દૃષ્ટિ કરવા જેવી છે ”, પર્યાય દૃષ્ટિ છોડી, નિમિત્તદૃષ્ટિ છોડી, ભેદદૃષ્ટિ છોડી, જ્ઞેયની પણ નિમિત્તદૃષ્ટિ છોડી, પર્યાયદૃષ્ટિ છોડી ને જ્ઞેય પૂરણ છે ત્યાં દૃષ્ટિ કરવા જેવી છે. જ્ઞાનમાં પણ પરથી જ્ઞાન થશે એમ છોડી ને એક અંશ માત્ર જ્ઞાન તે આખું જ્ઞાન છે એમ છોડી અને ત્રિકાળજ્ઞાન છે એમ દૃષ્ટિ કરવા જેવી છે. જ્ઞાતા પણ પરને લઈને છે એમ છોડી. અંશ માત્ર છે એમ છોડી, ત્રિકાળજ્ઞાતા છે એમ દૃષ્ટિ કરવાલાયક છે. કો ’ પ્રસન્નભાઈ ભાઈ આ તો પ્રસન્નભાઈએ ફરીને વંચાવ્યું કો ’સમજાણું આમાં ? આહાહા !

આમાં દયા–દાન–વ્રતના વિકલ્પોનો કર્ત્તા તો ક્યાંય રહી ગ્યો ઈછે જ નહીં. પણ એ દયા દાનના વિકલ્પનો જ્ઞાતા જ્ઞાનની પર્યાયમાં ઈ જણાય એટલું જ્ઞાન છે, ઈ રાગ છે માટે જ્ઞાનનો પર્યાય છે એમેય નહીં, અને ઈ જાણે છે જ્ઞાનનો પર્યાય એને પોતાને અને પરને એટલે એક સમયની પર્યાય, એટલું ય જ્ઞેય નહીં. એટલો ય જ્ઞેય નહીં, એટલું જ્ઞાનેય નહીં, એટલો જ્ઞાતાય નહીં. આહાહા ! ત્રણેયની પર્યાયદૃષ્ટિ ઊઠાવી, અંતર્દૃષ્ટિ કરવાનો આ વિષય છે આહાહા ! ઘણી ગજબ વાત છે આવી વાત ક્યાંય બીજે હોઈ શકે નહીં. દિગંબર સંતો મુનિઓએ વાસ્તવિક તત્ત્વને પ્રસિદ્ધ કરીને, જગત પાસે પ્રસિદ્ધ મૂકે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

છે આહાહા! વાડાવાળાઓને ખબર ન મળે સંપ્રદાયમાં પડયા હોય એને આ તો, સંતોએ આપેલી પરસાદી છે આહાહા! મહામુનિઓ દિગંબર સંતો વનવાસી વનના વાઘ સ્વરૂપમાં રહીને રાગને થાપ મારીને તોડી નાખનારા વીતરાગવિજ્ઞાનને પ્રગટ કરીને એવી શૈલીમાં કઈ રીતે, કઈ પદ્ધતિએ આત્માને-જ્ઞેય-જ્ઞાન ને જ્ઞાતા તરીકે લાવીને મૂક્યો છે. આહાહા! સમજાણું કાંઈ? તારે કહે છે કરવાનું હોય તો 'આ' કરવાનું છે કો' શેઠ?

"કેવો છું" "જ્ઞાનજ્ઞેયકલ્લોલવલ્ગન્" જીવ જ્ઞાયક છે અને જીવ જ્ઞેયરૂપ છે એકના ને એકના બે ભાગ, એમેય નહીં કહે છે, એ તો વચન માત્ર કહેવા માત્ર છે. ભાષા તો જુઓ કહે છે પરજ્ઞેય છે એ તો ગ્યું. આ પરજ્ઞેયને એકસમયની પર્યાયનું જ્ઞેય એ પણ ગ્યું, હવે જીવ જ્ઞેયને જીવ જ્ઞાયક, જીવ જ્ઞેયને જીવ જ્ઞાયક, કરો ભેદ પાડો વિકલ્પ ઊઠશે. ભેદ છે નહીં અંદર સમજાણું કાંઈ? આહાહા! દુનિયા પાસે, સત્યને પ્રસિદ્ધ કરવાની મૂકવાની કળા એ સંતોની આ વાત, એય સંતો નગ્ન મુનિ "નાગા બાદશાહથી આઘા" એણે આ વાત જગત પાસે પ્રસિદ્ધ કરી ને મૂકી છે. સમજાણું કાંઈ? ગજબની શૈલી.

જીવ જ્ઞાયક છે અને જીવ જ્ઞેયરૂપ છે. શેઠી? એ ભેદેય નહીં કહે છે લે ઠીક? પરજ્ઞેય છે ઈ નહીં, એકસમયનો પર્યાય છ દ્રવ્યને જાણે એટલો ય જ્ઞેય નહીં, જીવ આખો જ્ઞેય ને આખો જ્ઞાયક ભેદ નહીં હો આહાહા! "એવી જ્ઞાયકશક્તિનું તત્ત્વ આખું ભગવાન" જ્ઞેયરૂપે ને જ્ઞાનરૂપે ને જ્ઞાયક બસ એ જ દૃષ્ટિ કરવાયોગ્ય અભેદ વસ્તુ છે, અભેદમાં ભેદ નહીં. આ જીવ છે એ જ્ઞેય અને એ જીવ વળી જ્ઞાયક એવો પણ જ્યાં દૃષ્ટિના વિષયમાં વસ્તુનો ભેદ પડતો નથી. કો' સમજાણું કાંઈ?

"એવો જે વચનભેદ તેનાથી ભેદને પામું છું" શું કહે છે આ જીવ જ્ઞેય છે ને આ જીવ જ્ઞાયક છે- એવા વ્યવહારના વચનોથી ભેદ ભલે હો વસ્તુમાં ભેદ છે નહીં. ઓહોહોહો! ભગવાન કેવળજ્ઞાની મારા જ્ઞેય, જણાવાયોગ્ય પરમેશ્વર આવે છે ને ('પ્રવચનસાર' ગાથા-૮૦) "**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जायत्तेहिं। सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं।। ८०।।**" જે પ્રવચનસારમાં એમ આવે કે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે, જ્ઞેય તરીકે આ છે એમ જાણે, તો એને આત્મા જણાય ને મોહનો નાશ થાય. આંહી તો કહે છે કે અરિહંતના જેટલું જ્ઞેય હું નહીં. અને એને જાણવાનો મારો પર્યાય, એટલો ય હું નહીં. ઓલું આવે છે. અંદરમાં ન્યાંય એમ કહ્યું છે કેઃ અંદરમાં તું વળી જા. ન્યાં એમ કીધું છે. સમજાણું કાંઈ? આવડા અરિહંત સર્વજ્ઞ છે એ તો એકમાં બધાં આવી ગયાં એવો પર્યાય નક્કી કરે, ત્યારે એ પર્યાય પછી અંતરમાં વળે તો આ આ દ્રવ્ય પણ જ્ઞેય પૂરણ છે, જ્ઞાનપૂરણસ્વભાવ પૂરણ છે, એમ ગુણ ગુણીનો ભેદ અને પર્યાય-પર્યાયવાનનો ભેદ કાઢી નાખી, અને અભેદ ઉપર દૃષ્ટિ કરે એટલે એને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોહનો ક્ષય થઈને ક્ષાયિક સમકિત થાય. ત્યારે કેવળજ્ઞાનને લેવાનું પાકું બીજડું પાકે આહાહા ! સમજાણું કાંઈ ?

( કહે છેઃ ) " ભાવાર્થ આમ છે કે વચનનો ભેદ છે, વસ્તુનો ભેદ નથી. " રાજમલ્લજીએ પણ ટીકા કરી છે ને માળે " પાંડે રાજમલ્લ જૈનધર્મી, સમયસાર નાટકકે મર્મી. " લ્યો. ઈ શ્લોક થયો ફરીને લીધો તો લ્યોને આ લોકોને સાંભળવાનું મળ્યું છે ને, બોટાદવાળા આ શું છે કે આ ? નવું નવું લાગે છે જ્યારે આવે ત્યારે એમ કહે કે આ તે બધું નવું શું છે. નવું નથી બાપુ... ! તારી જાતની વાત છે, ભગવાને કહેલી છે પણ એને સાંભળવા મળે નહીં એટલે એને એમ લાગે છે કે આ શું માળું. આ વળી કઈ જાતની વાત ઓહો ! આહાહાહા !

મારા સિવાયના અનંતા જ્ઞેયો તે મારા કાર્ય છે મારે લઈને છે એ તો નહીં, પણ એને લઈને હું છું ઈ એ નહીં, પણ એ મારું જ્ઞાન એને જાણે માટે એટલો પર્યાય જેટલો હું છું એ નહીં અને એ પર્યાય જાણે એ જ્ઞેય છે માટે જાણે છે એમેય નહીં અને એ પર્યાય પોતાથી સ્વતંત્ર અંશે જાણે છે એટલો ય જ્ઞેય નહીં, હું તો ત્રિકાળ જ્ઞાયકમાત્ર જીવ છું, તે જ્ઞેય છું આહાહા ! સમજાણું કાંઈ ? આમાં પુનરુક્તિ લાગે નહીં હોં ( શ્રોતાઃ પુનરુક્તિ તો કરવા જેવી છે.. ! ) આહાહા !

લ્યો ઈ શ્લોક થ્યો બસો એકોતેર.

*****

---

## પ્રવચન નં. - ૫ કળશ - ૨૭૧ તા. ૫-૧૨-૭૪

---

( શાલિની )

योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव।
ज्ञेयो ज्ञेयज्ञानकल्लोलवल्गन् ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः।। ( ૮-૨૭૧ )

" ભાવાર્થ આમ છે કે જ્ઞેય જ્ઞાયકસંબંધ વિષે ઘણી ભ્રાંતિ ચાલે છે " ઝીણો વિષય છે ! કોઈ કહે કે જ્ઞેય પર છે ને હું જાણનાર છું, એમેય નથી. આહાહા ! પરનો હું કર્તા તો નથી, પરથી મારામાં કાંઈ થાતું તો નથી. પણ હું પરનો જાણનાર છું. અને હું જાણનાર ને પર જણાય એ પણ ભેદ છે વસ્તુમાં વિકલ્પ ઉઠે છે એવી વસ્તુ એ નથી. આહાહા ! સમજાણું કાંઈ ? ભ્રાંતિ ? જ્ઞેયજ્ઞાયક સંબંધ વિષે ઘણી ભ્રાંતિ ચાલે છે, તેથી કોઈ એમ સમજશે કે જીવવસ્તુ જ્ઞાયક છે, ભગવાન આત્મા જાણનાર છે ને ' પુદ્‌ગલથી માંડીને ભિન્નરૂપ છ દ્રવ્યો ( જ્ઞેય છે ) ભગવાને દેખ્યા છે અનંત આત્માઓ, અનંત રજકણો, અસંખ્ય કાલાણુઓ, એક ધર્માસ્તિ ( કાય ) એક અધર્માસ્તિ ( કાય ), આકાશ એ છ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યો ભગવાને દેખ્યાં તો ઈ છ દ્રવ્ય જ્ઞેય, અને હું જ્ઞાયક એમ નથી. આહાહા ! ઝીણી વાત છે ભાઈ તત્ત્વની દૃષ્ટિની સમ્યગ્દર્શનનો વિષય, જે ધર્મની પહેલી દશા, એમાં જ્ઞેય પર ને જાણનાર હું એવો ભેદ પણ સમ્યગ્દર્શનના વિષયમાં નથી. આહાહા ! સમજાણું કાંઈ ? ક્યાંથી ક્યાં લાવીને મૂકે છે.

પરવસ્તુની હું દયા પાળી શકું છું કે રાખી શકું છું કે મેળવી શકું છું એ તો વસ્તુમાં છે નહીં પોપટભાઈ, આ બધા પૈસા ભેગા કર્યા છે ને ? અજ્ઞાનીનો ભ્રમ છે. કહે છે આત્મા ચૈતન્યમૂર્તિ ભગવાન, સર્વજ્ઞ પરમેશ્વરે જે રીતે છે એ રીતે જોયો છે અને એ રીતે કહ્યો છે, કે આત્મા પરવસ્તુની દયા પાળી શકે કે પરની હિંસા કરી શકે ઈ વસ્તુમાં નથી. સમજાય છે કાંઈ ? એમ પૈસા મેળવી શકે, પૈસા આવે તો રાખી શકે અને એનો સદુપયોગ કરી શકે. એવું આત્મામાં નથી. એ તો નથી પણ જ્ઞાનમાં જે ચીજ જણાય. જાણનાર હું ને જણાય તે, એ પણ વસ્તુસ્વરૂપ નથી. હેં ઈ પરપ્રકાશમાં અંદરમાં ને અંદરમાં જ્ઞાન સિવાય બીજાને પ્રકાશે ઈ પર પ્રકાશક ઝીણી વાત છે. આખીરના શ્લોકો છે ને ?

જીવવસ્તુ જ્ઞાયક અને આ શરીર પુદ્ગલ એમ કીધું ને ? પૈસા, શરીર, મકાન આદિ ધૂળ ધમાહા એ તમારા બંગલા મકાન એ બધા ભિન્નરૂપ મારાંથી છ દ્રવ્યો, એ મારાં જ્ઞેય છે. મારે જાણવાલાયક ચીજ એ છે એમ નથી. આહાહા ! જ્ઞાનમાં દેવ ગુરુ ને શાસ્ત્ર એ જ્ઞેય પરજ્ઞેય છે. તો એ પરજ્ઞેય છે એનો હું જાણનારો ને એ જણાવાલાયક એ જ્ઞેય, એમ નથી, વસ્તુમાં છ દ્રવ્યો જ્ઞેય છે, છ દ્રવ્યમાં સિદ્ધ આવી ગયા, દેવ ગુરુ આવી ગયા શાસ્ત્રોય આવી ગયાં. એ જ્ઞેય નામ જ્ઞાનમાં જણાવાલાયક છે આહાહા ! અને હું જાણનાર છું એવો ભેદ પણ વસ્તુના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ ?

" પરંતુ એમ તો નથી " આહાહા ! ભગવાન આત્મા જાણનાર અને આત્માથી ભિન્ન છ દ્રવ્યો તે મને જણાવાલાયક છે અને હું એનો જાણનાર છું એવું વસ્તુનું સ્વરૂપ નથી એમ કહે છે. સમજાણું કાંઈ ? " જેમ હમણાં કહેવામાં આવે છે તેમ છે " એમ તો નથી કે હું જાણનાર ને છ દ્રવ્ય મારે જાણવાલાયક એમ નથી. આહાહા ! તો આ બાયડી-છોકરાં ને પૈસા કહે છે જણાવાલાયક જ્ઞાનમાં અને હું એનો જાણનાર ને આ જણાવાલાયક એમ નથી વસ્તુ આહાહા ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે જે આત્માનો સ્વભાવ જોયો, તો એ તો પોતે જ્ઞેય પોતામાં જણાવાલાયક, પોતે જ્ઞાન ને પોતે જ્ઞાતા એ ત્રણ ભેદ, વસ્તુસ્વરૂપમાં તો છે નહીં, ત્રણ ભેદેય નથી. પણ બીજાથી જુદું પાડવા આ રીતે કહેવામાં આવે છે. ઝીણી વાત છે ભાઇ. અનંતકાળમાં રહી ગ્યું છે તત્ત્વ એણે દયા દાન ને વ્રત ભક્તિ પૂજા એવું તો અનંતવાર કર્યું. વ્રતાદિ અનંતવાર પાળ્યાં એ બધો શુભરાગ હતો. આહાહા ! મહિના મહિનાના અપવાસ કર્યા અનંત વાર ઈ તો રાગની ક્રિયા શુભરાગની ક્રિયા આહાહા ! આંહી તો કહે છે કે ઈ રાગ જ્ઞેય, એ રાગ મારો એ તો સ્વરૂપ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નહીં, પણ રાગ મારે જાણવા લાયક ને હું જાણનાર એમેય નથી. કહે છે રાગની મંદતાના ભાવમાં, દેવ ગુરુ શાસ્ત્રની શ્રદ્ધા આવે, દયા દાનના ભાવ થાય, એ બધો શુભભાવ રાગ એ રાગ તે જ્ઞેય છે ને હું જ્ઞાતા છું એમ નથી. આહાહા! ગજબ વાત છે ને? વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે, ઝીણી વાત ભાઈ સમ્યગ્દર્શન વીતરાગ તીર્થંકરદેવ જે કહે છે એ વાત ઘણી અલૌકિક વાત રહી ગઈ જગતને (સમજવી) બહારમાં માંડીને બેઠા આહા!

અહીંયાં તો પરમાત્મા અરિહંત દેવ જેમ ફરમાવે છે તેમ, સંતો જગતને જાહેર કરે છે. પ્રભુ તું આત્મા છો. આહાહા! અને તે તું જાણનાર જ્ઞાયક સ્વભાવી છો. એ જ્ઞાયકસ્વભાવમાં, પર આત્મા અને પર રજકણોની ક્રિયા કરી શકે, એ તો વસ્તુમાં છે નહીં, આહાહા! જે રાગની ક્રિયા કરે એ પણ વસ્તુમાં નથી. આહાહા! પરની દયા પાળવાની ક્રિયા તો કરી શકે નહીં, પણ ઈ પરની દયાનો જે ભાવ છે ઈ કરી શકે એ વસ્તુના સ્વરૂપમાં નથી. આહાહા! એતો નથી, ચૈતન્ય બિમ્બ પ્રભુ સર્વજ્ઞસ્વભાવી આત્મા એ જાણવાનું કામ કરે, તો કહે છે કે કોનું? ઈ પરનું? રાગનું? આહાહા! એમ છે નહીં. રાગ જ્ઞેય અને આત્મા જાણનાર એવો પરની સાથે સંબંધ છે નહીં. આહાહા...! (શ્રોતાઃ રાગ ઈ પર?) (બીજા શ્રોતાઃ બધું પર!) મારગ ઝીણો ભાઈ અત્યારે ચાલે છે વીતરાગને નામે, વીતરાગને બ્હાને વીતરાગને નામે, વીતરાગને બ્હાને આહાહા! ભભૂતમલજી.

ત્રણલોકના નાથ તીર્થંકરદેવ સર્વજ્ઞપદને પ્રાપ્ત થયા એની વાણી દિવ્ય ધ્વનિ છૂટી. એ દિવ્ય ધ્વનિમાંથી પરમાગમ રચાયાં, એ પરમાગમમાં વસ્તુનું સ્વરૂપ કેવું છે તેવું એમાં જણાવ્યું કે ભાઈ તું એક જ્ઞાયકસ્વરૂપી ચૈતન્યસૂર્ય છોને અને તે પણ જણાવાલાયક વસ્તુનો તું જાણનાર છો, એ વાત સાચી છે પણ કઈ જણાવાલાયક વસ્તુ? સમજાણું કાંઈ? તું જાણનાર વસ્તુ છો ચૈતન્યજ્ઞાયકસ્વભાવથી ભરેલો પદાર્થ છો, એં જણાવા યોગ્યને જાણે એ વાત વ્યાજબી છે. પણ કોને? જણાવા યોગ્ય કોણ? કે રાગ ને પર જણાવાલાયક જ્ઞેય અને હું જ્ઞાન, એમ નથી. આહાહા!

"અહમ્ અયં જ્ઞાનમાત્રઃ ભાવઃ અસ્મિ" હું જે કોઈ ચેતનાસર્વસ્વ એવી વસ્તુસ્વરૂપ છું" ચેતના સર્વસ્વ, જાણવું અને દેખવુ એવું સર્વસ્વ પોતાનું સ્વરૂપ, જાણવું અને દેખવું જે સર્વસ્વ પોતાનું, સર્વસ્વ એટલે વસ્તુ. "એવી વસ્તુસ્વરૂપ છું"–એવી ચીજ હું છું! "સઃ જ્ઞેયઃ" તે હું જ્ઞેયરૂપ છું." આહાહા! હું પોતે જ ચેતના સર્વસ્વ એવી વસ્તુ છું. એને જણાવાલાયક હું છું એને જાણવાલાયક હું છું ઝીણી વાતું વીતરાગની. આહાહા!

હજી તો, બહારમાં તકરારું આ વ્યવહાર કરીએ તો નિશ્ચય થાય ને રાગ ને દયા દાન ને ભક્તિ એ શુભભાવ થાય, પછી એમાંથી (એમ કરતાં–કરતાં) ધર્મ થાય એ તો ઘણું દૂર રહી ગયું. આહાહા!

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અહીંયાં તો કહે છે ભગવાન જ્ઞેયસ્વરૂપને જ્ઞાતા તરીકે જાણે પણ એ ક્યા જ્ઞેયને ? આહાહા ! પોતે છે ને જ્ઞેય. પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોના સમૂહના જાણપણા માત્ર એ નથી. “ કેવા જ્ઞેયરૂપ નથી ? ” છે ને અંદર ? પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોનો સમૂહ એના જાણપણા માત્ર તે હું નથી. ” આહાહા ! અનંત કેવળીઓને જ્ઞેય તરીકે જ્ઞાન જાણે એવોય હું નથી. સમજાણું કાંઈ ? અનંત અનંત કેવળીઓ સિદ્ધો બિરાજમાન છે. તીર્થંકરો બિરાજમાન છે. ત્રણકાળના તીર્થંકરો ને કેવળીઓ જ્ઞાનમાં જણાય, એ જ્ઞેય છે ને હું જાણનાર છું એમેય નથી આહાહા ! વીતરાગ મારગ બહુ અલૌકિક છે. આહાહા ! “ હું ચેતનાસર્વસ્વ એવી વસ્તુસ્વરૂપ છું. ” “ સઃ જ્ઞેયઃ ” “ તે હું જ્ઞેયરૂપ છું. ” ચેતનાસ્વરૂપ સર્વસ્વ ભગવાન આત્મા તે હું જ્ઞેય છું સમજાણું કાંઈ ? ધીમે ધીમે તો વાત હાલે છે ભઈ આ તો અલૌકિક વાતું છે આહાહા ! કેટલાકે તો કોઈ દિ ’ સાંભળ્યું ’ય નો હોય વીતરાગ શું ને વીતરાગનો મારગ શું ને વીતરાગનો શું પંથ છે ? આહાહા !

આ તો જાત્રા કરો, ભક્તિ કરો, પાંચ દશ લાખ ખર્ચે ધર્મનાં ભાવ થાશે તમને, અહીંયાં તો કહે છે પ્રભુ એકવાર સાંભળ, ભાઈ અનંતકાળે તેં તારા તત્ત્વને, પરથી ભિન્ન છે એ રીતે તેં જાણ્યું નથી. આહાહા ! અહીંયાં તો કહે છે કે સર્વસ્વ ચેતના માત્ર હું, તે સર્વસ્વ તે હું, તે જ્ઞેય. સમજાણું કાંઈ ? આહાહા ! અને કેટલું એને ધીરજથી જોવું પડે છે. આહાહા ! પરને જ્ઞેય બનાવેલી ચીજને છોડી દઈ અને ચેતના સર્વસ્વ આત્માને જ્ઞેય બનાવવો આહાહા ! આવી વસ્તુ છે આહાહા ! વીતરાગના દરબારમાં તો આ હુકમ છે વીતરાગનો ત્રણલોકના નાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વર કહે છે, હું સર્વજ્ઞ એટલે પરને જાણું છું જ્ઞેય તરીકે માટે સર્વજ્ઞ છું એમ નહીં. આહાહા ! હું તો મારા સર્વજ્ઞ સ્વભાવ ચેતના સર્વસ્વ ચેતના સર્વસ્વ કહો કે સર્વજ્ઞ સ્વભાવ કહો એ મારું જ્ઞેય છે–ને એને હું જાણું છું. આહાહા ! એ પણ વચનના વ્યવહારથી ભેદ પાડીને કહેવામાં આવે છે. આહાહા ! સમજાણું કાંઈ ? “ સઃ જ્ઞેયઃ ” તે હું જ્ઞેયરૂપ છું. ” શું ? “ જ્ઞાનમાત્રઃ ભાવઃ અસ્મિ ” ચેતના સર્વસ્વ, ચેતના સર્વસ્વ તે હું જ્ઞેય છું, ચેતના સર્વસ્વ તે હું જ્ઞેય છું. અલૌકિક વાત છે. આ ચોપડી તો રાખી છે કે નહીં ઘરમાં, ઘરમાં તો હોય જ ને. આહાહા !

“ પરંતુ એવા જ્ઞેયરૂપ નથી કેવા જ્ઞેયરૂપ નથી ? જ્ઞેયજ્ઞાનમાત્રઃ ” પોતાના જીવથી જ્ઞેય જે ભિન્ન છ દ્રવ્યો છ દ્રવ્યોના સમૂહના એના જાણપણા માત્ર તે હું નથી. આહાહા ! સમજાણું કાંઈ આવી ધર્મકથા કેવી ? વીતરાગની તો આવી વાત છે બાપુ ! તે એણે સાંભળી નથી વીતરાગની વાત. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ, એ ગણધરો ને ઇન્દ્રો આદિ એકાવતારી દશાના ધરનારાઓને આ વાત કરતા હતા ! સમજાણું કાંઈ ‘ તું જ્ઞેય છો તારો એટલે ? ચેતના સર્વસ્વ; એ તારું જ્ઞેય છે... આહાહા ! ચેતના જાણવા દેખવાનું સર્વસ્વપણું તે જ તારું જ્ઞેય છે. તું તેનો જ્ઞેય ને તું જ તેનો જાણનાર. આહાહા !

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



" પરંતુ એવો તો નથી કે પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોના સમૂહના જાણપણામાત્ર, એમ તો નથી. " આહાહા ! એક સમયની પર્યાયમાં, છ દ્રવ્યોનું જ્ઞાન, છ દ્રવ્યના જ્ઞાનની પર્યાયપણે પરિણમે જીવ. એક સમયની પર્યાયમાં છ દ્રવ્યને જાણવાના પર્યાયપણે પરિણમે, પણ એટલો જ્ઞેય નથી, એમ કહે છે. આહાહા ! એવી તો અનંતી પર્યાયનો સમુદાય ગુણ છે, એવું સર્વસ્વ ચેતનાનું આખું પૂરણ સ્વરૂપ છે. આહાહા ! છ દ્રવ્યને જાણે ઈ તો એની એક સમયની પર્યાયનો સ્વભાવ; એક સમયની દશાનો સ્વભાવ; પણ એટલોય એ નહીં. કારણ કે તો ઈ પર્યાય જેટલો થઈ ગયો ઈ, પણ સર્વસ્વ, ચેતનાસર્વસ્વ વસ્તુ, એકલો જ્ઞાનઘન ચૈતન્યબિમ્બ પ્રભુ, એ જ્ઞેય છે. તારા જ્ઞાનમાં એ જ્ઞેય છે આહાહા ! સમજાણું કાંઈ ?

" ભાવાર્થ આમ છે કે હું જ્ઞાયક હું એક જાણનાર આહાહા ! આટલું ય પાલવ્યું નહીં એને. પરનું કરવું તો પાલવે જ નહીં. આહાહા ! પરની રક્ષા કરી દૈ, પરને હેરાન કરી દૈ, પરને પોષણ-પાલન પોષણ કરી દૈ, વેપારી મોટા હોય તે હજાર-બે હજાર માણસને નિભાવતાં નથી ? નોકરને બબ્બે હજાર-પાંચ-પાંચ હજાર માણસને આપે છે ને કોઈ નોકરી ને તદ્દ્ન ખોટી વાત છે. પરનું પાલન ને પોષણ કરવું એ તો આત્માનો સ્વભાવ જ નથી, એટલું તો નથી પણ પરને જાણવું એટલો જ્ઞેય, એ પણ એવો સ્વભાવ સંબંધ નથી આહાહા ! સમજાણું કાંઈ ?

એને ઉતારે છે અંદર, ઉતારે-પરમાત્મામાં અંદરમાં, અંદર જો તું જ્ઞેય ચેતનાસર્વસ્વસ્વભાવ આહાહા ! એ પર્યાયથી છ દ્રવ્ય જણાણા, એટલાને ન જો આહાહા ! એ જ્ઞેય ને જ્ઞાયક સંબંધ પર્યાયમાં વ્યવહારથી છે, સમજાણું કાંઈ ? આત્મા જાણનાર ને પર જણાય, એવો સંબંધ તો વ્યવહારથી છે. પર્યાય હારે, વસ્તુની સાથે એ સંબંધ છે નહીં. કેમકે એવી તો અનંતી પર્યાય, પરની અપેક્ષા રાખ્યા વિના, પોતામાં પડેલી છે અંદર આહા ! એવું જે જ્ઞેય ચેતનાસર્વસ્વ એવું જે જ્ઞેય, જ્ઞાન-જ્ઞાયકરૂપ સર્વસ્વ જે જ્ઞેય, એનો તું જાણનાર છો. આહાહા !

આ બાયડી મારી છોકરાં મારાં, ક્યાં ગયાં આમાં ? શિષ્ય મારા લ્યો એ ક્યાં હતા ( તારા ) ભગવાન ! તારો સ્વભાવ પરને એકલું જાણવું એટલો નથી એમ કહે છે સમજાણું કાંઈ ? તારો સ્વભાવ તો પરને જાણવાની પર્યાય, એવી અનંતી પર્યાયનો પિંડ જ્ઞાન, એવા અનંતા ગુણનો પિંડ જે દ્રવ્ય એ જ્ઞાનનું જ્ઞેય છે, લ્યો સમજાણું કાંઈ ?

હું જ્ઞાયક અને સમસ્ત છ દ્રવ્યો મારાં જ્ઞેય એમ તો નથી, " તો કેમ છે ? આમ છે- " જ્ઞાનજ્ઞેયજ્ઞાતૃમદ્વસ્તુમાત્રઃ જ્ઞેયઃ " આહાહા ! જ્ઞાન નામ જાણપણારૂપ શક્તિ " એ પોતાનો ભાવ, જાણપણારૂપ ભાવ; એ પોતાની શક્તિ," જ્ઞેય ( અર્થાત્ ) જણાવાયોગ્ય શક્તિ, પ્રમેય પોતાનો ગુણ, આહાહા ! - જાણપણારૂપશક્તિ એ જ્ઞાનશક્તિ પોતાની,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને જણાવાયોગ્ય શક્તિ, એ પણ મારી પોતાની આહાહા ! હું પોતે જણાવાલાયક થઈને જણાઉં છું ! સમજાણું કાંઈ ? હવે, આમાં ઊંડા ક્યાં ઊતરવું માણસને ? નો સમજાય તો પાધરો બહારમાં ને વ્રતમાં મિથ્યાત્વ ભાવ છે અજ્ઞાનભાવમાં રખડી મર્યો છે એમ અનાદિથી સાધુપણું અનંતવાર લીધું, પંચમહાવ્રત પાળ્યાં આહાહા ! સાધુના ૨૮ ગુણોએ પાળ્યા ! પણ એને જાણવામાં રહી ગઈ ચીજ ( આત્મવસ્તુ ) રાગની ક્રિયા એ મારી, અહીંયાં તો રાગને જાણવું એટલો જ્ઞેય હું, એ પણ એને આત્માની પ્રતીતિ નથી. આહાહા ! પરને જાણવા પૂરતું જે પર્યાયનું જ્ઞાન એટલો હું, એણે આત્માને જાણ્યો નથી આહાહા ! સમજાણું કાંઈ ?

જ્ઞાન તે જાણપણારૂપ શક્તિ અને જ્ઞેય તે જણાવાયોગ્ય શક્તિ, એ મારી જણાવાયોગ્ય શક્તિ એય મારી, અને જાણવાયોગ્ય શક્તિ એ ય મારી અને અનેક શક્તિએ બિરાજમાન વસ્તુમાત્ર જ્ઞાતા-જ્ઞાતા, અનેક શક્તિએ બિરાજમાન વસ્તુમાત્ર. જણાવાયોગ્ય શક્તિ પણ હું, જાણવાયોગ્ય શક્તિ જ્ઞાન તે હું અને એવી એવી અનંતી શક્તિઓએ બિરાજમાન જ્ઞાતા તે હું વસ્તુમાત્ર એવા ત્રણ ભેદ " મદ્વસ્તુમાત્રઃ " તે મારું સ્વરૂપમાત્ર છે. એ મારું સ્વરૂપ ત્રણેય છે. જણાવાયોગ્ય પણ હું, જાણવાયોગ્ય પણ હું, એવી શક્તિથી, અનંતી શક્તિએ બિરાજમાન જ્ઞાતા તે પણ હું, ત્રણ થઈને એક વસ્તુ હું છું આહાહા ! કો 'પકડાય છે કે નહીં કાંઈ ? આવી વાત છે વીતરાગની આહાહા ! એને વાળ્યો છે સ્વજ્ઞેયમાં, પરને જાણવા વળગ્યો એ વસ્તુ નહીં એમ કહે છે એટલું ય એને વસ્તુમાં પાલવતું નથી. પરને જાણવામાં જેની શક્તિ ગોઠવાઈ ગઈ છે પરમાં આહાહા ! પરમાં જાણવાની હોં ? એમાંય તું આત્મા નથી. એટલો આત્મા માનનારો પણ વાસ્તવિક આત્માના સ્વરૂપને ઈ માનતો નથી. આહાહા ! સમજાણું કાંઈ ?

આવો વીતરાગનો માર્ગ આ હશે ? ભઈ અમારે તો અત્યાર સુધી સાંભળ્યું નહોતું ! " ઈચ્છામી પડિક્કમણું ઇરિયા વિરીયા તસ્સ મિચ્છામિ દુઃક્કડમ્ ઇચ્છામિ પડિકમણું કર્યુ તું કે નહીં- ભભૂતમલજી- તસ્સ ઉત્તરી કરણેણં, પાયચ્છિતં કરણેણં, પાઉ કાઉઠાણેણં મોણેણં ઝાણેણં- અપ્પાણં વોસિરામિ " સમજવાનું છે કાંઈ એમાં ? ગડિયા હાંકયે જાય થઈ ગઈ સામાયિક, ધૂળે ય નથી સામાયિક એમાં સાંભળને ! ( શ્રોતાઃ મિચ્છામિ દુક્કડં ! ) શું કીધું... ? હેં... ? ( શ્રોતાઃ મિચ્છામિ દુક્કડં ) હા, તસ્સ મિચ્છામિ દુક્કડં ! કોનું મિચ્છામિ દુક્કડં ? આહાહા ! એ વિકલ્પ જે ઊઠયો ને તસ્સ મિચ્છામિ દુક્કડંનો, એ વિકલ્પનો કર્ત્તા આત્મા નહીં. એને આત્મા ન કહીએ, એ તો હવે આત્મા ન કહીએ પણ, વિકલ્પને જાણનાર પૂરતો છો. એટલો ય આત્મા ન કહીએ. ઝીણી વાતું આવી.

સવારમાં નવાણુંમાં વાત હતી. આહાહા ! સ્વ જ્ઞેયને બનાવ તો જ્ઞાતા પણ તું ને જ્ઞાન પણ તું, પરની હારે તારે કાંઈ સંબંધ નથી પ્રભુ ! એવી શક્તિ જે ત્રણરૂપે એવી મારું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વરૂપમાત્ર છે એવા જ્ઞેયરૂપ છું દેખો , જ્ઞાન શક્તિ જાણવાની, જ્ઞેય શક્તિ જણાવાની, એવી અનંતશક્તિ જ્ઞાતાની ત્રણરૂપ થઈને હું જ્ઞેય છું ત્રણરૂપ થઈને હું જ્ઞેય છું. આહાહા ! જાણવાની શક્તિ જ્ઞાન, તેમાં જ્ઞેય પાછું ઉતારે છે જ્ઞાનને જ્ઞાન જાણે. અને જ્ઞેય એટલે જણાવા યોગ્ય આખી ચીજ છે એને ઈ જાણે છે. આહાહા ! એવી જ્ઞાતા જ્ઞેય હું જ્ઞાતા હું જણાવાલાયક હું એવી ત્રણ વસ્તુમાત્ર જ્ઞેય તેને આત્મા કહેવામાં આવે છે.

બહારનું જાણવામાં લોકો બહારમાં પ્રવૃત્તિમાં રોકાઈ ગ્યા ને વસ્તુ રહી ગઈ આખી જેનાથી જન્મ મરણનો અંત આવે, એવું સમ્યગ્દર્શન શું અને સમ્યગ્દર્શનનો વિષય શું એને જાણે નહીં. એ તો આપણે કાંઈક કરશું તો પામશું લ્યો શું કરશું તો પામશું ? મળશે ધૂળ મળશે ઈ તો બહારની ! શુભભાવ હશે તો બહારમાં સંયોગ મળશે આત્માનો તે વેરી થશે આહાહા !

ભગવાન આત્મા કેવળી સર્વજ્ઞપરમેશ્વરે, જે આત્મા જોયો એવા અનંત આત્માઓ ભગવાને જોયા આહાહા ! એ માંહ્યલો એક આત્મા ઈ અનંત આત્માને જાણવાની પર્યાયથી પણ ભિન્ન આહાહા ! એટલો જ્ઞેય નહીં. અનંત આત્માઓને જાણે, એવી જે જ્ઞાનની પર્યાય એટલો જ્ઞેય આત્મા નહીં. સમજાણું કાંઈ ? એથી અનંતગુણો જે તત્ત્વ જે જ્ઞેય ને જ્ઞાતા છે એને જ્ઞેય તરીકે ત્રણ અભેદ થઈને જાણે, એને આત્મા કહેવામાં આવે છે આહાહા ! ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. આહાહા ! હજી તો સમ્યગ્દર્શન ચોથું ગુણસ્થાન, પાંચમું તો ક્યાંય રહી ગયું ને છઠ્ઠું તો ક્યાંય રહી ગયું. આહાહા !

એવા ત્રણ ભેદ “ મદ્વસ્તુમાત્ર ” એવું મારું સ્વરૂપમાત્ર છે, એવા જ્ઞેયરૂપ છું આહાહા ! ભાવાર્થ આમ છે કે હું પોતાના સ્વરૂપને વેદ્ય વેદકરૂપે જાણું છું વેદાવા યોગ્ય ને વેદનાર તે બધોય હું પોતે છું. આહાહા ! વેદ્ય વેદવા યોગ્ય, વેદક જાણનાર. એ હું છું ! વેદ્યવેદકરૂપે હું છું. મારા વેદ્યમાં બીજી ચીજ છે જાણવામાં, અને હું એનો જાણનાર છું એમ છે નહીં. આહાહા ! ઘણી ધીરજ જોઈએ આ તો.

પૈસા–બૈસા મળે ને એ તો પૂર્વના પુણ્ય હોય તો છે ને ? તો સોગઠી ગોઠવાઈ જાય ! તે માળા અભિમાન કરે કે આ અમે રળીએ છીએ, પૂર્વના ( પુણ્યના ) રજકણ પડયા હોય, તો ઈ રીતે સોગઠી ગોઠવાઈ જાય ધંધામાં દરોડા થઈ જાય, પાંચ પાંચ લાખને દશ–દશ લાખ વીસ–વીસ લાખ ધૂળના એટલે જાણે કે અમે કમાણાં શું કમાણા ? ઈ પૈસા તો જડ છે, ઈ જડ કમાણો તું ? આહાહા ! અને ઈ મારી પાસે આવ્યા, એવી મમતા એ કમાણો તું આહાહા !

આંહી તો કહે છે કે ઈ મમતાનું જ્ઞાન એટલો ય હું નહીં. આહાહા ! પૈસા એક કોર રહી ગ્યા પણ એમાં મમતાની વૃત્તિ ઊઠી, એને જાણનારો હું એટલો ય હું નહીં. આહાહા ! હું તો અનંતગુણનો પિંડ પ્રભુ જે જ્ઞાતા, અનંતશક્તિવાન, જ્ઞાન જાણવાની

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શક્તિસ્વરૂપ, જ્ઞેય જણાવાની શક્તિરૂપ, એ ત્રણનું એકરૂપ તે જ્ઞેય હું છું. આહાહા ! બહુ ફેરફાર કરવો પડે માણસને. છે ને પણ અંદર છે કે નહીં ? ઘરે તો વાંચતા ય આવડે નહીં આમાં શું કહે છે ? રૂપિયા ને વેપારના ચોપડા ફેરવે એમાં વાંચે. આહા ! પ્રભુ તારી વાતને તેં ન જોઈ આહાહા ! ઈ અનંતીચીજને તું જ્ઞેય તરીકે વ્યવહાર તરીકે પર તરીકે જાણવું, એ લક્ષ્મી અબજો રૂપિયા, અંદર દેખાય આંહી નજરે આવ્યાં, એને જ્ઞેય તરીકે જાણવું એટલો ય પણ તું નહીં. મારા તરીકે માનવું ઈ તો તું નહીં, આહાહા ! પણ એટલાને જ્ઞેય તરીકે જાણનારો હું, એટલો ય હું નહીં. આકરી વાતું છે હોં ? અપૂર્વ વાત છે બાપુ આ !

અનંતકાળથી એણે, મારી ચીજ કેટલી મોટી છે, કેવડી છે, અને કેમ છે એનું સમ્યગ્જ્ઞાન કર્યું નથી. શાસ્ત્રો ભણ્યો, ક્રિયાકાંડ કર્યા, ન્યાં ને ન્યાં અટકીને ચાર ગતિમાં રખડયો.

" હું પોતાના સ્વરૂપને વેદ્ય-વેદકરૂપે જાણું છું " જણાવાલાયક ને જાણનારરૂપે હું જાણું છું એમ જણાવારૂપે ને જાણવારૂપે મને હું જાણું છું તેથી મારું નામ જ્ઞાન, તેથી મારું નામ જ્ઞાન, હું પોતા વડે જણાવા યોગ્ય છું, હું મારા વડે જણાવાયોગ્ય છું, તેથી મારું નામ જ્ઞેય ઓહોહો ! એવી બે શક્તિઓથી માંડીને અનંત શક્તિરૂપ છું. એવી અનંતી શક્તિઓ આત્મામાં આહાહા ! તેથી મારું નામ જ્ઞાતા, એવા નામભેદ છે. ઈ ત્રણમાં એવા નામભેદ છે. આહાહા ! હું એક જાણનાર શક્તિવાળો; જણાવાયોગ્ય શક્તિવાળો; ને અનંત શક્તિવાળો જ્ઞાતા એવા ત્રણના નામભેદ છે. મારામાં ત્રણના નામભેદ છે, એ નામભેદ કાઢી નાખે છે આહાહા ! " વસ્તુભેદનથી " શું કહ્યું ઈ ? હું પોતે જ્ઞાન છું એવી એક શક્તિ અને હું પોતે જ્ઞેય છું જણાવાલાયક એવી એક શક્તિ અને એવી અનંત શક્તિરૂપ જ્ઞાતા એવા ત્રણરૂપે અનંત શક્તિઓ એ છું, તેથી મારું નામ જ્ઞાતા એવા નામભેદ છે, વસ્તુભેદ નથી. જ્ઞાને ય હું, જ્ઞેયે ય હું જ્ઞાતાયેય હું આહાહા ! આવી અંતરદૃષ્ટિ થવી, એને સમ્યગ્દર્શન ધર્મની પહેલી દશા કહે છે. હજી તો તેને સમ્યગ્દર્શન કહે છે. આહાહા ! અને સમ્યગ્દર્શન વિના, એના ભણતર શાસ્ત્રના બધું અજ્ઞાન છે. એના વ્રત ને નિયમ, આ સમ્યગ્દર્શન વિના, એ વ્રત ને નિયમ બધાં બાળવ્રત ને બાળતપ છે આહાહા ! સમજાણું કાંઈ ? ભારે વાત ભાઈ છેલ્લા શ્લોકો છે ને.

" કેવો છું ? " જ્ઞાનજ્ઞેયકલ્લોલવલ્ગન્ " જીવ જ્ઞાયક છે, ભગવાન જાણનાર છે. " જીવ જ્ઞેયરૂપ છે " હું પોતે જ્ઞેયરૂપ છું, હું પોતે જ્ઞાયક છું " એવો જે વચનભેદ " એ નહીં આહાહા ! " વલ્ગન્ તેનાથી ભેદને પામું છું " એવા વચનભેદથી ભેદને પામું છું, ભાવાર્થ આમ છે, કે વચનનો ભેદ છે, વસ્તુનો ભેદ નથી. જ્ઞેય જ્ઞાતા ને જ્ઞાન એમ શબ્દ ભેદ છે, વસ્તુ તો ' છે તે જ છે ' જ્ઞેય પણ તે, જ્ઞાન પણ તે ને જ્ઞાતા પણ તે આહાહા ! " જ્ઞાનજ્ઞેય-કલ્લોલવલ્ગન્ " વચનના ભેદ છે એમ કલ્લોલ એટલે, એવા ભેદને વલ્ગન પામું છું ? જે વચનભેદ તેનાથી ભેદને પામું છું, વચનનો ભેદ છે, વસ્તુનો ભેદ નથી ! તે જ જ્ઞેય, તે જ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાન, તે જ જ્ઞાતા ત્રણ અભેદ થઈને વસ્તુ એક અખંડ કહેવામાં આવે છે, એ સમ્યગ્દર્શનના વિષયમાં આવી અભેદવસ્તુ છે. આહાહા! સમજાણું કાંઈ?

અત્યારે તો કહે છે કે નવતત્ત્વની શ્રદ્ધા કરો ને, દેવ અરિહંત, ગુરુ નિર્ગ્રંથ કેવળીએ પ્રરૂપેલો ધર્મ તે સત્ય તેની શ્રદ્ધા ઈ સમકિત, એવું છે નહીં. આહા! એવું તો અનંત વાર કર્યું છે આહાહા! અપૂર્વ ભગવાન આત્મા આખો જ્ઞેય આખા જ્ઞાનનો જ્ઞેય. આહાહા! ઈ આખો જ્ઞાતા એકરૂપ વસ્તુ જેમાં વચનનો ભેદ પણ રહેતો નથી. એવી ચીજની દૃષ્ટિ કરવી એનું નામ અનુભવ કરવો ને એનું નામ સમ્યગ્દર્શન છે આહાહા!

હજી તો શું કહેવાય ઈ પકડવું કઠણ પડે ઓલું તો સહેલું સટ, જાવ ગૃહસ્થ હોય તો પૈસા ખર્ચો, ધર્મધુરંધરનું નામ આપે. શરીરનો બળીયો અપવાસ કરી નાખે. ઈ તપસી કહેવાય, મનનો બળીયો હોય તો વાતું કરે શાસ્ત્રની.

ચૈતન્ય પ્રભુ પોતે જ જ્ઞેય થઈને જ્ઞાનમાં જણાય, પોતે જ્ઞાતા થઈને જ્ઞેયમાં પોતે જ્ઞાતા જણાય આહાહા! જ્ઞાતા તે જ્ઞેય, જ્ઞાન તે જ્ઞેય ને જ્ઞેય તે જ્ઞેય એવી અભેદવસ્તુની દૃષ્ટિ થવી, એવું જ વસ્તુનું સ્વરૂપ છે અંદરમાં એવી ચીજની દૃષ્ટિ થવી એનું નામ ધર્મની પહેલી દશા. સમ્યગ્દર્શન ત્યારે કહેવામાં આવે છે. આવો મારગ આ નવો કાઢયો નહીં હોયને આવો? ( શ્રોતાઃ નવો જ છે...! )

એ આવું તો અમે સાંભળતા નહોતા જયાં જઈએ ત્યાં– સ્થાનકવાસીમાં હોય તો કહે સામાયિક કરો, પોહા કરો, પડિકમણાં કરો, દેરાવાસીમાં હોય તો કે ભાઈ જાત્રા કરો ચૈત્ર સુદ પૂનમની, કારતક સુદ પૂનમની, શૈત્રુંજયની, સમેદશિખરની–જાત્રા કરો, પૈસાવાળા હોય તો ગરીબના આંસુ લુછો, વિધવાના આંસુ લુછો, ભૂખ્યાને અનાજ આપો, તરસ્યાને પાણી આપો, નાગાને વસ્ત્ર આપો, રોગીને ઔષધ આપો એવું તો સાંભળતા ’તા? એ બધી વાતું ભ્રમણા છે. કોણ આપે ને કોણ લ્યે? આહાહા!

આંહી તો પરને જાણવું એ પણ જ્યાં આત્માના સ્વભાવમાં નથી આહાહા! એકલું પરને જાણવું એટલો પણ આત્માનો સ્વભાવ નથી એમ કહે છે. એવાં એવાં તો જાણવાની પર્યાયો ગુણમાં જ્ઞાતામાં અનંતી પડી છે આહાહા! એ સ્વને જ્યારે જ્ઞેય બનાવે, ત્યારે તેનું પૂર્ણ રૂપ જ્ઞાનમાં આવે ત્યારે તેને વાસ્તવિક આત્મા તેના જ્ઞાનમાં જણાય એમાં જાણવામાં આવે અને પ્રતીત થાય તેનું નામ સમ્યગ્દર્શન છે ( શ્રોતાઃ નિર્વિકલ્પ દશામાં થાય ) હા, નિર્વિકલ્પ હોય ભેદ નથી રહેતો, ત્યાં આહાહા! બહુ શ્લોક સરસ હતો.

લ્યો...! શ્લોક પૂરો થયો...

( શ્રોતાઃ રાજકોટમેં છ પ્રવચન કિયે થે? ) હેં ( શ્રોતાઃ રાજકોટમાં છ પ્રવચન કર્યાં હતાં ) નવાણું ગાથાના છ દિવસ ચાલી હતી. એ તો પહેલાં વહેલા તો બધુ નાખવું પડે ને? હવે તો અહીં વર્ષ થઈ ગયા કેટલા, માખણ–માખણ હોય ને એમાંથી નીકળે–

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૯૯ગાથા પહેલી અહીં શરૂ કરી ’તી ત્યારે છ દિવસ ચલી ’તી. સવારની. આહાહા ! ભઈ આ તો માખણ છે હવે, એને કાળ લાંબો ન જોઈએ હવે એમ કહે છે. સમજાણું કાંઈ ? આહાહા ! ભગવાન આત્માને, એની પર્યાય જે જ્ઞાનની વર્તમાન વર્તે છે એને પરસન્મુખમાં જાણવામાં રોકાણી છે, છોડી દે એ આહાહા ! એ જ્ઞાનની પર્યાયને સ્વજ્ઞેયમાં લાવ આહાહા ! ત્યારે એ આત્મા જેવડો છે, પૂરણ એવડો એને જ્ઞાનમાં જ્ઞેયપણે જણાય એ જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહીએ, એ જ્ઞાનને સમ્યગ્દર્શન કહીએ, અને એ જ્ઞાનમાં ઠરવું એને ચારિત્ર કહીએ આહાહા !

લ્યો ( બસો ) એકોતેર થયો... ! !

* * * * *

## પ્રવચન નં. - ૬ કળશ - ૨૭૧ તા. ૨૯-૭-૭૭

કળશટીકા બસ્સો એકોતેર કળશ પહેલું મૂકી દીધું હતું પણ એમાં આવી ગયું બધું. વાત આવી ગઈ છે.

**योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव।**
**ज्ञेयो ज्ञेयज्ञानकल्लोलवल्गन् ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः।।** ( ૮-૨૭૧ )

ભાવાર્થ ઈસ પ્રકાર હૈ. પહેલેથી જ ભાવાર્થ લીધો. કીધા પહેલાં એને શું કહેવું છે ને એને જરીક સ્પષ્ટ કરવા સાટુ.

જ્ઞેય-જ્ઞાયક સંબંધકે ઉપર બહુત ભ્રાંતિ ચલતી હૈ આ વાત ઉપાડી એમ કે પરદ્રવ્ય જ્ઞેય હૈ ને આત્મા જ્ઞાન હૈ, ઐસા ભ્રાંતિ ચલતી હૈ. પરજ્ઞેય હૈ યહ તો વ્યવહાર જ્ઞેય હૈ. નિશ્ચયમેં તો અપના જ્ઞાનકી પર્યાયમેં જો છ દ્રવ્યકા જ્ઞાન હોતા હૈ, એ અપના જ્ઞેય ને અપના જ્ઞાન ને અપના જ્ઞાતા હૈ. આહાહા ! જેમ પહેલે કહા કે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વો હિ હૈ. દ્રવ્ય હૈ યે હિ હૈ, ક્ષેત્ર ભી યે હિ હૈ, કાળ ભી યે હિ હૈ, દ્રવ્ય ભિન્ન, ક્ષેત્ર ભિન્ન, કાળ ભિન્ન, ભાવ ભિન્ન ઐસા નહિ. આહાહા !

વસ્તુ દ્રવ્ય જે અનંત ગુણકા ભંડાર દ્રવ્ય. એ દ્રવ્ય એ જ અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર ઓ હિ ત્રિકાળ અને ઓ હિ ભાવ. ભાવ જેમ કેરીની અંદર વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-વર્ણ કહો તો ઈ, ગંધ કહો તો ય ઈ, અને રસ કહો તો ય ઈ અને સ્પર્શ કહો તો ય ઈ. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ જુદા હૈ કેરીમેં, કેરી આમ-આમ,ઐસા નહિં. આહાહા ! ઐસે આત્મા દ્રવ્ય એટલે અનંત ગુણકા પિંડ પ્રભુ દ્રવ્ય, ઓ હિ અસંખ્ય પ્રદેશી દ્રવ્ય હૈ વો હિ ક્ષેત્ર હૈ, અને જે અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર હૈ વો હિ દ્રવ્ય હૈં, અને જો અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર હૈ વો હિ ત્રિકાળકાળ હૈ, અને વો હિ ત્રિકાળ ભાવ હૈ. આહાહા ! સમજમેં આયા ? ચાર પ્રકારકા ભેદ ભી નિકાલ દીયા- આહાહા !

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દૃષ્ટિકા વિષય તો દ્રવ્ય સ્વભાવ, ક્ષેત્ર સ્વભાવ, કાળ ભાવ એ એકરૂપ સ્વભાવ હૈ. દૃષ્ટિકા વિષયમેં ચાર ભેદ નહિં. આહાહા ! સમજમેં આયા. દ્રવ્ય હૈ ઓ હિ પંચમ પારિણામિક ભાવ હૈ, ક્ષેત્ર હૈ વો હિ પંચમ પારિણામિક ભાવ હૈ, ત્રિકાળ વસ્તુ એ પરમ પારિણામિક ભાવ હૈ, અને અનંત ભાવ એ પણ પારિણામિક ભાવ હૈ. આહાહા ! એ ચાર એક હિ ચીજ હૈ. ચાર ભિન્ન ભિન્ન હૈ ઐસા નહિં સમ્યગ્દર્શનકા વિષય આહાહા ! એ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એક સ્વરૂપે, અભેદ, અખંડ ઓ સમ્યગ્દર્શનકા વિષય હૈ. આહાહા ! આકરી વાતું ભાઈ ભારે. સમજમેં આયા ? એ સમ્યગ્દર્શનકા વિષયમેં નિમિત્ત તો ન હો, એ રાગ તો નહિ પણ એક સમયકી પર્યાય સિદ્ધ આદિ, કેવળજ્ઞાનની એ પણ સમ્યગ્દર્શનકા વિષય નહિ. આહાહા !

હવે અહીંયા તો જ્ઞાન જ્ઞેય જ્ઞાતા જ્ઞાન જાનનેવાલી, જ્ઞેય જાનનેમેં આતા હૈ. જ્ઞાતા એ સબ ગુણકા પિંડ-આહાહા ! એ કહેતે હૈં દેખો. જ્ઞેય જ્ઞાયક કે સંબંધકે ઉપર બહુત ભ્રાંતિ ચલતી હૈ સો કોઈ ઐસા ન સમજેગા કિ જીવ વસ્તુ જ્ઞાયક હૈ. આહાહા ! છ દ્રવ્ય એમાં અનંત કેવળીઓ આયા, અનંત સિધ્ધો આયા, અનંત નિગોદકા જીવ આયા. આહાહા ! તો આત્મા જ્ઞાયક હૈ અને પંચ-પરમેષ્ટિ એ છ દ્રવ્યમેં આયા તો એ જ્ઞેય હૈ ઐસા નહિં હૈ. આહાહા !

જ્ઞેય-જ્ઞાયકકા વ્યવહાર સંબંધ ભી છોડા દેતા હૈં. સમજમેં આયા ? ઝીણી વાત ભાઈ, જાણક સ્વભાવ એવો ભગવાન આત્મા, ઓ જ્ઞાયક, જ્ઞાયક જાનનેવાલા ઔર છ દ્રવ્યમેં અનંત કેવળી આયા ને સિદ્ધો આયા. એ જ્ઞેય હૈ જ્ઞાનમેં ઐસા હૈ નહિ. આહાહા ! એ કહેતે હૈં જુઓ. જીવવસ્તુ જ્ઞાયક હૈ ને પુદગલસે લેકર- એક પરમાણુસે માંડીને અચેત મહાસ્કંધ-કર્મ આદિ આહાહા ! યહાં તો આત્મા જ્ઞાયક હૈ ઔર રાગ વ્યવહાર રત્નત્રયકા ઉત્પન્ન હોના રાગ- એ જ્ઞેય હૈ ઐસા ભી નહિં. સમજમેં આયા. વ્યવહાર રત્નત્રયકા જો વિકલ્પ હૈ, એ જ્ઞાયક આત્મા ને ઓ જ્ઞેય હૈ, ઐસા હિ નહિં. સમજમેં આયા. આહાહા ! બારમી ગાથામાં કહા થા જાના હુઆ પ્રયોજનવાન હૈ. જાના હુઆ- એ તો જાનતે હૈ અપની પર્યાય, રાગકો-વ્યવહારકો જાનતી હૈ અપની પર્યાય, તો પર્યાય અપના જ્ઞેય હૈ-રાગ જ્ઞેય તો વ્યવહારસે કહેનેમેં આયા હૈ. આહાહા ! બહુ ઝીણું.

છ દ્રવ્યમેં જો દેવ-ગુરુ શાસ્ત્રકી શ્રદ્ધાકા રાગ, નવતત્ત્વકા ભેદવાળા ભાવ, પંચ મહાવ્રતના પરિણામ ઓ રાગ, ઓ અપના સ્વભાવ તો નહિ પણ અપના એ જ્ઞેયેય નહિં, એમ કહેતે હૈ. આહાહા ! ગજબ વાત હૈ ને ? ઝીણી વાત છે ભગવાન આહાહા ! પુદ્‌ગલસે લેકર ભિન્નરૂપ છ દ્રવ્ય જ્ઞેય હૈ, સો ઐસા તો નહિ હૈ, ઐસા હૈ નહિં. આહાહા ! ચંદુભાઈ આહાહા ! શરીરમેં રોગ આયા તો આત્મા જ્ઞાયક હૈ ઔર રોગ જ્ઞેય હૈ, ઐસા ભી નહિ. ( અજીબ બાત હૈ ) યહ બાત હૈ. કભી- ક્યાં સૂના હૈ ત્યાં, તમાકુ ને બીડીમાં આ હૈ નહિં કાંઈ શેઠ ? અહીં તો કહેતે હૈ તમાકુ ને બીડી ઔર સ્ત્રી કુટુંબ ને પરિવાર એ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

જ્ઞાયકકા જ્ઞેય હૈ ઐસા હિ નહિં. આહાહા! ગજબ વાત કરી છે ને ? અપના તો નહિ, જ્ઞાયક સ્વરૂપ ભગવાન આત્મા, ઉસમેં સ્ત્રી કુટુંબ પરિવાર લક્ષ્મી અને વ્યવહાર રત્નત્રયકા રાગ એ છ દ્રવ્યમેં આતા હૈ, છ દ્રવ્ય એ જ્ઞેય હૈ, જાનને લાયક હૈ, પ્રમેય હૈ ને આત્મા પ્રમાણ કરનેવાલા હૈ, ઐસા હૈ નહિં આહાહા! આવી વાત છે ( મીઠી મધૂરી વાત છે ) વસ્તુ આવી છે બાપુ. અહીં તો પરથી સંકેલવાની વાત છે આહાહા! આકરું કામ છે ભાઈ.

અનંત કાળમાં એ અભેદ અને અવિરૂદ્ધ જાન્યા નહિ એણે આહાહા!

યહાં કહેતે હૈ કે પુદ્ગલસે લેકર ભિન્નરૂપ અનંત કેવળીઓ, પંચ પરમેષ્ટિ જ્ઞાનમેં જ્ઞેય હૈ, ઐસે ય નહિ. મીઠાલાલજી કેમકે આત્મા જો છ દ્રવ્યકા અને પંચ પરમેષ્ટિકા જ્ઞાન કરતે હૈં, એ તો જ્ઞાનકી પર્યાય ઉસકે કારણસે હુઈ નહિં, એ જ્ઞેયકે કારણસે હુઈ નહિં એ અપનેસે હુઈ હૈ તો અપના જ્ઞાનકી પર્યાય અપના જ્ઞેય હૈ. આહાહા! સમજમેં આયા ?

" સો ઐસા તો નહિં હૈ જૈસા ઈસ સમય કહેતે હૈં ઈસ પ્રકાર હૈ. " અહં અયં યે જ્ઞાન માત્ર ભાવઃ અસ્મિ " આહાહા! મૈં અયં- જો કોઈ જ્ઞાન માત્ર ભાવ અસ્મિ- ચેતના સર્વસ્વ. જાનના, દેખના, ચેતના સર્વસ્વ, ઐસા વસ્તુ સ્વરૂપ મૈં હું. આહાહા! ' સઃ જ્ઞેયઃ ' વહ મૈં જ્ઞેયરૂપ હું આહાહા! ચેતના સર્વસ્વ મૈં હું. એ છ દ્રવ્યકા જ્ઞેયપણા મેરે યહ ભી નહિ. મૈં તો ચેતના સર્વસ્વ જો પર્યાય, અપની યે અપનેમેં જ્ઞેય હૈ. આહાહા! આકરી વાતું ભારે છે. છેલ્લા શ્લોકોમાં તો એકદમ, જ્ઞાનકી પર્યાય જ્ઞાયક હૈ આત્મા અને યે જ્ઞેય તો હૈ કે નહિં છ દ્રવ્ય, કેવળજ્ઞાનમેં જ્ઞેય હૈ કે નહિ ? ( વ્યવહારથી ) એ વ્યવહાર છે એનો અર્થ શું ? હૈ નહિં. ભગવાન લોકાલોકકો જાનતે હૈં ઐસા નહિં, એમ કહેતે હૈં ત્યારે ક્યા લોકાલોકકો નહિં જાનતે હૈ ? આહાહા! કે અપની જ્ઞાન પર્યાયમેં, અપનેમેં લોકાલોકકા જ્ઞાન અપને કારણસે હુઆ, એ પર્યાય અપના જ્ઞેય હૈ, લોકલોક જ્ઞેય નહિં. આહાહાહા! ઝીણી વાતું બહુ બાપુ, આહાહા! આ તો ધીરાના કામ છે. ભાઈ, આ કાંઈ એકદમ. આહાહા!

' સઃ જ્ઞેયઃ ન એવ ' – વહ મૈં જ્ઞેયરૂપ હું પરંતુ ઐસા જ્ઞેયરૂપ નહિં હું ? કૈસા જ્ઞેયરૂપ નહિં હું ? જ્ઞેય-જ્ઞાન માત્ર વસ્તુ. અપને જીવસે ભિન્ન આહાહા! ભગવાન ચેતનસ્વરૂપસે ભિન્ન, છ દ્રવ્યોંકા સમૂહકા જાણપણા માત્ર મૈં નહિ. આહાહા! છ દ્રવ્યકા જાણપણા માત્ર મૈં નહિ. મૈં તો મેરી જ્ઞાનકી પર્યાયકો જ્ઞેય બનાકરકે જાનનેવાલા હું. આવી ઝીણી વાતું હવે માણસને વ્યવહારથી થાય, દયા, દાન ને વ્રત ભક્તિથી નિશ્ચય થાય એ તો ક્યાંય રહી ગઈ ( વાત ) પણ વ્યવહાર જ્ઞેય હૈ અને આત્મા જ્ઞાયક હૈ એ બી દૂર હો ગયા. આહાહા! હૈ ? ( બહુત સૂક્ષ્મ હૈ ) સૂક્ષ્મ હૈ છાલકી ભાલ કહેતે હૈ ને ભૈયા છાલકા ભાલ. છોડતે ઐસી છાલ હૈં, માર્ગ ઐસા હૈ- ( આપ હિ સમજા સકતે હૈ ) આહાહાહા!

ઓલા બીડીના પ્રેમમાં એના નામામાં કેમ કાઢી શકો છો ? શેઠ ? એ નામુ કાઢી શકે છે ને. ફડાક-ફડાક કરે આની પાસે આટલા છે ને આની પાસે આટલા- ( ટેવાઈ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગયાને ) ટેવાઈ ગયા– આહાહા !

અહીંયા તો યે લે–દે સકતે તો નહિં. પણ ઉસકો જાનતે હૈ, એ બી નહિં, એમ કહેતે હૈ. આહાહા ! શેઠ ? તમાકુના કાનપુર જઈને પૈસા દેતે હૈ એ તો નહિ. દાખલો ઘરનો શેઠિયાનો આપીએને ? પણ એ પૈસા આયા પચાસ હજાર કે લાખ ઓ જ્ઞેય ને મૈં જ્ઞાયક ઐસા હિ નહિં. ક્યૂં કિ જ્ઞેયકો જાનનેકી પર્યાય મેરી હૈ– સો મૈં જ્ઞેય ને મૈં જ્ઞાન હું. મૈં ચૈતન્ય સર્વસ્વ હું. એમાં પરકા જ્ઞેયપણા આતા હિ નહિં કહે છે. આહાહા ! આવી વાત છે ભાઈ.

તત્ત્વદૃષ્ટિ સૂક્ષ્મ છે ભાઈ આહાહા ! એણે અનંતકાળમાં અભ્યાસ પરનો, પર્યાયનો, રાગનો અભ્યાસ કીયા આહાહા ! જનમ મરણસે રહિત હોનેકી ચીજ કોઈ અલૌકિક હૈ. અને તે પુરૂષાર્થસે પ્રાપ્ત હોતી હૈ, પણ પુરૂષાર્થ ક્યા ? આહાહા ! આ શાસ્ત્ર હૈ યે મેરા જ્ઞાન હૈ ને આ જ્ઞેય હૈ ઐસા હિ નહિં. ઔર મેરા જ્ઞાનકી પર્યાયમેં શાસ્ત્રકા જો જ્ઞાન હૈ ઐસા જ્ઞાન આયા, ઓ ઓ કારણસે નહિ આયા, ઓ જ્ઞેયકે કારણસે નહિં આયા. અપની પર્યાયમેં અપના જ્ઞેયકે કારણસે જ્ઞાન આયા હૈ. આહાહા ! આવો મારગ છે. પરની હારે શું સંબંધ છે એમ કહે છે, જ્ઞેય–જ્ઞાયક સંબંધે ય નહિ. આહાહા ! જ્ઞેય–જ્ઞાયક સંબંધ કહેનેમેં આતા હૈ ને ? તો સંબંધ તો વ્યવહાર હૈ. આહાહા !

નિશ્ચયમેં તો એ છ દ્રવ્યકા જ્ઞાન અપની પર્યાયમેં અપને સે હુઆ હૈ એ છ દ્રવ્યકી હૈયાતીને કારણે આ પર્યાયમાં જ્ઞાન છ દ્રવ્યકા હુઆ ઐસા નહિં. મેરી પર્યાયમેં ઈતની હૈયાતિકી તાકાત હૈ કે પરકી હૈયાતિ હૈ તો મૈં છ દ્રવ્યકી પર્યાયકા જ્ઞાન કરતા હું ઐસા હૈ નહિં. આહાહાહા ! આવી વાત હવે. તો કહેતે હૈ. " સઃ જ્ઞેયઃ ન એવ. " પરકા જ્ઞાનમાત્ર જ્ઞેય યે નહિ મૈં, પરકા જ્ઞાન માત્ર જ્ઞેય એ મૈં નહિ. આહાહા ! આ કળશટીકા તો ઘરમાં પડયું હશે– પડયું છે ને ? પુસ્તક તો ત્યાં છે ને ઘરે ? પડયા હશે. નાના–શેઠ વાંચે– આવી વાત છે ભાઈ. આ તો ભગવાનની વાત છે ને ભગવાનદાસ. આહાહા ! – ગજબ વાત છે. અને એ દિગંબર સંતો સિવાય આ પદ્ધતિ ક્યાંય હૈ નહિ. સમજમેં આયા ? આ વસ્તુની સ્થિતિ, ભગવાન–

એ છ દ્રવ્ય હૈ, ઉસકા જ્ઞાન હુઆ એ જ્ઞેયકૃત હુઆ, તો એ જ્ઞાનકી પર્યાય જ્ઞેયકે કારણસે હુઈ હૈ ? એ તો અપની પર્યાય હુઈ હૈ. એ તો અપની પર્યાય એ અપના જ્ઞેય હૈ. સમજમેં આયા ? સૂક્ષ્મ હૈ ભાઈ– આહાહા ! વ્યવહારે જાણેલો પ્રયોજનવાન હૈ ઐસા કહા થા, બારમી–ગાથામાં, ઉસકા અર્થ એ કે એ પ્રકારકા જ્ઞાનકી પર્યાય અપનેસે ઉત્પન્ન હોતી હૈ એ રાગ હૈ વ્યવહાર રત્નત્રયકા ઉસકા જ્ઞાન યહાં અપની પર્યાયમેં ઐસા હિ અપનેસે સ્વ–પર પ્રકાશકકી પર્યાય અપનેસે ઉત્પન્ન હોતી હૈ. એ અપની પર્યાય એ અપના જ્ઞેય હૈ, વ્યવહારે ય જ્ઞેય નહિ. આહાહાહા ! આવી વાતો છે. આ તો ધીરાના કામ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે બાપુ- આ તો કોઈ ઉતાવળીયા થઈને, ઉતાવળે આંબા ન પાકે. આંબો વાવ્યા પછી થોડી ધીરજ જોઈએ. આંબા સમજે ને ? કેરી કેરી-કેરીકા બીજ વાવે ને તરત ફળ આતે હૈં ? તો ધીરજ જોઈએ થોડી.. એમ ભગવાન આત્મા આહાહા ! તેરી જ્ઞાનકી પર્યાયમેં છ દ્રવ્ય જાનનેમેં આતા હૈ તો એ જ્ઞેય હૈ તો અહીંયા જ્ઞાન હુઆ ઐસા નહિં. અપની પર્યાય ઈતની પ્રગટ હુઈ હૈ યે અપના જ્ઞાન અને અપના જ્ઞેય પર્યાય હૈ. આહાહા ! સમજમેં આયા ?

'અપને જીવસે ભિન્ન છ દ્રવ્યોંકે સમૂહકા જાણપણા માત્ર નહિં.' એમ કહેતે હૈ. ક્યા કીયા એ- અપને જીવસે ભિન્ન છ દ્રવ્યોંકે સમૂહકા જાણપણા માત્ર નહિં. એના જાણપણા માત્ર નહિં મૈં. અપની પર્યાયકા જાણપણા માત્ર મૈં હું, સર્વસ્વ તો મેરે મેં હૈ આહાહા ! અરે !

ભાવાર્થ ઈસ પ્રકાર હૈ. મૈં જ્ઞાયક, સમસ્ત છ દ્રવ્ય મેરે જ્ઞેય, મૈં જાનનેવાલા ઔર સર્વજ્ઞ પરમેશ્વર યે મેરા જ્ઞાનમેં જ્ઞેય, પરમેશ્વર મેરા હૈ યહ તો નહિ. આહાહાહા ! પંચ-પરમેષ્ટિ મેરા હૈ ઐસા તો નહિં પણ પંચ-પરમેષ્ટિ મેરેમેં જ્ઞેય હૈ ઐસા હિ નહિં હૈ. આહાહા ! યે પંચ-પરમેષ્ટિકા યહાં જો જ્ઞાન હુઆ, એ ઉસકા નહિં હુઆ હૈ. યહ અપની પર્યાયકા સામર્થ્યસે હુઆ હૈ. એ અપની પર્યાય અપનેમેં જ્ઞેય હૈ. આહાહા ! આવું કામ છે, દૃષ્ટિને સંકેલી લીધી. અપનેમેં જ્ઞેય, જ્ઞાન ને જ્ઞાતા એ ત્રણ ભેદ બી નીકાલ દેગા પીછે, યહાં તો હજી. સમજમેં આયા ? પર જ્ઞેય ને મૈં જ્ઞાયક ઐસા તો નીકાલતા હૈ, પીછે પર્યાય જ્ઞેય હૈ ને મૈં જ્ઞાન હું અને મૈં જ્ઞાતા હું એ ત્રણ ભેદ ભી ઉસમેં નહિં.

જ્ઞાતા તે જ્ઞાતા હૈ અને જ્ઞાતા તે જ્ઞાન હૈ ને જ્ઞાન તે જ્ઞેય હૈ આહાહા ! આવી ચીજ આહાહા ! સંતોએ માર્ગ સહેલો કરી દીધો છે. સહેલા કર દીયા હૈ સહેલો ક્ર્યો તદ્દન અલ્પ ભાષામેં મારગ બહોત સરળ કર દીયા હૈં, એ અનુભવ પ્રકાશમેં આતા હૈ. આહાહા !

ભાવાર્થ ઈસ પ્રકાર હૈ કે મૈં જ્ઞાયક અને સમસ્ત જ્ઞેય મેરે સિવાય સબ પર, છ દ્રવ્ય મેરે જ્ઞેય હૈ. આહાહા ! ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશસ્તિકાય, કાળ, પરમાણુથી માંડીને સ્કંધ, કર્મ, તો કર્મ મેરા જ્ઞેય હૈ ને મૈં જ્ઞાયક હું, આહાહા ! કર્મ મેરેમેં તો નહિં, મેરા તો નહિં પણ કર્મ જ્ઞેય હૈ ને મૈં જ્ઞાયક હું ઐસા હિ નહિં આહાહા ! અહીં પોકાર કરતે હૈ કર્મથી ઐસા હો ને કર્મથી ઐસા હો, અરે સૂન તો સહી નાથ, તેરી જ્ઞાનકી સામર્થ્યતા ઈતની હૈ, કે પરકી અપેક્ષા ઉસમેં હૈ નહિં. આહાહા !

ઐસે તો નહિં, તો કૈસા હૈ ? ઐસા હૈ. જ્ઞાન-જ્ઞેય-જ્ઞાર્તૃત્વ આહાહા ! વસ્તુ માત્ર જ્ઞેય, જાણપણારૂપ શક્તિ, મેરી જાણપણારૂપ શક્તિ, ઔર જાનને યોગ્ય શક્તિ યે મેરી, જાણપણારૂપ શક્તિ મેરી અને જાનને યોગ્ય શક્તિ પણ મેરી આહાહા ! આવો મારગ છે. એની મેળાએ તો આ સમજાય એવું નથી. પોપટભાઈ !

પોપટભાઈ ! આવી ગયા. ઓલા પૈસામાં રોકાઈ ગયા 'તાને- આહાહા ! અહીંયા તો પ્રભુ કહેતે હૈ કે લક્ષ્મી તો તેરી નહિ પણ તેરા જ્ઞેય નહિ. એ તો જગતકી ચીજ જડ,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ વહ જ્ઞેય હૈ અને તું જ્ઞાયક હૈ ઐસા ભી નહિં. ત્યારે ? કે તેરી જ્ઞાનકી પર્યાય તેરા જ્ઞેય અને તું તેરા જ્ઞાન અને તું તેરા જ્ઞાતા. સમજમેં આયા ?

જાણપણારૂપ શક્તિ મેરી, જાનને યોગ્ય શક્તિ ભી મેરી, મૈં પર્યાયકા જ્ઞાન ને જ્ઞેય મૈં બનાતા હું, મેરી પર્યાય જ્ઞેય, મૈં જ્ઞાન ઔર એકેક શક્તિ હુઈ દો. હવે જ્ઞાતા, જ્ઞાતા અનેક શક્તિએ બિરાજમાન જાણનશક્તિ એક, જ્ઞેય શક્તિ પ્રમેય શક્તિ એક અંદર આહાહા ! કેમકે દ્રવ્ય ગુણ પર્યાયમેં પ્રમેયશક્તિકા વ્યાપકપણા હૈ. તો યે પ્રમેય જ્ઞેય પર્યાય હૈ એ બી મૈં ઔર જ્ઞાન ભી મૈં ઔર અનંત શક્તિ સંપન્ન જ્ઞાતા ભી મૈં, આ ઓ એકેક શક્તિ. આહાહા ! ક્યા કીયા ? બહુ સરસ વાત છે. ભાઈ, તારે પર સામું જોવાનું નથી. અને પરને આહાહા ! એ વીતરાગની વાણી ભગવાન ત્રિલોકનાથ સમોસરણમાં બિરાજે ઔર ઓ તેરા જ્ઞેય ઔર તું જ્ઞાયક આહાહા ! ઉસસે તો તેરી જ્ઞાન પર્યાય હોતી નહિં, પણ ઉસકો જાનતે હૈ ઐસા ભી યહાં નહિં. સમજમેં આયા ? ઓ સંબંધી જે અપની જ્ઞાન પર્યાયમેં જ્ઞાન હુઆ એ જ્ઞેયકો આત્મા જાનતે હૈં. યે જ્ઞેય ભી અપના અને જ્ઞાન ભી અપના અને અનંત શક્તિકા સંપન્ન જ્ઞાતા ભી અપના. આહાહા ! અરે એને ક્યા જાવું ? બહારમાં ભટક ભટક ભટકત દ્વાર દ્વાર લોકનકે આવે છે ને ? ઝાંઝરી બોલ્યો ' તો ને તે દિ' " ભટકત દ્વાર દ્વાર લોકનકે કુકર આશા ધારી " એ કૂતરો જ્યારે દસ વાગ્યાનું ટાણું હોય, પછી જાળી હોયને જાળી– કુત્તા જાળી, બંધ હોય ત્યાં. રોટલા ને ખાતા હોય ત્યાં ગંધ આવે કૂતરાને કુત્તા કુત્તાકો. જાળી હોયને. કુત્તા જાળી બંધ, ત્યાં ઉભો હોય– ઓલી રોટલી ગંધાયને હમણાં આપશે મને. દાળ–ભાત–શાક ગંધાયને એને આહાહા !

એમ જ્યાં હોય ત્યાં ભીખારી માગ્યા કરે છે; કહે છે મારી જ્ઞાનની પર્યાય અહીંથી થાય, અહીંથી થાય. આહાહા ! આશા ઓરનકી ક્યા કીજે, જ્ઞાન સુધા રસ પીજે. આત્માના આનંદનો સુધારસ પીને પ્રભુ. આહાહા ! એ જ્ઞેય પણ તું, જ્ઞાનેય તું, અને જ્ઞાતા યે પણ તું જ્ઞાન જાનનેકી એક શક્તિ, જ્ઞેય જણાનેકી એક શક્તિ ઔર જ્ઞાતા અનંત શક્તિપણે બિરાજમાન. આહાહા ! અરે અહીં તો કહે છે મેરા ગુરુ ને મેરા ભગવાન ને મેરા દેવ, મેરા મંદિર– ( ચેતના સર્વસ્વ મૈં હું ) ચેતના સર્વસ્વ હું મૈં તો... ચેતના સર્વસ્વ મૈં હું, સર્વસ્વ મૈં હું.

એ જ્ઞેય ભી મૈં, જ્ઞાન ભી મૈં અને જ્ઞાતા ભી મૈં. આહાહા ! આવો માર્ગ સમજાય નહિં ને એટલે પછી લોકોને વ્યવહાર ક્રિયાકાંડમાં દોરી દીધા. એનાથી કલ્યાણ થશે એવી પ્રરૂપણા શરૂ થઈ ગઈ અરરર ! મિથ્યાત્વની પ્રરૂપણા હૈ એ તો. મિથ્યાત્વનું પોષણ પ્રરૂપણા બાકી કેમ ખબર પડે કે આ ભાવલિંગી છે કે દ્રવ્યલિંગી છે ? પણ પ્રરૂપણા આમ ચોખ્ખી છે એનાથી ખબર નથી પડતી કે આ મિથ્યાદૃષ્ટિ છે ? એ તો સ્થૂળ વાત છે. દયા–દાન–વ્રત–ભક્તિના પરિણામ પરજ્ઞેય તરીકે જ્ઞાનમેં હૈ, આ ઉસકો યહાં ધર્મકા કારણ બનાતે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હૈ, ઉસસે તો ધર્મ હોગા ઐસી તો પ્રરૂપણા કથન હૈ- એ મિથ્યાત્વ છે એમાં સૂક્ષ્મ ક્યાં હૈ ઉસમેં ? સમજમેં આયા ? આકરું લાગે ભાઈ.

કહ્યું નહોતું ? કાલે કહ્યું 'તું ? ના આજે સવારે કહ્યું હતું. ભાઈ એ વ્યવહારકા નિષેધ કરતે હૈ યે તેરા નિષેધ નહિ. તૂં ઐસા હૈ હિ નહિં તો પીછે નિષેધ ક્યાં ? તું આત્મા હૈ ને ભગવાન. જ્ઞેય, જ્ઞાન ને જ્ઞાતા તરીકે તું આત્મા હૈ. તો તુમ્હારા અનાદર ક્યાં આયા ? આહાહા ! એ તો સ્વકા આદર આયા સમજમેં આયા ? વ્યવહારકા નિષેધ એ અપની પર્યાયમેં- વ્યવહાર જ્ઞેય અને આ જ્ઞાન, ઐસા હૈ નહિ. તેરા સ્વરૂપ ઐસા હૈ નહીં તું ઐસા હૈ નહીં. આહાહા ! સમજમેં આયા ? રાગ આવે; હોય એ દૂસરી બાત, હોય તો છ દ્રવ્ય હૈ અનંત, અનાદિસે એ કયા- અને તે સત્‌રૂપે છે અસત્‌રૂપે નહિં. બ્રહ્મ સત્ય ને જગત મિથ્યા એસા હૈ નહિં. એ તો અપની અપેક્ષાએ મિથ્યા, બાકી છ દ્રવ્ય તો અનાદિ પડયા હૈ. આહાહા ! એકેક દ્રવ્યમેં અનંત ગુણ, એકેક પરમાણુમેં અનંત ગુણ આહાહા ! એ જ્ઞાનમાં જ્ઞેય કહેના એ કહે છે અમને ખટકતે હૈ, એ નહિં. આહાહા ! તો એ જ્ઞાનમેં મેરા માનના વ્યવહાર, એ તો ક્યાંય રહી ગયા.

ભગવાન મારગ આ તો તારા હિતકારીની વાત છે પ્રભુ. અપનેમેં સૂઝ પડ જાય ઐસી ચીજ હૈ. સમજમેં આયા ? આહાહા ! કોઈકો પૂછના ન પડે. આહાહા ! જાણપણા શક્તિ એક, જાનને યોગ્ય શક્તિ એક, બે અનેક શક્તિએ બિરાજમાન વસ્તુ ઐસે તીન ભેદ " મત્ વસ્તુ માત્ર " મેરા સ્વરૂપ માત્ર હૈ, યે તીનો મેરા સ્વરૂપ હૈ. જ્ઞેય ભી મૈં, જ્ઞાન ભી મૈં અને જ્ઞાતા ભી મૈં, એ ત્રણ સ્વરૂપ મૈં હું. પરજ્ઞેય મૈં હું ઐસા તો હૈ નહિં. આહાહા ! અને દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધાકા ભાવ ઓ બી શુભભાવ હૈ અને શુભભાવ જ્ઞેય અને આત્મા જ્ઞાયક ઐસા હિ હૈ નહિં આહાહા ! પ્રભુ તેરી વાત તો જો બલિહારી, વીતરાગ, વીતરાગ, વીતરાગ...

અહીં તો કહા કે બાહ્ય નિમિત્ત જ્ઞેય ભી એ નહિ. તેરે લાભ કરે એ તો નહિં, એ તેરી ચીજ તો નહિં સર્વજ્ઞો, અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત સિદ્ધો, અનંત આચાર્ય, ઉપાધ્યાય-સાધુ. એમાં આતે હૈ ને ?

નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં આહાહા !
નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં
નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આયરિયાણં આહાહા !
નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં.

ભવિષ્યમાં અરિહંત અને સિદ્ધ હોગા એ અબી આ ગયા વંદનમેં સમજમેં આયા ? વ્યક્તિગત નહિં પણ આમ સમૂહમેં આ ગયા. ત્રિકાળવર્તી ભી પંચ-પરમેષ્ટિ જ્ઞેય હૈ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ઔર તું જ્ઞાયક હૈ. તેરા તો યે પંચ પરમેષ્ટિ નહિં પણ એ જ્ઞેય ને તું જ્ઞાયક હૈ ઐસા ભી નહિ. આહાહા ! આકરું કામ હૈ.

ઓ સંબધીકા તેરે જ્ઞાન હુઆ એ તેરી પર્યાય જ્ઞેય હુઈ તેરે. આહાહા ! ક્યોંકિ પ્રમેય નામકા ગુણ તેરેમેં હૈ, ઔર તેરા જ્ઞાન ઉસકા પ્રમાણ કરકે, પ્રમેયકો જાનતે હૈ. પર–પ્રમેયકો જાનતે હૈ ઐસા યહાં હૈ નહિં આહાહા ! સમજમેં આયા ? એ પરિણમન–પરિણામકત્વ શક્તિ આ ગઈ પરિણમન–પરિણામકત્વ, પરકો જ્ઞેય હોના ને અપનામાં પ્રમાણ હોના. એક શક્તિ હૈ ઉસમેં. પણ જ્ઞેય હોના યે વ્યવહારસે કહા. આહાહા ! શક્તિમાં ભાઈ એમ આવ્યું ’તું આહાહા ! પરિણમન–પરિણામકત્વ શક્તિ. પ્રમાણ અપના જ્ઞાન સ્વરૂપ અપનાકા પ્રમાણ હોના ઔર પરકા જ્ઞાનમેં પ્રમેય હોના, એ વ્યવહાર કહેનેમેં આયા હૈ, શકિત હૈ પણ એ વ્યવહાર હૈ. આહાહા ! તેરા પ્રમેય પરકે જ્ઞાનમેં આયા ઐસા હૈ હિ નહિં. પરકા પ્રમેય તેરા જ્ઞાનમેં આતા હૈ. ઐસા હિ નહિં આહાહા !

આટલી ધીરજથી અંદર જાવું.

ઐસા જ્ઞેયરૂપ હું, કૈસા જ્ઞેયરૂપ હું ? જ્ઞાન શક્તિ મૈં, જ્ઞેય શક્તિ મૈં અને જ્ઞાતા શક્તિ અનંત ગુણકી શક્તિ મૈં. ઐસા મૈં જ્ઞેયરૂપ હું–પરજ્ઞેયરૂપ હું ઐસા નહિ. આહાહાહા ! ગજબ વાત કરે છે ને ? વીતરાગ સિવાય, કેવળી પરમાત્મા સિવાય, સંતો સિવાય આ વાત કોણ કરે ? આહાહા ! જગતને ઠીક પડે ન પડે સમાજ સમતોલે રહે ના રહે વસ્તુ સ્થિતિ આ છે. ભાઈ તારો જ્ઞાન પર્યાય તેરો જ્ઞેય હૈ. પર જ્ઞેય નહિં, આહાહા ! સમજમેં આયા ?

તીન ભેદ, મેરા સ્વરૂપ માત્ર હૈ તીન ભેદ તો મૈં વસ્તુ સ્વરૂપ ઐસા હી હૈ. એમ કહેતે હૈ. તીનપણે એક જ વસ્તુ મૈં હું. તીનપણે મૈં વસ્તુ તો મેં એક હિ હું. આહાહા ! જ્ઞેય–જ્ઞાન ને જ્ઞાતા તીન પણ વસ્તુ માત્ર તો મૈં એક હું. આહાહા ! બહુ સૂક્ષ્મ અરે ક્યાં નવરાશ– ફુરસદ નથી, એક તો ધંધા આડે ફુરસદ નથી, પછી વ્યવહારની ક્રિયાકાંડ આડે ફુરસદ નથી. આહાહા !

પરમાં અપની માન–પ્રતિષ્ઠા બઢે એમાં દરકાર કીયા આહાહા ! એને આ જ્ઞેય–જ્ઞાન ને જ્ઞાતા વસ્તુમાત્ર એ મૈં હું સર્વસ્વ. જ્ઞેય યે હું. જ્ઞાનેય હું અને જ્ઞાયકેય હું, મારે પર સાથે કાંઈ સંબંધ નથી. આહાહા ! સમજમેં આયા ? આ એણે નિર્ણય કરના પડેગા ભગવાન ભલે પહેલે વિકલ્પસે નિર્ણય કરે. પણ નિર્ણય ઐસા કરે કે મૈં જ્ઞેય જાનને લાયક હિ મૈં, જાનને લાયક ભી મૈં અને જાનનેવાલા ભી મૈં ઔર અનંત શક્તિકા પિંડ જ્ઞાતા ભી મૈં. તીન વસ્તુ માત્ર મૈં હું– વસ્તુ માત્ર એક હૈ, તીન મિલકર વસ્તુ એક હૈ. આહાહા ! આખિરના શ્લોક છે ને ? એકદમ અભેદ વર્ણન વસ્તુ શાસ્ત્રનો સાર આખો, સમયસારનો નીચોડ છે નીચોડ. જાનનેકી શક્તિ તેરી હૈ કે જ્ઞેયકી હૈ ? જે અનંત જ્ઞેયો હૈ એ જ્ઞેયકો જાનનેકી શક્તિ તેરી હૈ કે ઉસકી હૈ ? જાનનેકી શક્તિ મેરી હૈ તો ઉસમેં પરજ્ઞેય કહાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આયા ? એ તો અપની જ્ઞાનકી શક્તિમેં પરજ્ઞેયકા જ્ઞાન અપને કારણસે અપના જ્ઞેય હોકર આયા. ઔર અપના જ્ઞાન એ જ્ઞેય હૈ એ અપનેકો જાનતે હૈ. આહાહા ! અને જ્ઞાતા ભી મૈં, અનંત શક્તિકા પિંડ ભી મૈં. તીનો હોકર વસ્તુ તો એક હૈ, દેખો ભાષા તો એમ છે ને ?

" તીન ભેદ મત્ વસ્તુ માત્ર "– મેરા સ્વરૂપ માત્ર, મેરા સ્વરૂપ માત્ર યે હૈ, વસ્તુકા સ્વરૂપ હિ ઐસા હૈ. ભગવાને કાંઈ બનાયા નહિં આ. ભગવાને તો જાના થા ઐસા કહા, ઐસા વાણી દ્વારા આયા. ભગવાન ભી કહેતે હૈ મેરી સામને તુમ ન દેખના. ઔર હમ જ્ઞેય હૈ તેરા એ ભી પર હુઆ. આહાહા ! મૈં તેરા જ્ઞાનમેં જાનને લાયક હું ઐસા હિ નહિ. આહાહા ! તેરા જ્ઞાનમેં મૈં, મેરા હૈ ઐસા તો હૈ નહિં, પણ તેરા જ્ઞાનમેં મૈં જ્ઞેય હું ઐસા હિ હૈ નહીં, તેરા જ્ઞાનમેં ઐસા હૈ નહિ. તેરા જ્ઞાનમેં તો જ્ઞાનકી પર્યાય જ્ઞેયપણે પરિણમતી હૈ, એ જ્ઞેય હૈ અને ઓ હિ સમયકા જ્ઞાન તે જ્ઞેયકો જાનતે હૈ. એવી અનંત શક્તિકા પિંડ જ્ઞાતા, ઓ હિ જ્ઞેય, ઓ હિ જ્ઞાન, ઓ હિ જ્ઞાતા. આહાહા ! હદ કરી નાખી.

અહીં તો હજી બહારથી આ મારા આ મારા, એક દ્રવ્ય બીજા દ્રવ્યનું ન કરે તો દિગંબર ધર્મ નહિ એમ પંડિતો પોકારે છે ભાઈ ઇન્દોરમાં પોકારે છે. અહીંનો વિરૂદ્ધ કરવા સાટુ. ભગવાન અહીંનું વિરૂદ્ધ ન હોય આ તો આત્મા છે. પ્રભુ એનો વિરોધ છે ભાઈ તને ખબર નથી બાપુ તને નુકસાન થાય છે ભાઈ ! એવા પરિણામનું ફળ આકરું છે નાથ તારે સહેવું પડશે ભાઈ. એ કોઈપણ દુઃખી થાય એ કાંઈ ઠીક છે. આહાહા ! એ, પરદ્રવ્યકા કર્તા ન માને એ દિગંબર જૈન નહિ. અહીં તો કહેતે હૈ કે પરકા જાનનેવાલા માને એ દિગંબર નહિ. એય ?– આહાહા !

આવો તો મારગ પ્રભુ તારો છે, ભગવંત સ્વરૂપ છે પ્રભુ તું તેરી શક્તિમેં દૂસરાકી જરૂર નહિં. તેરેકુ પરકો જાનનેમેં પરકી જરૂર નહિં. તેરે કો તેરે જાનનેમેં તેરી શક્તિકી જરૂર હૈ. હવે આમાં વિષય અને કષાયકા રસ કહાં રહ્યા. વિષય ને કષાયકા ભાવ એ પરજ્ઞેય તરીકે હૈ એ જ્ઞેય ને. આત્મા જ્ઞાન ઐસા હૈ નહિ, આહાહા ! એ ભગવાન જ્ઞાન સ્વરૂપી આત્મા હૈ ને ? તો એ વિષય કષાયકા પરિણામ હુઆ ઉસકા જ્ઞેય હુઆ ને જ્ઞાન આત્મા, જ્ઞાનમેં તો હૈ નહિં, જ્ઞાનકા તો હૈ નહિં– આહાહા ! પણ એ પરિણામ જ્ઞેય અને આત્મા જ્ઞાન ઐસા ય હૈ નહિ. આહાહા ! શું ગંભીરતા એકેક શ્લોકનાં એકેક પદની. હેં આહાહા !

" ભાવાર્થઃ ઈસ પ્રકાર હૈ કે મૈં અપને સ્વરૂપકો વેદ્ય–વેદકરૂપસે જાનતા હું " દેખો મૈં મેરા સ્વરૂપકો વેદ્યવેદક, જાનને લાયક અને જાનનેવાલા ઐસે મૈં જાનતા હું. આહાહા ! જાનનેલાયક અને જાનનેવાલા મૈં હિ હું. આહાહા ! વેદ્ય–વેદક ભાવસે જાનતા હૈ– ઈસલીયે મેરા નામ જ્ઞાન. મેરા નામ ઓ કારણસે જ્ઞાન જ્ઞેયને મૈં જાનતા હું ઈસલીયે મૈં જ્ઞાન હું.

જ્ઞાન દ્વારા મૈં જાનને યોગ્ય હું– દેખો જ્ઞેય બનાયા. મૈં આપ દ્વારા જાનને યોગ્ય હું, મેરે દ્વારા મૈં જાનને યોગ્ય હું. પર દ્વારા જાનને યોગ્ય હું ઐસા હૈ નહિં. આહાહા ! શાસ્ત્રસે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાન તો હોતા નહિં પણ શાસ્ત્ર જ્ઞેય અને આત્મા જ્ઞાયક ઐસા હિ નહિં. આહાહા ! આ જબરી વાત છે. છતાં શાસ્ત્રકા પઢના અભ્યાસ કરના એ બાત આવે. સ્વ લક્ષે આવે, છતાં શાસ્ત્રકા જ્ઞાન, શાસ્ત્ર જ્ઞેય અને આત્માકા જ્ઞાન એસા હૈ નહિં આહાહા ! જે જ્ઞાનકી પર્યાયમેં, જે જ્ઞાન નહિં થા, ઐસી વાણી સૂનકર યે જ્ઞાન આયા, તો કહે ઐસા હૈ નહિં. એ જ્ઞાનકી પર્યાય તેરા જ્ઞેય હૈ ઉસમેંસે જ્ઞાન આયા હૈ, જ્ઞેયમેંસે જ્ઞાન આયા નહિં. આહાહા ! આવું ઝીણું એટલે માણસને આકરું પડે પણ પ્રભુ મારગ તો આ છે. અરે જનમ-મરણના ઉદ્ધારનો પંથ તો આ છે. એમાં કોની સામુ જોવાનું છે. આહાહા ! સમજાણું કાંઈ ?

મારો દીકરો, મારી બાયડી, મારા પૈસા, મારા મકાન આહાહા ! પ્રભુ એ તો હૈ નહિં વસ્તુમેં, પણ એ જ્ઞેય હૈ ઐસા ભી નહિં હૈ વસ્તુમેં. સમજમેં આયા ? આહાહા ! આવી ચીજ છે, પછી કાઢી નાખે લોકો એમ કરીને એ તો એ તો નિશ્ચયની વાત નિશ્ચયની વાત નિશ્ચય એટલે સત્ય. પરમ સત્યનું સ્વરૂપ તે આ છેઃ સમજમેં આયા ? મેરા નામ જ્ઞાન. મૈં આપ દ્વારા જાનને યોગ્ય હું પર દ્વારા જાનને યોગ્ય હું ઐસા નહિં. આહાહા ! મેરા દ્રવ્ય ગુણ પર્યાય મેરા દ્વારા જાનને લાયક હૈ. આહાહા ! સમજમેં આયા ? ઈસલીયે મેરા નામ જ્ઞેય લ્યો મેરા નામ જ્ઞેય, પરજ્ઞેય નહિં, નવા માણસને એવું આકરું લાગે કે આ શું કહે છે ? આ તે શું છે ? વીતરાગનો માર્ગ બાપુ મારગ તો એ છે ભાઈ એમાં પરનો કાંઈ અવકાશ નથી. ( છતાં એકનું એક કહ્યા કરે છે. ) એકનું એક ક્હયા કરે છે. અને ઈ સ્થાપન કર્યા કરે છે પાછું આહાહા ! ભાઈ સત્ય તો યે હૈ- સત્યકા સ્થાપન યે હૈ. સમજમેં આયા ?

મૈં જાનને લાયક હું તો મૈં જ્ઞેય, મૈં જાનનેવાલા તો મૈં જ્ઞાન, આહાહા ! ' યતઃ ઐસી દો શક્તિઓસે લેકર ' અનંત શક્તિરૂપ હું ઐસે દો શક્તિ તો હૈ- જ્ઞેય ભી મૈં ને જ્ઞાન ભી મૈં. યે દો તો શક્તિ હૈ. દો શક્તિસે લેકર. અનંત શક્તિરૂપ હું, ઈસલીયે મેરા નામ જ્ઞાતા હૈં. આહાહા ! દો શક્તિઓસે લેકર જ્ઞાનશક્તિ અને જ્ઞેયશક્તિ ભી મૈં, ઔર દો શક્તિસે લેકર અનંત શક્તિરૂપ જ્ઞાતા ભી મૈં. આહાહા ! જ્ઞેય ભી મૈં, જ્ઞાન ભી મૈં ને જ્ઞાતા ભી મૈં, તીનો અપની વસ્તુ ચીજ એક હૈ. આહાહા ! ઐસા નામ ભેદ હૈ, હવે ક્યા કહેતે હૈ કે, અપને જાનને લાયક જ્ઞેય હું, જાનનેવાલા જ્ઞાન હું અને અનંત શક્તિ જ્ઞાતા. એમ તીનકા નામ ભેદ હૈ. આહાહા ! સમજમેં આયા ?

ઐસા નામ ભેદ હૈ, વસ્તુભેદ નહિં. જ્ઞેય કોઈ જુદી ચીજ હૈ ઐસા નહિં. અપની ચીજ અપના જ્ઞેય, જ્ઞાન જુદી ચીજ હૈ અને જ્ઞાતા જુદા હૈ ઐસા નહિં. એનેએ જ્ઞેય, એ ને એ જ્ઞાન ને એને એ જ્ઞાતા.. આહાહા ! સમજમેં આયા ? “ વસ્તુની સ્વતંત્રતાની પરિપૂર્ણતાની પરાકાષ્ઠા આ છે. ” આહાહા !

નિંદા કરે કોઈ, તો નિંદા એ તો શબ્દો હૈ ઔર કોઈ તેરી પ્રશંસા કરે કે તું બડા ને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ઐસા ને ઐસા, તો એ તો જડકી પર્યાય હૈં. યે તેરી પ્રશંસા નહિં, પણ તેરા યે જ્ઞેય ભી નહિં. આહાહા ! એ પ્રશંસા જ્ઞેય અને મૈં જ્ઞાયક ઐસા હૈ હિ નહિં. તો મેરી પ્રશંસા કરતે હૈ ને આ. મેરી નિંદા કરતે હૈ ઐસા હૈ નહિ. સમજમેં આયા ? ઐસા નામ ભેદ હૈ વસ્તુ ભેદ નહિ, કૈસા હું ? જ્ઞાન-જ્ઞેય-કલ્લોલ વલ્ગન જીવ જ્ઞાયક હૈ, જીવ જ્ઞેયરૂપ હૈ પોતે જ્ઞેયરૂપ, પોતે જ્ઞાન અને પોતે જ્ઞાતા. આહાહા ! ઐસા જો વચન ભેદ, વચનભેદસે ભેદ દીખતે હૈ. આહાહા ! અપના જ્ઞેય, અપના જ્ઞાન ને અપના જ્ઞાતા એ વચન ભેદ સે તીન ભેદ હૈ. આહાહા ! વસ્તુ તો હૈ યે હૈ. જ્ઞેય ભી મૈં, જ્ઞાન ભી મૈં ને જ્ઞાતા ભી મૈં, તીનો એક હી વસ્તુ ત્રણ વસ્તુ નહિ ઉસમેં આહાહા ! પર વસ્તુ તો નહિં પણ આ વસ્તુમાં ત્રણ ભેદેય નહિ. આહાહા ! આવો મારગ. શાંતિભાઈ કોઈ દિ' સાંભળ્યો નહિં હોય આટલા વરસમાં. આ મારગ છે. ગજબ વાત છે. સમયસારમાં આ વાત અલૌકિક વાત, લોકોત્તર ત્યાં કહ્યા કે પરજ્ઞેય ને મૈં જ્ઞાયક ઐસા તો નહિં. પર મેરા ને મૈં ઉસકા એ તો હૈ હિ નહિ, પણ પર જ્ઞેય ને મૈં જ્ઞાયક ઐસા હૈ નહિં ઔર મૈં જ્ઞેય, ને જ્ઞાયક ને જ્ઞાતા એ ભી ભેદ નહિં. આહાહા !

મૈં જ્ઞેય હું ને આ જ્ઞાન હૈ ને આ જ્ઞાતા હૈ ઐસા ભેદ પડતે થે એ ભી વિકલ્પ હૈ. ગજબ વાત હૈ. બહારના વાંધા-જય નારાયણ જય નારાયણ- વ્યવહાર કરતે કરતે નિશ્ચય થાય તો કહે પ્રમાણ હૈ આહાહા ! એ પોપટભાઈ. એ શેઠિયા ય એમ કરતા ' તા અંદર ભાન ન મળે તો શું કરે ? આ ખબર નહિ. આહાહા !

અહીં તો કહે છે મૈં જ્ઞેય મૈં જ્ઞાન ને મૈં જ્ઞાતા એ વચન ભેદ છે આહાહા ! પર જ્ઞેય ને મૈં જ્ઞાયક એ તો હૈ નહિ વસ્તુમાં એ વસ્તુમાં હૈ નહિં. પણ વસ્તુમાં આ તીન ભેદ હૈ યે નામ ભેદ હૈ. આહાહા ! દૃષ્ટિકા વિષયમેં તીન ભેદેય નહિ. મૈં જ્ઞેય, મૈં જ્ઞાન, મૈં જ્ઞાતા એ ત્રણ નહિં. આહાહા ! જબ્બર વસ્તુ હૈ. લોકોને લાગે હોં બીચારાને ખ્યાલ ન હોય ને એથી એને લાગે હોં. અપનેકો ખ્યાલ નહિં આતે હૈ ઈસકા વિરોધ કરતે હૈ. આ વસ્તુકી સ્થિતિ હૈ ઐસી ખ્યાલમેં નહિં આતી હૈ તો દૂસરી રીતે દૂસરા કહે, ઉસકી ધારણાસે તો વિરોધ કરતે હૈ. પ્રભુ એ વિરોધ તેરા હૈ નાથ. આહાહા ! દૂસરાકા કૌન વિરોધ કરે દૂસરી ચીજમેં ક્યાં તેરા વિરોધ જાતા હૈ તો વિરોધ કરે. આહાહા !

પ્રભુ યે તેરી ચીજ હૈ ને ? તુમ જ્ઞાતા, જ્ઞેય ને જ્ઞાન આહાહા ! જીવ જ્ઞેયરૂપ હૈ, જીવ જ્ઞાયક હૈ ને જીવ જ્ઞાન હૈ. એ કલ્લોલ વચનભેદ હૈ, કલ્લોલ હૈ એ તો આહાહા ! એ તો વચનના કલ્લોલ ભેદ હૈ વસ્તુમેં નહિ. ઉસસે ભેદકો પ્રાપ્ત હોતા હૈ. ભાવાર્થ ઈસ પ્રકાર હૈ કે એ વચનકા ભેદ હૈ, વસ્તુકા ભેદ નહિં. આહાહા ! ગજબ વાત છે. એ જ્ઞેય મૈં, જ્ઞાન મૈં ને જ્ઞાતા મૈં એ વચનભેદ હૈ. વ્યવહારના કથન માત્ર હૈ. આહાહા ! વસ્તુ તો વસ્તુ હૈ. લ્યો એ શ્લોક પૂરા હો ગયા.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્રીમદ્‌ભગવત્ અમૃતચંદ્રસૂરિકૃત શ્રી સમયસારજી શાસ્ત્રની ‘આત્મખ્યાતિ’ ટીકા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં અઢારમી વખત થયેલાં પ્રવચનોમાંથી કળશ–૨૭૧ ઉપરનું પ્રવચન ( પ્રવચન રત્નાકર ભાગ – ૧૧ માંથી ) :–

## * કળશ - ૨૭૧ *

‘ જ્ઞાનમાત્ર ભાવ પોતે જ જ્ઞાન છે, પોતે જ પોતાનું જ્ઞેય છે અને પોતે જ પોતાનો જ્ઞાતા છે–એવા અર્થનું કાવ્ય હવે કહે છે:

( शालिनी )

योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि
ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव।
ज्ञेयो ज्ञेयज्ञानकल्लोलवल्गन्
ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ।। २७१।।

**શ્લોકાર્થ:-** [ यः अयं ज्ञानमात्रः भावः अहम् अस्मि सः ज्ञेय-ज्ञानमात्रः एव न ज्ञेयः ] **જે આ જ્ઞાનમાત્ર ભાવ હું છું તે જ્ઞેયોના જ્ઞાનમાત્ર જ ન જાણવો;** [ ज्ञेय-ज्ञान-कल्लोल-वल्गन् ] **( પરંતુ ) જ્ઞેયોના આકારે થતા જ્ઞાનના કલ્લોલોરૂપે પરિણમતો તે,** [ ज्ञान-ज्ञेय-ज्ञातृमत्-वस्तुमात्रः ज्ञेयः ] **જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતામય વસ્તુમાત્ર જાણવો ( અર્થાત્ પોતે જ જ્ઞાન, પોતે જ જ્ઞેય અને પોતે જ જ્ઞાતા-એમ જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતારૂપ ત્રણે ભાવો સહિત વસ્તુમાત્ર જાણવો ).**

**ભાવાર્થ:- જ્ઞાનમાત્ર ભાવ જાણનક્રિયારૂપ હોવાથી જ્ઞાનસ્વરૂપ છે. વળી તે પોતે જ નીચે પ્રમાણે જ્ઞેયરૂપ છે. બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદાં છે, જ્ઞાનમાં પેસતાં નથી; જ્ઞેયોના આકારની ઝળક જ્ઞાનમાં આવતાં જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો ( તરંગો ) છે. તે જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે. આ રીતે પોતે જ પોતાથી જણાવાયોગ્ય હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે. વળી પોતે જ પોતાનો જાણનાર હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞાતા છે. આ પ્રમાણે જ્ઞાનમાત્ર ભાવ જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા-એ ત્રણે ભાવોયુક્ત સામાન્યવિશેષસ્વરૂપ વસ્તુ છે. ‘ આવો જ્ઞાનમાત્ર ભાવ હું છું ’ એમ અનુભવ કરનાર પુરુષ અનુભવે છે. ૨૭૧.**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## * કળશ ૨૭૧: શ્લોકાર્થ ઉપરનું પ્રવચન *

'यः अयं ज्ञानमात्रः भावः अहम् अस्मि सः ज्ञेय–ज्ञानमात्रः एव न ज्ञेयः' જે આ જ્ઞાનમાત્ર ભાવ હું છું તે જ્ઞેયોના જ્ઞાનમાત્ર જ ન જાણવો;...'

જુઓ, શું કહે છે? જે આ જ્ઞાનમાત્ર ભાવ હું છું તે છ દ્રવ્યોના જાણવામાત્ર જ ન જાણવો. શું કીધું? લોકમાં જેટલાં દ્રવ્યો છે-અનંતા સિદ્ધો ને અનંતા નિગોદના જીવો સહિત જીવો, અનંતાનંત પુદ્‌ગલો-દેહ, મન, વાણી, કર્મ ઇત્યાદિ, અને ધર્મ, અધર્મ, આકાશ, કાળ-એમ છ દ્રવ્યો-તેના દ્રવ્ય-ગુણ-પર્યાયો-તે મારાં જ્ઞેય અને હું એનો જ્ઞાયક એમ, કહે છે, ન જાણવું હવે એનું કર્તાપણું તો કયાંય ગયું, અહીં તો કહે છે-એના (છ દ્રવ્યોના) જાણવામાત્ર હું છું એમ ન જાણવું. ગજબ વાત છે ભાઈ! પરદ્રવ્યો સાથે જ્ઞેયજ્ઞાયકપણાનો સંબંધ પણ નિશ્ચયથી નથી, વ્યવહારમાત્ર એવો સંબંધ છે. સમજાય છે કાંઈ...? જૈન તત્ત્વજ્ઞાન બહુ ઝીણું છે ભાઈ! આ વ્યવહાર રત્નત્રયનો રાગ હોય છે ને ધર્માત્માને? અહીં કહે છે-ભગવાન આત્મા જ્ઞાયક, ને વ્યવહાર રત્નત્રયનો રાગ એનું જ્ઞેય એમ વાસ્તવમાં છે નહિ. બારમી ગાથામાં વ્યવહાર 'જાણેલો' પ્રયોજનવાન કહ્યો એ તો વ્યવહારથી વાત છે. નિશ્ચયથી તો સ્વપરને પ્રકાશનારી પોતાની જ્ઞાનની દશા જ પોતાનું જ્ઞેય છે. રાગાદિ પરવસ્તુ-પરદ્રવ્યોને એનાં જ્ઞેય કહેવાં તે વ્યવહારથી છે, નિશ્ચયથી પર સાથે એને જ્ઞેયજ્ઞાયક સંબંધ પણ નથી. હવે પર સાથે એને મારાપણાનો -સ્વામીત્વનો અને કર્તાપણાનો સંબંધ હોવાની વાત તો કયાંય ઉડી ગઈ. સમજાણું કાંઈ...?

અહાહા...! કહે છે-જે આ જ્ઞાનમાત્ર ભાવ હું છું તે જ્ઞેયોના જ્ઞાનમાત્ર ન જાણવો. તો કેવી રીતે છે? તો કહે છે-

'ज्ञेय–ज्ञान–कल्लोल वल्गन्' (પરંતુ) જ્ઞેયોના આકારે થતા જ્ઞાનના કલ્લોલોરૂપે પરિણમતો તે, 'ज्ञान–ज्ञेय–ज्ञातृमत्–वस्तुमात्रः ज्ञेयः' જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતામય વસ્તુમાત્ર જાણવો. (અર્થાત્ પોતે જ જ્ઞાન, પોતે જ જ્ઞેય અને પોતે જ જ્ઞાતા -એમ જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતારૂપ ત્રણે ભાવો સહિત વસ્તુમાત્ર જાણવો).

'જ્ઞેયોના આકારે થતા જ્ઞાનના કલ્લોલરૂપે પરિણમતો' -આ વ્યવહારથી કહ્યું હોં. ખરેખર તો જ્ઞેયોનું-છ દ્રવ્યનું જેવું સ્વરૂપ છે તેને જાણવાના વિશેષરૂપે પરિણમવું તે જ્ઞાનની પોતાની દશા છે, ને તે જ્ઞાનના પોતાના સામર્થ્યથી છે. 'જ્ઞેયોના આકારે થતું જ્ઞાન' એ તો કહેવામાત્ર છે, બાકી જ્ઞાન જ્ઞાનાકાર જ છે, જ્ઞેયાકાર છે જ નહિ. સમજાણું કાંઈ...? અહાહા...! અહીં કહે છે-એ જ્ઞાનની પર્યાય ને મારા દ્રવ્ય-ગુણ (દ્રવ્ય-ગુણ-પર્યાય) ત્રણે થઈને હું જ્ઞેય છું. જ્ઞાન હું, જ્ઞાતા હું, ને જ્ઞેય આ લોકાલોક-એવું કોણે કહ્યું? પરમાર્થે એમ છે નહિ. એમ કહેવું એ વ્યવહાર છે. અહાહા...! ધર્મીના અંતરની ખુમારી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો જુઓ! કહે છે-જગતમાં હું એક જ છું, જગતમાં બીજી ચીજો હો તો હો, પરમાર્થે તેની સાથે મારે જાણવાપણાનોય સંબંધ છે નહિ. આવી વાત! સમજાણું કાંઈ... ?

અહાહા...! અહીં શું કહે છે? કે પર જ્ઞેય (પરપદાર્થો-દેવ-ગુરુ-શાસ્ત્ર, પંચ પરમેષ્ઠી, ને વ્યવહાર રત્નત્રય આદિ જ્ઞેય), હું જ્ઞાન, ને હું જ્ઞાતા-એવો સંબંધ હોવાનું તો દૂર રહો, હું જ્ઞેય, હું જ્ઞાન, ને હું જ્ઞાતા-એવા ત્રણ ભેદરૂપ પણ હું નથી. એ ત્રણેય હું એક છું. જુઓ આ સ્વાનુભવની દશા! જ્ઞાન-જ્ઞાતા-જ્ઞેય એવા ભેદોથી ભેદાતો નથી એવો અભેદ ચિન્માત્ર હું આત્મા છું. હું જ્ઞેય છું, હું જ્ઞાન છું, હું જ્ઞાતા છું એવા ત્રણ ભેદ ઉપજે એ તો રાગ-વિકલ્પ છે, પણ વસ્તુ ને વસ્તુની દૃષ્ટિમાં એવા ભેદ છે નહિ, બધું અભેદ એક છે.

ભાઈ! તારામાં તારું હોવાપણું કેવડું છે તેની તને ખબર નથી. ત્રણ લોકના દ્રવ્યો દ્રવ્ય-ગુણ-પર્યાયો ત્રિકાળવર્તી જે અનંતાનંત છે તે બધાને જાણનારી તારી જ્ઞાનની દશા તે ખરેખર તારું જ્ઞેય છે. તે દશા એકલી નહિ, પણ તારા દ્રવ્ય-ગુણ-પર્યાય તે બધું જ્ઞેય છે. અહાહા...! તે સમસ્તનું (-પોતાનું) જ્ઞાન તે જ્ઞાન, તે સમસ્ત (-પોતે) જ્ઞેય અને પોતે જ્ઞાતા-એ ત્રણેય વસ્તુ એકની એક છે, ત્રણ ભેદ નથી. આવી ઝીણી વાત! જ્ઞાન-જ્ઞાતા-જ્ઞેય ત્રણે ભાવો સહિત વસ્તુમાત્ર પોતે એક છે.

## * કળશ ૨૭૧ : ભાવાર્થ ઉપરનું પ્રવચન *

અહાહા...! બહુ સરસ ભાવાર્થ છે; વસ્તુના મર્મનું માખણ છે. કહે છે-પોતાના દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપતાં પોતે જ જ્ઞાતા, પોતે જ જ્ઞાન અને પોતે જ જ્ઞેય છે એમ અનુભવાય છે, છ દ્રવ્ય જ્ઞેય, હું જ્ઞાન અને હું જ્ઞાતા એમ અનુભવાતું નથી; કેમકે પરમાર્થે પર સાથે જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે જ નહિ. આવી વાત!

કહે છે- 'જ્ઞાનમાત્ર ભાવ જાણનક્રિયારૂપ હોવાથી જ્ઞાનસ્વરૂપ છે.'

જુઓ, શું કીધું? કે જ્ઞેયો જગતના છે તેને જાણવારૂપ જાણનક્રિયા તે જ્ઞાન-સ્વરૂપ છે, જ્ઞેયસ્વરૂપ નથી. જ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્ય જણાય છે તે ખરેખર છ દ્રવ્ય જણાતા નથી, પણ છ દ્રવ્ય સંબંધી પોતાનું જે જ્ઞાન તે જણાય છે અને તે ખરેખર આત્માનું જ્ઞેય છે. પરજ્ઞેય જણાય છે એમ કહેવું એ તો વ્યવહાર છે. જ્ઞેય સંબંધી પોતાની જ્ઞાનની પર્યાય જાણવારૂપ થઈ તે એનું જ્ઞેય છે, ઓલું (પરજ્ઞેય) નહિ, કેમકે પોતામાં પોતાની જ્ઞાનપર્યાયનું અસ્તિત્વ છે (પરનું નહિ). અહાહા...! છ દ્રવ્યને જાણવાની જ્ઞાનની પર્યાય પોતાની છે, તેને છ દ્રવ્યનું જ્ઞાન કહેવું તે વ્યવહાર છે; જ્ઞેય-જ્ઞાન જ્ઞેયનું નથી, પણ જ્ઞાનનું જ્ઞાન છે, જાણનક્રિયારૂપભાવ જ્ઞાનસ્વરૂપ છે. પં. જયચંદજી એ જ સ્પષ્ટ કરે છે-

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'વળી તે પોતે જ નીચે પ્રમાણે જ્ઞેયરૂપ છે. બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદાં છે, જ્ઞાનમાં પેસતાં નથી; જ્ઞેયોના આકારની ઝલક જ્ઞાનમાં આવતાં જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો (તરંગો) છે. તે જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે.'

અહાહા...! જુઓ, બાહ્ય જ્ઞેયો-રાગાદિકથી માંડી છએ દ્રવ્યો પોતાના આત્માથી (-પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેથી) જુદાં છે. જો તે જુદાં ન હોય તો એક હોય, પણ એમ કદી બનતું નથી, છે નહિ.

રાગનું જ્ઞાન થાય તેમાં કાંઈ રાગ જ્ઞાનની પર્યાયમાં આવતો નથી. કેવળીને લોકાલોકનું જ્ઞાન થયું તો લોકાલોક કાંઈ જ્ઞાનમાં પેસી ગયાં નથી. ઘટનો જાણનાર ઘટ-રૂપે થતો નથી. વળી ઘટનો જાણનાર વાસ્તવમાં ઘટને જાણે છે એમ નથી. સ્વપરને જાણવાના જ્ઞાનરૂપે સ્વયં આત્મા જ થાય છે. ઘટને જાણવાના જ્ઞાનરૂપે આત્મા થાય છે; તેથી ઘટનું જ્ઞાન નહિ, પણ આત્માનું જ જ્ઞાન છે. પોતાનામાં તો પોતાના જ્ઞાનપરિણામનું અસ્તિત્વ છે, જ્ઞેયનું નહિ. આત્માનો 'જ્ઞ' સ્વભાવ છે, ને 'જ્ઞ' સ્વભાવી આત્મામાં જાણનક્રિયા થાય તે પોતાથી થતી પોતાની ક્રિયા છે, એમાં પરજ્ઞેયનું કાંઈ જ નથી. આમ જ્ઞેય સંબંધી પોતાના જ્ઞાનનું જે પરિણમન થયું તે જ્ઞેય પોતે, જ્ઞાન પોતે જ, ને પોતે જ જ્ઞાતા છે. સમજાણું કાંઈ...?

જ્ઞેયોના આકારની ઝલક જ્ઞાનમાં આવતાં જ્ઞાન જ્ઞેયાકાર દેખાય છે, પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો છે. જુઓ, જ્ઞાન જ્ઞેયાકાર છે એમ નહિ, એ તો જ્ઞેયને જાણવા પ્રતિ તેવા જ્ઞાનાકારે જ્ઞાન પોતે જ થયું છે. જ્ઞેયનું તેમાં કાંઈ જ નથી. જ્ઞેય જ્ઞાનમાં પેઠું છે એમ છે જ નહિ; અર્થાત્ જ્ઞાન જ્ઞેયરૂપે થાય છે એમ છે જ નહિ. જ્ઞાન જ્ઞાનાકાર જ છે, એ જ્ઞાનના જ કલ્લોલો છે.

અહાહા...! કેવું ભેદજ્ઞાન કરાવ્યું છે! વીતરાગ માર્ગ બહુ સૂક્ષ્મ છે ભાઈ! જરા ધીરો થઈને સાંભળ. કહે છે-આત્મા પરને કરે કે પરથી આત્મામાં કાંઈ થાય એ વાત તો જવા દે, એ વાત તો છે નહિ, પણ પર જ્ઞાનની પર્યાયમાં જણાય, જ્ઞાન પરને જાણે કે પરજ્ઞેય જ્ઞાનની પર્યાયમાં આવે-પેસે એમ પણ છે નહિ. વસ્તુ-દ્રવ્ય એક જ્ઞાયકભાવપણે છે તે પોતે જ્ઞાનની પર્યાયપણે, જાણનક્રિયારૂપે થાય છે તે પોતાની સ્વપરપ્રકાશકની ક્રિયા છે. એમાં પર જણાય છે એમ કહેવું તે વ્યવહાર છે બસ. પર જણાતું નથી, પોતાની જાણનક્રિયા જાણવારૂપે છે તે જણાય છે.ભગવાન! તું આવડો ને આવો જ છે; બીજી રીતે માન તો તારા સ્વભાવનો ઘાત થશે. સર્વજ્ઞ પરમેશ્વર કહે છે-લોકાલોક જણાય એવડી તારી પર્યાય નથી, તારી જ્ઞાનપર્યાયને તું જાણ એવું તારું સ્વરૂપ છે. લોકાલોકને જાણવું એમ કહેવું એ અસદ્ભૂત વ્યવહાર છે, જૂઠો વ્યવહાર છે.

તો સાચો વ્યવહાર શું છે?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે આ; પોતે જાણગ-જાણવાના ભાવવાળું તત્ત્વ હોવાથી લોકાલોકનાં જેટલાં જ્ઞેયો છે તેને અને પોતાને જાણવાની ક્રિયારૂપે પોતામાં (પોતાના અસ્તિત્વમાં) પોતાના કારણે પરિણમે છે. ખરેખર તો આ જ્ઞાનનો પર્યાય તે જ્ઞેય છે. જ્ઞાનની પર્યાયનું પર (પદાર્થ) જ્ઞેય છે એમ કહેવું તે વ્યવહાર છે. આવી વાત છે.

જ્ઞેયોના આકાર એટલે જ્ઞેયોના વિશેષો-એની જ્ઞાનમાં ઝલક આવે છે અર્થાત્ તે સંબંધીનું પોતાનું જ્ઞાન પોતામાં પોતાથી પરિણમે છે. તે જ્ઞાન જ્ઞેયાકાર દેખાય છે એમ કહ્યું પણ તે જ્ઞેયાકાર થયું નથી, એ તો જ્ઞાનાકાર-જ્ઞાનના જ તરંગો છે. અહાહા...! જાણગ... જાણગ... જાણગ પોતાનો સ્વભાવ છે, એમાં પરવસ્તુનો-પરજ્ઞેયનો પ્રવેશ નથી, છતાં એનું જાણવું અહીં (-પોતામાં) થાય છે તે ખરેખર એનું (પરજ્ઞેયનું) જાણવું નથી; જાણવાની પોતાની દશા છે એનું જાણવું છે. આ ન્યાયથી તો વાત છે; એને સમજવી તો પડે ને! કોઈ થોડું સમજાવી દે?

જુઓ, દર્પણના દૃષ્ટાંતે આ વાત સમજીએ:

જેમ દર્પણની સામે કોલસા, અગ્નિ વગેરે મૂકેલાં હોય તે દર્પણમાં દેખાય છે. પણ એ દર્પણથી જુદી ચીજ છે ને? દર્પણમાં તો તે પદાર્થોની ઝલક દેખાય છે, પણ શું કોલસા ને અગ્નિ વગેરે દર્પણમાં છે? દર્પણમાં તો દર્પણની સ્વચ્છતાનું અસ્તિત્વ છે. જો અગ્નિ વગેરે તેમાં પેઠાં હોય તો દર્પણ અગ્નિમય થઈ જાય, તેને હાથ અડકાડયે હાથ બળી જાય. પણ એમ છે નહિ. દર્પણ દર્પણની સ્વચ્છતાના પરિણામે પોતે જ પોતાથી પરિણમ્યું છે; કોલસા કે અગ્નિનું તેમાં કાંઈ જ નથી. સમજાણું કાંઈ...?

આ શું કીધું? લ્યો, ફરીથી. એક બાજુ દર્પણ છે, અને તેની સામે એક બાજુ અગ્નિ ને બરફ છે. અગ્નિ અગ્નિમાં લબક-ઝબક થાય છે, ને બરફ બરફમાં પીગળતો જાય છે. તે સમયે દર્પણમાં પણ બસ એવું જ દેખાય છે. તો શું દર્પણમાં અગ્નિ ને બરફ છે? ના; અગ્નિ અને બરફનું હોવું તો બહાર પોતપોતામાં છે, દર્પણમાં તેમનું હોવાપણું નથી, દર્પણમાં તેઓ પેઠા નથી. દર્પણમાં તો દર્પણની તે-રૂપ સ્વચ્છ દશા થઈ છે તે છે. અગ્નિ અને બરફ સંબંધી દર્પણની સ્વચ્છતાની દશા તે દર્પણનું પોતાનું પરિણમન છે, અગ્નિ ને બરફનું તેમાં કાંઈ જ નથી; અગ્નિ અને બરફે એમાં કાંઈ જ કર્યું નથી, એ તો જુદા પદાર્થો છે.

તેમ ભગવાન આત્મા સ્વચ્છ ચૈતન્ય દર્પણ છે. તેના જ્ઞાનમાં જ્ઞેયોના આકારની ઝલક આવતાં જ્ઞાન જ્ઞેયાકાર દેખાય છે. સામે જેવા જ્ઞેયો છે તે જ પ્રકારની વિશેષતારૂપે પોતાની જ્ઞાનની દશા થતાં જાણે કે જ્ઞાન જ્ઞેયાકારે થઈ ગયું હોય તેમ દેખાય છે, પરંતુ જ્ઞાન જ્ઞેયાકાર થયું જ નથી, જ્ઞાનાકાર છે; અર્થાત્ તે જ્ઞેયના કલ્લોલો નથી, પણ જ્ઞાનના જ કલ્લોલો છે, જ્ઞાનની જ દશા છે; જ્ઞેયોનું એમાં કાંઈ જ નથી. સમજાણું કાંઈ...?

અહા! આવો પોતાના અસ્તિત્વનો મહિમા જાણ્યા વિના ભાઈ! તું દયા, દાન,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્રત, તપ કરીકરીને સૂકાઈ જાય તોય લેશ પણ ધર્મ થાય નહિ. પોતાના સ્વરૂપના મહાતમ ( -માહાત્મ્ય ) વિના ધર્મની ક્રિયા કોઈ દિ ' થઈ શકતી નથી.

નાની ઉંમરની વાત છે. પાલેજમાં પિતાજીની દુકાન હતી. તે બંધ કરી રાત્રે મહારાજ ઉપાશ્રયમાં આવ્યા હોય ત્યાં એમની પાસે જતા. ત્યાં મહારાજ ગાતા-

" ભૂધરજી તમને ભૂલ્યો રે ભટકું છું ભવવનમાં,

કુતરાના ભવમાં મેં વીણી ખાધા કટકા, ત્યાં ભૂખના વેઠયા ભડકા રે "

હવે આમાં તત્ત્વની કાંઈ ખબર નહિ, પણ સાંભળીને તે વખતે રાજી રાજી થઈ જતા. લોકમાં પણ બધે આવું જ ચાલી રહ્યું છે ને ! પોતે કોણ ને કેવડો છે એની ખબર ન મળે, પણ માંડે વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિ કરવા; એમ કે એનાથી ધર્મ થશે, પણ ધૂળમાંય ધર્મ નહિ થાય. પોતે કોણ છે એની ખબર વિના શેમાં ધર્મ થશે ? બાપુ ! હું જ્ઞાનસ્વભાવ છું એમ ભૂલીને રાગના કર્તાપણામાં મંડયો રહે એ તો પાગલપણું છે. દુનિયા આખી આવી પાગલ છે. સમજાણું કાંઈ... ?

અહાહા... ! અહીં કહે છે- ' આ જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે. ' પોતાના હોવાપણામાં દયા, દાન આદિના ભાવ, કે શરીર, મન, વાણી ઇત્યાદિ પરજ્ઞેયોનો પ્રવેશ નથી, એ તો જુદા પર છે; માટે જાણવાની ક્રિયા જ જ્ઞાન વડે, આત્મા વડે જણાય છે. દયાના પરિણામ થાય તેને જાણનારી ક્રિયા આત્માની છે ને તે એનું જ્ઞેય છે, પણ દયાના પરિણામ પરમાર્થે આત્માના નથી, ને પરમાર્થે તે આત્માનું જ્ઞેય નથી.

હવે કોઈને થાય કે આ તે વળી કેવો ધર્મ ? ભૂખ્યાને ભોજન આપવું, તરસ્યાને પાણી આપવું, નાગાને કપડાં દેવાં, ને માંદાની માવજત કરવી-એવી કોઈ વાત તો સમજાય. અરે ભાઈ ! એ તો બધી રાગની ક્રિયા બાપુ ! તે કાળે જડની ક્રિયા તો જડમાં થવાયોગ્ય થઈ, તે ક્રિયા તારી નહિ, ને રાગની ક્રિયા પણ તારી નથી. અરે, તે કાળે રાગનું જ્ઞાન થયું તે જ્ઞાન રાગનું નથી, રાગ તેમાં પેઠો નથી, જાણવાની ક્રિયા તારા અસ્તિત્વમાં થઈ છે તે તારી છે, અને તે ખરેખર તારું જ્ઞેય છે, રાગાદિ પરમાર્થે તારાં જ્ઞેય નથી. સમજાય છે કાંઈ... ?

અજ્ઞાની જીવોને આટલું બધું ( દયા, દાન આદિને ) ઓળંગીને અહીં ( જ્ઞાનભાવમાં ) આવવું મોટો મેરુ પર્વત ઉપાડવા જેવું લાગે છે. પણ આમાં તારું હિત છે ભાઈ !

હવે કહે છે- ' આ રીતે પોતે જ પોતાથી જણાવાયોગ્ય હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે. વળી પોતે જ પોતાનો જાણનાર હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞાતા છે. આ પ્રમાણે જ્ઞાનમાત્ર ભાવ જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા-એ ત્રણે ભાવોયુક્ત સામાન્યવિશેષસ્વરૂપ વસ્તુ છે. '

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુઓ, આ બધાનો સરવાળો કર્યો. જણાવવાયોગ્ય પર પદાર્થો પરમાં રહ્યા છે, અને જાણનારો જાણનારમાં રહેલ છે. જાણનાર પોતે જ્ઞાનરૂપ થયો થકો પોતાને જાણે છે. આમ આત્મા પોતે જ જણાવાયોગ્ય છે; જ્ઞાનમાત્ર ભાવ જ પોતાનું જ્ઞેય છે. પર પદાર્થને જ્ઞેય કહેવો એ વ્યવહાર છે બસ.

વળી પોતે જ પોતાનો જાણનાર હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞાતા છે. અહાહા...! પરની સાથે પરમાર્થે આત્માને કોઈ સંબંધ નથી. જે જણાય તે પણ પોતાની દશા, જાણનારો પણ પોતે અને જ્ઞાન પણ પોતે જ, અહાહા...! જ્ઞાન, જ્ઞાતા, જ્ઞેય ત્રણેય એકરૂપ. અંતરમાં દ્રષ્ટિ મૂકતાં આવા ત્રણ ભેદ આત્માના છે એમ રહેતું નથી. પર વસ્તુ જ્ઞેય ને પોતે જ્ઞાતા એ તો કયાંય રહી ગયું. પોતે જ જ્ઞેય, પોતે જ જ્ઞાન, ને પોતે જ જ્ઞાતા–એવા ત્રણ ભેદ પણ અંતર્દ્રષ્ટિમાં સમાતા નથી, બધું અભેદ એકરૂપ અનુભવાય છે. લ્યો, આનું નામ ધર્મ છે; જેમાં સામાન્યવિશેષનું અભેદપણું પ્રાપ્ત–સિદ્ધ થયું તે ધર્મ છે.

અહાહા...! 'આવો જ્ઞાનમાત્ર ભાવ હું છું' એમ અનુભવ કરનાર પુરુષ અનુભવે છે. જ્ઞાતા પણ હું, જ્ઞાન પણ હું, ને જ્ઞેય પણ હું–એમ ત્રણેય એક હું–આવો જે જ્ઞાનમાત્ર ભાવ તે હું છું એમ અનુભવ કરનાર પુરુષ પોતાને અનુભવે છે. આવો અનુભવ થવો તે ધર્મ છે. 'અનુભવ' –અનુ નામ અનુસરીને, ભવ નામ ભવન થવું; આત્માને–જ્ઞાનમાત્ર વસ્તુને–અનુસરીને થવું તે અનુભવ છે ને તે ધર્મ છે. આ સિવાય રાગને અનુસરીને થવારૂપ જે અનેક ક્રિયાઓ છે એ બધો સંસાર છે, એ બધું રણમાં પોક મૂકવા જેવું છે.

અહાહા...! અનુભવ કરનાર પુરુષ એમ અનુભવે છે કે જાણનારે ય હું, જ્ઞાનેય હું, ને જણાવાયોગ્ય જ્ઞેય પણ હું જ છું. આ ત્રણેના અભેદની દ્રષ્ટિ થતાં એને સ્વાનુભવ પ્રગટ થયો છે, ને તેમાં એને અતીન્દ્રિય આનંદના સ્વાદનું વેદન પ્રગટ થયું હોય છે. આને સમકિત અને ધર્મ કહે છે. સમજાણું કાંઈ...?

જુઓ, અહીં સામાન્ય–વિશેષ બેય ભેગું લીધું છે, કેમકે પ્રમાણજ્ઞાન કરાવવું છે. પ્રમાણજ્ઞાનમાં વસ્તુ ત્રિકાળી સત્, એની શક્તિઓ ત્રિકાળી સત્ અને એની વર્તમાન પર્યાય એ ત્રણે થઈને વસ્તુ આત્મા કહ્યો છે. એમાં શરીર, મન, વાણી, કર્મ, ને વિકાર ઇત્યાદિ ન આવે.

* * * * *

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# પરિશિષ્ટ....

આ હુંડાઅવસર્પિણીના પંચમકાળમાં જે જીવો આત્મઆરાધના કરે છે તેને કેવું ફળ મળે છે તે સંબંધી કેટલાક સંદર્ભો નીચે આપવામાં આવ્યા છે.

*** શ્રી સમયસારજી શાસ્ત્ર કળશ-૨૪૦ તથા શ્લોકાર્થઃ-**

एको मोक्षपथो य एष नियतो दृग्ज्ञप्तिवृत्त्यात्मक-
स्तत्रैव स्थितिमेति यस्तमनिशं ध्यायेच्च तं चेतति।
तस्मिन्नेव निरन्तरं विहरति द्रव्यान्तराण्यस्पृशन्
सोऽवश्यं समयस्य सारमचिरान्नित्योदयं विन्दति।। २४०।।

**શ્લોકાર્થઃ-** દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ જે આ એક નિયત મોક્ષમાર્ગ છે, તેમાં જ જે પુરુષ સ્થિતિ પામે છે અર્થાત્ સ્થિત રહે છે, તેનેજ નિરંતર ધ્યાવે છે, તેનેજ ચેતે-અનુભવે છે અને અન્ય દ્રવ્યોને નહિ સ્પર્શતો થકો તેમાંજ નિરંતર વિહાર કરે છે. ( સઃ નિત્ય-ઉદયં સમયસ્ય સારમ્ અચિરાત્ અવશ્યં વિન્દતિ ) તે પુરુષ, જેનો ઉદય નિત્ય રહે છે એવા સમયના સારને થોડા કાળમાં જ અવશ્ય પામે છે... અનુભવે છે.

**ભાવાર્થઃ-** નિશ્ચય મોક્ષમાર્ગના સેવનથી થોડાજ કાળમાં મોક્ષની પ્રાપ્તિ થાય એ નિયમ છે.

* પરમઅધ્યાત્મતરંગિણીમાં સર્વવિશુદ્ધ જ્ઞાનાધિકારના શ્લોક-૪૭ ( સમયસાર શાસ્ત્રમાં સળંગ શ્લોક ક્રમાંક-૨૪૦ ) ની સંસ્કૃત ટીકામાં અચિરાત્ નો અર્થ કરતાં લખ્યું છે કે શીઘ્રં-તદ્ભવે-તૃતીયમવાદૌ વા અવશ્ય-નિયમતઃ- ( પાનું-૧૬૩ )

* આત્મધર્મના માર્ચ-૧૯૯૫ ના અંકમાં પાના નં-૮ ઉપર પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનમાં આ પ્રમાણે ઉલ્લેખ છે. પરમઅધ્યાત્મતરંગિણીમાં પાઠ છે કે આ કાળે સાધક મોક્ષ નહિ પામે પણ તે ત્રણભવે મુક્તિ પામશે. શું કહ્યું... ? કે જેણે આ ભવમાં આત્માનું સાધન કર્યું છે તે ત્રીજા ભવમાં મોક્ષે જશે-એવો શાસ્ત્રમાં સંસ્કૃતમાં શ્લોક છે. શ્લોકમાં અચિરાત્ શબ્દ છે તેનો અર્થ એ છે કે, તે જ ભવે ભલે મોક્ષ ન પામે પણ ત્રીજા ભવે એ જીવનો મોક્ષ થાય છે. આવા કાળમાં પણ આત્માની સાધના કરી રહ્યો છે તે સાધના કરનાર ત્રીજા ભવે મોક્ષ પામી જાય છે. પંચમકાળમાં મોક્ષ નથી માટે સાધના ન કરવી એમ નથી. ( બહેનશ્રીના વચનામૃત બોલ નં. -૧૧ ઉપરના તા. ૮-૮-૮૦નાં પ્રવચનની ટેપમાંથી )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* પૂ. ગુરુદેવશ્રી પ્રવચન નવનીત ભાવ–૨, પાના નં. –૧૭૯ ઉપર તેઓશ્રીના તા. ૧૮–૨–૭૮ ના પ્રવચનમાં કહે છે કે ‘ સમયસાર ’ કળશ–૨૪૦માં છે ને... ! “ એકો મોક્ષપથો ”– મોક્ષપંથ એકજ છે. અંતર આનંદસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદમાં એકાગ્ર થવું, એ એકજ મોક્ષપંથ છે, એનાથી અલ્પકાળમાં ( મુક્તિને પ્રાપ્ત કરે છે ). એની જયસેનાચાર્યની ટીકામાં લખ્યું છે કેઃ કારણ કે, આ પંચમકાળ છે એટલે એને ત્રીજા ભવે મુક્તિ થાય જ.

* ગોમ્મટસાર શાસ્ત્રના સારભૂત ભવ્યામૃતશતક અથવા શ્રી નેમીશ્વર–વચનામૃતશતક મૂળ કન્નડભાષામાં રચાયેલ. તેમાં રચાયેલ ૧૦૮ પદ વડે ભવ્યજીવોને અધ્યાત્મરસનું અમૃત પીવડાવેલ છે. અષ્ટોતર–શત ( ૧૦૮ ) પદવાળી આ રચનામાં, પ્રતિપાદ્ય વસ્તુ ઉત્કૃષ્ટ સારમાં સાર આત્મતત્ત્વ છે; તેને જે જાણશે–માનશે તે ત્રીજા ભવમાં અથવા વધુમાં વધુ આઠ ભવમાં મોક્ષને પામશે એવો સ્પષ્ટ ઉલ્લેખ છે. તેનો હિંદીમાં ભાષાંતર કરેલ મૂળ પાઠ નીચે પ્રમાણે છે.

अष्टोतरपदवाले इसमें सारात् सार आतमरूप है
जाने-माने मुक्त सो होगा तीन जन्ममें या आठोंमें। [ १०९ ]

* આ સમયસારજી શાસ્ત્રના કળશ–૨૪૦ ઉપરના પૂ. ગુરુદેવશ્રીના ૧૯મી વારના તા. ૯–૯–૮૦ના પ્રવચનમાં કહ્યું છે કે अचिरात् એટલે શીઘ્ર કેવળજ્ઞાનને પામશે તેથી કાંઈ પર્યાયની ક્રમબદ્ધતા તૂટી નથી જતી. તેઓશ્રી ફરમાવે છે કે, નિશ્ચય મોક્ષમાર્ગના સેવનથી અલ્પ કાળમાં જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. કારણસમયસારના સેવનથી અલ્પકાળમાં જ અવશ્ય પૂર્ણ અનુભવ–મોક્ષ પ્રાપ્ત થઈ જાય છે. અલ્પ કાળમાં પ્રાપ્ત થાય તો ક્રમબદ્ધ ક્યાં ગયું. ? अचिरात् કહ્યું ને તો એનો અર્થ એ કે જેણે દ્રવ્યદૃષ્ટિ કરી, સમય સમય પરની ક્રમબદ્ધ પર્યાયમાં એવા પુરુષને ક્રમબદ્ધમાં કેવળજ્ઞાન થશે. ત્રિકાળીતત્ત્વ શું છે તે સંબંધી જે નિત્ય ઉદયરૂપ સમયના સારનું નિરંતર ધ્યાન કરે છે તેને અલ્પકાળમાં જ મોક્ષપદની–નિજ પરમાત્મપદની ક્રમબદ્ધ પર્યાયમાં ક્રમબદ્ધમાં પ્રાપ્તિ થાય છે. નિજ સ્વભાવમાં જે રમશે તે અલ્પકાળમાં જ મોક્ષ પ્રાપ્ત કરશે એવો નિયમ છે–નિશ્ચય છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# વાંચકોની નોંધ માટે